श्री सद्गुरवे नमः ॥

वर्ष ४ थुं

छत्रपति राजाराम

पुस्तक ४-५-६

अथवा मराठाओनो आत्मयज्ञ.

पंदरसो पृष्ठनां पुस्तकोनुं वार्षिक मूल्यः-

काचा जाडा पूठांना रु. २-८-०.

पाका सुंदर पूठांना रु. ३-८-०

(वी. पी. खर्च रु. ०-१-०)

मूल्य छुटक काचुं पूठुं रु. १-४-०

,, ,, पाकुं पूठुं रु. १-८-०

(पोष्टेज जुदुं)

आसो, कार्तिक, मागशर.

संवत १९७३.

सन १९१७.

प्रथमावृत्ति.

प्रत २६००.

लेखक.

गोवर्धनदास कहानदास अमीन.

सीनोर. (गुजरात.)

प्रकाशक.

डाह्याभाई रामचन्द्र म्हेता.

व्यवस्थापक, सस्तीवार्तामाळा

अमदावाद.

રજીસ્ટર નંબર	આ પુસ્તકના માલિક

૧. હવે પછીનાં પુસ્તકો જેમ બને તેમ સત્વર-એક પછી એક ઉતાવળે પ્રકટ થશે અને ગ્રાહક બંધુઓ તરફ રવાના થશે. અનેક અગત્યનાં કામોમાં અચાનક રોકાણ થવાથી પ્રસ્તુત પુસ્તકને ઢીલ થઇ છે તે માટે ક્ષમા.

૨. ચાલુ વર્ષમાં **સૂર્યોદય** પુસ્તકને બદલે **છત્રપતિ રાજારામ** આપવામાં આવે છે. ગયા વર્ષમાંજ આ પુસ્તક આપવાની ઇચ્છા હતી પરંતુ તૈયાર નહિં થવાથી હમણાં અપાય છે. **સૂર્યોદય** ભવિષ્યમાં આપવાની ઇચ્છા છે.

૩. ગ્રાહકોએ પોતાનાં ઠેકાણાં બદલાય કે તુરતજ અમને ખબર આપવી જોઇએ અને સાથે રજીસ્ટર નંબર પણ લખવો જોઇએ. રજીસ્ટર નંબર વગર ઉત્તર લખતાં ઢીલ થાય છે.

૪. ચાલુ વર્ષમાં ૦-૮-૦ લવાજમ વધાર્યું છે તે પ્રત્યેક ગ્રાહક બંધુએ પોષ્ટની ટીકીટો દ્વારા મોકલવું. તેમ કરવાથી સર્વને **પાંચ પુસ્તકોનો** લાભ મળશે. કાગળોની **સખ્ત મોઘવારી** અને અઢી ત્રણ ગણા ભાવો છતાં હજી અમે ગ્રાહક બન્ધુઓની સેવા બજાવીએ છીએ. માટે અમારા કાર્યમાં સહાય અને સરળતા કરવાના ઉદ્દેશ્યથીજ સર્વેએ **આઠ આના** લવાજમે વધારે મોકલવું. જેમણે ૦-૮-૦ વધારાના ભર્યા છે તેમણે મોકલવા નહિ. બાકીના ગ્રાહકોએજ મોકલવા.

૫. લવાજમ હિંદુસ્તાન માટે કાચા પૂઠાના **રૂ. ૨-૮-૦** અને પાકા પૂઠાના **રૂ. ૩-૮-૦** છે. વી. પી. ખર્ચ ૦-૧-૦ વધુ છે. આફ્રિકાના ગ્રાહકોએ કાચા પૂઠાના **રૂ. ૩-૨-૦** અને પાકા પૂઠાના **રૂ. ૪-૮-૦** નો પોષ્ટલ ઓર્ડર મોકલવો.

૬. જવાબ માટે રિપ્લાઇ કાર્ડ કે ટીકીટ અવશ્ય બીડવી.

મેનેજર—સસ્તી વાર્તામાળા-અમદાવાદ.

श्री सद्‌गुरवे नमः ॥

वर्ष ४ थुं

छत्रपति राजाराम

पुस्तक ४-५-६

अथवा मराठाओनो आत्मयज्ञ.

पंदरसो पृष्ठनां पुस्तकोनुं वार्षिक मूल्यः-
काचा जाडा पूठांना रु. २-८-०
पाका सुंदर पूठांना रु. ३-८-०
(वी. पी. खर्च रु. ०-१-०)

मूल्य छूटक काचु पूठुं रु. १-४-०
,, ,, पाकुं पूठुं रु. १-८-०
(पोस्टेज जूदुं)

आसो, कार्तिक, मागशर.

संवत १९७३.
सन १९१७.

प्रथमावृति.
प्रत २६००.

लेखक.
गोवर्धनदास कहानदास अमीन.
सीनोर. (गुजरात.)

प्रकाशक.
डाह्याभाई रामचन्द्र मेहता.
व्यवस्थापक, सस्तीवांचनमाळा
अमदावाद.

પ્રકાશક,
[illegible] (સર્વ હક સ્વાધીન.)
ઠે. દાણાપીઠ નવો વાસ
અમદાવાદ.

અમદાવાદ—સલાપોસ રોડ
ધી ડાયમંડ જ્યુબિલીપ્રિન્ટીંગ
પ્રેસમાં પરીખ દેવિદાસ
છગનલાલે છાપ્યું.

मातृ-वन्दना ।

अयि मम मातृ भारत धरणि,
मङ्गल—करणि, सङ्कट—हरणि !
चरण रत्न—निवास—सेवित, शीश मुकुट हिमाद्रि शोभित,
प्रकृति—पौरुष से सुरक्षित, शत्रु—सागर—तरणि,
मङ्गल—करणि, सङ्कट—हरणि ! १
विविध—सुमन समूह—चित्रित, शस्य श्यामल वसन सज्जित,
मलय मारुत से सुगन्धित, रत्नगर्भा जननि !
मङ्गल—करणि, सङ्कट—हरणि ! २
राम, अर्जुन, कृष्ण, विक्रम नय—निपुण चाणक्य के सम,
विश्व—विजयी लोक—पूजित वीर गण की जननि,
मङ्गल—करणि, सङ्कट—हरणि ! ३
अभय दुर्जय शक्ति-धारिणि, निमिष में अरि-उर-विदारिणि,
खड्गहस्ता तेज रूपिणि देवि, दुर्जन—दलनि,
मङ्गल—करणि, सङ्कट—हरणि ! ४
विमल पय-पीयूष से निज मधुर रुचिकर अन्न से नित,
मा ! किया है हमें जीवित सकल चिन्ता शमनि,
मङ्गल—करणि, सङ्कट—हरणि ! ५
मातु ! जीवन—पुष्प यह मम है समर्पित चरण पर तव,
वीर—जननि ! प्रसन्न हो तुम सदय भूतल—भरणि,
मङ्गल—करणि, सङ्कट—हरणि ! ६

कवि—पं० रामनरेश त्रिपाठी

પ્રકાશકની પ્રસ્તાવના.

સસ્તીવાર્તામાળાના ગ્રાહક બન્ધુઓના કર કમળમાં આજે ચોથા ૪ વર્ષનું બીજું પુસ્તક "છત્રપતિ રાજારામ અથવા મરાઠાઓનો આત્મયજ્ઞ" નામક ઐતિહાસિક નવલકથા સમર્પણ કરતાં અમને અત્યાનંદ થાય છે. ઐતિહાસિક નવલકથાઓમાં મુખ્ય પાત્રોનાં ચરિત્રો સત્ય હોવાથી વાંચકવર્ગને તેમાંથી ઘણું જાણવા-વિચારવાનું મળે છે અને સામાજિક નવલકથાઓમાં આલેખાયલાં કલ્પિત પાત્રો અને કલ્પનાયુક્ત વસ્તુ સંકલના વાંચવાથી જેટલો બોધ પ્રાપ્ત થતો નથી તેના કરતાં અધિક બોધ ઐતિહાસિક સત્ય-મિશ્ર વસ્તુસંકલનામાંથી પ્રાપ્ત થાય છે. મહારાષ્ટ્ર વીર કેસરી છત્રપતિ શિવાજી મહારાજના નામથી ભાગ્યેજ કોઇ અજાણ્યું હશે. એક મુસલમાન બાદશાહનો સેવક-પુત્ર સ્વબાહુબળવડે, સ્વદેશાભિમાનવડે અને ગૌબ્રાહ્મણનું તથા સ્વધર્મનું રક્ષણ કરવા માટે યત્ન કરી દેશને મોગલ-મુસલમાનોની સત્તાથી રહિત કરે એ કાંઈ સાધારણ કાર્ય કહી શકાશે નાહ ! એવા મહાપુરૂષને અસાધારણ-મહાનપુરૂષજ કહેવામાં આવશે-ધર્મની પ્રતિષ્ઠા માટે અમુક અંશમાં ઇશ્વિરાવતારજ કહેવાશે. એજ મહાપુરૂષના પરલોકગમન પછી ભોગ-વિલાસમાં રત તેમના થયેલા પુત્ર સંભાજી મહારાજે પિતાનું રાજ્ય ગુમાવ્યું એટલુંજ નહિ પણ તેને રીબાઈ રીબાઇને મરણ શરણ થવું પડયું ! મહારાષ્ટ્રમાં પુનઃ મોગલ સત્તાનો પગપેસારો થવા લાગ્યો પરંતુ સ્વદેશાભિમાની મહારાષ્ટ્રીય વીરોએ છત્રપતિ શિવાજી મહારાજનું પ્રાપ્ત કરેલું સ્વરાજ કાયમ રાખવા; આત્મયજ્ઞ કર્યો-કેસરીયાં કર્યાં-પ્રાણની પરવાહ ન કરી-તેમણે સ્વબાહુબળ બતાવ્યું. દેશ અને ધર્મનું રક્ષણ કરવા યત્નશીલ થયા. અનેક સંકટ સહન કર્યાં, અને અન્તે તેમણે પુનઃ સતારામાં મરાઠી રાજ્ય-ગાદી સ્થાપન કરી. મહારાષ્ટ્રમાં મરાઠા-રાજ્ય કહેવડાવ્યું. એ પ્રયત્ન કાંઇ જેવો તેવો નહતો-એ પ્રસંગ પણ જેવો તેવો નહતો ! એ પ્રયત્નમાં છત્રપતિ શિવાજી મહારાજના હાથ નીચે કેળવાયલા વીર પ્રહ્લાદપંત, સંતાજી, ધનાજી,

બહિરજી, શ્રીસમર્થના શિષ્ય, તાનાજી, મહારાજ રાજારામ, ઉપરાંત રાજમાતા જીજાબાઇ, યેશુબાઈ, રાજકન્યા રાજકુંવર, રાજપત્ની તારાબાઈ, વગેરે વીર નર-નારી પાત્રરત્નોએ સંકટ સમયે કેવું ધૈર્ય, કેવી શાંતવૃત્તિ રાખી કેવું સાહસ ખેડયું છે તે વાંચકોના સમજવામાં આવશે એટલુંજ નહિ પણ ગમે તેવા સંકટને સમયે ધૈર્ય, સત્યાનુરાગ, દેશહિત અને નિઃસ્વાર્થભાવ ધારણ કરવાથી પરિણામ કેવાં ઉત્તમ આવે છે તે પ્રસ્તુત નવલકથા વાંચવાથી જણાઇ આવશે. જો કે આજે તે મરાઠા નથી, તે મોગલો નથી. આજે તે રાજ્યલોભી નથી તેમ તે રાજદ્રોહીઓ પણ નથી. આજે તો હિંદુ, પારસી, મુસલમાન, ખ્રીસ્તી, સર્વ પરસ્પર એક બીજાના હાથમાં હાથ મેરવી બન્ધુભાવમાં વૃદ્ધિ કરી રહ્યા છે. આજે તો આપણે શાંતિના સામ્રાજ્ય–બ્રિટિશ મહારાજ્યમાં નિવાસ કરી સંતોષથી દિવસો નિર્ગમન કરીએ છીએ. આજે તે વખતના જેવાં ઉંચાં દિલ નથી પણ આજે તો આપણા બ્રિટિશ રાજને યુદ્ધ વખતે આપણે તન, મન અને ધનથી સહાય કરીએ છીએ અને ભવિષ્યમાં પણ તેમ કરતાજ રહેવામાં આપણો ધર્મ માનીએ છીએ–એટલે આજે તો માત્ર સારાં પાત્રોની સારી વર્તણુકને આપણે ધ્યાનમાં લેવાની છે. બંધુભાવ વધારવાનો છે તેમાંજ આપણું કલ્યાણ છે.

પ્રસ્તુત નવલકથા મરાઠીમાં, " જીંજીવાસ " અથવા " છત્રપતિ રાજારામ, " બંગાળીમાં " વીરપૂજા " અને મરાઠીમાં " શાપિત મહારાષ્ટ્ર " નામક ત્રણ પુસ્તકો ઉપરથી રચાઇ છે. " શાપિત મહારાષ્ટ્ર "ના પ્રકાશક રા. રા. તાત્યા નેમિનાથ પાંગળ, એઓ મુંબઇથી " **સુરસ વાઙ્‌મય ગ્રંથમાળા** " પ્રકટ કરે છે. તેમણે પોતાના પુસ્તકનો આધાર લેવા દેવા માટે અમે આ તકે એમનો આભાર માનીએ છીએ. જે ગૃહસ્થો મરાઠી ભાષા જાણતા હોય તેમને ઉપરોક્ત મરાઠી ગ્રંથમાળાનો લાભ લેવા વિનતિ છે. એ માળાદ્વારા સરલ મરાઠી ભાષામાં સારાં સારાં પુસ્તકો પ્રકટ થયાં છે. વળી પ્રસ્તુત પુસ્તકના લેખક રા. રા. ગોવર્દ્ધનદાસ કહાનદાસ અમીનનો પણ ઉપકાર માનવામાં આવે છે. એ બન્ધુએ અમારા કાર્યમાં નિઃસ્વાર્થ ભાવે આ પુસ્તક લખી જે સહાય આપી છે તે માટે એટલુંજ લખવું ઉચિત છે કેઃ પરમાત્મા એવા

નિઃસ્વાર્થ લેખકોને સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુ અને આવાં કાર્ય કરવાની સન્મતિ આપે.

*　　*　　*　　*

અમે **અઢી વર્ષથી કાગળના** ભાવો અઢી–ત્રણ ગણા વધી ગયાની ફરિઆદ કરતા આવ્યા છીએ. જે કાગળના અમે રૂા. ૭–૮–૦ આપતા તેના અત્યારે રૂા. ૧૭–૮–૦ આપવા પડે છે. દરવર્ષે ફક્ત પુસ્તકો માટેજ અમને ૧૦૦ રીમ કાગળો જોઇએ તેમાંજ અમને રૂા. ૧૧૦૦–૦–૦ નું નુકશાન સહન કરવું પડે છે. બીજા કાગળો–પૂઠામાં થતું નુકશાન જૂદું ! લવાજમમાં જો થોડો વધારો કરીએ છીએ તો તે ગ્રાહકોને રૂચતું નથી. વિલાયત અને હિંદુસ્તાનનાં ભલભલાં પત્રોએ લવાજમ વધાર્યું છે. કેટલાંક બંધ પડયાં છે, કેટલાંકે કદ ઓછું કર્યું છે, કેટલાંક હલકા કાગળો વાપરે છે. આવી સ્થિતિમાં "**વાર્તામાળા**" એ કેવી રીતે જનસેવા બજાવવી તેનો વિચાર થઇ પડયો છે ! ચાલુ વર્ષમાં ૦–૮–૦ લવાજમ અમે વધાર્યું છે તે પ્રત્યેક ગ્રાહક બંધુએ અમને મોકલવા કૃપા કરવી. ભવિષ્યમાં કાગળો અને પૂઠામાં ફેરફાર કરવા છતાં પણ બનશે તેટલી જન–સેવા બજાવીશું. આપણા દેશના રાજા–મહારાજા અને ઠાકોર સાહેબો ઉપરાંત ઘણા શ્રીમંતો આવાં કાર્યને સહાયતા આપવાનું શિખ્યા નથી ! એ કાંઇ થોડા આશ્ચર્યની વાત નથી ! જો ગ્રાહકો તરફથી પૂરતો આશ્રય ન મળે તો ભવિષ્યમાં અમારે અમારૂં કાર્ય શી રીતે કરવું તેનો મ્હોટો વિચાર થઇ પડયો છે ! પ્રભુ ઇચ્છા બળવાન છે. માત્ર દ્રવ્યલોભથી આ કાર્ય થતું નથી. જનસેવા અર્થેજ થાય છે. અદ્રષ્ય સત્તાના આદેશ પ્રમાણે ભાવિ રચાશે. " મનુષ્ય યત્ન ઇશ્વર કૃપા. " એ તો સિદ્ધજ છે. પરંતુ પ્રત્યેક ગ્રાહક બન્ધુએ એક એક બબ્બે નવીન ગ્રાહક કરી મોકલવા યત્ન કરવો એજ તેમની ફરજ છે, આશા છે કે તેઓ એ ફરજ બજાવી અમને પાંચહજાર ગ્રાહક પૂરાં કરવામાં સહાય કરશે.

અમદાવાદ.

ચૈત્ર કૃષ્ણ પ્રતિપદા–૧૯૭૩.

} **ડાહ્યાભાઈ રામચંદ્ર મ્હેતા.**

અનુક્રમણિકા.

छत्रपति राजाराम.

પ્રકરણ ૧ લું.

વીર પત્નીની વીર ભાવના.

"વડીલોએ પ્રાપ્ત કરેલા ધન પર પેટ ભરવું એ માનવ પ્રાણી માટે યોગ્ય "નથી. આપણે હિંદુઓ જીવતા છતાં સર્વ દક્ષિણ મોગલોએ ગર્જ્યો છે, ગૌ "બ્રાહ્મણ, દેવ અને ક્ષેત્રો પીડિત થઇ રહ્યાં છે અને ધર્મ રસાતળ પહોંચ્યો છે. "અરે ! એ સર્વના રક્ષણાર્થે પ્રાણાર્પણ કરીશું–આત્મોત્સર્ગ કરીશું પણ ધર્મનું "રક્ષણ કરીશું અને સ્વાવલંબનથી અઢળક સંપત્તિ પ્રાપ્ત કરીશું. તેજ અન્નનો "આહાર કરીશું. નવું મેળવવું એજ આ કુળમાં–મનુષ્ય–જન્મ લીધાનું સાર્થક "છે. દેવ પર અવલંબીશું નહિ. પુરૂષ પ્રયત્ન બળવત્તર છે. દૈવ પાંગળું છે, "માટે અચળ પ્રયત્ન કરવો, એજ અમારો મૂળમંત્ર થઇ પડશે."

નર્મદા અને મહા નદીની દક્ષિણે કન્યાકુમારી પર્યંત સંકુચિત થતો ગયેલો જે વિસ્તીર્ણ ભૂપ્રદેશ, તે દક્ષિણ હિન્દુસ્થાન છે. એના વાયવ્ય વિભાગને મહારાષ્ટ્ર કહેવામાં આવે છે. આ મહારાષ્ટ્રના કોકણ અને દેશ એવા બે વિભાગ છે. એ બન્ને વિભાગોમાં જે દક્ષિણોત્તર લાંબી પર્વતાવલિ જણાય છે, તેનું નામ સહ્યાદ્રી પર્વત છે.

એ પર્વત પરનાં કેટલાંક શિખરો સમુદ્રની સપાટીથી એટલાં ઉંચા છે કે, ત્યાંથી કોકણ અને દેશ એ બન્ને પ્રદેશોની રમણીય શોભા એકે સમયે દૃષ્ટિએ પડે છે. સહજ પશ્ચિમ તરફ ફરી જોઇએ તો, ભગવાન પરશુરામના ચરણસંયોગથી પવિત્ર થયેલી, વાલુકામય સાંકડી કોકણપટ્ટી દૃગ્ગોચર થાય છે. તેના પરની ઉંચી સપાટ અસંખ્ય ટેકરીઓ, ખાડી કોતરોનો ભયાનક

પ્રદેશ અને દૃષ્ટિ ન પહોંચે તેવી ઉંડી ખીણો વગેરે દેખાવથી નજર દિગ્મૂઢ બની જાય છે. દૂર ક્ષિતિજ પર નજરે પડતી સમુદ્ર-જળની ચિત્રવિચિત્ર કાંતિ જોઇ અંતઃકરણ આલ્હાદિત બને છે. કેટલીક પર્વતરાજીમાંથી તૂટી પડેલી અનેક ભેખડો-કરાડો, તે પરથી બે બે ત્રણ ત્રણ હજાર હાથ ઉંડી ખીણોમાં ધડાધડ કૂદતી નદીઓ અને તેનાં સર્પાકૃતિ વલણો દૃષ્ટિએ પડે છે એટલે,

विविधकामहिताः महितांभसः ।
स्फुटसरोजवना जवना नदीः* ॥

એ ભારવી કવિ વચનનું સ્મરણ થયા સિવાય રહેતું નથી.

આ પ્રમાણે સૃષ્ટિસૌંદર્યના નિવાસસ્થાન અને કવિકુલ બુદ્ધિવૈભવનું મોસાળ એવો જે પર્વતરાજ સહ્યાદ્રી, તે પર ઠેકઠેકાણે મેઘમંડળથી વ્યાપી રહેલાં અનેક શૃંગો છે. તેવા ઉચ્ચ અને મુશ્કેલીપૂર્ણ સ્થાને સિંહગઢ, પ્રતાપગઢ, રાયગઢ, પનાળગઢ, વિશાળગઢ વગેરે ઇતિહાસ પ્રસિદ્ધ અનેક ધુરંધર કિલ્લા બંધાયા છે. તે સઘળા શૈલવીરો સ્વપરાક્રમથી આજે હજારો વર્ષથી એક સરખું સંપૂર્ણ મહારાષ્ટ્રનું સંરક્ષણ કરતા હોવાથી હમણાં તદ્દન શ્રમિત થઇ ગયા જેવા જણાય છે ! પ્રસ્તુતકાળમાં તેને પ્રાપ્ત થયેલી દુર્દશા અને તેનું કરૂણાજનક દીન સ્વરૂપ જોઇએ છીએ તો પૂર્વે શિવાજી છત્રપતિનો ભગવો ઝુંડો જે વખતે તેના તટ પર ઉડતો હતો અને સકલ ગુણૈશ્વર્યમંડિત મહારાષ્ટ્રીયોની રાજવધૂ તેના અંક પર ખેલતી હતી, તે વખતનો તેનો વૈભવ અને તેને શોભાવનાર તેનાં દૃશ્ય આભૂષણોનું સ્મરણ થઇ મન સખેદાશ્ચર્યભરિત થાય છે. એટલુંજ નહિ, પણ કાલમહિમા અકળ હોવાનો અનુભવ થાય છે.

એવા સ્વાતંત્ર્યના યુદ્ધમાં, જગતના ઇતિહાસમાં અજરામર બનેલા પ્રદેશોમાં સહ્યાદ્રી પર્વતની સ્પૃહણીય ભૂમિકામાંથી-ખાડી કોતરોમાંથી-એક વીરાંગના ધીમે ધીમે માર્ગક્રમણ કરતી દૃગ્ગોચર થાય છે. પિતૃગૃહનો વાયુ આવતાંજ જેમ નવવધૂ પ્રફુલ્લિત બને છે-શ્વસુરનિવાસની સર્વ વ્યથા વિસરી

---

* (જે હિમાલય પર્વતમાંથી) ક્રીડા કરવાને યોગ્ય અને વિકસિત કમળોથી સુશોભિત એવી પુણ્યકારક નદીઓ વેગથી વહે છે.

જઈ મુખશ્રી પર પ્રસન્નતા ધારણ કરે છે—તેમ આ સ્વતંત્રતાના જન્મસ્થાન, સહ્યાદ્રીની વિકરાળ કરાડો અને ઘીચ વૃક્ષરાજીમાંથી વહેતી વાયુલહરી વડે આ વીરપત્નીનું વદનકમળ હમણાં આનંદછટાપૂર્ણ જણાય છે. હાં, પણ જુઓ ! તે શો ગણગણાટ કરે છે ? કાન દઈને સાંભળો ! હવે તેના શબ્દ સ્પષ્ટ રીતે સંભળાય છે. “ અરે ! આ મસ્તક પર અડગ રહેલો વિશ્રામગઢ, અચંળ માનગઢ, આ તળેટીમાં રહેલો લિંગાણુગઢ, વળી તેની નીચેનો કોલ કિલ્લો, આ સતારા તરફના મહાડ પ્રદેશનું પ્રવેશદ્વાર મંગળગઢ અને પેલો ચંદ્રગઢ ! એ સર્વે ગઢોની યોજના અને સહ્યાદ્રીની નાકેબંદી જોઈએ છીએ તો આબાસાહેબે* સ્વાતંત્ર્ય દેવીની ઉપાસના માટે કેવો અચળ પ્રયત્ન અને કર્તવ્યપરાયણતાનું આદર્શ ઉભું કરી અભયપ્રદાન કરનાર તૈયારી કરેલી છે ? શું તે આશ્ચર્ય ઉત્પન્ન કરે તેમ નથી ?”

“ અહાહા ! શી મઝા—છટા છે ! આ પર્વતના મસ્તકપર પેલો સુવર્ણમુકુટ કોણે ગોઠવ્યો ? તળેટીની આ વિસ્તીર્ણ વનરાજીના અધિપતિએજ. આ વનશ્રીનો વાયુ પણ સ્વાતંત્ર્યદેવીના દર્શન માટે અતિ ઉત્સુક હોવાથી કેવો વૃક્ષઘટાઓનો તિરસ્કાર કરી સિંહનાદ કરતો નીકળ્યો છે ! આ પર્વતરાજનો પેલો સુવર્ણ મુકુટ પડાવી લેવાના મદમાં તે ધૂળથી મલિન બની ગયો છે. જવા દે બાપુ ! કેમ મસ્તક અફાળતો પુનઃ પુનઃ ઉલટી આવે છે ? સ્વાતંત્ર્ય દેવીના સાચા અને દૃઢ ઉપાસકોમાં આ સહ્યાદ્રીએ જેટલું તપ કર્યું છે, તેટલું જગતના કોઈ પણ ઋષિ મુનીએ અત્યાર સુધી કરેલું નહિ હોવાથી પ્રત્યક્ષ પરમેશ્વર પ્રાતઃકાળે સ્વતઃના સહસ્ર કરથી એનો અભિષેક કર્યા પછીજ સુવર્ણ મુકુટ ચઢાવે છે. ભાઈ, તું પણ તે દેવીનોજ ઉપાસક છે ને ? પણ હમણાં અહીં વહે છે તો ઘડીમાં ક્યાંએ છિન્ન ભિન્ન થઈ જઈશ. ત્યારે આ અંદરે અંદર યાદવી કેમ ચલાવે છે ? જો, ત્હારા આ કલહથી, ભાઈઓભાઈની દ્વેષદૃષ્ટિથી, પેલાં ધૂળનાં રજકણો સર્વે ચરાચર સૃષ્ટિનાં નેત્રમાં શલ્ય કરી આ નગરાજની બરાબરી કરવા કેવાં આકાશમાં ઉંચે ઉંચે ચઢતાં જાય છે ! અરે, જેણે શ્રેષ્ઠના ચરણમાં રહેવું જોઈએ તે

* શિવાજી મહારાજ.

તેના માથાપર જઇ બેસે છે ને? ત્હારે તો શ્રેષ્ઠ સ્વતંત્રતાના ભક્તોનો સ્નેહ સંપાદન કરી, તેને અષ્ટાંગે આલિંગન આપી, આનંદપૂર્વક સ્વાતંત્ર્ય દેવીને રીઝવવા માટે વાંસળી વગાડવી જોઇએ, સ્વાતંત્ર્ય દેવીના મહોત્સવ માટે આડી અવળી વીંટાયલી વૃક્ષલતાદિકનાં ફલ પુષ્પ અંજલિમાં લઇ દેવીને અર્પણ કરવાં જોઇએ, તદપિ તેમ ન કરતાં માંહોમાંહ કલહાગ્નિ પ્રકટાવી નજીવાં રજકણોથી તું નિર્મળ જળને મેલું બનાવે છે. "નહિ ઇધરકે નહિ ઉધરકે" એવા સંસારમગ્ન પ્રવાસીઓનાં ચક્ષુમાં નિષ્કારણ કેવળ અગ્નિજ ભર્યે જાય છે. સૃષ્ટિની આવી દુષ્ટતા જોઇએ છીએ તો પણ ઓ પ્રભુ, અમે કેમ વ્યર્થ કલહને આધીન થઇએ છીએ? મહાન કાર્ય માટે ક્ષણિક સ્વાર્થને ભૂલી જવાને બદલે અમે સ્વતઃનો અને અન્યનો નાશ કરવામાં કેમ પ્રવૃત્ત થઇએ છીએ?"

"અયે મહારાષ્ટ્ર! શું ત્હારી સ્વતંત્રતા ત્હારા પુત્રોજ ગુમાવશે? ખરેખર, હિંદની અધોગતિજ અદસ્યમાં લખાયલી છે? જો તેમ ન હોય તો એક ભૂમિના ટુકડા માટે જેધે, દેશમુખ અને ખોપટે જેવા મરાઠા વીરોમાં દ્વેષાગ્નિનું આરોપણ થાયજ કેમ? વતનને માટે મરાઠા વીરો પ્રાણનો ભોગ આપે, સ્વાભિમાનને તિલાંજલિ આપે, ગૃહદ્વારને ભસ્મિભૂત કરી નાંખે અને દેશં પણ ડૂબાવે, એ શું ઓછું શોચનીય છે?"

આપણી વીરાંગના સ્વપ્રત્યેજ આવા ઉદ્દગારો કાઢતી હતી, એટલામાં પાછળથી કંઇ પગરવ સંભળાયો. તુર્તજ તેણે પાછાં ફરી જોયું તો **॥गोविंदा॥ गोपवेशा ॥ परमपुरुषा ॥ जयविश्वेषा ॥ श्री जगदीशा ॥** એ નામ ઘોષ ગર્જતો એક કૌપીનધારી પુરૂષ આવતો જણાયો. તુર્તજ આપણી વિરાંગનાએ નમન કરી ગદ્દગદિત કંઠે કહ્યુંઃ "ગુરૂદેવ! કયા પુણ્ય બળને લીધે મ્હને આપના દર્શનનો અલભ્ય લાભ મળ્યો? ખરેખર, જન્મોજન્મના અતિ સંચિતનુંજ આ પરિણામ હોવું જોઇએ. તેમનું (સંભાજીનું) દુર્ભાગ્ય કે, શ્રી સમર્થ પોતાના અવતારની સમાપ્તિ કરી ગયા! સમર્થ રંગનાથ પ્રભુ, હવે મ્હારા હાથમાં આવ્યા છે. હવે આ દેહ બળે, પડે કે છિન્નભિન્ન થઇ જાય. હવે પાષાણથી મ્હારા દેહને રક્ત વડે રંગી દઇશ! હવે દીનદયાળ, મ્હારા

જેવી સ્ત્રીને એવું અંજન આંજો કે જેથી જ્યાં ત્યાં હું ધન ધન ને ધનજ જોઇ શકું. પ્રભુ! મયુરનું સર્વ અંગ નેત્રમય હોય છે, પણુ આત્મદર્શી તો અંધ હોય છે ને?"

"દેવી, યેસુબાઇ! સાવધ થાં! બેટા, ત્હારા હસ્તે મહદ્ કાર્ય થવાનું છે. કન્યે, ત્હારા સસરાએ એવીજ વિરક્તિ ધારણુ કરી હતી, રાજ્ય કર્તૃત્વને નિરસ માન્યું હતું. વૈરાગ્યની માલા ધારણુ કરી, સમર્થના ચરણુમાં મોક્ષની અપેક્ષા કરી હતી. રાજભાર્યા! તેવી રીતે તું એકલી મુક્તિ મેળવવા માગે છે? ત્યારે ધર્મ સંસ્થાપનાની કીર્તિ કોણુ સંચિત્તશે? સમર્થે શિવપ્રભુને મોક્ષમાર્ગ નથી દર્શાવ્યો કે? બ્હેન! અમે બ્રાહ્મણો, અસંખ્ય દીન અનાથો માટે ભગવદ્ કૃપારૂપી સંપતિના ભંડારો ભરી રાખીશું. દામાજીની પેઠે તમારે ક્ષત્રીઓએ તો તે દરિદ્રતાને લુંટાવી નષ્ટ કરી જનસમાજનો ઉદ્ધાર કરવો જોઇએ. સમર્થ રામદાસ જેવા મહાત્માએ એ પવિત્ર કાર્ય નિર્માણુ કર્યું છે, તે માટે ત્હારે તત્પર રહેવાનું છે. એજ ત્હારૂં તપ અને એજ મોક્ષ, સમજી? પ્રથમ ધર્મવૃદ્ધિ અને તે સાથેજ રાજ્યવૃદ્ધિ. સદ્‌ભક્તોની એજ કર્તવ્યપરાયણુતા, ક્ષત્રીયોના કાર્ય માટે, શ્રી કાર્ય માટે, ખજાનાના પેટારા ભરવા, તુકારામ નામક વણિક, કબીર નામક દરજી, સાવતા માળી પ્રભૃતિ અઢારે વર્ણુના મહાત્માઓએ નામ ગર્જના કરેલી છે. તું જાણે છે કે રોહિદાસ કોણુ હતા? વાલ્મિક ઋષિ કોણુ હતા? સવરી કોણુ હતી? પ્રભુના દરબારમાં જાતિભેદ રહેલો નથી. આત્મ કલ્યાણુના ગર્ભમાં રાષ્ટ્ર કલ્યાણુને જીવંત રાખવા માટે જાતિનો, આભડછેટનો કે પવિત્ર અપવિત્રનો પ્રશ્ન રહી શકે નહિ. અહાહા! આપણુા આર્ય ધર્મે મહદ્ કાર્ય માટે આપદ્ ધર્મ નિમિત્તે કેવી ભવ્ય યોજના કરેલી છે? ક્ષાત્ર રમણી! સમર્થની પેઠે હું તને આજે અઢાર શાસ્ત્રો આપું છું. સમર્થ કાર્યની દિક્ષા ધારણુ કર! રાષ્ટ્ર કાર્ય માટે આત્માર્પણુ કર! સમર્થે શિવાજી છત્રપતિને એ ક્ષાત્રધર્મનું શિક્ષણુ આપ્યું હતું."

"ગુરૂ મહારાજ! આપનું કથન સત્યપૂર્ણુ અને અનુકરણીય છે, પણુ સ્ત્રીને પતિ એજ સર્વસ્વ છે. મ્હારો ધર્મ પતિપરાયણુ રહેવાનો છે અને હું એનેજ આધીન છું. પરંતુ તેમને સદ્‌બુદ્ધિ આપી યોગ્ય માર્ગે કોણુ લાવે?

તે આવા સમયે પણ કર્મભ્રષ્ટ થયા છે. બેભાન રહે છે. હું શું કરૂં ?"

"અકળાઇશ નહિ ! શંભુ (સંભાજી) કર્તવ્ય પરાઙ્‌મૂખ રહે તો રહેવા દે. સમર્થ વાણી લક્ષમાં રાખ. દેશદ્રોહીઓનો નાશ થશે. એ સૂત્રનો ભંગ થવો સંભવિત નથી. માટે તેનો શોચ કર મા ! ધર્મ સ્થાપનાની કીર્તિનું રક્ષણ કરવું તે ત્હારા અમોલા ધૈર્યપર અવલંબી રહેલું છે. કબજીએ શંભુનો બુદ્ધિ-ભ્રંશ કર્યો છે, પણ બુદ્ધિદાતા રામ છે. બેટા, હિમ્મત હાર નહિ. શીરકે જેવા ભિષ્મ તુલ્ય વીરોએ પૃથ્વીને નિષ્પાંડવી બનાવવા માટે બીડું ઝડપ્યું છે. અમારો સર્વ આધાર ત્હારા પર છે. શંભુ યોગભ્રષ્ટ મહાપુરૂષ છે. તેના પુણ્યના પર્વતો ભસ્મ થયા સિવાય તેની મુક્તિ નથી. પણ એ વાત જવા દે. ગૃહકલહ પ્રથમ શાંત કરી દે. એમજ સમજ કે શંભુની સાથે કંઇ સંબંધજ નથી. રાજ્ય ત્હારૂં છે. પ્રથમ રાજ્યની ઉન્નતિ અને પછી દેહની ઉન્નતિ. અલ્લાઉદીન ખી-લજી અને મહંમદ બેગડાએ વહેવડાવેલી પાપસરિતામાં હજી પૂર આવવાનું છે. દેહ પર ગૂમડું થયું હોય તો તેને પાકવા દઇને ફોડવું એજ ઇષ્ટ હોય છે. અરે, ક્ષત્રીય કુલભૂષણ દેવી ! શંભુ કર્મભ્રષ્ટ—બેભાન—થયો છે એટલા પરથી અસ્થિર બનીશ નહિ. માર્ગમાં નડતાં કંટકોને છિન્ન ભિન્ન કરી આપણું કાર્ય વ્યવસ્થિતં રીતે પાર પાડવામાં મગ્ન થવું જોઇએ. માટે જેધે, ખોપટે, જગ-દાળે અને પિસાળ કુટુંબોનો બંધુદ્વેષ દૂર કરવા તત્પર થા."

"હા, પ્રભુ ! આ પેલું કોણ આવે છે ? ભક્તાજી. હં, અરે ભક્તાજી, પેલા કલહવીરોને બોલાવ. હમણાંજ તે પેલી ખીણમાં હતા."

તુર્તજ ભક્તાજી જેધે, ખોપટે વગેરેને બોલાવી લાવ્યો. તેમને જોઇ દેવીએ કહ્યું; "જેધે આવો, ખોપટે આવો. ચાસ બે ચાસ જમીન માટે શું તમે આટલા ક્રૂર બન્યા છો ? ત્યારે તો સ્વરાજ્યના તૂકડા માટે તમારે કેટલા ક્રૂર થવું જોઇએ ? ખોપટે આમ આવો, જગદાળે પાસે આવો ! બેસો. મનુષ્ય પ્રયત્નમાં સ્વાર્થીપણું પણ જોઇએ ખરૂં ? સ્વાર્થ ન હોય તો પરમાર્થ ક્યાંથી થાય ? પણ લક્ષમાં રાખવું જોઇએ કે, પરમાર્થનો સ્વાર્થ હોવો જોઇએ. સ્વાર્થનો પરમાર્થ ન જોઇએ ! ખોપટે, કહેવાય છે કે દેશમુખી તમારી છે, નહિ વારૂં ? જેધે, રાજીનામું લખી આપ. ચાલો, તમારા ન્યાય માટે પંચ એકત્ર

કરૂં છું. સારા સારા ગામોના પટેલ, તલાટી, વતનદાર જમીનદારોને બોલાવું છું. કહો તો ધર્મસભા બોલાવું? કહે, બોપટે કહે! બાપુ કહે! વડીલોએ જે જમીનના કકડા મેળવ્યા છે, તેનું રક્ષણ કરવા માટે એટલી પ્રખર આસ્થા છે કે, તમે મિત્ર–સગાંનાં ગળાં ચીરવાને પાછા પડતા નથી! શૂર બોપટે વીરો! ત્યારે વડીલોના વડીલોએ પોતાના રક્તની નદીઓ વહેવડાવીને મેળવેલો આર્યભૂમિનો આ ટૂકડો અનધિકારી લોકો ખાય છે તેના તરફ તમને દયા આવે છે કે?"

જોધે: "દેવી, માતુશ્રી, મ્હારી દેશમુખી આપના ચરણમાં અર્પણ કરૂં છું. બાસાહેબ, કહો હવે શું કરવાનું છે? આજ્ઞા કરો! આ સેવક આર્યભૂમિને માટે પ્રાણાર્પણ કરવા તૈયાર છે. મ્હારા સહ્યાદ્રીના વીરો પ્રચંડ વૃષ્ટિમાં પર્વત પર ચઢશે, વૃક્ષરાજીની ઘીચ્ચ ઝાડીમાં વિના સંકોચે પ્રવેશ કરશે અને વજ્રભૂમિને તોડી પાતાલમાં જશે! આજ્ઞા કરો માતુશ્રી, બોલો! હવે દેશનો સંસાર, દેશનું સુખ એજ મ્હારો સંસાર અને એજ મ્હારૂં સુખ! આજે આપે મ્હને દેશોદય માટે અમૂલ્ય ઉપદેશ આપ્યો છે. દેશના કલ્યાણ માટે મ્હારાં નેત્રપડળ તોડી નાખ્યાં છે! માતુશ્રી, હવે મ્હને ચરણમાંથી ખસેડશો નહિ. દેશનાં કાર્ય માટે આ હાડકાં, ચામડી તમારીજ છે. આપ ઇચ્છામાં આવે તે રીતે એનો ઉપયોગ કરો."

ગુરૂ: "અહા! વીરતનયા, અઢારે વર્ણ, ચારે જાતિને, સ્વધર્મમાં પ્રવર્તાવી, પુનઃ તેમનામાં ઐક્ય પ્રેરણા કરવી એ ત્હારા જેવી અબલાના અપૂર્વ સ્વાર્થત્યાગપર આધાર રાખે છે. કેમ? મુખ મ્લાન કેમ થાય છે? શા માટે દિલગીર થઇ દેવી!"

દેવી: "શું કરૂં સમર્થ? તેમની વૃત્તિ મ્હારૂં હૃદય ભેદી નાખે છે. મ્હેં માની લીધેલા જોધે જેવા ભાઇ મ્હારૂં મસ્તક પોતાના પ્રાણ તુલ્ય ગણશે પણ મ્હારા ખરા ભાઇ મ્હારૂં મસ્તક છેદી નાખવા તૈયાર થયેલા છે તેમને માટે હું શું કરૂં?"

"દેવી, થવાનું હોય તે થાય! મ્હારો છેવટનો મંત્ર એજ છે કે, ધૈર્ય ત્યજીશ નહિ. સંકટ સમયે કર્તવ્ય ચુકીશ નહિ. તાલીકોટના પ્રચંડ ધર્મ

યુદ્ધમાં શિવ પ્રભુનું પતન થયા પછી સૈનિકો નિરાશ થઇ ગયા હતા. એજ શિવાજી મહારાજ કારાગારમાં હતા ત્યારે સેવકે તેમને સ્વરાજ્યનો નિશો પૂરજોશમાં ચઢાવ્યો હતો. ત્હારી પ્રજાના હૃદયાંતરમાં આ નવીન નિર્માણ થયેલી જ્યોત, ત્હારો હેતુ પુર્ણ કરશે. પછી તેમાં ગમે તેવાં વિઘ્નો ભલે આવે! ત્હારા વર્તનથીજ તું જનસમાજને દૃષ્ટાંતરૂપ બન! તું ધર્મ, અર્થ અને કામ માટે જેનાથી સંયુક્ત થઈ છે, તેના આત્મિક કલ્યાણ માટે એક વખત સંગમેશ્વર જા. રંગનાથ અડસુળ ત્યાંજ છે, તે ત્હને હમેશાં બાતમી આપશે. શ્રી રામ તને યશ આપશે. જા! સમર્થની ત્હારાપર કૃપા છે! શિવબાની તું કુલવાન પુત્રવધૂ છે. ત્રિખંડગર્જી કાર્ય માટે કમર કસ, જા! જય જય રઘુવીર સમર્થ."

પ્રકરણ ૨ જું.

રાજકુંવરની રાજભક્તિ.

खलःकरोति दुर्वृत्तं नूनं फलति साधुषु* (रत्नावली)

"આપત્તીઓ માણસને કામ કરવાના ઉત્તેજનાર્થે નિર્માણ થયેલી છે, તેને દાબી દેવાને નહિ." (વિલીયમ એલ્બેરી-શેનીંગ.)

વાચક! જો, જો! પેલા રમ્ય કિનારા પર પૂર્વ દિશા તરફ મુખ રાખી સૂર્યનારાયણ ભગવાનને અર્ધ્ય કોણ આપી રહ્યું છે? શું એ જળાશયમાંથી બહાર આવેલી ધવલગંગા તો નહિ હોય? અરે, મધુર મનોહર વનશ્રીની અભિષિક્ત દેવી તો નહિ હોય? ગમે તે હોય! તેનાં ભીંજાયલાં વસ્ત્રો, તેના રસબસથી ભરેલા યૌવન સાથે લપટાઇ જવાથી તેના યૌવનની લહર જોઇ, એકાંત નિર્જન સ્થળે ચૌર દૃષ્ટિથી નિહાળતો

* દુષ્ટ મનુષ્ય ખરાબ કૃત્ય કરે છે પણ તેનું પરિણામ સજ્જનને ભોગવવું પડે છે.

ચંદ્ર જાણે કિરણહીન થઇ જતો ન હોય એમ જણાય છે. અરે, તારાગણ પણ હવે મલીન થતા જાય છે.

એવી એ દેવી કોણ હતી કે દેવાદિકો પણ તેને જોઇને સંકોચ પામતા હતા! હા, તેવીજ તે હતી! તે એક જગદ્વંદ્ય મહાત્માની કન્યા હતી, તે રાજકન્યા હતી, અરે, તે વીરપત્ની હતી. તે એક વીરસુ હતી.

જુઓ, જુઓ! પક્ષીઓના કલકલાટરૂપી મંગલવાદ્યમાં તેણે દેવતાનું અભ્યંગ સ્નાન પૂર્ણ કર્યું છે. તે હવે કિનારા ઉપર આવે છે. અરે! એ તો શિવાલયમાં જાય છે. સાંભળો! 'શિવ, શંભો હર હર,' એવો ગંભીર ઘોષ કરી તે બાણ પર જળની અંજલિ સમર્પણ કરે છે.

એ દેવીનું નામ શું હશે? વાચક, ઉતાવળ કરીશ નહિ. સર્વ સમજાશે. હમણાં તે પુરૂષનો પોષાક ધારણ કરવામાં તલ્લીન બનેલી છે. તે શસ્ત્ર ધારણ કરે છે. હવે તેને કોઇ દેવી તરીકે ઓળખી શકે તેમ નથી. હવે તે દેવળ બહાર નીકળી છે; વારૂ પણ તે શું કહે છે? સાંભળ!

"પેલો ઠાકુર વેતાળ મંદીરમાં ઉતર્યો છે ને? તે શેનું અનુષ્ઠાન કરતો હશે? જરૂર તપાસ કરવી જોઇએ. મ્હને લાગે છે કે અવશ્ય કંઇ દગો ફટકો હોવો જોઇએ. કોઇ પણ વિશ્વાસઘાતી, મહારાજની હીલચાલ જાણવા માટે આ ઢોંગ લઇ બેઠો છે. કાલે સમર્થ અને સમ્રાજ્ઞી વચ્ચે શી વાત થઇ હતી? માતા ભવાની, શું એમજ છે? શંભુ, દીનદયાળ, વિષને અમૃત બનાવનારો રામનામ મંત્ર આ પાપિણીને ભૂલીશ કે?

"મોગલો કોલાપુર સુધી આવી પહોંચ્યા છે. દાદાસાહેબ તુલસીના ફંદમાં ફસાઇ પડયા છે. તેમને સાવધ કરવા કેટલાએ પ્રયત્ન કર્યા. રંગનાથ સ્વામી પણ હમેશ કહ્યા કરે છે. પરંતુ સર્વ વ્યર્થ! એ સર્વ હવે સહન થઇ શકતું નથી તેથી સમ્રાજ્ઞી—ભાભીને—ભુલાવી ચાલી આવી છું. ભગવાન એકલિંગજીનીજ હવે સહાય હોય તો ખરૂં! સમર્થ એમજ કહેતા હતા ને કે, ભોંસલે કુળનો ઉચ્છેદ કરવાની પ્રતિજ્ઞા કરીને તેમણે મોગલોનું દાસત્વ સ્વીકાર્યું છે? આબાસાહેબ, એમજ હોય તો તમારી પુત્રીનું ભાગ્ય ફૂટયું એમજ કહેવાય! કહે છે કે પારસમણીથી લોખંડનું સુવર્ણ બને છે પરંતુ પારસજ

લોખંડ બને તો ? મ્હારી કુલસ્વામિની મ્હારો ઉદ્ધાર કરશે કે ?

"પણ મ્હારૂં આ સાહસ ઉઘાડું પડશે તો ? તેમનો મ્હારા પર રોષ ઉતરશે તો ? છટ્ ! આબાસાહેબના પુણ્યનો પુંજ મ્હારી પાસે છે ત્યારે શા માટે ભય રાખું ?"

આવું કંઈ આત્મગત ઉચ્ચાર કરતી, ચિંતાગ્રસ્ત યુવતી હસ્તશિખરની તલેટીમાં આવી. આપણી એ યુવતી હવે યુવતી નથી. તે એક પુરૂષ વેષધારી બાલવીર છે. હવે તેને આપણે પુરૂષજ કહીશું. તે ડુંગર પર ચઢવા ઉધુક્ત થયો. તે ધીમે ધીમે ચોતરફ દૃષ્ટિ કરતો માર્ગ ક્રમણ કરતો હતો. આગળ ચાલતાં અચાનક તેના મસ્તિષ્ક પરથી એક સફેત પક્ષીઓનું ટોળું ચાલી જતાં તે તરફ દૃષ્ટિ ગઇ અને એક ભયંકર ગુહાનું મુખ તેની નજરે પડયું. તે ગુહા જો કે અતિ વિશાળ હતી પરંતુ વૃક્ષવેલીની ઘટાથી સંકુચિત બન્યા જેવી હતી. . . .

આ ગુહામાં સહજ નજર કરી ઉપર જવું, એવા વિચારથી તે દબાતો દબાતો અંદર પેઠો. અંદર જઈ ઉત્સુક દૃષ્ટિથી આમ તેમ જોયું તો તેને કંઇ પત્રોનો સળવળાટ સંભળાયો. બરાબર લક્ષ આપતાં તેની ધ્યાનમાં આવ્યું કે; અંદર ચાર પાંચ માણસો કંઇ વાત કરે છે. તે જેમ જેમ દબાતો લપાતો આગળ વધવા લાગ્યો તેમ તેમ તે વાતનો ધ્વનિ ઓછો થતો ગયો.

આપણો વીર ઘણો આગળ વધી આવ્યો. તેને સંશય આવ્યો કે, ગુહામાં એકાદ બારીક ખોલ–ખીણ હોવી જોઇએ. સર્વત્ર નિબિડ અંધકાર હતો. તે ચોતરફ હાથ ફેરવવા લાગ્યો, કાન માંડીને સાંભળવા પ્રયત્ન કરવા લાગ્યો પરંતુ કંઇ નિર્ણય થયો નહિ. નિરૂપાયે તે પાછો ફર્યો. તેને કંઇ અકસ્માત થવાની ધાસ્તી લાગી હોવી જોઇએ. પ્રભુ જાણે, વખતે કોઇ લુંટારાનું નિવાસસ્થાન હોય તો ? તેના મનમાં ભીતિ ઉત્પન્ન થઇ, તે પાછો વળ્યો એટલામાં તેની પીઠ પર કોઇએ થાપ મારી.

તેણે પાછા વળી જોયું: "કેમ બેટા, પાછો કેમ ફર્યો ?" એવો તેને એક વેરાગીએ પ્રેમપૂર્વક પ્રશ્ન કર્યો. દાઢી સફેદ, મુદ્રાભવ્ય, મુખ મંદસ્મિતયુક્ત એવો તે વેરાગી જોતાં વીર યુવકને ક્ષણવાર તો કૌતુકજ લાગ્યું.

"હું ઠાકુરના દર્શન માટે આવ્યો હતો. આજ ડુંગરમાંજ તે રહે છે કે?"

"કેમ બેટા? તેનું શું કામ છે તને?"

"કામ શું? કામ શું હોય? સંસારનાં સુખ દુઃખની બે વાતો કરવાની હતી!"

"ભાઇ, તું ક્યાંથી આવ્યો? ત્હારાં માતાપિતા કુશળ છે ને?"

"હું ક્યાંથી આવ્યો? સંભાજી મહારાજના દરબારમાંથી."

"સંભાજીના દરબારમાંથી? આવ, અંદર આવ! તે છત્રપતિ પ્રભુના દરબારમાંથી આવ્યો ને? ત્યારે આવ બેટા, અંદર આવ! હુંજ તે ઠાકુર. ત્હારા જીવનનાં સર્વ કોકડાં હું ઉકેલી આપું છું!"

ઠાકુર અંદર ને અંદર જવા લાગ્યો. પાછળ તે તરૂણ પણ નિઃશંક પ્રવેશ કરતો હતો, તે જોઇ તેની મુખમુદ્રા પર પ્રસન્નતા પ્રસરી. યુવક પાછળ આવે છે કે નહિ, તે જોવા માટે ઠાકુર વારંવાર પાછું જોતો. ગુહાના અંતર્ભાગમાં અંધકાર હતો. તે બન્ને પણ એક બીજાને બરાબર જોઈ શકતા નહતા; તેથી ઠાકુર, "બેટા, ધીમે રહીને આવ;" એવા પ્રેમાળ શબ્દોથી પેલા તરૂણને માર્ગ બતાવતો હતો.

છેવટે એક અતિ સાંકડા પ્રવેશ માર્ગે બન્ને અંદર આવ્યા. વચ્ચેજ તે તરૂણને કંઇક આઘાત થયો; તથાપિ તે જેમ ને તેમ ચાલવા લાગ્યો. તે પાછળ આવે છે કે રહી ગયો છે, તે વિષે સંશય આવવાથી, માર્ગદર્શકે વચ્ચેજ ખાસ, "બેટા, આવ્યો ને અંદર?" એવો પ્રશ્ન કર્યો.

"ઠાકુરજી, ફીકર કરશો નહિ. હું બરાબર અંદર ચાલ્યો આવું છું. આ તરફ જુઓ. આ એક ખૂણામાં કંઇ પ્રકાશ જેવું ચકચકે છે. તેની પેલી તરફ ભૂત જેવી બે ત્રણ મનુષ્યાકૃતિ બેઠેલી મ્હને જણાય છે. તેમના આગળ સળગતી ધૂણીજ છે, ખરૂં વારૂં?"

"ઠીક છે, પણ બેટા, ભીંતને અઢેલીને ચાલતો નહિ હોં? ચીરાડા-માંથી પાણી ઝરે છે. પલળી જઇશ. ટાઢથી ઠરી જઇશ."

"ઠાકુરજી, ભીંતે તો તલવારો અને ઢાલો છે! જુઓ, મ્હારો ફેંટો આ ઢાલના ખીલામાં ગુંચવાયો. ઠાકુરજી, સાધુની ગુહામાં સમશેર ક્યાંથી?

ભલે હોય! મ્હારી પાસે શસ્ત્રજ ન હતું. હું તેનો ઉપયોગ કરીશ."

"અરેરે, ભાઇ, દૂર રહે, દૂર રહે, કંઈ ઝેરી જનાવર હશે!"

"ના ઠાકુરજી, આ તો નગ્ન સમશેર છે. મ્હેં હાથમાં પણ લીધી છેને!"

"હાથમાં લીધી? નીચે મુક!" ત્યાંથી બે ત્રણ અદૃશ્ય આકૃતિઓએ એકદમ મ્હોટેથી કહ્યું.

"દૂર થાઓ, ખસો! ગિરિકંદરીમાં સિંહનાંજ બચ્ચાં નિર્ભય ચિત્તે પ્રવેશ કરે છે."

"શાબાસ! બેટા શાબાસ! કનૈયા સબૂર! ધૂણીને પ્રજ્વલિત કર. આ તરૂણને થોડો તીર્થપ્રસાદ આપ. ઠીક બેટા, તું ક્યાંથી આવ્યાનું કહે છે? આમ ક્યાં જતો હતો?" મધૂણી તરફ જતાં જતાં ઠાકુરે કહ્યું.

"ઠાકુરજી, મ્હારી કર્મ કહાણી લાંબી છે. ટુંકામાં કહું તો હું સંભાજી મહારાજના દરબારમાંથી આવ્યો છું."

"સંભાજી મહારાજના દરબારમાંથી?" ધૂણીની ચોતરફની સર્વ વ્યક્તિ આશ્ચર્યથી બોલી.

"સબૂર, કનૈયા સબૂર! વખતસિંગ સબૂર! બેટા, ત્યારે મહારાજ ક્યાં છે, તે તું જાણે છે કે?"

"જાણું છુંસ્તો! મહારાજ સંબંધીજ પ્રશ્ન પુછવા આવ્યો છું. અમારા મહારાજપર મહાન સંકટ આવ્યું છે. આપના જેવા ત્રિકાળજ્ઞાની, આ વેતાળ મંદિરમાં પધારેલા છે. એ સાંભળીને આશામય વિચારથી હું અહીં આવ્યો છું."

"ઠીક કર્યું બેટા! હું હવે મ્હારા દેવને જાગ્રત કરૂં છું. મહારાજપરની અલાબલાને બાળી ભસ્મ કરી નાખું છું. પણ ત્હારા મહારાજ આજ ગામમાં કંઇ નજીકમાં ઉતરેલા છે, નહિ વારૂ? શું કરૂં, તેમના આ દુષ્ટ ગ્રહ મ્હને તેમની પાસે જવા દેતા નથી. કેવી તે બિચારા છત્રપતિના ભાગ્યશાળી પુત્રની ભયંકર સ્થિતિ! વિધાતાએ તેના અદૃશ્યમાં અતિ ભયંકર ઘાત લખી રાખેલો જણાય છે. ચોખ્ખા અક્ષરજ જણાય છે ને! પણ કંઇ ચતુઃસીમામાં

સંભાજી છે? બાપુ? તેના આ દુષ્ટ ગ્રહ ચોતરફ અંધકાર ફેલાવી મને કંઇ જોવા દેતા નથી. કહે બેટા, મ્હને ચોક્કસ સ્થળ કહે. વાયુપર સ્વાર થઇ હું ત્યાં જાઉં છું. સ્થાનિક દેવને અષ્ટ દિગપાલના સ્થાને નીમું છું, અને મહારાજાપરનો અનર્થ ટાળુ છું."

"ઠાકુરજી, કેવી રીતે ટાળો છો? મહારાજના સંરક્ષણાર્થે અમે સર્વ મરાઠા તદ્દન ગભરાઇ ગયા છીએ. અમારો કટ્ટો શત્રુ ઔરંગજેબ મરાઠાઓનો નાશ કરવા માટે વિશાળ સેના સાથે કુદકા મારતો આવે છે. શું કરીએ? એવા વિકટ પ્રસંગે મહારાજના સ્થળ સંબંધી આ મંડળી સમક્ષ કહેતાં મ્હારો જીવ અચકાય છે. ઠાકુરજી, તમારા શિષ્યોપર હું અવિશ્વાસ રાખું છું એમ નથી પણ શુ કરૂં? મહારાજ છત્રપતિ અમારા મરાઠાઓના આત્મારૂપ છે. તેમાં વળી મ્હારા તો ખાસ આત્મીય છે."

"તું છત્રપતિનો આપ્ત છે?" પુનઃ સર્વ પોકારી ઉઠયા.

"સબૂર, સબૂર! ચાલ બેટા, બહાર જઇએ! વખતસિંગ ટેકરીની તળેટીમાં દૃષ્ટિ રાખ. કનૈયા, ગુહાના દ્વારમાં ઉભો રહે! બેટા આવ, મ્હારી પાછળ પાછળ આવ."

"નિશાન બરાબર ચોટયું જણાય છે! હજી થોડો વખત તાવી જોઇશ એટલે મ્હારો સંશય દૂર થશે. અહીં કંઈ વિષ પ્રવાહ છે ખરો! અવશ્ય કંઇ ગૌડ બંગાલ છે, પણ નિર્ણય કરવા જતાં મ્હારા પરજ આવી પડશે તો! મ્હારૂંજ મસ્તિષ્ક છેદાયું તો? જય, અંબેભવાની, હવે આ સંકટમાંથી તુંજ મ્હારૂં રક્ષણ કરશે." પેલો તરૂણ પોતા પ્રત્યે બોલ્યો.

વિચારમગ્ન સ્થિતિમાં પેલો તરૂણ ઠાકુરની પાછળ પાછળ ટેકરીના મુખ્ય શિખરપર વેતાળની પ્રચંડ મૂર્તિ આગળ એક સાંકડી ખીણપર આવી ઉભો રહ્યો. અહીં આવતાંજ ઠાકુરે આજુબાજુ જોયું અને હસતાં હસતાં પેલા તરૂણને પુછ્યુંઃ "શું કહે છે? તું મહારાજનો સગો છે? ત્યારે કહે મહારાજ ક્યાં છે?"

"ઠાકુરજી, પ્રથમ મ્હને કહો, મોગલો ક્યાં સુધી આવ્યા છે? કોલાપુર સુધી આવી ગયા કે?"

"કોલ્હાપુર સુધી?" ઠાકુર ચમક્યો.

"તમે જાણો છો ઠાકુરજી—અરે! અંતર્જ્ઞાનથી તે તમારાથી અજ્ઞાત નથી."

"મ્હને ખબર છે? નથી! પણ હું જોઉં છું."

"જુઓ, જુઓ! તેમાં ગણપતરાવ શીરકે અને મોગલોના સરદાર, મહારાજની બાતમી કાઢવા માટે ક્યાં સુધી આવ્યા છે તે પણ જુઓ."

ઠાકુરજી ચમક્યા. તે તરૂણ તરફ ધારી ધારીને જોવા લાગ્યા. સહજ કંટાળો ખાઇ તે બોલ્યાઃ "અરે શયતાન, તું છે કોણ?"

યુવકઃ "હું કોણ? હું શીરકે."

ઠાકુરઃ "શીરકે? કયો શીરકે?"

યુવકઃ "શીરકે કુટુંબમાંથી જીવંત રહેલો શીરકે. ગણોજી રાણોજીનો સ્નેહી."

ઠાકુરઃ "ખરો શીરકે? ગણોજીનો મિત્ર શીરકે?"

યુવકઃ "કેમ વારૂ? બીજો શીરકે ક્યાંથી આવ્યો? હું ખરો શીરકે છું."

છત્રપતિ સંભાજી મહારાજનો સગો શીરકે છું. શીરકે કુટુંબમાંથી બચેલો શીરકે છું, પછી બીજો ક્યાંથી આવ્યો?"

ઠાકુરઃ "તું શીરકે? અને સંભાજીનો સગો? તું શીરકે નથી. ઢોંગ! ઠગાઇ! તું ગણોજી રાણોજીનો મિત્ર શીરકે નથીજ! કેવળ ઠગ! લુચ્ચો!"

"પુનઃ કહું છું કે, હું શીરકે છું. ગણોજીને મ્હારી પાસે લાવો, હું ઓળખ આપું છું. પ્રતિજ્ઞા પર કહું છું કે હું શીરકે છું."

"જો આ ઉભો ગણોજી. આ દાઢી પડી ખીણમાં! બોલ, કહે, તું કોણ છે? ક્યાંનો શીરકે કહે! આ ગણોજી સર્વ પ્રકારે સંતાનહીન છે; તો તું તેનો સગો ક્યાંથી ઉત્પન્ન થયો? ભોંસલે કુળને નષ્ટ કરવા માટે આ શીરકેએ બીડું ઉઠાવ્યું છે, તો તું સંભાજીનો સગો ક્યાંથી બન્યો? સિંહના મુખમાં શિયાળની ગર્જના હોય ખરી કે? સિંહનાં બચ્ચાં અને મદોન્મત્ત ગજ સાથે મિત્રતા સંભવે ખરી કે? ખરો શીરકે સંભાજીનો સગો કેવી

રીતે બને ? સર્પ અને નોળીયાનો સંબંધ કેવી રીતે થાય ? શીરકે સ્વપ્નમાં પણ એજ પોકાર કરશે કે, ભોંસલે કુળનું સત્યાનાશ થાઓ ! "

"મહારાજ, એ શું બોલો છો ? ભોંસલેને નષ્ટભ્રષ્ટ કરવાથી શિવાજી છત્રપતિના નામ પર કેવું કલંક ચોંટશે ! આબા સાહેબના હાથમાં હાથ મેળવી શીરકેએજ મહારાષ્ટ્રની કીર્ત ઉજ્વલ બનાવી હતી ને ? તેમણેજ મહારાષ્ટ્રીય ભગિનીઓનાં સૌભાગ્ય સાચવ્યાં હતાંને ? આજે તેજ સૌભાગ્યને જડમૂળથી ઉખેડી નાખવા શું શીરકેજ તત્પર થાય છે ? તમે વાવેલા બીજના અંકુર શું તમેજ તોડી નાખશો ? "

"શું, જેણે મ્હારૂં જીવન સર્વસ્વ નષ્ટ કર્યું, મ્હારા વંશને જેણે ભસ્મીભૂત બનાવ્યો, મ્હારાં ગૃહદ્વાર પર જેણે હળ ફેરવ્યું તેની,—અરે ! એવા નીચ નરાધમની હું ઉપેક્ષા કરૂં ? કારણ શું ? તે પુણ્યશાલી મહાત્માનો પુત્ર માટેજ કે ? યુવક, જે દુષ્ટ છે તે શ્રેષ્ઠાસન પર ભલેને હોય, પણ તેનો નાશ કરવો એજ ધર્મ છે. સર્પને દૂધ પાઇ કેમ ઉછેરાય ? વ્યાઘ્ર પોતાના ગામનો હોય તોપણ તેને જોયા પછી ગાય શું પાનો મુકે કે ? શીરકે કુલ પર આજે ભયંકર સંકટના પત્થરની વૃષ્ટિ કરવામાં તેણે શું બાકી રાખ્યું છે ? આત્મરક્ષણ માટે ગર્ભમાં આડું થયેલું બાળક કાપીજ નાખવું જોઇએ."

"શીરકે રત્નનો એજ ધર્મ છે. આ સમયે કુલની કીર્તિ જાળવવાનું એજ વ્રત, એજ પ્રતિજ્ઞા અને એજ શપથ ખરા શીરકેવીરના હૃદયમાં દઢ હોવાં જોઇએ. તો મ્હારા વેરી—શત્રુ સાથે સગાનો સંબંધ ધરાવનાર તું કાયર શીરકે કોણ છે ? એવા બીકણ કુલાંગારને આ જગતમાંથી હું નષ્ટ કરીશ. શીરકે કુલની કીર્તિને ધોઇ ઉજળી બનાવી ભોંસલે કુળને નષ્ટ કરવું એજ મ્હારી પ્રતિજ્ઞા છે. "

"કહે, કહે, કાયર બોલ, સંભાજીએ ત્હને શી લાલચ—લાંચ આપી છે ? ક્ષણવાર ચોતરફ ત્હારી દૃષ્ટિ ફેરવી લે. પ્રચંડ ખડકની કેટલી સૂક્ષ્મ ટોચ પર તું ઉભો છે તે જો ? પાછા ફરી ન્હાસી જવાનો કંઇ માર્ગ છે કે ? જો. ત્હારા પગ નીચેના ખડકના ટૂકડા સિવાય ત્હને કોઇ જાતનો આધાર છે કે ? કહે ! જે વૃક્ષનો ત્હને આશ્રય છે, તેને આ તલવારથી ઉડાવી દઇશ,

એટલે ત્હારા આ કોમળ શરીરના રાઇ રાઇ જેટલા ટુકડા, શિયાળ, ગીધ વગેરેના ભક્ષસ્થાને પડવા માટે કેટલી ઉંચી કરાડ પરથી પડશે તે જો. અરેરે, તે નીચનું સગપણ ! શીર્કે કુલનું અભિમાન સાચવવા આ તલવાર હાથમાં લઇ શપથ લે. નહિ તો એક ધાથી બે ટુકડા કરવાને આ સમશેર ત્હારા હૃદયમાં ખૂંપીજ સમજ.”

“હા, ખોસો. આ ખુલ્લી છાતીમાં ઘોચી સંભાજીનું સગપણ શુષ્ક તલવારથી ખેંચી કાઢો. વિલંબ ન કરો. એમ ગભરાશો નહિ! પ્રાણનાથ, આ અભાગણિ છત્રપતિના કુલનું અભિમાન વધારનાર વીરપત્નીને, આપના હસ્તેજ પરલોક પહોંચાડી દો. સંભાજીએ ગિરિસંહારનું વ્રત પૂર્ણ કર્યું નથી માટે તે આપજ કરો. ભોંસલેના કુળનો, આબાસાહેબના વંશનો ઉચ્છેદ મોગલોના હાથે થવા કરતાં આપના જેવા વીરને હાથે થાય તો શું ખોટું ? જલદી કરો. પતાવો! કેમ, એમ ફીક્કા પડતા જાઓ છો ? એક કૂખમાંથી બે ભાઇઓએ જગતમાં પગ મૂક્યા પછી સ્વસંતોષ માટે એક બીજાને ફાડી ખાય તો તેનો જન્મ આપનાર માતાને સંતોષજ થવો જોઇએ, એજ તમારી માન્યતા છે ને ?

“કેમ, તલવાર હાથમાંથી સરે છે કેમ? અરેરે, પ્રાણનાથ! બીકણતાને આપ ધીક્કારો છે ને ? મ્હારો કર્તવ્ય માર્ગ રોકીને આપ ઉભા છોને ? આપનાજ શબ્દોનું આપને સ્મરણ કરાવું છું. તેજ શબ્દોનો હું ઉચ્ચાર કરૂં છું. મહારાજ, આ વખતે, આવા પ્રાણ જવાને પ્રસંગે—અરે ! મહારાષ્ટ્રના સ્વાતંત્ર્યપર તરાપ પડવાના સમયે આપ દ્વેષ વિસરી નહિ જાવો ? ખૂનને બદલે તો આપ આત્મઘાત તો શું પણ રાજદ્રોહ અને આત્મદ્રોહના પાતકીજ થશો ! આપ મ્હારૂં સર્વસ્વ છો, મ્હને પૂજનીય છો, વંદનીય છો, અરે ! મ્હારા આત્માના સ્વામી છો; પણ કર્તવ્યભ્રષ્ટ છો, ભયંકર પાતકનો પ્રવાહ શિરપર વહેવડાવવા ઉશ્કેરાયેલા છો. આ વખતે મ્હારે આપને એવા ભયંકર પાતકથી દૂર કરવા એજ પાતિવ્રત ધર્મ છે. એજ મ્હારી પતિસેવા, પતિદેવ! આવા વખતે તમારા હસ્તનો સ્પર્શ કરવો તે ઇકોતેર પેઢીને નરકમાં મોકલવાનો સંકલ્પ કરવા સમાન છે. સૌભાગ્ય પ્રભુ ! પતિ કર્તવ્યભ્રષ્ટ થાય

તો તેનાં નેત્રમાં તેની ધર્મપત્ની દિવ્ય અંજન ન આંજે તો બીજું કોણ આંજે વારૂ ?"

"પ્રેમમય પ્રભુ ! આપ સંભાજીના ઉચ્છેદનું કાર્ય લઇ બેઠા છો, એવું સમર્થના મુખથી સાંભળતાંજ આપને મોહનિદ્રામાંથી જાગ્રત કરવા આવું સાહસ કરી હું અત્રે આવી છું. મ્હારો માર્ગ ખુલ્લો કરો! મ્હને કર્તવ્યપરાયણ થવા દો ! મહારાષ્ટ્ર–પ્રભુને સંકટ સમયે જાગ્રત કરવા એ મ્હારૂં પવિત્ર કર્તવ્ય છે. મહારાષ્ટ્ર–સ્વાતંત્ર્યની કીર્તિ, એ મહારાષ્ટ્રીય વીરપત્નીનું આભુષણ હોવું જોઇએ. કારણ કે, તેમાંજ પતિની કીર્તિનું રક્ષણ છે. છોડો, છોડો મ્હારો માર્ગ. મહારાષ્ટ્રના સ્વાતંત્ર્યનો શુભેચ્છક બનેલા, પણ પ્રસંગ વિશેષે બેદરકાર થયેલા અભાગી સંભાજીને ઘોર નિદ્રામાંથી મુક્ત કરવા દો. અરે, હજી પણ દૂર ખસશો નહિ ? જોયો કે ? પાછળ જુઓ ? પેલી તરફ જુઓ ? તે પ્રવાહ જુઓ. એક ખીણમાંથી.બીજી ખીણમાં અને બીજીમાંથી ત્રીજા ખડક પર કેવો કૂદકા મારતો જાય છે ? તેના માર્ગમાં બંધારો નાખી કોઇ તેને અટકાવી દેવાની શક્તિ ધરાવે છે કે ?"

"ત્યારે હું જાઉંને એજ રસ્તે ? હું ક્ષત્રિય કન્યા છું. હું વીરપત્ની છું. હું વીર પુત્રવધુ છું. સતીનું ગૌરવ મ્હારા હાથમાં છે. જાઉં કે ?"

"કોણ ? મ્હારી પ્રાણદેવી રાજકુંવર ? ઉભી રહે ? ક્યાં જાય છે ? શું આ ઉંચી કરાડ પરથી તૂટી પડીશ ? છટ્ ! છટ્ ! રાજકુંવર, રાજકુંવર, જા, જા, પાછી જા ! જે માર્ગે આવી તે રસ્તે ખુશીથી જા ! લે. મ્હારી સમશેર લે ! જા ! પતિના માર્ગમાં કંટકનાં ઝુંડ વેર."

"બસ થયું ! દૂર થાવ ! રાજકન્યા પોતાનું રક્ષણ કેવી રીતે કરવું તે સારી રીતે સમજે છે."

તુરતજ રાજકુંવર એટલા વેગથી નીકળી ગઇ કે નિમિષ માત્રમાં તો તે ક્યાંની ક્યાંય અદૃશ્ય થઇ ગઇ.

પ્રકરણ ૩ જું.

પ્રધાન કલુશાની પ્રપંચ જાળ.

क्रितव्याने बुडती राज्यें । खबरदांहि असेचिना ।
युक्ती ना शक्ती ना बेगी । लोक राजी असेचिना ॥
बेदादिबैकैद सेना । कारबारीच चोरटे ।
धण्यासि राखणे राजी । कदाकाळीं घडेचिना ॥* (रामदास).

રાજાપુરના ગંગાકુંડને કીનારે બે સ્વાર વનશ્રી નિહાળતા બેઠા હતા. તેમાં એક તરૂણ હતો. તે જો કે બેઠેલો હતો તો પણ ઉંચા બાંધાનો હોય તેમ સ્પષ્ટ જણાતું હતું. તેનું મુખ કાંતિમય અને સુંદર હતું. નાસિકા સરળ, ભ્રમરો કમાનદાર અને નેત્ર તેજોમય પણ લાલબુંદ; પાંપણ ભરાવાદાર, કપોલપ્રદેશ ભવ્ય અને વિશાળ, મુખ પ્રફુલ્લિત, એવા તે તરૂણના મસ્તક પર લીલું ભરકચીનું મંદીલ હતું. તેના ગળામાં ઝીણી ઝીણી હીરાકણીઓ જડેલો એક સુવર્ણનો કંઠો હતો. તેના શરીરે શાલેદારી દેખાવનું અંગરખું અને પગમાં તેવીજ કીનખાબની ઇજાર હતી. તેની કમરે બનારસી રંગબેરંગી ભરકચીનું શેલું બાંધેલું હતું. તેના ઝકઝકતા અંગરખાની અંદર ઉરપ્રદેશ પર હીરા, માણેક, મોતીનો એક વજનદાર લટકતો કંઠો

---

* **ભાવાર્થઃ**—જ્યાં યુક્તિ અને શક્તિનો અભાવ હોય છે ત્યાં જનતા ખુશી હોતીજ નથી, અને જ્યાં સાવચેતીને સ્થાન હોતું નથી ત્યાં બંડખોરો રાજ્યો ડુબાવવાને શક્તિવાન થાય છે.

જ્યાં સેના નિરંકુશ છે અને કાર્યભારી લુચ્ચા છે ત્યાં કોઈ પણ માણસ સ્વામીને રાજી રાખવા શક્તિવાન થઈ શકેજ નહી.

તેના વિશાળ વક્ષઃસ્થળને શોભાયમાન બનાવતો હતો. તેના ડાબા કાંડામાં રત્નજડિત પહોંચી હતી, આંગળીઓમાં હીરા, માણેકની વીંટીઓ હતી. તેની કમરમાં મીનાકારીની મુઠવાળી માત્ર એક પાણીદાર જુહાજી તલવાર હતી.

તરૂણની પાસે બેઠેલા પેલા બીજા ગૃહસ્થે બ્રાહ્મણી પોષાક પહેર્યો હતો. તેને માથે એક મ્હોટી લીલા રંગની પાઘડી, તેના શરીરે ધોળું ઘેરાવાદાર અંગરખું હતું. તેની મુદ્રા ઉગ્ર હોય તેમ અનુમાન થતું હતું. તેનાં નેત્ર કોઇ એક ગંજેરીનું સ્મરણ કરાવે તેવાં હતાં. તેની ભ્રમરો વચ્ચે ત્રિકોણાકૃતિ સિંદુરનું ટીલું હતું.

ઉભય ઘણા વખત સુધી સ્તબ્ધ બેસી રહ્યા હતા. પેલા તરૂણ-રાજ-પુરૂષની વૃત્તિ ચિંતાગ્રસ્ત હતી. એકાએક તેણે બીજાને ઉદ્દેશી કહ્યું: "શું કરૂં ? મોગલો-સ્વતઃ ઔરંગજેબ મ્હારી પાછળ પાછળ વિજાપુર સુધી આવ્યો છે. શત્રુએ મ્હને કેવો દક્ષિણોત્તર ચોતરફ અસંખ્ય સૈનિકોથી વિસ્તીર્ણ જાળમાં ફસાવ્યો છે ? વિસ્તાર ત્હારી જાળને, પસાર, પસાર ! છાતી પર પગ મુકીને મ્હેં બરાનપુર, ભરૂચ લુટયાં તેની આલમગીરને શરમ આવી નથી કેમ ? કાબુલથી કન્યાકુમારી સુધી લીલો ઝુંડો ફરકાવવાની હીંમત રાખે છે કેમ ? અરે, ત્હારા રણમસ્તખાનનો મદ તો મેંજ ઉતાર્યો છે ! ત્હારા શીરાજીખાનનું શિર પણ આ સંભાજીએજ નમાવ્યું છે, એટલુંજ નહિ પણ પ્રત્યક્ષ શાહજાદા મહંમદ અકબરને અફાળી દિલ્લીનું પદ આ સંભાજી ખૂંચવી લેશે ! સમગ્ર આર્યાવર્તમાં શું લીલો ઝુંડો ઉડાવવા માટે આલમગીર તૈયાર થયો છે ? માટેજ વિજાપુર ગોવળકોંડાની બાદશાહી ડુબાવવા તેણે કમર કસી છે ? ઠીક છે. મ્હારા માર્ગમાંથી અનાયાસેજ કાંટા દૂર થાય છે. સુરતકર, ગોવેકર, જંજીરકર વગેરેની ખબર પરભાર્યોજ બાદશાહ લેતો હોય તો મ્હારે જુદી પંચાત કરવાનું કારણ નથી. કબજી, જંજીરકરને મદદમાં લઇ આલમ-ગીર મ્હારા તડાકામાંથી છટકવાનો પ્રપંચ કરે છે કે ? આ મરાઠા બચ્ચાને પ્રપંચ કેવો હોય છે તેની ખબર નથી. દુશ્મનને દષ્ટિ સન્મુખ ખેંચી લાવી, સિંહના જડબામાં હાથ ઘાલી તેની ગરદન ઉડાવવાનું આ સંભાજી સારી રીતે સમજે છે. જંજીરની ખાડીમાં મ્હારી નૌકા સેનાનું પરાક્રમ તેમના

અનુભવમાં આવ્યું હશે. ચૌલના ઘેરાનો અનુભવ હજી ગોવેકરના ધ્યાનમાંથી ખસ્યો નહિ હોય. નહિ પંડિતજી ! જ્યારે ગોવેકર ચોતરફથી ઘેરાયો, ત્યારે લપાઇ છુપાઇને નાસી જવામાં તેને કંઇ મુશ્કેલી પડી ન હતી. ભરખાડીમાં ભરતી ચઢતી હતી ત્યારે આ વીરે જ્યારે પોતાનો ઘોડો ફેંક્યો, ત્યારે ફિરંગીઓના રક્તની છોળો તે ભરતીની છોળોમાં લય પામી ગઇ હતી !"

"મહારાજ, એવો ચિંત્તાગ્નિ શું કરવા પ્રકટાવો છો ? મ્હારી પાસે અષ્ટમાસિદ્ધિ યક્ષિણી પ્રયોગ છેજ ને. અણ્ણાજી દત્તનું કારસ્થાન મ્હેં કેવું મંત્રવિદ્યાથી ફોડયું હતું ? શા માટે એટલી ફીકર કરી ઉન્માદગ્રસ્ત થાઓ છો ? પંચ ભૈરવની કૃપાથી ચોરને દ્વાર આગળ પણ નહિ આવવા દઉં. મંત્રની ખૂબી તો એજ છે !"

"કંઇ નહિ ! હવે હું આ જીવનથી ત્રાસી ગયો છું ! કબજી, શું પ્રત્યક્ષ મ્હારી પત્નીજ મ્હારા વિરૂદ્ધ ઉશ્કેરણી ચલાવે ? કબજી, તમે હતા તેથીજ હું મહામુશ્કેલીથી બચી ગયો. હવે કંઇ નહિ, બસ ! મોજ માણવી ! આ ગામ ઠીક શાંતિ ભરેલું જણાય છે. નિર્જન સ્થાનેજ આપણું રાજભુવન છે. બાદશાહનો બાપ પણ મ્હને જાણી શકશે નહિ. ભટકવા દે તેને જંગલે જંગલ ! પણ ખજાનામાં એક પાઇ સુદ્ધાં નથી. તમારાં બાઇસાહેબ તો "દેવું થયું, કરજ વધ્યું, કરજ વધ્યું" કરીને બુમો પાડે છે. હું ધનથી પરાજય પામ્યો છું પંડિતજી ! પણ આજ વખતે કેસોપંત અને રાજે મહાડીકમાં વળી કેવો કલેશ ઉદ્‌ભવ્યો છે ? કલહથી શત્રુને લાભ નહિ થાય કે ? બાદશાહે ટાટોરયાથી પનાળા સુધીના કોટ કિલ્લા લીધાનો ચીટનીસે પત્ર લખ્યો છે !"

"મહારાજ, સહજ શાંત થાઓ. આજે મ્હેં બાર પાડા મરાવ્યા છે. તેના ચામડા પર બેસીને હું અનુષ્ઠાન કરૂં છું. ખંડોબલ્લાળનો ભપકો તો વળી સૌથી ચઢી ગયો છે. નાક કરતાં મોતી મોઘું થયું છે ! પૈસા માટે મહારાજ એમ શા સારૂ ગભરાઓ છો ? મ્હોટા મહારાજે અઢળક ધનથી ખજાનો ભરી રાખેલો છે. વળી મામલતદારોના બરડા ચામડાની ચાબુકથી તોડી નાખું છું. હવાલદાર, મુદ્રાધારી, દેશાધિકારી વગેરે પર વરાતો મોકલું

છું. ગામે ગામે વ્યવસ્થા કરી નાખું છું. અણ્ણાજી દત્તે વસુલની કેવી ખરાબ વ્યવસ્થા સ્થાપી છે! તેને જડમૂળથી ઉખેડી નાખું છું. પછી ધનની શી ખોટ?"

"અરે, પંડિતજી! કહે છે કે બાદશાહ સિંહગઢ–પુરંધરના માર્ગે વળ્યો છે! અકલુજ સુધી આવ્યાની ખબર તો મ્હને મળી છે. સુલતાન અકબર પણ ભયથી ઇસ્પાહના નાશી ગયો છે? વિજાપુર–ગોવળકોંડાનાં રાજ્ય ગયાં કે? સુલતાન મોઅજીમ નાશક ગયો? યાતિકદખાન કોકણ પર ધસી ગયો? મ્હારી પીઠ પર શું મોગલો તૂટી પડવા તલપી રહ્યા છે? આવો, આવો! આ સંભાજી પર હવે આસમાન તૂટી પડે તો તેની પણ પરવા નથી. કવિવર્ય પંડિતરાવજી! મ્હારૂં અમૃત, મ્હારૂં ચિત્ત હરણ કરનાર દેવત સાથે લાવ્યા નથી કે?"

"એમ કેમ બને મહારાજ? ચંડમુંડ, મહિષાસૂર વગેરે શત્રુઓનું જડમૂળ તોડી પાડવા માટે તેની સહાય તો અવશ્ય જોઇએ! કરજની અને પેલા આલમગીરની ધાસ્તી શા માટે રાખો છો? એવા પત્ર તમારા પર કોણ મોકલ્યા કરે છે? પ્રભુ જાણે! તે દુષ્ટના હાથજ કાપી નાખવા જોઇએ. ઋણ, ઋણનું ભજન શા માટે કર્યા કરો છો? ઋણાપન્નોદન અનુષ્ઠાન બેસાડું છું. ઋણહારક મંગળને પ્રસન્ન કરૂં છું. પીપળા નીચે બેસીને રોજ હઝાર દીપક સળગાવીશ! જંત્રમંત્ર કરી અષ્ટમાસિદ્ધિ યક્ષિણી પ્રયોગ સાધી લઉં છું. એમ અકળાઓ છો કેમ? પેલા ઝરા પર ચાલો. ત્યાં ઔષધી જલથી મુખશુદ્ધિ કરશો એટલે શ્રમ ઓછો થશે. પછી આ અમૃત (દારૂ) રસનો ઘૂંટડો લો. જુઓ પછી સર્વ ચિંતા કેવી જતી રહે છે! પણ ઉભા રહો, કયો ભીખારી પેલા ઝરા પર બેઠો છે તે હું જોઇ આવું."

"પંડિતજી, ઉભા રહો! એ તો મ્હારી પ્રિય મૂર્તિ હશે! જુઓ, તે કામલતા કેવી ડોલતી આવે છે!"

ખરેખર સામેથી આ વીર તરફ જોઇ હસતી, મચકાતી એક અપ્સરા તુલ્ય સ્ત્રી ચોતરફ તેજ કિરણો પ્રસરાવતી આવતી હતી. તે હસતી ત્યારે જાણે કે રક્ત–કોમલ અધરની પ્રભાજ બાલસૂર્ય પર પ્રતિબિંબિત થઇ હોય

એવો ભાસ થતો હતો. પણ તેમાં ખૂબી એ થઇ કે, બાલકિરણે વારંવાર તેના મુખબિંબનું ચુંબન લીધાથી કહો, કે પોતાના પ્રિયકર તરફ જોતાં તે સલજ્જ બનવાથી કહો, તેના મુખબિંબ પર જે ગુલાબી છટા પ્રસરતી હતી તે વિલક્ષણજ હતી. તે જોઇને આ તરફ બિચારા સંભાજીની ચિત્તવૃત્તિ અત્યંત અસ્થિર થતી હતી. તે બિચારાને લાગતું હશે કે, સૂર્યને પોતાના કોમલ કિરણરૂપ હસ્તથી તેના વદનકમળના સ્પર્શસુખનો પરામર્ષ લેવાનો શો હક્ક? એ શૃંગારમંજરીને ડોલાવનારો પ્રભાતવાયુ કોણ છે? તેની ક્ષીરોદક જેવી શુભ્ર સાડીના પદરને સ્વચ્છંદે ફરકાવી મદનની રસપૂર્ણ દૃષ્ટિમર્યાદામાં લાવનાર અને પ્રભાતવાયુરૂપ પંચકલ્યાણી અશ્વ પર સ્વાર થઇ આવેલો તે મદનગંધ કોણ છે? આવા અસ્થિર વિચારોથી સંભાજીનું મસ્તક ભ્રમિત બની ગયું હતું.

“કબજી, એમ નહિ ચાલે! તુલસીના મૃદુ અંકમાં મસ્તક ગોઠવ્યા સિવાય મ્હને ચેન નહિ પડે, પછી ભલે મ્હારા મસ્તક પર પ્રત્યક્ષ આકાશ તૂટી પડે! તેની મ્હને ચિંતા નથી.”

“મ્હારા મંત્રનો અમલ શરૂ થયો લાગે છે. આવા વખતે અલમગીરનો સેનાસમુદ્ર કઇ બાજુ ઘૂઘવી રહ્યો છે તે કોણ જાણે? તુલસી જેવા સ્મર-સાગરમાં આ સંભાજી જેવાં રૂપેરી મત્સ્ય હવેજ ફરફર કરતાં ઉંચાં નીચાં થશે. હવેજ સમય આવ્યો છે. આ વખતે મુબારકખાન જેવાના પ્રચંડ વાયુથી દરીઓ હલમલી જાય તો એ મત્સ્ય કયા દેશની વાલુકામાં પડશે તે કહી શકાય નહિ. પણ પેલો વળી કોણ આવે છે? મ્હારા દૂતે તેને આટલો સમીપમાં કેમ આવવા દીધો? અને આ વળી બીજો મનુષ્ય સવારના પહોરમાં ક્યાં નજરે પડયો? મ્હારા ગુપ્તચરો નકામા થઇ ગયા છે. જો, વળી એ તો મહારાજની પાસેજ આવે છે.” એ પ્રમાણે મનમાં બડબડતો કબજી બોલ્યો: “કેમ રે! ક્યાં જાય છે? પાછો ફર, નહિ તો મરી જઇશ.”

“મહારાજ, હું આ રસ્તે સંગમેશ્વર જાઉં છું. પેલાએ મ્હને આ રસ્તો બતાવ્યો મહારાજ.”

“તેણે આ રસ્તો બતાવ્યો? કંઇ નહિ. પ્રથમ પાછો ફર. એ લુચ્ચો

પણ આ રસ્તેજ જાય તેમ લાગે છે! એ ચોર લોકોને અંધારકોટડીનું દર્શન કરાવવું જોઇએ. જા, એને પણ પાછો વાળ, નહિ તો નિરર્થક પ્રાણ ખોઇશ. સંભાજી મહારાજનું આ વિશ્રાંતિ સ્થાન છે તે ત્હને ખબર નથી?"

"જાઉં છું મહારાજા!" કહીને આવતો માણસ પાછો ફર્યો, અને મનમાંજ ગણગણવા લાગ્યો: "હું શું જોઉં છું? દાદાસાહેબ એ દુષ્ટાને ગળે વળગેલા છે! હાય, અફસોસ! એકમેકની કોટે વળગી તે આ તરફજ આવે છે! અરે, કમનશીબ? હવે એમને શી રીતે સાવધ કરૂં? દાદાસાહેબ શુદ્ધિમાં હોય છે ત્યારે પણ તેમના આગળ સ્થિર થવાની શક્તિ મ્હારામાં રહેતી નથી તો પછી આ વખત તો ઉભય પાપીષ્ટ પ્રેમી કેફમાં ઘેરાયલાં છે! પણ હું એમ કેમ ડરૂં છું? શું તે મ્હારા ટુકડા કરશે? તેમ થશે તો પણ શું? ત્યારે, મોગલોના આગમનના સમાચાર આપું? પરંતુ દાદાનાં કાનમાં મ્હારા શબ્દોને પ્રવેશ કરવા જેટલું સ્થાન ખાલી હશે કે? અરે પ્રભુ! હવે એમની શૃંગારચેષ્ટા મ્હારાથી જોઇ શકાતી નથી. મ્હારા પેલા માર્ગદર્શકનો તો મ્હારે જીવ બચાવવો જોઇએ! આજ રસ્તે તે આવે છે. ચોબો તેને મારશે, પણ મ્હને એમ કેમ લાગે છે? એનો અવાજ કંઇ પરીચિત હોય તેમ જણાય છે. મેં કયાંઇ પણ સાંભળ્યો હશે કે? આ નીચ કબજી તો મ્હારી પાછળજ પડયો છે. કેવો મૂઓ મ્હારી પાછળ પાછળ આવે છે. મ્હારા માર્ગદર્શક પર તેની દૃષ્ટિ કેમ ઠરી ગઇ છે? અરે બાપ, કેવું આશ્ચર્ય! આ કલુશાનો મનમૂર કેવો થેઇ થેઇ નાચે છે? ઉભયના દૃષ્ટિમિલનમાં આટલો જાદુ? શો અર્થ હશે? અરે, ઓ ભલા માર્ગદર્શક! તું હમણાં શું ગાતો હતો? બોલ, પુનઃ બોલ! એનું લક્ષજ કયાં છે? અરે દૈવ! એ તો પતિદેવ? મહારાજ શીરકે કુલભૂષણ, માનો, ના, ના, એ ૨ પાપનો સંગ્રહ ન કરો! મહારાજ, રાજાપુરના શીરકેના કપાળમાં લાગેલું ધાડપાડુનું કલંક હજી પૂર્ણ થયું નથી કે? હા, ગયા, ગયા! વાયુવેગે ગયા! આવો, આવો, મ્હને જોઇને કેમ નાસો છો? હા, ગયા, અદૃસ્ય થયા! જય અંબે, હવે હું દાદાને અવસ્ય સાવધ કરીશ." છેવટના શબ્દો અચાનક બહાર નીકળ્યા તે સાથેજ કબજીએ ગર્જના કરી: "ખબરદાર, પુનઃ આ રસ્તે આવ્યો

તો ! એક પગલું પણ આગળ ભરશે તો પેલી તરફની ખીણમાં ફેંકી દઇશ. મ્હારો સિપાહી પાછો આવે ત્યાં સુધી ઉભો રહે, તે તને પેલે રસ્તે લઇ જશે. ઉભો રહે !"

આવેલો માણસ અડગતાથી ઉભો અને પુનઃ વિચાર કરવા લાગ્યો: "અરે, ચંડાળ ! જવા દે પ્રભુ. મૂઆનો ગુપ્તચર મ્હને કેદ કરશે તો માતુશ્રી યેસુબાઇને સંદેશો કેવી રીતે પહોંચાડીશ ? પછી સરદારો કેવી રીતે રક્ષણ કરી શકશે ? શું મ્હને એ પકડવાને આગળ આવે છે ?" એટલું મનમાંજ બોલી તેણે કહ્યું: "જો, આ જાઉં છું, યાદ રાખ, સંતાજીની નગ્ન તલવાર ત્હારા કંઠરક્તમાં સ્નાન કરશે ! પ્રપંચી ! મહારાષ્ટ્ર–પ્રભુને તેં ફાંસામાં નાખ્યા છે પણ જ્યારે ત્હને મુસ્કેટાટ બાંધું ત્યારેજ મ્હારૂં નામ રાજકુંવર !" તુરતજ તે વીરરમણી દૃષ્ટિ બહાર નીકળી ગઇ.

પ્રકરણ ૪ થું.

વ્યય આત્માર્પણ.

महायत्न सावधपणें । समयीं धारिष्ठ धरणें
अद्‌भुतची कार्य करणें । देणें इश्वराचें ॥ (दासबोध)*

રા જકુંવર કૃષ્ણજીને હાથતાલી આપી ચાલી ગયાનું ગત પ્રકરણમાં કહ્યુંજ છે. પછી તે ક્યાં ગઇ ? તે ત્યાંથી નીકળી તેવી મહારાજના નિવાસસ્થાન તરફ આવી. તેનો પુરૂષ વેષ એવો તો યોગ્ય સ્થિતિમાં હતો કે, તેને કલુશાએ લેશ માત્ર ઓળખી નહિ. તે પુરૂષ વેષધારી વ્યક્તિની પોતાનાં નેત્ર આગળથી વિદ્યુત ગતિથી, છટકી જવાની ખૂબી જોઇ

* **ભાવાર્થ:**—સમય પર સાહસ, સાવચેતીથી યત્નની પરાકાષ્ઠા, અને અદ્‌ભુત કાર્ય એ પ્રભુ સહાય હોય તોજ બની શકે છે.

કબજી તો આંગળાંજ કરડતો રહ્યો, અને ઉપર કહ્યા પ્રમાણે તે તરૂણ ઠેઠ રાજભુવન પાસે આવ્યો. દરવાજા આગળ તે અટક્યો. આ વેષે અંદર કેવી રીતે જવું તેના વિચારમાં પડયો. આવી અનિશ્ચિત સ્થિતિમાં તે અહીં ઉભો હતો. તેટલામાં દેવડીપરના માણસોનો વાર્તાલાપ તેના સાંભળવામાં આવ્યો. તે કાનદઇ સાંભળવા લાગ્યોઃ—

"શું કરવું બાપુ ? આ કલુશાના ત્રાસથી થાક્યા હવે ! કેવો દાંભિક ! એની બદમાશીથી સર્વે કુલિન સરદારો, વતનદારો અને જમીનદારો કંટાળીને ચાલ્યા ગયા. મહારાજ એની પ્રપંચજાળમાં સંપૂર્ણ રીતે જકડાઇ ગયા છે. વિનાશકાળ પાસે આવેલો જણાય છે !"

એક જણ આટલું બોલ્યો, ત્યાર પછી બીજો તેને કહેવા લાગ્યોઃ "પાદશાહ નિરંકુશ બન્યોજ ને ? આદિલશાહી રસાતળે પહોંચી. આલમગીરે તાનશાહનું નામ નિશાન નષ્ટ કર્યું. હવે શું બાદશાહી સૈન્ય માખો મારતું પડી રહેશે જોત્યાજી ?"

આ વાત ખંડોજીના કર્ણપર પહોંચી ન પહોંચી તેટલામાં એક ગુપ્તચર આવ્યો. તે કહેવા લાગ્યો કેઃ "ઔરંગાબાદ તરફ મોગલોની ચળવળ ચાલી રહી છે. કેટલાક માણસો છુપી રીતે ત્યાં સંતાઇ રહ્યાં છે." આ વાત સાંભળતાંજ ખંડોજીના અંતઃકરણ પર સખ્ત આઘાત થયો અને તે ભાન ભૂલ્યો. ઘણીવારે તે આપોઆપ શુદ્ધિપર આવ્યો. તેને શુદ્ધિપર લાવવા પ્રયત્ન કરનાર ત્યાં કોઇ હતું ન હ. જોત્યાજી આ વખતે પહેલી વાતની ખાત્રી કરવા કોઇ સ્થળે ચાલ્યો ગયો હતો.

ખંડોજીએ સાવધ થયા પછી એક દીર્ઘ નિશ્વાસ નાખ્યો અને બોલ્યોઃ પ્રભુ, મહારાષ્ટ્રની શી ગતિ ? ચોર કબજી સર્વે પ્રજાપર ધનને માટે જૂલ્મ કરી રહ્યો છે, તેથી પ્રજા ખળભળી ઉઠી છે. તેમાં વળી મોગલોનો ધસારો ! મરાઠાઓનો પરસ્પર કલહ ! એ શેન ચર્ણે છે પ્રભુ !" આટલા શબ્દો નીકળ્યા ન નીકળ્યા એટલામાં તે પુનઃ ડુસકાં ભરતો બેભાન થઇ ગયો.

આવી રીતે ઘણો વખત થઇ ગયો. જડ અંતઃકરણથી હવે તેણે પોતાનું શરીર ઉંચક્યું. તે સ્વાત્મા પ્રતિજ બોલ્યોઃ "ખંડોજી, હવે એમ નિરાશ

થવાથી શું થશે ? ઉઠ, ખંડોજી ઉઠ. હવે પૂર્વજોની ઉજ્વલ કીર્તિને શોભે તેવો આત્મયજ્ઞ કરવા તત્પર થા. આબા સાહેબની–મહારાષ્ટ્ર–સામ્રાજ્ય સંસ્થાપકની–શિવજી પ્રભુની પુત્રવધૂ–ત્હારી માતુશ્રીને–સંકટના શિખરની ટોચ પરથી સંરક્ષિત રાખવા ત્હારી ચામડીનાં પગરખાં તૈયાર કર. ચાલ, ખંડોજી ચાલ ! ”

તુરતજ તેણે એક તાલી પાડી. ઝટપટ ઘરમાં આવ્યો અને સંતુબાઇ નામક પોતાની બ્હેન–માસીની પુત્રીને હાંક મારી.

સંતુબાઇ આવી. તેને જોતાંજ ખંડોબાએ કહ્યું: “ બહેન, તારી માસીના પુત્રપર એક ઉપકાર કરશે કે ? ”

“ શું છે ભાઇ ! આજે એમ કેમ બોલે છે ?” તું માંગે તે આપવા તૈયાર છું. ”

“ બ્હેન, ત્હારો પ્રાણ આપીશ ? ”

“ ભાઇ, એમ કેમ બોલે છે ? હું તેમ નહિ કરૂં એવી ત્હને શંકા પણ કેમ આવી ? ”

“ પણ, હા કહેને ? ”

“ હા, કબલ ભાઇ, કબૂલ ! હવે તો કહેશે ને ? ”

“ ધન્ય છે ! ઉભી રહે, બોલીશ નહિ ! સ્થિર થા ! ત્હારા ભાઇ માટે ત્હારા પ્રાણનો યજ્ઞ ન થઇ શકે સમજી પણ ત્હારા પ્રિય દેશ માટે, ત્હારી પ્રિય જન્મભૂમિ માટે અને ત્હારા ધર્મ માટે ત્હારે આત્મોત્સર્ગ કરવાનો છે. શિવાજી છત્રપતિના નામ ઉપર ત્હારો પ્રાણોત્સર્ગ થવો જોઇએ છે. રાજભક્ત–દેશભક્ત બાલાજી આવજીની પુણ્ય તિથીનો ઉત્સવ કરવા માટે ત્હારે આત્મત્યાગ કરવાનો છે. શાંત રહે. એક શબ્દ પણ પૂછીશ નહિ. અરે સ્થિર થા ! મ્હારો આનંદ, મ્હારી કૃતજ્ઞતા અને મ્હારો સંતોષ મ્હને જણાવવા દે. ઉભી રહે, પ્રેમાળ બહેન ઉભી રહે ! મ્હારાં પૂર્વ સંચિતથી ખરીદેલી બહેન, બલિપ્રદાન માટે સજ્જ થા, બહેન ઉભી રહે. એમ ઉતાવળી બનીશ નહિ ! માતુશ્રી સઇબાઇ, અને દેવી યેસુબાઇએ ખંડોજીનું પાલન કર્યું છે ને ? અહાહા ! યેસુદેવીએ આ ખંડુની બાલમહેચ્છાઓ પૂર્ણ નથી

કરી કે ? દૈવેચ્છા ? માતુશ્રી, આજે તમારા કૃતઘ્ન પુત્રની પરીક્ષાનો સમય આવ્યો છે. દેવી તારી અમૃતવાણીથી બાળાજી આવજીના વંશનું રક્ષણ નથી થયું કે ? પણ પ્રારબ્ધયોગ આગળ મનુષ્ય શું કરી શકે ? નહિ, નહિ, વીરાત્માઓ માટે દૈવ નથી. પુરૂષાર્થ એજ પુરૂષનું લક્ષણ છે! કબજીએ મહારાષ્ટ્રીય વીરોને હતાશ બનાવ્યા છે. મહારાષ્ટ્રવીરોની પ્રભાવશાલી કીર્તિપર કલંક લગાડયું છે! મહારાષ્ટ્ર વીરોમાં કલહ ઉત્પન્ન કરવાને તેજ કારણભૂત બન્યો છે; પણ શું ખંડોજી તેથી દુર્બળ બની ક્ષાત્રરત્નનું દૂધ લજાવશે ? નહિજ! માતુશ્રી, દેવી ! તમારે માટે આ ખંડોજી આત્માર્પણ કરશે !

"અરે, ભાઇ ! તું વીરતામાં રસબસ બની જાય છે, પણ શું છે તે તો મ્હને જાણવા દે !"

"હા, કહું છું ! સંતુબેન, માતુશ્રી યેસુબાઈ પાસે પેલા કબજીના ત્રાસથી ત્રાસી ગયેલી પ્રજા ન્યાયની ભિક્ષા માટે ગઇ હતી. તેથી અહીં મહારાજને શુદ્ધિ પર લાવવા આવે છે. પરંતુ શત્રુઓએ પ્રપંચ રચ્યો છે. હવે તેઓ પોતાનું કાર્ય સાધ્ય કરશે. ઉઠ, જલદી ઉઠ, તૈયારી કર! બહેન, હવે આપણી પાસે લશ્કર રહેલું નથી. અરે, આપણા મરાઠાઓમાંજ દ્વેષાગ્નિ ભભૂકા મારે છે. આપણામાંથીજ કેટલાક રાજદ્રોહી થયા છે. મહારાજ તો ભાનજ ભુલી ગયેલા છે. ચાલ, ત્વરા કર! માતુશ્રીનું એક શેલુ લે. આ મ્હારી પાસેજ છે. દેવીની પાલખીએ પહોંચ. એક હાથમાં શેલુ લઇ, હું દેવીને શેલુ આપવા આવી છું, એમ કહેશે એટલે તું ત્યાં જઇ શકશે. પછી માસાહેબ સાથે કેટલાક માર્ગ સુધી પ્રવાસ કર. માત્ર માજીને ક્ષણમાત્ર છૂટાં પડવા દઇશ નહિ! સંતુ ! કાન ખુલ્લા કર. હું કહું છું તે હૃદયમાં ઉતારી લે. બહેન! પુણ્યશાળી બહેન, ક્ષત્રિય કન્યા, બાલા, સાંભળ. માસાહેબને ધીમેથી પણ અદબથી કહેજે કે, આ ખંડોજી છાતીની ઢાલ કરી મહારાજ આગળ ઉભો રહેશે. તેમને કહેજે કે, આ ખંડોબા હૃદયનો કોટ કરી મહારાજા પર થતા પ્રખર ઘાવ તે સહન કરશે. માત્ર આપ પ્રાણનો ભોગ આપી તે કોટને ખંડિત કરશો નહિ. અહા! પ્રભુના કાર્ય માટે આત્મદાન કરવા સજ્જ થયેલી ભગિની, દેશના કાર્ય માટે બલિદાનાર્થે નીકળેલી ભાગ્ની, મંગલદેવી,

તું પોતે માસાહેબની પાલખીમાં બેસજે. દેવીને નીચે ઉતારી દાસી પ્રમાણે ચાલવા કહેજે. થોડાજ વખતમાં અમે આગળની વ્યવસ્થા કરવા આવીશું. પછીથી રાજકુંવર સહ સર્વ પરિચારિકાઓને જોત્યાજી સુરક્ષિત આડા માર્ગે લઇ જશે. સંતુબા, મ્હારી દેશભગિની, ત્હારા છૂટકા માટે ખંડોજી શ્રીકૃષ્ણ પ્રમાણે દોડી આવશે. સમજી ? જા, ન આવે તો બહેન, શ્રીકૃષ્ણ સ્વપ્રતિજ્ઞાને ભુલ્યા હતા એમજ માનજે, અન્ય શું કહું ? ”

“ અન્ય કંઇ નહિ, ભાઇ, અન્યની શી ફીકર ? ભાઇ, તે શેલુ મ્હને આપ ! જવા દે મ્હને ! મા સાહેબની મુક્તિ માટે મ્હને જવા દે ! મ્હારી ચિંતા કરશો નહિ ! પણ, કેમ અચકાય છે ? પ્રતિજ્ઞા કેવી રીતે પૂર્ણ થશે એ શંકા કરે છે ? ગાંડો ? અરે તદ્દન ગાંડો ! પ્રતિજ્ઞા પુર્ણ નહિ થાય તો શું ? કૃષ્ણાકુમારીએ શું કર્યું હતું ? શું તેણે કીર્તિનું રક્ષણ નહોતું કર્યું ? ભાઇ, હું કદી પણ ભ્રષ્ટ થઇશ નહિ. દેવીનો પ્રાણ બચાવીશ અને આ દેહનો દેશકાર્ય માટે ઉપયોગ કરીશ. ”

ખરેખર ! રાજહંસ તો ક્ષીર અને નીરને જુદાંજ પાડે ! અરે તે તો મોતીનો ચારો લે ! ક્ષત્રિય વીરાત્માઓનો પણ એજ આદેશ ! તે સ્વીકારવાનો પ્રસંગ આવવાથી સંતુબાઇના પંચપ્રાણ પ્રફુલ્લિત બની વદનકમળ પર તેજ વિલસી રહ્યું હતું. તે પોતાના પગ તરફ એક સરખી જોઇ રહી હતી. જાણે કે યેસુબાઇના સંરક્ષણ માટે દોડી જવાને તે આનાકાની કરતા જણાવાથી તેમના પર ચીડવાઇ રહી હોય. તે દેવીની સાનિધ્ય થવા માટે આતુર બની રહી. આતુરતાની હદ વળી ગઇ. તેનાં નેત્રમાં અગ્નિની ચિણગારીઓ પેઠે તેજ ચમકી રહ્યું હતું. જાણે કે પ્રભુદર્શનથી તે પવિત્ર થવાને અધીરાં થઇ રહ્યાં હોય. તેનું અંતઃકરણ પણ ઠેકાણે હતું કે નહિ તે પ્રભુજ જાણે ! કારણ, સ્વપ્રભુના માર્ગપ્રતિ પોતાના સતેજ રક્તનું—કેશર કુંકુમનું અર્ચન કરી મંગલ માંગલ્યથી યજ્ઞને પરિપૂર્ણ કરવા તે આગળ જતું રહ્યું હતું. ક્ષણ વાર સુધી તે પોતાના બંધુ તરફ એવી કરૂણ મુદ્રાથી જોતી હતી કે, તેના હૃદયમાંથી પોતાના જીવન ઉદ્ધારક, સદ્દગુરૂ અને વીરરત્ન ભાઇ ખંડોજી વિષે ઉદાત ભાવનાનો પ્રવાહ ઉછળી આવતો હોય તેમ જણાતું હતું. તેની આવી

વૃત્તિ જોઇ ખંડોજી વીરમદમાં ઉન્મત્ત થયો.

"ધન્ય, ધન્ય બ્હેન! લે આ મ્હારો પ્રસાદ! આ હીરાકણી લે. જો મ્હારી પ્રતિજ્ઞા તૂટે, સર્વ નષ્ટ થાય—અરે! ત્હને મોગલો કેદ કરે અને કદાચ ત્હારા શીયળ પર ધાડ આવે........"

"શું? ભાઇ શું? આ પ્રસાદ લે, એજ ને? લાવ તે વીંટી લાવ! લાવ, શેલું પણ લાવ."

સંતુબાએ ખંડોજીએ આપેલું શેલું ઉંચક્યું. "મંગલમય શેલા, તને શતશઃ પ્રણામ કરૂં છું," એવા શબ્દ જાણે કે તેના ઓઠ પર સ્ફુરણ પામી રહ્યા હોય તેવો ભાસ થયો. ક્ષણ માત્ર તે શેલા તરફ જોતી તો પળ વાર મુદ્રિકા તરફ દૃષ્ટિ કરી રહેતી. મુદ્રિકા તરફ જોતાંજ તેની ચિત્તવૃત્તિ પ્રફુલ્લિત થઇ જતી હતીઃ "વ્હાલી મુદ્રિકા, તુંજ હવે મ્હારી સાથે ચાલ, તુંજ મ્હારી સહચારિણી! મ્હારૂં જીવન તુંજ! તુંજ મ્હારી મોક્ષદાત્રી!" એવા પ્રકારના હૃદયોદ્‌ગાર તેના વદન પર ઉપસી તે પેલી વીંટીની હીરાકણી પર સ્પષ્ટ રીતે પ્રતિબિંબિત થાય છે કે શું, એવી ભાવના ખંડોજીમાં ઉદ્‌ભવ્યાથી તેની મુખશ્રી ઉજ્વલિત બની ગઇ. બન્નેની દૃષ્ટાદૃષ્ટ થઇ. સંતુ બ્હેનના મુખ પર પ્રસન્નહાસ્ય ઝળક્યું. જાણે ભાઇ એજ સદ્‌ગુરૂ છે એવી ભાવના તેના હાસ્યમાંથી નીકળી આવી હતી. રાષ્ટ્રના મંગલ કાર્યમાં આત્મોત્સર્ગ કરનારી સજ્જન વૃત્તિમાં એવીજ પ્રસન્નતા રહે છે. તેમાંજ અંતર્ગત મનોવિકારને પ્રકટ કરનાર તન્મયતા ભરેલી હોય છે. એવી ઉદાર વ્યક્તિ માટે પ્રત્યક્ષ પંચમહાભૂતોમાં પણ આદર ઉદ્‌ભવે છે. રાષ્ટ્રકાર્યના છિદ્ર પર દેશહિતનો પૂલ બાંધી એવી શ્રેષ્ઠ વ્યક્તિ માર્ગ ક્રમણ કરે છે તો સહૃદય વાયુ પોતાના હસ્તમાં પુષ્પપરાગનો સુગંધ લઇ તેની ચોતરફ પ્રસારે છે. અહાહા! કેવું દીર્ઘ તપ! રાષ્ટ્રકાર્ય માટે ઉદ્યુક્ત થયેલાં મંગલ વધુવરનાં યુગ્મો પોતાના કિરણથી તપ્ત થાય નહિ તે માટે સૂર્ય પણ પોતાની ઉષ્ણતાનો વિસ્તાર અટકાવે છે. આત્મયજ્ઞ માટે તત્પર થયેલાં મંગલ યુગ્મો પર વૃક્ષલત્તા અબ્દાગિરિ પ્રમાણે માન આપે છે. સ્વાતંત્ર્યોત્સવ માટે મંગલ ઉદકનો કલશ લઇ નીકળેલી વિરાંગના આગળ પક્ષિઓ પોતાના મધુર લલકારાથી મંગલ વાદ્યનો જલસો

કરે છે! ધન્ય છે એવી સ્વદેશપ્રેમી વીર બાળાઓને! ધન્ય છે એવા વીર બંધુઓને! ધન્ય છે એવાં વીરરત્નોને!

ખંડોબાએ સંમતિ આપતાંજ આપણી સંતુબ્હેન જોત્યાજી સાથે ગઇ. તેની પાછળ પાછળ ખંડોજી પણ જવાને તૈયાર થયો. સંતુબાઇ દડમંજલ કરતી આડેઅવળે રસ્તે ઔરંગાબાદની આગળ ૨૦–૨૫ મૈલ પર આવી અટકી. તેની સામેજ યેસુબાઇનો મ્યાનો આવતો હતો. સંતુએ પોતાના ચાતુર્યનો ઉપયોગ કરી કોણ જાણે દેવીને શુંયે કહ્યું? કે જેથી યેસુબાઇ તુરતજ પગે ચાલતાં થયાં.

"સંતુ, ખંડોજી પાછળ આવે છે ને? ત્હારા પ્રાણ પરનો હુમલો સફળ તો નહિ થાય ને?"

"મા સાહેબ, તમે નિર્ભય રહો. પેલી તરફને રસ્તે વટેમાર્ગુઓનુ ટોળું જાય છે, તેમાં ભળી જઇ ચાલવા માંડો, નહિ તો અલ્પકાળમાં સર્વ આશાઓ ઉડી જશે."

ચુપકીથી યેસુબાઇ ચાલ્યાં ગયાં. તેમનો મ્યાનો માત્ર ભૂરોડ ગામ પાસે આવ્યો. મ્યાના પર એકાએક મોગલોનો છાપો આવ્યો. આશ્ચર્ય જેવું એ હતું કે, છાપો મારનારના મુખ્ય નેતામાં આપણા પરિચયનો એક મરાઠા સરદાર હતો. મ્યાનો ઘેરનાર અન્ય સરદારોને કહેવા લાગ્યા: "મ્યાનો સંભાળો! અંદર બેઠેલી બન્ને સ્ત્રીઓ ગણોજી શીરકેની સગી છે."

મ્યાનો તે દિવસે ત્યાંથી આગળ ચાલ્યો અને સંધ્યા સમયે મુકામ થયો. ગણોજીરાવે હર્ષયુક્ત વીરશ્રીથી મ્યાનો ખોલવાની આજ્ઞા કરી.

"રાજકુંવર, ચાલ, બહાર આવ! બ્હેન યેસુ, શરમાઇશ નહિ. હું ત્હને ભોંસલેના અન્નજળથી મુક્ત કરીશ." એમ કહેતાં કહેતાં તેણે મ્યાનો ઉઘાડી શું જોયું? એ શબ! પ્રાણ જવાની બ્હીકે અંદરના માણસોએ તત્ક્ષણેજ કટારથી પોતાનાં હૃદય ચીરી નાખ્યાં હતાં!

પત્યું. યેસુબાઇ અને રાજકુંવર મૃત્યુ પામ્યાના સમાચાર સર્વત્ર પ્રસરી ગયા. મ્યાનામાં રક્તનાં ખાબોચીયાં જોઇ ગણોજીએ નેત્ર મીંચી દીધાં. પછી

તેણે તે સ્ત્રીઓના મુખાચ્છાદન-બુરખા ન ઉપાડતાં તે શબ અંતીમ સંસ્કાર માટે સેવકોને સ્વાધીન કર્યાં !

ધન્ય છે એ આત્માર્પણને ! ધન્ય છે એ શીયલ વ્રતને ! ધન્ય છે એ દેશભક્તિને અને ધન્ય છે એ વીરબાળાઓની સ્વામી-ભક્તિને !

પ્રકરણ ૫ મું.

વજ્રઘાત.

" આ સાર્વભૌમપદ એક પળે જવાનું—

*   *   *   *

" ઉચે સારી અફળ, પણ ના યાચના પૂર્ણ નીચે."
" સ્નેહી આવે કૃપણ પણ જો પૂર્વ આભાર જોતો,
સેવામાં ના વિમુખ બનતો તો બને ઉચ્ચ શાનો ?"

વિદ્યુલત્તાને પોતાનો ચમકારો બતાવવામાં જેટલો સમય થતો હશે તેટલા સમયમાં જગતનાથ પ્રભુ કેટલીએ રમતો રમતો હશે ! પ્રસન્ન શીતલ ચંદ્રિકાથી સૃષ્ટિ સુંદરી શુભ્ર સાડી ધારણ કરે છે ત્યારે ઉદ્‌ભવતી મનોહર શોભા, તાલવૃક્ષોનાં પિચ્છ મુકુટ પ્રમાણે શોભતાં પત્રો પર વિલસતાં ચંદ્ર કિરણોની રમ્યતા, સરોવરના મધ્ય ભાગમાં પવનથી ઉપસ્થિત થતી મંદમંદ લહરી અને ચંદ્રકિરણની રાસક્રીડાની મધુરતા, કે વર્ષાઋતુનાં મેલાં પણ પ્રચંડ નદીનાળાં, અગર તો શિશિર ઋતુનાં પ્રચંડ વૃક્ષોની ચલિતાવસ્થા થઇ તેના વૈભવનો થતો પરાભવ વગેરે સૃષ્ટિ દૃશ્યો જે આશ્ચર્ય ઉત્પન્ન કરતાં નથી તે આશ્ચર્ય દૈવની રમતો ઉત્પન્ન કરે છે.

મહાપ્રતાપી શિવાજી છત્રપતિએ, સંભાજીને કારાગૃહમાં નાંખ્યો ત્યારે સેના ધુરંધર હંબીરરાવ મોહિ તેને પણ ન ગણકારતાં, પોતાના અચળ શૌર્યથી જેણે પનાળગઢમાંથી પોતાનો છુટકો કરી લીધો હતો, તેજ પનાળગઢ પર આજે

સંભાજીને જીવતો પકડવાની મંત્રણા ચાલતી હતી. જે પનાળની ભૂમિ પર મહારાષ્ટ્ર સેનાનાયક હંબીરરાવે જ્વલિત ઇર્ષાથી અપયશનું ચક્ર ઉલ્ટાવી મહારાષ્ટ્રના સ્વાતંત્ર્ય ધ્વજનું આરોપણ કર્યું હતું, તેજ પનાળની પુણ્ય ભૂમિ પર મોગલ નાયક મુકર્બખાન, મરાઠાઓની સ્વાતંત્ર્ય દેવીને વૈધવ્ય આપવાનો વિચાર કરતો હતો !

આ સમયે પ્રૌઢ પ્રતાપી ઔરંગજેબે દક્ષિણના વિજય માટે, એવી તો પ્રચંડ જાળ પ્રસારી હતી કે, તેમાંથી પશુપંખી પણ જીવતાં છટકી શકે તેમ ન હતું. કાબૂલ કંદહાર અને બંગાલાદિ વિસ્તીર્ણ પ્રદેશમાંની પ્રચંડ યુદ્ધ સામગ્રી, ઉત્તમ સેના, અગણિત ધન અને નામાંકિત સેનાપતિઓ એકત્ર કરી ઔરંગજેબ, મહારાષ્ટ્ર પ્રભુની ચોતરફ જાળ પ્રસારતો આવતો હતો. નાશીક તરફ મરાઠા સૈન્ય હજી પણ પોતાની શક્તિનો કંઇક પરિચય આપતું હતું. તેને ત્યાંજ ગુંચવવા માટે બાદશાહે સુલતાન મોઅજ્જિમને મોકલ્યો. કોકણ પ્રાંત જીતવા માટે યાતિકદખાનની યોજના કરી. હવે રહ્યો માત્ર મહારાષ્ટ્ર ! તેની પ્રભુતાના પણ પ્રાણ લેવા માટે મુકર્બખાનની યોજના થઇ. તેણે પનાળ પ્રદેશ જીતી લીધો. ખુદ સંભાજી મહારાજ ક્યાં રહે છે, શું કરે છે વગેરે સર્વ વાતો સૂક્ષ્મ રીતે જાણી લીધી. વેતાળ ડુંગરનો ઠાકુરજ આ કાર્ય માટે દૂત બન્યો હતો. શીરકે કુટુંબમાંથી બચેલા ગણોજીરાવ અને રાણોજીરાવ સંભાજીથી નાખુશ થવાથી તેમણે ઔરંગજેબની સરદારી સ્વીકારી, સંભાજીને જીવતો પકડી લાવવા બાદશાહના દરબારમાં બીડું ઝડપ્યું હતું. મુકર્બખાન સાથે પનાળ ઘાટ ઉતરીને તે કોકણમાં આવ્યા છે, એ વાત રાજકુંવરને પ્રથમ માત્ર તેના શ્વસુરગૃહની સેવિકાદ્વારા મળ્યા હતા અને ત્યાર પછી સ્વામી અને યેસુબાઇની વાત પરથી તેની ખાત્રી થઇ હતી અને તેથીજ પતિને અંગીકૃત કુકર્મથી વિમુખ કરવા તે સાહસ કરીને સંગમેશ્વર આવી હતી. આ સાહસમાં તેના પર અચાનક કેવું સંકટ આવી પડ્યું, તે વાચકો જાણી ચૂક્યા છેજ.

છત્રપતિને નષ્ટ કરવા પકડવાનું બીડું પતિએ ઉઠાવ્યાનું જાણી રાજકુંવર ચિંતાસાગરમાં ડુબી ગઇ. જે વાતની પ્રત્યક્ષ ખાત્રી કરવા અને બને

તેટલી રીતે પતિને શુદ્ધિ પર લાવવા તે છુપી રીતે અહીં સુધી આવી, પણ ફસાઇ !

શિવાજી મહારાજે પીલાજીરાવ શીરકે જેવા વીરરત્નને વશ રાખવા માટે, પોતાની પુત્રી અતિ ધુર્તતાથી તેમના પુત્રને આપી પીલાજીરાવની પુત્રી યેસુબાઇને સંભાજી સાથે લગ્નગ્રંથીથી જોડી દીધી હતી. આ સગાઇ સંબંધને લીધે, સંભાજી માટે નહિ પણ પોતાની ભગિનીના સૌભાગ્ય માટે પતિદેવ દ્રવશે, એમ રાજકુંવર માનતી હતી. તેની આશા અમર હતી. બ્રાહ્મણી બાદશાહીના એક પરાક્રમી સરદારને, જે શીરકેના વંશજોએ પનાળ મેળવવાને મિષે ચોરમાર્ગે લઇ જવાની લાલચ આપી મુશ્કેલી પૂર્ણ રસ્તે દાવ સાધી સૈન્યસહ કેદ કરી નાખ્યો હતો, તેજ શૂરા શીરકેના પુત્ર પૌત્ર પોતાનાજ રાજાને, સ્વદેશના અધિપતીને, સ્વરાષ્ટ્રના નેતાને, શિવ છત્રપતીના પુત્રને, માતુશ્રી જીજાબાઇના પૌત્રને, રાષ્ટ્રીય દેવીના સૌભાગ્યને, ગૌબ્રાહ્મણ-પ્રતિપાલકને પરવશ કરવા પનાળનાજ માર્ગે ખરેખર પ્રયત્ન કરશે, એ વાત રાજકુંવરને સત્ય લાગી નહિ. તેથીજ તે અપૂર્વ ઉત્કંઠાથી પ્રિય પતિનાં નેત્રમાં દિવ્ય અંજન આંજવા સંગમેશ્વર આવી હતી. કાલસર્પને પણ લજ્જા થાય, એવા પ્રકારનું ભયંકર નિંદ્ય કર્મમય વર્તન જ્યારે તેને પતિમાં જણાયું ત્યારે બેહોષ બંધુને તો જાગ્રત કરવો, એ ઇચ્છાથી રાજભુવનમાં તે ખંડોજીને મળવા ગઇ. સંભાજીને પણ મળવાનો માર્ગમાં યોગ આવ્યો, પણ બંધુની તે કેફમય સ્થિતિ અને કબજીના સખ્ત પહેરાથી તેનો પ્રત્યક્ષાપ્રત્યક્ષ ઉપાય તૂટી ગયો હતો. તેણે ખંડોજીને ભવિષ્યમાં આવતા વા વંટોળીયાની સૂચના આપી અને કલુષના સપાટામાંથી મુક્ત થવા માટે, પોતાની બંધુ-પત્નીના સૌભાગ્યપર પડતા ઘાવ અધર ઝીલવા અને તૂટી પડનારા સંકટના સમાચાર રાયગઢના મરાઠા વીરોને પહોંચાડવા માટે ખંડોજી સાથે ચાલી ગઇ.

આ તરફ પનાળના માર્ગે મુકુર્બખાન અને તેના પુત્ર ઇકલાસખાને મરાઠા સરદારોની સહાયથી સંભાજી સંગમેશ્વર આવી રહેલો છે અને ત્યાં વિશેષ સુરક્ષિતપણું નથી, એવી બાતમી ગુપ્ત વેષે મેળવી, કલુશની સહાયથી મહારાજની હીલચાલની સત્ય સ્થિતિ જાણી લીધી. ઠાકુર જેવા ગુપ્ત દૂતો

આ કાર્ય કેવી રીતે કરતા હતા તે પ્રથમ વિસ્તારથી કહેવાઇ ગયું છે.

મુકુર્બખાનને ઘાટની અને પ્રચંડ સહ્યાદ્રીના મુશ્કેલી પૂર્ણ વાંકાચુંકા માર્ગની માહિતી નહિ હોવાથી ઠાકુરે આજે આ પરાક્રમી સરદારના ગુપ્ત હુમલાનું અગ્રસ્થાન શોભાવ્યું હતું. મુકુર્બખાને પોતાના આક્રમણના બે ભાગ કર્યા હતા. એક ભાગમાં તેનો ભત્રીજો તથા દશબાર અંગરક્ષકોજ માત્ર હતા. બીજા ભાગમાં સ્વતઃ ખાને બસો ત્રણસો ચુનંદા સ્વારની ટુકડીનું આધિપત્ય સ્વીકાર્યું હતું. આ હુમલો એવી તો ગુપ્ત રીતે આરંભાયો હતો કે સાધારણ રીતે કોઇ તે વિષે તર્ક પણ કરી શકે તેમ ન હતું. વિશાળગઢનો ઘાટ ઉતરતાં કોઇ વટેમાર્ગુ કે પ્રજાજન “આટલા માણસો ક્યાં જતા હશે ભલા?” એમ આશ્ચર્ય પ્રદર્શિત કરે તો તેને માટે “ફકીરી માટે નીકળ્યા છે” એવો ઉત્તર તૈયારજ કરી રાખેલો હતો. ખાન ફકીર બન્યો હતો. તેના સ્વાર આડા અવળા ભિન્ન ભિન્ન વેષમાં ચાલતા હતા. ખાનનો પુત્ર હિમ્મતબહાદુર તરૂણ હતો. તેણે વકીલાતપર જવાના બહાનાથી જુદા હઝાર પંદરસો સ્વાર લઇ ઠાઠમાઠથી રાજમાર્ગે પ્રવાસ ચલાવ્યો હતો.

આ હુમલો હવે સંગમેશ્વરની લગભગ આવવા લાગ્યો. તે તરફ ખંડોજી અને જોત્યાજીએ માતુશ્રી યેસુબાઇ અને રાજકુંવરને પ્રથમના સ્થાને પહોંચાડયાં. તુરતજ તેઓ શરબતથી મહારાજ તરફ જવા નીકળ્યા. સંગમેશ્વરની લગભગ તેઓ આવી પહોંચ્યા તેટલામાં તેમને કાને આ કોલાહલ સંભળાયો. તુરતજ સમય ઓળખી ખંડોજીએ જોત્યાજીને બહાર ને બહાર તપાસ રાખવા કહ્યું અને પોતે ત્વરિત પગલે મહારાજને જાગ્રત કરવા ગયો. આવેલા સંકટના સમાચાર તેણે મહારાજાને કહ્યા.

આ વખતે મહારાજા કેફમાં ચકચૂર હતા. તે કોઇનું કંઇ સાંભળતા ન હતા. ખંડોજીનો જીવ ગભરાવા લાગ્યો. અંતે મહારાજને ખાંધપર લઇને નાસી છુટવું એવી ઇચ્છાથી તેણે હાથ લાંબા કર્યા, પણ મહારાજ શેના શુદ્ધિપર આવે? તે ઉલટા ખંડોજીપર ધસી ગયા અને તેને ધમકાવવા લાગ્યા, “ગધેડા, લુચ્ચા, ખોટી વાતો લાવે છે? અહીં મોગલો કઇ બાજુથી આવશે? ચોર, પુનઃ એવી ગપ ચલાવશે તો નાકજ કાપી નાંખીશ.”

મહારાજ તરફથી આવું માન મળવાથી ખંડોજી નિરાશ બની ગયો. એટલામાં ખરેખર મોગલો ધસી આવ્યા છે, એવી બાતમી કેટલાક દૂતો લઈ આવ્યા. હવે ઇકલાસખાને પોતાનું સત્ય સ્વરૂપ પ્રકટ કર્યું હતું. તેણે સંગમેશ્વરની સીમાની અંદર પગ મુકતાંજ એકદમ ઘોડાને એડ મારી હતી. આ પરિસ્થિતિથી ખંડોજી દેહભાન ભુલ્યો. સંકટો આવે છે ત્યારે ચોતરફથી આવે છે. ખંડોજી હવે હતાશ બની કરૂણામય વદને કલુશા તરફ દોડી ગયો. તે તેના પગે પડયો. "હવે આ સંકટમાંથી મહારાજને બચાવો, કંઈ બે વાતો તો કહો." એવી તેણે તેના આગળ મસ્તક નમાવી ભિક્ષા માગી.

"એવી ભીખ શું માગે છે? જારણ, મારણ કરી ઋદ્ધિ સિદ્ધિને પણ હાથ જોડી પાણી ભરવા બોલાવું છું તો પછી મોગલોના હુમલાનાં ગપ્પાં કોને સંભળાવે છે? એકજ મુક્કીના પ્રહારથી છાતીજ તોડી નાખીશ. સમજ્યો ને?" કબજી-કવિજીએ કહ્યું.

કલુશાનો આ બકબકાટ સાંભળી ખંડોજી થાકયો, પણ તેનાથી શ્વાસ કયાં લેવાતો હતો? તેણે પાસેના સર્વ સરદાર અને કામદારોને એકત્ર કર્યા, કારણ હવે શત્રુ શબ્દ મર્યાદાપર આવી પહોંચ્યાની ખબર આવી હતી. તે હવે હાવરો બાવરો બની પુનઃ મહારાજ પાસે આવ્યો.

"મહારાજ, રાજભુવન ઘેરાયું છે! અમે આબા સાહેબનાં મનુષ્યો છીએ. જીવની દરકાર ન કરતાં તેમની અમર કીર્તિ સાચવીશુંજ સાચવીશું! મહારાજના રક્ષણ માટે આ દેહને હલમલાવી નાખીશું. કોની માએ શેર સુંઠ ખાધી છે કે મોગલો પ્રભુના વાળને સ્પર્શ પણ કરી શકે! મહારાજ, આજ્ઞા આપો, કે જેથી હરહર મહાદેવના ઘોષથી રણભૂમિ ધ્રુજાવીએ. શત્રુને નષ્ટ ભ્રષ્ટ કરી નાખીએ. મહારાજ! હવે આપણું લશ્કર રક્ષણ માટે આવી શકે તેમ નથી. મોગલોએ સર્વ રસ્તા રોકી દીધા છે. આટલી નાકેબંદી થવા છતાં આપને કેમ ખબર મળી નહિ? ઉઠો, ઉઠો, મહારાજ! જીવતો નર ભદ્રા પામશે. મહારાજ, શિર સલામત તો પઘડી બહુતેરી! મહારાજ રાજભુવન આઠે દિશાએથી ઘેરાયું છે તો પણ બાજી દેશપાંડેનું અનુકરણ કરીશું. અમે મરાઠાઓ અમારા શરીરનો પૂલ કરીશું અને પ્રભુને સામી

બાજુએ પહોંચાડીશું. મહારાજ, અફ્‌જૂલખાને શું થોડો કે'ર વર્તાવ્યો હતો? મહારાજ, તાનાજી, જીવાજી મહાદિકે તેની ફોજને વરૂની માફક કેવી ચૂંથી નાખી હતી! અમારે માટે પણ તેજ માર્ગ છે. અમે તેમની હરીફાઇમાં ઉતરીશું. અમારા દેશને માટે પ્રાણ આપીશું. ચાલો, ચાલો, મહારાજ, મુઠ્ઠીભર માવળા કેવું પરાક્રમ દર્શાવે છે તેનો તમાસો મોગલોને બતાવીએ. ચાલો! ના, ના, મહારાજ, વાડામાં ભરાઇ રહેશો નહિ. મહારાજ, મહારાજ, બહાર પડોને, મહારાજ રૂદ્રમાળના માળાપર દિલેરખાનના વિશાળ સૈન્યપર આ મુઠ્ઠી જેટલા માવળાએ જે ગોફણ બાજી ચલાવી હતી, તેવીજ કરામત આજે બતાવીશું, ચાલો. મહારાજ, હજુ આમ કેમ પડયા રહો છો! અરે, અમે પગે પત્થર ઉડાવી ગોફણ ભરી ડાબા–જમણા કેવી ગોલંદાજી કરી શકીએ છીએ તે જોવા તો ચાલો! મહારાજ, શું નિશામાં રહેવાનો આ પ્રસંગ છે કે? આપ રાયગઢ કિલ્લાપર સુરક્ષિત પહોંચશો ત્યાં સુધી શત્રુઓ આ દેહના કકડે કકડા કરી નાખશે, તોપણ આ પ્રાણ જશે નહિ. ના, ના, એમ ડોળા ફેરવશો નહિ! શું અમારૂં નહિ સાંભળો, મહારાજ?"

"શું સાંભળું હવે! વાઘ સપડાયા પછી શું કોઇનું સાંભળવાનું બાકી રહ્યું છે? સંભાજીને વાગ્‌દંડ આપે છે કે? શત્રુને પીઠ બતાવવાની સલાહ આપે છે. છે! છેક બીકણ! અરે, જે હોય તે તૈયાર થાવ! અરે, સ્વામીનિષ્ટ સેવકો હોય તે તૈયાર થાવ! મારીશું કે મરીશું."

"આ કેવો અનર્થ મહારાજ! શત્રુ ગઢના દ્વારપર પ્રહાર કરે છે ને? મહારાજ, આ મરાઠા સરદારો કંટાળીને ચાલ્યા! મહારાજના શરીર કરતાં રાજ્યના રક્ષણ માટે અધિક ચિંતા રાખવાની છે, એમ તેઓ કહે છે! ગયા, હા તે ગયા! અરે, માલોજી? કોઇ અંદરના દરવાજા તો બંધ કરો. જોત્યા, ચાલ, મહારાજને પહેરાવ કફની. તેમનો લવારો બીલકુલ સાંભળીશ નહિ."

"શું કફની? તે શા માટે હરામખોરો? શત્રુ તો અંદર આવ્યો! ખેંચ સમશેર? બોલો હરહર મહાદેવ? ઇખલાસ આવ, આવ! મુકુર્બખાન! આવ! ત્હારો કંઠ આ ભવાની તલવાર વીંધી નાખશે! શાબાશ કલુશા,

શાબાશ ! ચલાવ મારો ! ફત્તેહ, ફત્તેહ મ્હારા વીરો ! ધન્ય છે, જીતે રહો મ્હારા યારો !"

"હવે કપાળની ફત્તેહ ? જાઓ, કલુશો શરણે ગયો. સર્વ રાજદ્રોહી બનેલા છે ! જોત્યા, ચઢાવ, ચઢાવ પેલી કફની ! ખેંચીને લાવ પેલા દેવળના ભોંયરામાં ! હું અન્ય સર્વને લઇ જાઉં છું. જોત્યાજી, જાઉં છું ! શિવ, શિવ."

પત્યું ! નાશ થયો. સંભાજીના સ્વામીનિષ્ટ સેવકોનો સંહાર થયો. કેટલાક મહારાજની પાછળ પ્રાણોત્ક્રમણ કરવા વેશ બદલી ફરી ચાલ્યા ગયા! ઇખલાસખાન નગ્ન તલવાર સહ સર્વ રાજભુવનમાં ફરી વળ્યો. તેને કોઇ મળ્યું નહિ. હવે તે દેવળમાં આવ્યો. ક્રોધથી તેના મુખમાંથી ફીણ નીકળતું હતું. જાણે કે તેનાં નેત્રમાંથી ચક્ષુ દ્વારા રક્ત સ્ત્રવતું ન હોય ! દેવળમાં કોઇ નહિ જણાવાથી તે મૂર્તીનુ ખંડન કરવા આગળ વધ્યો, તે સાથેજ ત્યાં એક ગોંસાઇ હતાશ બની ઉભો રહેલો જણાયો ! . .

" અરે તું કોણ છે ? બદમાશ, અરે, એના શરીરપર હીરા માણેક ક્યાંથી ? તોબાહ, પકડો, પકડો ! એજ એ શયતાન ! મરાઠાનો રાજા એજ. "

ખાને શરીરપરના અતિ મૂલ્યવાન અલંકારોપરથી સંભાજીને ઓળખ્યો. પછી બાકી શું રહ્યું ? મરાઠાના રાજા અને તેના પાંચ પચીસ સહચરોને મોગલોએ તુરતજ ચતુર્ભુજ બનાવ્યા. સર્વ ગયું. મરાઠા સામ્રાજ્યપર આ બીજો ભયંકર ઘા પડયો ! વજ્રઘાતજ થયો ! જ્યાં મૂર્ખનું રાજ્ય ત્યાં કોણ કોનું સાંભળે !

પ્રકરણ ૬ ઠું.

શીરકોચ્છેદનો બદલો.

जळो त्याचा संसार। जळो त्याचा विचार।
जळो त्याचा आचार। जो स्वार्थ मूळ*॥ (समर्थ.)

ગત પ્રકરણમાં વર્ણવેલો બંદિવાન કોણ? વાચક, ઓળખ્યો કે નહિં? આપણે પૃથ્વીપરના એક અતુલ ભાગ્યવાન સામ્રાજ્યાધિપતિના દરબારમાં હમણાંજ જવાના છીએ. તે પહેલાં વાચક, ચાલો પેલા દુર્દૈવી પ્રાણીના કેદખાના તરફ જઇ આવીએ. આ ગૃહસ્થના શરીરપર એક ભગવી કફની છે. માથે ધોળો ફેંટો વીંટેલો છે. મુબારકખાનની છાવણીના એક તંબુમાં તે ધુંટણપર મસ્તક ટેકવી સંકોચાઈ બેઠો છે. તેનાં વિશાળ અને પાણીદાર નેત્રોમાંથી, તેના રત્ન જડિત કંકણધારી હસ્તપર અશ્રુબિંદુ ટપટપ ટપકે છે!

કેટલોક સમય આવીજ રીતે વીત્યા પછી ખાન પોતે અને એક વૃદ્ધ ફકીર તેની પાસે આવ્યો. તે દુ:ખી તરૂણ એટલો તો શોકથી બ્હાવરો બનેલો હતો કે જેથી તેને ઉભય મનુષ્યોનું આગમન સમજાયુંજ નહિ. ફકીર બોલ્યો; "બેટા! મ્હને ઓળખ્યો?"

તરૂણ ચમકયો. તેની કંઇક ત્રાસ ગ્રસિત અને કંઇક ગભરાટ યુક્ત વૃત્તિ જોઇ ફકીરે પુન: તેજ શબ્દો ઉચ્ચાર્યા.

"હા, આપ પરિચયમાં આવ્યા હો, એમ લાગે છે."

---

* ભાવાર્થ:—ધિક્કાર છે તેના સંસારને, ધિક્કાર છે તેના વિચારને અને ધિક્કાર છે તેના આચારને કે જે સ્વાર્થમાં અંધ બનેલો છે.

"શાહજાદો અકબર ત્હારા પક્ષમાં આવી મળ્યો ત્યારે હું તેને બે બોધદાયક શબ્દો કહેવા ત્હારી છાવણીમાં આવ્યો હતો કે નહિ?"

"હા! મ્હને લાગે છે કે, શાહજાદાને બાદશાહના કારાગૃહમાં ફોસલાવી લઇ જવા આપનું આગમન થયું હતું ખરૂં?"

"બેટા, ભુલે છે તું! શાહજાદી તરફથી હું તે દિવાના યુવકનો પ્રાણ બચાવવા આવ્યો હતો.

"આવ્યા હશો! હવે તેનું શું છે?"

"એમ કેમ કહે છે? આજે ત્હારૂં પણ પ્રિય કરવા હું આવ્યો છું. ત્હારો પ્રાણ બચાવવા શાહજાદી અને ખાન, પાદશાહ આગળ ભલામણ કરે છે. હાલમાં ત્હારા માણુસ પૈકી કોઇ પણ એક માણુસને પસંદ કર. જેથી ત્હારા બાળબચ્ચાં અને સ્ત્રીને કંઇ સંદેશો પહોંચાડી શકાય. ખાન તે માણુસને છુટો કરવાની યોજના કરે છે."

"મ્હને જીવતો રાંખવો છે? શું મ્હારે જીંદગી કેદખાનામાં સડીને પૂર્ણ કરવાની છે? નહિ! નહિ! તે કરતાં બાદશાહ મ્હને એકદમ તોપને મોઢે ચઢાવે તો ઘણું સારૂં!"

"છોકરા, ભુલે છે! શાહજાદીના કહેવા પ્રમાણે પ્રથમ ત્હારાં કુટુંબી જનોને કંઇ સંદેશો કહેવડાવતો ખરો!"

"સંદેશો મોકલું? શેનો? પણ મોકલું છું સાંઇ મહારાજ, શાહજાદીનો મ્હારાપર મોટો ઉપકાર છે. જોત્યાજી મ્હારો સેવક છે. તે જશે? કૃપા કરી તેને છોડો!"

આ પછી ફકીરે તેને બે સમજુતિના શબ્દો કહ્યા. તરૂણે સંચિત વૃત્તિથી તે સર્વે સહન કર્યા. થોડીવારમાં બાદશાહના દરબારનો વખત થવાથી ફકીર અને ખાન ઉતાવળે ઉતાવળે ચાલ્યા ગયા.

તે ગયા ન ગયા તેટલામાં બંધમુકત જોત્યાજી પેલા તરૂણ પાસે આવી ઉભો રહ્યો. તે તરૂણ માત્ર ત્હેના તરફ દષ્ટિ કરી જોઇ રહ્યો હતો. તેની દૃષ્ટિમાં વ્યાકુળતાની મૂર્તિ સ્પષ્ટ દગ્ગોચર થતી હતી. નજરે નજર મળ્યા પછી જોત્યાજીનાં નેત્ર બિંદુ અટક્યાં નાહ. તે ગદ્ગદિત કંઠે બોલ્યો:

" મહારાજ, આ શું થયું ? ક્યા પિશાચની દૃષ્ટિ લાગી ? આબા સાહેબનું પુણ્ય આજેજ પુરૂં થઇ ગયું કે ? દેવી જીજાબાઇના આશીર્વાદનો ઝરો આજેજ કેમ સુકાઇ ગયો ? શા માટે મ્હને છોડાવો છો ? યેસુબાઇને આ કાળું મુખ કેવી રીતે બતાવીશ ? રાજારામ મહારાજને શો જવાબ દઇશ ? રાજકુંવરને શો ઉત્તર આપીશ ? "

" બસ કર, જોત્યાજી હવે શોક સમાવી દે ! શોચ કરવાનો આ સમય નથી. મ્હારા પાપનો ઘડો ભરાઇ ગયો છે. પ્રાયશ્ચિતના ભોગ માટે હું કાળ પુરૂષને આધીન થયો છું, જોત્યા, સૂર્યના ઉદરમાં શનૈશ્વરનો જન્મ થાય તેનું શું પરીણામ હોય ? શહાજી મહારાજને ઘેર આબા સાહેબ જેવું રત્ન જન્મે, અર્જુનના પેટે અભિમન્યુ ઉત્પન્ન થાય, બૃહસ્પતિના ઉદરે કચનો ઉદય થાય અને મ્હારો ? જોત્યા મ્હારો ? હાય ! કંગાલ સંભાજી ! જોત્યા, અરે જે વખત પિતાજી સાથે બેઇમાન બનીને ભોપાળગઢ મ્હેં દિલેરખાનને સ્વાધીન કર્યો, તેજ વખતે આબા સાહેબે મ્હારો વધ કેમ ન કર્યો ? અરે ચંડાળ પુત્ર ? અનાયાસે હું બાલ્યાવસ્થામાં આગ્રાના કારાગારમાં તીર્થરૂપસહ પડયો હતો ત્યારે મ્હારો પોષાક બદલાવી આ અભાગીને શા માટે છોડાવ્યો ? હર, હર ! આબા સાહેબે આ કૃષ્ણ સર્પને પનાળગઢપર સાણસામાં સપડાવ્યો હતો ત્યારે હંબીરરાવ જેવા સેનાપતિ માટે બાલાજી, તમારા જેવા મુત્સદ્દીએ કેમ માર્ગ રાખ્યો ? તમને લાગ્યું હશે કે, આ દારૂડીઓ, આ પ્રપંચી, આ વિષયી વીર્ય શૌર્યથી પરિપૂર્ણ હશે ? પણ તમે ભૂલ્યા, તમારૂં અનુમાન ખોટું હતું. જે મસ્તકમાંથી એ કલ્પના નીકળી તેજ મસ્તકના મેં રાજમાર્ગપર ચુરા કરાવ્યા ! સર્વ જીવન સ્વામી સેવામાં વ્યતીત કરનારાઓના દેહને માટીમાં મેળવવા, મદોન્મત્ત હાથીના પગ તળે કચડાવી મ્હેં કેવી ઉન્મત્તતાથી નાશ કરાવ્યો ! શિવ ! શિવ ! ક્રોધ વશ થઇ—ભાન ભુલી બસો મરાઠા સરદારોનાં શિર આ અધમે ખુદ ભવાની તલવારથી ઉડાવી દીધાં ! જોત્યા, મ્હેં બસો ખૂન કર્યાં. જોત્યા, મ્હેં ખૂન કર્યાં ! મ્હેં ખૂન કર્યાં ! હવે કયાં મારૂં મોહું છુપાવું ? માટીમાં ? ના, ના ! તેમાં સ્વામી સેવકોના રક્તની દુર્ગંધ આવે છે. ભીંતમાં ? છટ !

સોયરાબાઇ મ્હને ધકેલી પાડે છે ! પ્રાયશ્ચિત આપ ! જોત્યા, પ્રાયશ્ચિત આપ ! પાપનું પ્રાયશ્ચિત થવુંજ જોઇએ. પ્રાયશ્ચિત વગર હું પવિત્ર થઇ શકીશ નહિં."

"મહારાજ, આવી રીતે કેટલો શોક કરશો ? ક્રોધના આવેશમાં કોને હાથે ભુલો થતી નથી ? મ્હોટા મહારાજે જાવલીના મોરેની શી અવસ્થા કરી હતી?"

"શું ? સાચું કહે છે ! ક્રોધાવેશમાં કોને હાથે ભુલ થતી નથી ? બોલ ! બાપુ, ખુશામતની વાત જવા દે ! જોત્યા, માલસાવંતને આબા સાહેબેજ જીવતો છોડયો હતો ને ? જોત્યા, ઘોરપડેને આબા સાહેબેજ જીવતદાન આપ્યું હતું ને ? અરેરે, આબા સાહેબ, તમારા સર્વ સેવકો—વીર પુરૂષોને—મ્હેં ભ્રષ્ટ કર્યા ? આપની શરમમાં રહીનેજ તેમણે—તે વીર પુરૂષોએ—મ્હારો નાશ ન કર્યો ને ? અરે, તેમણેજ મ્હને સ્વચ્છંદ વિચરવા દીધો ને ?"

"આબા સાહેબ, આબા સાહેબ, જીવિતાવસ્થામાં મ્હેં આપના તરફ બેદરકારી બતાવી સ્વચ્છંદી બન્યો. આપના કૈલાસનિવાસ પછી તીર્થ સ્વરૂપ રઘુનાથપંતે ભર દરબારમાં મ્હને શુદ્ધિપર લાવવા પ્રયત્ન કર્યો; પણ તે સર્વ ઉંધા ઘડાપર પાણી ઢોળ્યા જેવું થયું ! તે વખતે કંઇ ભાન આવ્યું નહિ, જા, જોત્યા જા ! રાજારામને કહે કે, આ દુર્દૈવી સંભાજીની હવે આશા છોડ. મ્હેં ત્હને કેદમાં રાખ્યો તેનું સ્મરણ મ્હારે માટે નહિ પણ આબા સાહેબની ખાતર ભુલી જા. છેવટે આબા સાહેબના જ્યેષ્ટ પુત્રના—મહારાષ્ટ્ર રાજ્ય સંસ્થાપકના પુત્રના હાથ પગમાં પડેલી બેડીઓ તરફ જોઇને પણ તે ભુલી જા !"

"પણ રાજારામ, તું તે કેમ ભુલી શકે? ત્હારે શા માટે ભુલવું જોઇએ? માતુશ્રી સોયરા બાઇનું ખુન તું કેમ ભુલે ? ભુલી જા, ભુલી જા, રાજારામ ભુલી જા ! અભિમન્યુના શત્રુએ અભિમન્યુને જે વિટંબના આપી હતી તેવીજ મ્હારા શત્રુ મારી સ્થિતિ કરશે તો મારૂં પાપ નહિ ધોવાઇ જાય ? જોત્યા, રાજારામને કહે કે, આબા સાહેબે જે મેળવ્યું તે મ્હેં ગુમાવ્યું છે. હવે તેમનું અભિમાન ત્હારે રાખવાનું છે."

" મહારાજ, હવે એવો પશ્ચાતાપ ન કરશો. આપની ચોતરફ પુષ્કળ સંકટો હતાં. આબા સાહેબ કરતાં પણ પુષ્કળ હતાં."

" આબા સાહેબના વખત કરતાં પણ વધારે હતાં એમ ? અરે ખુશામતી ખુષ મશ્કરા ! આબા સાહેબના કરતાં પણ વધારે હતાં શું ? અફઝુલખાન, દિલેરખાન અને રાજા જયસિંગે મહારાજને કેવી સ્થિતિમાં મુકયા હતા. જોત્યાજી ? ઉલટું બાદશાહ જ્યારે વિજાપુર, ગોવળકોંડાની બાદશાહી નષ્ટ કરવા આવ્યો હતો ત્યારે, જતી બાદશાહીને હાથમાં લઇ ખુદ દિલ્લીપદને પહોંચાડવાની તક મ્હને મળી હતી ને ? જા, રાજારામને કહે કે, રજપૂત અને મરાઠાઓ એકત્ર થવાની તૈયારીમાં હતા પણ આવતી લક્ષ્મીને મ્હેં જ લાત મારી. શાહજાદો અકબર મ્હને અનાયાસે અનુકૂળ થયો. બાદશાહી સૈન્યમાં તેણે બળવો જગાડયો. પાદશાહ બડો પ્રપંચી હતો. તેણે અકબરને એવી ગુપ્ત સલાહ આપી કેઃ મ્હારા સરદારોનેજ રાજદ્રોહી બનાવવા. અકબર મ્હારી સાથે સત્ય નિષ્ઠાથી રહ્યો અને બાદશાહનું તે કારસ્થાન ઉઘાડું કરી આપ્યું."

" આ સપાટામાં ઔરંગજેબે મરાઠા સામ્રાજ્યપર કરેલા ઘસારાનો પ્રતિકાર કરવાની સંધિ તેનાજ પુત્રે આ અભાગીને આપી હતી. અપમાનથી પ્રજળતો ઉદેપૂરનો રાણો અને સર્વ સમદુઃખી રાજપૂતો મરાઠાઓના હાથમાં હાથ મેળવવા એક પગે તૈયાર થયા હતા."

" જોત્યા, જો, આબા સાહેબના વખતનો વિચાર કર. આબા સાહેબે જયસિંગ, રામસિંગ જેવા બલવાન વીરોના હૃદયમાં પોતાની ચતુર વાણીથી પોતાના કાર્ય વિષે પ્રેમ ઉત્પન્ન કર્યો હતો, તોપણ તે ગુલામગીરીની લાલચમાં ફસાયલા રાજપૂત વીરોએ શાબ્દિક સહાનુભૂતિ સિવાય આબા સાહેબને અન્ય કયા પ્રકારની સહાય આપી હતી ?"

" ત્યારે મ્હારો સમય કેટલો અનુકૂળ હતો ? અરેરે ! જોત્યા, મ્હારા પર શું તે કરતાં વધારે સંકટ હતાં કે ? અરે, દિલ્લીપદ પરથી હિન્દુસ્થાનના ચારે ખૂણામાં ફરમાન છોડનાર ઔરંગજેબ બાદશાહે જ્યારે પોતાનું સર્વ બળ એકત્ર કર્યું અને તેના પ્રચંડ સેનાસાગરનાં તોફાની મોજાં મહારાષ્ટ્રની

રંક પ્રજા પર જ્યારે અફળાવા લાગ્યાં, ત્યારે બન્ને બાજુ એકત્ર કરી, તે બ્રાહ્મણ વીરે પોતાના આચમનથી ઔરંગજેબના તે પ્રચંડ સેનાસમુદ્રને નષ્ટ કરવાનો પ્રયત્ન કર્યો. પણ આ સંભાજીની મૃદુતાથી, અરે વિષયાંધતાથી વિના સહાયે ટીટોડી સમુદ્રને ખાલી કરવા પ્રયત્ન કરે તેમ થયું ! શાબાશ મદાણગા! ધન્ય છે ! રાજનિષ્ટા માટે આટલો શ્રમ અને સાહસ કરી છેવટે કેવો આત્મયજ્ઞ કર્યો ! સંભાજી, સંભાજી, એ ઘાતનું પાપ ત્હારા જ શિર પર છે! "

"હર, હર ! જંજીરનો કાંટો ઘણા દિવસથી આબાસાહેબના પગમાં ખૂંચ્યા કરતો હતો. તે ખેંચી કાઢવાનો મ્હેં વિચાર કર્યો. પિતૃતર્પણ માટે મ્હેં આચમન કર્યું ખરૂં ! પણ શું ? હાય ! ક્રોધી, દુરાચારી અરે ! ઢોંગી સંભાજી ? ફોંડાના કિલ્લા પર ચઢાઇ લઇ જઇ ગોવેકરનો નાશ કરી રણો-ન્મત્તમાં કૈલાસવાસી આબાસાહેબનો જુસ્સો અને હિંમત બતાવી ખરી ? પણ શું થયું ? પિતાજીનું ધોરણ અને યુક્તિ, હતભાગી ! ત્હારા અંગમાં હોત તો તીર્થરૂપ અમાત્યોને તું વિમૂખ કેમ કરત ? "

"જોત્યા, મોગલ સામ્રાજ્યનો પ્રત્યેક ઘટકાવયવનો એકબીજા સાથેનો સંબંધ છૂટો પડવાની તૈયારીમાં હતો. ઉદેપુર, જયપુર, મારવાડ, શીખ, જાટ, સુરતકર, મુંબઇકર, ગોવેકર, જંજિરકર વગેરે સર્વ, બાદશાહ વિરૂદ્ધ પોતાની મેળે જ થયા હતા ને ? મ્હેં એ વીખરાયલી શક્તિ કેમ એકત્ર કરી નહિ ? "

"જોત્યા, ઉકળતા પાણી પર ઢાંકણુ મુકતાં ઢાંકણુની કેવી સ્થિતિ થાય છે ? મ્હારા અંતઃકરણની તેવી જ અવસ્થા થાય છે ! હવે અજ્ઞાનનું આવરણ ઉડી ગયું છે. મ્હને મ્હારૂં ગતચરિત્ર કેવું સ્પષ્ટ જણાય છે ? જા, જોત્યા, રાજારામને કહે કે, આ અભાગીને હવે ક્ષમા કરજે. "

"પણ, હવે ! બેટા શિવાજી ! કાંતા ! અરેરે ! મ્હારા માટે તેં કેટલાં હાલહવાલ, અપમાન સહન કર્યાં હશે ? હવે તમારો રક્ષણ કર્તા એક માત્ર પ્રભુ ! હવે તમને સહાય કરનાર તે જ પ્રભુ ! "

"રાજારામ, સોયરાબાઇનું વેર તું ત્હારી બંધુપત્નીથી લઇ સકે ? ના ! ના ! તેનું સ્મરણ ન કરીશ ! "

"મહારાજ, હવે શોચ ન કરો ! એ મૂઢતાને શાંત પાડો. મુકુર્બખાન આ તરફ આવે છે. હું જાઉં છું. આપનો દિવ્ય સંદેશ હું સર્વ મરાઠા વીરોને પહોંચાડીશ. મહારાજ તૈયાર થાઓ. શૂરવીરને શોભે એવી રીતે તૈયાર થાઓ ! આજે બાદશાહના દરબારમાં મહારાષ્ટ્રના દૈવની રમત થનાર છે. મહારાજ તૈયાર થાઓ ! શૂરને યોગ્ય એવી વૃત્તિ ધારણ કરો. આસપાસ ગુપ્ત વેશથી મહારાષ્ટ્રનું ભવિષ્ય વાંચવા હું છુપાઇ રહું છું. જેવા અક્ષરો દૃષ્ટિએ પડશે તેવું મહારાષ્ટ્રનું ભવિષ્ય ઘડનારા ચતુર સોનીઓને હું નિવેદન કરીશ. જાઉં છું મહારાજ, જાઉં છું." જોત્યાજી ગયો. સંભાજી પુનઃ દિગ્મૂઢ થઇ બેઠા. એટલામાં એક સરદાર આવી સંભાજીને દરબારમાં લઇ જવા તૈયાર કરવા લાગ્યો. સંભાજીની સાથેના સર્વ કેદીઓનાં મસ્તક તેણે ખુલ્લાં કર્યાં. આ સર્વ વિધિ સંભાજી મૂઢની પેઠે જોતા હતા. તેમની આજુબાજુ સહસ્ત્ર સૈનિકોનો પહેરો હતો. સંભાજીએ પણ સર્વનાં કપડાં નીકળેલાં જોતાં જ પોતાનાં વસ્ત્રો શાંતપણે દૂર કર્યાં. પછી તે સરદારે તેમને પહેરવા એક ચિત્રવિચિત્ર પોષાક આપ્યો, અને તેમના મસ્તક પર લાકડાનો એક મુકુટ મુક્યો. તેમના ગળામાં રંગબેરંગી પુષ્પોની માળા નાખી. તેમને ઉંટ પર અવળા મુખે બેસાડી દોરડાંથી કસી બાંધ્યા. તેમની આગળ તાસાં, ઢોલ, સરણાઇ વગેરેનો કર્કશ વાદ્યધ્વનિ શરૂ થયો.

આવા ઠાઠથી શિવાજી છત્રપતિના અભાગી–વિષયી–પુત્રની સ્વારી કાઢી. જ્યારે તેમને ભરદરબારમાં લાવી ઉભા કર્યા, ત્યારે સિંહાસનની ચોતરફના સર્વ અંગરક્ષકોએ તલવાર મ્યાન બહાર કાઢી સજ્જ કરી.

"હાય દુર્દૈવ, કમનશીબ ! બજાવ, કુરનિસ બજાવ ! આબાસાહેબે કુરનિસ કરી નહતી. મ્હને લાગે છે કે, વિટંબનાનું શૂળ તેના અનુભવમાં હજી આવ્યું નથી." એવું કંઇ પણ મનમાં ને મનમાં ગણગણતો સંભાજી બાહુનો સ્વસ્તિક બનાવી આલમગીરની નજરેનજર મેળવી નિશ્ચલ ઉભો રહ્યો.

આલમગીરે તેના તરફ લક્ષ આપ્યું હતું કે નહિ તે કોણ જાણે ? કેદીનું શું કરવું એ પ્રશ્નનો ઉહાપોહ તે પોતાના મુત્સદીઓ સાથે કરી રહ્યો હતો. સર્વનો વિચાર સંભાજીને જીવતો રાખવાનો થયો. એ મરાઠાનો રાજા

છે, તેના ભાઇ–સ્નેહીઓ–પાસે હજી ઘણા ગઢ છે. યુદ્ધ કરીને જીતી લેતાં સૈન્યની અને પૈસાની ખરાબી, ટાઢ તડકાનો શ્રમ, તે સિવાય શીખ, જાટ અને રાજપૂતોનો ભય, વળી ખાલસા પ્રદેશની સુવ્યવસ્થા કરવા માટે આવશ્યક એવી શાંતિ વગેરેનો વિચાર કરતાં સંભાજીને જીવતો રાખવો એમ મને લાગે છે. પશુનો શિકાર કરતી વખતે અન્ય એક પશુને પિંજરામાં જીવતું રાખવું પડે છે. આપણે સંભાજીરૂપ હરણ આગળ ધરીશું. અન્ય મરાઠાઓને પછી પિંજરામાં પકડીશું. સંભાજીને જીવતો મુકીશું તો તેનાં સગા–સ્નેહીઓ વિના શર્તે શરણે આવશે." આસદખાન નામક એક વિશ્વાસુ સરદારે બાદશાહને એવી સલાહ આપી અને તે તેને પસંદ પણ પડી. તે ઉપરાંત તે આમ–ઓ–ખાસમાં પ્રવેશ કરતા પહેલાં જનાનખાનામાં અને ત્યાંથી ઘોશાળખાના નામક નાના વિશ્રાંતિભુવનમાં પેઠો હતો. આ બન્ને ઠેકાણે સંભાજીને જીવતો રાખવાનું તેણે શાહજાદીને વચન આપ્યું હતું. પણ આલમગીર તો હતો ધર્માભિમાની. હવે તેણે સંભાજીને હસતાં હસતાં પુછ્યું: " સંભાજી, તું જાણે છે કે આજે તું એક જગતના નિરંકુશ સત્તાધારી આગળ ઉભો છે! તને આ જગતના વૈભવમાં રાખવો અગર તો પરલોકની હવા ખાવા મોકલવો તે ઔરંગઝેબની ઇચ્છા પર છે. આજ સુધી તમે મરાઠાઓએ ડુંગર કોતરી અનેક છિદ્ર પાડ્યાં છે. આજે તને હું કોલવઇમાં પકડી લાવ્યો છું, પણ હું પયગંબરનો શિષ્ય છું. દયા એ મ્હારૂં વ્રત છે. મ્હારો શત્રુ જો પયગંબરના ચરણમાં પડશે તો હું તેને જીવતદાન આપીશ. કહે, ત્યારે તું મુસલમાન થાય છે? તું મુસલમાન થઇશ તો હું તને જીવતો રાખીશ."

" મુસલમાન થાય છે? કોણ, હું મુસલમાન થાઉં? મ્હને જનોઇના સંસ્કાર થયા અને સુન્નત પણ થશે? શું ગંગા–યમુના બન્ને થશે? શું મીયાં અને મહાદેવ એકત્ર થશે? હું પશુ કે પંખી? હું શું બન્ને? આબા સાહેબે નિંબાળકરને મુસલમાનનો મરાઠો બનાવ્યો અને હવે આબાસાહેબના પુત્રે મુસલમાન થવું? સબસે પ્યારા જીવ! થા, સંભાજી, મુસલમાન થા! શું જીવ પ્યારો? ત્યારે મોજ કેમ નહિ? એશઆરામ કેમ નહિ? મોજમજા અને વિલાસ લાલચને લીધે જ આ વિટંબના સહેવી પડે છે ને? આ-

દશાહ મ્હને પોતાની ખુબસુરત બેટી આપે તો ? ત્યારે મુસલમાન કેમ ન થવું ? ગાયના પ્રાણુ બચાવવા પિતાજીએ બાલ્યાવસ્થામાં પોતાનો પ્રાણુ જોખમમાં નાખ્યો હતો ! તે જ વીરાત્માનો પુત્ર ગોત્રધનાં દ્વાર મુક્ત રાખનાર, મહમદ પયગંબરનો ફકીર થશે ! વિષયભોગથી જ્યારે આજપર્યંત મેં મ્હારી ખુબસુરત જુવાનીને વિકસાવી, ત્યારે સુરત–રસની કળી બાદશાહ મ્હારા સુવાસમાં અર્પે તો મ્હારે કેમ ન જીવવું ? બોલ, બોલ, બાદશાહ, શાહજાદી મ્હને આપી શકશે ? થાઉં છું મુસલમાન ! પણ શું હું મુસલમાન થાઉં ? ગંગાધર રંગનાથ કુલકર્ણીને બળાત્કારથી વટાળ્યો. મનસબગીરી આપી નોકર બનાવ્યો. એવા સુખનું ભાગ્ય ત્યજી, બિચારાના અંતઃકરણમાં પશ્ચાતાપ થયો. છેવટે તે રાયગઢ આવી મ્હારે શરણે થયો. કષ્ટ પામ્યો. મેં–સંભાજીએ–તેના પ્રભુએ જ–તેને દેહશુદ્ધ પ્રાયશ્ચિત અપાવી પાવન કરાવ્યો. અને હવે હું જ મુસલમાન થાઉં ?' પણ જગતના વ્યવહારમાં ધર્મ કરતાં જીવ શ્રેષ્ઠ નહિ કે ? તે બ્રાહ્મણ તો ગાંડો જ હતો. આબાસાહેબ માટે એક નિષ્ટાથી આત્માર્પણ કરનાર તે બાજી, તાનાજી, બધાએ પાજી ! બસ, આ વિષયરત સંભાજી જ ડાહ્યો. શું તેમણે આબાસાહેબ માટે પ્રાણ આપ્યો ? તદ્દન ખોટું ! **તેમણે મહારાષ્ટ્ર માટે આત્મોસર્ગ કર્યો, તેમણે સ્વરાજ્ય માટે પ્રાણાર્પણ કર્યાં. અરે ! તેમણે સ્વાતંત્ર્ય માટે જ આત્મયજ્ઞ કર્યો: ધન્ય મરાઠાઓ !** ”

“ અહા ! આબાસાહેબે બ્રાહ્મણની ઝોળીમાં રાજ્યભિક્ષા આપી. મ્હેં તે યવનોની ઝોળીમાં નાખી. અમારા બેમાં શો ફેર ? તે જ બ્રાહ્મણોએ પ્રસાદ રૂપે આપેલી ભિક્ષા તીર્થસ્વરૂપે ભોગવી. ત્યારે પાદશાહે આપેલી ભિક્ષા તેના પુત્રે કેમ ભોગવવી નહિ ? અરે પ્રભુ ! જ્યારે મ્હારે ભિક્ષા પર જ જીવવાનું હતું તો આટલા મહાપુરૂષોનો મ્હેં ઉચ્છેદ કેમ કર્યો ? બિચારાઓને લાગ્યું કે, આપણા સર્વેનું રાજ્ય છે ! આબાસાહેબના શબ્દ પર જ સર્વે ચાલતું હતું ને ? હાય દૈવ ! ત્હારો કેવો વિલાસ ! બોલ, બાદશાહ, આ અભાગીને પુત્રી આપે છે ? થાય છે કૃતાર્થ ? પછી હું મુસલમાન થાઉં છું.”

“ કેવો પાગલ ! શાહજાદીને ત્હારી સાથે પાગલ બનાવે છે કે ? મુક-

બેખાન, એની આ બદમાસ જીભના રાઇ રાઇ જેટલા ટુકડા કરી નાખો ! મ્હારા તરફ મગરૂર બની જોનારના નેત્રોમાં લોખંડી સળીયા તપાવીને ખોસી દો, અરે હઝારો તમાસગીરો સમક્ષ એના શરીરની ચામડી ઉતારો ! જાઓ ! નીકળો ! ઝટ જાઓ. ”

“ બાદશાહ આલમગીર, હવે આ જીભના ટુકડા કર ! મ્હારૂં કાળજું ચીરી નાખ ! ત્હારે જે કરવું હોય તે કર. બ્રહ્મહત્યાથી દુષિત થયેલા આ અધમને, પાતિવ્રત્ય ભક્ષણથી ભ્રષ્ટ થયેલા આ દુષ્ટને, ગમે તે થાઓ, પણ છત્રપતિ શિવાજીનો પુત્ર [redacted]ધર્મ ગ્રહણ કરી ભ્રષ્ટ નહિ બને ! એ બરાબર યાદ રાખજો. તમારી લાલચમાં હું કદી પણ નહિ ફસાઉં, સમજ્યા ? ચાલો, મુકર્બખાન, ચાલો ! ચાલો, મ્હારા ઉપકાર કર્તા, મ્હારા મોક્ષદાતા, ચાલો ! કુતરાએ પણ આબાસાહેબની ચિતામાં કૂદકો માર્યો હતો ! અરે, કુતરાએ પોતાનું બિરદ સાચવ્યું હતું ! હાય, આ સાડાત્રણ હાથના ક્ષુદ્ર દેહનો શો ઉપયોગ ? ધિક્કાર ! ધિક્કાર !! આ સંભાજીને સેંકડો હજારો ફીટકાર ! ”

“ હાય ! આબાસાહેબ, તમારી ઇચ્છા પૂર્ણ થઇ નહિ. જંજીરા લેવાની આપની ઇચ્છા અધૂરી રહી. અરેરે ! તમારો એ હેતુ પૂર્ણ કરવામાં શૂરવીર નૌકાધિપતિ નિર્વંશ થયો. કર્મચંડાળ સંભાજી ! ભોગવ, ત્હારા પાપ—કર્મનાં ફળ ભોગવ ! હાય ! ખંડોજીના બાળબચ્ચાંનો શીદીએ વધ કર્યો. એ વીરે જ આલમગીરના કારાગૃહમાંથી પાછું મહારાષ્ટ્ર બતાવ્યું ને ? અહિરાવણ મહિરાવણની નજરબંદીમાંથી એજ હનુમાન રામચંદ્રને લાવ્યો હતો ને ? હાય ! દાદાજી, ખુદ તમારી પત્નીને, તમારા પ્રભુના નેત્રસમક્ષ [redacted] ગીરફતાર કરી ગયા કે ! અરેરે ! ગોવેકરનો ઉચ્છેદ મ્હારા હસ્તે નજ થયો કે ? ગોવેકરે હઝારો અનાથોનો ઐહિક અને પારલૌકિક સંસાર ભ્રષ્ટ કર્યો કે ? ભોગવ, સંભાજી, એનાં જ ફળ ભોગવ ? અરેરે ! બ્રાહ્મણના વધ માટે મોરોપંતે મ્હને શું પ્રાયશ્ચિત કહ્યું હતું ? પણ મુકર્બખાન ! હવે આ શરીરને દેહાંત જ થવાદો !

“ હાય ! આ દુષ્ટના રાજ્યાભિષેક વખતે પ્રત્યક્ષ સૂર્યેજ મુખ છુપાવ્યું હતું કે ? જુઓ, ભગવાન સૂર્યનારાયણ ! નેત્રો ઉઘાડી જુવો. આ નરાધમનો

અધઃપાત હવે ખુશીથી જુવો ! અયે કાળપુરૂષ ! તું જ હવે સિંહાસનારૂઢ થઇ આ ચંડાળના જીવનરથનું ચક્ર તોડી નાંખ ! બસ, હવે એ જ ઇચ્છા. એ જ પ્રાર્થના."

"ચલાવો, તમારી તીક્ષ્ણ છૂરી આ જીભ પર ચલાવો ! અહા ! આ મંજુલ ગુંજારવ કોનો સંભળાય છે ?"

"બુલબુલ આજ સાગિર દિયમ, શુલ હામ નબાબ,
દિદાર મહબ્બત કાવિલમ્, સાગિર્દે મીસ્ત."

"અહા ! એ શાહજાદીનો પ્રેમાળ અવાજ ! તેનુંજ એ પ્રેમાળ કવન કે ? ઓ બાપરે ! આ શું થયું ? અરરર ! ગઇ ! પડી ! મ્હારાં નેત્રમાં તપ્ત થયેલી સળી પેઠી. હવે હું શુક્ર–કાણો થયો. હવે જમણા નેત્રમાં તે પેસે એટલે નગ્ન રંભાઓ તમે નિર્ધાસ્ત બનજો ! જોત્યા, જોત્યા, જા ! મહારાષ્ટ્રીય નેતાઓને મ્હારા અંતઃકરણનો સંદેશો પહોંચાડી કહેજે કે, આપ સર્વને મહારાજાએ રાજ્ય અર્પણ કર્યું છે. આપ સર્વેએ સાથે રહી તે મેળવ્યું હતું. જે સંભાજીએ એકલાએ મદમાં તમો પ્રભુ તુલ્ય પંચ પાસેથી તે લઇ લીધું હતું, જે નીચ સંભાજીએ પોતાના એશઆરામ માટે, તમારાં બાળબચ્ચાંના મુખમાંથી કોળીઓ ખેંચી લીધો હતો, તે નીચ સંભાજીનો અવતાર પૂર્ણ થયો છે ! અવતારની સમાપ્તિ સાથે કામ, ક્રોધ, લોભ, મોહની પણ પૂર્ણાહૂતિ થઇ છે. હવે તમે તમારૂં રાજ કાર્ય ખુશીથી વ્યવસ્થિત રીતે ચલાવો. મ્હેં સર્વ કર્તા–નેતાઓનો નાશ નથી કર્યો !"

"અલબત નહિ. આ ગણોજી શીરકેનો તો નહિજ. ભોગવ, સંભાજી, ત્હારાં કૃત્યનું પરિણામ તુંજ ભોગવ ! મ્હારા શત્રુનો વધ મ્હારી નજરે જોવા દે. ભોંસલેનો વંશ ઉચ્છેદ કરવાની પ્રતિજ્ઞા મ્હને પુરી કરવા દે. શીરકેનું વેર ! વેર ! વેર !"

"કોણ તું ગણોજી ? હાય, મ્હારૂં જમણું નેત્ર ગયું. બસ થયું. પાપ પુણ્યનું દર્શન પૂર્ણ થયું ! અરે, હવે કોઇ મ્હારા કાનમાં મેખો ઠોકો ! હા, ગણોજી, તમેજ ઠોકો ! શીરકેવધનું વેર પૂર્ણ કરો ? જાઉં છું, જોત્યા, જાઉંછું. રાજારામ, જાઉંછું ! બેટા શિવાજી જાઉંછું ! મહારાષ્ટ્ર વીરો, જાઉંછું ! જય ભવાની અંબે ! રામ, શ્રી રામ, રામ, રામ !"

કાર્ય પૂર્ણ થયું. બાદશાહે મુકુર્બખાનને બહુ માન આપ્યું. તેને "ખાન-જમાન, ફત્તેહજંગ "નો ખેતાબ આપ્યો. શીરકે બંધુઓને પણ એક મહંમદી ઝબ્બો, અને પાંચ હઝાર સ્વારની સરદારી આપી. આ માન શીરકેને જ્યારે બાદશાહે પોતે આપ્યું ત્યારે પાછળજ એક ખૂણામાંથી એક વ્યક્તિનાં નેત્ર લાલબુંદ થવા લાગ્યાં હતાં. આ માન સ્વીકારતાં જ્યારે ગણોજીએ ચોતરફ હર્ષપૂર્વક નજર ફેરવી, ત્યારે એકાએક તેની નજરે તે નેત્રમાંથી અગ્નિની ચિણગારીઓ ઉડતી જણાઇ તેથી તે ચમક્યો.

પણ નિમિષ માત્રમાં તે વ્યક્તિ અદૃસ્ય થઇ ગઈ. ગણોજી કંઈ કાચા દિલનો પુરૂષ ન હતો. તેણે બાદશાહના ચરણની રજ પોતાના મસ્તકે મુકી અને ભર દરબારમાં ભોંસલેના બાકી રહેલા કુળનો વિધ્વંશ કરવાની પ્રતિજ્ઞાનું બીડું રકાબીમાંથી ઉંચક્યું.

તેજ વખતે તેના કાનમાં "શીરકોચ્છેદનો બદલો." "શિરકેનું વેર." "સ્વાર્થને માટે દેશનું સત્યાનાશ." એવા શબ્દો કોઇ ગણગણ્યું. ગણોજીએ પાછા ફરીને જોયું તો કોણ જણાયું? દરબાર બરખાસ્તના ચિહ્નરૂપ પાન સોપારી આપનારા હમાલો માત્ર આમ તેમ દોડતા જણાયા.

પ્રકરણ ૭ મું.

શિરનું પૂજન એજ શંભુ-મહાદેવનુ પૂજન.

"જો તમે ધન ગુમાવ્યું હોય તો એમ સમજો કે કંઇ પણ ગુમાવ્યું નથી. "તંદુરસ્તી ગુમાવી હોય તો એમ જ સમજો કે કંઇક ગુમાવ્યું છે; પણ જો તમે "તમારૂં ચારિત્ર્ય (સદાચાર) ગુમાવ્યું તો એમ જ સમજો કે તમે તમારૂં સર્વ-"સ્વ ખોયું છે." (રત્નકણિકા.)

આજે બાદશાહના દરબારમાં અપૂર્વ ઉત્સાહ પ્રવર્તિ રહ્યો છે. બાદશાહી સૈન્યમાં પણ આનંદનો પ્રવાહ વહી રહ્યો છે. સંભાજીના વધ નિમિત્તે આજે ઔરંગઝેબ બાદશાહે સૈન્યમાં મહાન ઉત્સવ

ઉજવ્યો છે. એ કારણને લીધે જ તેણે અનેક જાતના આનંદનીય ખેલ કરાવ્યા છે, પશુ પંખીઓની સાઠમારી કરાવી છે.

ઉત્સવનો આરંભ થઇ ચુકયો હતો તેજ વખતે ઈંદ્રાયણીને કિનારે કોલાહલ થઇ રહ્યો હતો. ત્યાં સંભાજીના શબના ટુકડા કુતરા શીયાળને ખવડાવી દેવાનો બાદશાહે હુકમ કર્યો હતો, તેનો અમલ કરવા માટે ખાસ સૈન્યની એક ટુકડી આવી હતી.

એ ટુકડીના માણસોમાંજ એક બે મનુષ્યો તેમના આનંદનું અવલોકન કરી રહ્યા હતા. વાચક ! આપણે તેમને કોઈ જગ્યાએ જોયેલા છે. આલમગીરના દરબારમાં પાંચ હઝાર સ્વારની સરદારીનું માન અકરામ લેતી વખતે અભિમાનમાં ધુમ બનેલી તેની આંખોમાં પોતાની તીક્ષ્ણ દષ્ટિ–કટાર મોકનાર આજ મનુષ્યો હતા. દરબારમાંથી વિજળીની પેઠે ચમકી અદશ્ય થયા પછી આજે તે હમણાં ધુમકેતુની પેઠે પુનઃ નજરે પડે છે.

મોગલ સૈનિકોએ મહારાજના શબના ટૂકડા ઉંધાચત્તા કરી પોતાના સમૂહમાં હાસ્યધ્વનિ પ્રસારી દીધો હતો. " કયાં બે સંભાજી? અબ લડેગા કયા ? " એવી બુમો મારતાં મારતાં તલવારની ટોચપર તેનું શિર નચાવવામાં આવ્યું. એટલામાં આપણા પરિચયના બે મનુષ્યો આગળ આવ્યા. તેમણે તે શિર નચાવવામાં ઠીક ભાગ લીધો. આ વખતે ગમતજ થઈ રહી હતી. નાચતાં, કૂદતાં, ઉછળતાં તેઓએ નદીના કાંઠાપર દોટ મુકી. આવા આનંદાવેશમાં તેઓ ભ્રમણ કરી રહ્યા હતા એટલામાં બીજી દિશામાંથી ચાર પાંચ સ્વારો દોડતા આવ્યા. " ઓહો, સંભાજી, મરગઠ્ઠાનો રાજા. " એવી ગર્જના કરી તેમણે તે શિર જોવા લીધું અને ડુંગર તરફનો માર્ગ પકડયો. તેમની પાછળ પાછળ આપણા બે દાઢીવાળા મનુષ્યો પણ દોડયા. ધીમે ધીમે સર્વે અદશ્ય થયા. અન્ય સૈનિકોને લાગ્યું કે, આપણાજ માણસો કોઇ બીજી બાજુએ મઝા કરવા ગયા હશે. એવી સમજથી બાકી રહેલા ધડના ટૂકડા શીયાળ કૂતરાંને ખાવા નાંખ્યા.

આ તરફ પેલા સ્વાર અને અન્ય બે મનુષ્યો આગળ એકત્ર થઇ મજલ દરમજલ કરતા–જંગલી માર્ગે રાયગઢ આવ્યા. ગઢની તળેટીમાં આ-

વતાંજ તે પૈકીના બે માણસોએ તિરસ્કારપૂર્વક દાઢી કાઢી નાખી મહારાજનું મસ્તક રેશમી રૂમાલમાં લપેટી સ્વારો સહિત પ્રલ્હાદપંત તરફ જવા ચઢે-શ્વાસે, અશ્રુ સારતા ગઢપર ચઢવા લાગ્યા.

"જોત્યા, આ વાત કોણ કરશે?" પહેલો બોલ્યો.

"ખંડોજી, જોત્યો કંઇ કાચા દિલનો પ્રાણી નથી. આવેલા કર્તવ્યને આધીન થનાર એ એક રૂક્ષ જીવ છે. થવાનું હતું તે થયું; હવે પગ ઢીલા કરવાથી શું વળશે?"

"ત્યારે ભાઈ, એમ કર. તું છોટા મહારાજ પાસે જા. મ્હારે પ્રથમ રાજકુંવરને મળવાનું છે. ક્રિયાકર્માન્તરની વ્યવસ્થા કરવી જોઇશે. હવે મોગલોનો મોર્ચો રાયગઢ તરફ વળશે, માટે એકંદર સ્થિતિનો વિચાર હમણાંજ કરી નાખવો જોઇએ."

"હા, બાપુ, જા, તું ત્હારા કામે જા. મ્હારૂં કામ હું કરીશ. હર હર!"

જોત્યાજી આ પ્રમાણે દુઃખી અંતઃકરણે ગઢપર ચઢ્યો. ઉપર આવતાંજ પ્રથમ ચોતરફ માણસોને ભુલાવામાં નાખી ભ્રમિષ્ટની પેઠે આમ તેમ જોતો હતો. સર્વ પહેરેગીર તેના પરિચયના હતા. પછી તેમની દૃષ્ટિમાંથી તે કેવી રીતે જઇ શકે? કોઇ અટકાવતું તો, મહારાજના કાર્ય માટે આવ્યો છું, એ મહામંત્ર ઉચ્ચારી ઝટ લઇને આગળ જતો રહેતો.

એટલામાં સામેથી કોઇ આવતું જણાયાથી તે એક વૃક્ષ પાછળ લપાયો. સામેથી આવનાર મનુષ્ય અન્ય કોઇજ નહિ પણ તે છત્રપતિ રાજારામજ હતા. જોત્યાની એકદમ તેમની આગળ જવાની હિમ્મત થઇ નહિ. કર્મધર્મ સંયોગે એવું બન્યું કે, જે ઝાડ આગળ જોત્યાજી છુપાયો હતો, તેજ ઝાડના થડ પાસે જઇને રાજારામ નિરાશ વદને બેઠા.

"મ્હારી શી અવસ્થા? અરે! આબા સાહેબના પુત્રના ભાગ્યમાં કેદખાનુંજ! દાદા સાહેબ–સંભાજી મહારાજ–સંભાળો. ઐશ્વર્યના મદમાં, તુલસીના ધ્યાનમાં તમારૂં ગળું તમારેજ હાથે ન કાપશો. આપ્ત જનોનો ઉચ્છેદ કરવામાં તમારી શક્તિનો ઉપયોગ કરી કયો પુરૂષાર્થ તમારે સિદ્ધ કરવાનો છે? પરમેશ્વર! સદ્પક્ષના માર્ગમાં દુઃખ, વિટંબના, અઘોર સંકટો ઉપસ્થિત કરવામાં તને શો આનંદ થાય છે?"

"પણ મ્હારો એ બંધુ એવો કેમ બન્યો હશે ? તે પાછળથી ઘા કેમ કરે છે ? દેશના કલ્યાણ માટે તે ખુલ્લી રીતે અમારાં મસ્તક માગે તો શું અમે ન આપીએ ? અમારા બેહાલથી, એટલુંજ નહિ પણ અમારા મરણથી જો રાજ્યનું હિત થતું હોય અને દેશનું કલ્યાણ થતું હોય તો શું અમે તે માટે ના પાડીશું ? ભલેને તે માટે અમને જડ મૂળથી ઉખેડી નાખે ! ભલેને તે માટે અમારૂં સર્વસ્વ જાય !"

"હાય, પ્રભુ ! માતુશ્રી, તમારી કારમી ચીસો સાંભળીને મ્હારા કર્ણ જન્મોજન્મ માટે કેમ બહેરા થયા નહિ ? હાય, હાય ! તમે કેવાં દુઃખ સહન કર્યાં હતાં ? દેવી, હાય, માતુશ્રી !"

"અરે ! હજી પણ માજીની કારમી ચીસ હું સાંભળું છું. મ્હારી માતાના વધનું વેર મ્હારે લેવુંજ જોઇએ. રાખ નીચે અગ્નિને જીવતો રાખીશું તો એક સમયે તે અગ્નિ સર્વ સ્થળમાં ફરી વળશે."

"પણ, કોની પાસેથી વેરનો બદલો લઉં ? દાદાસાહેબ પાસે ? મ્હારા સગા બંધુ પાસે ? આબાસાહેબના પુત્ર પાસે ? ત્યારે માતુશ્રી સઇબાઇ આબાસાહેબનાં કોણ ? મરાઠા સામ્રાજ્ય સંસ્થાપકની પત્નીને દિવાલમાં ચણી લઇ મારી નાંખનાર સંભાજી કોણ ? સ્વામીભક્ત શીરકેવધનું કલંકિત કૃત્ય કરનારનો આબાસાહેબ સાથે શો સંબંધ ? ત્યારે શું, કાળસર્પને જીવતો છોડું ? ગર્ભમાં બાળક આડું થયું તેથી શું પ્રસુતાને મારૂં ? નહિ ! નહિ ! પણ વેર ! વેર"

"પણ કોનું ? રાજારામ, મરાઠી રાજ્યના કલ્યાણનો વિચાર એજ કે ? છટ્ ! છટ્ ! આબાસાહેબ, સ્વર્ગમાં પણ તમે મ્હારા શબ્દો સાંભળતા હશો. ના, ના, એ વિચાર ન જોઇએ."

"પેલું સામે કોણ આવે છે ? આબાસાહેબની જ શાંત મુદ્રા ! તેનું જ હસતું વદન ! તે જ પ્રેમાળ દૃષ્ટિ ! નહિ, આબાસાહેબ, નહિ. એવો દુષ્ટ વિચાર મનમાં પણ નહિ લાવું ! નહિ ! નહિ ! હું નીચ, પાપી કાળસર્પ બનીશ નહિ !"

"સરકાર, એમ શું કરો છો ? આ બાલ શિવાજી ન હોય કે ? હું ભક્તાજી તેમને લઇ આવ્યો છું. સવારમાં સહેલ કરવાની છોડી અહીં ઠંડી હવામાં કેમ બેઠા છો ?"

" શિવાજી ! છત્રપતિ શિવાજી ! ! ના ! આંગળ ના આવો ! હું કુલાંગાર નથી બનતો ! શું મ્હારી માતાની પુનઃ ચીસ ? નહિ ? આબાસાહેબ નહિ ! "

" સરકાર, આ શી સ્થિતિ ? આ બાળ શિવાજી આપને ગળે વળગે છે સરકાર ! "

" કાકા, કાકા, ચાલોને ધ્રલમાં ! હું મ્હાલી તલવાલ તમને બતલાવું."

" રાજારામ મહારાજ, નેત્ર મીંચો નહિ, લોને છોટા મહારાજને બાથમાં લોને ? "

" કોણ, છત્રપતિનો બાળ...પણ હું છત્રપતિનો કોણ ? મ્હારી માતા છત્રપતિની કોણ ? દાદાસાહેબ છત્રપતિના કોણ ? સર્વ એકજ—સાચાં અસલ બીજજ ને ? "

" ના, ના, તે ઘાતકી વિચાર નહિ જોઇએ ! આબાસાહેબની ખાતર ન જોઇએ ! આ બાળકને માટે ન જોઇએ, અરે મરાંઠી :રાજ્યની ખાતર એ દુષ્ટ વિચારો ! જાઓ ! જાઓ ! દાદાસાહેબ, સુખેથી રાજ્ય કરો. "

" મહારાજ, ચાલો અંદર ! એકાંત સ્થળે શાંતિમાં રહો. એટલે આ લહર જતી રહેશે. "

રાજારામ અંદર ગયા. ભક્તાજી તેમનો હાથ ઝાલી પરાણે અંદર ખેંચી ગયો. હવે જોત્યાજી આંખો લૂંછતો તેમની પાછળ પાછળ જવાના ઉદ્દેશથી બહાર નીકળ્યો. એટલામાં એક દાસી સામેથી ભપકાબંધ બનીઠની જતી હતી તે રસ્તામાં આવી. જોત્યાજીએ તેને ચુકવવાની તજવીજ કરી, પણ તે તો બડી ઉસ્તાદ હતી ! તુરત જ તેણે તેને અટકાવ્યો.

" ચુગલી, ચાલ દૂર થા ! શું ત્હને મ્હોટા મહારાજે છોટા મહારાજ પાસે રાખી છે માટે બહુ ચઢી જાય છે ! અરે, ચુગલી, તેં દેશનું સત્યાનાશ વાળ્યું છે. ચુગલી, તું કેટલી સુંદર છે ! કેવી મધુર છે ! જાણે કેવળ સાકર ! એંસી વર્ષનો ડોસો પણ તને જોઇને પલળી જાય છે ! પણ તું કોણ ! દેશનો નાશ કરનાર ! ઘરને ભસ્મીભૂત કરનાર ! જાતિને ભ્રષ્ટ કરનાર ! કુળનું નામ બોળનાર ! ચુગલી ! અમારા મરાઠાઓમાં ત્હારો વંશ જ ન રહેવો જોઇએ ! "

"ઠીક, ઠીક, યાદ રાખજો, આ ચુગલી છે! ચુગલીના સપાટામાંથી છુપાઇને ક્યાં જવાના હતા? ગમે તેમ કહો!"

"હવે શું કહું? ચુગલી, લક્ષમાં રાખજે કે, શૂર્પણખાની પેઠે ત્હારા સૌંદર્યના બળ પર અમારો અધઃપાત કરવા તું તૈયાર થઇ હોઇશ, પૂતનાની માફક ભોળા બંધુઓને તું દગો કરવા ઇચ્છતી હોઇશ, પણ ત્હારૂં નાક, કાન કાપનાર લક્ષ્મણજી, શ્રીકૃષ્ણચંદ્ર જેવા, ભગવાન રામચંદ્રજી, નંદ–યશોદાનું રક્ષણ કરતા હશે ત્યાં સુધી મરાઠી રાજ્યનો વાળ પણ વાંકો નહિ થાય. ચાલ, દૂર થા, વેગળી જા, મહારાજ આવે છે. મ્હારે તેમને મળવું છે."

જોત્યાજીએ રાજારામ તરફ જોયું. રાજારામ બાળ શિવાજીના કાલા કાલા શબ્દો સાંભળતા હતા અને તેની સાથે નિર્દોષ રમત રમતા હતા. જોત્યાજી બિચારો ગભરાયો. મહારાજને શું કહેવું એ વિચારવમળમાં તે ગુંચવાવા લાગ્યો. તે મનમાં જ બોલવા લાગ્યોઃ "અરે, ખંડોજીને હું રૂક્ષ જીવ છું એમ કહી આવ્યો છું પણ મ્હારા પગ કેમ પાછા પડે છે? છાતી કેમ ધબકે છે? અરેરે, બાળ શિવાજી કેવાં ગેલ કરે છે?"

છેવટે હૃદય કઠિન કરી જોત્યાજી રાજારામ પાસે ગયો. રાજારામે તેને જોઇ કહ્યુંઃ "કોણ જોત્યાજી? અરે ભક્તાજી, બાબાસાહેબને પેલા આબાસાહેબના લોખંડી મલખમ પર લઇ જઇને રમાડ. કેમ જોત્યા, એકલો કેમ? દાદાસાહેબ કુશલ છે કે?"

"મહારાજ, આ ચુગલી પાછી અહીં આવી. એને કાઢો!"

"અરે, જોત્યાજી, એતો મહારાજની ખાસ પ્રિય દાસી છે ને?"

"બસ કર ભક્તાજી, આપણી પડતી સ્થિતિમાં સ્વામીનિષ્ટ સેવકોએ ચુગલીને દૂર જ રાખવી જોઇએ. નહિ તો પ્રસંગોપાત એનો જ મોહ સર્વના કાળરૂપ થશે. જા, લુચ્ચી! હમણાં અમને એકજીવ થવા દે. લઇ જા, ભક્તાજી એને અહીંથી."

"જોત્યા, ત્હારા જેવા સ્વામીનિષ્ટ સેવકો છે તો પછી અમારી પડતી કેવી? અરે, મ્હારા બાળ શિવાજી, મ્હારા લાડકા, તું એ પડતી અટકાવી દઇશ કે? બાપનું કલંક ધોઇશ કે? દાદાસાહેબ, દેશના કલ્યાણ માટે આબા

સાહેબે તુરંગવાસ સ્વીકાર્યો હતો, ત્યારે આપ માત્ર નિરર્થક ખાડામાં પડો છો અને અમારા પગ બાંધી રાખો છો.”

“ મહારાજ... !”

“ જોત્યા, કુહાડીનો દાંડો પોતાના જ કુલનો નાશકારક નીવડવાથી કોનું કલ્યાણ થયું છે ? ધ્યાનમાં રાખો દાદાસાહેબ, પુરંધર કિલ્લાના કુટુંબ ક્લેશમાં, આબાસાહેબે તે ભાઇઓની કેવી અવસ્થા કરી હતી ? ”

“સરકાર, રાજારામ સાહેબ, હવે ખેદ કરવાનો સમય નથી. લો, આ થેલી.”

“ એ થેલી લેતાં મ્હારો હાથ કેમ કંપે છે ? ”

“ મહારાજ એમાં શું છે ? સરકાર, હવે મરાઠી રાજ્યનો આધાર બાળ શિવાજી અને આપના ઉપર જ છે. ”

“જોત્યા, મ્હારૂં હૃદય કેમ ફાટ ફાટ થાય છે ? જોત્યા, અંધકાર કેમ ફેલાય છે ? ”

“ મહારાજ, આ સમય ગભરાવાનો નથી. ઉઠો, તૈયાર થાઓ. દાદાસાહેબનો દુષ્ટ મોગલોએ વધ કર્યો ! ”

“ દાદાસાહેબનો વધ ? શું કહે છે ? હાય દૈવ ! ભાઇનો વધ ? અરે વધ ! મરાઠાઓ પર પરમેશ્વર કોપ્યો રે કોપ્યો ! અમારો પાલક આ જગતમાંથી ગયો ! આબાસાહેબ, આબાસાહેબ, અમારે હાથે આપનું કાર્ય પૂર્ણ થવાનું નથી એજ કે બીજું ? માતુશ્રી, કાતિલ અંતઃકરણે દાદાને શાપ તો નહોતો દીધો ? બચ્ચાંને માળામાં રહેવા દઇ કોઇ પક્ષી માળો સળગાવે ખરૂં કે ? કમનશીબ રાજારામ, ચંડાળ રાજારામ, ત્હારા જ મુખમાંથી વેરના અભદ્ર અક્ષરો નીકળતા હતા ને ? એવા ઘાતકી વિચારોનું ઝેરી વિષ દાદાના મર્મસ્થાને તો લાગ્યું નહિ હોય ? ”

“ કાકા એમ શું કહો છો ? ” બાળશિવાજી બાજુમાં રમ્યા કરતો હતો તેણે રાજારામની આવી સ્થિતિ જોઇ કહ્યું.

“ બેટા, તને દૂધ આપનારી ગાય આજે જતી રહી છે ! જોત્યા, દાદાસાહેબનો મોગલોએ વધ કર્યો ? શું મરાઠાઓની તલવારો તે વખતે કટાઇ ગઇ હતી ? શું મરાઠાઓએ ચુડીઓ પહેરી હતી ! મરાઠાઓએ શું બુરખો પહેર્યો હતો ? શું મરાઠાઓ બાયલા બન્યા હતા ? જોત્યા તેં હમણાં

શું કહ્યું ? મોગલોએ દાદાસાહેબના હાલ બેહાલ કર્યા. તેમણે તેમની ચામડી ઉતારી ! અરે, આ જોત્યાની ચામડી ઉતારો ! સ્વામીને ત્યજી ન્હાસી આવનાર આ કાળમુખાની જીવતાં ચામડી ઉતારો ! ના, ના, વેરની ભાષા બોલનાર આ જીભના કકડા કરો. "

" મહારાજ, દાદાસાહેબનો છેવટનો સંદેશ સાંભળો, શોકને શાંત કરો અને સાંભળો ? તેમણે કહ્યું છે કે: " ' રાજારામ, મ્હેં ત્હારા અસંખ્ય અપરાધ કર્યા છે. મરાઠાઓના અભિમાન માટે તે તું ભુલી જા ! દેશના કલ્યાણને માટે તે વાત મનમાંથી કાઢી નાંખ. આબા સાહેબના કાર્યની ખાતર તે બધું વિસરી જા ! સમર્થની ધર્માજ્ઞાથી ક્ષમા કર ! સર્વ મરાઠાઓને કહે કે ધર્મ માટે મ્હેં મ્હારો પ્રાણ ગુમાવ્યો છે ! "

" હાય, રાજારામ ! જો પ્રલ્હાદ પંત આવ્યા ! અરે દેવી યેસુ ! "

" કેવો અનર્થ મહારાજ ! મરાઠાઓનું કમભાગ્ય ! મરાઠાઓના ઉદયને દૃષ્ટિ લાગી. આફતકાળે ચોતરફથી સંકટનાં વાદળ ધસી આવે છે. સાવધ થાઓ, સાવધ થાઓ, સરકાર. "

" પ્રલ્હાદપંત, પેલા હીરકણી શિખર પર ચાલો; ત્યાંથી હુ નીચે કેવી રીતે ગડબડતો જાઉં છું તે તમને બતાવીશ. "

"મહારાજ, હવે ત્રાગો કરવાની કે ભાન ભુલવાની વેળા નથી. ઉઠો. છેવટનો આશા અંકુર પણ શત્રુ ઉખેડી નાખશે. ખરો મરાઠો સંકટના સમયે હતાશ થતો નથી. તે તો હમેશાં સમુદ્ર પ્રમાણે શાંત અને ગંભીર હોય છે, તે જગતને બતાવી આપો. હવે રૂદન કરવાથી શું વળશે ? દાદાસાહેબની ઉત્તર ક્રિયા કરવી છે ને ? "

"શું, દાદાસાહેબની ઉત્તર ક્રિયા મ્હારેજ કરવી પડશે ? આબા સાહેબની મ્હેં કરી, મા સાહેબની પણ મ્હારાજ હસ્તે થઇ અને દાદાસાહેબની પણ મ્હારેજ હાથે ! સર્વને બદલે મ્હારૂં મરણ કેમ થતું નથી ? પ્રલ્હાદપંત,* બેસવાની ડાળ તૂટી પડી ! પરાક્રમ પૂર્ણ થયું ! મરાઠાઓનો ભાગ્યરવિ અસ્ત થયો. "

* નિરાજી રાવજી નામક શિવાજી છત્રપતિના સમયે જે ન્યાયાધીશ હતા તેમના પુત્ર. એ પ્રથમ કર્નાટકમાં વેંકોજી પાસે અને પછી ગોવળકોંડાના દરબારમાં શિવાજી મહારાજના વકીલ હતા.

"શું બોલો છો સરકાર ? શહાજી રાજા કેદી થયા, તેથી શું આબાસાહેબ નિરાશ થયા હતા ? શહાજી રાજાએ કૈલાસવાસ કર્યો તેથી શું મહારાજ બેભાન થયા હતા ? અરે ! આબાસાહેબજ આગ્રાના કારાગારમાં પડયા હતા તેથી શું મરાઠાઓનું કાર્ય અટકી પડયું હતું ! આપણે સર્વ આબાસાહેબના (શિવાજી છત્રપતિનાજ) પટ્ટશિષ્યજ છીએ પછી શું ? આબાસાહેબે ઉત્પન્ન કરેલા સ્વરાજ્યપ્રવાહને આપણે શતમુખે વહેવરાવીશું. ત્યારેજ છત્રપતિના આદેશનો ઉપયોગ કર્યો ગણાશે ! ઉઠો ! જોત્યા જેવો વીર, મહારાજનું શિર ચંડાળોના હસ્તમાંથી પડાવી લાવ્યો છે, એ એક શુભ શકુન છે. એજ ઇશ્વરી પ્રસાદનું પ્રથમ ચિહ્ન–એજ પુરૂષત્વની હદ, ચાલો, આપણે દેવી યેસુને આશ્વાસન આપીએ. તે વીરપત્ની છે તેને સાથે રાખી આપણે ભાવિ યોજના કરીશું. હઝારો સંકટો તૂટી પડે અને જ્યાં ત્યાં અંધકાર પ્રસરી રહે તો પણ ખરા મરાઠા તેનાથી લય પામી જતા નથી. તે તો સર્વ સમયે અપૂર્વ ઉત્સાહથી આગળ વધે છે એવું જગતને જાણવા દો. હવે મહારાજના શિરનું પૂજન એજ ઘેરઘેરનો દીપોત્સવ–એજ શંભુ મહાદેવનું યજન, ભજન અને પૂજન ! ઉઠો, ઉઠો, રાજારામ પ્રભુ, ઉઠો ! ઉભા થાઓ." તમારે માટે નહિ, તમારા બાળબચ્ચાંને માટે નહિ, તમારા પત્ની પુત્રને માટે નહિ પણ તમારા દેશને માટે, તમારા સ્વદેશબંધુઓનાં બાળબચ્ચાંને માટે, તમારા દેશની પતિવ્રતા–સતી–સાધ્વી રમણીરત્નોને માટે, અને અંતે મહારાષ્ટ્રી ભૂમિની સ્વતંત્રતા અખંડ રાખવાને માટે ઉઠો, ઉભા થાઓ, કર્તવ્ય બજાવો.

પ્રકરણ ૮ મું.

જગદીશ્વરના દેવળમાં!

पोहोणारे बुडते तारावे। सामर्थ्यें बुडों नेदावे।
मूर्ख ते शाहाणे करावे। विवेकी पुरुषें ॥* (रामदास)

માંતુશ્રી યેસુબાઇપર આવેલો દુઃખદ પ્રસંગ જાણી સરદારો, વતનદારો, જમીનદારો અને સગાં સ્નેહીઓ કીડીની હાર પ્રમાણે ગઢપર દેવીને મળવા આવતા હતા. જાણે એક કોઇ જાતનો હુમલો ન હોય! આ મેદનીમાં એક સાધુએ આવી ગઢપર જગદીશ્વરના દેવાલયમાં ધુણી સળગાવી અડ્ડો જમાવ્યો હતો. તે સાધુવર્યશ્રી પોતાને આનંદ મૂર્તિનો શિષ્ય કહેવડાવતો હોવાથી તેની કોઇએ કશી તપાસ કરી નહિ. કારણકે આ વખત મહારાજના ક્રિયાકર્માંતરનો હતો. સર્વ મનુષ્યો પોતાના હૃદયમાં ખિન્નતા ધારણ કરી રહેલાં હતાં. જ્યાં ત્યાં હાહાકાર પ્રવર્તી રહ્યો હતો!

સાધુવર્ય પ્રાતઃકાળે ગંગા સાગરમાં સ્નાન કરતા, મધ્યાહ્નકાળે છત્રી-નિજામપુર ગામમાં કોઇ એક ઘેર ભિક્ષા માટે વ્યવસ્થા કરતા અને ત્યાર પછી પ્રહર રાત્રિ સુધી જગદીશ્વરની સમક્ષ ભજન કરવામાં સમય નિર્ગમન કરતા.

હમણાં હમણાં તેમના દર્શન માટે કેટલાક મનુષ્યો આવતાં થયાં છે, તેથી તેમનું આમતેમ ભ્રમણ પણ થતું હતું. સંભાજીના દશમાનો વિધિ હમણાંજ પૂર્ણ થયો હતો. તેથી દુઃખ દર્શાવવા આવતા લોકો સ્વાભાવિક

---

* વિવેકી પુરૂષે મૂર્ખને ડાહ્યા બનાવવા અને તરનારા મનુષ્યે પોતાના સામાર્થ્યથી બુડતાને તારવા જોઇએ.

રીતેજ જગદીશ્વરના દર્શન માટે આવતા અને દર્શન કરી બે ઘડી સાધુ પાસે પણ બેસતા. આવી રીતે બેસનારાઓમાં સૂર્યાજીપિસાળ નામનો એક પાટીલ–પટેલ સાધુ મહારાજનો ભાવિક ભક્ત બનેલો હતો. એક દિવસ સાધુજી વહેલા પ્રાતઃકાળે સ્નાન માટે નીકળ્યાં. રસ્તામાંજ ભૂપાલ પ્રભાતીયાં–નો મંજૂલ ધ્વનિ તેમના કર્ણપર આવવાથી એક ઝાડ પાછળ રહી ધ્વનિ ક્યાંથી આવે છે તેની પ્રતિક્ષા કરવા લાગ્યા.

" कृष्णा वेण्या तुंगभद्रा सर्यू कावेरी नर्मदा;
भीमा भामा मुख्य गोदा, स्तवन कारिती गंगेचे. "

એવો મંગલ પ્રભાતનો મંજૂલ સૂર વાતાવરણમાં ઘુમવા લાગ્યો. એ મિષ્ટ સ્વર સાંભળતાં બાવાજીની ચિત્તવૃત્તિ ઉછળવા લાગી.

એટલામાં સફેદ વસ્ત્ર પહેરેલી એક યુવતી સ્નાન કરી પવિત્ર થઇ જગદીશ્વરના દેવાલય તરફ વળી. પ્રભાત સમયે સ્ફટિક શુભ્ર ચંદ્રપ્રભામાં સફેદ વસ્ત્ર ધારણ કરી તે દેવી જતી હતી તેથી ચંદ્રિકાજ ચંદ્રને છોડી શ્રી શંકરનાં દર્શન કરવા જાય છે કે શું? અને તેથીજ નિસ્તેજ થતાં ચંદ્રની આબરૂ રાખવા માટે એક વાદળાએ તેને પોતાની પાછળ સંતાડયો છે કે શું એવો ભાસ થતો હતો !

યુવતી સીધી દેવળમાં ચાલી ગઇ. નિત્યક્રમ પ્રમાણે તેણે નંદાદીપની દીવેટ સંકોરી. નંદાદીપ ચાંદીનો મનુષ્ય જેટલો ઉંચો હતો. ત્યાર પછી તે જમીનમાં બેસાડેલા પત્થર તરફ ખુણામાં ગઇ. આ પત્થર તે એક મ્હોટી શીલાજ હતી. તેના પર ચંદન ઘસી તેણે શંકરનું ભાવપૂર્વક પૂજન કર્યું.

આટલું થયા પછી તેં શુભાંગીએ ત્યાંથીજ એક વીણા કાઢી અને મધુર કંઠે **" सत्यज्योति लिंग बारा । प्रातःकाळों स्मरण करा. "** એ પ્રભાતીયાનો આલાપ શરૂ કર્યો. એ મધુરભાષિણીના મૃદુ કંઠમાંથી નીકળતા, વાતાવરણમાં તરંગ પ્રસારનારા રાગની એક એક કળા ચઢતી જતી હતી, તે સાથે ઉદયાચળે ભગવાન રશ્મિકાન્તની એક એક કળા ઉદ્ભવતી જતી હતી; અને આપણા સાધુવર્યના અંતરોદ્યાનમાંનું હૃદયકમલ ક્ષણે ક્ષણે પેલી મહાશ્વેતાના મંજૂલ કંઠમાંથી નીકળેલા આરોહ, અવરો-

હના આંદોલનની લહરી સાથે સંકોચ–વિકોચ પામતું હતું.

જુઓ હવે તે દેવકન્યા બહાર આવી છે. હવે તે ગઢના પેલા હીરકણી શિખરની તરફ વળી છે. ઘણું કરીને તે સોયરાબાઇની સમાધિ તરફજ જતી હોવી જોઇએ. આપણા સાધુ મહારાજ પણ સાવચેતપૂર્ણ રહી ધીમે ધીમે મંદ પગલે તેની પાછળ પાછળ જાય છે. રસ્તામાં તે મનમાંજ બોલ્યા. "આ શો ઘોટાળો છે? રાજકુંવર જીવે છે? કે પિશાચરૂપે આ સ્થળે ભમે છે? શું હું સ્વપ્ન જોઉં છું? અવાજ તો તેનોજ! અવશ્ય તેનો! આ સ્વરૂપ રાજકુંવરનુંજ! મ્હારી આગળ ચાલે છે તે રાજકુંવરજ! ત્યારે એ ભૂરોડના છાપામાં મ્યાનામાં મરણ પામી નથી?"

"આ ભગવાં એને માટેજ પહેર્યાં છે ને? બાતમી કાઢવી હોત તો શું બીજે વેષે ન કાઢી શકયો હોત? રાજકુંવરને મૃત્યુ પામેલો સમજી મ્હારી ચિત્તવૃત્તિ તદ્દન બેહોષ બની; તેથી ધાર્યું કે હવે પ્રતિજ્ઞા કોને માટે? સંસાર નષ્ટ થયા પછી અભિમાન કોને માટે? હવે માન મરતબો કોને સારૂ? એવા કાયર વિચારોથી હું કંટાળી ગયો. મ્હને જગત્ શૂન્ય જણાવા લાગ્યું. ઐશ્વર્ય ભયંકર લાગવા માંડયું. હું ભ્રમિત બન્યો, પાગલ બન્યો, બાવો બની જંગલે જંગલ "રાજકુંવર, રાજકુંવર," એવા પોકાર કરતો નીકળ્યો. નિરાશાના આવેશમાં ભટકતો ભટકતો ઇચ્છા વિરૂદ્ધ રાયગઢપર આવ્યો. મ્હને લાગ્યું કે; રાજકુંવરની ઇચ્છા અતૃપ્ત રહી હશે તે પિશાચરૂપે પણ મ્હને મળશે. અરે, છેવટે મ્હારો પુત્ર તો મ્હારી દૃષ્ટિએ પડશે! તેના દર્શનથી તો રાજકુંવરની પ્રતિમા મ્હારા હૃદયાકાશમાં સ્પષ્ટ થશે? એજ–એટલીજ આશાથી મ્હારા પગ જગદીશ્વરને શરણે આવ્યા."

"આજે પાંચ છ રાત્રીથી હું સુખસ્વપ્નોમાં યથેચ્છ તરૂ છું. એક બે દિવસથી મ્હને સ્વપ્નમાં શ્રી અંબિકા શંકરનાં ચરણ પૂજતી જણાઇ. પૂર્વના સુખાનુભવના મીઠા સ્મરણથી હું તે સ્વપ્નમાંથી વચ્ચેજ ચમકી ઉઠું છું અને જોઉં છું તો ખરેખર કોઇ જગદીશ્વરના બાણ પાસે બેઠેલું જણાય છે. પુનઃ તેજ સ્વપ્ન, પુનઃ તેજ ચમક અને પુનઃ તેજ દૃશ્ય! એક દેવ કન્યા પિંડીપર પુષ્પાંજલિ સમર્પે છે. એવું એક દિવસ જોયું, બે દિવસ

જોયું. પછી સર્વ રાત્રિ જાગ્રત રહી નિર્ણય કરવાનો નિશ્ચય કર્યો. પણ બને છે એવું કે સહજ માથું હાલતાંજ ગાઢ નિદ્રા ચઢી બેસે છે. કદી કોઇ મ્હારા નાક આગળ કંઇ ધરે છે એમ લાગે છે તો કદી સૂર્યોદય પહેલાં કોઇ આવીને પૂજનની તૈયારી કરે છે એવો ભાસ થાય છે. કદી પેલા ખંડોજીની આછી મૂર્તિ નજરે આવે છે તો કદી કોઇ પાછળ પડયું છે કે શું એમ લાગે છે."

"ગમે તે હો. આજે હું પુરો નિર્ણય કરવાનો નિશ્ચય કરી જાગતો બેઠો. કંઇ પગરવ સંભળાયો કે નિદ્રાનું મિષ કરી પડી રહ્યા. વળી બહારથી નિદ્રિત પણ અંદરથી જાગ્રત એવી સ્થિતિમાં રાત કાઢી અને પ્રભાતના સૂરથી ગાંડો બની બહાર આવ્યો તો આ આકૃતિ ગંગા સાગરના સરોવર તરફ જતી જણાઇ. ગમે તેમ હો, એ પિશાચ છે કે રાજકુંવરે, તેની આજ ચોક્કસ ખાત્રી કરીશ. તેના સ્મરણથી મ્હારૂં ચિત્ત કેવું ભમી જાય છે, દીન થાય છે! જીવનનાં સર્વ સ્મરણ દૂર થઈ ફક્ત એકજ સ્મરણ દૃષ્ટિ આગળ ખડું થાય છે. શું કરૂં ?"

સાધુવર્ય આવોજ ગણગણાટ કરે છે તેટલામાં તેમની દૃષ્ટિએ કંઇ પડયાથી તે ચમકયા, પણ મનુષ્યના મનને ગમે તેવો આંચકો લાગ્યો હોય તદપિ નુપૂરનાં ઝણઝણ રવના વિદ્યુત પ્રવાહી મોજાંનો સ્પર્ષ થતાંજ તેનું નવ જીવનમાં રૂપાંતર થાય છે. આપણા સાધુજીની પણ તેવીજ કંઇ સ્થિતિ થઇ.

આપણી પ્રભા દેવી; સોયરાબાઇની સમાધિ પાસે આવી પહોંચી અને તે સાથેજ તેણે સમાધિને અશ્રુવારિથી ભીંજાવા નાંખી: કરૂણારસની મૂર્તિને ટપકતી જોઇ તે અદૃશ્ય થઈ જશે કે શું એ ભયથી કે કોણ જાણે શાથી, સાધુવર્ય ગદગદિત કંઠે બોલી ઉઠયાઃ "રાજકુંવર !"

"કોણ ?" કરૂણાદેવી ચમકીને બોલી. આ વખતે ઉષાદેવીએ પોતાના રક્તકોમલ હસ્તે તેનું મુખ પંપાળ્યું હતું કે શું ? તેનાં નેત્રમાંથી અત્યાર-સુધી એકત્ર થએલો અશ્રુપ્રવાહ વેગપૂર્વક બહાર નીકળવા લાગ્યો.

"રાજકુંવર." સાધુવર્યે પુનઃ હાંક મારી.

"કોણ? તમે કોણ છો? આપ કોણ છો?"

"હું એક સાધું છું. હમેશ આ સમાધિ પાસે હું એક ભજન ગાઇ જાઉં છું. આજે મ્હને મોડું થયું લાગે છે. નહિ તો આપણે આ વખતે મળી શકત નહિ!"

"તમે તમારૂં ભજન ભલે ગાઓ. મ્હારૂં કાર્ય પૂર્ણ થવા આવ્યું છે."

સાધુવર્ય ભજન બોલવા લાગ્યા. ભજનમાં તેમની વૃત્તિ એટલી તો તલ્લીન થઇ ગયેલી જણાતી હતી કે જાણે હવે તેમને આ જગતનું ભાનજ ન રહ્યું હોય એવો ભાસ થતો હતો. તથાપિ વચ્ચે વચ્ચે તે ઉદ્વિગ્ન ચિત્તે પેલી દેવીના મુખ તરફ સૂક્ષ્મ દૃષ્ટિથી જોતા હતા. કેમ જોતા હતા તેતો કોણ જાણે? દેવી હવે પોતાના રસ્તે વળી પણ, પેલું ભજન સાંભળતાં તે એકાએક સ્તંભિત થઇ ગઇ. એ જોઇ સાધુજી પોતાનું ભજન પુનઃ જોરથી લલકારવા લાગ્યા.

બાવાજીએ ભજનને જેમ જેમ ચઢાવવા માંડયું તેમ તેમ તે ઉપારમણી તેજ સ્થાને અચળ થતી ગઇ. મધુર બંસીના સુરથી મોહ પામી વનમાં ગાયો ગાંડી બની ઉંચા મસ્તકે કાન માંડે છે અને ભાન ભુલી જાય છે તેવીજ આપણી દેવીની સ્થિતિ થઇ. કેટલીક કડીઓ ગવાયા પછી તે સંકુચિત મુદ્રાએ પાછળ જોવા લાગી. સાધુવર્યે એક ભજન પુરૂ કર્યું. બીજું શરૂ કર્યું. તે સાંભળતાં આપણી દેવી એટલી તો વ્યાકુળ બની ગઇ કે, તેની તે વ્યગ્રતા જોઇ સાધુવર્યને આનંદ થયો હોય તેમ લાગ્યું. નાગને ડોલાવતાં મદારીને કેવો આનંદ થાય છે?"

"તેજ ભજન, તેજ કવન! અરે પ્રભુ, તેજ અવાજ! પહેલી ભેટ વખતે પ્રાણનાથે એજ કવન ગાઇ મ્હને ખુશી કરી હતી. અહાહા! એ મેં કેટલીએ વખત પુનઃ પુનઃ ગવડાવ્યું હતું. પણ, એ કોણ? હું શું જોઉં છું? દાઢી કાઢી નાખી! કોણ? આપ કોણ? મ્હારા પતિદેવ? મ્હારા પ્રાણેશ?"

"હા, રાજકુંવર, તું જીવે છે? હુંજ રાજકુંવરનો પતિ! તું જીવતી ક્યાંથી?"

"હું જીવતી નથી તેમ હું પિશાચ પણ નથી એ ખરૂં છે! મહારાજ, તમે લગ્નગ્રંથીથી બંધાયલા મ્હારા પતિ? મહારાજ, આપના અંતઃકરણનું શુદ્ધ લગ્ન થયું છે ને?"

"રાજકુંવર, શું કહે છે? તું પિશાચ નથી તો પિશાચ જેવું બોલે છે કેવી રીતે? પ્રાણપ્રિયા, આવ, આમ આવ........."

"હાં! સંભાળો! ભ્રષ્ટ થયેલી જીભે ગૌબ્રાહ્મણ પ્રતિપાલકની કન્યાને પતિત કરવાનો પાપી પ્રયત્ન ન કરતા. હાય! નાથ, અર્થ અને કામ સાથે મોક્ષ અને ધર્મનો માર્ગ સાથેજ રાખવા માટે દેવબ્રાહ્મણોએ આપણને સાત પગલાં ભરાવ્યાં હતાં ને? તે સાત પગલાંના પ્રવાસની દિશા આપે છોડીજ દીધી ને? અરે, તમે તો કલંકિત જંગલમાં પ્રવેશ કર્યો, ત્યાં હું તમારી સાથે કેવી રીતે આવું? અને તમને આગળ પણ કેમ જવા દઉં? જાણી જોઇ મોહમાં અંધ બની આપજ આપના હૃદયમંદિરનો દીપક બુઝાવી કટકમય પ્રદેશમાં ઠોકરો ખાઓ, ત્યાં હું પોતેજ મ્હારા દેહની દુર્દશા કરી લેવા તમારી પાછળ કેવી રીતે આવું? મ્હારા દેહને પડતા કષ્ટનો મ્હને ભય નથી! પરંતુ તેનો દુરૂપયોગ કરવા હું તત્પર કેમ થાઉં? શું મોગલોની સેવામાં આ આર્ય રક્તનો ઉપયોગ થાય? હા, તમે મ્હારા પતિ! તમારી આજ્ઞાને આધીન રહેવું એજ મ્હારૂં કર્તવ્ય! પરંતુ પતિનો પણ જે પતિ પ્રભુ તેની આજ્ઞાનું ઉલ્લંઘન પણ કેમ થઇ શકે? હૃદયદેવ, પ્રાણેશ, મ્હારૂં કર્તવ્ય તો એજ છે કે, તમને પકડી રાખી યોગ્ય માર્ગે લઇ જવા! એજ નારી ધર્મ! શું પાપી પતિની દુરેચ્છાને આધીન થઇ મ્હારા સ્વદેશની સ્વતંત્રતાને વિધર્મી મોગલોને સોંપી દઉં? દેહના અને દેશના ધર્મને ડૂબાડી દઉં? શું આત્મસ્વાતંત્ર્યને રસાતળે પહોંચાડું? પ્રાણેશ, કર્મથી હું તમારી સાથે બંધાયલી છું ખરી, પણ ધર્મથી, વિદ્યાથી, આત્મ પરીક્ષાથી તે બંધનમાંથી હું કયારનીએ મુક્ત થઇ ગઇ છું. સ્વામી, મ્હેં તમારા હાથમાં હાથ મુક્યો તે એકના સુખ માટે નથી મુક્યો. આપણી પાછળ પુત્ર, પુત્રી, ભાણેજ, ભત્રીજા વગેરે સગાં સ્નેહિઓને આપણા અનિષ્ટ, દેશદ્રોહી કર્મનું ફળ આપતાં પહેલાં શું વિચાર કરવો જોઇતો નથી? પ્રાણેશ્વર, તમારાં દુષ્કર્મનું

પરિણામ તેમનું જીવન દુઃખમય બનાવી દેશે તેનો કંઇ વિચાર કર્યો ? ”

“ રાજકુંવર ! મ્હેં એવું શું કર્યું છે કે તું મ્હને ભ્રષ્ટ માને છે ! કહે, શું મ્હેં દેશભક્ત, દેશહિતેચ્છુ, અરે ! દેશને માટે આત્મોત્સર્ગ કરે તેવા સ્વામીભક્ત અષ્ટપ્રધાનોને દેહાંત દંડ આપ્યા છે ? કહે, મ્હેં માલસાવંત, બાપુજી ભાઉરાવ, સૂર્યાજી કાળેનાં મસ્તક ઉડાવ્યાં છે ? કહે, રાજકન્યે ! કહે, શું સોમાજીનાયકને મ્હેં ઉંચી ટેકરી પરથી ગબડાવી પાડયો છે ? બોલ, છત્રપતિ બાળા ! વિચાર કરીને બોલ, શું પરમપૂજ્યના વિશ્વાસુ બાલાજી આવજીને તેની દૃઢ નિષ્ઠાનાજ પાપ માટે પુત્રોસહ હાથીને પગે મ્હેં બાંધ્યા હતા ? શું અણ્ણાજીદત્તોના રક્તમાં મ્હેં સ્નાન કર્યું હતું ? શું સાવકા બન્ધુના પગમાં મ્હેં બેડી ઠોકી હતી ? શું મ્હેં સાવકી માતાના—ગોબ્રાહ્મણ પ્રતિપાલકની ભાર્યાના હાલ બે હાલ કરી, કરપીણ કૃત્ય કર્યું હતું ? હાય ! પ્રાણસખે ! બરાબર નેત્ર ઉઘાડી જો ! ત્હારા જ એક વખતના પતિનાં આપ્તજનોનો નાશ કોણે કર્યો, તે જો અને પછી મ્હારૂં અપમાન કર. તને નથી લાગતું કે, એવા દુષ્ટની ચામડી ઉતરડી નાખવી એજ યોગ્ય છે ! તને નથી લાગતું કે, એવા કર્મચંડાળનાં નેત્રો તપાવેલા સળીયાથી ખેંચી કાઢવાં જોઇએ !”

“ બસ કરો, શીરકે કુલ ભૂષણ, સબૂર કરો. કબુલ ! એજ શિક્ષા તમારે પોતે કરવી હતી ને ? પતિદેવ, મ્હારી નણંદે તમારી જ સહાયથી મ્હારા ભાઇને, તેના પ્રિય પતિને, તેના હૃદયકમલને, કુવર્તનમાટે શાસન કરવાનો શું પ્રયત્ન નહોતો કર્યો ? તમે તે માર્ગ કેમ ત્યજ્યો ? આર્ય કુલને ઉજ્વલ બનાવવા કેમ ? તમે દેશને ડુબાડવામાંજ તમારી કર્તવ્યતા માની લીધી છે ને ? ઝાડની ડાળીને ઉધાઇ લાગે તો તે માળીએજ કાપવી જોઇએ ! શું તેણે તેટલા માટે બીજા પાસે આખા બાગને સળગાવી મુકાવવો એ કર્તવ્ય છે કે ? એ ઉદ્ધાર કર્તા છે કે ? અષ્ટપ્રધાનોએ દાદાસાહેબને પનાળગઢ પર કેમ અટકાવી રાખ્યા હતા ? ખૂદ આબાસાહેબે જ એવું કર્યું હતું ને ? ”

“ હૃદયેશ ! શત્રુના મિત્ર બની જઇ સ્વજનોનો ઉચ્છેદ કરવાના દ્વેષપિશાચને આધીન થયા છો ને ? સ્વચ્છંદે—સ્વતંત્રતાના સુરમ્ય ઉદ્યાનમાં

અરે સર્વ વાતાવરણમાં પક્ષીઓની માફક વિચરતા મરાઠા બંધુઓના પગમાં પરતંત્રતાની લોખંડી બેડી અને તે પણ મ્લેચ્છને હાથે જડાવવા માટે જ કમર કસી છે ને? કાન્ત, લક્ષમાં રાખો કે, સતીના પાતિવ્રત્યનું ભક્ષણ કરનાર, વિષયાંધતાથી તેના પર દૃષ્ટિ કરનાર પાપીનાં ચક્ષુ ખેંચી કાઢ્યાં, અને માતાને દુઃશબ્દોથી સોયાની માફક કોચતી જીભના રાઇ રાઇ જેટલા કટકા થયા, તે પણ યોગ્ય થયું હશે ! પ્રભુ, ધ્યાનમાં રાખો કે, ભાઇઓના રક્તથી સ્વરાષ્ટ્રને રક્તપ્રવાહનાં પીતાંબર પહેરાવનારના રક્તથી ઇંદ્રાયણી ભીમાનો સંગમ રક્તમય થયો હશે, તો તે પણ વ્યાજબી હશે: પરંતુ પ્રિય, ભાઇએ જે સ્વાર્થ માટે આવાં ભયંકર અપરાધ કર્યા, તે કરતાં પણ અધોગતિનો, અધઃપાતનો અને અતિ નિંદનીય એવો અપરાધ તમે કેવળ સ્વાર્થ માટે–નરકવાસ કરાવનાર સ્વાર્થને માટે–કર્યો છે. પ્રાણાત્માં ! આબાસાહેબના પારિજાતક જેવો મ્હારો બન્ધુ જ્યારે સડો પ્રવર્તાવનાર હતો, ત્યારે તે સડો તમારા જેવા સ્વજનોએ દૂર કરવો જોઇતો હતો. તો જ આપદ્ધર્મે તમને નિર્દોષ માનત ! એમ કર્યું હોત તો શ્રાવણ માસમાં તે પારિજાતક પુનઃ પોતાની સુગંધથી સર્વને મસ્ત બનાવત. પણ નિર્દય પતિ ! તમે દુષ્ટ યવનોના હાથે તેજ વંશવૃક્ષને મૂળ સાથે ઉખેડી નાખવાનું પુણ્ય મેળવવા તત્પર થયા છો, તે માટે શું કહું ?

“હાય ! પાંચ હઝાર સ્વારના સરદાર, બાદશાહી સરદાર, અરે, યવનોના દાસ ! પૃથ્વીરાજ ચહુઆણનો નાશ કરવામાં કનોજ પતિની શી સ્થિતિ થઇ હતી તે યાદ છે કે? ઉમદતુલ અષવાહ વલ આયાતન–સર્વ ઉમરાવોમાં મહત્વ પ્રાપ્ત કરનારા ગણોજી રાવશીર્કે, જયસિંગ, રામદેવ એ પિતાપુત્રોનાં મનજ માત્ર ભ્રષ્ટ થયાં હતાં. શરીરે તે બાદશાહના ગુલામ હતા, છતાં તેમની કેવી દુર્દશા થઇ હતી તે જાણો છો કે ? કયકુલ ઇનાયત વલયહાસ, (નાના પ્રકારનાં કૃપાને પાત્ર) સ્વદેશદ્રોહીના પાતકી, રાણા સંગનું પવિત્ર ચરિત્ર કદી સાંભળ્યું નથી કે? મવારીદ અવાતીફ તુમાયાન (નાના પ્રકારની કૃપાને પાત્ર) ગુલાબના પેટમાં આવેલા ગુલામ, હેમુના પવિત્ર આશયને તમે જાણો છો કે? મુતીયુલ ઇસ્લામ (મુસલમાની ધર્મરક્ષક) દેશદ્રોહી, પુણ્યશ્લોક રામદેવરાવ જાધવના પરાક્રમનું તમને કદી અભિમાન થયું છે કે?”

"હાય! શ્રીરામચંદ્રેજ પ્રજા જનોની ઇચ્છાને ખાતર સીતા દેવીનો ત્યાગ કર્યો હતો ને? પ્રભુ, પ્રભુ! રાજા સગરે પ્રજાના કલ્યાણ માટે પેટના પુત્રોનો પણ અનાદર કર્યો હતો ને? અહા! શીર્કે કુલમાં અગ્નિ મુકનાર પાપી, જે પંચમહાભૂતને સાક્ષી રાખી મેં તમારા હસ્તમાં હસ્ત મુક્યો તેનીજ સાક્ષીથી હું પણ મ્હારા સૌભાગ્યદેવનો અનાદર કરૂં છું. જાઓ, ગણોજીરાવ, મુખ કાળું કરો, જાઓ! સંભાજી પર થયેલો કહેર યોગ્ય હશે; પરંતુ તેનો વધ થતાં મહારાષ્ટ્રની સ્વાતંત્ર્ય દેવી પર રક્તનો અભિષેક થવાથી, તે અષ્ટભૂજા હવે સર્વ દૈત્યોનો સંહાર કરશે તે ધ્યાનમાં રાખો! જાઓ, તે દેવીનું ત્રિશુળ કદાચ તમારા મસ્તક પર પડશે તો તેની મ્હને લેશ માત્ર ચિંતા થશે નહિ. તે કુશલ માળીએ વાવેલા મરાઠા સામ્રાજ્યના નવીન રોપાને રક્તનું પ્રબળ ખાતર ઉત્તેજક થશે. જાઓ! સંભાજીના વધથી હવે સર્વ મરાઠા એકત્ર થશે! સંભાજીના શિરોચ્છેદથી મરાઠાઓમાં સ્વાભિમાનનો જુસ્સો ફાટી નીકળશે! તેમના ધૈર્ય, વીર્ય અને શૌર્યનું ભારતીય પ્રદર્શન થશે! હવે સંભાજીના અસંખ્ય અપરાધનું મરાઠાઓને સ્મરણ પણ નહિ થાય! માત્ર તે સ્વરાજ્યસ્થાપક શિવાજી છત્રપતિનો પુત્ર હતો એજ તેની યાદગીરીમાં રહેશે. એ કલ્પવૃક્ષનો ઉચ્છેદ થવાથી સર્વ મહારાષ્ટ્રીયોની નસોમાં સ્વદેશ પ્રેમનું રક્ત જોરથી વહેશે. માતુશ્રીએ એકવિશ વખત છાતી ફૂટી હતી તેથી એકવિશ વખત નિક્ષત્રીય પૃથ્વી કરનાર પરશુરામની પેઠે, મરાઠા વીરો હવે સંભાજીના વધનું વેર લેશે! હવે દિલ્લીપતિનું તખ્ત મરાઠા વીરો હરીફાઇથી તોડી નાખશે અને તેજ છત્ર, તેજ ચામરનુ માન પોતે મેળવશે!"

"આ વખત ત્હને શું કરૂં? દુષ્ટા, ભૂરોંડના છાપામાંથી તું કેમ બચી? અરે, પાપિણી, ગળામાં મંગળસૂત્ર અને કપાળમાં કુંકુંમ હવે તું કોને માટે લગાડશે? કુલટા, પેલા ખંડોજીએ તને બુદ્ધિભ્રષ્ટ બનાવી છે કે શું?"

"ખબરદાર પાપી, તે પુણ્યાત્માનું નામ પણ લેશો નહિ! મણી અને મંગળસૂત્ર કોના માટે? લો, લો, આજેજ તે તમને પાછાં આપું છું! જ્યારે મ્હારો પ્રાણેશ પુનઃ જીવતો થશે, ત્યારેજ આ સાવિત્રી પુનઃ મણી મંગળસૂત્રનો આદર કરશે। જાઓ!"

"શંખીણી, ત્હારો ઘટસ્ફોટ કરી આજેજ લાંબી કરી દઉં છું! પણ શા માટે! દુષ્ટા, હવે નિરાશાનાં મઘથી દશે દિશામાં હું અંધકાર જોઉં છું. એક ક્ષણમાં આ લોકમાંથી ત્હને નષ્ટ કરૂં છું, ઉભી રહે!"

"ચૂપ, દૂર રહો! ચંડાળ, તમારાં કાર્ય મ્હારાથી અજ્ઞાત નથી. હું તમારી પુઠેજ લાગેલી છું. ગઢપર પ્રવેશ કરતી વખતે તમે તમને પોતાને ધન્ય માન્યા હશે, કેમ નહિ? ભૂરોંડ પત્ની અને બહેનને કબજે કરવામાં એવાજ મગરૂર થયા હશો. મરાઠાઓ દુઃખમાં છે, દુષ્ટ જાળમાં ગૂંચાયા છે, એવા સમયે ગાફિલપણે સામ્રાજ્ય વંશનો નાશ કરવાનોજ વિચાર ર્યો હતોને? ગણોજીરાવ, અહીં પગ મુક્યો તેજ દિવસે હું તમારે માટે હાથમાં માળા પકડી જાપ જપતી હતી. તમારૂં હૃદગત જાણવા માટેજ હું ચૂપ રહી. ગણોજીરાવ, તમે ખંડોજીના કેદી છો."

"કોણ? ગણોજીરાવ, અને કેદી? અને તે પણ આવા કાયરનો? સ્વપ્ને પણ માનીશ નહિ. જો, પેલાં પાચાડીની નહેર હીરકણીની ટોચપરથી કેવી ઉતરે છે? તાનાજી કેવી ઉત્તમ રીતે ગઢ ચઢી જતા હતા. જો, આ ગણોજી! રાયગઢપરથી ઉતર્યો, જો!"

"અરે પ્રભુ! ગયાજ! શી ઉતરવાની ખુબી? તેજ, તેજ શૌર્ય! તેજ વીર્ય! તેજ ધૈર્ય! એજ દશ્યથી હું ભાન ભુલતી હતી! હાય, દૈવ! એજ શૌર્યની ઢાલ શત્રુના રક્ષણ માટે ઉપયોગી થવાની ને? પ્રાણનાથ! પ્રાણનાથ! આ શું કરો છો?"

પ્રકરણ ૯ મું.

પૂર્વ ઈતિહાસ.

न यत्र स्थेमानं दधुरतिभय भ्रांतनयना
गलदानोद्रेक भ्रमदलिकदंबाः करिहिनः।
लुठन्मुक्ताभारे भवति परलोकं गतवतो
हरेरद्य द्वारे शिव शिव शिवानां कलकलः ॥*

(भामिनी विलास)

વાચક! અત્યાર સુધી આપણે કથાનકના વેગમાં વાંકે વાંકે રસ્તે ઘણે દૂર આવી પહોંચ્યા છીએ, હજી આપણે લાંબો પ્રયાસ કરવાનો છે. ચાલો, અહીંજ સહજ વિશ્રાંતિ લઇએ. ચા, પાણી ઉડાવી લઇએ. સ્વદેશી ચાહ પીતાં પીતાં આપણે સહજ પાછળ દૃષ્ટિ કરી આવેલા માર્ગનું નિરીક્ષણ કરીએ.

આરંભમાં આપણે મહારાષ્ટ્રરાજ્ઞી માતુશ્રી યેસુબાઈ, શિવછત્ર પતિની પુત્રવધુ, સંભાજી મહારાજની પત્નીને મરાઠા વીરોના કલહ માટે શોક કરતી, શિવ પ્રભુની સ્તુતિ કરતી, સામ્રાજ્યના ગઢો તરફ દૃષ્ટિ કરતી અને તેનું સ્મરણ કરતી જોઇ છે. દેવીને ઉપદેશ આપનાર એક સ્વામીને પણ જોયા છે. એ સ્વામી કોણ હતા? તે શ્રી સમર્થ પંચાયતન માંહેના એક શ્રી રંગ-

* "જે ગુફા આગળ આવતાં મદોન્મત્ત હાથી ભય પામી ક્ષણવાર પણ ન ઠરતાં નાસી જાય અને જેમાં હાથીના ગંડસ્થલનાં મુક્તાફળ પડેલાં છે તેજ સિંહની ગુફામાં હવે શિયાળના શબ્દ સંભળાય છે. શિવ, શિવ!"

નાથ સ્વામી હતા. યેસુબાઇને મરાઠાઓનો આંતરકલહ જોઇ ઘણું ખોટું લાગ્યું હતું. તેમણે દેશમુખ, ખોપટે વગેરેને એ સદ્‌બુદ્ધિની વાતો કહી યોગ્ય માર્ગે લાવવાનો પ્રયત્ન કર્યો હતો. એ પ્રયત્નમાં તેમના અંતઃકરણમાં, રાષ્ટ્રીય કલ્યાણની ઇચ્છાથી ઉદ્‌ભવેલી લાગણી એટલી તો ઓતપ્રોત થઇ ગઇ હતી કે શ્રી સમર્થનું હૃદય પણ ભરાઇ આવ્યું હતું. એ લાગણીના આવેશમાં યેસુબાઇને પતિની બહેકેલી મનઃ-સ્થિતિ વિષે ઘણું લાગી આવ્યું. દીવા નીચે અંધારૂં કહે છે, તેમ પોતાના પતિની તેવી સ્થિતિ જોઇ યેસુબાઇનો ઉદ્‌વેગ પરાકાષ્ટાએ પહોંચ્યો. પછી સ્વામીએજ તેમને એ ડહાપણની વાતો કહી.

યેસુબાઇને ધૈર્ય આપવા માટે સ્વામીની અમૃતવાણીનો પ્રવાહ ધૂ ધૂ કરતો વહી રહ્યો હતો, તેમાં શીરકેની પ્રતિજ્ઞા વિષે તેઓ કંઇક બોલ્યા હતા તે યાદ છે? વાચક, શીરકેની એ કઈ પ્રતિજ્ઞા અને તેનો આ કથા સાથે શો સંબંધ? એવો પ્રયત્ન કરવાની કદાચ તને ઇચ્છા થતી હશે તો સાંભળ! યેસુબાઇ એ કાર્યભારી મંડલ પૈકી પીલાજીરાવ શીરકેનાં પુત્રી હતાં. પીલાજીરાવ શીરકે જેવા કોકણસ્થ વીરને સ્વપક્ષમાં સ્થિર-દૃઢ કરવા છત્રપતિએ મુત્સદ્દીનૈપુણ્યથી તેમની પુત્રી યેસુબાઇનું લગ્ન પોતાના જ્યેષ્ટ પુત્ર સંભાજી સાથે કર્યું હતું. પીલાજીરાવને ગણોજી અને રણોજી નામક એ પુત્ર હતા. ગણોજીને શિવાજી મહારાજે પોતાની રાજકુંવર નામક પુત્રી આપી હતી, અને પરસ્પર સરખો સંબંધ બાંધી શીરકે કુટુંબને પોતાના સ્વીકૃત કાર્ય સાથે મજબુત ગ્રંથીથી ગાંઠયું હતું.

વાચક, તું જાણતોજ હશે કે, પુણ્યશ્લોક શિવાજી છત્રપતિનો પુત્ર સંભાજી અત્યંત દુરાચારી નીકળ્યો હતો. પિતાના વખતથીજ નાના પ્રકારની રમત રમી પિતાની વિરૂદ્ધ શત્રુ પક્ષને મળી જવાનું પુણ્ય સંભાજીએ મેળવ્યું હતું! સંભાજીના એવા ગુણને લીધેજ, પોતે અતિ પરિશ્રમથી મેળવેલું સ્વરાજ્યનું રક્ષણ કરવાને અયોગ્ય જાણી શિવાજી મહારાજે એ જ્યેષ્ઠ પુત્ર પનાળ ગઢપર કેદમાં રાખ્યો હતો.

ત્યારપછી અંતકાળે શિવાજી મહારાજે એવું કઠોર ભવિષ્ય વર્ત્યું હતું કેઃ " એ ગાદીપર આવશે, આપ્તજનોના વધ કરશે, વીર નરોનો ઉચ્છેદ

કરશે, યવનોના જડબામાં સપડાશે, ત્યાર પછી રાજારામ ગાદીપર આવશે અને તે બ્રાહ્મણ તથા મરાઠાની સહાયથી પુનઃ સ્વરાજ્ય મેળવશે.”

તો પણ કહેવાય છે કે ઉઘાડી નજરે પ્રાણ જતો નથી. પ્રાણ જતી વખતે શિવપ્રભુએ, સંભાજીને પનાળ ગઢમાં કેદ રાખી, રાજારામને ગાદીપર લાવવાની યોજના કરવા પોતાના મુત્સદ્દીઓને કહ્યું હતું.

તે હીરો હરાઇ ગયો ! મહારાષ્ટ્રનો સૂર્ય અસ્ત પામ્યો ! અને સર્વત્ર હાહાકાર વર્ત્યો ! સોયરા બાઇએ—શિવ પ્રભુની પત્નીએ—રાજારામને મુત્સદ્દીઓની સહાયથી ગાદીપર સ્થાપ્યો. સંભાજી કેદમાંજ રહ્યો. આ વખતે પરિસ્થિતિ એવી થઇ કે, સંભાજી કેદમાં છે, શિવપ્રભુની આજ્ઞાનું કોણ ઉલ્લંઘન કરે તેમ છે ! સૈન્ય શા માટે ફરી જશે વગેરે સમજથી અને વિશેષતઃ શિવપ્રભુના અકાલ મૃત્યુ—વિપત્તિથી સર્વત્ર શોકની છાયા ફરી વળવાથી, સૈન્યબલ કઇ બાજુએ ઝુકે છે તે વિષે કોઇને કંઇ વિચાર થયો નહિ—તે માટે યોગ્ય વ્યવસ્થા રાખવાનું કોઇને સૂઝયું નહિ. એનું પરિણામ એ આવ્યું કે, સંભાજીએ પોતાનો છુટકો કરી લઇ સેનાપતિ હંબીરરાવ મોહિતે પર મોહની ભૂરકી નાખી, સોયરા બાઇના ઐક્ય બળને તોડી નાખ્યું. અને રાજારામને નજર કેદમાં નાખ્યો; તેમજ સોયરાબાઇને દિવાલમાં ચણી લઈ તેના પક્ષના અનેક મહાન પુરૂષોને—પોતાના પિતાના વખતના વીર મુત્સદ્દીઓનાં હડહડતાં અપમાન કરી, દારૂણ કષ્ટ આપી, હૃદયદ્રાવક દુઃખ દઇ, વિલક્ષણ વિટંબનામાં ગુંથી લઇ, કરાલ કાલના જડબામાં હોમી દીધા ! આ કાર્ય એટલે સુધી પહોંચ્યું કે, છેવટે બાકી રહેલામાંના ચીટનીસ * કુટુંબનો પણ નિર્વંશ થશે કે શું એવો ભય ઉભો થયો.

પરંતુ સંભાજીની પત્ની યેસુબાઇ એ એક બુદ્ધિમાન સ્ત્રી હતી. તેમણે વિનયની, ડહાપણની બે વાતો કહી સંભાજીની વૃત્તિ ફેરવી ખંડોજી ચીટનીસ નામના વંશાંકુરનો બચાવ કર્યો. એ પછી દિનપ્રતિદિન સંભાજીનો દુરાચાર હદ ઓળંગવા લાગ્યો. તેથી રાજ્યની પ્રગતિ સંબંધી યેસુબાઇની ચિંતા વધી પડી. પતિપ્રેમ કરતાં રાષ્ટ્રપ્રેમ અમૂલ્ય છે એમ માની પોતાના

* શિવાજી મહારાજના પરભુ ચિટનીસ બાળાજી આવજી.

બંધુની સહાયથી, સંભાજીને એક બાજુએ રાખી પોતાના દીયર પાસે રાજ્ય કાર્યભાર ચલાવવાનો ઘાટ ઘડયો. એ યોજનાની સંભાજીને ગંધ આવી. તેણે પોતાના સર્વ સાળાઓને એટલુંજ નહિ પણ શીરકે વંશને નષ્ટ કરી તેના ઘરબારપર હળ ફેરવવાનો હુકમ કર્યો ! આ શીરકે–કત્લને ઇતિહાસમાં " શીરકાણુ " કહે છે. આપણે તેને " શીરકોચ્છેદ " કહીશું.

આ શીરકોચ્છેદમાંથી રાજકુંવર પ્રત્યક્ષ સંભાજીની ભગિની હોવાથી અને તેનો પતિ ગણોજી અને દીયર રાણોજી, એ બન્ને નાસી જવાથી માત્ર બચી ગયા.

આ બાજુ સંભાજીના દુરાચારને પાણી પાઇ પોષનારો કલુશા નામનો એક મથુરાં તરફનો ચોબો મળ્યો. જારણમારણની પ્રપંચજાળથી તેણે સંભાજીને મોહિત કર્યો. એક તરફ બાદશાહ ઔરંગઝેબ, મરાઠાઓના આ ઉપદ્રવનો હમેશને માટે બંદોબસ્ત કરવા માટે ચાર પાંચ લાખ મનુષ્યનું લશ્કર અને પુષ્કળ સરંજામસહ દક્ષિણમાં આવ્યો હતો. તેમાં ગોવેકર અને જંજીરકર પણ વહેતા સમુદ્રમાં ભળી ગયા હતા. સંભાજી ચોતરફથી સપડાયો હતો. સંકટની સામે થવામાં સંભાજીએ જો કે પોતાનું અપ્રતીમ ક્ષાત્ર તેજ પ્રકટ કર્યું હતું, તો પણ દિવસે દિવસે પરિસ્થિતિ એટલી વિકટ થતી ગઈ કે, તે પૂર્ણ ઉદાસિન બની સુરાની નિષામાં પોતાના સંકટનું પરિમાર્જન કરવા લાગ્યો ! આવી નિરાશાપૂર્ણ સ્થિતિમાં તે સંગમેશ્વર આવી પડયો, ત્યારે મોગલ સરદારોએ તેના પર અચાનક છાપો મારવાનું ઠરાવ્યું.

વાચકને યાદ હશેજ કે, સમર્થ રંગનાથ સ્વામીએ યેસુબાઇને કહ્યું હતું કે; તારા ભાઇએ–ગણોજીએ–સંભાજીના વધનું અને ભોંસલેકુલનો સમૂળ ઉચ્છેદ કરવાનું બીડું ઉંચકયું છે. સમર્થે કહેલી આ દુષ્ટ વાર્તા રાજકુંવરે પણ ગુપ્તપણે સાંભળી હતી. પતિએ કરેલી દુષ્ટ પ્રતિજ્ઞા સાંભળી રાજકુંવરનું હૃદય વિદીર્ણ થઇ ગયું. પોતાના બન્ધુને જાગ્રત કરવા માટે કોઇને એક અક્ષર પણ ન જાણવા દેતાં તે તુર્તજ એકલી ચાલી ગઈ. તેને તપાસ કરતાં છેવટે એમ પણ જણાયું કે, પોતાનોજ પતિ, સંભાજીનું–સ્થળ શોધવા માટે પનાળને રસ્તે સંગમેશ્વર ગયો છે. અલકંદા અને વરૂણ નદીના સંગમ સ્થાને,

ઉદ્વિગ્ન ચિત્તે વિરાજમાન થયેલી દેવી તે આપણી રાજકુંવરજ હતી, તે અદ્યાપિપર્યંત વાચકોના લક્ષ બહાર નહિજ હોય. ત્યાર પછી વેતાળ પર્વતમાં રાજકુંવર અને ઠાકુરની મુલાકાત થઇ. તે ઠાકુર આપણો ગણોજી શીરકેજ હતો. આ ઠેકાણે પત્તિએ પત્નીની કેવી સંભાવના કરી, વેરની ભાવનાથી ગણોજીના મનોવિકાર કેવા વિલસતા હતા, રાજકુંવરનું અંતઃકરણ, સ્વાભિમાનની દૃષ્ટિથી કેવું વીંધાતું હતું, તે આપણને તેમના સંવાદપરથી સમજાયુંજ છે.

પતિના સંબંધમાં રાજકુંવરને અપયશ મળવાથી તે ભાઇને જાગ્રત કરવા પુનઃ સજ્જ થઇ. પણ શું કરે ? કલુશાએ સંભાજીની ચોતરફ મોહાસ્ત્ર એવું તો દૃઢ બનાવ્યું હતું કે, તે રાજકુંવરને શુદ્ધ સ્થિતિમાં મળીજ શક્યો નહિ. તેથી તે સંભાજીની ચોતરફના લોકોને આવતા સંકટની સૂચના આપવા માટે તે રાજભુવન તરફ ગઇ. અહીં ખંડોજીના ઘરમાં તેને અને ખંડોજીને ખબર મળી કે યેસુબાઇ પોતાના પતિને બે શબ્દ કહી મોહ-નિદ્રામાંથી છૂટા કરવા આવે છે, એ વાત મોગલોના જાણવામાં આવી છે અને તેઓ તેને રસ્તામાંજ પકડવાનો વિચાર રાખે છે.

એ નવીન આફતમાંથી મુક્ત થવું યેસુબાઇને માટે અતિ કઠિન હતું. કારણ; એક તો મોગલોનો છાપો હઠાવવા ખંડોજી પાસે સૈન્ય બળ ન હતું અને બીજું એ કે, યેસુબાઈ ઘણાં નજીક આવી પહોંચ્યાં હતાં. છેવટે સંકટ પ્રસંગે જે કામ શક્તિથી થાય તેવું નહતું તે યુક્તિથી પાર પાડવાનો નિશ્ચય કર્યો. તે મરાઠી રાજ્યનો નિઃસીમ ભક્ત હતો. કારણ, તે બાલાજી આવજીનો પુત્ર હતો. યેસુબાઇ પર માતા પ્રમાણે તેની ભક્તિ હતી. કારણ, ચીટનીસ કુટુંબના ઘરપર હળ ફેરવવાની આજ્ઞા સંભાજીએ કરી હતી ત્યારે યેસુબાઇએ સાહસ કરી એનું રક્ષણ કર્યું હતું. એટલું જ નહિ પણ તેને પેટના પુત્રની પેઠે ઉછેરી, પોતાના પતિ પાસેજ તેના કુટુંબનો પુનરૂદય કરાવવાની તેણે પ્રતિજ્ઞા લીધી હતી. કંસ જેમ શ્રીકૃષ્ણની પાછળ પડયો હતો, તેમ કલુશા ખંડોજીની પાછળ લાગ્યો હતો. કલુશાના પ્રયત્નને નિષ્ફળ કરી યેસુબાઇએ ખંડોજીનું જતન કર્યું હતું.

એ સંજોગોમાં ખંડોજીએ, પોતાની બહેન સંતુને યેસુબાઇના મુકામે

મોકલી, બાઇસાહેબની દાસી કહેવડાવી તેને યેસુબાઇના મ્યાના સુધી પહોંચાડી મેનામાં બદલે બેસાડી યેસુબાઇ અને રાજકુંવરને પાછાં મોકલી ઉભયની કીર્તિનું રક્ષણ કરવાની યોજના કરી. આ ખટપટમાં સંતુ પકડાય, ત્યારે તેને છોડાવવા માટે અચાનક છાપો મારવાનો ખંડોજીએ વિચાર કર્યો હતો. આ યોજના સંતુદ્વારા યેસુબાઇને જણાવી, જીવનરક્ષણ કરવામાં હરકત નહિ લાવવાની પણ ખંડોજીએ વિનંતિ કરી હતી.

કર્મસંયોગે યેસુબાઇનો છૂટકો થયો. જોત્યાજી કેસકર, રાજકુંવર અને યેસુબાઇને લઈ રાયગઢ આવ્યો. હવે ખંડોજી ઠર્યા પ્રમાણે છાપો મારવા જવાની તૈયારીમાં હતો, પણ તેટલામાં મોગલ સરદાર મુકુર્બખાનને સંભાજીની હીલચાલના સર્વ સમાચાર મળી જવાથી તેણે તેને પકડી બાદશાહ આગળ હાજર કર્યો. આ ગડબડમાં તે છાપો રહ્યા અને સંતુબાઇને શીયલરક્ષણાર્થે, સ્વરાજ માટે અને સ્વામીભક્તિ માટે આત્માર્પણ કરવું પડ્યું.

એ પછી સંભાજીનો વધ થયો. ગણોજી શીરકેએ પોતાની પ્રતિજ્ઞા અંશતઃ પાર પાડવામાં યશ મેળવ્યો અને જોત્યાજી તથા ખંડોજી અપૂર્વ સાહસ કરી સંભાજીનું શિર ઉત્તરક્રિયા માટે રાયગઢ લાવ્યા.

આ પ્રમાણે કથા સૂત્રનો પૂર્વઇતિહાસ છે. એ ઇતિહાસમાં સમર્થ રંગસ્વામી, યેસુબાઈ, રાજકુંવર, ખંડોજી, જોત્યાજી, પ્રલ્હાદપંત વગેરે ધીરોદત્ત વ્યક્તિનો આપણને પરિચય થયો છે. એટલુંજ નહિ પણ એવા ઉદાત્ત મનુષ્યોએ પવિત્ર કરેલા વાતાવરણમાં આપણે સ્વેચ્છાનુસાર વિહાર કરતા હતા. આ પુણ્યશાલી મનુષ્યોના સહવાસમાં આપણે મૃત્યુલોકના સ્વર્ગનો અનુભવ લેતા હતા.

વાચક ! હવે ચાલો, આપણે સ્વર્ગમાંથી પૃથ્વી પરનો ચમત્કાર જોવા સહજ નીચે મર્ત્યલોકમાં ઉતરીએ.

પ્રકરણ ૧૦ મું.

લૂંટાયા તો લૂંટાયા પણ ચોર તો દીઠા !

"જીવનને કડવું બનાવનાર દિલગીરીનો ત્યાગ કરી આનંદિત બનો.
"જે જે ઉમદા પાઠો આપણને શીખવાના મળે છે તે સંપત્તિના વખતમાં નથી
"મળતા, પરંતુ વિપત્તિના વખતમાંજ મળી આવે છે."

વાચક, આજે, આપણે રાયગઢ નીચે તદ્દન નિર્જન અરણ્યની એક ઘીચ ઝાડીમાં જઈશું. એ ઠેકાણે પ્રવેશ કરતાં ખરા દિવસે પણ સૂર્ય અસ્ત પામ્યો છે કે શું એવો ભાસ થતો હતો. કેટલાક એ સ્થળને રામગુફા કહેતા હતા. અહિં ગગનચુંબિત વૃક્ષો એટલાં સજ્જડ હતાં કે કોઇ તેની વચ્ચે થઇને જઇ શકે તેમ નહતું. કેટલાક કહેતા કે, ત્યાં હિંસક પશુઓની અનેક બોડયો હોવાથી ત્યાં કોઇ હિમ્મતે બહાદુર વીર પણ જવા ધૈર્ય કરતો નથી. કેટલાક કહેતા કે, પૂર્વે એ સ્થળે મ્હોટું રાજમહાલય હતું. ત્યાં યાદવકુળ પૈકીના કોઇ રાજકુટુંબનો મુસલમાન બાદશાહે નાશ કર્યો હતો. તેથી તે સ્થળ ભૂતાવળીનું નિવાસ-સ્થાનજ બની ગયું છે !

આવા નિબિડ અરણ્યમાં ભૂતકાળના સાક્ષી તરીકે એક ઝરો વહ્યાં કરતો હતો. ત્યાંનાં ગગનચુંબિત વૃક્ષોની ઘટામાંથી એક દેવળનું શિખર અડગતાથી શિર બહાર કાઢી જીવતું ઉભું રહ્યું હતું. કવચિત્ પ્રસંગે કોઇ સાહસિક શૂર મરાઠો સરદાર અંદર જઈ દેવનું દર્શન કરવાનો પ્રયત્ન પણ કરતો, પરંતુ તે બહાર આવ્યા પછી કંઇ વિલક્ષણજ વાતો કરતો. ત્યાં એક સ્વયંભૂ જ્યોતિર્લિંગ છે. ખરી મધ્યરાત્રે કેટલાક બ્રહ્મરાક્ષસ આવી દેવની ષોડશોપચાર પૂજાઅર્ચા કરે છે. તે વખતે અનેક ભયંકર ક્રૂર વાઘ પણ દર્શ-

નાર્થે આવે છે. અચાનક દેવળમાં લાખો દીવા થાય છે અને પછી ભયંકર સિંહનાદ થવા લાગે છે. કેટલાક એમ પણ કહેતા કે, પૂજન કરનારો જે બ્રહ્મરાક્ષસ છે તે તેમાં મરાયલા યાદવ રાજાનો બ્રાહ્મણ પ્રધાનજ છે. તે રાજા પણ પોતાનાં કુટુંબકબીલા સાથે પૂજન વખતે દેવદર્શન કરવા આવે છે.

પરંતુ રાયગઢના કિલ્લેદારને એ જગ્યાની સર્વ માહિતી હતી. કારણ, તે કિલ્લા પર પોતાના મહેલમાં ખુશમિજાજમાં બેસતો અને હુક્કાની નળી તેના મુખમાં પડતી ત્યારે તે એ દેવાલય વિષે પુરેપુરી વાત કરતો. તે કહેતો કે, યાદવરાજા મ્હારાજ કુળનો મૂળ પુરૂષ હતો. વર્ષમાં એક વખત તેના નામનું પાણી મુકવા મ્હારે તે દેવળમાં હાથમાં માથું લઇને જવું પડે છે. મ્હને લેશમાત્ર અડચણ થતી નથી. ત્યાં ગયા પછી કુંડ પર અર્ધ્ય કરૂં છું. એ કુંડ, ત્યાંના લિંગમાંથી સ્ત્રવનારા ગંગા પ્રવાહને દેરાની બહાર એકત્ર કરે છે. તેજ કુંડમાંથી આ ઝરો વહે છે. હું દેવળમાં જાઉં છું. ત્યાં ગયા પછી કુંડ પર અર્ધ્ય કરૂં છું. ત્યાર પછી સાથે રાખેલું એક નૈવેદ્ય દેવને ધરાવું છું, બીજું મૂળપુરૂષના આગળ મુકું છું. એ દિવસે મૂળપુરૂષને અભ્યંગસ્નાન કરાવવા એક રૂપેરી બાજઠ પર અષ્ટગંધ સહિત સાહિત્ય રાખવું પડે છે. રૂપાની કુંડીમાં પાણી રાખવું પડે છે. તેમને પહેરવા કોરો ધોતીજોટો રાખવો પડે છે. મુખશુદ્ધિ માટે ષોડશગુણી તાંબુલ પણ રાખવું પડે છે.

સારાંશ, આ વિભાગ સંબંધી આવા પ્રકારની દંતકથાઓ પ્રચલિત હોવાથી તેની આજુબાજુ ચારપાંચ મૈલ સુધી કોઇ દૃષ્ટિ પણ નહોતું કરતું. આજે કર્મસંયોગે કંઇ એવું બન્યું કે, આ પ્રદેશમાંથી વહેતો વહેળો, ખાસ શ્રીશંકરની પિણ્ડીમાંથી સ્ત્રવી આવે છે, એટલે તે પતિત પાવની ગંગામૈયાનીજ પ્રતિમૂર્તિ છે, એવી પૂજ્યબુદ્ધિથી પ્રલ્હાદપંત, શ્રી સંભાજી મહારાજનો દશાશ્રાદ્ધનો વિધિ, એનેજ કાંઠે કરવા માટે, રાજારામ મહારાજને લઇ આવ્યા હતા. આ વિધિ વખતે સમર્થ શિષ્ય દિવાકર ભટ્ટ, શ્રી રંગનાથ સ્વામી, અડસૂળ અને અનેક મરાઠા સરદારો આવ્યા હતા. સુપ્રસિદ્ધ ગાગાભટના ચિરંજીવીએ શ્રાદ્ધ વિધિ કરાવ્યો હતો.

એ કાર્ય ગંભીરતાપૂર્વક પૂર્ણ થયું, મંડળી રાજારામ પ્રભુને લઈ ભક્તિ-

કાર્યની રૂપરેષા દોરવા માટે ગઢ પર ગઇ. તેમાંની એક વ્યક્તિ માત્ર અત્યંત ખેદાકુલ ચિત્તે વહેળાને કીનારે કીનારે જંગલમાં જતી હતી. દુઃખના આવેશમાં કહો, કે કોઇ પણ વિચારનું તેના મસ્તિકમાં ભયંકર તોફાન થઇ રહ્યું હતું તેથી કહો, ગમે તેમ પણ તે પોતે ક્યાં જાય છે, તેનું તેને ભાન પણ નહતું. માર્ગમાં આડીઅવળી ડાળીઓએ તેના શરીર પરની બંડીને બેત્રણ વખત પકડી રાખી પણ ખરી. તેટલા પુરતોજ તે જગ્યા પર અટકતો અને બંડીને મુક્ત કરતો. પણ એક વખત તે અટકતો કે તે જગ્યા પર ઘડી અર્ધી ઘડી સુધી પોતાની ધૂનમાં ઉભો રહેતો અને પુનઃ એક દીર્ઘ નિઃશ્વાસ નાંખી આગળ ચાલતો.

આવી રીતે પોતાની તંદ્રામાંજ તે આગળ જતો હતો, તેમાં એક વખત તો વાંકીચુકી વળતી ડાળીઓનો તેના કપાળમાં એવો આઘાત થયો કે તેને ક્ષણભર તમરી આવ્યા જેવું થયું. થોડીવારે તે કંઇક શુદ્ધિ પર આવ્યો. માથા પરથી ફેંટો ઉતાર્યો. ખેસવડે કપાળ પરનો પ્રસ્વેદ લૂંછ્યો અને વળી જેવો પાછો ચાલવા ગયો કે તુરતજ પુનઃ તેજ ડાળીનો માર પડ્યો. હવે માત્ર તેના ઉદાસ, ઉદ્વિગ્ન, શોકાકુલ અને વિચારમગ્ન ચહેરા પર ક્રોધની છાયા પ્રસરી હોય તેમ જણાયું. કારણ, તેણે એકજ આચકાથી આડી પડેલી ડાળીઓમાંથી એક બે કડ, કડ, તોડી પાડી, ખીજવાયલો ગજરાજ પોતાની સૂંઢથી મ્હોટાં મ્હોટાં વૃક્ષો કડડડડ કડડડ તોડી પાડે છે, તેવીજ આ વિચારગ્રસ્ત વીરની સ્થિતિ થઈ હતી.

થોડીવારે તેની ક્ષુબ્ધ ચિત્તવૃત્તિ શાંત પડી. મૂળમાંજ રસ્તો હાથ દોઢ હાથ જેટલો તેમાં વળી વૃક્ષશાખાઓની વિકટતા અને વળી અનેક કંટકી વેલાઓથી પ્રસરેલાં નાળાં ! એ સર્વમાં આ ગૃહસ્થે ક્રોધાવસ્થામાં ભાંગી નાખેલી ડાળીઓ પડી તેથી તેનો આગળનો માર્ગ ઉલટો બંધ થયો. સમય મધ્યાહ્ન કાળનો હતો. તેથી એ ઘીચસ્થાનમાં માત્ર આમતેમ કિરણપ્રકાશની કંઇક કંઇક રેષાઓ પડતી હતી.

તે ગૃહસ્થ ડાળીઓ તોડવાના શ્રમથી થાક્યો તેથી કહો, કે તેની વિચારભ્રમણાના પ્રવાહને આ પ્રતિબંધ અસહ્ય થયો તેથી કહો, તે એક ભાગેલી ડાળ પર નિરાંતે બેઠો.

તેણે ધીમે રહીને આમતેમ નજર ફેરવી. તેની મુખમુદ્રા પર એકાએક આશ્ચર્યછટા ઉપસી આવી. "આ શી વિલક્ષણતા ? આ જંગલમાં બાર મહીના અને અઢાર કાળમાં કોઇ ફરકતુંએ નથી કહે છે, ત્યારે પેલી તરફ સ્વચ્છ પગદંડી ક્યાંથી ? રામોશી વગેરે જંગલી લોકોએ લાકડાં, ઘાસ વગેરેના ભારા લઈ જવા રસ્તો પાડયો હશે એમ માનીએ પણ તે આવી વ્યવસ્થિત ક્યાંથી હોય ? એ માર્ગમાં બન્ને બાજુએ એકે કંટકી વૃક્ષ તો છેજ નહિ, કે માથા પર એકે આડીઅવળી ડાળ પણ નથી. કંઈ કંઈ આવી હશે પણ તેતો કાપીકુપીને માર્ગ ખૂલ્લો કરેલો છે. આ શું ? ઇચ્છાપૂર્વક માર્ગ તૈયાર થયેલો છે. જોઉં તો ખરો જઇને ? " એમ બોલી તે ગૃહસ્થ વૃક્ષઘટામાંથી સરકતો સરકતો, કેટલેક સ્થળે નડતી વૃક્ષશાખાઓને તોડતો અને તેનીજ સહાયથી આજુબાજુના વેલાઓ ખસેડતો અને કદી કદી એક ઝાડ પર ચઢી બીજા ઝાડ પર ઉતરતો તે રસ્તા તરફ જવાનો માર્ગ કરવા લાગ્યો. આ પ્રયત્નમાં તે કેટલીક વખત અથડાયો, પછડાયો, તેની બંડી ચીરાઇ ગઇ અને તેનું ધોતીયું પણ સ્થળે સ્થળે ફાટી ગયું, અહીંથી તહીં કૂદકો મારતાં તેના પગમાં કાંટા પણ ભાગ્યા. એક વખત તેના મનને લાગ્યું કે; આ રસ્તો જ્યારે દેવળમાંજ જાય છે અને વહેળો પણ ત્યાંથીજ નીકળે છે, ત્યારે તેમાં થઇનેજ જવું. પુનઃ તેણે વિચાર કર્યો કે, વહેળાનો માર્ગ પણ કેટલીક જગ્યાએ વૃક્ષવેલીઓથી આચ્છાદિત થયો હશે કે બંધ થયો હશે અગરતો ધરો હશે તો પાછું વળવું પડશે. માટે હવે આજ રસ્તે જવું. એ વિચાર નક્કી થતાંજ તેણે થોડો વિશેષ પ્રયત્ન કરી પેલો માર્ગ પકડયો.

એ રસ્તાપર આવ્યા પછી તેણે હાથપગમાં વાગેલા કાંટા ખેંચી કાઢયા. ઉઝરડામાંથી નીકળતું લોહી લૂંછી નાંખ્યું અને ઉત્સુક દષ્ટિથી ચોતરફ જોઇ આગળ જવાનો વિચાર કર્યો.

હવે રસ્તો સ્વચ્છ અને ખૂલ્લો હતો; પણ તે ઘણો વાંકોચુંકો હતો. કહો કે સર્પાકારેજ તે જતો હતો. "જે સ્થળે ક્રૂર પશુઓનો ભય તે સ્થળે આવો સ્વચ્છ રસ્તો કયાંથી ? કદાચિત તે સુપ્રસિદ્ધ દેવળમાં નૈવેદ્ય લાવવા લઇ જવા બનાવ્યો હશે. આજે અહીં આવ્યોજ છું, ત્યારે શ્રીશંકરના દર્શન

તો કરૂં. કહે છે કે મ્હોટું જાગ્રત સ્થાન છે. ઠીક, પણ પેલો બ્રહ્મરાક્ષસ મળશે તો ? ભલેને આવે ! તે પણ એક વખત મ્હારો દેશ બંધુજ હતો ને ? મલેચ્છોના દગાફટકાથીજ તે આ લોકના સુખ વૈભવથી વિમૂખ થયો છે ને ? ત્યારે, તેના મનમાં વેરની ઇચ્છા અવશ્ય હશે. અમારા મરાઠાઓના રક્તમાં પણ તે ઓતપ્રોત થયેલી છે. ત્યારે અમે સમાન દુઃખી તુરતજ મિત્ર બનીશું." એવા વિચારમાં તલ્લિન બની તે પેલા દેવળ પાસે આવી પહોંચ્યો. તો ત્યાં તેણે શું જોયું ? તે દેવળ એ એક પ્રચંડ કિલ્લોજ હતો. તેની ચોતરફ ગાઢ ઝાડી હતી, ઝાડીની પેલી તરફ ઉંચા કોટથી દેવળ ઘેરાયલું હતું. તે દેવળમાં જવાના ઉદ્દેશથી તે આગળ વધ્યો. હવે તેણે ઇરાદો કર્યો કે, દેવળમાં જઇ શંકરનાં દર્શન કરવાં અને પછી ગઢ પર જવું. આમ તેમ ન જોતાં તે ઠેઠ દ્વાર પાસે આવ્યો. અહાહા ! કેવું ભવ્ય દ્વાર ! અંબાડી સહિત બે હાથી સાથે જાય તેવો ભવ્ય દરવાજો ! આશ્ચર્યની વાત એ હતી કે તે દરવાજાનાં પાટીયાં પણ તેટલાજ ઉંચા ઝાડનાં અખંડ હતાં. એક પુરૂષ ઉભો અંદર જાય એટલી તો તેના દરવાજાના બારણાં વચ્ચે રહેતી નાની બારી હતી; આગંતુક ગૃહસ્થ તેની લગભગ ગયો તો, બે માણસ પણ ન ઉંચકી શકે તેવું મ્હોટું તાળું નીચે જમીન પર પડેલું જણાયું. તે ઉપરથી અંદર કોઇ ગયું છે કે શું, એવો તે ગૃહસ્થને સંશય આવ્યો. પણ " ગમે તે જાઓ અથવા રહો, મ્હારે માત્ર દર્શન કરવું તે કરવું," એવો તેણે નિશ્ચય કર્યો અને તે અંદર પણ ગયો.

અંદર ગુંબજની બહાર કેવો પ્રચંડ ચૉક ! આ મંડપના કોટની ભીંતોમાં કેવા પ્રચંડ ઓરડાઓ ! એક બાજુના ઓરડાઓને તાળાં હતાં, ત્યારે બીજી બાજુના તદ્દન ખુલ્લા હતા. ગુંબજની બહાર એક કુંડ હતો. તે છલોછલ ભરેલો હતો તેમાં હમણાં નાના પ્રકારનાં પક્ષી જલક્રીડા કરતાં હતાં. આપણો ગૃહસ્થ આડીઅવળી દૃષ્ટિ ન કરતાં સીધો તે વિસ્તીર્ણ ગુંબજમાં ગયો. દેવળની બેઠક એક પુરૂષ જેટલી ઉંચી હોવાથી તેને પાંચ દશ પગથીયાં ચઢવાં પડયાં હતાં.

તે હવે છેક શિવલિંગ પાસે આવ્યો. ગુંજબના ને ભવ્ય આકાશમાં

અંધકાર હતો. સાડાત્રણ હાથ ઉંચી બેઠક પર બે દીપક ભડભડ બળતા હતા; તે પરથી દેવના પૂજન અર્ચનની કોઇ પણ વ્યવસ્થા કરે છે એવો તેણે તર્ક કર્યો. ગુંબજમાં સિંહનાદ જેવો ગંભીર ધ્વનિ થયા કરતો હતો. તેમાં વળી પક્ષીઓનો કોલાહલ એકસરખો ચોતરફ ઘૂમી રહ્યો હતો.

આપણા ગૃહસ્થે નંદા દીપની બત્તી સરકાવી, અને "શંભો, શિવહર" કહી શિવ લિંગનાં દર્શન લેવા નીચે બેઠો. નીચે બેસવાનું કારણ એ હતું કે, તે બાણ નીચેના ખડકમાંથી સ્વયં ઉદ્દ્ભવેલું હતું. તેથી બાણમાંથી સ્રવતી ગંગાના કારણે તે વેંતભર પાણીમાં અંતર્લિન હતું. તેણે બાણનું દર્શન કર્યું. ગંગાજલથી માર્જન કર્યું અને ક્ષણવાર શાંત ચિત્તે દેવની પ્રાર્થના કરી.

હવે તે બહાર જવા ઉઠયો, તેટલામાં બહારથી કોઇએ ઘંટ વગાડયાનો ધ્વનિ તેને સંભળાયો, તેથી તે ચમકયો. "મ્હારા જેવોજ કોઇ દર્શનાર્થે આવ્યો હશે કે ?" એવો પ્રશ્ન તેના ચિત્તમાં થયો તેટલામાં બહારની મંડળીએ કરેલી "શિવ શંભો, હરહર,"ની ગર્જના સર્વ શિવાલયમાં રહી રહીને ઘૂમવા લાગી. આ વખતે આપણા ગૃહસ્થને શું વિચારો થયા હશે તેતો તેજ જાણે ! બ્રહ્મરાક્ષસની પૂજાનો સમય થવાથી તે આવ્યો હશે, એમ તેને લાગ્યું કે બીજું ત્રીજું લાગ્યું તે પણ તેજ જાણે ! પણ એટલું સત્ય હતું કે, તેને આશ્ચર્ય અને ભય લાગ્યાં ! કારણ તે તુરતજ ગુંબજના એક ખૂણામાં જઇ ભરાયો. આવા નિર્જન સ્થળે મનુષ્ય પ્રાણી તો આવેજ નહિ, ત્યારે મનુષ્ય અવાજમાં શિવ નામ ગર્જના કોણે કરી . તેનું તેને આશ્ચર્ય થયું. "ઠીક, પણ એ નવીન મનુષ્ય, કદાચ બ્રહ્મરાક્ષસ હશે .તો તેના પૂજન પ્રસંગે મ્હારા જેવા અપરિચિત મનુષ્યને જોઇ તે ગુસ્સે થશે તો ? કદાચ કોઈ ભિલ્લ, કોળી અહીં રહેતા હશે અને તેમના હાથમાં સપડાઇશ તો ?" એવા અનેક વિચારથી આપણો ગૃહસ્થ ખૂણામાં ભરાઇ દૃષ્ટિ બહાર ગયો.

હવે બહારના મનુષ્યો ગુંબજમાં આવ્યા. તેમની સંખ્યા પાંચ છ જેટલી હતી. સર્વે દેવનાં દર્શન કરી પાછા પણ ફર્યા. આ મનુષ્યો જરૂર બ્રહ્મરાક્ષસ ન હતા, ભિલ્લ કોળી પણ ન હતા એમ તેમના શિવનામ ઘોષ પરથી અનુમાન કરવામાં મુશ્કેલી ન હતી, ત્યારે તેઓ હતા કોણ ?

તે ગુંબજમાંથી પાછા ફર્યા તેની સાથે આપણો ગૃહસ્થ પણ ધીમે ધીમે ખૂણામાંથી નીકળવા લાગ્યો. સભામંડપમાં આવ્યા પછી તે મનુષ્યો અચાનક અદૃશ્ય થઇ ગયાં. સભા મંડપમાં પણ થોડો અંધકાર હતો. આપણો ગૃહસ્થ એક સ્તંભની પાછળથી બીજા પાછળ, બીજાથી ત્રીજા પાછળ, એમ લપાતો દબાતો બહાર આવ્યો, પણ કોઇ જણાયું નહિ. તેને લાગ્યું કેઃ " કદાચિત એ મનુષ્યો પ્રદક્ષિણા કરતા હશે. લાવ, દેવળના ચોતરાની બાજુમાં રહીને ચાલ્યો જઉં એટલે સહજે નજરે પડશે."

એ હેતુથી તે દેવળની ચોતરફના ઓટલાની કીનારીએ કીનારીએ ગયો પણ કોઇ જણાયું નહિ. આ વખતે તો તેના આશ્ચર્યની અવધિ થઇ, તે ધીમે ધીમે નીચે આવ્યો. દેવળની પ્રદક્ષિણા ફર્યો. તોપણ કોઇ દૃષ્ટિએ પડ્યું નહિ. પુનઃ તે દેવળમાં પેઠો. અંદર પેઠો તે સાથેજ કોઇ ગુંબજમાં ગયાનો ભાસ થયો. તેથી તે દબાતો દબાતો પુનઃ ગુંબજ તરફ આવવા લાગ્યો. ત્યાં નંદાદીપની બત્તી કોઇ મ્હોટી કરે છે એવું જણાયું ન જણાયું એટલામાં તે મનુષ્ય ગુંબજના એક ખૂણા તરફ વળતો જણાયો. નંદાદીપનો પ્રકાશ ઠીક મ્હોટો થયો હતો. તે મનુષ્યે પોતાના ખીસામાંથી એક કાકડો કાઢી નંદાદીપના ઘૃતમાં બોળી હમણાંજ સળગાવ્યો હતો. આ નવીન પ્રકાશની સહાયથી આપણા ગૃહસ્થને તે સર્વ મનુષ્યો સારી રીતે દૃગ્ગોચર થયા.

તે દૃષ્ટિએ પડતાંજ ગૃહસ્થ ચમક્યો અને પોતે છુપાવાનો પ્રયત્ન કરવા લાગ્યો. પણે પેલા મનુષ્યો જુદાજ ઉદ્યોગમાં લાગ્યા હતા, આશ્ચર્યની વાત એ હતી કે તેમાંના એકે ગુંબજની દીવાલની ઇંટોમાંથી એક ઇંટ ખેંચી લીધી તો તેમાં એક મ્હોટું છિદ્ર જણાવા લાગ્યું. આ છિદ્રમાં પ્રથમ એક મનુષ્યે પ્રવેશ કર્યો. પાછળ બીજાએ અને તેની પાછળ ત્રીજાએ પ્રવેશ કર્યો.

આ પ્રકાર જોઇ પેલા ગૃહસ્થે આંગળાં કરડ્યાં ! " શું છે આ ? શું ગણોજી અને રાણોજી તો ન હોય ? મ્હારાં ચક્ષુને શું જણાયું ? ત્રીજો ઔરંગજેબનો ગુપ્તચર ભોળાનાથ તો ન હોય ? છત્તરમલનો પુત્ર હું શુદ્ધિમાં તો છું ને ? ઠીક, બહાર આવશે એટલે પુનઃ જોઇશ."

આવા પ્રકારના વિચાર કરતો તે ગૃહસ્થ કેટલીકવાર સુધી ત્યાં ઉભો

રહ્યો. ઘણો વખત થયો પણ પેલા મનુષ્યો બહાર આવ્યા નહિ. તે જોઇને આપણા ગૃહસ્થને વિશેષ આશ્ચર્ય થયું. હજી પણ તે કેટલોક વખત રાહ જોઇ ઉભો રહ્યા. છેવટે તેનાથી રહેવાયું નહિ: “ પણ ભોળાનાથ એ કંઇ જેવો તેવો પ્રાણી નથી. એ તો ઔરંગજેબનો સુપ્રસિદ્ધ ચતુર ગુપ્તચર છે. એની ચપળતા, યુક્તિ અને ખૂબી અજબ છે. જ્યારે શીરકે મંડળી આવેલી છે ત્યારે તો કોઇ પણ ન્હાના હુમલા માટેજ તેમનું આગમન થયેલું હોવું જોઇએ, એમાં કંઇ સંશય જેવું નથીજ. કેવો કર્મસંયોગ ! પણ એ ભોંયરૂં તો નહિ હોય ? ” એમ કહી પ્રબળ ઉત્કંઠાથી પેલો ગૃહસ્થ તે તરફ ચાલ્યો. હવે તેણે ફંટાનો એક ચીંદરડો ઉડાવ્યો. તેનો એક ન્હાનો કાકડો તૈયાર કર્યો. તે સળગાવતાં પહેલાં તેણે પેલા છિદ્ર આગળ જઇ ઘણીવાર સુધી કાન ધરી રાખ્યા, પણ તેને કંઇ ગંધ આવી નહિ–કશું સંભળાયું નહિ; તેથી તેણે કાકડો સળગાવ્યો અને આંતર્ભાગનું અવલોકન કરવા ગયો. અંદર પ્રવેશ કર્યો તે સાથેજ પથ્થરનો એક વિસ્તીર્ણ દાદરો–જીનો–દેખાવા લાગ્યો. બહાર નીકળેલી ઇંટપર તેણે હાથ ફેરવી જોયું. પણ આશ્ચર્યની વાત એ હતી કે, તે ઇંટ નહિ પણ એક રંગિત પાટીયું હતું. તે જોતાંજ આ ગોડબંગાલ છે શું ? એવા સ્વાભાવિક રીતે ઉદ્ગાર નીકળ્યા. “ આ ભોયરૂં છે એનો હવે સ્પષ્ટ થયું છે, પણ પેલાં મનુષ્યો આ રસ્તેથી ગયાં કયાં ? આ પ્રકાર શો છે તે જોવાની મ્હને અતિ આવશ્યક્તા જણાય છે. જઉં કે ભોંયરામાં ? આ પાટીયું ગોઠવી દેવાનું તે ભૂલ્યાજ હોવા જોઇએ. ઠીક, પણ હું અંદર જઇશ અને તેઓ જાગશે તો ? ઠાર કરશે, એટલુંજને ? પ્રભુ ઇચ્છા. જીવતો આવીશ તો પ્રપંચ ખુલ્લો થશે. તેઓ જ્યારે અત્યાર સુધી પાછા આવ્યા નથી ત્યારે અવશ્ય આજ રસ્તે કંઇ પણ ગયેલા છે. સહજ નિરીક્ષણ કરી જોઉં છું. બન્યું તો ઠીક છે, નહિ તો પછીની વાત પછી. ”

એવો નિર્ણય કરી આપણા ગૃહસ્થે સાહસિક વૃત્તિથી અંદર પ્રવેશ કર્યો. ઘણાં પગથીયાં ઉતર્યા પછી એક સરળ ગલી આવી. તેણે પોતાનો કાકડો સળગાવ્યો ન હતો. તે અંધારામાંજ ગોથાં ખાતો આગળ વધ્યો. આગળ જતાં જતાં તેને ઘણાં વલણ લેવાં પડયાં. હૃદય દઢ કરી તે જેમને તેમ આગળ જવા લાગ્યો. “ આ અંધકારમાં કોઇ પાછળ હોવો શકય નથી.

આગળથી કોઇ આવશે તો તેના હસ્તમાં પલિતો, દીપક કે કાકડો, કંઇ પણ હશેજ. તેનીજ સહાયથી હું પાછો ફરી શકીશ. તેનોજ તુરત ઉપયોગ થશે. એટલે હજી આગળ જવાને હરકત નથી. દગોફટકો જણાતાંજ સાવચેતીથી પાછો ફરીશ.” આવા વિચારો કરતો હજુ પણ તે આગળ જવા લાગ્યો. તે પ્રત્યેક ખાંચે અટકતો, કાન માંડતો અને પછી આગળ પગલું ભરતો.’

અંદર જતાં જતાં હવે પાછી એક મ્હોટી નિસરણી આવી. તેના પગથીયાંપર દશબાર કકડા અર્ધાપર્ધા બળતા પડયા હતા. તેની દુર્ગન્ધ ચોતરફ ભરાઇ રહી હતી. એ ચિહ્‌ન પરથી પેલાં મનુષ્યો આટલામાંજ કંઇક હોવાં જોઇએ, પ્રકાશની જરૂર નહિ રહેવાથી એ કકડા અહીં નાખી દીધેલા હોવા જોઇએ. “ એવો તર્ક આપણા ગૃહસ્થે કર્યો. હવે તે ઘણીજ સાવધતાથી નિસરણીપર ચઢવા લાગ્યો. નિસરણી પૂર્ણ થઇ. ઉપર જતાં ચોતરફ ભીંત પરજ હાથ ફરવા લાગ્યો. હવે શું કરવું તેના વિચારમાં એક પગથીયું નીચે ઉતરી વિચાર કરવા લાગ્યો- પ્રથમ થોડો વખત કાન માંડી કંઇ સંભળાય તો સાંભળવા પ્રયત્ન કરવાનું તેણે ઠરાવ્યું.

થોડા વખતમાંજ કંઇ ગણગણાટનો ધ્વનિ તેને સંભળાયો. તે ધીમે રહી વિશેષ લક્ષપૂર્વક સાંભળવા લાગ્યો. હવે ગણગણટમાં હાસ્યધ્વનિ પણ મળ્યો. એ ધ્વનિના ધક્કાથી આપણા ગૃહસ્થે ચમકી ઉંચે જોયું તો એકદમ અંદર જુગારની રોશની થતાંજ તેના પ્રકાશિત કીરણોથી તે ભીંજાઇ ગયો. પ્રકાશને લીધે તેને એક બે પગથીયાં નીચે ઉતરવું પડયું. તેણે પ્રકાશના માર્ગ તરફ દૃષ્ટિ કરી તો પાંજરાના દ્વાર જેવું દ્વાર જણાયું. એ દ્વાર એવી સ્થિતિમાં હતું કે બાજુએ રહી બહારથી નજર કરનારને અંદર કોણ છે તે જણાય પણ અંદરથી બહારની વસ્તુ જણાય નહિ.

તેને જણાયું કે તે એક ભવ્ય દિવાનખાનું હતું અને તેમાં વચ્ચે મખમલથી મઢેલા કૉચ ગોઠવાયલા હતા. તેમાંના એક કૉચપર પેલાં ત્રણે મનુષ્યો બેઠાં હતા. હવે આપણા ગૃહસ્થે બીજી બાજુ નજર કરી. બાજુએ કોઇ ન હતું. માત્ર ખાલી કૉચ પડયા હતા; પણ એક માણસ તે બાજુએ દિવાલગીરીઓ સળગાવતો હતો.

આપણા આ ગૃહસ્થના મનાકાશમાં હઝારો પ્રકારના કલ્પના–તરંગ ઉદ્દભવતા હતા. પોતે જે ભોંયરામાં ઉભો છે તે કયા મકાન નીચે અગર તો કયાં છે? આ મનુષ્યો કોને માટે એકત્ર થયાં છે? શા હેતુથી આવ્યાં છે? અહીંથી રાયગઢ કેટલો દૂર છે? અહીંથી નીકળાશે નહિ તો શું થશે? પુનઃ અહીં શું શું દૃષ્ટિએ પડશે અને શું શું સંભળાશે? મરાઠી રાજ્યને માટે ઇષ્ટજનક તો નહિજ, પણ અનિષ્ટજનક કંઇ સંભળાશે તો? વગેરે અનેક પ્રકારની શંકા કુશંકા તેના મનમાં ઉપસ્થિત થઇ.

એટલામાં ઉપર કડડડ કરતું એક દ્વાર ખખડ્યું. તે તરફના જીના પરથી ઉતરી એક નવું મનુષ્ય અંદર આવ્યું. તેને જોતાંજ આપણા ગૃહસ્થનાં ચક્ષુમાંથી ચિણગારીઓ ઉડવા લાગી; કપાળે કરચલીઓ પડી અને તેનું લોહી જોસબંધ વહેવા લાગ્યું. "અરે નિમકહરામ!" એટલા અપૂર્ણ શબ્દ તેના ઓઠમાં ને ઓઠમાં ફરકયા. એટલામાં તે મનુષ્યો વચ્ચે કંઇ વાર્તાવિનોદ શરૂ થયો. તેનો શબ્દે શબ્દ સંભળાય તે માટે આપણા શ્રોતાએ શ્વાસોચ્છ્વાસના પ્રવાહ ઉપર પણ અંકુશ મુકયો. જાણે ઉંડી ગુફામાં કોઇ એક મહર્ષિ પ્રાણાયામ માટે પધાર્યા ન હોય!

થોડો વખત આ પ્રમાણેજ વિત્યો. અંદરના મનુષ્યોએ કંઇક કાંસ્સ્થાન રચવાં શરૂ કર્યાં. ગણોજી અને ભોલાનાથ નવીન આવેલા મનુષ્યને અનેક પ્રકારના પ્રશ્ન પુછવા લાગ્યા. તુરતજ તે ચંડાળ ચોકડીએ કંઇ સંકેત કર્યો. તે કાને આવતાંજ આપણા ગૃહસ્થની જાણે શુદ્ધબુદ્ધજ કોઇએ ખેંચી લીધી. ક્રોધથી તેના ઓઠ કંપવા લાગ્યા, તે પાછો ફરવા માટે હાવરોબાવરો ચોતરફ જોવા લાગ્યો.

તે આવી બેભાન સ્થિતિમાં સપડાયો હતો એટલામાં ગણોજીરાવ નીકળવાની તૈયારીથી એકલોજ આગળ આવ્યો. તેણે એક સળગતો કાકડો ઉડાવ્યો હતો. એ પલિતાના પ્રકાશથી આંખમાં આંજન આંજ્યું હોય તેમ આપણો પ્રેક્ષક કંઇક શુદ્ધિ પર આવી પાછા વળવાનો માર્ગ શોધવા લાગ્યો. એ ગડબડમાં પગથીયાં ઉતરતાં, પાછળજ પલિતો લઇ આવતા ગણોજીના લક્ષમાં, કોઇ પણ મનુષ્ય, પિશાચની પેઠે નાસી જવા ઇચ્છે છે, એવું આવ્યા સિવાય

રહ્યું નહિ. તુરતજ તે અટક્યો અને " દગો ! દગો ! " એવી બૂમ પાડી ડાબા હાથમાં પલિતો લઇ જમણે હાથે મ્યાનમાંથી તલવાર ખેંચી પેલી સફેત આકૃતિની પાછળ ધસ્યો.

ગણોજીના મુખમાંથી " દગો " એ શબ્દ સાંભળતાંજ બીજાં મનુષ્યો પણ પલિતા લઇ દોડી આવ્યાં. ભોળાનાથના હાથ પગ ધ્રૂજવા લાગ્યા. પેલો જે ચોથો મનુષ્ય ત્રિપુટી સાથે મસલત કરવા આવ્યો હતો તે ગણોજીને કહેવા લાગ્યો.

" ગણોજી રાવ ! એ દગલબાજનો પિછો છોડશો નહિ. કદાચિત તે પાછો વળે તો તેના ટુકડાજ કરજો. રાણોજી તમારી મદદમાં છે. હું બીજે રસ્તે જઇ દેવળને તાળાં મારી દઉં છું. એટલે અનાયાસેજ તે આપણા સાણસામાં સપડાશે. રાયગઢનો રસ્તો બંધ છે. તે એ દગલબાજના બાપને પણ નહિ જડે. " એમ કહી તે મનુષ્ય આડે માર્ગે અદૃશ્ય થયો.

આ પ્રમાણે ઉંદર બિલાડીની નાસભાગ, રસ્તો પુરો થતાં સુધી ચાલી હતી. ગણોજીરાવ પૂર્ણ સંભાળથી પણ નિર્ધારિત રહી નગ્ન તરવાર સહિત પેલા માણસની પાછળ પાછળ જતો હતો. કદી કદી પોતાના પલિતાનો પ્રકાશ આગળ જતા મનુષ્ય પર પાડી તે કોણ છે તે જાણવાનો પ્રયત્ન કરતો હતો, પણ પાછળથી કોઇ ઘા કરશે તેની પણ ફિકર ન રાખતાં પાછળના પલિતાના પ્રકાશની સહાયથી પોતાનો માર્ગ માપે જતો હતો. તેના કાન એટલા તો તીવ્ર હોવા જોઇએ કે સસલાના પણ તેવા હશે કે કેમ તેની શંકાજ થતી હતી ! પોતાનામાં અને પાછળ પડેલા શિકારીમાં કેટલું અંતર છે, શીકારીએ કયો હાથ કેવી રીતે ઉઠાવ્યો છે તે સર્વ તે અતિ ચપળતાથી સમજી લેતો હતો.

આવી રીતે દોડધામ થતાં પેલો માણસ છેવટે દેવળના ગુંબજમાં આવી પહોંચ્યો. ગણોજી પણ ગુંબજના પ્રવેશદ્વારમાં આવી અટક્યો. કદાચિત, આગળનો મનુષ્ય બહાર નીકળી ગરદનપર ઘા કરશે કે શું એવી તેને ચિંતા ઉત્પન્ન થઇ હોવી જોઇએ; કારણ કે સત્વર આગળ નીકળવા ઇચ્છતા રાણાજીને તેણે પોતાની તરવારથીજ અટકાવ્યો હતો.

પેલો માણસ ગુંબજમાં આવતાંજ હાંફળો ફાંફળો થઇ દેવાલયની બહાર જવાના પ્રયત્નમાં પટાંગણનાં કુંડ પાસે આવ્યો. આગળ દરવાજા તરફ દૃષ્ટિ કરી તો તાળું મારી કોઇ કુંડ પાછળથી અંદર આવતું જણાયું. આ મનુષ્ય જો કે ઉતાવળથી પેસી ગયો હતો તો પણ તે ચકડાળચોકડીમાંનોજ ચોથો મનુષ્ય છે એવું જાણવામાં આપણા ગૃહસ્થને મુશ્કેલી પડી નહિ. તે મનુષ્યે આ વખત માત્ર પોતાના બન્ને હાથમાં અસ્ત્ર પકડયાં હતાં.

હવે આપણા ગૃહસ્થને બહાર જવાનો કંઇ માર્ગ સુઝયો નહિ. કોટપર ચઢવાને એકાદ ઝાડનો આશ્રય શોધવા માટે તે પ્રદક્ષિણાના માર્ગે ગભરાતો દોડયો. ચોતરફ જોતાં સર્વ વૃક્ષ કોટના અર્ધા ભાગથી ઉપર સુધી વધવા દીધાંજ નથી, સાગ જેવાં ગગનચુંબિત વૃક્ષો પણ છેદી નાખ્યાં છે એમ તેને જણાયું. “કિલ્લાની દિવાલમાં કોઇ જગ્યાએ બીજું એકાદું ચોરદ્વાર હશે, કુંડમાંથી વહી જતા ગંગાપ્રવાહનો કંઇ પણ માર્ગ હશે, તે માર્ગે ચાલ્યો જાઉં, છેવટે તે પ્રવાહમાં તરી પાર ઉતરી જઇશ.” એવી ઉત્કટ આશાથી તે તરફ જવા લાગ્યો એટલામાં શિવાલયમાંથી ગણોજી, રાણોજી, ભોલાનાથ અને પેલો ચોથો મનુષ્ય શસ્ત્રાસ્ત્રથી સજ્જ થઇ બહાર પડયો. આપણા ગૃહસ્થને તેમણે દેવળની પાછળ પકડી પાડયો. ગણોજી અને આપણા ગૃહસ્થની દૃષ્ટાદૃષ્ટ થતાંજ બન્નેની દૃષ્ટિમાંથી જાણે અગ્નિની ચિણગારીઓ ઉડવા લાગી ! બન્ને એક બીજા સામું જોતા અડગ ઉભા. માત્ર પેલા ચોથા મનુષ્યની અંતઃકરણની સ્થિતિ કંઇ વિલક્ષણ થઇ. આ ગૃહસ્થને જોતાંજ તેનું મુખ કાળું મેંશ જેવું થઇ ગયું !

ગણોજીરાવે કહ્યું: “અરે નીચ ! ઠીક પકડાયો છે ! કહે, હવે કંઇ કામ છે ? ત્હારા કરી નાખું બે ભાગ ? કે આ ઝાડે ઉંધો લટકાવી ફાંસી દઉં ? કે ગિરફતાર કરી બાદશાહને નજરાણો મોકલું ? કરૂં શું કહે ?”

“ગણોજી ! હું નિશઃસ્ત્ર છું. ધર્મયુદ્ધ જોતું હોય તો મલ્લયુદ્ધ માટે તૈયાર થા, પછી ત્હારે એકલા આવવું હોય તો એકલો આવ, નહિ તો તમે ચારે જણ સામટા ધસી આવો; તેની કંઇ ચિંતા નથી.”

“શું નીચ સાથે ધર્મયુદ્ધ હોઇ શકે ? હરામખોર ! મૃત્યુ માટે તૈયાર

આ. ત્હારા રક્તમાં સ્નાન કરવાનો મ્હારો સૌથી શ્રેષ્ટ હક્ક છે. તેમાં પણ ત્હેં આજે જે ગુપ્તચરનું કામ કર્યું છે, તે કામ માટે તને દેહાંત પ્રાયશ્ચિત સિવાય હવે અન્ય માર્ગજ નથી."

"સત્ય છે! તમને કુલાંગારોને પણ તેવુંજ પ્રાયશ્ચિત મળવું જોઇએ. મરાઠાનું અન્ન ખાઇ તું બાદશાહનો ગુલામ બન્યો છે તે આજે મ્હેં પ્રત્યક્ષ અનુભવ્યું છે. ત્હારી ગરદન કુકડાની પેઠે મરડી નાખવા દે, પછી ભલે મ્હારી ગમે તેવી દુર્દશા થાય."

"નહિ, નહિ, એને જીવતો રાખવો ઠીક છે. તે વ્યભિચારિણીને અને એને એકજ ચિતા પર બાળવાં જોઇએ. એના હાલ બેહાલ કરી પશ્ચાતાપ કરાવવો જોઈએ. ઉભો રહે નીચ, અલ્પ સમયમાં રાયગઢ પરથી તે દુષ્ટાને મુસ્કેટાટ બાંધી લાવું છું. પછી તમારી ગંમત જોઉ છું. સૂર્યાજી! એ પાજીને બેસવા દો તપશ્ચર્યા માટે. પેલો ભોંયરાનો રસ્તો બંધ કરો. એ જીવી શકે તેટલા ખોરાકની વ્યવસ્થા કરો. કિલ્લાનાં દ્વાર બંધ કરો. આ વ્યવસ્થા રાયગઢ પડે ત્યાં સુધીને માટે કરવાની છે. એને મારવા કરતાં જીવતો રાખવાથીજ મ્હારૂં કાર્ય સિદ્ધ થાય તેમ છે."

"ઠીક, પણ ગણોજીરાવ, એને આ જગતમાંથી દૂર કર્યો હોત તો ઠીક થાત. આપણું કારસ્થાન એ જાણી ગયો છે. એ મ્હારાં જડમૂળ ઉખેડી નાખવાનો પ્રયત્ન કરશે એને હવે જીવતો રાખવામાં માલ નથી."

"નહિ, સૂર્યાજી, એ જીવતોજ રહેવો જોઇએ. આ દેવળના પિંજરામાંથી એ ઉંદર કેમ કરીને નીકળશે? આપણે દાણાપાણી નાખીશું એટલે એની મેળે જીવશે. એને હમણાં બાદશાહ પાસે પહોંચાડીશું, પણ બાદશાહ એને જોતાંજ કદાચ ફાંસીએ લટકાવી દેશે તો? આજે તેમ થવું મ્હારે માટે ઇષ્ટ નથી. મ્હારો વેર લેવાનો દિવસ હજી ઉદય પામવાનો છે, ત્યાં સુધી એ જીવવો જોઇએ. સૂર્યાજી, પેલા ભોંયરાને રસ્તે તમે અંદર જાઓ. અંદરથી ભોંયરૂં બરાબર બંધ કરી નાખો. રાણોજી તું ભોલાનાથ સહ દેવળનાં દ્વારની બહાર જા. તમે જશો ત્યાં સુધી મ્હારી નગ્ન સમશેરથી હું પહેરો ભરૂં છું. તમારા સર્વેની પાછળ હું આવું છું. દરવાજો બંધ કરી દઉં છું. સાંભળ્યું કે

દેશભક્તના બેટા ! સ્વરાજ્યના શોખી ! પેલી ઓરડીમાં મનમાન્યું ધાન્ય છે. આ કુંડમાં સ્નાન કરજે. પાપી, દુઃખમાં એટલુંજ સુખ માનજે, ત્હારૂં પૂર્વ સંચિતજ માન કે આ તુરંગવાસમાં પણ તને શંકરના પૂજનનો સુયોગ પ્રાપ્ત થાય છે. તું પોતાને શૂર, ધીર, વીર કહેવડાવે છે. આત્મહત્યા કરવા જેવું કૃત્ય કરતાં ત્હને શરમ આવશે, પણ અંતઃકરણમાં એકાદ પાપની કટાર તને ખૂંચતી હોય તો બહારથી આ તેવીજ કટાર ઘોંચી તું અંતર્વેદના અટકાવશે એમ હું માનું છું.

આટલું કહી ગણોજી કિલ્લાના દરવાજા બંધ કરી ચાલ્યો ગયો. આપણા ગૃહસ્થે વિચાર્યું કે, લુંટાયા તો લુંટાયા પણ ચોર તો દીઠા

પ્રકરણ ૧૧ મું.

દરબાર.

आपत्स्वेव हि महतां शक्तिरभिव्यज्यते न संपत्सु ॥ (शार्ङ्गधर.)

* " મહાન પુરૂષોની ધૈર્ય પરીક્ષા સંપત સમયે થતી નથી; પણ તેમનું સામર્થ્ય વિપત સમયેજ દેખાઈ આવે છે."

પ્રિય વાચક ! જગતમાં અનાદિકાળથી બે પક્ષ ચાલ્યા આવે છે, અનાદિકાળથી દ્વૈતભાવની મારામાર ચાલી આવી છે ! મનુષ્ય જાતિ મનુષ્ય જાતિના સંહારમાં ખુશી થતી આવી છે. તો પછી મરાઠાઓમાં પરસ્પર કલહાગ્નિ પ્રજળે તેમાં આશ્ચર્ય શું ? સૂર્યાજી, રણોજી, ગણોજી, માને જેવા દેશદ્રોહીઓ મરાઠા રાજ્યની ધૂળધાણી કરવામાં વિચાર ન કરે અરે, તેમનાં હૃદયને ફટકો ન લાગે, તેમના અંતઃકરણ વજ્ર જેવાં કઠોર બને તો તે પણ આ પ્રપંચી જગતનો એક પ્રપંચજ કે બીજું કાંઈ ? કહે છે કેઃ પ્રાણને પ્રકૃતિ સાથે જાય ! આપણી ગમે તેટલી ઇચ્છા હોય કે એ દેશદ્રોહી... ના રૂપમાં ફેરવાઈ જાય તો ઠીક; પણ તેનો શો ઉપયોગ ? ઇતિહાસપ્રિય વાચકો જાણેજ છે કે મરાઠાઓમાં કોઈ જમીન

માટે તો કોઇ પદવી માટે, કોઇ માન માટે તો કોઇ અપમાન માટે, કોઇ હક્ક માટે તો કોઇ અધિકાર માટે, એમ કોઇ એક પ્રકારનો કલહ કરી રહ્યા હતા.

પોતાના અંગત સ્વાર્થને લીધે ઉસ્કેરાઇ જઇ કેટલાક સાચા મરાઠાઓ પણ મુસલમાન જેવા શત્રુને પણ સહાયમાં લઇ સ્વજાતિ બંધુઓનાં ગળાં કાપતા હતા! તાલીકોટના યુદ્ધમાં એ ક્ષુદ્ર સ્વાર્થેજ પરાજય અપાવ્યો હતો. સુપ્રસિદ્ધ મુત્સદ્દી શહેનશાહ ઔરંગઝેબ મરાઠાઓનો એવો સ્વભાવ ઘણી સારી રીતે જાણતો હતો, તેથીજ તેણે અંગત સ્વાર્થ દ્વેષને લીધે રાષ્ટ્રહિતમાં આગ મુકવા નીકળેલા ગણોજી રાવ શીરકેને પોતાની પાંખ નીચે લીધો હતો. તેથીજ છુપા જાસુસ ભોલાનાથને સૂર્યાજી પિસાળ નામક રાયગઢના કિલ્લેદારની વૃત્તિ ફેરવવા માટે મોકલ્યો હતો. ઔરંગઝેબનો એ પ્રયત્ન કેટલો સફળ થયો તે આપણે ગત પ્રકરણમાં જોઇ ગયા છીએ; પણ હમણાં સંભાજી મહારાજના વધથી રાયગઢપર મરાઠી રાજધાનીમાં શું થાય છે, તે જોઇશું અને તેમ કરતા પહેલાં રાયગઢનો ઐતિહાસિક પરિચય કરી લઇશું.

આ કિલ્લો, કુલાબા જીલ્લાના પ્રસિદ્ધ પુના શહેરના નૈઋત્ય વિભાગમાં સુમારે પાંત્રિશ ગાઉ પર છે. તે જે પર્વતના શિખરપર વિસ્તીર્ણ પ્રદેશમાં બંધાયલો છે, તેની ઉંચાઇ સમુદ્ર સપાટીથી ૨૮૫૧ ફીટ એટલે સુમારે બે હઝાર હાથ છે. એ સ્થાને પૂર્વ પશ્ચિમ અનુમાને પોણા ગાઉ અને દક્ષિણોત્તર અર્ધો ગાઉ જેટલી સપાટ જગ્યો છે. ત્યાં આ કિલ્લાની રચના હોવાથી પૂર્વ, પશ્ચિમ અને દક્ષિણ બાજુપર તૂટી પડેલી ભયંકર કરાડો વડેજ સ્વાભાવિક રીતે તેના કોટ બનેલા છે. ફક્ત વાયવ્ય દિશામાં કેટલોક ભાગ બંધાયલો છે. આ કિલ્લાને પૂર્વે રાયરી કહેતા હતા. ઇસ્વીસન બારમી સદીમાં એક વખત આ થાણું કેટલાક મરાઠા સરદારોના હાથમાં હતું. ત્યાર પછી વિજયનગરકરે કેટલાક કાળ સુધી ત્યાં પોતાની સત્તા સ્થાપી હતી. પણ પંદરમી સદીના અરસામાં જ્યારે તેનું રાજ્યબળ તૂટયું અને મહમદી લોકોનો ચંદ્ર દક્ષિણ હિન્દુસ્થાનમાં તોફાન કરવા લાગ્યો, ત્યારે તે મજબૂત સ્થાન અહમદનગરના મુસલમાન રાજ્યકર્તાના હસ્તમાં ગયું. ત્યાર પછી અહમદનગરનું રાજ્ય મોગલોએ નષ્ટ કર્યું ત્યારે ઇ. સ. ૧૬૩૬માં એ સ્થળ વિજા-

પુરંદરના તાબામાં ગયું, તેણે એ કિલ્લાને ઇસલામગઢ એવું નામ આપ્યું હતું. તથાપિ, તે ઠેકાણે પુનઃ એકવાર મરાઠાઓનો ભગવો ઝુંડો ઉડવાનો સંભવ હોવાથી સત્તરમા શતકના ઉત્તરાર્ધમાં ત્યાં સ્વાતંત્ર્ય સુખનો વાયુ પુનઃ વહેવા લાગ્યો. છત્રપતિ શિવાજી જેવો આર્યવીર સ્વામી અને માવળા જેવા તેના અર્ધા વચને વશ રહેનારા વિશ્વાસુ સેવકોનો મહારાષ્ટ્રમાં ઉદય થતાંજ ઇ. સ. ૧૬૪૮ માં રાયગઢનું સ્વામીત્વ પુનઃ મરાઠાના હાથમાં આવ્યું. પછી ઇ. સ. ૧૬૬૨ માં શિવાજીએ તેની ઉત્તમ મરામત કરાવી તેને પોતાનું નિવાસસ્થાન બનાવ્યું, ત્યારથી તે સ્થળનું મહત્વ વૃદ્ધિ પામતું જઇ ત્યાં પૂર્વવત સ્વરાજ્ય વૈભવ વિચરવા લાગ્યો. યેસાજી, તાનાજી, જેવા પરાક્રમી પુરૂષોના સમાગમથી અને સાધુશ્રેષ્ઠ રામદાસ જેવા સત્ પુરૂષોની ચરણરજથી તે સ્થળ ધન્ય થયું. છેવટે છત્રપતિ શિવાજી મહારાજના રાજ્યાભિષેકોત્સવથી રાયગઢનું નામ જગતના ઇતિહાસમાં અજરામર બન્યું. શિવ છત્રપતિ પરલોકનિવાસી થયા પછી પણ કેટલાક સમય પર્યંત એ કિલ્લાનું રક્ષણ મરાઠાના હસ્તેજ થતું અને તેના કોટપર ભોંસલે કુટુંબનો વિજયધ્વજ ફરકતો હતો.

આવા ઇતિહાસપ્રસિદ્ધ રાયગઢપર આપણે એક બે વખત જઇ આવ્યા છીએ. ત્યાંના જગદીશ્વરના સુંદર રમણીય દેવાલયમાં આપણે ગયાંજ હતા. આજેજ જો આપણે પુનઃ જઇશું તો ત્યાંના ગંગાસાગર સરોવરના પ્રફુલ્લ કમલ સાથે પ્રસંન્ન ચિત્ત વિહાર કરી રહેલા અનેક હંસ આપણને જણાશે. તે કરંજા અને પુષ્પવાટિકા, સુગંધયુક્ત પુષ્પપરાગથી ઓતપ્રત થયેલી લાગશે. નારીએળી, કેળો અને આમ્રવૃક્ષનાં ફળોની લૂમોથી અતિ વિલક્ષણ શોભા દૃગ્ગોચર થશે.

પણ આપણે આજેજ તે શોભા જોવા જવાનું નથી આજે તો આપણે સભાસ્થાન તરફ જવાનું છેઃ કારણ કે આજે બક્ષીએ સરકારની આજ્ઞા પ્રમાણે સર્વ મરાઠા સરદારોને દરબારનું નિમંત્રણ કર્યું હતું. સંભાજી મહારાજના પરલોકગમનની વાત સાંભળી માતુશ્રી યેસુબાઇના સમાચાર માટે ગઢપર સર્વે મરાઠા સરદારો એકત્ર થયા હતા. સર્વે મુત્સદી, સર્વ કિલ્લેદારો અને સર્વ મુખ્ય અધિકારીઓ ભવિષ્યમાં શું કરવું તે નિશ્ચિત કરવા માટે આવ્યા હતા.

જુઓ, તે સર્વ મનુષ્યો વિષાદ ભરેલે ચિત્તે સભાસ્થાન તરફ પ્રયાણ કરી રહ્યા છે. કોઈ સભાસ્થાનની ચોતરફના તુલસીદલની મંજરીઓ ખૂંટે છે, કોઇ ડમરાની ડાળો ચૂંટે છે, કોઇ નવપલ્લવિત લતાઓને કંપાવે છે અને કોઇ દ્રાક્ષ ઘટાપરથી દ્રાક્ષ લઇ તેનો સ્વાદ જુવે છે, એવા સભા સ્થાનની ચો તરફ દર્શનીય, સ્પર્શનીય અને ભક્ષણીય વૃક્ષ પંક્તિની આજુબાજુ સભાસદોની ભીડ જામી રહી છે; એટલામાં બક્ષીએ રમણીય સભામંડપને ચોતરફથી ખુલ્લો કરાવ્યો. પરંતુ તે ચિત્રવિચિત્ર સંગે મરમરી પાષાણ અને સ્ફટિકથી વિભૂષિત થયેલી ભૂમિ પરથી પસાર થતાં પ્રત્યેક સરદાર નીચું જોઇને કેમ ચાલે છે ? ત્યાંના રંગ સુરંગથી તેમનાં મન ઉલ્લસિત કેમ થતાં નથી ? સ્થળે સ્થળે બિલોરી આરસા ગોઠવાયલા હતા, તદપિ દરબાર જેવા પ્રસંગે પોતાનો પોષાક અત્યંત સાદો છે, પોતાની વૃત્તિ વિલક્ષણ મ્લાન છે, એ તેમને કેમ જણાતું નથી ? કેટલાક ઉષ્ણતાનો ઉપદ્રવ ન થાય તે માટે ત્યાંના કિનખાપી પડદા એક બાજુ ખસેડતા હતા, કેટલાક વિચાર નિમગ્ન બન્યા હતા, અને કેટલાક સુવર્ણમય વસ્ત્રની છત–ચાંદની–ચંદરવા તરફ ધારી ધારીને જોઇ રહ્યા હતા. કોઇનું ચિત્ત સુવર્ણપિંજરમાં મનોહર શબ્દ કરતી શુક સારિકા તરફ સ્થિર થયું હતું, તો કોઈની ઉદાર ચિત્ત વૃત્તિ અગર ધુપના સુગંધ દ્રવ્યના પરિમલથી સહજ ઉલ્લસિત થતી હતી.

એટલામાં સિંહાસન આગળનો કિનખાપી પડદો ખસ્યો. રત્નખચિત મુક્તાફળનાં ઝુમખાંથી ભૂષિત થએલું, એવું સુવર્ણના ચાર સ્તંભથી સુશોભિત બનેલું સિંહાસન દેખાવા લાગ્યું. સિંહાસનની પાછળ પ્રભાવળીનાં આધારપત્રપર બાલ સૂર્યના કોમળ કિરણ ચકચકવા લાગ્યાં. પ્રભાવળી પરના સોના રૂપાના કળશની શોભા અને કિરણ પ્રભાવ કંઇ ઓરજ દેખાતાં હતાં. હવે કેટલાક પ્રતિહારો અંદર આવ્યા. તેઓએ સિંહાસનની બેઠક વ્યવસ્થિત કરી. બેઠકના વ્યાઘ્રચર્મપર સુવર્ણમય ગાલીચાથી આચ્છાદેલું આસન હતું. આ આસનની ચારે બાજુ મોતીનાં તોરણ લટકાવ્યાં હતાં. તેજ પ્રમાણે તેનાપર સુંદર મૃદુ ગાદી તકીયા ગોઠવ્યા હતા. સિંહાસનપર ધનુષ્ય, બાણ, ખડક અને ઢાલ વગેરે રાજ આયુધ પણ ગોઠવેલાં હતાં.

જોતજોતામાં અનેક અધિકારીઓના—ભાલાદાર—ચોપદાર આવવા લાગ્યા. અષ્ટ પ્રધાન, વેદમૂર્તિ ઉપાધ્યાય પુરોહિતની પાછળજ કંઇક પ્રસન્ન, કંઇક ખિન્ન એવી ચિત્તવૃત્તિની, પણ પુરોહિતાદિ શ્રેષ્ઠ બ્રાહ્મણોના આશિર્વાદથી જેની વૃત્તિમાં શાંતતા અને ગાંભીર્ય પ્રવર્તેલું છે એવી જે રાજમાતા યેસુબાઇ તે સભાસ્થાન તરફ આવતી હતી. આગળ પ્રલ્હાદપંત માર્ગદર્શક બન્યા હતા. જમણી બાજુએ છત્રપતિ શિવાજી મહારાજના સુયોગ્ય પુત્ર રાજારામ મહારાજ ઉદાસવૃત્તિથી ચાલતા હતા. તેમના ખાસ હુઝુરીયા બંડા ગાયકવાડ અને માતુશ્રીની પાછળ ભક્તાજી અને ખંડોજી ગુજર, એ સશસ્ત્ર ચાલતા હતા. માતુશ્રીના ડાબા હાથ તરફ વીરકન્યા રાજકુંવર, રાજારામ મહારાજનાં પત્ની જાનકીબાઇ, તારાબાઇ, રાજસબાઇ અને અહલ્યાબાઇ એ ચારે હતાં. રાજમાતાના હસ્તમાં રાજકુંવરનો પુત્ર હતો અને સંભાજી મહારાજનો પુત્ર બાળ શિવાજી જે શાહુ નામથી પ્રસિદ્ધ થયેલો તે રાજારામ મહારાજનો હાથ પકડી ચાલતો હતો.

રાજારામ મહારાજના ખાસ સેવકો ઉભયના ચરણ (જોડા) અને ઉગાળદાન (પિચદાની) લઇ પાછળ પાછળ ચાલતા હતા. આજે રાજારામ મહારાજે પોતાની સાથે પોતાના રાજ્યચિહ્ન ધારકો, અંગરક્ષકો રાખ્યા નહતા, પણ બાળ શિવાજીની પાછળ રાજ્યચિહ્ન ધારક, અંગરક્ષકો ફરાસેક, શાગીર્દ વગેરે હુશીયારીથી ચાલતા હતા. એ સિવાય રાજ્યપત્નીનાં દાસદાસી સાથે હતાં તે તો જુદાંજ.

આ મંડળ હવે ઉદાસ પણ ગંભીર વૃત્તિથી માર્ગક્રમણ કરતું સભાસ્થાનના પ્રવેશદ્વાર પાસે આવી પહોંચતાંજ સર્વ મુખ્ય સરદાર, ઉમરાવ, મુત્સદી હારબંધ ઉભા થયા. આજના પ્રસંગ માટે સર્વ મહાલદાર, કારખાનદાર, કોષાધિકારી અને દેશાધિકારી—સુબાઓ મુદ્દામ હાજર રહ્યા હતા. પરંતુ આજે નિત્યની પેઠે ભાલદાર, ચોપદારની ગર્જનાઓ થતી નહતી. આજનો પ્રસંગજ તેવો હતો.

માતુશ્રી યેસુબાઇ સિંહાસન સામે આવતાંજ અટક્યાં, માત્ર ક્ષણવારજ તેવી સ્થિતિમાં રહ્યાં. તુરતજ તેઓ સિંહાસનની જમણી બાજુએ ગયાં.

તેમણે સિંહાસનને વંદન કર્યું અને જમણી બાંજુએજ પણ સિંહાસનની નીચે તે બેઠાં. તે જોઇ રાજકુંવર અને રાજારામ મહારાજની ત્રણ પત્નીઓ પણ તેમની પાછળ જઇ બેઠાં. માત્ર તારાબાઇ મહારાજની પાછળ બાળ શિવાજી સાથે લીલા કરતાં ઉભાં હતાં. તેમ છતાં રાજારામ મહારાજની તખ્ત પરથી દૃષ્ટિ ખસી નહિ. તેમની મનોભાવના ડગમગવા લાગી. તેમનાં નેત્ર અશ્રુજળથી ભરાઇ આવ્યાં.

તેમને કેવી લાગણી થઇ હશે તેતો તેજ જાણે? તુરતજ તેમણે બાળ શિવાજીને ઉંચકયા અને સિંહાસનપર બેસાડી, પોતે ધીર ગંભીર વૃત્તિથી તેમની ડાબી બાજુએ જઇ વિરોચિત આસને બેઠા. એ વખતે માત્ર તારા-બાઇની મુખાકૃતિ જોવા જેવી થઇ હતી. તેમણે પોતાના પતિ તરફ તિરસ્કાર યુક્ત મુખે જોયું; પણ તેટલામાં મુત્સદ્દીપણું વાપરી ત્યાંથી ખસી યેસુબાઇની પાછળ જઇને બેઠાં..

આ પ્રમાણે રાજમંડળ સ્વસ્થાને વિરાજમાન થયા પછી પાછળ સોળ પરિચારક, કોઇ છત્ર ચામર, કોઇ વ્યજન, કોઇ પંખો લઇને સજ્જ થઇ ઉભા રહ્યા. આટલાં બધાં મનુષ્યોમાં માત્ર જોત્યાજી જણાતો ન હતો. ભ-ક્તાજી અને ગાયકવાડ ખુલ્લી તરવારે બાબાસાહેબ પાછળ ઉભા રહ્યા. રાજા-રામ મહારાજના જમણા હાથ તરફ પુરોહિત વગેરે બેઠા પછી ડાબી બાજુએ ધનાજી જાધવ, જેધે દેશમુખ વગેરે પ્રાણ આપે તેવા સર્વ ઇષ્ટમિત્ર સશસ્ત્ર વિરાજીત થયા. આ વખતે ચિટનીસ ખંડોજી પણ કંઇ જણાતા ન હતા. માતુશ્રીએ ચોતરફ નજર ફેરવી, પણ તે કયાંઇ જણાયો નહિ. છેવટે તેઓ બોલ્યાં કે: “એ લોકો કંઇ કાર્ય માટે ગયા હોય એમ લાગે છે.”

હવે પ્રતિહારોએ મુજરા કહેવાનો આરંભ કર્યો. પ્રત્યેક સરદાર રાજ-મંડલને વંદન કરી પોતાના સ્થાન પર જઇ બેઠા. આવા રથિ—મહારથિ, અને અતિરથિ યોદ્ધાઓની હારમાં કોઇની પાઘડીના છેડા છૂટી ગયા હતા તો કોઇના દુપટ્ટા આડા અવળા થઇ ગયા હતા. પ્રત્યેકના મુખપર વીરશ્રી ઝળકી રહી હતી. રાજમંડલ તરફથી શી આજ્ઞા થાય છે તેની પ્રત્યેક આતુરતાથી પ્રતીક્ષા કરવા લાગ્યા અને તેનેજ માટે પ્રત્યેકે પોતાનાં હથિયાર

દઢતાથી હસ્તમાં પકડયાં હતાં. આ ભારતી યોદ્ધા—સરદારોની પંક્તિ તરફ જોતાં જોતાં યેસુબાઇની વૃત્તિ અધિકાધિક દઢ થતી ચાલી હતી.

એટલામાં પ્રલ્હાદપંતે ગાદી પાસે આવી રાજમંડળને મુજરો કરી કહ્યું: "મા સાહેબ, છત્રપતિ રાજારામ મહારાજ અને શૂરા સરદારો ! આજે આપણે અહીં શા માટે એકત્ર થયા છીએ ? હમણાંજ મહારાજની ઉત્તર-ક્રિયા કરી આપણે પરવાર્યા છીએ. એ આબા સાહેબના પુણ્યનું ફળ. બીજું શું ? બાદશાહના પંજામાંથી આપને મહારાજનું મસ્તક મળ્યું તે કોના પુણ્યપ્રભાવથી ? શિવ પ્રભુનાજ ? માતુશ્રી, એમ મુખમ્લાન કેમ કરો છો ? શું આપ એકલા પરજ એ કષ્ટ તૂટી પડયું છે ? મા સાહેબ, અમે આપનાંજ બાળક છીએ. અમારા શિર પરનું છત્ર ગયુંજ. હવે શોક કરીને શું કરીશું ? મહારાજની ઉત્તર ક્રિયા સાધ્ય થઇ એ એક શુભ શકુનજ થયા છે. એનેજ દુઃખમાં સુખ માનવું જોઇએ."

"મા સાહેબ, છત્રપતિ સરકાર ! આ સરદારો આપનાં દર્શન માટે આવ્યા છે. એ સર્વ દુઃખથી આંધળા થયા છે. એ સર્વ સંતાપથી તડફડે છે. હવે એમને આશ્વાસન આપો. એમને માર્ગ બતાવો. છત્રપતિ બાલક છે, રાજકુંવર અભાગી થઇ છે, રાષ્ટ્ર છત્ર વિનાનું બન્યું છે, એ સર્વ ખરૂં, પણ એમને જેમ આપના હૃદય સરસાં ચાંપશો તેમ, આ મોહિતે, આ ઘોરપડે, આ હણમંતે, આ નાઇક, આ ચીટનીસ, આ મોરે, આ દાભાડે, આ પેશ્વા, આ અમાત્ય, આ સચીવ, આ પ્રતિનિધિ, આ બાવડેકર, આ જાધવ, વગેરે આપના બાળક તુલ્ય સરદારોનાં રક્તાશ્રુથી ખરડાયલાં મુખ લૂછો. તેમનાં તરબોળ બનેલાં નેત્રો પર આપનો માયાળુ હાથ ફેરવો. આપ એ સર્વનાં માતા બનો. સર્વને આશ્વાસન આપો."

"પ્રલ્હાદપંત, મ્હારા સૌભાગ્યનો અંત આવ્યો તેથી ગભરાવાનો સમય નથી તે હું સમજું છું. સર્વના ભાગ્યમાં તેવુંજ લખાયું હશે. મ્હારા વિષનો પ્યાલો હું આનંદથી પીઇશ."

"દેવી, અમે આપના પ્યાલાના ભાગીદાર છીએ. વાયુ જોઇને પુનઃ શઢ ચઢાવીશું. એમાં શંકા શી ? લોક ગંગાના હર્ષ ક્ષોભમાં તણાઇ ન જતાં

આપણો માર્ગ સરળ રાખીનેજ સંકલ્પ સાધવાનો છે.” ધનાજી જાધવે કહ્યું.

સંતાજી *ઘોરપડેએ ગર્જના કરી કહ્યું; “ઘૂંટણમાંડી ઉંચા આસન પર બેસી, કિનખાપી લોઢને ટેકી ઘોરણ જોઇ તોરણ બાંધવાનો મનસુબો રચવાની નાદાનિયત કોઇ સ્વીકારશે? માતુશ્રી, આજ્ઞા? મા સાહેબ આપ દૃઢ મનનાં છો. આપે દુ:વર્તનથી વહેતા દેવને યોગ્ય માર્ગપર લાવવા બંધુની સહાયથી પ્રયત્ન કર્યો હતો. શિરકોચ્છેદ થયો. એક, બે, ત્રણ, ચાર સ્ત્રીઓનાં સૌભાગ્ય નષ્ટ થયાં. તમારૂં હૃદય સળગી ઉઠયું. તોપણ તેમને આશ્વાસન તમેજ આપ્યું છે. માતુશ્રી આ તખ્તના સમ્રાટની અરે અમારા કલેજાની કત્લ અલમગીરેજ કરીને? હવે આ અંતઃકરણમાં દાવાનળ સળગી રહ્યો છે. ચાલો, ચાલો, ચાલો! હરહર મહાદેવની ગર્જના કરીએ! માતુશ્રી, બોલો શી આજ્ઞા?”

આ ગર્જના સાંભળી માનેને બે શબ્દ બોલવાની ઇચ્છા થઇ આવી. તે શુદ્ધ હેતુથી બોલવા તૈયાર થયો હતો કે અન્ય કંઇ આશયથી એ કહેવું કઠિન છે. સંતાજીના શીઘ્રકોપ વિષે તેણે કિંચિત્ તિરસ્કાર કરતાં કહ્યું:

“સંતાજીરાવ, ઉતાવળા થશો નહિં. અહીં કોઇએ બંગડીઓ પહેરેલી નથી. માત્ર શક્ય અશક્યતાનો વિચાર કરવા માટે આજ વખત છે. યુવાવસ્થામાં રક્ત બહુ ઉછળે છે પણ પ્રત્યેક વાતને કાળની મર્યાદા હોય છે. પ્રસંગ જોઇને ચાલવામાં ડહાપણ કે જીભજ હલાવવામાં ડહાપણ છે?”

---

* સંતાજી ઘોરપડે અને ધનાજી જાધવ એ મરાઠા સરદાર હંબીરાવ મોહિતેના હાથ નીચે પ્રથમ ઉદયમાં આવ્યા. ઈ. સ. ૧૬૭૪ માં મોગલોએ પનાળગઢને ઘેરો નાખ્યો ત્યારે સંતાજી અને ધનાજી એ બન્નેએ ઘણું પરાક્રમ કર્યું છે, તે વાચકોને આગળ જણાશેજ. ઘોરપડેની મૂળ અટક ભોંસલે હતી. બ્રાહ્મણી રાજ્યમાં તેમણે કોકણમાંનો એ કિલ્લો ઘોરપડેની સહાયથી ઉપર ચઢી સર કર્યો, ત્યારથી તે ઘોરપડે કહેવાવા લાગ્યા. વિજાપુરના રાજ્યમાં તેમની દેશમુખી હતી. કાપશીકર, સોંડુરકર, મૂધોળકર એ ઘોરપડેના કુટુંબ પ્રસિદ્ધ છે. કાપસીકરને આદિલશાહી તરફથી ‘અમીરઉલ ઉમરાવ’નો ખેતાબ મળ્યો હતો. મૂધોળકર બાજી ઘોરપડે એ શહાજી પેઠેજ વિજાપૂરકરના વિશ્વાસુ સરદાર હતા.

માનેના આ શબ્દો સાંભળતાં સંભાજીના શરીરનું રક્ત જોરથી વહેવા લાગ્યું. તે ઉછળીને બોલ્યો.

"મુહૂર્ત અને શુકન જોવાના વખતનો વ્યય કરી તેનેજ આધારે ચાલવાથી મૃત્યુને મુલત્વી રાખી શકાય છે, એમ કોઇ માઇનો પૂત છાતી ઠોકીને કહેવા તૈયાર છે? વૈદ્ય જોષીથી મૃત્યુ ટાળી શકાતું નથી ત્યારે પછી ઔષધોપચારનો ઉહાપોહ શા માટે? મિત્રો, તમે જાણો છો કે, આજે આપણે એક દુઃખની કસોટીમાંથી પસાર થઇએ છીએ, અને નિર્દય શત્રુએ મહારાજાનો ક્રૂરતાથી વધ કરી હિન્દુ પ્રજાના અંતઃકરણમાં પાડેલો ઘા હજુ પુરાયો નથી તે પહેલાં તેણે અવશિષ્ટ રહેલી સત્તાને તોડી પાડવા કમર કસી છે, એમ જાણ્યું ત્યારથી મ્હારો પ્રાણ તેનું રક્ત પીવાને તલપી રહ્યો છે. પ્રસ્તુત વિપત્કાલથી અમે શક્તિહીન થયા છીએ, એમ સમજી મોગલો ગર્વથી ફુલાઇ ગયા છે. સરદારો, શત્રુને સમજવા દો કે ગમે તેવા પણ મરાઠા બચ્ચાઓ સાથે કામ પડયું છે. આ પ્રાણ દેહમાંથી જો કે નીકળી જશે, પરંતુ ભોંસલે કુળના અન્નથી પોષાયલાં આ હાડ શત્રુના રક્તને વહેવડાવ્યા સિવાય કદાપિ પણ રહેશે નહિ. આજે જો કે આપણી આવી સ્થિતિ છે પણ જ્યાં સુધી આપણે એક દિલથી અને એક નિષ્ઠાથી પ્રભુ કાર્ય માટે દેહ સમર્પવા તૈયાર છીએ ત્યાં સુધી પ્રત્યક્ષ કાળને પણ પરાભવ આપી પાછો કહાડીશું, ત્યાં પછી શત્રુની તો વાતજ શી? આપણે પુરાણમાં સાંભળ્યું છે કે, દુર્યોધને પાંડવોનો અનેક પ્રકારે છળ કર્યો, મદાંધતાથી દ્રૌપદીની ભર સભામાં લજ્જા લેવાનો પ્રયત્ન કર્યો અને કપટથી તેમનું રાજ્ય હરી લઇ તેમને વનવાસ આપ્યો, પણ તેથી શું પાંડવોની કીર્તિ મલિન થઇ હતી કે? ના! ના! સમયના પરિવર્તન સાથે શ્રીકૃષ્ણ ભગવાનની કૃપાથી તેમણે દુષ્ટોનો નાશ કરી છેવટે ત્રિલોકમાં યશ ગજાવ્યો હતો."

"અરે, શિવાજી છત્રપતિ તરફજ નજર કરોને! તેમનો પ્રતાપ રવિ ઉદય પામ્યા પૂર્વે આપણા દેશની શી અવસ્થા થઇ હતી! ક્રૂર પરધર્મીઓએ આપણી સર્વ સત્તા અને વિત્તને છિન્ન ભિન્ન કરી નાખી એક ગ્રાસ

અન્ન માટે અને એ આંગળ ચીંથરા માટે પોતાના મુખ તરફ જોતા કર્યા, પણ ઇશ્વરની સત્તાથી હિંદુત્વનો ખરો અભિમાની અને સ્વદેશબાંધવો માટે નિરપેક્ષ બુદ્ધિથી દેહાર્પણ કરનાર શિવાજી મહારાજ જેવો સંરક્ષક મળતાંજ આપણે તે સ્થિતિમાંથી પાર નીકળી ગયા. અહાહા! ધન્ય તે પ્રભુને કે જેણે સ્વપરાક્રમથી જોતજોતામાં પાંચ પાદશાહી† ને ડુબાવી હિંદુપદ પાદશાહીની સ્થાપના કરી. તેની મહત્તાનું વર્ણન કેવી રીતે થઇ શકે? તે પુણ્યપ્રતાપી પુરૂષની કર્તવ્યપરાયણતાને લીધેજ લાંબા સમયથી પરતંત્રતામાં પીડાતા મહારાષ્ટ્રીયોને સ્વાતંત્ર્ય સુખનો લાભ થયો; નહિ તો ક્યાં તે સાર્વભૌમ દિલ્લીપતિ ઔરંગઝેબ, અને ક્યાં દેશમુખ–પુત્ર શિવાજી! ક્યાં તે ઐશ્વર્યસંપન્ન બાદશાહની છાયામાં વૃદ્ધિંગત થયેલી મોગલ સેના, અને ક્યાં આપણા અનેક દારિદ્રોના ભોગ થઇ પડેલા માવળા! પણ નહિ, નહિ. માત્ર ધૈર્યના બળ પર તેવા દુબળા પણ સ્વરાજનિષ્ટ અને સ્વામીના જીવને માટે જીવ આપનાર તાનાજી, સૂર્યાજી જેવા હિમ્મતવાળા વીરોની સહાયથી શિવાજી મહારાજે કેટલાક વખત સુધી સંપુર્ણ મહારાષ્ટ્રમાં અકાંડતાંડવ મચાવી સ્વયશનો ઝુંડો ઉડાવ્યો. ત્રેતાયુગમાં શ્રીરામચંદ્રે સીતા શુદ્ધિ કરી દૈત્યવંશી રાવણનો ઉદ્ધાર કર્યો, તે કેવળ વાનરના બળ પરજ! આ લોકમાં હિમ્મત એ એક અજબ વસ્તુ ઇશ્વરે નિર્માણ કરેલી છે. તેના બળપર બુદ્ધિ અને વાચાયુક્ત આ સાડાત્રણ હાથનો દેહ શું નહિ કરી શકે? ધનાજી જાધવ, ખંડેરાવ દાભાડે*, ચવ્હાણ અને પરસોજી§ ભોંસલે જેવા વીર આજે શત્રુના કંઠને ચૂસી લેવા ઉભા છે તો પછી તમને શી ચિંતા?

"બંધુઓ! હવે એકજ મંત્ર, હવે એકજ રામનામ લેવું." વેર! વેર! અને વેર! આપણા રાજાનું વેર! કાયરો, બાજી પ્રભુ મૃત્યુ પામ્યો,

---

† અદીલશાહી, નિઝામશાહી, કુતુબશાહી, અમરશાહી, બરીદશાહી.

* ખંડેરાવ દાભાડે એ તળેગાંવનાં દાભાડેના મૂળ પુરૂષ હતા. એમના પિતા તળેગાંવના પાટીલ–પટેલ હતા. તેમણેજ પ્રથમ શિવાજી મહારાજની નોકરી સ્વીકારી હતી.

§ પરસોજી ભોંસલે એ નાગપુરના ભોંસલેના મૂળ પુરૂષ

તાનાજી પણ તેજ સ્થિતિએ પહોંચ્યો, પરંતુ એજ મૃત્યુ સાચાં! વૃષ્ટિના કાળમાં ઘણાંએ પ્રાણી ઉત્પન્ન થઇને પગ નીચે કચડાઇ જાય છે. શું તેવું મૃત્યુ તમને પસંદ છે? મા સાહેબ, બોલો! શી આજ્ઞા છે, કહો! હાય! સંભાજી મહારાજ, વ્યર્થ, વ્યર્થ, અમારા જેવા કૃતઘ્નો માટે તમે નિરર્થક પ્રાણયજ્ઞ કર્યો! બાયલાઓ! તમારાં ડહાપણને કાળના કરાળ જડબામાં પડવાનો વખત આવ્યો, કારણકે, વાઘના જડબામાં હસ્ત આપનાર શૂરનર મરાયો. માત્ર તમારા ડહાપણમાંજ દુનીયાને ડોલાવ્યા કરો! ગૃહકલહ, અંદરેઅંદરનો મત્સર, જગત્ આગળ ખોટી મ્હોટાઇ મેળવવાની હોંસ, મિથ્યા અભિમાન, વગેરે ભૂતોને સ્વચ્છંદે ભટકવાની કાળરાત્રીજ હવે આવી છે! થવાદો તમારો થનથનાટ! અરેરે! પંચહત્યારા પંચાક્ષરી વૈરીઓએ ખરા વખતે કેવો દાવ સાધ્યો, તેના તરફ જરા તો લક્ષ આપો!"

"સંતાજીરાવ, શાંત થાવ! ધનાજીરાવ, મ્હારા શૂર સરદારો, વખત કટોકટીનો છે. અણીનો પ્રસંગ આવી પડ્યો છે. ધનાજીરાવ, આપણે કંઇ મેંઢાં બકરાં નથી કે ગભરાઇને બેભાન થઈ જઇશું! સંતાજીરાવ, આપણે એવી વિકટ ખીણ ઉપર છીએ કે, ક્ષણવાર પણ બેદરકાર રહીશું તો આપણા ચૂરેચૂરા થઇ જશે. સરદારો, ભડકેલા ભડવીરો, બકરાં મેઢાં સાથે શા માટે ભયંકર ખીણને કીનારે સફાઇથી ઉતરવાનું અભિમાન રાખો છો! સંતાજી, એક દિવસની ગફલતમાં પાંડવોને ચઉદ વર્ષ અજ્ઞાતવાસ ભોગવવો પડ્યો હતો. વીરકેસરી વીરાત્માઓ! આવા પ્રલયકાળમાં, ગોવર્દ્ધનને છત્ર બનાવનાર ઇશ્વર આપણને ભૂલશે નહિ. માસાહેબ, આકાશનો ચંદ્ર ફક્ત શુક્લ પક્ષમાંજ પોતાના તેજથી માર્ગ પ્રકાશે છે, પણ મહારાષ્ટ્રનાં નક્ષત્રો તો ઉભયપક્ષમાં દૈદિપ્યમાન રહે છે. આકાશમંડળનો અધ્યક્ષ અસ્તાચળે ગયા પછી સર્વત્ર અંધકાર થઇ રહે છે, પણ આપણા મરાઠાઓનો અધ્યક્ષ દેવ અસ્ત પામવા છતાં, ત્રિભુવનમાં સર્વે દિશા તેના તેજથી પરિપૂર્ણ બની રહે છે."

"રાજારામપંત,[1] આપ વર્ણાશ્રમી બ્રાહ્મણ છો, વ્રતાદિનું પાલન કરો

---

૧ એમની અટક બહુતકર કિંવા વાવડેકર હતી. એજ હાલના બાવડેના સંસ્થાનિકોના પૂર્વજ હતા. એમના મૂળ પુરૂષ સોનભટ્ટ નામક વિદ્વાન બ્રાહ્મણ

છો, આબાસાહેબે આપને અગ્નિહોત્ર આપ્યું છે, તે ચલાવવા માટે અંતર્યામી કર્તવ્યાગ્નિને પ્રખર રાખવો એજ આપનું પવિત્ર કર્તવ્ય છે."

"માતુશ્રી! બાબાસાહેબ અલ્પવયસ્ક છે; અને સર્વ રાજ્યને ગ્રહણ લાગ્યું છે. શત્રુ માતબર છે, પ્રસંગ વિષમય છે. શત્રુ સૈન્યનો સમુદ્ર પ્રચંડતાથી ઉછળ્યો છે. એ ઉછાળા અટકાવવાની હવે એકજ યુક્તિ છે. દશે દિશા ખોદી નાખી આ અફાટ સમુદ્રના જળને ખાડીઓ અને નહેરો જેવા અનેક માર્ગે વહેવડાવવું જોઇએ. સર્વ મહારાષ્ટ્રમાં એ સેનાને છૂટી છૂટી વિખેરી નાખવી જોઇએ. એ અફાટ જળને સર્વ મહારાષ્ટ્રના મેદાનમાં પ્રસરાવવાથી ઘુંટણપૂર પાણી થશે, એટલે આપણા જેવા જન્મસિદ્ધ આર્યવીરો તેને સહેલાઇથી ઓળંગી જશે, અને સ્થળે સ્થળે જાળ નાખી બેસવું ઠીક થઇ પડશે. તદપિ કંઇ ઉંડો પ્રદેશ રહેશે તો શીલાઓથી તેને પુરી દઇશું. રાજારામ મહારાજે મોગલસેનાને ચોતરફ ભય આપવાનું કામ કરવાનું છે. એકજ સ્થળે સ્થિર રહેવું નહિ. છત્રપતિ બાલક છે, માટે રાજારામ મહારાજે પ્રતિનિધિનો પોષાક ધારણ કરી તુરતજ પનાળગઢ જવું અને તે સ્થાનને મજબૂત બનાવવું. મરાઠી રાજ્ય શકટ પનાળગઢપર ચલાવવામાં આવે છે એવી ખબર બાદશાહને મળશે તે સાથેજ તે પોતાના સૈન્યના વિભાગ કરી એક દૃષ્ટિ પનાળગઢ તરફ તો બીજી રાયગઢપર રાખશે. રાયગઢ શત્રુને સહેલાઇથી વશ થાય તેમ નથી, એટલે કુટુંબકબિલો અહીં સુરક્ષિત રહી શકશે. ધાન્ય પાણી, દારૂગોળો વગેરેના ભંડાર મ્હેં ભરી રાખેલા છે."

"જો પનાળગઢને ફોજનો ઉછાળો અફળાય તો તુરતજ મહારાજે સ્થાન ફેર કરવું કે જેથી બાદશાહને ત્રીજુ અવધાન લાગશે. ત્યાર પછી એજ રીતે ચોથું, પાંચમું, એમ કરતાં કરતાં બાદશાહની અષ્ટાવધાની બનાવી; સતાવી,

પ્રથમ દાદોજી કોંડદેવના પરીચયના શિવાજી મહારાજના કુટુંબમાં મુહૂર્ત વગેરે કહેવા આવતા જતા. સોનભટ્ટને બે પુત્ર હતા. મ્હોટા આબાજી અને ન્હાના નિળોબા. નિળોબા લખવા વગેરે કાર્યમાં અતિ હુશિયાર નીકળવાથી શિવાજીએ પ્રથમ બાર કિલ્લાની સબનિશી આપી. પછી નિળોપંત પ્રસિદ્ધિમાં આવ્યા. તેમણે સ્વપરાક્રમથી દેશસેવાનાં અનેક કામ કર્યા. રામચંદ્રપંત એ નિળોપંતના પુત્ર હતા.

ગભરાવી, છેવટે જીંજીનો રસ્તો પકડવો. તે અજીત કિલ્લો છે. આબાસાહેબે કાવેરીને કાંઠે, કિલ્લાકોટની એ પ્રચંડ ભીંત એવા પ્રસંગ માટે બનાવી છે. એ દિવાલપર ઔરંગજેબને પોતાના શસ્ત્રોના આઘાત કરવા દો! તેની વર્તમાન સમયની એકત્ર ફોજ સત્તર જગાએ વિખેરી પાતળી કરી દઇશું. પછી ડાંગરના છોડાંની પેઠે ફુંકથી કેવી રીતે ઉડાડીએ છીએ તે તમને બતાવી આપીશું."

"નીલોપંત, તમે જીંજી જાઓ! ત્યાં રણયજ્ઞની પૂર્ણ તૈયારી કરો! ચાલો, આપણે અશ્વમેધનો આરંભ કરીએ. ચાલો, આપણે રણયજ્ઞની દિક્ષા લઇએ, આપણે એવો યજ્ઞ કરીશું કે, તેમાં સર્વ ભક્ષકોની આહુતિ પડવીજ જોઇએ."

"રણવીરો! હોમકુંડમાંથી જે દિવ્ય રથની પ્રાપ્તિ ઇંદ્રજીતને થઇ ન હતી તે આત્મવિશ્વાસનો દિવ્ય રથ તમને પ્રાપ્ત થાઓ! ધુરંધરો, કર્ણ જે કવચકુંડલનો ઉપયોગ કરી શક્યો નહિ, તે સાવચેતીનાં કવચકુંડલ તમે ધારણ કરો! યારો! અર્જુન જે ગાંડિવનો યોગ્ય ઉપયોગ કરી શક્યો નહિ તે વીરશ્રીરૂપ પ્રખર શસ્ત્રથી, શત્રુસૈન્યનું ખાંડવ વન બાળી રાખ કરવાનો યત્ન કરો. ચાલો, ઉઠો, હરહર મહાદેવ કહો!"

પ્રલ્હાદપંતની એવી વીરશ્રીયુક્ત વાણી સાંભળી સર્વ મરાઠા સરદારોના મ્યાનમાંથી તરવારો ખણખણ કરતી બહાર નીકળી. તે સર્વે તરવાર ખેંચી ઘૂંટણ પર ઉભા થયા. પ્રત્યેકના કપોલ પ્રદેશપર નસો તરી આવી, ચક્ષુ લાલચોળ બની ગયાં. અંગરખાની કસો તૂટવા લાગી, ઓષ્ઠ અને દાંતનો એવો તો કડક મીલાપ થયો કે, તે ઠેકાણે રક્તબિંદુ તરી આવ્યાં. આ પરિસ્થિતિ જોઇ યેસુબાઇએ કહ્યું:

"સરદારો! શાંત થાઓ. હવે સર્વ સંકટ, સર્વ અપમાન, સર્વ ભૂલો, આ અભાગિણીને માટે રહેવા દો. સર્વ અપમાનનો ફડચો, આ કમનશીબના શુભ્ર કપોલ પ્રદેશમાં આણો. આપ મ્હારા બાળકના સ્થાનેજ છો. મ્હારા સૌભાગ્યનો સ્વામી ગયો છે એમ મને નથી લાગતું. આપ મરાઠાઓનોજ ગયો છે એમજ હું માનું છું.

"શૂરા સંતાનો! આજે અંતઃકરણ શુદ્ધ કરવાનો સમય છે. માના-

પમાન વિસરવાનો વખત છે. જેને જે માર્ગ સૂઝે તે તેણે સ્વાભિમાનથી સ્પષ્ટ કરવો. જેને જે પદ્ધતિ પસંદ પડે તે તેણે સ્વીકારવી, પણ ઉદ્દેશ એકજ રાખવાનો છે તે ભુલશો નહિ."

" પ્રલ્હાદપંત ! લેખકોને કહો કે હું કહું છું તેવું આજ્ઞાપત્ર પ્રત્યેક ન્હાના મ્હોટા રાજકાર્યધુરંધર વીર મુત્સદ્દીઓને લખી જણાવે. મ્હારા રણધીરો, સરદારો, હવે રાજ્યના સર્વ હિતનો વિચાર કરો. આજે આપણી શી સ્થિતિ છે? રાજ્યની દુઃસ્થિતિને લીધે સર્વ ન્હાના મ્હોટા સેવકો પોતાના યોગ ક્ષેમ વિષે કુંઠિત થઇ ધૈર્યહીન થયા છે. જેમણે પરંપરાથી એકનિષ્ટ સેવા કરી હતી, રાજ્યમાં નામના મેળવી હતી, તેમણે આજે અવસાન છોડી પરાવલંબન સ્વીકાર્યું છે. દ્રોહના પ્રવાહમાં સપડાયા પછી, " આ આપનું રાજ્ય સ્વરાજ્ય " એ ભાવ તેમનામાંથી નષ્ટ થયો છે. હવે શિવપ્રભુનાં કાર્ય દૃષ્ટિ સમક્ષ રાખી, ઇશ્વરનો આધાર રાખી, આ ઘોર પ્રસંગે સૂક્ષ્મ બુદ્ધિનો ઉપયોગ કરી, એવા બુદ્ધિશાળી, વીર્યવંત કાર્ય કર્તાઓને કોઇપણ ઉપાયે પાછા જીતી લો. વિચારથી, મીઠા શબ્દોથી, સ્વાભિમાનથી તેમને કર્તવ્યપરાયણ બનાવો. ઔરંગજેબ જેવો બળવાન શત્રુ મોગલ રાજ્યપર ચઢી આવ્યો છે, તેનો ગર્વ તોડી પાડવો એ તમારી હિંમત પરજ અવલંબી રહે છે. ઔરંગજેબ કોણ? ચોપન પાદશાહીનો માલીક! સૈન્યબળ, દ્રવ્ય બળ, સામગ્રી બળ, ધર્મ બળ ઉપરાંત તેની પાસે કેવી અતુલ સમૃદ્ધિ છે, તે લક્ષમાં રાખી તેનો પ્રતિકાર કરવાને શક્તિવાન થાઓ. " દિલ્લીશ્વરો વા જગદીશ્વરો વા " એવી જેની ખ્યાતિ છે, એવા મહાન શત્રુ સાથે સંબંધ થવાથી રાજ્યની સર્વ પ્રજા પીડાય છે. કેટલાક ગભરાઇ જઇ શત્રુને મળી ગયા અને સ્વામીને દુર્બલ જોઇ કેટલાક દુર્બુદ્ધિથી દેશદુર્ગ દબાવી પડયા છે. સ્થળે સ્થળે કેટલાક પ્રતિસ્પર્ધી થઇ પરસ્પર કલહમાં પ્રવૃત્ત થયા છે. એનો લાભ શામલ જેવા દુર્બલ પ્રતિસ્પર્ધીને મળે છે. તે સમય મળેથી મરાઠા રાજધાની રાયગઢ પ્રાપ્ત કરવાની મહત્વાકાંક્ષા પૂર્ણ કરશે. હવે કૈલાસવાસી શ્રીશિવાજી મહારાજના શક પ્રવર્તકોનો ઉદ્યોગ ચિત્તમાં ધારણ કરો. તીર્થરૂપ શિવપ્રભુએ પોતે યવનોની દાઢમાં હોવા છતાં, પંદર વર્ષની વયથી તેમણે મહદ્ કાર્યનો અલ્પસ્વલ્પ

આરંભ કર્યો હતો. એક બાજુ આદિલશાહી, બીજી બાજુ કુતુબશાહી અને ત્રીજી બાજુ નિજામશાહી, તેવીજ રીતે એક એક લક્ષ સ્વારોના મોગલસુબાઓ, શામલ, ફિરંગી, ઇંગ્રેજ, વલંદા, રામનગરકર, પાલેગાર, બિદનૂર, મ્હેસૂરવાલા, ત્રીચિનાપલ્લીવાળા, વગેરેનો પ્રબળ ધસારો હતો, વળી મુંડચંદરરાય શીર્કે, સાવંત, દળવી, વરઘાંટે, નિંબાળકર, ઘાટગે વગેરે સંપૂર્ણ સાહિત્ય ધરાવતા દેશમુખ આડા આવ્યા હતા. તદપિ સ્વપરાક્રમને લીધે, કોઇની ગણના ન કરતાં, કોઇના પર ચઢી જઇ તુમૂલ યુદ્ધ કરી, કોઇના પર છાપા મારી, કોઇમાં પરસ્પર કલહ સળગાવી, કોઇમાં મિત્રભેદ કરી, કોઇના તંબુમાં મારામારી કરી, કોઇને એકલો પાડી તેનો પરાભવ કરી, કોઇને સ્નેહી બનાવી, કોઇને મળવા જઇ, કોઇને પરસ્પર દગો કરાવી, કોઇને અન્ય પ્રયત્નથી અજ્ઞાત રાખી તેમના દેશમાં મજબૂત સ્થળો બાંધી તેમનાં પર આક્રમણ કરી અને કોઇના જલદુર્ગ સામે નૂતન જલદુર્ગ નિર્માણ કરી તેમણે વિજય મેળવ્યો હતો, અને સાલેરી અહિવંતથી ચંજી કાવેરી તીર સુધી નિષ્કટંક રાજ્ય સ્થાપ્યું હતું. સેંકડો કોટ, કિલ્લા અને જલદુર્ગ નિર્માણ કર્યા હતા. કેટલાંક વિશાળ સ્થળ પોતાનાં બનાવ્યાં હતાં. ચાલીશહઝાર હાથીદળ, શીતેર હઝાર શીલેદાર, બે લક્ષ પાયદળ, કોટયાવધિ ખજાનો અને અમૂલ્ય જવાહીરો, એવી સંપત્તિ તેજ મહાત્માએ સંપાદન કરી હતી. છન્નુ કુલના મરાઠાઓનો ઉદ્ધાર કર્યો, સિંહાસનારૂઢ થઇ છત્ર ધરાવી છત્રપતિ કહેવડાવ્યા, ધર્મોદ્ધાર કરી દેવબ્રાહ્મણનાં સંસ્થાનો સ્થાપી યજનયાજનાદિ ષટ્કર્મ, વર્ણવિભાગ પ્રમાણે ચલાવ્યાં. રાજ્યમાંથી અન્યાયનું નામ નષ્ટ કર્યું. દેશદુર્ગ અને સૈન્યની નવી યોજના કરી એકરૂપ અવ્યાહત શાસન ચલાવ્યું. કહો કે નવી સૃષ્ટિ નિર્માણ કરી. ઔરંગજેબ જેવા બલાઢય શત્રુને જેર જેર કર્યો અને જગદવિખ્યાત કીર્તિ પ્રાપ્ત કરી.

"તેજ આ રાજ્ય, આજે તેજ રાજ્ય ઠેર ઠેર અપમાન પામી નાશ પામવા બેઠું છે. જે રાજ્ય અન્ય રાજાઓને, અરે ! સર્વ માંડલિક દેશાધિકારીઓને આત્મરક્ષણ માટે યાચનાનું સ્થાન હોવું જોઇએ, તે રાજ્યને આજે ઉભું રહેવાને પણ સ્થાન નથી. હવે મંત્રણા દરબાર ભરો, હવે બંદુકનો બહાર

ઉડાવનારા બહાદુરો, તીરની તીક્ષ્ણુતા સમજાવનારા તીરંદાજો અને શૂર, વિશ્વાસુ બાલગીરો વધારો. સરસામાન એકત્ર કરો, તમામ કોટકિલ્લાને દુરસ્ત કરો, કિલ્લાઓ પર ગલોલો માટે પત્થર, બાણ, દારૂગોળો, જંજીર, તોપો વગેરે ચઢાવી દો. રાજ્યની સૈનિક વ્યવસ્થા તૂટી ગઇ છે તે બરાબર કરી, આરબી, ઇલાખી, તાજી, કચ્છી, સીંધી વગેરે જાતના ઘોડા, અને નિડર માણસો રાખી પાગા વધારો, માવળા, આહાવ, ઇટેકરી, બાકાઇત, કાનડી, વગેરે લડાયક પ્રજામાંથી માણસો મેળવી પાયદળ વધારો, તોપખાનું સજ્જ કરો અને રાજ્ય આબાદ કરો. ચોતરફથી હુમલા કરી શત્રુને ત્રાહ ત્રાહ પોકરાવી, ન્હસાડો. નર્મદાથી રામેશ્વર સુધી સ્વામીનું રાજ્ય નિષ્કંટક કરો. શત્રુ પર તોપોની નેમ તાકો અને સ્વામીનો મનોદય પૂર્ણ કરો."

"પ્રલ્હાદપંત, મ્હારો આ સંદેશો સર્વ મરાઠા વીરોને વિદિત કરો. જો એ સંદેશો તેઓ મનમાં લેશે તો? તો શું? યેસૂબાઈ, ત્હારો ભાગ્યરવિ કેવો પ્રકાસશે? અક્કણ્ણા મદાણ્ણા જેવા બ્રાહ્મણ મુત્સદીઓ ત્હારી પીઠ સાચવવાને ઉદ્ભવશે. શ્રી સમર્થ, જયરામ સ્વામી, રંગનાથ સ્વામી, આનંદમૂર્તિ વગેરેના પુણ્ય પ્રભાવથી મ્હારા મરાઠા સરદાર, તેવા બ્રાહ્મણો મેળવવાને કેના ઉત્કંઠિત છે?"

"યેસુબાઇ, એવા મહાત્માની આગેવાની, ત્હારા ભાગ્યમાં હશે તો તું કમનશીબ છે એમ કોણ કહેશે? વીરો, હમણાંજ આ બ્રાહ્મમુહૂર્ત પર તૈયાર થાઓ. કર્તવ્ય-કર્મનો દંદુભીનાદ ગગડાવો."

"નાનાભાઈ, રાજારામ, આ ખાલી તખ્ત પર તમે બાળને બેસાડયો છે. હા, હું બરાબર સમજું છું. હું જોઉં છું! રાજારામ, મ્હેં આપના અસંખ્ય અપરાધ કર્યા હશે. ભાઈ, સિતાએ લક્ષ્મણ પર ગમે તેવા વાક્પ્રહાર કર્યા હશે, પણ તેજ મહાત્માએ તેનું રક્ષણ કર્યું હતું ને! ભાઇ, સાસુનો છળ થયો, એ શલ્ય રાખશો નહિ. અરે સત્ય અભિમાનને ત્યજવાના હો તો આ પાપિણીને સતી થવાની સંમતિ આપો. મ્હારા બાળને ખોળામાં લો. ભાઇ, સ્વામીએ ધર્મને માટેજ પ્રાણ ત્યજ્યોને? ત્યારે સ્વાર્થી પતિપ્રેમ માટે હું સતી થાઉં તે તેમને કેમ પસંદ પડશે? ત્યારે હું સહધ-

ભિંણી શેની? સ્વામીનો ઉદ્દેશ પૂર્ણ કરવો એજ મ્હારૂં સતીનું લક્ષણ છે? સ્વામીએ ધારણ કરેલા પુણ્યવ્રતના પુણ્ય સ્થાને બેસવા માટે મ્હને ભાગ્યશાળી કરો. ભાઇ, જાઓ, મોગલોનો મોરચો રાયગઢ પર આવવા દો. મરાઠાઓની ગાદી સુરક્ષિત સ્થળે લઇ જાઓ! મરાઠાના નેતાનો પ્રાણ જોખમમાં રાખવો એ ધર્મ નથી. જાઓ, શિર સલામત તો પઘડી બહુત્તરી! રાજારામ, દૂર, દૂર વનમાં જાઓ. જાઓ, ગમે ત્યાં જાઓ. આ કૌશલ્યાને રામનો વનવાસ પ્રિય છે, જાઓ!"

"મ્હારા સેનાધુરંધર ધનાજી, સંતાજી, પાનસંબલ, મોહિતે, દાભાડે; શૂર સરદારો, હવે પનાળગઢ તરફ મોરચો ફેરવો. મ્હારા રણગર્ભ સંતાજી, હવે હનુમાન પ્રમાણે બાદશાહની લંકા બાળો! મ્હારા ધીરવર નીલોપંત હવે દક્ષિણના ફાંસામાં ફસેલા ક્ષત્રીયો માટે ચંજી બચાવવાની જગ્યા તૈયાર કરી રાખો. મ્હારા યુદ્ધ મંત્રી પ્રલ્હાદપંત! તમારા અનભિષિક્ત રાજાના દરબારમાંથી આજે રણગીતોવડે રણરંગ મચાવો. મ્હારા બ્રાહ્મણ મુત્સદ્દી રામચંદ્રપંત, આવી ધમાલમાં દક્ષિણનું રાજ્યતંત્ર હુંશીયારીથી ચલાવો."

"છેવટે, પાંડવની લાજ રાખનાર પ્રભુ! હવે અનાથ મહારાષ્ટ્રને માથે ચઢેલું કલંક ત્હારા શિર પર છે. હવે ધર્મયુદ્ધ માટે થયેલા આ રણવીરોની ફીકર ત્હારેજ રાખવાની છે. ભિષ્મે નિષ્પાંડવી પૃથ્વી કરવા માટે, જયદ્રથે પાર્થને યમસદનમાં પહોંચાડવા માટે, અને અશ્વત્થામાએ પાંડવોનો નિર્વંશ કરવા માટે પ્રતિજ્ઞા કરી હતી ત્યારે હે ભક્તવત્સલ, કૃપાળુ, પુરૂષોત્તમ, ત્હેં ગરૂડથી પણ આગળ ધસી જઇ જે રીતે દ્રૌપદીનું રક્ષણ કર્યું હતું તેજ રીતે આજે મ્હારી આબરૂ તુંજ રાખજે."

"દેવી! પ્રભુ રાજારામ મહારાજ, રાજકન્યા, રાજકુંવર અને સર્વ મુત્સદ્દીઓ, વીરભાઇઓ! માતુશ્રીના ચરણને સ્પર્શ કરીને, શ્રી જગદીશ્વરના શપથ લઇને આ તરવારને સાક્ષી રાખીને, શ્રી આબાસાહેબના ચરણથી પવિત્ર થયેલા સિંહાસનને સાનિધ્યમાં ધારીને અમે મરાઠાવીરો પ્રતિજ્ઞા કરીએ છીએ કે, મરાઠાના મહારાજાને થયેલા અપમાનનો બદલો, અમે દુશ્મનનાં રૂંવે રૂંવાં ખેંચી કાઢીને લઇશું અને ત્યાં સુધી સંસારની, બાલબચ્ચાંની ચિંતા રાખીશું નહિ. રણમર્દો, મ્હારા શૂરા યારો! ભાઇઓ, ચાલો! ચાલો, બોલો

હરહર મહાદેવ !” સંતાજી ઘોરપડેએ વીરગર્જના કરી કહ્યું.

યેસુબાઇઃ “ઉભા રહો, વીરો ઉભા રહો. આજે આપ સર્વને હું પ્રતિજ્ઞાપત્ર–બીડાં–પાનબીડાં આપું છું. ઉભા રહો. હવે ભોળો શંકર તમારૂં સર્વનું રક્ષણ કરો ! શ્રી સમર્થનો આશીર્વાદ આપનું રક્ષણ કરો! દેવીજીની માતાની કૃપા આપનું રક્ષણ કરો !”

રાજારામઃ “દેવી, માતુશ્રી એક રીતે મોહને આધીન થવાથી સત્કાર્યને અવરોધ થાય છે એ વાત ખરી છે, પણ મ્હારા બાળ શિવાજીને રાજ્યાભિષેક થયો હોત તો હું ધન્ય થયો હોત. માસાહેબ, શું કહો છો ! મ્હારા બાળને છોડી જાઉં ?”

“હા, જવુંજ પડશે, પ્રસંગ તેવો છે એટલે આજ્ઞાને આધિન થઈ કર્તવ્યપરાયણ થવું એજ ત્હારો ધર્મ છે. જાઉં છું. ઉદ્ધવ, રાયગઢનો કાર્યભાર જોજો. મુત્સદ્દીઓ, સરદારો, આબાસાહેબે સર્વની પ્રગતિ કરી છે તે ધ્યાનમાં લઇ વચ્ચેની કારકીર્દી પર ક્ષમાનો પીછોડો પાથરો. રાજ્યાધિકારી પૂર્વે જે શિવાજી હતા તેજ આ છે, એમ સમજી અમને કાર્યભારી માની સર્વ રાજ્ય ચલાવજો. સરદારો, પૂર્વ કરતાં વિશેષ પરાક્રમ બતાવી યશનું રક્ષણ કરજો. શ્રી શૈલમલ્લિકાર્જુન કૈલાસસ્થ તીર્થરૂપને માતાએ વચન આપ્યું હતું કે ભવિષ્યમાં થનાર શિવાજી હિન્દુસ્થાન હસ્તગત કરશે. માટે સર્વ દ્વેષ ક્લેશ ત્યજી દઇ સ્વરાજ્યના રક્ષણ માટે શપથ લો.”

“જાઉં છું. માતુશ્રી, મરાઠી રાજ્યના ઉદ્ધાર માટે, આપને કઠોર મન કરવું પડે છે. તેનો ઉપાય નથી. મા સાહેબ, આ બાળનો નોકર, દાસ હોવાથી સ્વામી, સ્વામિનીની આજ્ઞાને વંદ્ય માની હું મ્હારા વીર સરદારો સાથે જઇશ.”

“આવો ભાઇ, જરા મ્હારી પાસે આવો. મ્હારો હાથ તમારા મસ્તકે મુકવા દો. મસ્તક નમાવ્યું ? ઠીક, યશસ્વી થાઓ, જાઓ ! ગયું રાજ્ય પાછું મેળવો, જાઓ. ધૈર્ય છોડશો નહિ. નેત્ર લૂંછો. છોડ, બેટા કાકાને છોડી દે.”

“જાઉં છું. દેવી જાઉં છું. બાળાસાહેબ જાઉં છું. રાયગઢ, જાઉં છું. પ્રભુ તમારૂં કલ્યાણ કરો !”

પ્રકરણ ૧૨ મું.

સમર્થ સ્મૃતિ.

"દિવ્ય શક્તિવાળા મહાત્માઓની વારંવાર મુલાકાત લઇ તેમના જીવનનાં સૂત્રો અમારા અંતઃકરણમાં ઉતારવાનું વ્રત અમારામાં હો."

"દેશના મહાન પુરૂષોના દેશોદ્ધારક કાર્યોમાં વ્રત કરવા કરાવવા તેમના કાર્યો ઉપર અમને સંપૂર્ણ વિશ્વાસ હો." (જયન્ત.)

પ્રિય વાચક! હવે આપણે એક નવીન સ્થળે જવાનું છે. આ હૃદયંગમ કાળની પ્રત્યેક દિવ્ય વ્યક્તિ સાથે અનેક હૃદયંગમ સ્થળે જવાથી તમારી મનોવૃત્તિ ઉદાત વાતાવરણમાં તરવા લાગશે, તન્મય બનશે, ઉછળવા લાગશે, અને આનંદથી ડોલવા લાગશે.

ચાલો ત્યારે, આજે શ્રી રામવરદાયિનીના દર્શનાર્થે જઇએ. તેના મંદિરમાં જતાં તમારે ભોરપાનો ડુંગર ચઢવો પડશે; માટે આપણને ધૌમ મહાબળેશ્વર થઇને જવું પડશે. પાછળના વિભાગમાં આપણે જે એક રામરાજ્ય વિયોગનો શોકપર્યવસાયી અંક જોયો, તેમાંના પાત્ર રાજારામ સાહેબ, ધનાજી, સંતાજી, રામચંદ્રપંત, પ્રલ્હાદપંત વગેરે મનુષ્યો પણ એજ ડુંગરપર પોતાની કુલદેવીના દર્શન માટે આવ્યાં હતાં.

પ્રભુ શિવછત્રપતિએ એ દેવીની અહીં પ્રતાપગઢ કિલ્લાપર સ્થાપના કરી હતી. સ્વરાજ્ય સ્થાપનાની વિરૂદ્ધ રહેનારા પરપુષ્ટ ચંદ્રરાવ મોરે જેવાએ કુબેરનો ધૂમાડો ઉડાવ્યા પછી, ભોરપા ડુંગરપરની દેવી રામચંદ્રવરદાયિનીએ મહારાજના સ્વપ્નમાં આવી "પ્રતાપગઢપર મ્હારૂં દેવલ બાંધ, હું તુલજાપુરની

ભવાની માતા છું, તને અસ્ખલિત વિજય મળશે, રાજ્યની અભિવૃદ્ધિ થશે," એમ કહ્યાથી મહારાજે મોરોપંત પિંગલે પાસે પ્રતાપગઢ બંધાવ્યો. એટલામાં અફઝુલખાને મહારાજપર ઘાતચક્ર નાખ્યું. પરંતુ દેવીના કૃપાપ્રસાદથી મહારાજપરનું એ મહા સંકટ દૂર થયું તેથી પ્રતાપગઢનું અપૂર્ણ રહેલું કામ પૂર્ણ કરી તે પર દેવીની સ્થાપના કરી.

આજે રાજારામ મહારાજ રાયગઢપરથી નીકળ્યા તે મહાડ, ભોરના માર્ગે માવલના કિલ્લાઓનો બંદોબસ્ત જોતા જોતા પ્રતાપગઢ આવ્યા. પ્રથમ એ મંડળ કેદારેશ્વરના મંદિરમાં આવ્યું. પ્રાચીન જાઈની ઝાડી નીચે સ્થાપેલું આ અતિ પ્રાચીન સ્વયંભૂ શિવલિંગ, શ્રી શિવપ્રભુએ વિખ્યાત બનાવ્યું હતું. અહીં દર્શન લાભ લઈ મંડળી ગઢપર ગઈ. કુલ સ્વામિનીનું તેમણે શુદ્ધ હૃદયથી દર્શન લીધું. પછી માતુશ્રી યેસુબાઇનાં આજ્ઞાપત્ર સ્થળે સ્થળે મોકલ્યાં અને કિલ્લાને સામગ્રીથી પૂર્ણ બનાવ્યો.

આ વ્યવસ્થા થયા પછી મહારાજાએ આગળ જવાનો હુકમ આપ્યો. નીકળતી વખતે તેમણે દેવીની અનન્યભાવે પ્રાર્થના કરી; " માતા, ત્હારૂં કુટુંબ સત્તાવિશ પેઢી સુધી રાજ્ય કરશે " એવો તારો આશીર્વાદ આટલામાંજ કેમ અસત્ય થતો જણાય છે ? અંબે, હવે અમારી ચિંતા તનેજ ! દેવી, અમારી શ્રદ્ધા જો દૃઢ હોય, જો અમે મહારાષ્ટ્ર ધર્મને માટે મસ્તક હાથમાં લીધાં હોય, તો કંઈ પણ પ્રસાદ આપી અમારા સદ્કાર્યને અનુમતિ આપ,"

આશ્ચર્ય ! મહારાજે એવી યાચના કરી તે સાથેજ દેવીના મસ્તક પરથી એક ગુલાબ પુષ્પ આપોઆપ નીચે પડયું. મહારાજાએ તુરતજ તે ઉંચકી લીધું. મસ્તકે વંદન કર્યું, અને સંતાજી, ધનાજી, વગેરે સરદારોને પ્રસાદ તરીકે તેની પાંખડીઓ આપી. સર્વેએ દેવીને સાષ્ટાંગ પ્રણામ કરી સતારા તરફ પ્રયાણ કર્યું.

વાચક ! સ્વતંત્રતાની જન્મભૂમિ સહ્યાદ્રીમાં આવેલા પ્રતાપગઢ, મકરંદગઢ, જંગલી જયગઢ, ભૈરવગઢ, વગેરે લશ્કરી નાકાં પર તમારે બંદોબસ્ત કરવાજવાનું હોય તો તમારૂં અંતઃકરણ કેટલું પ્રફુલ્લિત થાય ? ત્યારે રાજારામ મહારાજ સાથે નીકળેલા સંતાજી, ધનાજીને તે કામ કરતાં કેટલો આનંદ થયો હશે !

રામચંદ્રપંત વાવડેકર તો સહ્યાદ્રીનું પ્રત્યેક ઉંચું ઉંચું શિખર અને તેની નીચેનું યુદ્ધસ્થળ વારંવાર મહારાજને બતાવતો હતો. તેજ પ્રમાણે આ પર્વતમાંથી નીકળતા આઠ ઘાટમાર્ગો અને તેનાં વલણ પણ તેણે બતાવ્યાં. સંતાજી આ માહિતી યુદ્ધની દૃષ્ટિએ અપૂર્વ આતુરતાથી સાંભળી રહ્યો હતો. તેની આ આતુરતા એટલી તો પ્રખર બનેલી હતી કે, વચ્ચેજ મહારાજાએ તેને બોલાવ્યો ત્યારે એક બે વખત તો તેણે દુર્લક્ષજ કર્યું; પણ મહારાજાએ પુનઃ જ્યારે હાંક મારી ત્યારે તે એટલો તો ઉછળ્યો કે, રામચંદ્ર પંતને પણ તેનો ભય લાગ્યો. " શું કહો છો મહારાજ ! મોટા મહારાજ કામ કરતા માણસને આ પ્રમાણે ચલિત કરતા ન હતા. તાનાજીએ કહ્યું કેઃ મહારાજ, ગઢ હું લઇશ. પણ આપ જગ્યા પરથી હાલશો નહિ. મહારાજાએ તેમજ કર્યું હતું. હું એક તરફ ભાવિ કાર્યના પાઠ શીખું છું ત્યારે બીજી તરફથી મહારાજ મ્હારૂં લક્ષ તોડે છે ! "

આવી રીતે ગપ્પાં મારતી, વાતો કરતી, તે મંડળી કૃષ્ણા, વેણા અને કોયના નદી વડે બનેલા સૃષ્ટિસુંદર પ્રદેશમાંથી કેલવલી સોનાપૂર રહી સજ્જનગઢ તરફ ગઇ.

" ભાઇઓ ! સ્વાતંત્ર્ય ગંગાના ઉગમ સ્થાને સ્નાન કરી પવિત્ર થવાની તમને ઇચ્છા થાય છે ? ત્યારે ચાલો, આજે છત્રપતિ રાજારામ મહારાજ સાથે સજ્જનગઢ પર જઇએ. ધર્મ, ન્યાય અને નીતિશાસ્ત્રનું મુખ્યસ્થાન આર્યાવર્તમાં પૈઠણ કિંવા કાશી થઇ બેઠેલું છે, તેજ પ્રમાણે ભક્તિ અને શક્તિ જ્યાં એકત્ર થયાં છે, ઐહિક અને પારમાર્થિક વૈભવ એ બન્ને પ્રવાહનો જ્યાં સંગમ થયો છે, એવા તે પરમ પવિત્ર, પરમોદાત્ત, પરમવૈભવશાલી સજ્જનગઢ પર ચાલો. પૈઠણની માફક સર્વ વિદ્યાપીઠમાં એક શ્રેષ્ઠ વિદ્યાપીઠ, પંઢરી પ્રમાણે ભગવદ્ભક્તિનું નિધાન અને સ્વાતંત્ર્ય પ્રીતિનું, આ ગઢ, એ એક કેંદ્રસ્થાન હતું. આ ગઢ પરથી શ્રી સમર્થે સુંદર પાવો વગાડી અનેક ક્ષત્રીયોને વશ કર્યા હતા ! આ ગઢ પરથી શ્રી સમર્થે ભાગવત ધર્મનું રણતૂર ફૂંક્યું હતું અને આ ગઢ પરથી શ્રી સમર્થે સ્વાતંત્ર્ય પ્રીતિનો વેદઘોષ ઘેરઘેર કરાવ્યો હતો.

ચોતરફ પર્વતનાં શિખરો, તળેટીમાં પથરાયલો ખેતીવાડીનો ગલીચો, તેમાં ફરતા હળબળદનાં નાનાં નાનાં ચિત્રો, કેટલાંક કોતરોમાં એક બે ચરતાં ફરતાં મેંઢાં બકરાં, કિંવા એક બે ગાય–વાછરડાં, નીચે ઉપર ઠેરે ઠેર ઢોરની પાછળ દોડતા બાળગોવાળો વગેરે સૃષ્ટિસૌંદર્યથી વીંટાયલી તે ઉર્વશી (ઉમોડી) નદીના કિનારાપરનો સજ્જનગઢ જોઇ કોનું અંતઃકરણ નહિ ઉભરાય ? તો પછી મહારાજ રાજારામ, પ્રલ્હાદપંત, રામચંદ્રપંત, ધનાજી, સંતાજી, એ સર્વ મંડળ પોતપોતાના બ્રહ્માનંદમાં, પોતપોતાની તંદ્રામાં ડુમતા ડુમતા ગઢ ચઢતા હોય તો તેમાં નવાઇ શી ? પ્રલ્હાદપંત તો કાનમાંજ કંઈ ગણગણતા હતા. "હે દેવ, જેનાપર પ્રભુની કૃપા છે, જેનાપર તારા ચારે હસ્ત છે, ત્યાં આ જગતનો ઉદ્ધાર કરવા મહાત્મા રામદાસ વિહાર કરે તો તેમાં નવલ શું ? " આવા પ્રકારના વિચાર કરતા કરતા તે સર્વ મનુષ્યો ગઢનું પ્રવેશદ્વાર પસાર કરી અંદર આવ્યાં.

સર્વેએ અંદર પ્રવેશ કર્યો તે સાથેજ નૂતન આનંદનો પ્રવાહ આવવા લાગ્યો. તેમના કર્ણપર વચ્ચે રામનામનો ઘોષ આવતો. તેમાં વળી કરતાલ-ધ્વનિનું પ્રોત્સાહન મળતું. વળી કંઇ મનોહર ગાયનનો સુસ્વર આલાપ તેમના કર્ણમાં પ્રવેશ કરતો, કંઈ વેરાગીઓ અગર તો ભરકચીના પટકા બાંધી મસ્ત કેશને સ્ત્રીઓની માફક બેભાગમાં વ્યવસ્થિત રીતે જુદા પાડી એકાદ સંપ્રદાયી તેમના આગળથી ચાલ્યો જતો તો કદી વચ્ચેજ સુગંધની લહરીઓ તેમને તલ્લીન કરી નાખતી. એટલામાં શરીરપર દિવ્ય બખતર જેણે ચઢાવેલું છે, જેની પીઠે ધનુષ્યબાણનું ભાતુ છે, જેના મસ્તકપર ભરકચીનું મંદીલ છે, જે અબલખ અશ્વપર સ્વાર છે, જેના ઘોડા આગળ અધિકારીઓ દોડી રહ્યા છે અને જેની ચોતરફ છત્ર, ચામર અને અબદાગીરી ધરાઇ રહ્યાં છે, એવા શ્રી રંગનાથ સ્વામીને જોઇ પ્રલ્હાદપંતે તેમના ઘોડા આગળ જઇ સાષ્ટાંગ પ્રણામ કર્યા. તુરતજ રાજારામ મહારાજ વગેરેએ તેમનું અનુકરણ કર્યું. શ્રી સમર્થ અશ્વ પરથી ઉતરી પડયા. તેમણે સર્વને ઉઠાડયા અને મંદસ્મિત કરતાં સર્વના કુશલ સમાચાર પૂછ્યા. ત્યાર પછી સર્વ મનુષ્યો હાથ મ્હો ધોવા માટે રામસરોવર તરફ સીધાવ્યા. સ્થળે સ્થળે ચંપક વૃક્ષ સુંદર રીતે વિકસી રહ્યાં

હતાં. તેના સુગંધથી સર્વના અંતરાત્મા શીતળ બની રહ્યા હતા. હાથ મ્હો ધોવાનો વિધિ પૂર્ણ થયા પછી સર્વેએ મારૂતીનાં દર્શન કર્યાં. પછી તે મંડળ તોરણુથી વિભૂષિત થયેલા મહાદ્વારમાંથી આગળ ગયું.

શ્રી સમર્થે સર્વને માટે ભોજનાદિ પ્રબંધ કર્યો. ત્યાર પછી કલ્યાણુ સ્વામીને પુરાણુનો એક અધ્યાય વાંચવા કહ્યું. કથા શ્રવણુમાં સર્વે મંડળી દંગ થઇ ગઇ અને ટુંકામાં સર્વ જનસમૂહ તલ્લીન બની ગયો.

ભોજનની તૈયારી થઇ. સર્વ મંડળી પ્રથમ સમર્થની સમાધીના પૂજન માટે ગઇ. ત્યાં યથાસાંગ પૂજન અર્ચન કરી અનેક માનકરીઓએ સમાધીને ગંધ લેપન કર્યું, કેટલાકે પુષ્પમાળા આરોપી, કેટલાકે તુલસીદલ અને મંજરીઓ ચઢાવી.

આ સ્થળે રાજારામ મહારાજની દેહભાવના એટલી ગલિત બની ગઇ હતી કે, તેમની સર્વ શુદ્ધિ બુદ્ધિ જાણે તે સમાધીએ હરી લીધી ન હોય ! તે જ્યાં બેઠા હતા ત્યાંજ ડોલવા લાગ્યા. તેમનાં નેત્રમાંથી ખળખળ અશ્રુપ્રવાહ વહેવા લાગ્યો. છત્રપતિની તે તદ્રૂપતા રંગનાથ સ્વામીની દૃષ્ટિ બહાર રહી નહતી. તેમણે કલ્યાણ સ્વામીને આજ્ઞા કરી. “ કલ્યાણ, કલ્યાણ, આ ક્ષત્રિયને સમર્થનો મનોદય જણાવવાનો સમય થયો. ઉદ્ધવ ક્યાં છે ? સમર્થ સમાધિરત થયા છે તેથી આ વીર ખરા યુદ્ધના સમયે હાથ પગ નરમ કરી બેઠો છે. તેનામાં નિરાશા ઉત્પન્ન થઈ છે. એ જીવનથી કંટાળ્યો છે. ઉદ્ધવ સ્વામી ! હવે એને સમર્થનો સંદેશો કહો. ”

શ્રી રંગનાથ સ્વામીની આજ્ઞા થતાંજ ઉદ્ધવ સ્વામીએ “ ભોજનની વાર છે, ” એવો પાકશાળામાં સંદેશો મોકલ્યો, અને પછી રાજારામ છત્રપતિ પાસે આવ્યા. તેમણે છત્રપતિના માથાપર હાથ ફેરવ્યો. તેમનો એવો પ્રેમ જોઇ રાજારામનો કંઠ ભરાઈ આવ્યો. રામચંદ્રપંત, પ્રલ્હાદપંત, સંતાજી અને ધનાજીએ પણ આંખોપર રૂમાલ ફેરવ્યા. એટલામાં રાજારામ ગદ્‌ગદિત થઇ ઉઠયા. ઉદ્ધવ સ્વામીની ચરણુરજ મસ્તકપર મુકી, પણુ તેમનો કંઠ કંઈ કરતાંએ ખુલ્યો નહિ. પછી ધીમે રહી તે બોલ્યાઃ

“ સમર્થ ! સદ્‌ગુરૂ, પ્રભુ, આબાસાહેબના મસ્તકપર આપનો વરદહસ્ત.

હોવા છતાં, આજે અમારી આવી દશા કેમ થઇ? કૃપાળુ, યશશાળી પ્રભુ, આપના અને દેવીના કૃપાપ્રસાદથી રાજ્ય પ્રાપ્ત થયું. જે દેશમાં મહારાજનું રાજ્ય નહતું તે દેશમાં સ્વામી ગામ માગતા. મહારાજ નિડરતાથી તેની સનદો આપતા જતા અને ત્યાં સુધી મહારાજનું રાજ્ય થતું. એવી સ્વામીએ લીલા કરી. ઉદ્ધવદેવ સમર્થ, આબાસાહેબના અંત સમયે આપે ચિંતાગ્રસ્ત થઇ ભવિષ્યમાં શું થશે એવું સમર્થને પુછ્યું. સમર્થે તમારૂં સમાધાન કર્યું. પણ હવે હું કોની પાસે જાઉં? કોની પાસે જઈ હું આ દીનમુખ બતાવું? હવે કોને શરણે થાઉં? "મ્હારી કાયા ગઇ છે પણ હું જગતમાં સર્વત્ર વ્યાપક છું." એવું આશ્વાસન આપી સમર્થદેવ અમને છોડી જ ગયા કે? ત્યારે હવે કયાં તમારૂં દર્શન થશે! આપની વાણીને અસત્યનું કલંક તો નહિ નહિ લગાડો? વિજયવંત, મહંત, મહાન શત્રુએ અમને જંગલનિવાસી બનાવ્યા છે, હવે મ્હારા પિતા શિવાજીના બીર્દનું, મ્હારૂં અને તમારા રાજ્યનું સંરક્ષણ કોણ કરશે? હવે તેની સર્વ લજ્જા આપનેજ છે."

ઉદ્ધવ સ્વામીએ પ્રેમ પૂર્વક કહ્યું: "રાજારામ! કસોટીને સમયે લ્હારા મનની આવી ચલવિચલ સ્થિતિ કેમ થઇ? જેણે આ રાજ્યની પ્રાણપ્રતિષ્ટા કરી તેને તેના યોગક્ષેમની પણ ચિંતા હતીજ. સમર્થે જે કાર્યનો પાયો રચ્યો તે કાર્ય અધવચથી કેમ પડતું રહેશે? મ્હારા ગુરૂ બંધુએ, શિવબાએ, પોતાની અવતાર સમાપ્તિનાં ચિહ્ન પ્રકટ કર્યાં, ત્યારે મ્હનેજ ફીકર થઇ. તેથી મેં તે ચિંતા સમર્થને નિવેદન કરી. સમર્થે શાંત પણ ગંભીર નાદથી કહ્યું; 'ધર્મ સ્થાપનાનું કાર્ય પડી રહેશે નહિ; કોઇ મનુષ્યને માટે કોઇ કાર્ય અટકી રહેતું નથી. શિવબા પણ હમણાંજ પૂર્વ સ્થળે જશે એમ બનશે નહિ! પુનઃ તે આજ કુલમાં ઉત્પન્ન થઇ, શત્રુઓનું નિવારણ કરી, કેટલાક દિવસ ઐશ્વર્ય ભોગવી પુનરપિ બ્રાહ્મણ જન્મ લઇ બદરી કેદારમાં યોગ સાધન કર્યા પછી તે પૂર્વ સ્થળે જશે. અને શ્રીએ પણ નાશિકથી કરવીર સુધી રહેવાનું કહ્યું છે. માટે આ સ્થાનને "આનંદભુવન" એવું નામ આપ્યું છે.' જો રાજા-રામ! ધૈર્ય છોડીશ નહિ. ધનાજી, સંતાજી અને પ્રલ્હાદપંત–રામચંદ્રપંત જેવી શક્તિ અને યુક્તિ, એવાં સામર્થ્યવાન બન્ને અંગ પાસે હોવા છતાં તને

આટલી નિરાશા કેમ થાય છે? અરે બાબા, 'તમારા દ્વારા તો જગતનો ઉદ્ધાર કરવાનો છે, તમારાં તનું તે અમારાં તનુ છે! રાજારામ! લક્ષમાં રાખ કે, આવે પ્રસંગે ધૈર્ય ત્યજી કંપાયમાન થનાર માણસ આત્મઘાતી જ ગણાય છે! રાજારામ, આજે ત્હારા દેશની કેવી દુર્દશા થઇ ગઇ છે: તે તું સમજે છે કે? રાજારામ! પ્રભુનેજ આગેવાની આપ અને નિરાશા છોડ. કંઇપણ સદુદ્યોગ કરવો, એ સમર્થ આજ્ઞા આ પ્રસંગે બરાબર ધ્યાનમાં રાખ. અનેક વીરોને શોધી કાઢવા, તેમનો અધિકાર જોવો અને તેનું અવલોકન કરીને જ તેમને સમીપ કે દૂર રાખવાની યોજના કરવી. કોઇ પણ મંગલ કાર્યના આરંભમાં, કે કોઇ પણ રાષ્ટ્રીય સંકટના સમયે, સર્વ રાષ્ટ્ર ભક્તોએ પોતાનાં અંતઃકરણ એક બીજા સાથે અભેદ કરવાં જોઇએ. એવાં સમદુઃખી અંતઃકરણો આપણા તરફ આકર્ષી લેવા માટે અસ્ખલિત પ્રયાસ કરતા રહેવું જોઇએ. તમારા જેવા સમજુ વીરોના અગ્રસ્થાને રહેતા નાયકે, લોકોના મનમાં પોતાના સુખદુઃખની કલ્પના ઉદ્ભવે તેમ કરવું જોઇએ. જેઓ પોતાના સુખ દુઃખને સમજી શકયા હોય, જેઓમાં સ્વીકૃત કાર્ય પ્રત્યે સહાનુભૂતિ ઉત્પન્ન થઇ હોય અને જેઓમાં સ્વદેશની—સ્વાતંત્ર્યની ઉચ્ચતમ ભાવના પ્રકટ થઇ હોય તેમને તેમના કરતાં અજ્ઞાન રહેલા લોકોમાં પ્રસારવા. રાજારામ! તું ગોવાળીયાઓની વાત જાણે છે કે? તે પોતાના મુગાં જાનવરોના ટોળા સાથે કેવા તલ્લીન રહે છે! કદી તે જો બચકારી બોલાવીને અને કદી પાવો વગાડીને તે પોતાના ટોળાને કેવો આનંદ આપે છે! તેજ પ્રમાણે સ્નેહી સંબંધીઓનાં તીક્ષ્ણ બુદ્ધિનાં બાળકો સાથે મૃદુ સંભાષણ પણ કરવું, તેમના સુખદુઃખની વાતો પુછવી અને તે ઉત્સુકતાપૂર્વક સાંભળવી. દુઃખ સાંભળતાં દુઃખીયાનું દૂર થાય છે અને દુઃખ નરમ પડે છે. તેથી તેની સાથે તેઓ મિત્રભાવ રાખે છે, તે સર્વના ચિત્તમાં સ્થાન મેળવે છે."

"રાજારામ, ખરા પ્રસંગે તું કંટાળી ગયો છે? આવે વખતે લોકારાધના કરવાના પ્રયત્નમાં તને દુઃખ, ત્રાસ, અપમાનાદિ સહન કરવાં પડશે. પણ રાજારામ, માનાપમાન તો મનુષ્યનાં સારાં નરસાં કૃત્યો પર આધાર રાખે છે. કાર્યના પ્રયત્ન પર નહિ. જ્યારે લોકોએ અર્પેલા વૈભવનો રાજાએ

ઉપયોગ કરવો હોય ત્યારે લોકોનાં સુખદુઃખ સમજવા માટે રાજાએ તેમનામાં મિશ્ર પણ થવુંજ જોઇએ. કારણ, અંતઃકરણની લાગણીવાળા લોકોનીજ તારા જેવાના મહદ્ કાર્યને અત્યંત અપેક્ષા છે. રાજારામ, સમજુ સજ્જનોનો જગતમાં ઉપયોગ થાય તો તે કંઇ સામાન્ય વાત નથી, એ સમર્થનું વચન છે. **લોકોમાં તરે અને લોકોને તારે તેનોજ સંસાર ધન્ય છે,** એમ સમર્થ રામદાસ કહે છે.”

“સંતાજી, ધનાજી, તમારા કાર્યમાં જનસમાજની સહાનુભૂતિ મેળવ્યા પછી અગ્નિની ચિણગારી મુકશો તો તે તુરતજ સળગશે. રાજારામ, આ સંતાજી, ધનાજી વગેરે ત્હારા હાથની શક્તિનાં દૈવત છે. આ રામચંદ્રપંત, પ્રલ્હાદપંત, એ ત્હારી પાસે યુક્તિના ભંડાર છે. અરે, શક્તિથી સર્વ સાધ્ય થાય છે. શક્તિહીનને દરિદ્રતા મળે છે. શક્તિથી રાજ્ય મળે છે અને યુક્તિથી યત્ન થાય છે. પણ રાજારામ, શક્તિ અને યુક્તિના યુગ્મને મધુર ભાષણરૂપી બંદુકની આવશ્યકતા રહે છે. કેવળ ગોળી હોય અગર તો એકલી બંદુક હોય તો તેનો કંઇ ઉપયોગ થતો નથી. અનેક જાતિના, ભિન્ન ભિન્ન મતના, હઝારો પંથના અને વિવિધ અંતઃકરણોના જનસમુદાયને આપણો પોતાનો બનાવવા માટે, મુખના સૌખ્ય રૂપ મધુર ભાષણની યોજના કરવી. એવા વક્તાની અમૃત વાણીથી સુખ સુખની સાથે લીન થઇ જાય છે, અને એ મીઠા શબ્દો તું સાધ્ય કરશે એટલે રાજારામ, તને લોકો આત્મવત સમજશે, તેઓ પોતાના અંતઃકરણમાં ત્હારી શુદ્ધમૂર્તિની સ્થાપના કરશે. ત્હારા જેવા લોકનાયકે સત્યતા સમજી, ન્યાય અન્યાયથી પરવશ ન બનતાં મનુષ્યોને રાજી રાખવાં, એજ અત્યંત અગત્યનું છે.”

“રાજારામ, હજુ તું દીનમુખનો થઇ કેમ બેઠો છે? શું ત્હને એમ લાગે છે કે, પરિસ્થિતિથી તેજહિન બનેલા દુર્બળ લોકનાયકના શબ્દની કિંમત કોણ કરશે? છટ્, રાજારામ, લોયકનાયકનો અધિકાર કોઇ પણ વિકટ પ્રસંગમાં, પૂર્ણ નૈતિક બળથી સામર્થ્યશાલી રહે તે માટે, શ્રી સમર્થે કેટલું દૈવી બળ એકત્ર કરી રાખ્યું છે તે તું જાણે છે? રાજારામ, સમર્થે જ્યારે પોતાના આ અભાગી દેશમાં સર્વત્ર પ્રવાસ કર્યો ત્યારે જ્યાં ત્યાં પાપી, દુર્ગુણી,

કુરૂપી, વિકારી, ભીખારી, એવી પ્રજા તેમની નજરે પડી તેથી તે દિઙ્મૂઢ બની ગયા ! ત્હારા વર્તમાન દિવસો કરતાં તે દિવસો અતિ કઠિન હતા. તેવા સમયમાં પણ પરિવર્તન કરવાનો સમર્થે નિશ્ચય કર્યો હતો, પણ તે પછી તેમણે પ્રત્યક્ષ ઇશ્વરનેજ તે કાર્યનો નેતા બનાવ્યો હતો. પછી તેમણે મુદ્દામ જનસમૂહમાં જઇ પ્રજાને ઢંઢોળી જાગ્રત કરવા માટે સ્થળે સ્થળે પોતાના શિષ્ય ઉત્પન્ન કર્યા. એ સત શિષ્યોએ શું કર્યું ? તેમણે લોકોને ભગવદ્દ્ભક્તિની ઘેલછા લગાડી અને એવી હરિકથા કરવામાંજ તેમને લૌકિક પરિસ્થિતિ સમજાવી દીધી. તેમણે ઠેકાણે ઠેકાણે મૂર્તિઓ સ્થાપન કરી, ઠેરઠેર અસંખ્ય ઉત્સવો નિર્માણ કર્યા. આવી રીતે લોકોને એક બીજાના પરિચયમાં લાવી તેમણે રાષ્ટ્રહિત માટે આંધળા, મુગા અને બહેરા લોકોના મનમાં જાગ્રતિ ઉત્પન્ન કરી. લોકોને ખુશી રાખી સ્વહિત વિષે તેમના મનમાં આદર ઉત્પન્ન કર્યો. સમર્થે એ રીતે સર્વની ચિંતા પોતે ધારણ કરી–સર્વને બુદ્ધિશાળી બનાવવાનો પ્રયત્ન કર્યો છે. રાજારામ ! રામદાસના મહંતોએ ભક્તિરંગથી જનસમાજને રંગી દઇ રામ ઉપાસના વધારી અને કહો કે ભક્તિરંગમાંજ તેમણે દેવાલયો બંધાવ્યાં, વૃંદાવન સ્થાપ્યાં, નદીના ઘાટ બંધાવ્યા, ધર્મશાળાઓ બંધાવી અને ટુંકામાં કહો કે જનસમાજના ઉદ્ધારનો આરંભ કર્યો. રાજારામ, સાંભળ ! સમર્થે એ કાર્ય માટે ૯૨ બ્રહ્મચારી મહંત નિયત કરી, આ આનંદભૂવનમાં–મહારાષ્ટ્રમાં–તેમને જગ્યાએ જગ્યાએ છૂટા રાખી, સર્વ મહારાષ્ટ્રમાં સામર્થ્ય ભરી રાખ્યું છે. ઠેકાણે ઠેકાણે તેમણે શ્રી મારૂતીનું દેવાલય નિર્માણ કરી, તરૂણોને નવજીવન આપવાના અખાડા સ્થાપ્યા છે. રાજારામ, તું પોતાને સામર્થ્યહીન સમજે છે કે ? અરે, પંચક્રોશી છોડીને નીકળ, વિજાપુર, નાશિક, કોલાપુર, સોલાપુર, ખાન્દેશ, તંજાવર એવા ગમે તે સ્થાને જા. ત્યાં તને રામદાસના મહંત મળશે. ત્હારે માટે તેમણે જમીન કેવી ઉત્તમ રીતે ખેડી રાખી છે તે ત્હને જણાશે. ઉત્તરમાં બદ્રિકેદાર, બદ્રિનારાયણ, દક્ષિણમાં રામેશ્વર, પૂર્વમાં જગન્નાથ, અને પશ્ચિમમાં દ્વારકાં, એવા વિસ્તીર્ણ સ્થાનમાં સમર્થે પોતાની કાર્યશક્તિ પ્રસારેલી છે. રાજારામ, ખુદ ત્હારા ઔરંગજેબના કલેજામાં પણ આપણા મહંતોએ હાથ ઘાલેલો છે. ઔ-

રંગાબાદ, વરાડ, બેદર, વિજાપુર, હૈદ્રાબાદ, બીડ અને અહમદનગર જેવા સ્થાનોમાં મુસલમાની કુટુંબો છે ત્યાં પણ સમર્થના મહંત જમીન તૈયાર કરે છે. અટકથી રામેશ્વર સુધી તમે ક્ષત્રીઓનો હસ્ત સહેલાઇથી પ્રવેશ કરી શકે તેવી મૃદુતા સર્વત્ર ઉત્પન્ન કરી રાખી છે. પણ, રાજારામ ! એ અંધાર પડદા પાછળ રહેલો ભંડાર તને કેવી રીતે મળે ?"

"એવી અપૂર્વ શક્તિ ધરાવનારાઓ કંઇ મહેંદ્રના ઐરાવત પર આરૂઢ થનારા કે વૈભવનાં પ્રદર્શન ભરનારા નથી. એ સમર્થ શક્તિઓ તો મહંત, નિઃસ્વાર્થી, વિત્તરાગી, નિસ્પૃહ અને કર્તવ્યપરાયણ ભદ્રો છે. એમનો વેષ જો કે સાદો હોય છે પણ તેમાં નાના પ્રકારની કળાઓ રહેલી છે. એ પેટ માટે ઘેરેઘેર ભિક્ષા માગે છે, પણ તેમને તેની પરવાહ નથી. તેઓ આજે અહીં તો કાલે ઘણે દૂર એકાદ અકલ્પિત સ્થળે દર્શન દે છે. પરંતુ તેઓ હમેશ જગત્ ઉદ્ધારના, સ્વધર્મ રક્ષણના અને સ્વરાજ્ય પ્રતિષ્ઠાના ગ્રંથ વિચારોની જનતામાં શુદ્ધતા પ્રવર્તાવવાના ઉદ્યોગમાં ચૂર રહે છે. રાજારામ, વૈરાગ્ય એજ સમર્થ સ્વામીનું ભાગ્ય છે અને તેથીજ ભક્તિજ્ઞાનનું પોષણ થયું છે. ત્હારા રાજ્યના વિસ્તાર માટે, સમર્થ સંપ્રદાયની સ્થાપના છે. માટે તું જ્યાં જઇશ ત્યાં લોકસામર્થ્ય ત્હારી પાછળ દોડી આવશે. એવા જીવંત સામર્થ્યના સૂક્ષ્મ ઝરાઓ ત્હારી પાછળ વહે છે. બાદશાહની આગળ અતિ વિસ્તીર્ણ એવું જો કે તલાવ હશે, તોપણ તેનું પાણી એ એક ખાળ છે. ઔરંગઝેબની પાછળ જોકે ત્રિખંડ સામ્રાજ્યનો વૈભવ હશે પણ રાજારામ, ત્હારી પાછળ, ભલેને રંકજનો હોય તોપણ તેવાં પવિત્ર અંતઃકરણોની વિશુદ્ધ ભાવના છે."

"હવે સંતાજી, ધનાજી, તમે જ્યાં જાઓ ત્યાં એજ કાર્યનો વિસ્તાર કરો. ગામડાંગામ અને વૈભવશાલી શહેરો પણ જોઇ વળો. ત્યાંના પ્રત્યેક પ્રાણી સાથે પ્રેમથી સહાનુભૂતિની યાચના કરી મનુષ્યો સંગ્રહ કરો. પ્રહ્લાદપંત, તમે મુત્સદ્દી છો. રામચંદ્રપંત તમે સમર્થના શિષ્ય છો. પ્રત્યેક પ્રાણી સાથે પ્રસંગમાં આવતાં તમને એકાદ દુર્જન પ્રાણી મળે, દેશભક્તને બદલે વૈભવાસક્ત થનાર દૃષ્ટિએ પડે તો તેની ખામીનો તિરસ્કાર કરતા નહિ. સજ્જન પ્રમાણેજ તેને મોટાઇ આપજો. તમે મુઠ્ઠી ભિક્ષાને બ્હાને ઘરેઘરની

પરિસ્થિતિ જોઇ વળો. ઢેડ ભંગી, ઉંચનીચ એવી ભેદભાવવાળી દૃષ્ટિ રાખશો નહિ. અપમાન, તુચ્છકાર, તિરસ્કાર, ધીટકાર, જે કંઇ આવે તેને પ્રસન્નવદને વધાવી લેજો. ક્ષમાનું પવિત્ર વસ્ત્ર ધારણ કરજો, કારણ કે તમારે જગતનો ઉદ્ધાર કરવાનો છે."

"સંતાજી, તમે કુશળ સેનાધ્યક્ષ છો, પણ બાદશાહની સામે થતાં યુક્તિ પ્રયુક્તિનો સિદ્ધાંત ભૂલશો નહિ. એકજ જગ્યાએ સ્થિર મુકામ કરતા નહિ. તમારાજ સૈન્યના અંગત સંબંધીને પણ મનનો વિચાર ન કહેતાં એકાએક સૈન્યસહ ગુપ્ત થઇ જવાની નીતિ ધારણ કરજો. ક્યાં જવું છે, ક્યાં મુકામ કરવો છે અને શું કરવું છે તેની ગંધ પણ કોઇને લાગવા દેશો નહિ અને મુકામનું સ્થળ ઝાડી, ડુંગરની ખીણો વગેરે વિકટપૂર્ણ જગ્યાએ રાખવા સંબંધી તમને કંઇ વિશેષ કહેવાની જરૂરજ નથી."

"આ પદ્ધતિથીજ છેવટે યશ મળશે. પરમેશ્વરનું: કૃપાછત્ર તમારા શિર પર છે. સમર્થના લોક સંગ્રહનો યશ તમારા ક્ષત્રીઓના હસ્તમાં છે. સમર્થે ભવિષ્ય પુરાણ મ્હને શ્રવણ કરાવેલું છે. તે હું છેવટે વિજયી દિવસે સર્વને સંભળાવી પાવન કરીશ. ઉઠ, રાજારામ, કર્તવ્યને આધિન થા!"

ઉદ્ધવસ્વામીની આ શ્રુતિ તુલ્ય વાણી સાંભળી રાજારામ વગેરેને પ્રોત્સાહન મળ્યું. રાજારામે સજલ નયને શ્રીની પ્રાર્થના કરી. ચમત્કાર એ થયો કે; શ્રીજીની પાદુકા પરથી પુષ્પનો પ્રસાદ નીચે આવ્યો. તુરતજ તે શ્રીફલસહ છત્રપતિના હસ્તમાં મુકવામાં આવ્યો. તે પ્રસાદ લઇ, ભોજન કરી, સર્વની આજ્ઞા મેળવી, સર્વ મંડળીસહ રાજારામ મહારાજ ભાવિ કાર્યની યોજના માટે પનાળગઢ ગયા.

પ્રકરણ ૧૩ મું.

શ્રેષ્ઠ તપશ્ચર્યા.

"આપણે જો આપણા કર્તવ્યને વળગી રહીશું તો આપણા હક્ક અને અધિકાર એની મેળે આપણી પાસે આવશે." (સ્વામી રામતીર્થ.)

ગણોજીરાવ શીરકેએ રાયગઢની તળેટીના જંગલમાં આવેલા દેવળમાં પોતાની પાછળ ગુપ્તાલયમાં પ્રવેશ કરવાનું સાહસ કર્યા બદલ જે ગૃહસ્થને તે દેવળમાં કેદ કરવામાં આવ્યો હતો, તેની શી સ્થિતિ થઇ હતી તે જોવાની વાંચનારને ઉત્કટ ઇચ્છા થઇ રહી હશે. એ નિર્જન વિશાળ દેવળની બહાર નીકળવા યતકિંચિત્ પણ માર્ગ નહતો, એ તમે જાણોજ છો. એવા નિર્જન, ભયાનક દેવળમાં દિવસ રાત્રિ નિર્ગમન કરવાનો પ્રસંગ કેવો કઠિન હશે તેની કલ્પના કરી લેવી ઠીક થશે. આ સ્થાનમાં સપડાયલા ગૃહસ્થને ત્યાં એવી સ્થિતિમાં કેટલાએ દિવસ વ્યતીત કરવા પડશે તેની કલ્પના પણ નહતી. પહેલે દિવસે ગણોજીરાવ મજબૂત બંદોબસ્ત કરી ગયા પછી બાકી રહેલા દિવસનો ભાગ "હવે શું કરવું?" એવી પ્રખર ચિંતામગ્ન સ્થિતિમાં તેણે કાઢયો. તેણે દિવસ તો કાઢયો પણ રાત્રી કેમ કરી પૂર્ણ કરશે! ત્યાંની ઘીચ ઝાડી, જંગલ હિંસક પશુઓની કર્કશ ચીસો, બરાડા અને ઘૂઘવાટા, નિશાચર જન્તુઓનો ભયંકર રવ, તેમાં વળી દેવળમાંથી નીકળતો ભયાવહ સિંહનાદ, અને ચોતરફ ઘોર અંધકાર; એવી પરિસ્થિતિમાં ગમે તેવો હિંમતે બહાદુર હોય તો પણ તેના હોશકોશ ઉડી ગયા સિવાય રહે નહિ. પરંતુ આપણો ગૃહસ્થ હિંમતે બહાદુરોનો પણ સરદાર હોવાથી તેની એવી ભયંકર સ્થિતિ થઇ નહિ, તોપણ

એટલું તો સત્ય હતું કે તે સાધારણ ગભરાયો હતો ખરો. ત્યારે તેને નિદ્રા કેવી રીતે આવી શકે? કેટલીક વખત તો તે ધીરજ ધારી શંકરના બાણ પાસે ગયો અને કેટલાક વખત સુધી અંતઃકરણની વિશુદ્ધ ભાવનાથી પ્રાર્થના કરવા ત્યાં બેઠો. પરંતુ તે પ્રાર્થના માટે સ્થિર થતો કે એકાદ ભયંકર અવાજ કે એકાદ વ્યાઘ્રની ગર્જના તેને સંભળાતી કે તે સાથેજ તે ઉઠીને ચોતરફ જોતો. આ વખતે દેવળમાં રાતે વાઘભાઇની સ્વારી દર્શન માટે આવે છે, તેનું તેને સ્મરણ થતું એટલામાં તે ઘોર અંધકારમાં તેને વાઘોબાનાં લાલચોળ નેત્રો દેખાતાં. ક્ષણવાર તેનું દેહભાન જતું રહેતું અને પછીથી તે વાઘનાં નેત્ર નહિ પણ આગીયાનો ચમકાટ હતો એવી તેની ખાત્રી થતી.

આવી ઘોર વિટંબણામાં તેને તે એકજ રાત્રી અસહ્ય માનસિક વેદનાથી કાઢવી પડી. સહજ પ્રકાશ શરૂ થતાંજ તે દેવળમાં આમતેમ ફરવા લાગ્યો. આગલે દિવસે રાત્રે પોટોબાની પૂજા થઇ નહતી. આખી રાતનું જાગરણ, માનસિક અસહ્ય દુઃખોનો ત્રાસ, ભોંયરામાં સાંભળેલા દેશદ્રોહાત્મક શબ્દોએ મસ્તકમાં ઉત્પન્ન કરેલી ભ્રમણા અને બહાર આવતાં મુક્ત થવાની પ્રકટેલી નિરાશા વગેરે વાતોએ તેના પગમાં એવું તો વિલક્ષણ બળ આપ્યું હતું કે, જેથી તે દેવળમાં એક સરખો ભ્રમણ કરી રહ્યો હતો. છેવટે તેને વિલક્ષણ ગ્લાનિ થતાં તે ગુંબજમાં પડયો. થોડા વખતમાંજ તેનાં નેત્રો મીંચાઇ ગયાં.

એટલામાંજ દેવળના દરવાજાની સાંકળ કોઇએ ઉઘાડી; અને બે સશસ્ત્ર મનુષ્યો અંદરની સાંકળ મજબૂત રીતે બંધ કરી અંદર આવ્યા. આપણા આ ગૃહસ્થપર નિદ્રાદેવીએ પૂર્ણ સત્તા જમાવી હતી, એટલે ત્યાં કોણ આવ્યું અને શું થાય છે તેનો તેને ખ્યાલ પણ નહતો. આગંતુક મનુષ્યોએ શ્રી શંકરની પૂજા અર્ચા કરી. નૈવેદ્ય સમર્પણ કર્યું અને બહાર જવાના ઉદ્દેશથી પાછા ફરવા લાગ્યા, પણ આપણા ગૃહસ્થને નિદ્રાએ છોડયો નહિ. નવા બે મનુષ્યોને કોણ જાણે શી ચિંતા ઉત્પન્ન થઈ કે, તે અંદરે અંદર ગણગણવા લાગ્યા. પછી તેમાંના એકે ગંગા કુંડમાંથી થોડું પાણી લાવી સૂતેલા ગૃહસ્થપર દૂરથી છાંટયું. તુરતજ આપણો ગૃહસ્થ ચમકી બેઠો થયો. તે જાગૃત થતાંજ પેલા બંન્ને મનુષ્યો સંભાળપૂર્વક પાછા ખસી હસ્તમાં શસ્ત્ર સજ્જ

કરી ઉભા. આપણો ગૃહસ્થ પેલા બે નવીન મનુષ્યોને જોઈ આશ્ચર્યચકિત થયો. તેમને ઓળખવા નેત્ર ફાડી ફાડીને જોવા લાગ્યો. તેને સહેલાઇથી માત્ર એટલુંજ જણાવ્યું કે, તે ગણોજી, રાણોજી નહતા. તે હવે આ મનુષ્યો સાથે વાત કરવા માટે ઉઠી ઉભા થવાનો યત્ન કરવા લાગ્યો, પણ તેના પગ લટી પડવા લાગ્યા, નેત્ર આગળ અંધકાર ફરી વળ્યા જેવું લાગ્યું.—અંધારાં આવ્યાં તેથી પુનઃ તે નીચે બેસી પડયો અને માથું દુઃખતું હોય તેમ કપાળ દાબવા લાગ્યો. થોડીકવારે પુનઃ તેને ભાન આવ્યું, પુનઃ ઉઠવાનો યત્ન કરવા લાગ્યો, તે જેમ તેમ કરીને ઉઠયો પણ ખરો. અને તે સાથેજ પેલા મનુષ્યો પણ પુનઃ બે પગલાં પાછા ખસ્યાં, શસ્ત્રને દૃઢ પકડયાં તે જોઇ આપણા ગૃહસ્થે કહ્યું: “ભાઇઓ, એમ ચમકો છો કેમ! હું તો નિઃશસ્ત્ર છું. તેમાં વળી મ્હને હડહડતો તાવ આવ્યો છે. તમે અહીં કેમ આવ્યા છો? મ્હને મારવા માટે? તેમ હોય તો કરો ઘા અને ઉડાવો આ ગર્દન! પછી કુત્રાના મોતે મરવાનો વખત તો ન આવે!”

તે મનુષ્યોએ કંઇ ઉત્તર આપ્યો નહિ. તેઓ મુંગા રહી બાણ પાસે ગયા અને નૈવેદ્યની થાળી લાવી આપણા ગૃહસ્થ આગળ મુકી પોતે દૂર જઇ ઉભા. આપણા ગૃહસ્થે બીજો ત્રીજો કંઇ વિચાર કર્યો નહિ. તે ધીમે ધીમે કુંડ પર જવા લાગ્યો. તેમાંના અતિશય શીતલ જલમાં સ્નાન કર્યું. મસ્તક પર શીતલ પાણીનો મારો વાગતાંજ તેને સહજ હુશીયારી આવી. એ હુશીયારીથી તેણે કુંડ પર અર્ધ્યપ્રદાન વગેરે નિત્ય નૈમિત્તિક કર્મ કર્યું. દેવળમાં જઇ બાણનાં દર્શન કર્યાં અને પુનઃ તે પોતાની પ્રથમની જગ્યા પર આવી બેઠો. એટલામાં પેલા બે પૈકી એકે કહ્યું: “આ નૈવેદ્યમાંથી અન્નનો આહાર લઇ ક્ષુધાને શાંત કરો. અમને જવાને વાર થાય છે, જલદી પતાવો.”

“આપ કોણ છો? અને આ અન્ન કોના હાથનું છે? એમાં વિષ વગેરે છે કે નહિ? એ સૂર્યાજીએ મોકલ્યું છે કે?”

“અમે કોણ છીએ તે પુછશો નહિ. અન્ન વિષે કહેતા હો તો એ શ્રી શંકરના નૈવેદ્ય માટે, અત્યંત પવિત્ર હસ્તથી અને શુદ્ધ હેતુથી તૈયાર કરેલું છે. આ ગણોજીરાવની સહી જુઓ.”

આપણા ગૃહસ્થે તે ચીઠ્ઠી શૂન્ય ચિત્તે જોઇ. તેમાં નીચે પ્રમાણે લખેલું હતું:

"ભલા ગૃહસ્થ! ભૂખથી ઉપવાસી મરીશ નહિ. શંકરના નૈવેદ્ય માટે શુદ્ધ હસ્તે કરેલા પદાર્થ, એ સશસ્ત્ર ગૃહસ્થ લઇને ત્હારી પાસે આવશે, પણ જીવવાની ઇચ્છા હોય તો તેમાંના અન્નનો સ્વીકાર કરજે. તને અન્નમાં વિષ મેળવ્યાનો સંશય આવશે. તેમ બને તો સામેની ઓરડીમાં પુષ્કળ ધાન્ય સંગ્રહેલું છે એમ મ્હેં ત્હને કહ્યું હતુંજ. આવેલા માણસો તે તને બતાવશે અને એક ચકમક પણ આપશે. તેની સહાયથી ઝાડ અને ડાળો કે કાંટા બાંટા સળગાવી અન્ન રાંધી, દેવને નૈવેદ્ય સમર્પણ કરી તું ત્હારા પ્રાણ બચાવજે. આવેલા બન્ને માણસોને કંઇ પુછવાનો પ્રયત્ન કરતો નહિ. તે સશસ્ત્ર તો છે જ, પરંતુ યદા કદાચિત તું તેમની સાથે મલ્લયુદ્ધ રમશે કે કંઇ લાલચ લોલુપતાનો પ્રયોગ કરશે, તો તટપર બેઠેલો ત્રીજો માણસ અચુક શર સંધાનથી તને વીંધી નાખશે."

આ ચીઠી વાંચતાં જ તેની તટ તરફ નજર ગઇ તો ધનુર્ધારી વીર ધનુષ્યબાણ હસ્તમાં લઇ પોતાની હીલચાલ પર દૃષ્ટિ રાખતો જણાયો. આ પ્રકાર જોતાં જ આપણા ગૃહસ્થે તે બન્નેને કહ્યું: "હરકત નહિ, હું આ કોઠારનાજ ધાન્યનો ઉપયોગ કરીશ. કાલથી મ્હારા પેટની વ્યવસ્થા હું પોતેજ કરીશ. ગણોજીરાવને કહેજો કે, તમારા આ ઉપકાર માટે હું અત્યંત ઋણી છું. જીવવું તો જોઇએ જ, પણ આવા બંદિવાસની પીડામાં મ્હારા જીવનનો અપવ્યય થવાનો હશે તો શ્રી શંકરની એકનિષ્ટપણે તપશ્ચર્યા કરી જીવનસાર્થક કરીશ. અરે, મ્હારા દેશના ઉદ્ધાર માટે વિકટ પુરશ્ચરણ કરીશ. પોતાની મુક્તિનો પ્રયત્ન કરવા કરતાં મ્હારા જેવા અનેકના ઉદ્ધારનો માર્ગ સરળ બનાવવા માટે શ્રી શંકરની અહો રાત્ર પ્રાર્થના કરીને આ કુંડને કિનારે બાકી રહેલો આયુષ્ય કાળ પૂર્ણ કરીશ."

આટલું બોલી તે ગૃહસ્થ તુરતજ સ્હામેના ઓરડા તરફ ગયો. ખરેખર ત્યાં વિપુલ ધાન્ય સામગ્રી, ન્હાનાં મ્હોટાં અસંખ્ય વાસણ, જાજમો, સેતરંજીઓ, બિછાનાં, ગાદીઓ, હાંડીઓ, ઝુમરો, દિવાલબત્તીઓ, રૂપાચાંદીની અનેક તબકો વગેરે હજારો વસ્તુઓનો પ્રચંડ સંગ્રહ હતો. તે જોઇ આપણા

ગૃહસ્થે પહોંચાં કરડયાં. "આ હરામખોરોએ કિલ્લાપરનાં અઢાર કારખાનાં લૂંટી અહીંજ ભર્યા હોય એમ લાગે છે! એમ? ઠીક! માટેજ આ દેવળ આટલું નિર્જન છે! માટેજ બ્રહ્મરાક્ષસની બૂમો પાડે છે! ચોરો દેવના બહાના પાછળ પાપના ભંડારોજ ભરે છે કે શું?

અરેરે! મરાઠાઓની રાજધાનીમાં સ્વાભિમાનની કાશીમાં, અને સ્વાતંત્ર્યની અમરાવતીમાં આટલું અંધેર? આવાં કુકર્મ અને આવો દ્રોહ? ઠીક છે. મ્હારે જીવવુંજ જોઇએ." એમ કહી આપણા ગૃહસ્થે થોડું ધાન્ય લઇ ચકમકથી વૃક્ષ પત્રો સળગાવી ડાંખળાં એકત્ર કરીને અગ્ની સળગાવી રસોઇ કરી. દેવને નૈવેદ્ય ધરી, થોડું અન્ન ગ્રહણ કરી તેણે સ્વસ્થ ચિત્તે વામકુક્ષીનો માર્ગ સ્વીકાર્યો. પેલા બે મનુષ્યો પણ આણેલું અન્ન પક્ષીઓને નાંખી દઇ ચાલ્યા ગયા.

આજે તેને નિદ્રાની અતિ જરૂર પણ હતી. એક દિવસ એમાં ગયો. બીજો દિવસ ઉદય પામતાંજ તે હુશીયારીથી ઉઠયો. જાણે કે સવારે શું કરવાનું છે તે રાત્રેજ નિશ્ચિત કર્યું ન હોય! ઉઠતાંજ નિત્ય વિધિ પૂર્ણ થયા પછી સ્નાન કરી લીધું. પછી આજુબાજુથી કેટલાંક વનપુષ્પ એકત્ર કર્યાં. દેવળમાં અનેક પ્રકારની વેલીઓ નજરે પડી. એટલુંજ નહિ પણ દેવળની પાછળ એક સુંદર પુષ્પવાટિકા પણ જણાઇ. અહીંથી તેણે કેટલાંક બિલ્વદળ અને પુષ્પો એકઠાં કર્યાં. દેવળની શીલા પર ચંદન ઘસ્યું અને સર્વ સાહિત્ય એકત્ર કરી શંકરને રૂદ્રાભિષેક કરવામાં તે નિમગ્ન થયો. થોડી વારમાંજ કાલના પેલા બન્ને મનુષ્યો પુનઃ ત્યાં આવ્યા. આપણા ગૃહસ્થનું મન રૂદ્રાભિષેકમાં એટલું તન્મય થઇ ગયું હતું કે જેથી તે મનુષ્યો ઉભા રહી કંટાળી પાછા પણ જતા રહ્યા; પરંતુ તેણે તે જાણ્યું ન હતું!

સૂર્ય મધ્યાહ્ને આવતાં સુધી આપણો ગૃહસ્થ અભિષેક પૂજામાં ગરક રહેલો હતોઃ આજે આટલું બસ છે, એમ ઠરાવી તે ઉઠયો. કાલની માફક આજે પણ તેણે ભોજન બનાવ્યું. ભોજન બનાવતી વખતે આજુબાજુ પડેલા કણ ખાવા અનેક પક્ષીઓ આવવા લાગ્યાં. તે જોઇને ગૃહસ્થે પણ દાણા વેરી ગમ્મત કરવા માંડી. આવી રીતે કેટલાક દિવસ ગયા પછી તેજ સમયે તેની પાસેનું વૃક્ષ પક્ષીઓના કિલકિલાટથી ગાજવા લાગ્યું. આ પ્રમાણે હમેશ

બનતું હોવાથી કેટલીક વખત ભોજન પ્રસંગ મોડો થતો તોપણ પક્ષીઓ ત્યાંથી ખસતાં ન હતાં. ધીમે ધીમે તે પક્ષીઓ તેની સાથે એટલાં તો હળી ગયાં કે, તે તેના શરીર પર બેસતાં તેના હાથમાંથી કણ વીણવા લાગ્યાં. અને છેવટે તે રૂદ્રાભિષેક માટે બેસતો ત્યારે પણ તેની પાસે જઈ થાળી-માંથી અક્ષત ખાવા લાગ્યાં.

આપણો ગૃહસ્થ પણ જ્યારે અહોરાત્ર રૂદ્રી કરવાનો નિશ્ચય કરી બેસતો ત્યારે ગુંબજમાં પુષ્કળ દાણા વેરી રાખતો. પક્ષીઓને તો એટલું જ જોઇતું હતું. તે ત્યાં પણ આનંદથી તેના શરીર પર નાચવા લાગ્યાં. આ પ્રસંગનો લાભ લેવા માટે પૂજારી તેમાંના કેટલાકને પકડી રાખતો. પંપાળતો અને વળી છોડી દેતો, અંતે પરિણામ એ આવ્યું કે, જો તે દાણા નહિ નાખતો તો પક્ષીઓ તેને ચાંચ મારી મારીને પજવતાં.

એક દિવસ પક્ષીઓ સાથે આવી રીતે રમતો હતો, તે વખતે તેના મનમાં એક કલ્પના આવતાં તે તુરતજ ઉઠયો અને ચકમકની પોલાદી પટ્ટી લઇ વૃક્ષોનાં બારીક પણ લાંબા પાન તોડયાં અને તાપમાં સૂકવી દીધાં. એક બે દિવસ પછી તેણે પોતાના ફેંટાની ઝીણી ચીંદરડીઓ બનાવી, તથા કેટ-લાક વેલાનાં પાન છૂંદી રસ કાઢયો. પછી તેણે બારિક સળી વડે ઝીણાં ભૂજપત્રો જેવાં પત્રો પર “ હું રાયગઢની નીચેના જંગલના દેવળમાં દગાથી કેદ થયો છું. મ્હને છોડાવો.” એટલાજ અક્ષર લખ્યા. કેટલાંક પત્રો પર તેણે ગંધ–ચંદનથી લખ્યું અને તે પાન ચીંદરડીઓથી બાંધી પેલા પક્ષી-ઓના ગળામાં લટકાવ્યાં. આવો ક્રમ તેણે કેટલાક દિવસ સુધી ચલાવ્યો હતો. પક્ષીઓ પુનઃ બીજે દિવસે નિત્યક્રમ પ્રમાણે તેની પાસે આવતાં ત્યારે કેટ-લાકના ગળામાં તે પાન જેમને તેમ રહેલાં જણાતાં ત્યારે કેટલાકને ગળે જણાતાં ન હતાં. જેમની કોટે તે પાન નહોતાં તેમની કોટે ફરી બાંધતો અને ભાંગ્યાં તૂટયાં પાન બદલી નાખતો.

વાચક, એ ગૃહસ્થને નિરાંતે તપ કરવા દો. એતો તદ્દન અશરણ પરિસ્થિ-તિમાં પોતાના ધ્યેયનું સ્મરણ રાખવા જેવી તપશ્ચર્યા છે, અને તે વિશ્વામિત્રે બ્રાહ્મણ થવા કરેલી તપશ્ચર્યા કરતાં પણ કઠિન છે. એવા કઠિન પ્રસંગમાં તેને કેટલોક સમય એકાંતનો લાભ લેવા દો.

પ્રકરણ ૧૪ મું.

શું સૂર્યાજી પનાળગઢ ગયો ?

मनस्वी कार्यार्थी न गणयति दुःखं नच सुखम् ॥

ભાવાર્થ—"કાર્યસાધુ અને ડાહ્યો મનુષ્ય સુખ દુઃખની પરવા કરતો નથી."

નિસર્ગ સુંદર વનશ્રીની શોભા અતિ આહ્લાદજનક હતી. એ શોભા જોતા જોતા પરિભ્રમણનો માર્ગ મનની ઉદાતતા વધારવા માટે કેવો સુંદર હોય છે! ચાલો, આપણે એવા સુંદર પ્રસંગનો લાભ લઇએ. આપણે જાણીએ છીએ કે છત્રપતિ રાજારામ વગેરે મંડળી સજ્જનગઢ છોડી નીકળી ગઇ છે. માર્ગમાં શિંગણાપુરમાં સર્વેએ શ્રી શહાજી મહારાજનાં અને આબાસાહેબનાં સ્મારક ચિહ્નોનાં દર્શન કર્યાં. અહીંના શંભુ મહાદેવ ભોંસલે કુલના ભગવાન એકલિંગજી હતા. આ પ્રસંગે એકલિંગજીનાં દર્શન કરતાં સર્વનાં અંતઃકરણ થરથરી જાય તો તેમાં કંઇ નવલ નહતું. સંતાજી ઘોરપડેનું હૃદય તો ધબકી ઉઠયું. સર્વ મંડળી હવે પનાળગઢને માર્ગે વળી; પરંતુ સંતાજી ત્યાંથી ઉઠી શક્યો નહિ. રામચંદ્રપંતે તેને ઉઠવાનો આગ્રહ કરવા માંડયો ત્યારે સંતાજીએ કહ્યું: "તમે સઘળા આગળ જાઓ ! હું પાછળથી આવું છું. તમે પનાળગઢ પહોંચી ઘોડાનું જીન ઉતારશો નહિ એટલામાં તે ઉઠાવી લેવા હું આવું છું." આટલું કહી સંતાજી મહાદેવની પર્વતાવલીમાં ક્યાંનો ક્યાં પાર નીકળી ગયો. રામચંદ્રપંતને સંતાજીના આ ચમત્કારીકપણા વિષે ઘણું આશ્ચર્ય લાગ્યું, પણ તે એક ધીર મુત્સદ્દી હતા. તેમણે મંડળીને કંઇ પણ કહી સમજાવી સમય નિભાવી લીધો.

આ તરફ ઘોરપડે શંભુમહાદેવના ડુંગરોની હારમાં આમતેમ જિજ્ઞાસુ

દષ્ટિથી જોતો રખડી વળ્યો: "ઠીક છે, આ તેજ સ્થાન ! હઝાર બારસો રામોશી આ ડુંગરામાં સસલાની માફક ક્યાંના ક્યાં સહેલાઇથી ભરાઇ રહી શકશે. આવવા દો ઔરંગજેબને મેદાનમાં તેની વિસ્તીર્ણ છાવણી પડશે કે તુર્ત તેનાં બકરાંને મ્હારા વાઘ દેવતા અચાનક રાત્રે મધરાત્રે પકડી લાવશે, તેના સૈન્યને આસપાસથી મળતી સામગ્રી લુંટી લાવશે, અને મ્હારા વાઘ, આ ડુંગરની ભયંકર ગુફાઓમાં દિવસે ઘોર્યા કરશે. કંઇ ભય નથી. આવ ઔરંગજેબ આવ ! ત્હારાં દશલાખ ઓકડાંના ફનાફાતીયાં ઉડાવવામાં મ્હારા વાઘવીરોને કેટલો વખત લાગશે ? રાયગઢ નીચે પણ આવું એકાદ સ્થાન મ્હારા લોકોને માટે આવશ્યક છે. સર્વ સહ્યાદ્રીની હાર પર આવે એવો દવ મુકી દઉં છું કે જેથી તેની અગ્નિ-જ્વાળામાંથી ઔરંગજેબનો એક પણ સૈનિક છટકી શકે નહિ."

આ પ્રમાણે મનમાંજ વિચાર કરતો સંતાજી રાયગઢને રસ્તે ચાલવા લાગ્યો. રસ્તામાં તેણે સર્વ પર્વતો બરાબર જોઇ લીધા. રાયગઢની તળેટીમાં પણ તે ઘણું ફર્યો. તેણે તે ગઢનું પુનઃ પુનઃ સર્વ બાજુથી અવલોકન કર્યું. પાછળ ફરી સર્વ માર્ગ તરફ તેણે પોતાની દઢ દષ્ટિ ફેરવી લીધી. આસપાસના સર્વ ડુંગરમાં ઘણે લાંબે સુધી ફર્યો. આ પ્રમાણે તે એક સરખો બેચાર દિવસ સુધી ભટક્યો હતો. ગઢ નીચેના પહેરેગીર રામોશીઓ તેની સામે આવતા કે તે તેમની નજર ચુકાવતો અને કદી કદી એકલી ફરતી રાજકુંવરજ જણાતી તો તે તેની પણ દષ્ટિ બહાર થઇ જતો.

રાયગઢની સૂક્ષ્મ રીતે સ્થિતિ જોયા પછી તે ગઢ નીચેના એક નિબિડ અરણ્યમાં પેઠો. અહીં વહેતા વહેળાને કિનારે આજે ઘણાં પગલાં પડેલાં હતાં અને રાવટીઓ ખેંચાયલી હતી. તે પગલાં અને રાવટીઓ જોઇ તેના મુખમાંથી અચાનક ઉદ્‌ગાર નીકળ્યા કે: "પલકારામાં દશે દિશાઓ જોઇ વળે તેવું અજસ્ત્ર સૈન્ય હોવું જોઇએ. સંસારને પીઠ પર, આયુધને ખભા પર અને કર્તવ્ય પરાયણતાને હસ્તમાં રાખી કર્મવીરોએ કમર કસવી જોઇએ. પછી જુઓ કે ઔરંગજેબના લશ્કરરૂપી ઘાસની ગંજીમાં કેવો ભડકો ઉઠે છે !" આટલું બબડી સ્વારી જંગલમાં નજર ફેંકતી આગળ વધી. થોડે દૂર ગયો

તો તેને એક વૃક્ષ નીચે એક ભગવી રાવટીમાં એક માણસને કંઈક રંગતો બેઠેલો જોયો. સંતાજીએ ખાસ ઇરાદાપૂર્વક અંદર જોયું તો તે માણસને પોતાના કાર્યમાં તલ્લીન બનેલો દીઠો. સંભાજીએ તેને પૂછ્યું: "કેમ ચિત્રકથી! શું ચાલે છે?" આવો અધિકારયુક્ત પ્રશ્ન સાંભળી તે ચિત્રકથી ત્યાંથી ઉભો થઈ ગયો. સંતાજીને જોતાંજ તેની વૃત્તિમાં એકાએક આટલી નમ્રતા ક્યાંથી આવી તે કોણ જાણે? તેણે હસ્ત જોડીને કહ્યું: "મહારાજ, પેટોબાની વેઠ કરૂં છું. બભ્રુવાહનનાં ચિત્રો ચીત્રી રહ્યો છું. હવે રામનાં, સીતારાવણનાં, હરિશ્ચંદ્રનાં, અભિમન્યુ, વગેરેનાં ચિત્રો ચિતરવાનું મ્હારા ભાઇઓને કહ્યું છે."

"એમ! બીજું કોણ છે આ ટોળીમાં?"

"આ ટોળીમાં? પેલી તરફ ભૂતે છે. તેમની પેલી તરફ ભોજક–ભવાઇયા મુકામ કરી રહ્યા છે. હમણાંજ તે પાડોશના ગામમાંથી ભિક્ષા માંગવા ગયા. ભૂતે રાત્રે ભિક્ષા માગવા જાય છે. તેની પેલી તરફ ગોપાળ છે તે નૃત્ય કર્મ કરે છે. હવે તે ભિક્ષા માટે જવાની તૈયારી કરી રહ્યો છે."

"ઠીક છે. વહેળાને પેલે કિનારે પેલા નટ કસરત કરતા હોય એમ લાગે છે. ગુલામો કવાયત કરે છે. જો, પેલો ઉંચે દોરડાપર કુદે છે. તેને કહેજે કે જો હિમ્મત હાર્યો તો નીચે ચૂરાજ થઈ જશે. પેલું કોણ આવે છે આ તરફ?"

"મહારાજ, આપને હાથ જોવડાવવો છે કે? આપને પુત્ર નથી કે?" એ સૂત્રથી પેલો નવો આવનાર માણસ પોતાની વાચાળતાનો આરંભ કરતો હતો. એટલામાં ચિત્રકથીએ કંઇક ઇસારત કરી. તે સાથેજ તે ચમકી જઈ પાછોજ જતો રહ્યો. પછી સંતાજી કંઇક વિચાર તંદ્રામાંજ આગળ ચાલવા લાગ્યો. રાવટીઓથી ઘણે દૂર આવ્યા પછી તેની પાછળ અદબથી પણ મુગાની પેઠે ચાલતો ચિત્રકથી બોલ્યો; "મહારાજ?" "શું કહો છો?" સંતાજીએ ગુસ્સે થઇ કહ્યું, "મ્હારી વિચારતંદ્રાનો ભંગ કરનાર મ્હને પસંદ નથી તે તું જાણતો નથી કેમ? પુનઃ એમ કરીશ તો મેખથી માથું તોડી નાખીશ, પણ કેમરે ચિત્રકથી! આજે કંઈ આ તરફ મુકામ નાખ્યો છે!"

"તેજ હું કહેવાનો હતો મહારાજ. રાયગઢથી બરાણપુર સુધી અમારી

ટોળી ભિક્ષા માગવા ગઈ હતી. અમારી બીજી ટોળી જંજીર તરફ ગઇ છે. એક દિવસ હું આ જંગલમાં શિકાર માટે આવ્યો હતો. મ્હેં તીરથી એક બે પક્ષી માર્યાં. હું તે ઉંચકી લેવા ગયો તો તેમના ગળામાં કંઇ બાંધેલું જણાયું. મ્હને લાગ્યું કે ગઢપરનાં પાળેલાં પક્ષી હશે, તેમ હું ઘણો બ્હી ગયો, પછી તે પક્ષી લઇ રાણી સરકારની માફી માગવા જવાનો વિચાર કરી તેમને ઉઠાવ્યાં તો તેમને ગળે બાંધેલા પાંદડાપર કંઇ લખેલું જણાયું, પછી મ્હેં તે સર્વેનાં ગળાનાં પાદડાં વાંચ્યાં. તેનાપર એટલુંજ લખેલું હતું કે; "હું આ દેવળમાં કેદ છું. મ્હને છોડાવો."

"ક્યાં છે તે ચીઠી? બધાને તે વાંચી બતાવી છે કે? ખોટો ઘોંઘાટ મચાવ્યો હશે તો ચાબુકથી પીઠ તોડી નાખીશ."

"ના સરકાર! તે ચીઠ્ઠીપરથી હું પોતેજ દેવળમાં જઈ ખાત્રી કરવાનો હતો, પણ ધાર્યું કે વખતે દગો થાય. વળી કહેવાય છે કે એ દેવળ ભૂતાવળીનું ઘર છે. તેથી વિચાર કર્યો કે પાછળ કોઇ હોય તો સારૂં. ખબર અંતર તો પહોંચાડી શકાય. તેથી મ્હારી ટોળી સાથેજ આ જંગલમાં આવી મુકામ કર્યો. આજેજ અમે એ દેવળનો રસ્તો શોધતા હતા. મ્હેં તે પક્ષી જેમને તેમ રાખી મુકયાં છે. તે લઇ આવું છું સરકાર. ત્યાં સુધી આપ આ સરળ માર્ગે જજો. બહુ આગળ એકલા જશો નહિ. હું બીજાઓને પણ લઇ આવું છું."

"જા, કામ કર, જા! મ્હારે શું કરવું તે ત્હારે શીખવવાનું નથી. અંદર કોઇ કેદી છે એમજ કહે છે ને? ત્યારે તેનાં દ્વાર તાળાથી બંધ હશે તો? ગમે તેમ હો. તાળાં તોડવાનાં એક બે હથીયાર અને ચાર પાંચ હથીયારબંધ નજર રાખનારાઓને પણ સાથે લાવજે. સમજ્યો કે?"

સંતાજીની આજ્ઞા પ્રમાણે તે ચિત્રકે બિનચુક સર્વે વ્યવસ્થા કરી. તેણે મારેલાં પક્ષી જેવીને તેવી સ્થિતિમાં સાચવી રાખ્યાં હતાં તે સાથે લાવ્યો. સંતાજીએ તે બરાબર જોયાં અને પછી સહજ ચિંતાગ્રસ્ત થયો. તે દેવળ જોવાનો પ્રયત્ન કરતો અને વારંવાર ચીઠ્ઠી તરફ પણ જોતો.

"આ કેવો ચમત્કાર? દેવળમાં કોણે કોને કેદ કર્યો? મુસલમાનોનો સંબંધ હશે? છટ્! તેમણે દેવળજ કેમ રહેવા દીધું હોય? અને રાયગઢની

આટલી સમીપમાં મુસલમાન? અવસ્ય કંઇ જુદોજ દગોછે! જે હશે તે જણાશે, નહિ તો દેવનાં દર્શન તો થશે." એવા પ્રકારના તર્ક કરતો તે આગળ વધવા લાગ્યો. પેલો ચિત્રક અને એક બે હથીયારબંધ માણસો ગુપચુપ તેની પાછળ સાવચેતીથી ચોતરફ દૃષ્ટિ રાખી ચાલતા હતા. ચિત્રકે પોતેજ પેલો સ્વચ્છ પગ દંડી–માર્ગ શોધી કાઢ્યો હોય તેમ જણાયું, કારણ કે સંતાજી કંઇ અન્ય માર્ગે વળતો ત્યારે તે તુરતજ ખરો માર્ગ જણાવતો હતો.

આમ કરતાં કરતાં તે મંડળ દેવળના દરવાજા આગળ આવ્યું. જુવે છે તો દરવાજાએ તાળું! સંતાજીએ પછી દેવળની ચોતરફ નજર ફેરવવાનો યત્ન કર્યો પણ ઝાડીને લીધે તેનો ઉપયોગ થયો નહિ. ત્યારે સંતાજી આંખોના પલકારા મારતો બોલ્યો: "કેમરે સખા! આ તાળાનો રક્ષક આટલામાં હશે કે? કોઇ ચોરી કરવા કે ધાડ પાડવા ગયો હશે તો? એકાદ રાક્ષસનો મહેલ તો નહિ હોય? હોવા દે, આપણને એકાદ રાજાની રાણી જોવા મળશે! પણ જાદુની સળીથી આ દેવળ ઉંચકી જશે તો?"

"સરકાર! એ ત્રણ જણ બહાર નજર કરતા રહેશે. હું આપની પાછળ પાછળ આવું છું. કોઇ જંગલીઓનું આ સ્થળ હશે તો આપણે સશસ્ત્ર છીએજ. ભૂતપ્રેતને તો બાળી મુકીશું." ચિત્રકે કહ્યું.

સંતાજી: "પણ રાક્ષસ હશે તો લડશે કે તેની સાથે? જોઇએ, કેવો રાક્ષસ છે! ભાંગ તે તાળું! એમ ચોતરફ જોતો શું ઉભો છે? પણ પ્રથમ હલકું હથીયાર લગાડી યુક્તિથી તે નીકળે એમ છે કે નહિ તે જો."

સંતાજીના હુકમ પ્રમાણે ચિત્રકે અનેક પ્રયોગ કર્યા પછી તે તાળું ઉઘડયું. એ ત્રણ જણ બહાર રહ્યા. પેલા ચિત્રકે અને સંતાજીએ હથીયાર ખુલ્લાં કરી સાવધથી અંદર પ્રવેશ કર્યો. કુંડ પર્યંત આવ્યા પછી સરળ ગુંબજમાં ન પેસતાં ચોક્કસ રીતે આગળ પાછળ તીક્ષ્ણ દૃષ્ટિ ફેંકતો સંતાજી પ્રથમ ચોમેર ફરી વળ્યો. તેને કોઇ પંખી જણાયું નહિ, કે કંઇ અવાજ પણ સંભળાયો નહિ. ચિત્રકે માત્ર રસોઇ માટે પત્થર ગોઠવેલા જોયા. તેપરથી "અહીં કોઇ અવસ્ય રસોઇ બનાવતું હોવું જોઇએ." એમ સંતાજીએ ધીમેથી કહ્યું: "કદાચિત કોઇ યાત્રાળુ આવ્યો હશે બાધા કરવા." સંતાજીના કહે-

વાથી બીજું કંઇ ચિહ્ન જણાય છે કે શું તે જોવા ચિત્રક પ્રયત્ન કરવા લાગ્યો. દેવળની પાછળ કેટલાંક તાજાં બિલ્વદળ પડેલાં મળ્યાં, તેપરથી ચિત્રકે કહ્યું:–" સરકાર, કોઇપણ હમણાંજ દેવપૂજન કરી ગયેલું હોવું જોઇએ. કારણ, બહાર દરવાજો તો બંધ હતો, પણ અંદર કોઇએ હમણાંજ આ પાંદડાં તોડેલાં લાગે છે. આસપાસ ઝાડપર કે કોટપર, કોઇ હોય એમ મ્હને જણાતું નથી. ત્યારે એ કેદી છે કયાં? પેલી બંધ કોટડીઓમાં તો નહિ હોય ? અહો, પુનઃ તેજ પક્ષી, જુઓ ! કેટલાકના ગળામાં તેવાંજ પાંદડાં છે !"

" એ સર્વ જોઇએ છીએ. તે ઓરડીઓ ઉઘાડીશું, પણ પ્રથમ દેવનાં દર્શન કરીએ. સંભાળજે હોં ! અંદર અંધારૂં હશે. કોઇ રક્ષક દબાઇ બેઠો હશે. એકાદ હિંસક પશુ પણ હશે. "

પછી બન્ને દબાતા દબાતા અંદર ગયા. ગુંબજમાં અંધકારજ હતો. કોઇક સ્થળે કદાચ ભુલે ચુકે એકાદ કિરણ અંદર અંદર આવતું હશે. ગમ્મત એ હતી કે, ચિત્રકે સંતાજીને જે પક્ષી બતાવ્યાં હતાં, તેનાં ટોળેટોળાં ગુંબજના એક ખૂણામાં જતાં અને પુષ્કળ કિલકિલાટ કરતાં. આથી સંતાજીનું લક્ષ તે ખૂણા તરફ ગયું. ઘણીજ સંભાળપૂર્વક તે તે દિશામાં વળ્યો. પક્ષી ખૂણામાં કોઇક સ્થળે બેસી, ચાંચો મારી એકસરખાં કિલકિલાટ કરતાં સ્પષ્ટ જણાયાથી તેની તપાસ માટે તે ત્યાં ગયો. તેની ખાત્રી થઇ કે પક્ષી ત્યાં નિર્ભયતાથી જાય આવે છે તેથી અવશ્ય કંઇ ભય જેવું નથી. તે જેમ જેમ આગળ જવા લાગ્યો તેમ તેમ તેને કંઇ આકૃતિ જણાવા લાગી. તે વિશેષ આગળ ગયો કે તે મનુષ્ય આકૃતિ હોવી જોઇએ એવી શંકા થઇ. તે હવે નેત્ર ફાડી ફાડીને તે આકૃતિનું નિરીક્ષણ કરતો જેમ જેમ આગળ જવા લાગ્યો તેમ તેમ તે પક્ષી ડરીને ઉડી જવા લાગ્યાં. છેવટે ત્યાં કોઇ પણ માણસ બેઠેલો છે એવો પાકો સંશય આવ્યો. તે પોતાની તલવાર સંભાળી સાવધ પગલે આગળ વધ્યો. હમણાં દિવસ ઘણો ચઢયો હતો, તેથી તે ખૂણાની આકૃતિની પાસે જેમ જેમ જવા લાગ્યો તેમ તેમ તે સ્પષ્ટ થતી જતી હતી. આકૃતિ કોઇ પણ માણસની હતી. જાણે કોઇ સમાધિમાં બેઠું હોય તેવી અચલ હતી. સમાધિસ્થ માણસની મુદ્રા તપસ્વી જેવી શાંત

હતી. હજામત મહીના દોઢ મહીના ઉપરની હોય તેમ લાગતું હતું. તેણે ફક્ત એક કૌપીન ધારણ કરેલું હતું. શરીરપર અન્ય વસ્ત્ર નહતું. એ બાવો કોણ હશે તે હમણાં સમાધિસ્થ કેમ છે, વગેરે સમજવાને સંતાજીએ ઘણો તર્ક કર્યો પણ કંઇ સમજાયું નહિ.

ચિત્રકે સહજ ઉત્કંઠાથી પુછ્યું: "મહારાજ, પાણી લાવું થોડું? છાંટો તેના અંગપર, એટલે શુદ્ધિમાં આવશે."

"ગાંડા, કોઇ ઋષિના ગળામાં સાપ નાખીને કંઇ વિચિત્રજ કરી બેસશે. તું હવે અહીંજ કંઇ ભરાઇ બેસ. હું કુંડપર જઇ હાથ પગ ધોઇ આવું છું."

આટલું કહી સંતાજી સૂક્ષ્મદષ્ટિથી અવલોકન કરતો સર્વ દેવળમાં ફરી વળ્યો. પછી તે દેવળની બહાર આવ્યો. પુનઃ ચોતરફ નજર કરી અને સાથી-દારોને રસ્તે દૂર સુધી વારાફરતી જઈ આવવા કહ્યું. અંતે તે પુનઃ કુંડપર આવ્યો. કપડાં વગેરે કાઢી કુંડમાં પુષ્કળ તરી અર્ધ્ય પ્રદાન માટે તૈયાર થયો.

એટલામાં સમાધિસ્થ મુની શુદ્ધિમાં આવ્યા. તેણે એકવાર આસપાસ જોયું અને સભામંડપમાં આવ્યા. તેની પાછળ પેલાં ચિત્કાર કરતાં પક્ષીઓનું ટોળું દોડી ગયું. "પછી અરેરે, આજે બિચારાને ઘણો વખત થયો પણ ખાવાનું નથી મળ્યું." એમ બોલી મુની પેલી ઓરડીઓ તરફ ગયા અને ધાન્ય લાવી કુંડ પાસેજ આજુબાજુ વેરતા ઉભા રહ્યા.

આજ વખતે શિવ છત્રપતીના નામનો ઉચ્ચાર કરી કોઇએ અર્ધ્ય આપ્યાનું તેના સાંભળવામાં આવ્યું. તેણે ઉંચે જોયું તો, જીજાબાઇના નામનો ઉચ્ચાર કરી બીજો અર્ધ્ય આપતો એક મનુષ્ય તે કુંડના કિનારાપર ઉભેલો જણાયો.

મુનીવર્યને કૌતુક જેવું લાગ્યું. તે મનુષ્યે સંતાજી અને દાદાજીના નામનો અર્ધ્ય આપ્યો. આ વખતે સંતાજીના મુખપર એક પ્રકારનું દિવ્ય તેજ ઝળકતું હતું. હવે તેણે શહાજીના નામનો અર્ધ્ય આપ્યો. છેવટનો અર્ધ્ય તેણે સમ-ર્થના નામથી આપ્યો અને પછી કર જોડી દેવની પ્રાર્થના કરી આમતેમ જોયું. આપણા મુનીવર્યનું વદન હવે સંતોષથી પ્રફુલ્લ બન્યું. તેણેજ પછી

સંતાજીને હસતાં હસતાં પ્રશ્ન કર્યો. "મ્હને ઓળખે છે ?"

"ના, પણ આ દેવળમાં કેદી કોણ છે ?" સંતાજી ધીર ગંભીરવૃત્તિથી બોલ્યોઃ "હુંજ છું. હું તપશ્ચર્યા માટે બેઠો હતો ને કોઇ જંગલી લોકો આવી પડયા. તેઓ જતી વખતે તાળુ મારી ગયા. સમાધિ ઉતર્યા પછી જોયું તો હું કેદી બનેલો જણાયો, પણ તું અહીં કેવી રીતે આવી શકયો ? તને કોઇએ અટકાવ્યો નહિ ?" સાધુ બોલ્યો.

"મ્હને કોઇએ અટકાવ્યો નથી તેમ આજુબાજુ કોઇ જણાયું નથી, પણ મ્હારાં માણસોને કેટલાંક પક્ષી મળ્યાં. તે સર્વના ગળામાં ચીઠ્ઠીઓ હતી, તે જોઇ અમે અહીં આવ્યા." સંતાજીએ કહ્યું.

સાધુઃ "ઠીક. હવે આપણે ગઢ ઉપર જઇએ. હું ઘણા દિવસથી ત્યાં જઇ શકયો નથી. મ્હારૂં કામ પણ અતિ અગત્યનું છે. તું સાથે ચાલ. ત્હારી મ્હને ઘણી જરૂર પડવાની છે."

સંતાજીઃ "હું ? હું નથી આવવાનો ભાઇ. મ્હારે અહીં ઘણું કામ કરવાનું છે, અને માણસો પહોંચે તે પહેલાં પનાળગઢ જવું જોઇએ."

સાધુઃ "અરે ભાઇ, ત્હારૂં ઘણુંજ કામ છે. હું તને એક મહત્વની વાત કહેવાનો છું. પનાળગઢપર કોણ ગયું છે ?"

સંતાજીઃ "કોણ એટલે ? અરે, હા, પણ તમે તો અહીં બંદિવાન હતા ને ? માણસોમાં રાજારામ વગેરે રાજપુરૂષો સુરક્ષિતતા માટે પનાળગઢ ગયા છે, અને યેસુબાઇ ગઢ પર છે."

સાધુઃ "એમકે ? ત્યારે ચાલ જલદી ! પણ ભાઇ એક કામ કર. મ્હને દાઢી વગેરે લાવી આપ. વેષ બદલીને જવું પડશે. મ્હારૂં કામ અતિશય મહત્વનું છે."

સંતાજીઃ "ઠીક છે. જારે સખારામ ! તમારા ટોળામાંથી એમને જોઇએ તેવો વેષ લાવી આપ. હું પણ એમની સાથે ગઢપર જઇ આવું છું. ત્યાં સુધીમાં તમે બાદશાહના મુકામ તરફ પ્રયત્ન કરો."

સંતાજી અને પેલો સાધુ, એ બન્ને ઠેઠ ગઢપર આવ્યા. ગઢપર હાલમાં જે સાંકેતિક શબ્દોથી સાંપ્રદાયિક મનુષ્યો આવતા તે શબ્દોના સામર્થ્યથી આ

સાધુવર્યે પણ પ્રવેશ કર્યો. તે બીજી કોઈ તરફ ન જતાં કિલ્લેદારના મહેલ તરફ ગયો.

સાધુની ભવ્ય પણ ઉદાસ મૂર્તી, તેની શુભ્ર દાઢી, તેની વૈભવયુક્ત જટાજુટ, તેનાં ભગવાં વસ્ત્રો, તેની તીવ્ર નજર અને સાંપ્રદાયિકને છાજે તેવી વિશ્વાસ ઉત્પન્ન કરનાર અને સર્વને તેજમાં આંજી દેનાર વર્તણુક; એ સર્વ વાતોથી તેનો પ્રવેશ કિલ્લેદારના જનાનખાના સુધી થવાને કંઇ હરકત આવી નહિ. પોતે પાછળ રહ્યો છે, એવું યેસુબાઇને ન જાણવા દેવા માટે સંતાજી માત્ર ગઢના અર્ધ ભાગપરજ બેસી રહ્યો હતો. આપણો સાધુવર્ય જ્યારે કિલ્લેદારના મહેલમાં ગયો ત્યારે કિલ્લેદારની પત્ની પુતળાબાઇ તેજ વખતે હીંચોળાપર આવી પડી હતી. મહાલનાં દ્વાર બંધ હતાં. સાધુએ "જય જય શ્રી રઘુવીર સમર્થ" એવો પોકાર કર્યો. તુરતજ પુતળાબાઇએ ઉઠી દ્વાર ઉઘાડયાં.

દ્વાર ઉઘાડતાંજ સાધુની ભવ્ય મૂર્ત્તિ પુતળાબાઇની દૃષ્ટિએ પડી. તેણે સાષ્ટાંગ પ્રણામ કર્યા. તેને યોગ્ય આશીર્વાદ આપતાં સાધુએ કહ્યું: "રામ ત્હારા પતિને સદ્બુદ્ધિ આપે."

પુતળા ચમકી. તે સાધુ તરફ એકીટસે જોવા લાગી; પણ સાધુની તીક્ષ્ણ દૃષ્ટિ સામે તે જોઇ શકી નહિ. છેવટે તેનાં નેત્ર જળથી ભરાઇ ગયાં. તે નીચું જોતીજ ઉભી રહી. તેના મુખમાંથી શબ્દ ન નીકળ્યો. સાધુજી સ્તબ્ધ થઇ ઉભા હતા. છેવટે હૃદય દૃઢ કરી પુતળા બોલી: "મ્હારી અંતરસ્થ ચિંતા તમે અંતર્જ્ઞાનથી જાણી ચુક્યા ત્યારે? મ્હારા હૃદયના શબ્દોજ તમે કેવી રીતે બોલ્યા? એમને દ્રવ્ય લોભ ઘણો છે. તે છોડવા માટે મ્હેં અનેક વખત કહ્યું, હજાર ટુચકા કર્યા, પીપળા અને વડની વારંવાર પૂજા કરી, અને ધૂપ લોબાન કર્યો પણ એમની લોભી વૃત્તિ કંઇ કરતાં પણ છુટતી નથી, એ સર્વ આપ કેવી રીતે સમજ્યા?"

"ગમે તેમ હો. બાઇ, ત્હારો પતિ ઘરમાં છે કે? મ્હને એક વખત મેળવ. રામ એને સદ્બુદ્ધિ આપશે. આપણે માણુસ જાત શું કરીએ?"

"ભગવંત, એમ ઉભા કેમ રહ્યા છો? આપના ચરણથી આ ઘર

પાવન કરો. આજે તે કોણ જાણે ક્યાં ગયા છે? પ્રભુ, સાધુસંતની સેવા તો ભાગ્યશાળી માણસજ કરી શકે છે!"

"બહાર ક્યાં ગયા છે બેટા?"

"પનાળગઢ, રાજારામ સાહેબને પહોંચાડી આવું, એમ કહી ગયા છે. પછી બીજે તે ક્યાં જવાના હતા?"

"શું સૂર્યાજી પનાળગઢ ગયો? અરેરે! બહેન, બીજું કોણ સાથે હતું? ચાર દિવસથી કિલ્લેદારને કોણ મળવા જતું આવતું હતું? તું જાણે છે? ચુગલી હમણાં હમણાં અહીં બહુ આવે છે, નહિ વારૂ?" સાધુ સહજ ચોક્કસ વૃત્તિથી બોલ્યા.

"શું કહું પ્રભુ મ્હારૂં કપાળ? જગદાળે અને ખોપડેએ એમનો પીછો પકડયો છે અને મ્હારી નણંદ ચુગલી પણ તેમજ કરે છે."

"ત્યારે એ માનવ પિશાચોએ સૂર્યાજીને રમકડુંજ બનાવ્યો છે કે? મણ સોનું શરીરપર ચઢાવવા લાવી આપે છે કે? ઠીક, પણ એમ થવાનું કારણ તું જાણે છે કે?

"સમર્થ, પ્રભુ! હું તો અભાગણી છું! કોને ખબર કે એ શા માટે ગયા છે? હમણાં હમણાં તો એ અતિ ગંજેરી બનતા જાય છે. મ્હને તેમણે ચલમની અને શેની–બળ્યું,–શું કરવા વળી નામ દઉં–દારૂની નિશામાં આઠ દિવસ સુધી પેલી કોટડીમાં પુરી રાખી હતી. શું કહું, પ્રભુ મ્હારી કરમ કહાણી કોને કહું? જો કોઇને કહીશ તો માથું કાપી કોતરમાં ફેંકી દઇશ એમ કહી ગયા છે!"

"બેટા, નકામી રડીશ નહિ. શ્રી રામને ત્હારી કહાણી કહે. સૂર્યાજી પનાળગઢ ગયો કે? હું તેને સદ્‌બુદ્ધિ આપવા ત્યાં જાઉં છું. તે પહેલાં કદાચ તે અહીં આવે તો તેને માટે મ્હારો એકાદ શિષ્ય અહીં રહેશેજ. તેને ખબર આપજે એટલે હું જાણી શકીશ. કોઈ પણ જાતની અધીરી બનીશ નહિ. આકરા સ્વભાવથી જીવને જોખમમાં નાખીશ નહિ. મહારાષ્ટ્રીય સંસાર સુવ્યવસ્થિત–આનંદકારક બનાવવાના સ્વાભિમાન માટે ઘેરે ઘેર હવે એવોજ તિરસ્કાર ઉત્પન્ન થવાનો છે. કારણ, હાલના ધમાધમીના વખતમાં "મ્હારૂં માત્ર

બચી જાય તો બસ, મ્હારૂં તળીયું ઠંડું થાય તો ઠીક, આગળ પાછળનું કોણ જાણી બેઠો છે અને કોણ બીજાનો રોટલો ઘડવા બેસે !" એવી વ્યવહારિક સાવધાનતા ઘેરેઘેર પ્રસરી ગયેલી છે. આજનો સમયજ તેવો છે. ઠીક, હું જાઉં છું. હવે રડીશ નહિ. ચિંતા કરીશ નહિ. માતા ભવાની ત્હારૂં રક્ષણ કરે છે. હું પુનઃ આવીશ, ત્યારે સ્વસ્થ ચિત્તે ત્હારે ઘેર રહીશ."

એવી પ્રેમાળ વાણી સંભળાવી સાધુવર્ય સઠ લઇને ચાલ્યા ગયા. "હવે સૂર્યાજીને શોધી કાઢવો જોઇએ. એટલું તો સમજાયું છે કે તે પનાળગઢ ગયો છે. શું કારસ્થાન કરવા ગયો હશે ? કે પછી બીજી જગ્યોએ ગયો છે ! બીજી તરફ ગયો હશે તો તેજ ઘડીએ પાછો આવીને તેને કિલ્લા પર પગજ નહિ મુકવા દઉં. પનાળ પર મળશે તો ત્યાંજ પકડીશ. ગમે તેમ હો. સંતાજીને અહીં રાખી જવો જોઇએ. બીજી વ્યવસ્થા કરવાનો સમય નથી. સૂર્યાજીને જીવતો પકડવો એજ હવે મ્હારૂં પ્રથમ કર્તવ્ય. હવે એ ચંડાળ ચોકડીનું સ્વરૂપ પ્રસિદ્ધિમાં લાવવું એજ મહત્વાકાંક્ષા ! હવે આ બળતી ધૂણીમાં શત્રુના હાથમાં રહેવું ઉપયોગી નથી. માટે એને ગમે તેમ કરી ગમે ત્યાંથી બાંધી લાવવો જોઇએ. હવે આજ વેશે આગળ જવું. આરંભના શકનમાં આ પોષાક લાભદાયી થયો છે એટલે ભવિષ્યના કાર્યમાં એજ યશદાયી થશે, પણ સંતાજીને અહીં મુકવો કે જોત્યાજીને ? નહિ, નહિ, ગૃહભેદની વાત એટલામાંજ ચાર કાને કરવી ન જોઇએ, તેમાં વળી સૂર્યાજીનો પત્તો નથી, એટલે બધા ગભરાશે. સૂર્યાજી જો અહીં હોત તો તુરતજ પાકો બંદોબસ્ત કરવો પડત. પુતળાનું સૌભાગ્ય પણ મ્હારે સાચવવું જોઇએ. બસ, એમજ કરવું ! પ્રથમ વિના ગડબડે સૂર્યાજીનો પત્તો લગાડવો. ત્યાંસુધી સંતાજીને ગઢની આસપાસ રહેવા કહેવું. તે નહિ રહે તો પછી જોત્યાનો વિચાર થશે." એવો કંઇ મનમાંજ વિચાર કરતો સાધુ સંતાજી પાસે ગયો. સંતાજી ત્યાં જવાને ઘણી ઉતાવળ કરતો હતો. અતિશય આગ્રહથી સાધુએ તેને એક બે દિવસ ગુપ્ત વેષે રહેવા અને કિલ્લેદાર આવ્યો કે નહિ તેની તપાસ કરવા કહ્યું.

આ પ્રમાણે બંદોબસ્ત કરી સાધુએ પનાળગઢ તરફ પ્રયાણ કર્યું. તેને

શો વિચાર આવ્યો તે કોણ જાણે ! તે રસ્તામાંથીજ પાછો ફર્યો અને સંતાજીને મળી કહ્યું: "સંતાજી, ત્હારા પેલા ટોળામાંના એકાદ હુશિયાર પદાતિને બાદશાહની છાવણીની આજુબાજુ મોકલ. તે રસ્તે કિલ્લેદાર ગયો છે કે નહિ તેની ખબર મેળવ."

"એટલે ?" સંતાજીએ કંઇ આશ્ચર્ય અને કંઇ કંટાળીને કહ્યું.

"પ્રશ્ન કરીશ નહિ. આ કામ કર. હું જાઉં છું. ઘણું મહત્વનું કામ છે." સાધુએ અધિકારયુક્ત વાણીથી કહી ઉત્તરની અપેક્ષા ન રાખતાં ચાલવા માંડયું.

સંતાજી આશ્ચર્યથી પોતાના સ્થળ ઉપર સ્તંભની માફક ઉભો રહી સાધુ તરફ જોઇ રહ્યો અને મનમાંજ બોલ્યો: "આ તે સાધુ કે શૂર—?"

પ્રકરણ ૧૫ મું.

ગૃહભેદ.

"ઓ પ્રભુ ! તેવા નીચ બુદ્ધિવાળા પાપી અને ચાંડાળ આત્માને બચાવ ! "બચાવ ! જે મનુષ્ય પ્રથમ પોતાના સ્વાર્થને લાત મારતાં શીખતો નથી તે "મનુષ્ય ખરેખર ઉચ્ચ થવાને તદ્દનજ ન લાયક ઠરે છે." (પ્રવર્તક).

આપણો સાધુ પનાળગઢના પ્રવાસે નીકળ્યો છે, તે આપણે જાણીએજ છીએ. ચાલો, ત્યારે આપણે પણ સાધુ મહારાજ સાથે તીર્થાટન માટે જઇએ. આ સહ્યાદ્રીની રમ્ય હારમાળા પર કેટલાએ જન્મપર્યંત આપણે ફર્યા કરીએ તો પણ આપણા મનને સંતોષ ન થાય, એવીજ કંઇ મોહિની એ પર્વતમાં ભરેલી છે. એમ ન હોત તો જે પનાળગઢ પર આપણે જઇએ છીએ તે પનાળગઢની પડોશમાંજ પરાશર ઋષિએ પોતાની રમ્ય ગુહા કેમ શૃંગારી હોત ? આ પર્વત સ્વાતંત્ર્યદેવીના ઉપાસકો માટે જેમ માતૃગૃહરૂપ થયો છે, તેમજ મુનિજનોની તપશ્ચર્યાનું પણ રમ્ય સ્થાન બની રહ્યો છે. જુઓ, કેવી વિક્રાળ ભેખડો, ટેક-

રીઓ, અટલ ઉભી રહી છે ! અહાહા, કેવા મ્હોટા ખડક ! એવા વિકટ ખડક પર ઋષિ મુનિઓએ પોતાની ગુફા અને પર્ણકુટિઓ નિર્માણ કરી છે ! કારણ ? ગ્રહસ્થાશ્રમી–પ્રપંચી લોકોની ઉપાધિ એવા વિકટ સ્થાને ભાગ્યેજ જઈ શકે છે.

જુઓ, સહ્યાદ્રીના એક અતિ ઉંચ શિખરની ટોચ પર પનાળગઢ ઉર્ફે પન્નગાલય ઉર્ફે સર્પનું નિવાસસ્થાન–ઉંચું મસ્તક કાઢી અટલ ઉભો છે. જુઓ, તે પર મરાઠા મુત્સદ્દીઓનો ભગવો ઝુંડો ચઢેલો છે. આજે આપણે એ પવિત્ર સ્થળે જવાનું છે. મહાભારતકાર ભગવાન વ્યાસના જનકોએ, જે સ્થાનને પોતાના નિવાસથી પવિત્ર બનાવ્યું છે, તે પવિત્ર સ્થળે આજે પુનઃ મહાભારતનો આરંભ થવાનો હોવાથી, ચાલો, એવા સ્વાતંત્ર્યના મંગલોત્સવની સમાહમાં આપણે જઇએ.

એ સાધુ સાથે જવામાં આપણને પનાળગઢ પર કોઇ અટકાવે તેમ નથી. કારણ, તે સાધુની ધીર ગંભીરવૃત્તિ, ગઢ પરના મરાઠાઓને સાંકેતિક શબ્દ સંભળાવી આપણો માર્ગ કંટકહિન બનાવે છે. એની સહાયથી આપણે ગઢ પર સારી મજા જોઇ શકીશું.

જુઓ, સાધુ તો નાગઝરા પર બેઠો. અહા ! તે ઝરામાંથી ધસારાબંધ વહેતા પ્રવાહની શોભા કેવી મનોહર જણાય છે ! તપશ્ચર્યા માટે કેવું મધુર શાંત સ્થાન છે ! બેસવા દો એ સાધુને ત્યાં; ચાલો આપણે સૂક્ષ્મદેહથી સર્વ મોજ જોતા આવીએ.

પનાળગઢ પર સર્વ મનુષ્યો ભાવિ ઉદ્યોગમાં લીન બન્યાં હતાં. પ્રલ્હાદપંત રાજદૂતો સાથે, દેશના સર્વ ન્હાના મ્હોટા સરદારોને માતુશ્રી યેસુબાઇનાં આજ્ઞાપત્ર ગામેગામ મોકલી સૈનિકો એકત્ર કરતા હતા.

સર્વ મુત્સદ્દી અને સામંતો ગઢના એક ભાગમાં લશ્કર ગોઠવવામાં તલ્લીન થયા હતા ત્યારે બીજા ભાગમાં સર્વ રાજમંડળની અને પ્રધાન મંડળની સ્ત્રીઓ, બપોરના વખતે ગપ્પા હાંકી વખતનો વ્યય કરવા નિમિત્તે એક ઠેકાણે એકત્ર થઇ હતી. તે જે મહાલમાં એકત્ર થઇ હતી, તે અતિ વિશાળ હતો. તે ડાબી જમણી બાજુએ ખુલ્લો હોવાથી, ત્યાંથી આપોઆપ

સૌંદર્ય દેવીનું વૈભવયુક્ત પ્રદર્શન થતું હતું. મહાલયના મધ્ય ભાગમાં હીંચોળો હતો. તેના ઉપર વચ્ચોવચ તારાબાઇ–રાજારામ મહારાજનાં જ્યેષ્ટ પત્ની, સૌંદર્ય પ્રભાનું મુગ્ધ દર્શન કરવામાં મશગૂલ બની ગયાં હતાં. તેમની બન્ને બાજુએ મહારાજની બીજી પત્નીઓ બેઠી હતી, તેમની પાછળજ પ્રલ્હાદપંત અને રામચંદ્રપંતની સ્ત્રીયો વિરાજમાન થઇ હતી. આજુબાજુ કોઇ સખી તો કોઇ દાસી ઉભી રહી હતી તો કોઇ બેઠી હતી. સખીઓમાં કમળા નામની એક તરૂણ પણ સુંદર બાલા હતી અને દાસીઓમાં આપણા પરિચયની ચુગલી હતી.

આજે તારાં બાઇનું વદનકમલ ચિંતાના આછા વાદળથી ઘેરાયેલું હતું. તોપણ તે વાદળું સહજ દૂર જતાં ચંદ્ર રેખા પ્રમાણે મનોહર જણાતું હતું. હમેશ કરતાં હમણાં તે પર વિલક્ષણ તેજ ચળકતું હતું. હીરાકણીઓથી વિભુષિત કર્ણ ઝૂમખાં તેમના કાનમાં હતા. તેની સેરો ઉપરના ભાગમાં પરોવેલી હતી. આ હીરાકણીઓના ચમકાટે તેમની મુખશ્રીની સુંદરતામાં વધારો કર્યો હતો. તેમણે આજ લીલી સાડી પહેરી હતી. તેમના શરીરમાં લીલા રેશમી ખંડની તંગ ચોળી હતી. તે પર હીરાકણીઓથી ચંદ્રિકા મૂર્તી ગુંથેલી હતી, તેની કીનારીપર મોતી ગૂંથ્યાં હતાં. ચોપાલા પર તે વજનદાર તોડાયુક્ત પગથી હીંચકો ખાતાં ત્યારે વાયુની લહરીથી છાતીનો છેડો કિંચિદ્ અસ્તવ્યસ્ત થતો તેથી કંઠમાં લટકતો હીરામોતીનો કંઠો સૂર્ય કિરણ સાથે સ્પર્ધા કરતો જણાતો હતો. તેમના હાથમાં ઝવેરાતથી ઝળકતી બંગડીઓ હતી. ઘડીમાં તે વલયો સાથે રમતાં તો ઘડીમાં સામેની ઉભી કરાડો તરફ કેટલીક પળ સુધી એક સરખી નજર રાખી રહેતાં. તેમની આવી દૃષ્ટિ જોઇ પલ્હાદપંતની પત્ની કાવેરી બાઇએ કહ્યું; "સાંભળ્યું કે રાજસ બાઇ, રાણી સાહેબને હમણાં પેલી ટેકરી પર હવા ખાવા જવાનું મન થયું લાગે છે! કરાડ પર કેવું ચિત્ત ચોટી રહ્યું છે!"

"એવું નસીબ ક્યાંથી આપણું કાવેરી બાઇ? આપણો જન્મ બીજાને બાર રૂપ થવામાંજ વહી જશે કે?" તારાબાઇએ કહ્યું.

"બીજા પર ભાર શેનો અંબિકા બાઇ?" મહારાજનાં કનિષ્ટ પત્ની–

એ કહ્યું. "પ્રાણ પ્રીય સ્નેહીઓ એકત્ર થાય અને એક બીજાના ખભા પર માથું મુંકે તેમાં શેનું પરતંત્રણું ? આ દિવસ પણ ચાલ્યા જશે, સમજ્યાં બ્હેન !"

"પરતંત્રતા નહિ તો બીજું શું ?" ચુગલીએ ચંચળતાનો ઉપયોગ કરતાં કહ્યું: "સારો મજબૂત રાયગઢ છોડી દીધો અને અહીં અદ્ધર લટકાવ્યાં. તેમાં વળી રાણીસાહેબને પુરા દિવસ થવા આવ્યા છે."

"ચૂપ રહે ચૂગલી ! કેવો લવારો કરે છે ?" તારાબાઇએ ટકોરો મારતાં કહ્યું: "નહિ, પણ બ્હેન મ્હને બહુ ફીકર થાય છે. ત્યાં સાસુજી એકલાં કેમ કરી દિવસ કાઢતાં હશે ? સોબતમાં એક માત્ર ન્હાની બ્હેન છે ! તે પણ દુરાગ્રહીજ ! કહે કે હું તો અહીંજ રહીશ."

કાવેરીબાઇ: "ભલેને રહે ! કિલ્લો મજબૂત છે. કિલ્લો બળવાન છે. અહીં હજી ઘણો જાપતો ગોઠવવાનો છે. ચિંતા કરવાનું કંઇ કારણ નથી. આપણો મરાઠાઓનો રાજા ત્યાં છે ને ?"

ચુગલી: "અને અમે કોણ ? નોકર ? ત્યારેજ પંતે મહારાજાને ગાદી પર બેસવા નહિ દીધા ને ? પોતે નોકરની માફક બેઠા ડાબી બાજુએ ?"

અંબિકા બાઇ: "ચુગલી, ન્હાને મોઢે મ્હોટા કોળીઓ ભરવો ન જોઇએ !"

"મારો તમાચો મૂઇને ! કમળા, કાઢી મુક બહાર એને." તારાબાઇએ હસીને કહ્યું: "હમણાં હમણાં તેનું માથું ભમી ગયું જણાય છે. પણ, બહેન દરબારને દિવસે તમે ગરીબડાં બની એકદમ સાસુજીની પાછળ જઇને કેમ બેઠાં ? આપણી પદવીને તે અયોગ્ય જણાયું નહોતું ?"

રાજસબાઇ: "તમે પણ પહેલાં તો આનાકાની કરવા ગયાં, પણ પછી ધીમે રહી કેમ પાછળ આવીને ભરાયાં ?"

"જવા દો એ વાત. પણ, આપણી શી કીંમત ? એતો યેસુબાઇનેજ ત્યાં બેસવાનું ! આપણે તો પરિચારિકાની માફક પાછળ રહીને પંખો પણ ઉરાડત !"

"રહેવા દો એવી નિરર્થક કુથલી ! કાળ કેવો ખરાબ આવ્યો છે ! હાય, એ ભયંકર ઇર્ષા ક્યાંથી આવી ? રાજ્ય શું પારકે ઘેર ગયું છે ? કહો

કે, આપણાં સર્વને પૂણ્યપ્રતાપે સાસુબાઇ જેવા મ્હોટાં મનના નેતા આપણને મળ્યા. મહારાજનો સ્વભાવ જેટલો ઉદાર છે, તેટલોજ અરે, તેથીએ વધે તેવો ઉદાર સાસુબાઇનો છે! એ દેવી પોતાના કોમલ અંકુરને પણ આ અગ્નીમાં રાખે છે. અહાહા, તેઓ મહારાજના જીવની કેટલી ફીકર રાખે છે! રાજ્યના રક્ષણ માટે સાસુબાઇએ કેવી હિંમત પકડી છે! માતા! માતા ભવાની! જગદંબા! હવે સાસુબાઇનું રક્ષણ કરનાર તુંજ છે! તે હવે અનાથ બન્યાં છે. દૈવે તેમને ત્યજી દીધાં છે પણ દેવે હવે છોડવાં ન જોઇએ."

દુઃખિત સ્વરે આટલું બોલી અંબાબાઇ ચાલ્યાં પણ ગયાં. તારાબાઇએ તેમને પાછાં બોલાવવા પુષ્કળ પ્રયત્ન કર્યા. રાજસબાઇએ અને કાવેરીબાઇએ પણ બોલાવવા માણસ મોકલ્યાં; પણ તે તો ગયાં તે ગયાંજ.

"જોયું કે કમળા! આ આજકાલની અંબા. મ્હારા મ્હોં આગળ કાલે સવારે આવી છે તેને મોઢે ચઢાવી. તે હવે કેવું કેવું બોલે છે! એવુંજ હોય! સ્ત્રીઓનું જીવતરજ ખોટું! મ્હારૂં નશીબ સારૂં હોત તો એ મ્હારા ઘરમાંજ કેમ આવત? આવી તો આવી પણ મ્હારાજ માથા પર ધૂળ ભભરાવા લાગી! જવા દે, બળ્યું મ્હારૂં ભવિષ્ય! અરધી ઉમર તો ગઇ, પણ કમળા, ત્હારૂં કંઇ ચાલે છે કે? પેલો ભંગેરી–ગંજેરી સંતાજી બોલે છે કે ત્હારી સાથે?"

કમળાએ કંઇ ઉત્તર આપ્યો નહિ. તે ખિન્ન મુખે ચોપાળાની સાંકળ પકડી જમીન તરફ જોઇ રહી હતી. તારાબાઇએ તેના પર હાથ ફેરવી કહ્યું: "કમળા, ખોટું કેમ લગાડે છે? એમજ હોય! હવે તો નવોઢા થઇ છે. ત્હારા જેવી યુવતીએ દેશ, રાજ્ય અને અભિમાનનીં વાતો કરી સંસારને શામાટે ઉદાસ બનાવવો જોઇએ! તું સાસુબાઇનીજ જોડી જણાય છે? અમારી તરફ જરા તો જો. ઉપરથી તો જાણે નિઃસ્વાર્થીનું પુતળું, પણ ઘરમાં એક પર બીજી અને બીજી પર ત્રીજી! જ્યાં ત્યાં હોંશ પુરી કરે છે. મ્હને તો સંતાજીની દયા આવે છે. એનાં ન્યાય અને નીતિનાં ગપ્પાં કેટલાં? એક, બે, ત્રણ, ચાર સ્ત્રીઓનો સંસાર માંડી ન્યાય અને નીતિની વાતો કરવી? ઠીક, તેમાં વળી સંતાજી તો અમારા તંત્રમાં તેનો ત્રીજોજ પંથ. તે પોતાને

મ્હોટા મહારાજાનો શિષ્ય સમજે છે. જો કમળા, તું તેને મ્હારી પાસે લાવજે. હું એ વાત કહી એને ઠેકાણે આણીશ. થોડું રીસાઇને અને થોડું હસીને, એવી મોહજાળ પાથરવી કે બસ પક્ષી સપડાયજ. અં ! સહજ કાલા ઘેલાં કરવાં ! નવજુવાનને નચાવતાં શી વાર ? હસ્યાં, મરકાયાં, જરા રિસાયાં, આઘાં ખસ્યાં, જરા ઢોંગ કરી રાતે પાસુ વાળી સુઇ રહ્યાં કે જુવાનીયા સપડાયા ! બોલાવે એટલે જરા હસ્યાં–જરા માન માગ્યું કે પછી જોઇ લો મજા ! એમ કરતાં કરતાં ખડખડાટ હસ્યાં કે તે બિચારા ખુશ. ”

“ કેમ, કોને ખૂશ કરવાનો આટલો વ્યૂહ ચાલે છે ? ” રાજારામ મહાજે ત્યાં એકદમ પ્રવેશ કરી કહ્યું. તેમના આ અણુચિંતવ્યા આગમનથી કમળા તો શરમાઇજ ગઇ. તે એક દિશામાં નાશી ગઇ. તારાબાઇ પણ સહજ ગભરાયાં. તે સાધારણ તેવાજ મુખેથી છાતીના છેડા સાથે ગેલ કરતાં બોલ્યાં: “ છાના રહીને સાંભળો છો કે ? ચોરોએ ખબર પણ આપી નહિ. ”

“ જવા દે, થયું તે થયું ! સેવક સેવિકાઓ પર એમ રોષે કેમ ભરાય છે ? જાણે કે હું તેમનો ધણીજ નથી ? મ્હને લાગે છે કે તે મ્હારો હુકમ નહિજ સાંભળે ? ”

“ માનશેજ વળી ! એટલુંજ નહિ પણ પ્રાણ સુદ્ધાં ઓવારી નાખશે તમારા પરથી ! હું તો તમારી દાસીજ છું ને ? મ્હને નાખી પાછળ અને તે થઇ આગળ ? ”

“ બહુ થઇ હવે એ કટકટ ! હવે પગને શ્રમ શામાટે આપે છે ? તેને હવે બમણો ભાર ઉઠાવવો પડતો હશે ખરૂં વારૂ ? ”

“ એટલે ? ” તારાબાઇએ મૃદુ હાસ્ય કરી સાડીની ફડક સાથે ચાળા કરતાં કહ્યું.

“ એટલે ? સબબ, કેટલો ભાર તે સહન કરે છે ? મ્હને તો દયા આવે છે તેની. ”

“ બળ્યું ! ” તારાબાઇએ શરમાઇને કહ્યું.

“ બળ્યું ? વાહ, હવે તો મ્હોટા મહારાજ એ ઉદરમાં છે ને ? ધન્ય એ ચરણને ! પોતાની જીંદગીમાં આબાસાહેબે કોઇના ઉપર ભાર નાખ્યો

નહતો, પણ હવે આ નાજુક પણ તોડા ઝૂમખાંથી પ્રથમથી ભારે બનેલા તે પગ પર નાખ્યા છે !"

"શિવપ્રભુએ જન્મ લઇશ એમ કહ્યું હતું, પણ અંબાદેવીએ શો આશીર્વાદ આપ્યો હતો તે જાણો છો કે? સત્તાવિશ પેઢી રાજ્ય કરનાર શિવાજી તમારે પેટે જન્મ લેશે !"

"બહુ સારૂ ! તમારા મુખમાં ગોળ પણ આવોને જરા ! પાસે નહિ બેસાય કે ?"

"શા માટે ? નાના વાડામાં જતાં વિલંબ થશે. બળ્યું મ્હારૂં નશીબ ! દરરોજ નવી બૈરી !"

"જવા દે એ કટકટ ! ચિંતાથી દગ્ધ થયેલું મન શાંત કરવા આવું છું ત્યારે અહીં વળી આ કટકટ !"

"ખરૂંસ્તો ! તેથીજ કહું છું, બાબાસાહેબને રાજ્ય પર રાખી નકામી ચિંતા વધારવી, તે કરતાં રાજ્યકારભારનું સૂત્ર હાથમાં લીધું હોય તો શું ખોટું ?"

"થોડા વખતમાં તેવુંજ કરવાનો છું. સર્વ વાત ધીમે ધીમે અને વખત જોઇ કરવી જોઇએ."

"ખરૂં કહો છો ? મ્હને પણ એમજ જણાયું હતું કે, પીરસાયલી થાળી આપ તરછોડી નહિ મુકો ! દરબાર વખતે બાબાસાહેબને ગાદી પર બેસાડી તમેજ ડાબી બાજુએ બેઠા હતા કે ?"

"એટલે ?" રાજારામ મહારાજ સહજ ચિંતાતુર થઇ બોલ્યા.

"ના, હું કહું છું કે બાબાસાહેબ એ એક અજ્ઞાન છોકરૂં. તમે તેનું કૌતુક શા માટે કર્યું તે મ્હને શી ખબર ! હું તો એમજ જાણતી હતી કે આપ ગાદી પર બેસશો અને હું આપની પાસે બેસીશ. તેમ થયું હોત તો મ્હેં બાબાસાહેબને ખોળામાં ન લીધો હોત કે ? દશરથ કૈકેયીના અંકમાં કૌશલ્યાના રામ નહોતા શોભ્યા કે ?"

"એ મ્હારા લક્ષમાં નહતું. મ્હારૂં માથું દુઃખે છે. હું જાઉં છું હમણાં."

"એ શું ? સો દિવસે આવવું અને આવવું ત્યારે કંઇ બહાનું કાઢીને

ચાલ્યા જવું ! મ્હને જોઇનેજ માથું ચઢતું હશે કેમ ? ભગવાને વળી આ બીજો ભાર આપ્યો, નહિ તો આ નકામા જીવે કંઇને કંઇ બ્હાને તમને છૂટા કર્યા હોત. ”

“ અરે બાપ ! એ શું કહે છે ? ગમે તે જન્મે પણ એ રાજ્યાધિકાર નહિ એજ કે ? ”

“ ત્યારે શું ? નાનાએ તો પાપજ કર્યાં, એમજ કે ? બળ્યું આ જીવતર ! ઘરનાં છોકરાં ઘંટી ચાટે અને ઉપાધ્યાને આટો ! ડુંગર દૂરથી રળીયામણા ! ”

તારાબાઇ ડસ્કાં ભરતાં બોલે છે અને મહારાજ તેમની હડપચી પકડી મનાવે છે, એટલામાં ચુગલી આવી બોલી: “ બાઇસાહેબ, બાઇસાહેબ, સૂર્યાજી આવ્યા છે. ” તેને જોઇ તારાબાઇ ગભરાયાં: “ કેવી બેવકુફ ! મૂર્ખ ! અંદર ક્યારે આવવું અને ક્યારે નહિ તેનું ભાનજ નથી ! થાક્યાં હવે એનાથી ! બધાંને આપેજ મોંઢે ચડાવી દીધાં છે. ભલેને એવાં અમને મોંઢા પર લાતો મારે, આપનું શું જવાનું હતું ? ”

“ હું જાઉં છું હવે ! સૂર્યાજી કેમ આવ્યો છે તે જો. આવ્યો હશે જરૂરની ખબર લઇને ! તેને મ્હારી પાસે મોકલી દેજે ! ”

“ કેમ, હવે જવાની યુક્તિ જડી ખરૂં ? ”

રાજારામ મહારાજ ગયા. ચુગલી નીચું મુખ કરી ઉભી રહી. તારાબાઇએ તેને કહ્યું: “ અરે, જો ને, ગયા કે ? મૂર્ખી ! તેઓ અંદર હતા ને “ સૂર્યાજી આવ્યો. ” એમ કહેવાય કે ? જો હવે કોઇ દિવસ કંઇ બોલી તો મોઢુંજ બાળી દઇશ. જો, તેને લઇ આવ. ”

સૂર્યાજી અંદર આવ્યો. તે આમતેમ જોવા જતો હતો એટલામાં તારાબાઇએ હસીને કહ્યું: “ કોઇ નથી, સૂર્યાજીરાવ ! અમારી ખબર લેવા આવ્યા છો ? પછી તમારે ભય રાખવાનું શું કારણ ? ગમે તે હોયને ? કેમ, ત્યાં શું ચાલે છે ? ”

“ શું હોય બાઇ સાહેબ ? સર્વ કંઇ ઠીક છે. પ્રથમથીજ અમે મજબૂત જગ્યો પસંદ કરેલી છે, પછી અમારા સંરક્ષણની ફીકર શામાટે ? તમે

તમારૂં પોતાનુંજ સંભાળો એટલે બસ!"

"હા ભાઇ! જે થાય તે ખરૂં! શત્રુ અમારી પાછળ પડશે તો અમે નાશી શકીશું નહિ!"

"ખરૂં કહો છો. હવે વળી પૂરા દિવસ થવા આવ્યા છે. માનો કે તે રાયગઢને ઘેરો નાખશે, પણ તેને ખબર પડશે કે ઉપર તો સ્ત્રીઓજ છે અને પુરૂષમંડળ તો પનાળગઢ જતું રહ્યું છે, ત્યારે તે અહીંજ ચાલ્યો આવશેને? અમારી યેસુદેવીની એજ ખૂબી છે ખૂબી! હુશિયાર રહો!"

"હં! હવે સમજી! તમારા રક્ષણ માટે હું એકલી ગઢ પર રહી એવી બડાઇ હાંકવા તમે તૈયારજ! કહેશે કે મ્હેં મ્હારૂં બાળક વાઘના મોંમાં મુકયું પણ તમને સુરક્ષિત સ્થળે પહોંચાડયાં, પણ અમારા તરફ પુરૂષમંડળ છેને! તેજ અમારૂં રક્ષણ કરશે. તે પડયાં બાઇસાહેબ! જાણે કે શત્રુની સામે સમશેર લઇનેજ ઉભાં છેને? અરે, સૂર્યાજીરાવ! પણ તેમનામાં એવું શું છે કે બધાએ પુરૂષો તેમના તરફજ ખેંચાય છે! તેમણે એવી તે શી મોહિની નાખી છે?"

"અરે, તેમની પાસે રાજ્યાધિકારીઓ છેને! ઠીક છે, બધી એ વાત! રાજારામ મહારાજ બાબાસાહેબના નોકર છે, સમજ્યાં? મ્હારા જેવાજ વળી તે! હું ઉતરતી પદવીનો, તે સહજ ચઢતા દરજ્જાના, એટલોજ ફેર! હું રાયગઢ પર અને એ પનાળગઢ પર! બન્ને સરખાજ!"

"આપણો રૂપીઓજ ખોટો, ત્યાં પછી લોકોનો શો દોષ? જ્યારે એમણેજ તુકારામની માફક ગૃહસ્થાશ્રમ પર તુલસી પુત્ર મૂકયું, ત્યાં પછી બાળબચ્ચાંને હાથમાં ભિક્ષાપાત્ર લેવાને વિલંબ કેટલો? પ્રભુએ શું કરવા વળી આ ઉદરમાં એક પ્રાણીને તૈયાર કર્યો હશે?"

"બાઇ સાહેબ, એમ ઉદાસ શામાટે થાઓ છો? સર્વે પુરૂષોનું હૃદય તે તરફ ખેંચાય છે ખરૂં, પણ તેમાં ઘટાડો કરવાનું કામ આપના હાથમાં છે? તેમનું લક્ષ આપેજ હરણ કરવું જોઇએ, એ સ્વામીની અને તમે પણ સ્વામીની! આબાસાહેબે તો રાજારામ મહારાજનેજ ગાદી માટે યોગ્ય માન્યા હતા, અને આપને પેટે આબાસાહેબ પોતેજ અવતાર લેવાના છે.

તમે આવાં ભાગ્યશાળી છો, તો પછી તમારાં છોકરાં શામાટે બીખ માગશે ? પહેલા રત્નનો સ્વાદ ચખાડો એટલે પછી બધાએ સરદારો ભક્ત બન્યા સમજજો !

“ એમ કેમ ? શું સાધુતાનો ઉપદેશ કરવા આગમન થયું છે કે ? હું કહું છું, સ્પષ્ટ કહું છું કે તે કર્મચંડાળનો કાંટો ઉખેડી નાખ્યા સિવાય મ્હારાં છોકરાંની બીખ જવાની નથી. પત્થર પર કોતરી મુકો કે તારા શું કહેતી હતી ! લોકો કોણ જાણે કેવા થઇ ગયા છે ? યેસુએ બધાને મારી મૂકયા છે ? ”

“ જુઓ બાઇસાહેબ, એમ છેલ્લે પાટલે શું બેસતાં હશો ? કોઇ સાંભળશે તો ? મ્હારી ગર્દન જાય કે નહિ ? ”

“ મૂઆને વૈરી છોકરાંની પણ ફીકર નથી. જુઓ, પેલો સંતાજી ! હીરના લાછા જેવી બિચારી કમળા ! તેણે એ બાઇસાહેબના દરબારમાં શપથ લીધા છે ! કમલિનીની ખબર પણ લેતો નથી. તે બિચારી ઝૂરે છે. તેની ચામડીજ ઉતરડવી જોઇએ, ત્યારે તેનો મદ ઉતરે. ”

“ એમ બાઇસાહેબ ! ત્યારે મ્હેં એની ખોડ તોડવાની એક યુક્તિ યોજી છે, પણ તેનો અમલ કરવાનું કામ આપના હાથમાં છે. કહું કે ? ”

“ કોઇની ખોડ તોડીને મ્હારે શું કરવું છે ? મરશે તેના કર્મથી ! ”

“ આવી શી ઉદાસવૃત્તિ બાઇ સાહેબ ? સંતાજીને યેસુબાઇનું બહુ લાગે છે. એવા માણસો જ્યાં સુધી તેના પક્ષમાં છે ત્યાં સુધી તમારા બાળકને રાજ્ય મળવાની આશાજ ન રાખશો. ધનાજી પણ તેમાંનોજ. એ બન્નેના સ્વભાવની ખૂબી દરબાર વખતે હું સારી રીતે સમજી શકયો છું. એક બીજાને બને છેજ કયાં ? માંહોમાંહે સૂક્ષ્મ અગ્ની ઝરે છે. બાઇસાહેબ ! એ બન્નેના મનની સ્થિતિના નાજુક રજઃકણનો લાભ જોઇએ તેવો લઇ શકશો. નચાવશો તેમ તે પૂતળાં નાચશે, પણ કુંચી તમારાજ હાથમાં છે. ”

“ સૂર્યાજી ફુલ નહિ તો ફુલની પાંખડી હશે તે આપીને પણ તમારૂં કલ્યાણ કરીશ. રાજ્યસૂત્ર કંઇ ઓછાંજ બાઇસાહેબની પાસે છે ! તેતો એમનાજ હાથમાં છે ને ? તેમને તો હું કળના પૂતળા પ્રમાણે અર્ધા વચનમાંજ રાખું છુ. તમને વાઇની દેશમુખીજ જોઇએ છે કે ? ”

"મ્હારા રોટલાની પ્રથમ શી વાત? હું સેવા કરી બતાવીશ તો કૃપાએ મળશે અને શક્તિ પણ મળશે, પણ મ્હારે સંતાજીનો મદ ઉતારવો છે એ એક અને બાઇસાહેબ પર અચળ શ્રદ્ધા અને શુદ્ધ નિષ્ઠા બતાવવી છે એ બીજું. એ બે કારણોને લીધે હું મ્હોટી આશાથી અહીં સુધી આવ્યો છું. મ્હારા કાર્યને યશ અપાવવાનું કામ આપના હાથમાં છે."

"સૂર્યાજી, તમારૂં કહેવું શું છે? તમારા જેવાને માટે પ્રાણ આપનાર માણસનું ન સાંભળવું ત્યારે શું સંતાનું સાંભળવું? કહો, તમારે જે કહેવું હોય તે કહો."

"જુવો બાઇસાહેબ, પેલા જગદાળેનું વતન આબા સાહેબના વખતથી આપની પાસેજ છે. શહાજી મહારાજે પણ તેજ કાયમ રાખ્યું છે. મ્હોટાં મા સાહેબે પણ તેમજ રાખવાનો મત આપ્યો છે, એ સર્વ તમે જાણોજ છો. માત્ર સંભાજી મહારાજે જગદાળેની તકરાર સાંભળવાનો વિચાર કર્યો હતો, પંચાત એ થઇ છે કે આપણો ધનાજી તે વતન માટે લલચાયો છે. તે કહે છે કે એ મ્હારૂંજ છે. જગદાળેએ જોરજૂલમથી યાદવ પાસેથી લઇ લીધેલું છે. આ તરફ સંતાજી કહે છે કે, એ વતન જ્યારે રાજ્યદ્વારી કારણોસર શિવાજી પ્રભુએ ખાલસા કરેલું છે, ત્યારે ધનાજી તે લેવા ઇચ્છે એ રાજદ્રોહ કરવા જેવું છે, અને જો તે વતનનો રાજ્ય કાર્ય સાથેનો સંબંધ તૂટયો હોય તો તે જગદાળેને મળે એજ ન્યાય છે. હાલના વખતમાં દેશશુભેચ્છક વીરોએ ફક્ત દેશને પરતંત્ર થતો અટકાવવા માટેજ નિઃસ્વાર્થી થવું જોઇએ. તેમાં વતનના લોભથી લક્ષ સ્થાનને નિર્બળ બનાવવું જોઇતું નથી. આ ઉપરથી તમને સમજાશે કે સંતાજીએ જગદાળેનો બચાવ કરવા માંડયો છે. સંતાજી ધનાજી કરતાં પરાક્રમમાં કંઇક ચઢતો છે અને એ વાત ધનાજીની દૃષ્ટિમાં ખૂંચે છે. આ દેશાભિમાનના નિવાસ સ્થાનનો એક સૂક્ષ્મ ભાગ ખાલી છે એમ સૂચવે છે. હું તે જાણી ચુકયો છું. આપે હાલમાં એટલુંજ કરવાનું છે કે, મહારાજે એ વતન ધનાઢ્ય પાસે રહેવા દેવું, તેથી સંતાજી ક્રોધથી અંધ બનશે. તે છે ઉતાવળો અને ક્રોધી, વખતે મોગલોને પણ મળી જાય! નહિ મળે તો ધનાજી સાથે તો લઢશેજ. એવી રીતે આપો-

આપ ઝંપલાવશે એટલે આપણે બલિષ્ટ પક્ષને હાથમાં લઇશું. તેમ થવાથી વિના પ્રયત્ને નિર્બલ પક્ષ દયા માગશે, નહિ તો છેવટે નબળા તો પડશેજ તેથી હું કહું છું કે તેની કળ ફેરવવાની શરૂઆત કરો કે જેથી એ રમકડાં નાચવા લાગશે. બસ, આજ તો સંતાજીનો ગર્વ ઉતારો. આગળની વાત આગળ છે. તમારી કમળાને સુખી કરવા માટે પણ એજ માર્ગ ઇષ્ટ છે. પસંદ પડે છે કે તમને ?"

"સૂર્યાજી, ઠીક યુક્તિ કાઢી ! લો, આ તન્મણી, હમણાં તો આટલી જણસ બક્ષીસ આપીશ. ભવિષ્યમાં વિશેષ જોઇશ."

"એની શી જરૂર ? આટલી મ્હોટી બક્ષીસ શું કરવી છે બાઇસાહેબ ! આપ તો મ્હારાં માતુશ્રી જેવાં છો. આપના કંઠનું આભૂષણ શામાટે હું લઉં ? મ્હારી સ્વામીભક્તિની એવી કીંમત ન કરશો......"

"જાવ, જાવ, એતો પુતળા પહેરશે. તે છોકરીની હોંસ પુરી થવા દો." તારાબાઇ એમ કહે છે એટલામાં કમળા અંદર આવી: "બાઇસાહેબ, બાઇસાહેબ, બહાર ઉદ્ધવસ્વામી તરફથી કોઇ સમર્થ શિષ્ય આવેલા છે. તે જવા નીકળ્યા હતા, પણ કહે કે બા સાહેબના દર્શનનો લાભ મળશે." એમ કહીને તે અંદર આવ્યા.

સૂર્યાજી: "એમ કે ? જાવ, જાવ, બાઇસાહેબ ! જીજાબાઇએ પુત્ર માટે સાધુ, સંત, ફકીર, ગોંસાઇ, એવા અનેક પ્રભુ ભક્તોના આશીર્વાદ મેળવ્યા હતા. ત્યારેજ પુત્ર થયો એવો ગાંડો કે જેણે ફરકાવ્યો બધે ઝુંડો ! બાઇ-સાહેબને પણ પરાક્રમી પુત્ર પ્રાપ્ત થવાનો આશીર્વાદ છે ને ? જાવ, બાઇ-સાહેબ, એકાંતમાં દર્શનથી નેત્ર તૃપ્ત કરો. કમલા, તું જઇશ નહિ બેટા. ઉભી રહે અહીં ! ત્હારા પતિનો સંદેશો તને કહેવાનો છે."

સૂર્યાજીના આગ્રહથી તારાબાઇને તે સાધુનાં દર્શન કરવાની ઉત્કંઠા દૃઢ થઇ. જીજાબાઇને પગલે ચાલવાની મહત્વાકાંક્ષા તેમના મનમાં ઉત્પન્ન થવાથી તે તુરતજ એકલાં બહાર નીકળી ગયાં. આ તરફ કમલા હીંચોળા આગળ અવનત વદને વિનયથી ઉભી હતી. બિચારીને ઘણા દિવસથી પતિની ખબર મળી નહતી. ત્યારે આજે ચાતકની માફક તે તૃષાતુર બને તેમાં શી નવાઇ ?

સૂર્યાજીએ તેની ગરીબડી મુખમુદ્રા તરફ એક વખત જોયું અને સહજ હસ્યો. તેણે કહ્યું: "કેમ, કમળાબાઈ! પતિદેવના ઘણા દિવસથી કંઇ સમાચાર મળ્યા નથી કે?"

બિચારી કમળા શો ઉત્તર આપે? તે સાડીની ફડક સાથે હાથ હલાવતી નીચુંજ જોઇ રહી હતી.

"તેમને તો હવે મોગલો સાથે માથું ફોડવા માટે બહારજ ફર્યા કરવું પડશે. કહે છે કે ઘરનું તો મોઢુંજ જોવાનું નથી."

કમળા શું બોલે? તેનાં નેત્ર જલથી ભરાઈ આવ્યાં. સાડી સાથે સરવરતા કોમલ ગૌરવર્ણા સુંદર હસ્ત પર અશ્રુ બિંદુ ખરી પણ પડયાં, તે જોઇ સૂર્યાજીએ કહ્યું: "કમળા, સંતાજીને રાયગઢ પરનો ઘેરો ઉઠતા સુધી ત્યાંજ પ્રયત્નમાં રહેવું પડશે. નિદાન દશબાર મહીના તો તેને ત્યાંજ રહેવું પડશે, એમ મ્હેં સ્પષ્ટ કહ્યું છે. કમળા, મ્હને ત્હારી દયા આવે છે. હમણાંજ માસાહેબ ત્હારી વાત કરતાં હતાં. મ્હેં સંતાજીને કહ્યું કે: ચાર પાંચ મહીના, મુકામ બદલાતા સુધી રાયગઢ નીચેજ ઘર કર ને? છત્રી નીજામપુરીમાં રહે, મહાડમાં રહે, પણ કોઇપણ જગ્યા ચોક્કસ કર. તેણે તે સાંભળ્યું, કમળા! ઇશ્વરનેજ ત્હારી દયા આવી કહે, કારણ, પત્થર પલળ્યો, છેવટે હા ના, હા ના કરતાં તેણે કહ્યું કે: સૂર્યાજી તું મ્હારા ભાઇ જેવો છે! ત્હારૂં હું માનીશ પણ તું મ્હારૂં માનીને પનાળગઢ જા. માસાહેબને મ્હારા પ્રણામ કહે અને તેને લઇ આવી મહાડમાં અમારૂં ઠેકાણું પાડી આપ. મ્હને એ વ્યવસ્થા કરવાનો વખત નથી અને ત્હારા પર મ્હારો પૂર્ણ વિશ્વાસ છે. બસ થયું કે કમળા? હવે શું જોઇએ છે? તબીયત તો ખુશીમાં છેને? આવીશ કે? પૂછું કે માસાહેબને?"

ફક્ત મૃદુ હાસ્યમાંજ કમળાનો ઉત્તર મળ્યો. તેની પ્રસન્ન વૃત્તિ જોઇ સૂર્યાજી આનંદસાગરમાં તરતો હતો, એટલામાં બહારથી "અરે રડયો ખંડયો!" એવી તારાબાઇની બમ સંભળાઇ. "ખંડયો" એ અક્ષરો સાંભળતાંજ સૂર્યાજી ગભરાયો. તેનું મુખ ફીકકું પડયું. પાછળથી તારાબાઇએ જેના નામની બૂમ પાડી હતી તેનો પ્રત્યક્ષ અવાજ સાંભળીને સૂર્યાજી તો શબવતજ બની ગયો.

આ પ્રસંગ આવવાનું કારણ એવું બન્યું કે, રાયગઢ નીચેના દેવળમાં સપડાયલો સાધુવર્ય, પનાળગઢ પર આવ્યા પછી આમતેમ ફર્યો. કેટલાકની પાસે કંઇ ચોકસી કરી; એટલામાં કમળા આમથી તેમ જતી જણાઇ. તેણે તેને રાજારામ ક્યાં છે? સૂર્યાજી ક્યાં ગયો? એમ પૂછ્યું. કમળાએ કહી દીધું કે: તે અંદર બાઇસાહેબ સાથે વાતો કરે છે. તે સાંભળી સાધુવર્યે કહ્યું: "જા, તારાબાઇને કહે કે હું ગઢ પરથી ઉદ્ધવસ્વામી તરફથી આવ્યો છું. આજે તમારે ત્યાંજ વિશ્રાંતિ લેવાનો વિચાર છે." એટલું કહીને સ્વામીજી ઉતાવળે પગલે તારાબાઇના નિવાસસ્થાન તરફ આવવા લાગ્યા. કમળાએ સ્વામીનો સંદેશો તારાબાઇને તુરતજ કહ્યો અને તારાબાઇ ઝટપટ બહાર આવી સ્વામીને દીવાનખાનાની બહાર ચૉકમાંજ મળ્યાં. સ્વામીને જોતાંજ બાઇસાહેબે નમસ્કાર કર્યા અને સ્વામીએ **अष्ट पुत्रा सौभाग्यवति भव** એવો આશીર્વાદ આપ્યો. બાઇસાહેબે સ્વામીના ચરણ ધારણ કરી કહ્યું: "સમર્થ, હું એટલેથી સંતુષ્ટ થઇશ નહિ. અમારૂં રાજ્ય ગયું છે, તે અમારા કુળમાં ચિરસ્થાયી રહે તેવો આશીર્વાદ આપો. ત્યારેજ હું તમારાં ચરણ છોડીશ."

"બાઇ, તમારા કુળમાં સત્તાવીશ પેઢીપર્યંત રાજ્ય રહેશે, એવો આશીર્વાદ તમને મળેલોજ છે."

"મ્હારાજ કુળમાં કે? મ્હારા ઉદરે પ્રસવતા પુત્રથીજ પહેલી પેઢી કે?"

"સંભાજી મહારાજનો પુત્ર એ તમારો વંશ નહિ કે? કોણ તારાબાઇ, તમે આબાસાહેબનાંજ પુત્રવધૂ કે?"

"બાપરે! આ અવાજ કોનો? સમર્થ મંડળી કદી પણ સંભાજી મહારાજ કે આબાસાહેબનું નામ બોલતી નથી."

"બાઇ, એવા દ્વૈતભાવને શામાટે આશ્રય આપો છો? એ ઉદરમાં આબાસાહેબનોજ પુણ્યાત્મા છેને? તેને દ્વૈત કંટક ખૂચશે નહિ? ઠીક, સૂર્યાજી અંદર આવ્યો છે?"

"અરે બા, આ તો મુઓ ખંડ્યો!" તારાબાઇ આશ્ચર્યથી બોલ્યાં.

"બાઇસાહેબ, હું આપનો ખંડુ ચીટનીસ છું. સૂર્યાજીની પાછળ ભમતો

હું આ વેષે અહીં આવ્યો છું. એ રાજદ્રોહી ક્યાં છે ? મ્હને તેને ફટકારતાં ફટકારતાં મહારાજ પાસે લઇ જવા દો.”

“શું ખંડુ ? સૂર્યાજી પિસાળ કે ? તે અહીં શામાટે આવે ? હું અંદર જોઇ આવું છું ! બરાબર, મ્હારી દાસીઓ કહેતી હતી કે, તે યેસુદેવીનો કંઇ સંદેશો લઇને મહારાજ પાસે આવ્યો છે.”

“નહિ, મ્હને હમણાંજ ખબર મળી છે કે, તે તમારા દિવાનખાનામાં આવ્યો છે.”

“ત્યારે હું અંદર જોઇ આવું છું. ત્યાં સુધી અહીંજ ઉભા રહો. કદાચ તે ચમકશે તો બારીમાંથી કુદકો મારી જતો રહેશે, પણ એણે એવું શું કર્યું છે ?”

એમ કહી તારાબાઇએ અંદર જઇ જોયું તો સૂર્યાજીને શબવત્–મડદા જેવો જોયો. કમળા ગભરાઇ જઇ તેના તરફ જોઇ રહી હતી. છેવટે તારાબાઇથી ચુપ રહેવાયું નહિ તેથી કહ્યું: “અરે સૂર્યાજી, આપણી વાત ખંડેરુજીએ સાંભળી હોય એમ લાગે છે ! જા, જા, પેલા પાછળના દ્વારથી સીધો રાયગઢ પહોંચ. હું ખંડુને અહીંજ અટકાવી રાખું છું. જા, જા, ઝટ કર !”

સૂર્યાજીને એટલુંજ જોઇતું હતું. તે ઝપાટાબંધ પાછળના બારણે નીકળ્યો. જતાં જતાં “મ્હારા શબ્દ ભૂલશો નહિ.” એમ કહેવાને તે સોનેરી વીર ચુક્યો નહતો. વાસ્તવિક રીતે એટલા અલ્પ સમયમાં તેને નાશી જવાનો પ્રસંગ મળવાથી તેનું હૃદય પ્રફુલ્લિત બન્યું હતું. છેવટે તે ગયો. બારણાં તારાબાઇએ બંધ કર્યાં એટલામાં ખંડોજી અંદર આવ્યો. તેના પગલાં પડતાંજ તારાબાઇએ આમતેમ પુછપરછ કરવાનો સપાટો ચલાવ્યો. પછી તે પોતેજ બોલ્યાં: “ખંડુ, કમળા કહે છે કે તે મુઓ આવ્યો હતો. રાહ જોઇને તે મહારાજને મળવા ગયો છે, ત્યાં તપાસ કરો તો ! જા, કમળા, જા, તે ત્યાં ગયો છે તે જોને.”

ખંડુ આગળના શબ્દો સાંભળવા ત્યાં અટકયોજ નહિ. તે ઠેઠ મહારાજના નિવાસસ્થાન તરફ સીધો ગયો. તે જતાંજ તારાબાઇના મુખ પર વિકટ હાસ્ય ઝળક્યું. દૃષ્ટિ મર્યાદાની બહાર જતા સુધી તે હાસ્ય તેવું ને તેવુંજ રહ્યું હતું.

આ તરફ ખંડુજી જેવો આડે રસ્તે વળ્યો કે તુરતજ એક માણસ જણાયો. તેને જોઇ કહ્યું: "જોત્યા, અરે જોત્યા, એક કામ કર! હમણાં ને હમણાંજ રાયગઢ જઇને જો તો, સૂર્યાજી ત્યાં છે કે? તે તને રસ્તામાંજ મળશે. હું સીધો બાદશાહના મુકામ તરફ જાઉં છું. એ વખતે ત્યાં પણ આવશે."

"અરે પણ તું હતો ક્યાં? જોગીનો વેશ કેમ ધારણ કર્યો છે? મા-સાહેબને એક અક્ષર પણ ન કહેતાં ક્યાં રખડતો હતો? શી ગડબડ છે?"

"સાંભળ જોત્યા! વાતચિતમાં વખત ગુમાવીશ નહિ. એક એક પળ લાખ લાખની જાય છે. હવે તો એવાજ ઢોંગ કરવાના અનેક પ્રસંગ આવશે. આજે મ્હારૂં પહેલું પગથીયું છે. જય મળ્યો તો ઠીક છે, નહિ તો ભયંકર આઘાત થવાનો છે. માટે એકદમ જા અને પછી એ વાતો કરજે."

ખંડોજીએ ચોખ્ખું કહેતાંજ જોત્યો વાયુની માફક રાયગઢને માર્ગે પડયો. ખંડુજી પણ મહારાજાને મળ્યા સિવાય નિયત રસ્તે ચાલ્યો ગયો.

પણ સૂર્યાજી મહા પ્રપંચી હતો. ખંડુજી પાછળ પાછળ પકડવા આવશે એવી તેને કલ્પના નહતી એમ નહોતું. તે પાછલે બારણે બહાર નીકળતાંજ રસ્તે ન પડતાં ગઢ પરજ ભરાઇ બેઠો. ઘણી વારે તેણે પનાળગઢની એક ઉંચી ટોચ પર જઈ જોયું તો કોઇને ઉતાવળે ઉતાવળે ગઢ ઉતરતાં, અને તેની પાછળ અન્ય કોઇને તેટલીજ ત્વરાથી જતાં જોયાં, પછી તે ખડખડ હસ્યો. આ વખતે આકાશમાં મેઘગર્જના પણ થઈ. જોતજોતામાં આકાશ કાળાં વાદળાંથી ભરાઇ ગયું. એકાએક ચોતરફથી મૂશળધાર વૃષ્ટિ થવા લાગી. દિશાઓ શૂન્ય થઇ ગઇ. એ વખતે સૂર્યાજી, "હમણાં તો તાલી આપી છે, આગળની વાત આગળ જોવાશે." એમ કંઇ બડબડતો ગઢ પર પાછો ગયો.

પ્રકરણ ૧૬ મું.

સંતાજીની યુદ્ધકળા; સૂર્યાજીના પ્રપંચનું પ્રથમ પગથીયું.

सुसूक्ष्मेणाऽपि छिद्रेण प्रविश्याभ्यन्तरं रिपुः ॥* (पंचतंत्र.)

વાચક ! આપણે સંતાજી જેવા ઉગ્ર વીરને રાયગઢ નીચે માખો મારતો બેસાડી પનાળગઢ તરફ આવ્યા તે ઠીક થયું નથી. કારણ એ છે કે, સંતાજીનેજ ત્યાં નકામા બેસી રહેવાનું રૂચતું નહતું. તેણે પેલા ચિત્રકથી પોતાના ઉદ્યોગમાં પવર્ત્તવાની આજ્ઞા ક્યારનીએ કરી દીધી હતી. એ ચિત્રકથી તે સંતાજીનો જમણો હાથ વિઠોજી ચવ્હાણ હતો. બીજેજ દિવસે તેણે પોતાના ભાઇ હીરજીને સતારા તરફ મોકલ્યો અને બીજા ભાઇ માલોજીને બાદશાહની છાવણીની પરિસ્થિતિનું નિરીક્ષણ કરવા મોકલ્યો.

સંતાજીને જણાયું કે: સંભાજીના વધથી બાદશાહને અને સ્વર્ગને એ આંગળનું છેટું રહ્યું છે ! તેના ખળભળતા સૈન્યરૂપ મહાસાગરમાં મરાઠા રાજ્યનૌકાને યત્કિંચિદ્ પણ આધાર નથી. હવે બાદશાહની પ્રબળ શક્તિના અભિમાન આગળ "મરાઠા"નું નામ દીપાવવું જોઇએ.

એવા અભિમાનથી પ્રદીપ્ત થઈ સંતાજીએ શંભુ મહાદેવના ડુંગર તરફ જવા કૂચ કરી. સહ્યાદ્રી પર્વતની સર્વ વાંકીચુંકી ખીણોમાં તેણે પોતાના માણસોને પડદા પાછળ રાખ્યાં હતાં. રસ્તે જતાં એકાદ ગામનો મોગલ સરદાર મળે તો તેને અચાનક છાપો મારી તેના દળમાંથી અચાનક દૂર કરતો અને બીજા ગામે ભર બજારમાં તેનું લીલામ બોલાવતો ! પછી તેના

---

* ભાવાર્થ:—સામા પક્ષમાં મ્હોટા માર્ગથી જવાનું પ્રથમ ન બને તો ઘણે સાંકડે રસ્તેથી પણ અંદર જઈ શત્રુનો નાશ કરવો.

સંબંધીઓ તેને પુષ્કળ પૈસા આપી છોડાવી જતા એટલે સંતાજી પછી લોકોને કહેતો કેઃ " આપણા રાજા પાસે દ્રવ્યબળ નથી અને સામગ્રી પણ નથી; માટે આપણે એ બધું હમણાં એકત્ર કરવું જોઇએ. એકાદ ગામનો મુસલમાન પટેલ કે મનસબદાર આંટીમાં આવતો કે, સંતાજી તેનાપર વાઘની માફક તૂટી પડી તેને છિન્નભિન્ન કરી નાખતો. ઔરંગજેબની સૈન્યજાળ અતિ વિસ્તીર્ણ હતી ખરી; પણ સંતાજી જેવો ઉંદર, તેનો એકાદ લાંબો તંતૂ ક્યારે કાતરી નાંખશે તે કહી શકાય તેમ નહતું; કિંવા વરૂની માફક, બાદશાહના ટોળામાંથી એકાદ બહાર આવેલું ઘેટું ક્યારે ઉચકી જશે તે કોઇ સમજી શકતું નહતું !

તે આજુબાજુ આવી રીતે હુમલા કરે છે, મ્હોઢામાં પકડાયલું હરિણ ચટ્ટ ઉતારી જાય છે. બાદશાહના દરબારમાં આજે અમુક સરદાર લૂંટાયો, કાલે ફલાણો સરદાર ગુમ થયો અને ફલાણા મનસબદારને ગધેડાપર બેસાડી ફેરવ્યો, એવા પ્રકારની થોડી ઘણી વાતો દરરોજ આવવાથી બાદશાહ ઔરંગજેબ ત્રાસી ગયો.

એટલામાં સંતાજીને તેના દૂતે ખબર આપી કે, ઇસ્માઇલખાન નામનો એક બાદશાહનો પરાક્રમી સરદાર આવી રીતે થકવતા લૂંટારાઓનો બંદોબસ્ત કરવા મેદાનમાં ઘણું મોટું સૈન્ય લઇને આવે છે. આ બાતમી સાંભળી સંતાજીને અત્યાનંદ થયો. તત્કાલ તે પોતાના ઘોડાપર સ્વાર થયો, પછી તેણે પોતાના બાતમીદારની પણ રાહ જોઈ નહિ. તે નીકળ્યો તે સહ્યાદ્રીની એક વિકટ ખીણમાં આવી ઉતર્યો.

આ જગ્યાની ચોતરફ એક ઉંચી ખીણ હતી. આજુબાજુ ઘીચ જંગલ હતું. ક્યાંઇ પણ મનુષ્ય પ્રાણીનું નામ નહતું. કદી કદી ખાડી કોતરોમાંથી એકાદ મરાઠો અતિ ચપળતાપૂર્વક પોતાના ઘોડાસહ ઉપર ચઢતો દષ્ટિએ પડતો અને વચ્ચે અદશ્ય થઇ જતો ! લાંબે સુધી જોતાં પાંચ દશ જણાઓએ પોતાના ભાલા જમીનમાં રોપ્યા છે. ઘોડાની લગામ પકડી જમીનપર કામળ પાથરી તે પર પડ્યા પડ્યા આકાશ તરફ જોતા નિશ્ચિંત પડેલા છે, એમ જણાતું હતું. એ ઉપરથી તે માણસો લાંબા

પ્રયાસે જઇ કંઇ કામ બજાવી આવેલા હોવા જોઇએ, એવો જોનારને તર્ક કરવાનું સ્થાન હતું. કારણ એમની સર્વ સામગ્રી ઘોડાની પીઠપર જેવી ને તેવી બાંધેલી હતી. કોઇના ઘોડાપર એકાદ ગોદડીની ગડી, કોઇની પીઠપર કામળ જેમની તેમ હતી તો કોઇ ચટણી અને રોટલા ખાતા બેઠા હતા.

તેમના આ ટોળામાં સંતાજીના ઘોડાનાં પગલાં ખડ ખડ સંભળાયાં તે સાથેજ તે સસલાની પેઠે કાન આગળ હાથ રાખી તિતીક્ષા કરવા લાગ્યા ત્યારે સંતાજીએ એકદમ એક કર્કશ સીસોટી વગાડી. તે સાંકેતિક સીસોટી જંગલમાં ચોતરફ ઘુમતી કાનપર આવતાંજ અસ્તવ્યસ્ત પડેલા મરાઠા શિલે-દાર ઝપાટાબંધ ઉઠી ઘોડાપર ફલંગ મારી સ્વાર થયા, એટલુંજ નહિ પણ તે ઉંડી ખીણના આડાઅવળા વાંકા ચુંકા ઘાટમાંથી બીજા સો બસો સ્વાર પોતાની તલવારો ખેંચી ઝટપટ બહાર આવ્યા.

આ અવકાશમાં સંતાજી પણ તેમની પાસે આવ્યો. આવતાંજ તેણે ગર્જના કરી કહ્યું: “ મ્હારા શૂરા યારો ! માતા જગદંબાની અત્યાર સુધી કરેલી પ્રાર્થના સફળ થવાનો આજે ઘણો સારો સમય આવ્યો છે. ભાઇઓ ચાલો ! છત્રપતિ શિવાજીશાહીનું–શિવાજી મહારાજનું અનુકરણ કરીએ. દુશ્મન આજે આપણી ગુફામાં સપડાયો છે. શિવપ્રભુએ દાઉદખાનની કેવી દુર્દશા કરી હતી ! એકલાસખાન, બાંકેખાન, રાયમુકુંદ, ભવાન પુરોહિત, વગેરેને કેવા નષ્ટભ્રષ્ટ કરી નાખ્યા હતા! તેમણે જંગલી જાનવરોના ફન્નાફાતીયા ઉડાવી મરાઠાઓનો કપોલ પ્રદેશ ઉજ્વલિત બનાવ્યો હતો અને રાયગઢપર પાંચ કરોડ હોનનો ઢગલો, પાંચ હજાર ઘોડાની પાયગા, સૂરતથી લૂંટી લાવી એકઠી કરી હતી. ચાલો, આપણે તેમનો પ્હેલો પાઠ શીખીએ, તેમના દૃષ્ટાંતનો ઉપયોગ કરીએ. આપણા મહારાજ પનાલગઢ છે. ધન, માણસો અને સામ-ગ્રીનો તોટો છે. ચાલો, હર હર મહાદેવ કરી સેંકડો ઉંટ ભરી સ્વરાજ્યની પ્રાપ્તિ માટે આવશ્યક દ્રવ્ય મોકલી દઇએ. આજે આપણા પેટનો ભાર આપ-ણાજ ધાન્ય પર નાખવો જોઇતો નથી. પરમદયાળુ બાદશાહ લાખો માણસ, હાથી, ઉંટ, ઘોડા, હીરા, માણેક, સોનું, મોતી, અરે ! સર્વ ઐશ્વર્ય, પોતાના વૈભવની વૃદ્ધિ માટે ભરી લાવ્યો છે. બાદશાહ કેવળ ભારવાહક બેલ છે. તેના

એ ઐશ્વર્યના ભોક્તા તો આપણે છીએ. આપણા ઘોડાઓ માટે બાદશાહ ઘાસના ભારા તેના માથા પર ઉંચકી લાવ્યો છે. ચાલો ત્યારે, આપણે ઘાસ દાણો મેળવીએ. વાંકાચુંકા માર્ગે, નદી નાળાં અને ડુંગરની પીઠ પાછળ રહી મોગલો અને તેના ગર્વિત સૈન્યને ઘેરી લઇ તેમનાં ભારે શસ્ત્રાસ્ત્રો ગજાવીએ. મ્હારા મરાઠા વીરો, ચાલો !"

સંતાજીએ શૂર ચઢાવતાં સર્વ મરાઠાઓએ, "હરહર મહાદેવ"નો એક વિજયઘોષ કર્યો. એ ઘોષથી ડુંગરની પ્રત્યેક ખીણ, આઘાત પ્રત્યાઘાતથી મેઘના ગડગડાટની માફક; પ્રતિધ્વનિરૂપે એવી તો ધમધમી ગઇ કે ત્યાંના વનપશુઓને પણ પહેલો ઘોષ મેઘગર્જના રૂપ અને તેનો પ્રતિધ્વનિ સિંહ-ગર્જના જેવો લાગ્યો હશે. તે સર્વ હાંફળાં ફાંફળાં જ્યાં રસ્તો જડતો ત્યાં જીવ લઇને નાશી છુટયાં હતાં.

સંતાજીએ પોતાની ટોળીના જુદા જુદા ભાગ કર્યા. મોગલ સૈન્ય કઇ બાજુએથી આવ્યું છે તેની કલ્પના સર્વેને આપી. પ્રત્યેક ટૂકડીએ ડુંગર અને નદીકોતરનો આશ્રય લઇ દૂરના માર્ગે પણ સાંકડા રસ્તે ઇસ્માઇલખાનની આગળ પાછળ જઇ તેને સપડાવી પ્રથમ સામગ્રી ભરેલાં ગાડાંના બળદો હાંકી જવા, તેમના ઘોડા ઉંટ નસાડી લઇ જવાં, અને એમ કરતાં કરતાં વચ્ચેજ મુશ્કેલી ભરેલા માર્ગે હાથોહાથ ઝપાઝપી કરી તેના સૈન્યને કચડી નાખવું, એવો સર્વેએ સંકેત કર્યો. તે સંકેત પાર પાડવામાંજ તેમની રણ-કુશળતા વ્યક્ત થવાની હતી, અને સંતાજીને પણ પહેલું આરંભનું કાર્ય શૂકનરૂપ સફળ કરવાની ઉત્કટ મહત્વાકાંક્ષા હતી. પહેલાજ ઝપાટે બાદશાહના એકાદ પ્રખ્યાત મોગલ સરદારનો મુકુટ મહારાજના ચરણમાં નમાવવાની પ્રખર ઇર્ષાથી સંતાજી અગ્નિમય બન્યો. પહેલાજ સપાટામાં ઇસ્માઇલખાનનું મોઢું વાંકુ બનાવી તેને રડાવવા માંડયો: "હુઝુર પેલા ડુંગરની નેળમાં કાફ-રોએ અમને સપડાવી લૂંટી લીધા. ફક્ત શરીર પર એક એક કપડું રહેવા દઇ છોડી દીધા. " એ હકીકત એક ટુકડીએ આવીને નિવેદન કરી ન કરી એટલામાં એક સૈનિક ટૂકડી ગુમ થયાની ખબર આવી. તે રસ્તામાં મરાઇ, ડુંગરમાં દફનાઇ, કે જમીનમાં દટાઇ કે નદીમાં તણાઇ ગઇ તે કંઇજ સમ-

જાયું નહિ! એથી ખાનના માણુસો તો હતાશજ થઇ ગયાં. એટલામાં "જુઓ, જુઓ, પેલી તરફના ડુંગર પરથી કાફરો આવ્યા, કાફરો આવ્યા." એવી એક પ્રચંડ ભયાનક ચીસ ખાનની ડાબી બાજુ તરફથી આવી. આ યોગથી તો ખાનના માણુસોનાં હાંજાજ ગગડી ગયા. તેમાં વૃદ્ધિ થવાનું કારણુ એ હતું કે કાફરોની ટોળી તેજ વખતે પાછી એકાએક અદૃશ્ય થઇ ગઇ. આથી તે દબાઇ છુપાઇ વરૂના ટોળાની માફક ક્યાંથી ક્યારે નીકળશે તેની કંઇ કલ્પના ન થવાથી તેઓએ ચોતરફ નજર રાખવા માંડી.

એમ થવાથી સૈનિકો જો કે હિમ્મત હારી ગયા હતા પણુ ખાન કંઇ પોચા હૃદયનો નહતો. તેણે પોતાના સૈન્યના બે ભાગ કર્યા. એ બે ભાગની વચ્ચોવચ્ચ સામગ્રીના પોઠી રાખ્યા અને સાવધાનતાથી, કદી આગળ તો કદી પાછળ ધ્યાન રાખતો માર્ગક્રમણુ કરવા લાગ્યો. વચ્ચેજ એવો બનાવ બન્યો કે, ખાનના સૈન્યનો પહેલો ભાગ એક ડુંગર નીચે ઉતરી મેદાન પર આવ્યો, વચ્ચેનું સાહિત્ય મધ્યભાગ પર રહ્યું અને પાછળનો ભાગ ડુંગરના ચઢાવ પર ચઢવા લાગ્યો. એટલામાં બન્ને ઢાળ પરથી ડુંગરની આજુબાજુની ખીણો અને કોતરોમાંથી મરાઠાઓના બચ્ચા સેતાનની માફક ટેકરા ચઢી ઠેઠ માથા પર આવ્યા. સાહિત્ય સંરક્ષક સૈન્ય તો શિથિલજ થઇ ગયું ! તે બિચારા શું કરે ? ભયથીજ અધમૂઆ થયા. આ જોઇ મરાઠાઓએ સપાટાબંધ સરસામાનની ગુણો અને કોથળા ખીણુમાં ગબડાવવા માંડયા. બન્ને બાજુનાં સૈન્ય નીચે રહીને મારો ચલાવી શકે તેમ નહતું, જોતજોતામાં તો સર્વ સામગ્રી ક્યાંની ક્યાંએ ખાડી કોતરોમાં ગડપ થઇ ગઈ !

ખાન તળેટીમાં હતો. તે આ પ્રકાર જોઈ ખીજવાયો. તે જુસ્સામાં ને જુસ્સામાં ડુંગર ચઢવા લાગ્યો ત્યારે બીજી તરફના મેદાન પર એક બીજીજ મરાઠા ટોળી ઉદ્‌ભવી અને તેણે આગલી ટોળીનો અચાનક હલ્લાથી નાશ કર્યો.

આ બીજું દૃશ્ય જોવાને ખાન ડુંગરના મસ્તિષ્ક પર આવી પહોંચ્યો હતો. તે સ્થાને પ્રથમ આવેલા મરાઠાઓ તે પહેલાંના વાનરની માફક ઉતરી પડી કોતરોમાં લપાઇ ગયા હતા. ખાન હવે અતિ ત્વરાથી પોતાની ટોળી સાથે મોખરાના ભાગ પર મદદ કરવા દોડયો; પણુ બિચારા કરે શું ? ડુંગર

ચઢવા ઉતરવાની અથડામણમાં તે બિચારાઓ થાકીને લોથ થઇ ગયા હતા. તેમના પેટમાં અન્ન પણ નહતું. તેમની પાસેનું સાધન મરાઠાના લૂંટારાઓએ લૂંટી લીધું હતું. મેદાન પર કંઇ નજીકમાં ગામ આવશે, ત્યાં ખેતરો લૂંટી લઇ બપોર ગાળી શકાશે એ આશાથી તે ઝટપટ મેદાન પર સૈન્યસહ આવ્યો. જોયું તો સર્વ પ્રદેશ બળીને રાખ થઇ ગયેલો હતો. ખાનના માણસો ધૈર્ય ધારી શક્યા નહિ. તેમનાં હથીયારો અજસ્ત્ર હતાં પણ પેટમાં અન્નનો દાણો નહતો કે, મુખમાં ટીપું પાણી નહતું. તેથી વિકટ પર્વતાવલી પર ચઢતાં શસ્ત્રાસ્ત્રો ઉંચકવાનુંજ ભારે થઇ પડયું હતું !

ખાનના મનુષ્યોની આવી કઠિન અવસ્થામાં ખુદ સંતાજી પોતાના સો બસો ચૂનંદા માણુસો સાથે ખાનના ટોળા પર વાઘની માફક ટૂટી પડયો. જેમનાથી હથીયારજ ઉંચકાતાં નહતાં, તે પ્રતિકાર કયાંથી કરે ? મુગે મોંઢે દાંતમાં તૃણ પકડી જીવ બચાવવા માટે તેઓ મરાઠાઓની કરૂણા યાચવા લાગ્યા. સંતાજીની તલવાર જાણે ચીભડાંજ કાપે જતી હતી ! ઇસમાઇલ-ખાને પણ લઢવાની હદ બતાવી પણ થાકેલા પાકેલા વીર કયાં સુધી ટકી શકે ? છેવટે તેઓ નિર્બળ બની જમીન પર ગબડી પડયા.

સંતાજીએ પોતાનાં માણુસોને સંહાર કરતાં અટકાવ્યાં. નિષ્કારણ રક્ત-પાત, કે અનાથનો અગર શસ્ત્રહીન મનુષ્યોનો વધ કરવો એ બીલકુલ પસંદ કરતો નહતો. ખાન ઘાયલ થઇ જમીનપર પડયો હતો. તેના કેટલાક માણસો દશ દિશામાં નાશી છૂટયાં હતાં તેમને લપાઇ છુપાઇ રહેલાં માણુ-સોએ ક્યારનાએ લૂંટી લઇ નગ્ન કરી મુકયાં હતાં. સંતાજીએ પણ ખાનના બાકી રહેલાં માણુસોની પણ તેજ સ્થિતિ કરી હતી. તેણે સર્વ મુખ્ય મુખ્ય માણસોને જીવતાં પકડયાં હતાં. તેમના શરીરપરનાં સર્વ આભૂષણો ઉતારી લેવામાં આવ્યાં હતાં. હવે ખાનને અને તેના હાથ નીચેના કેટલાક સરદા-રોને માત્ર તેણે જીતાયલા કેદી તરીકે પોતાની સાથે લીધા.

સંતાજી આવી રીતે વિજય મેળવી, અતિ ઐશ્વર્યથી પોતાનો ઘોડો સર્વની આગળ કાઢી એકલો દોડતો જાય છે, રક્તમાં સ્નાન કરેલી લાલ તલવાર તેની કમરમાં લટકયા કરે છે, તેના જમણા હાથમાં એક અજસ્ત્ર

ભાલો છે, તેના ડાબા હસ્તમાં અશ્વની લગામ છે, તેની પાછળ પાછળ યુદ્ધમાં જીતાયલા બંદિવાનો ઘોડાપર ખિન્ન મુદ્રાથી બેઠા છે અને તેમની પાછળજ સંતાજીનું સૈન્ય જાય છે. સંતાજી એવા ઠાઠથી જતો હતો, તે વખતે પનાળગઢ તરફ જવું કે, શંભુ મહાદેવના ડુંગરમાં કરેલા આશ્રમ તરફ જવું એ વિચારમાં રખડતો તે ક્યાંનો ક્યાં ભટકતો હતો. એટલામાં તેનું લક્ષ પોતાની પાછળના કેદી તરફ ગયું. ખાનની અને તેના માણસોની ક્ષુધા તથા પરિશ્રમની ગ્લાનિથી અતિ દુર્દશા થઇ હતી. તે જોઇ સંતાજીને દયા આવી. તેણે એક ઘીચ ઝાડીના આશ્રયમાં મુકામ નાખવાની આજ્ઞા કરી.

સંતાજીનો તે હુકમ સાંભળી ખાન અને તેના માણસોની કંમરજ ભાગી ગઇ. તે થર થર કંપવા લાગ્યા. સર્વને ધાસ્તી લાગી કે હવે આ શયતાન ગરદન મારશે. તેણે પોતાના માણસોને હુકમ કર્યો કે; ખાન અને તેના સોબતીઓની ખાવાપીવાની વ્યવસ્થા કરો, પછી મુકામ ઉઠાવીશું.

એ આજ્ઞા સાંભળી ખાનના ખોરાકાદિની તજવીજ સંતાજીના માણસોએ કરવા માંડી અને પોતે પણ વારાફરતી પોટોબાની પૂજા કરવામાં પડયા. સંતાજી પણ પાછળના વહેળાને કીનારે પોતાનો નિત્યક્રમ કરવા નીકળી ગયો. ખાનના માણસો હવે આ દુશ્મનો શું કરશે એ ચિંતામાં પડયા; પણ પ્રથમ પોટોબા અને પછી ત્રિઠોબા. સંતાજીના માણસોએ આપેલી ભીક્ષા સ્વીકારી સર્વેએ ક્ષુધાને શાંત કરી. એટલામાં સંતાજી ભોજનાદિ કરી આવ્યો. પછી સહજ વિશ્રાંતિ લઇ તેણે ખાનને બોલાવ્યો. ખાનનું શરીર પ્રસ્વેદથી તરબોળ થઇ ગયું; પણ સંતાજી પાસે ગયા સિવાય ક્યાં ચાલે તેમ હતું ? તે બ્હીતો બ્હીતો તેની પાસે આવ્યો. સંતાજીએ તેના સામું જોઇ ગંભીરતાથી કહ્યું:

" ખાનસાહેબ, અમારૂં મરાઠા સૈન્ય જોયું કે ? અમે સ્વતંત્રતા માટે આત્માર્પણ કરવા તૈયાર થયેલા છીએ. અમારાં ઘર, અમારાં બાર, અમારાં બચ્ચાં, અમારી સ્રીઓ અને અમારી કાયિક, વાચિક, માનસિક સર્વ શક્તિઓ તેને માટેજ છે. સમય આવતાં અમારા આર્યપુત્રો હળ અને કામ ધંધો છોડીને શસ્રો સજી શકે એમ છે. અમારાં શસ્રો શત્રુઓ પર પ્રહાર કરવાને

તલ્પી રહે છે. તમારા બાદશાહ પાસે અસંખ્ય સૈનિકો અને સંપત્તિ છે ત્યારે અમારી પાસે આત્મબળનો અખૂટ ખજાનો છે. તમારો બાદશાહ આ ડુંગરપરના પ્રત્યેક શીખરપર સેંકડો સૈનિકો ગોઠવી દેશે, પણ અમારા આંગળીના વેઢાપર ગણાય તેટલા, દરિદ્રમાં સપડાયલા પણ સ્વદેશના ઉદ્ધાર માટે ઉત્કટ ઇચ્છા ધરાવનારા મનુષ્યો ક્ષુધા તૃષાની પરવાહ કર્યા વગર અહર્નિશ સમરાંગણમાં ઝુઝશે, પણ થાકશે નહિ. તમારા ઐશ્વર્ય કરતાં અમારી સ્વદેશ સેવા અતિ ઉચ્ચ સ્થાને છે, તેનો હમણાંજ તમને અનુભવ મળ્યો છે. અમે અમારા રંક માવળાઓને હમેશને માટે ભૂખમરો સહન કરવા દેતા નથી અને દઇશું પણ નહિ. અત્યાચારની જે ધૂંસરી તમે ઉન્મત્ત બનેલા ધર્માંધોએ અમારા મસ્તકપર નાખી છે, તેને નષ્ટભ્રષ્ટ કરી નાખવાના પ્રયત્નમાં અમને રાંધ્યું અન્ન ખાવાનો સમય મળતો નથી અને હમણાં અમે એ સમય માટે ચિંતાતુર પણ નથી. તમારા જુલ્મી માણસોએ અમારાં ગામનાં ગામ બાળીને રાખ બનાવી દીધાં છે. તમારો ઉધમાત તોડી નાખવા માટે તમારા પગ નીચેની જમીન અમોને તોડી નાખવી પડે છે. આવે પ્રસંગે અમારા ઉદર નિર્વાહનો ભાર અમે અમારા માતા પિતા અને રાજાપર નાખી શકતા નથી. તમારા જેવા પાપીષ્ટો–ઘાતકીઓને લીધેજ એમ બન્યું છે. અમારૂંજ અન્ન ખાઇને પુષ્ટ બનેલા પાડા જેવા તમારા સરદારો, મનસબદારો આવી રીતે અમારી જાળમાં સપડાય છે, ત્યારે તમારા શરીરની ચરબી વધારવાને આવસ્યક એવું વિશેષ અન્ન અમારી ક્ષુધા શાંત કરવા પડાવી લેવાની અમને ફરજ પડે છે! હવે જો તમે જીવવાની આશા રાખતા હો તો આજ સુધી તમે જે ઘર ભર્યાં છે, લૂંટ ચલાવી છે તે સર્વ અમને પાછાં સોંપી દો. આ દંડ અમારા મરાઠા લશ્કરના ઘાસદાણારૂપ છે. એ ઘાસદાણાના અન્નપર અમે મરાઠાવીરો અમારા સ્વામી તરફથી લાખો સૈનિકો ઉભા કરી બાદશાહીને નષ્ટ કરી નાખીશું. માટે કહું છું કે; ખાન, તમારા કોઇ વિશ્વાસુ માણસને તૈયાર કરો. તેને તમારો સંદેશો આપી મોકલી કાલે આજ સ્થળે તમારા દેહના બદલામાં દંડ તરીકે ચાર લાખ હોન ભરી દો. કોઈ પણ જાતના વિક્ષેપ વગર તે આવે છે એમ જો અમારા ડુંગરપર ફરતા સ્વદેશ સેવકોને જણાશે તો તેનો સ્વીકાર કરવા તેઓ નીચે ઉતરશે. નહિ તો સીધા મ્હારી પાસે આવી

તમારાં કારસ્થાનની ખબર આપશે. પછી તમે અમારા સંભાજી મહારાજ પ્રત્યે કેવું કરપીણ આચરણ બતાવ્યું છે તે તો યાદ હશેજ. તેના કરતાં પણ ભયંકર ત્રાસ આપી તમારા પ્રાણ લઈશું ! યાદ રાખો."

સંતાજીની ધમકી સાંભળી ખાનની મુદ્રા પર ફિકાશ ઉપસી આવી, પણ પ્રાણરક્ષણ માટે સંતાજીનું માન્યા સિવાય ચાલે તેમ નહતું. તેથી તેણે પોતાના માણસોમાંથી એકને દેહદંડ લઇ આવવા કહ્યું.

આટલું નક્કી થયા પછી સંતાજીએ છાવણી ઉપાડવાનું ફરમાન કર્યું. પ્રવાસ શરૂ થવાની તૈયારીમાં હતો, એટલામાં પનાળગઢ તરફથી રાયગઢના માર્ગે પાંચ દશ માણસો સાથે એક મ્યાનો જતો દૃષ્ટિએ પડ્યો. ઝાડીમાંથી સંતાજીને તે લોકો સારી રીતે જોઈ શકતા હતા. માત્ર સંતાજી મુકામ ઉઠાવવામાં પોતાના માણસોની ગર્દીને લીધે તેમને ઓળખી શક્યો નહિ. મ્યાનો જેમ જેમ પાસે આવતો ગયો તેમ તેમ તે લોકો કોણ હશે એ જાણવાની જિજ્ઞાસા ઉત્પન્ન થવા લાગી. સંતાજીની ઇચ્છા જાણી એક મરાઠો સૈનિક તે તરફ દોડતો ગયો અને તેના મ્યાના આગળ ચાલતા નાયકને અટકાવ્યો. નાયકે કંઇ કહ્યું નહિ. મરાઠા સૈનિકે તેને ધમકી આપી જોઇ, કંઇક વિનયથી વાત પણ કરી કિન્તુ પેલો નાયક કંઇ દાદ લાગવા દેતો નહતો. મરાઠો સૈનિક તત્કાળ પાછો ફર્યો :અને સર્વ વાત સંતાજીને નિવેદન કરી.

તતક્ષણે સંતાજી ઝાડી બહાર આવ્યો. તેની પાછળ સાત આઠ સ્વારો પણ તડાકા સાથે નીકળ્યા. સંતાજી એકદમ પેલા નાયક સ્હામે જઇ ઉભો. સંતાજીને જોતાંજ પેલા નાયકના હાંજા ગગડયા. થોડા વખતમાંજ તેણે પૂર્વ સ્થિતિમાં આવી કહ્યું: "વાહ, સંતાજીરાવ, હું તમારી પાસે આવવાજ નીકળ્યો હતો. ક્યાં ભટકો છો રાવ ! પનાળગઢ પર સર્વે ચિંતા કર્યા કરે છે. રાયગઢમાંથી કશા સમાચારજ આવતા નથી. અરે ! આ ખાનસાહેબ ક્યાંથી ? બાદશાહ તરફથી કંઈ સલાહનો સંદેશો લઇને આવ્યા લાગે છે !"

"તમે કોણ ?" સંતાજીએ એટલુંજ પૂછ્યું.

"હુ સૂર્યાજી ! મ્હને ન ઓળખ્યો ? હું રાયગઢનો કિલ્લેદાર ખરો કે ?

રાવ, તમે કર્ણાટકમાં રખડયા તેથી અમને ભુલી ગયા લાગો છો."

"મ્યાનામાં કોણ છે?"

"માતુશ્રી મ્હને કહેતાં હતાં કે, સંતાજીને હવે સંસારમાં નાખવો જોઇએ, કે જેથી કંઇ નરમ થાય. રાવ, તમારા હાથ નીચે હઝારો ધીર-વીરો અને શૂરવીરો ફરે છે! આવો ઉગ્ર સ્વભાવ રાખશો તો કેમ ચાલશે?"

"ટકટકારો બસ કર! અંદર કોણ છે? કઇ તરફ જાય છે? આવા વખતે કિલ્લો કેમ છોડયો? ગઢ નીચેના દેવળના સાધુને ત્હારી કેમ જરૂર પડી હતી? બધી વાત પ્રથમ કહે."

સંતાજીની આ અસ્ખલિત તેજઃપૂંજ પ્રશ્નમાલિકા સાંભળતાંજ સૂર્યાજી ઠંડોગાર થઇ ગયો. તેમાં વળી દેવળના સાધુને ત્હારી કેમ જરૂર પડી, એ પ્રશ્ન સાંભળીને તો તેનું મોંજ ઉતરી ગયું. તોપણ હિમ્મત રાખી તે બોલ્યોઃ "હું? હું તો પનાળગઢ પર માતુશ્રી તરફથી સંદેશો લઇને ગયો હતો. હવે ગઢ પર પાછો જાઉં છું. સંતાજી, માતુશ્રીએ તમને કંઇ કહાવ્યું છે."

"માતુશ્રીની શી આજ્ઞા છે?"

સંતાજીની લીનતાથી અને આજ્ઞા પુછવાની તત્પરતાથી સૂર્યાજીને ઠીક ધીરજ આવી. તે સહજ દૃઢ સ્વરે બોલ્યોઃ "અરે, ગઢ પર હમણાં ફક્ત માતુશ્રી અને રાજકુંવરજ છે. તમે હમણાં ગઢના સંરક્ષણ માટે ચોતરફ થાણાં નાખી સાહસિક હુમલા કરો છો. તેમનું કહેવું એવું હતું કે, સંતાજી કુટુંબ સાથે કંઇક નજીકમાં રહે તો ઠીક; અનાયાસે તમને પણ ઘડીભર આનંદ માટે ત્રીજું માણસ મળે."

"એટલુંજ કે? પનાળગઢથી બોલાવી લેજો."

"મ્હેં તારાબાઇને છાતી ઠોકીને કહ્યું કેઃ સંતાજી મ્હોટા મનનો—ઉદાર માણસ છે. વળી કહ્યું કેઃ મ્હારી સાથે કમળાને મોકલી દો. નહિ મોકલો તો ઉલટું ખોટું લાગશે. તમારા જેવા તુરત ગુસ્સે થાય એવા મા-ણસને ઘણા સંભાળવા પડે છે. તેમણે ઘણીએ આનાકાની કરી. તે તો એમજ કહેવા લાગ્યાં કે, હું તમારી સાથે છોકરીને નહિ મોકલું."

"તેને લાવ્યો છે કે? મ્યાનામાં તેજ છે કે?"

"હા છેસ્તો, હું શું એમ ને એમ આવું? માતુશ્રીને માઠું લગાડું? છટ્ ! તારાબાઇને હાથપગ જોડયા. સાથે તમારાં માણુસો આપો એમ કહ્યું અને મા સાહેબની આજ્ઞા નહિ ઉથાપવા વિનંતિ કરી, ત્યારે તેમણે સાથે રક્ષકો આપી કમળાને મોકલી."

"ઠીક છે. તેને હમણાં માતુશ્રીના ચરણમાં સોંપી આવ. મ્હારા માણુસો સાથે લઇ જા."

આ આજ્ઞાયુક્ત શબ્દો સાંભળતાંજ પુનઃ સૂર્યાજીની વૃત્તિ અસ્થિર થઇ. તે બ્હીતો બ્હીતો બોલ્યોઃ "સંતાજીરાવ ! હમણાં માતુશ્રી સાત આઠ દિવસ માટે ગઢ જોવા નીકળ્યાં છે ત્યાં સુધી ગઢ નીચે મ્હારા ઘરમાં કે મહાડમાં કમળાને રાખવી એમ કહેલું છે. તેથી હાલ તમે બન્ને મ્હારા ઘરમાંજ રહેજો. માતુશ્રી આવશે એટલે હું ઉપર લઇ જઇશ."

"ઠીક છે, એમ કરો. એને લઇ જઇ ગઢ નીચેના જંગલમાં આવેલા દેવળમાં લઇ જાવ. ગઢની ચોતરફનો ભય દૂર થતાં સુધીને માટે મ્હારો મુકામ ત્યાંજ રહેવાનો છે. મ્હારા માણુસો તે જંગલમાંજ પડેલા છે, અને મ્હારા લોકોને ત્યાંથી ખસવું પડશે તો સતારા તરફની પર્વતાવલીમાં માતુશ્રીને પણ રાખવાની યોજના કરી છે. જારે, વિઠાજી, આ લોકોને તે દેવળ બતાવ. ત્યાં એક તંબુ ઠોકી ત્હારી સ્વામિનીને મુકામ કરી આપ."

સૂર્યાજીનું વદન પ્રસન્નતાથી છવાઇ ગયું. કારણુ કોણ જાણે ? કેવી વ્યવસ્થા કરવામાં આવી છે તે કમળાને કહેવા મ્યાના તરફ ગયો. આ વખતે સૂર્યાજીના મુખ પર ગહન વિચારની છાયા પથરાયલી હતી. "મ્હેં તારાબાઇને કહ્યું કે, કમળાદ્વાર સંતાજીનું મન આપણે આપણા તરફ ખેંચી લઇશું. હવે તે સાધ્ય કરૂં કે ઘણા દિવસનો દાવ સાધું? બન્ને સાધ્ય થાય છે તો જોઉં છું. દાવમાં શું છે? સહેલાઇથી સાધ્ય થયું તો ઠીક છે. નહિંજ થાય તો કાંડાના બળ પર સાધીશ. સંતાજી ક્યાં એક જગ્યા પર પડી રહેવાનો છે. ઠીક છે, જોઉં છું, તારાબાઇને પણ એ કાંટો ઉખેડી નાંખવાનું શીખવી આવ્યો છું. એ તારાબાઇની પક્ષને શેનો મળે? કમળાદ્વારા મેળવી લેવાની મધની આંગળી ચટાડી તારાબાઇની આંખમાં ધૂળ નાંખીને કમળાએ અહીં

સુધી લાવ્યો છું. પણ હવે પછી શું? કંઇ નહિ. જે વખતે જે સૂઝશે તે ખરૂં."

આવા વિચારમાં સૂર્યાજીએ સંતાજીના માણસો સાથે જંગલના દેવાલય તરફ જવા મોર્ચો ફેરવ્યો. રસ્તે પેલા દેવળ સંબંધી તેણે સંતાજીને અને તેના માણસોને વારાફરતી માહિતી પુછી. જાણે તેને એ તરફની કંઇ ખબર જ નહતી. સંતાજી માત્ર જુદાજ વિચારની ધૂનમાં હતો.

ઘાસદાણાની રકમ અને લડાઇની લૂંટ હાલમાં આ દેશમાં રાખવી અને પછી શંભુ મહાદેવના ડુંગરમાં લઇ જવી. એવો વિચાર તે પોતાના માણસોને સૂચવતો હતો. તેણે ખાન વગેરે સર્વ પરકીય માણસોને અહીંથીજ મહાડ તરફ મોકલી દીધા. ઘાસદાણાનો પ્રઘાત સર્વ સરદારોએ સ્વીકારવો અને પોતાના માણસોનો નિર્વાહ તથા યુદ્ધ સામગ્રીની જરૂરિયાત શત્રુના પ્રદેશમાંથી કરી લેવી, એવી યોજના સર્વ સરદારોને સૂચવવા માટે એક વખત પનાળગઢ ફેરો મારવાનો વિચાર કરતો સંતાજી સર્વ માણસો સાથે દેવળમાં આવી પહોંચ્યો.

પ્રકરણ ૧૭ મું.

રાયગઢનો ઘેરો.

कामं प्रियानपि प्राणान्विमुंचंति मनस्विनः ।
न तु निर्बलतां यांति संकटे समुपस्थिते ॥*

આ જે આકાશપટમાં સૂર્ય ગોલાર્ધમાંથી સ્ફુરેલાં રંગબેરંગી સૂક્ષ્મ કિરણોની અસંખ્ય રેષાઓ, આમ્રપલ્લવના ફૂલોને સુવર્ણપ્રભા સમ શોભાવતી હતી, તે વખતે સર્વ પટાંગણ પર નાટકના પડદા પ્રમાણે વાદળાંની એકાએક ઘટા છવાઇ. સૃષ્ટિ સુંદરીએ લીલાં તૃણ

*ભાવાર્થ:—મનનું ધાર્યું કરનારા પુરૂષો પોતાના પ્રિય જીવાત્માઓને પણ તજી દે છે, પરંતુ સંકટ આવી પડે છે ત્યારે નિર્બળપણાને પામતા નથી.

પલ્લવોનો સુંદર સાળુ પરિધાન કરેલો હોવાથી તે પડદાની આડે વિકસેલાં તેનાં તારૂણ્યનાં સુવર્ણ પ્રભામય ફળને બાલસૂર્યે પોતાની કિરણ–કરાંગુલીથી સ્પર્શ કર્યો. એની ઈર્ષાથી મરૂતે વાયુવંટોળરૂપ નૃસિંહ અવતાર ધારણ કરી, પોતાનું ધૂલી અસ્ત્ર ફરફર ફેરવી આકાશ તરફ વહેરાવ્યું હતું. તેનાથી બચાવ કરવા માટે ઘનનીલ મેઘશ્યામ પ્રભુએ એક કૃષ્ણવર્ણ પટ તેના શૃંગારની આડે ધર્યો. સૃષ્ટિ સુંદરીએ પણ પછી લજ્જિત બની પોતાના કોમળ અંગપર ક્ષિરોદક વર્ણનું શેલું ધારણ કર્યું.

સારાંશ, ઉંચે નીચે વાદળાંની અને ધૂમસની જાળ પ્રસરતી હતી તે વખતે રાયગઢની એક ઉંચી ટેકરી પરથી બે દેવીઓ દુર્બિનની સહાયથી, દીર્ઘ પ્રયત્નથી ચોતરફ અવલોકન કરતી હતી. કેટલીક વખત વાદળ વીખરાઇ પણ જતું. તે વખતે દેવીઓનાં વદન પ્રફુલ્લિત બનતાં. પુનઃ પ્રસરતી મેઘ પંક્તિને ખસેડીને અવલોકન કાર્યનો આરંભ કરતી, વળી એટલામાં આકાશ વાદળાંથી ભરાઇ જતું. આ કારણથી કદી કદી દેવીઓ અત્યંત ઉગ્ર થઇ આરક્ત નેત્રથી આકાશનાં વાદળાં તરફ જોતી હતી. વાચક, તે દેવીઓને તમે ઓળખી તો હશોજ.

આવી રીતે કેટલાક વખત સુધી ચાલ્યા કર્યું હતું. પછી એકાએક યેસુબાઇ બોલ્યાં: "રાજકુંવર, જંજીર તરફથી ધૂળના ગોટેગોટ ઉડતા આવે છે. કદી કદી હાથીની હારો પણ જણાય છે. ભક્તાજી બંકી વગેરે હજી કેમ કોઇ આવ્યા નથી ? મ્હને ખબરો કેમ મળતી નથી ? સબનીસે તો ચોતરફ ગુપ્તચર પ્રસારેલા છે. મોગલ સેના હવે ચોતરફ ફરવા લાગી છે. તેમનો પનાળગઢને ઘેરી લેવાનો વિચાર છે, એમ કાલેજ જોત્યો કહેતો હતો પણ પનાળમાં ત્રિશ ચાલીશ હજાર જેટલું સૈન્ય એકત્ર થયું છે. આસદખાન રાયગઢ પર આવવાનો છે એ પણ જાણવામાં આવ્યું છે. ત્યારે તો તેજ ફોજ આવતી હશે ? આવ્યો, પેલો ભક્તાજી દોડતો આવે છે જો."

"કેમ ભક્તાજી, શી બાતમી ?" રાજકુંવરે કહ્યું.

"મા સાહેબ, મોગલોએ તુલાપુરથી છાવણી ઉઠાવી છે. આસદખાને વિશ પચીશ હજાર ચૂનંદા મનુષ્યો સાથે રાયગઢ તરફ મોરચો ફેરવ્યો છે.

આ બાજુ જંજીરકર મહાડના રસ્તે ચઢી આવે છે. પાંચ મૈલ પર માર્ગદર્શકો જણાવવા લાગ્યા છે. મા સાહેબ, આપણા સરદાર મોહિતે એ ટોળાનો નાયક છે."

"મોહિતે દુશ્મન દળમાં છે? મરાઠા આ વખતે મરાઠાનોજ ઘાત કરવા ઇચ્છે છે. ભાઇભાઇનો વધ કરવા તત્પર થયો છે. હા, એ નર પિશાચો જેટલું નહિ કરે તેટલું ઓછું. આબાસાહેબ, આ શોક ત્યજે બે ત્રણ વર્ષ પૂર્ણ થયાં નહિ તેટલામાં કેવું પરિવર્તન? કાશીક્ષેત્રમાં પણ કુલટાનો વાયુ વહે છે કે શું?"

"દેવી, શોક શા માટે કરો છો? ગોબ્રાહ્મણ પ્રતિપાલનનો વાયુ આ સહ્યાદ્રીપર્વતમાં ફુંકાય તો તેની સાથે ધૂળ અને પત્થર પણ ખેંચાય એ સ્વાભાવિક છે."

"રાજકુંવર! સમય આવી પહોંચ્યો. આજ કાલમાં રાયગઢને ઘેરો નંખાશે. તું હવે શા માટે ત્હારો જીવ આફતમાં નાખે છે? જા, પનાળગઢ જા!"

"બસ થયું દેવી! હવે જો જઇશ તો પેલી કાલ ટેકરી પર જઇ મોર્ચો બાંધીશ અને ત્રિકાળે પણ અલમગીરને ગઢ લેવા દઇશ નહિ દેવી, હવે હું યુદ્ધની દેવી બનીશ! દેવી, એમ મ્હને હૃદયમાંથી દૂર ન કરો. તમારે હવે તમારા માણસોને ધીરજ આપવી જોઇએ. હવે ગઢ પર લક્ષ આપી કોઇ પણ વિશ્વાસઘાતી ન થાય તેવો બંદોબસ્ત કરવો જોઇએ. રાયગઢની સર્વ ધુંસરી, સર્વ આધાર, સર્વ યશ તમારા પર છે. તમારે માટે સર્વ પ્રાણ આપશે. હવે અમને ગઢનિવાસીઓને આપો આશીર્વાદ! અમે એવું પરાક્રમ દર્શાવીશું કે સ્વર્ગમાં પણ આબાસાહેબને આશ્ચર્ય થાય! અમે એવું શૌર્ય બતાવીશું કે જગત્ આશ્ચર્ય પામી જશે."

"પણ રાજકુંવર, આજે અકાલે ઇંદ્ર ધનુષ્ય કેમ જણાય છે? ગમે તેમ હો. રાજકુંવર જા. ચોતરફ દૃષ્ટિ રાખ. ચક્રાકારે સર્વ બાજુ શત્રુ ફરી વળે તો તુર્ત વ્યૂહ રચી તેના સૈન્યમાં છિદ્ર પાડજે! સુરત તરફથી, મહાડ તરફથી, જંજીર તરફથી, એમ અનેક બાજુએથી આપણા પર જળ અને સ્થળ બન્ને માર્ગે આક્રમણ થવાનું છે. અભિમન્યુને કેવો ચક્રવ્યૂહ તોડવાનો

હતો ? મ્હારી રાજકુંવરને તેવાજ કઠિન કાર્યને આધીન થવાનું છે. ઠીક છે. હવે માતા ભવાની પર આધાર. જા, બેટા જા, યશસ્વી થા, જા !”

રાજકુંવર ગઇ. ચેસુબાઇ પણ સર્વ યુદ્ધ ભૂમિ અને દુર્ગભૂમિના નિરીક્ષણ માટે અને સર્વત્ર બંદોબસ્ત રાખવા સેનાપતિનું કાર્ય કરવા ગયાં. રાજકુંવર પણ પોતાની કડક વીજળી પર સ્વાર થઇ પોતના સ્થાને આવી ન આવી તેટલામાં પૂર્વપશ્ચિમ દિશા તરફથી બીજું સૈન્ય ચડી આવે છે એવા સમાચાર આવ્યા. આ ખબર મળતાંજ તેણે ઠરાવેલા ખડક પર મોર્ચો બાંધી નાકેબંદી કરી તે પણ અવલોકનાર્થે નીકળી. તે વીરરમણી, આર્યપુત્રી પોતાની ઘોડી પર સ્વાર થઇ વાયુની લહરી માફક ચોતરફ દોડતી, ત્યારે જાણે વિદ્યુલ્લત્તા ઘડીમાં અહીં તો ઘડીમાં તહીં ચમચમ કરી નાચતી હતી. તેની કડક વીજલી અસલ ભીવરપડીની ઘોડી હતી. રાજકુંવર તેના પર જાણે ચંદ્રિકા સમાન વિરાજી રહેતી. ક્વચિત પ્રસંગે કંઇ તપાસ કરવાને રાજકુંવર અટકાવતી તો તે થૈ થૈ કરી પગના ઝાંઝરનો મધુર ધ્વનિ પ્રસારી રહેતી. ક્ષણ વાર પણ શાંત રહેવાનું તે સમજી ન હતી.

આવી રીતે ફરતાં ફરતાં રાજકુંવર, તળેટીમાં પેલા કઠિન સ્થાને એકાએક આવી પહોંચી તેજ વખતે તેને આગળના રસ્તાપર એક ઘોડેસ્વાર કંઇ જાણે ચોરદૃષ્ટિથી જોતો હોય તેમ જણાયું. રાજકુંવરે પોતાની ઘોડીને એડી મારી એક બાજુએ ચાલ્યા જવા પ્રયત્ન કર્યો. તેના આ પ્રયત્નથી ઘોડીના પાદધ્વનિએ સ્હામેના સ્વારનું લક્ષ ખેંચ્યું. પેલા સ્વારે પણ ઘોડાને એડી મારી. જોતજોતામાં તે રાજકુંવરની સ્હામે આવ્યો. હવે રાજકુંવર અટકી. બન્ને એક બીજા સામે નિઃશબ્દ રીતે જોઇ રહ્યાં. છેવટે તે સ્વાર વીણાના તાર જેવા કોમળ સ્વરે “રાજકુંવર,” એટલોજ શબ્દ ધીમેથી બોલ્યો. રાજકુંવરે તેનો કંઇ પ્રત્યુત્તર વાળ્યો નહિ. તેના નેત્રમાંથી માત્ર એક એવું ભેદક બાણ છૂટયું કે, તેનાથી હાથી પણ પહેલાજ પ્રહારે વીંધાઇ ગયો હોત. તે નેત્ર કટાક્ષને પણ અટકાવે તેવા મધુર સ્વરે સ્વારે “રાજકુંવર,” એવો શબ્દ પુનઃ ઉચ્ચાર્યો. “ઠીક થયું, તું મળી ગઇ..........” એમ કંઇ અર્ધ સ્પષ્ટ બોલ્યો.

"છટ્, હવેનું મિલન રણાંગણમાંજ! રાજપુત્રીમાં, અરે! આર્ય માતાની વીર પુત્રી, વીર પ્રસવિનીઓમાં કેવી શક્તિ હોય છે તે પતિ દેવને બતાવી આપવાની મ્હને પ્રભુએજ ઉત્તમ તક આપી છે." રાજકુંવરે કહ્યું.

"રાજકુંવર, મ્હારી પાછળ જો, ધુળના ગોટા ઉડે છે તે દેખાય છે કે?"

"હા, હું સારી રીતે જોઈ શકું છું. સેનાપતિ ધુરંધર ગણોજીરાવ શીરકે—આલમગીરના ગુલામ—આર્યધર્મ—મરાઠા રાજ્યનો ઉચ્છેદ કરવા તૈયાર થયેલા છે અને તે મ્હારા—મહારાષ્ટ્ર સ્વાતંત્ર્ય પ્રભુની કન્યાની પાસે કાળ પુરૂષ પ્રમાણે ઉભો રહેલો છે અને તેમની પાછળ ચાર મૈલ પર તેમના સહચરો કલંકી પુરૂષો—ધાડપાડુઓની ટોળી—કાળ પુરૂષના દુષ્ટ દૂતોની ટોળી—પોતાના યમ પાશ લઇ સ્વાતંત્ર્ય દેવીના સૌભાગ્ય પર ધાડ પાડવા માટે દોડતા આવે છે!"

"ત્યારે રાજકુંવર, હવે ગાંડી બની મોત શા માટે માગે છે? ચાલ આવ મ્હારી સાથે! પાંચાલીએ પોતાના પતિના સંકટનું વેર લેવા પતિ સાથે અજ્ઞાતવાસ સ્વીકાર્યો હતો અને દુઃશાસનના રક્તથી તરબોળ બનેલા હસ્તે પોતાના સૌભાગ્ય કેશ ચોળ્યા હતા. રાજકુંવર! તું કેમ ગાંડી બની છે? જો, તે તરફ જો, પેલું રાયગઢનું સિંહાસન કેવું નિરસ—શૂન્યકાર—જણાય છે, જો. મ્હારી ચંદ્રપ્રભાને, મ્હારી પ્રિય રાજકુંવરને, ચાલ, હું તેના પર પટ્ટાભિષેક કરાવું છું. પછી રાજારામ જીવે કે યેસુનું ગમે તે થાય! રાજકુંવર, આવ, પ્રિયે આમ આવ!"

"આવું છું, વ્હાલા આવું છું! હવે રણક્ષેત્ર પરની પુષ્પ શય્યાપર સ્હામેજ આવું છું! મ્હને લાગે છે કે, આપણી સપ્ત પદી અપૂર્ણ રહી હતી. તે હવે રાયગઢની પ્રદક્ષણા કરતાં કરતાં રણભૂમિમાંજ પુરી કરવા મ્હારે આવવું પડશે. સૌભાગ્યદેવ, આપણો લાજાહોમ અધૂરોજ રહ્યો લાગે છે! રણકુંડના રસબસથી ભરેલા અગ્નિપર તે પુરો કરવા હું સ્હામેજ આવું છું!"

એમ બોલી ક્રોધ ભરેલે ચ્હેરે રાજકુંવરે ઘોડીને ફેરવી એડી ચાંપી કે, તે જાણે વીજળી કે ગરૂડ પક્ષીની પેઠે અંતરિક્ષમાં ઉડાણ કરતીજ ચાલી. ગણોજીરાવ ઓઠ ચાવતો સ્તંભિત થઇ ગયોઃ "ઠીક! વેર લઉં ત્યારેજ

હું ગણોજી ! રાયગઢના સિંહાસનના ચૂરા કરૂં અને એ અભિમાની જાતને મુસ્કેટાટ બાંધુ ત્યારેજ હું શીરકે. " એટલું બોલી તે ઉદ્વેગમાં ને ઉદ્વેગમાં પોતાના સૈન્ય તરફ ગયો.

આ વાતને બે ત્રણ દિવસ થઇ ગયા. યેસુબાઇ રાયગઢ પર સુદર્શનની માફક ચોતરફ ભ્રમણ કરી બંદોબસ્ત કરતાં–જોતાં હતાં. રાજકુંવર રણશૌર્યથી ગઢની તળેટીની ટેકરી પર મોર્ચો બાંધી બન્ને હાથમાં અસ્ત્રશસ્ત્ર ચઢાવી ચોતરફ ફરતી હતી. તેણે અનેક ધનુર્ધર કમાનવાળા, તક્ષ કમાનવાળા, ગોફણ ફેંકનારા, કામઠાવાળા, બંદુકવાળા વગેરેને મોર્ચે મોર્ચે જુદા જુદા મારાઓને ઉંચાં ઉંચાં શીખરો પર યોજ્યા હતા. જુદી જુદી ટેકરીઓ પર તેણે પોતાની મહાકાળી જેવી તોપો અને પત્થરના ઢગલા એકત્ર કર્યા હતા.

આ તરફ યેસુબાઇ પણ એક દિવસ, સંધ્યા સમયે પોતાના પુત્રને સાથે લઇ આબાસાહેબની સમાધિને નિત્ય નિયમ પ્રમાણે નમસ્કાર કરી–કરાવી ઉંચે કોટપર જઇ ઉભાં રહ્યાં હતાં. ત્યાં કેટલોક વખત ગયા પછી તેમણે રાજપુત્રને કહ્યું; " બેટા, સ્હવારે મ્હેં આબાસાહેબના ચરિત્ર કથાનો કેટલોક ભાગ લખી આપ્યો હતો તે વાંચ્યો કે ? "

" વાંચ્યો, મા સાહેબ ! હં, હું ડુંગલ્લપલ પટ્ટા રમતો હતો બા ! એવા જોસથી માલતો કે ગંમતજ થતી ! આપડા ડુંગલ્લને ઘેલો પડવાનો છે, નહિ મા ! આપડે અટકી પડયાં છીએ ? તેમાંજ હું ઉભો રહીશ, હોં ! "

યેસુબાઇને તે બાલ ભાષણ સાંભળી હસવું આવ્યું, તેઓ બાબાસાહેબને બંદુક કેવી રીતે મારવી તે શીખવતાં હતાં. એટલામાં નીચેની ડુંગરીપરથી એક બાણ ઉંચે આકાશમાં ઉડયું. એ બાણ દારૂનું હતું. તેમાંથી આકાશમાં લાલ રંગના ગોળા ફાટી નીકળ્યા. જાણેકે અસંખ્ય નક્ષત્રોજ તુટી પડયાં. આ બાણ રાજકુંવરે છોડયું હતું. શત્રુનો ઘેરો પડેલો છે અને યુદ્ધનો આરંભ થયો છે તે દર્શાવવા માટે એ બાણ છૂટયું હતું.

આ ગુપ્ત સંકેતપરથી યેસુબાઇએ જાણ્યું કે; રાજકુંવર શત્રુના કોઇ ગાફીલ ભાગપર છાપો મારી ઘેરાની હાર ભેદવાના વિચારમાં છે. " હે,

માતા જગદમ્બા ! મ્હારી બાળાને યશ આપજે. " તેમના મુખમાંથી એવા કરૂણોદ્‌ગાર સ્વાભાવિક રીતે બહાર પડયા. યેસુબાઇએ તુરતજ બાબાસાહેબને ભક્તાજીને સ્વાધીન કર્યો અને તે પોતાના ઘોડાપર સ્વાર થઇ રાજકુંવર તરફ જવા લાગ્યાં.

રાજકુંવર સ્વસ્થાને નહતી, માત્ર જોત્યાજી તેની જગ્યાએ કામ કરતો હતો. તે માતુશ્રીને કહેવા લાગ્યો. " શત્રુ છેક તળેટીમાં આવ્યો છે. જંજીરકરની તેને સારી સહાય છે. જુઓ, તેમણે પેલી મૈલ બે મૈલની ટેકરીપર પત્થરના ઢગલાથી બેઠક બનાવી તેપર જહાનકુશ, કિલ્લેકુશાઇ, ફત્તેમુબારક, કિશ્વરકુશયી, મુલ્કમૈદાન, વગેરે જંગી તોપો ચઢાવી છે. તેમણે મ્હોટાં મ્હોટાં વૃક્ષો તોડી આડાં નાખ્યાં છે. તેની ધીચ ડાળીઓમાંથી તેમણે ગુપ્ત રસ્તા કરી, તે માર્ગે પત્થરના ઢગલાપર તોપો ચઢાવવાનો કાલે પ્રયત્ન કર્યો હતો. ઘેરાની એક બાજુએ આવી તૈયારી છે, બીજી બાજુએ પાખર, બરગસ્તવાન (બખ્તરનાં નામ) યુક્ત હાથીઓપર તોપો રાખી તે ટેકરીપર ચઢાવવાનો વિચાર રાખ્યો હતો. એ કામ અમે સહેલાઇથી કેમ સિદ્ધ થવા દઇએ ? અમે ઉપરની ટેકરી પરથી હાથી જેવી મ્હોટી શીલાઓ ગબડાવી દીધી. શી મગદૂર છે કે તેનો એક પણ હાથી આગળ વધે ? "

જોત્યાજી આ વૃતાંત કહેતો હતો, તેજ વખતે ઉમદા પઠાણુ વેષમાં વિભૂષિત થયેલી અને તેજ વેષ પહેરેલા પોતાના અનુચરો સહ, રાજકુંવર યેસુબાઇ પાસે આવી ઉભી અને હસતી હસતી બોલીઃ " માતુશ્રી, આજે એક મહદ્ કાર્ય માટે નીકળવાનું છે. શત્રુએ પેલો ઉભો કરેલો કોટ જોયો કે ? તે જમીનદોસ્ત કરી શત્રુની છાવણીમાં મ્હારો હાથ બતાવી આવીશ. તે કાર્ય માટે તળેટીમાંથી નિજામપુર સુધી એક ભોંયરૂં ખોદાવ્યું છે. તેમાં રહીને જઇશ અને શત્રુની રેવડી દાણુદાણુ કરીશ ! શ્રી ભવાની માતાની કૃપા, માતુશ્રીનું શિક્ષણ, વડીલોનો આશીર્વાદ, સમર્થની કૃપા અને દેવી, તમારૂં પુણ્ય એ સર્વના યોગથી આજેજ મ્હારૂં એ સાહસ યશસ્વી બનશે. દેવી, અફજૂલખાનને મળવા શિવાજી મહારાજ નીકળ્યા તે વખતે તમણે જે ભાવનાથી જીજામાતાના ચરણુમાં મસ્તક નમાવ્યું હતું, તેવુંજ આજે

મ્હારૂં મસ્તક તમારા ચરણમાં મુકું છું. ભાભી, આશીર્વાદ આપો! મહારાષ્ટ્ર સ્વામિની, આનંદભૂવનની માલીક, જીજામાતાએ જેવો યશસ્વી, શુભદાયી અને મંગલ આશીર્વાદ આપ્યો હતો તેવો ત્હમે મ્હને આપો!”

“જા, શૌર્યશાલિની જા! વીર કન્યા યશસ્વી થા. જા, તું કર્તવ્યકર્મની ભાવનાથી જાગ્રત થયેલી છે, તું સ્વાભિમાનની ઇર્ષાથી બળી રહી છે, તું દેશાભિમાનની તેજઃપૂંજ શક્તિની સેવિકા બની છે અને તું મહારાષ્ટ્ર ધર્મની વીરશ્રીથી પ્રેરિત થયેલી છે. હું જાણું છું કે, એવા ઉગ્ર અભિમાનથી ઓતપ્રોત થયેલી પત્ની, પોતાના કર્તવ્ય ભ્રષ્ટ, અંધ સ્વાર્થી, મહારાષ્ટ્રધર્મને ત્યજી ગયેલા પતિને શિક્ષા કરવા સમરાંગણપર ધસી જાય છે. કામ કઠિન છે, માયા આંધળી છે, યુવાવસ્થાનો મોહ ઉન્માદક છે અને સંસારસુખનું સ્મરણ ભેદક છે, પણ કર્તવ્ય શ્રેષ્ઠ છે. બાળા! અર્જુનને પણ એટલો ભેદક મોહ ન હતો. તેને ફક્ત ભાઇઓના રક્તથી હાથ ભ્રષ્ટ કરવાનું ઠીક લાગતું નહતું; પરંતુ તે ભ્રષ્ટ કર્યા પછી સર્વ વૈભવ ભોગ તેના આગળ હાથ જોડી ઉભો રહેવાનો હતો. મ્હારી પ્રભુ કન્યા પોતાના સૌભાગ્યપર શસ્ત્ર ખેંચી જાય છે. તે પોતે સ્વેચ્છાથી જાય છે. તું કર્તવ્યવિમૂખ થાય છે એમ કહેવા ત્હારી પાછળ શ્રીકૃષ્ણ નથી. એવાજ કર્તવ્યની પ્રખર ચીણગારીથી જશવંતસિંહની અપ્રતિષ્ટા રાણી ચંદ્રાવતીએ કરી હતી. બહેન, ત્હને હું શો આશીર્વાદ આપું? સર્વ મહારાષ્ટ્રે તને ક્યારનોએ આશીર્વાદ આપી દીધો છે. જા, બેટા, યશસ્વી થા, જા! હે મંગલકારક દેવો, મ્હારી બહેનનું રક્ષણ કરો! એને વીરશ્રીથી વિભૂષિત કરો! “જોત્યા, રાજકુંવર આત્મોત્સર્ગ કરવા નીકળી છે. જા, તે જાય તેથી વિરૂદ્ધ દિશામાં ડુંગરપરથી ઉગ્ર યંત્રનો મારો શરૂ કર. શત્રુને લાગે કે મરાઠાઓ આ બાજુથી હુમલો કરે છે. ઉદ્ધવયોગ દેવ, પેલી તરફના ઉતાર ઘાટપરથી બસો પાંચસો બળદનાં શિંગડાંએ બળતી મસાલો બાંધી તેને દોડાવી મુકો, શત્રુ સમજે કે, આ તરફથી પણ મરાઠાઓ ઉતરે છે. આ રીતે શત્રુનું લક્ષ ચલિત કરો. મ્હારી બહેનનો રસ્તો સરળ બનાવી આપો. આ નિઝામપુરનું જેવી સેના (વિજાપુરી સેના) કેમ આવતું છે! ‘શું એ આજુબાજુનાં ગામ

બાળી મુકી મોગલ સૈન્યને ખોરાક પાણીની અછત પાડી હેરાન કરવા કહે છે ? ' ના, એમ ન કરતાં બહારનું સૈન્ય સર્વ વ્યવસ્થા કરી લેશે. તેમજ જંગલોમાં આપણા છુપાઈ રહેલા માણસો, આપણું છૂટું સૈન્ય એ કાર્ય શાંત રીતે કરી લેશે. તમારો એ વિચાર વ્યર્થ જશે, કારણ, શત્રુ સૈન્ય અતિ મ્હોટું છે. વળી પાછળ આસદખાન નીકળ્યો છે. માટે અત્યારથીજ આપણે નિર્બળ બનીએ તેવું સાહસ કરવાની જરૂર નથી. તેને બદલે અંતઃકરણ દૃઢ રાખી ઉપર ઉપરથી શત્રુ સૈન્યને સહાય આપવાનો ડોળ કરો. પ્રસંગે એમ કરવું એ પણ ધર્મ છે. તેનું પાલન ન કરવું એ પોતાનો નિરર્થક નાશ કરવા જેવું છે."

જોત્યાજી, રાજકુંવર, ઉદ્ધવયોગદેવ અને નિજામપુરના શિબંદીઓએ માતુશ્રીનું તે ધીરોચિત વીરોચિત ભાષણ અતિ ઉત્કંઠા પૂર્વક સાંભળી લીધું. થોડા વખતમાંજ રાજકુંવર દૃષ્ટિ બહાર નીકળી ગઇ. મોગલસેના નદીના પૂરની માફક વધવા લાગી હતી. એક તરફ જંજિરકર સીધીએ ડુંગર ચઢવાનો વિચાર કર્યો હતો. તે બાજુએ લક્ષ આપવા માટે સ્વતઃ યેસુબાઇ ધસી ગયાં. તે ઘડીમાં નીચેના તટ–કોટપર જતાં તો ઘડીમાં ઉપરના કોટપર આવતાં. કિલ્લાના ભાગ ઉતારવામાં કે ચણાવવામાં તે પોતે કામે વળગતાં હતાં. કડીયાઓ પર બરાબર દેખરેખ રાખતાં હતાં. વચ્ચે વચ્ચે તે પોતે તોપો ગોઠવતાં અને અચૂક ગોલંદાજી પણ કરતાં હતાં.

એક બાજુએ જંજીરકર ડુંગરપર ઘણે સુધી ચઢી આવ્યો, ત્યારે આપણી આ રણધુરંધરે કોટમાં છીદ્ર પડાવી તેમાંથી ઉકળતું તેલ શત્રુપર વહેવડાવ્યું. દારૂ ભરેલી પીપો ઉપરથી ગબડાવી શત્રુ સમૂહમાં સળગતી હવાઇઓ ફેંકી પીપોનો દારૂ સળગાવી દીધો.

આવી રીતે ડુંગર પર ભયંકર પ્રતિકાર થવાથી મોગલ સરદારોને પર્વત દુર્ગ પર ચઢી જવાની અશકયતા જણાવા લાગી. હમણાં એટલે ઉંચે ગોળા ફેંકી શકે તેવી કે તે ભયંકર પત્થર–બખ્તરમય કિલ્લાને ભેદી પોતાનું કાર્ય સિદ્ધ કરી આપે તેવી તોપો પણ નહતી. રાજકુંવર આજુ બાજુની ટેકરીઓ પર ચઢી, ફરી, ભમી શત્રુને મોરચો સ્થિર કરવાનો લેશ માત્ર અવકાશ આપતી ન હતી. ઉલટું ડુંગરપરનાં અસ્ત્રોના આઘાતથી સ-

જકુંવરના રાત્રિના વખતના ભયંકર હલ્લાથી, અને આંજુબાજુના ગ્રામ્ય નિવાસીઓએ જીવ પર ઉદાર થઇ ગામડાં બાળી મુકી ચોતરફનો પ્રદેશ ઉજ્જડ કરી નાખ્યાથી, મોગલ સૈન્યમાં હાહાકાર વર્તી રહ્યો. આથી રણોન્મદ મોગલ સેના નાયક હતાશ થઇ પોતાનું સૈન્ય સંકેલી લેવા લાગ્યો. તેણે પોતાના કુશલ યોદ્ધાઓની સલાહથી, પોતાનું સૈન્ય કિલ્લાના પ્રતિકારની મર્યાદા બહાર કાઢ્યું. હવે તેમણે કેવળ કિલ્લાને ઘેરો નાખી, છેવટ બહારથી આવતી સામગ્રી કિલ્લામાં જતી અટકાવી ભૂખમરો આપી પરાભવ આપવાનો ઉપાય કર્યો, પણ એ ઉદ્દેશ સંપૂર્ણ રીતે સિદ્ધ કરવા કિલ્લાને ચોતરફથી ઘેરી લેવાની જરૂર હતી, અને તે માટે અસંખ્ય સૈનિકોની આવશ્યકતા હતી. તેટલા માટેજ આસદખાન બાદશાહના દરબારમાંથી નીકળ્યો હતો, પણ તે આવતા સુધી ઘેરાનું વર્તુળ બને તેટલું નરમ કરી વિસ્તૃત રાખવાનો અને ફક્ત નાકેબંદી દ્વારા કિલ્લાપર જતું અનાજ પાણી અટકાવી દેવાનો બંદોબસ્ત રાખી, દુષ્કાળનું ભયંકર દુઃખ આપી યુક્તિથી બને તો દાવ જીતી જોવાનો મોગલ સેનાધિપતિએ નિશ્ચય કર્યો.

શત્રુએ પોતાનું ઘોરણ સંકુચિત કરેલું જોઇ, કિલ્લામાં સ્વાભાવિક રીતે ચિંતા ઉપન્ન થઇ. કિલ્લો ઘેરનાર સેનાનું અને આસદખાનનું કોઇ પણ રીતે મિલન ન થવા દેવા માટે માતુશ્રી યેસુબાઇ અને રાજકુંવર, કંઇ યુક્તિ શોધી કાઢવાના મહાન વિચારમાં પડયાં. આવી રીતે ઘણો કાળ ગયા પછી જાણે એકાએક રાજકુંવરનાં નેત્રમાં વિદ્યુલ્લતા ચમકવા લાગી. તેના મુખ પર હાસ્ય વિલસવા લાગ્યું. તે યેસુબાઇનો એકદમ હાથ પકડી અપૂર્વ ઉત્સાહથી બોલીઃ

" ભાભી, દેવી, અત્યાર સુધી મ્હેં રાત્રિએ ઘણા છાપા માર્યા પણ જોઇએ તેવું મ્હોટું કાર્ય સાધ્ય થયું નથી. ઉલટું શત્રુ સાવધ થઇ, વ્યુહ બાંધી બેસી રહ્યા પણ હવે અત્યાર સુધી મ્હને જે અનુભવી જ્ઞાન મળ્યું છે, તેની સહાયથી શત્રુની હાર ભેદી બહાર પડીશ."

" અને તું જઇશ ક્યાં ?"

" ક્યાં જઇશ ? ક્યાં જઉં હું ! પનાળગઢ ઉપર સંભાજી અને ધનાજીની મદદ લઇ આવું છું."

"બીજું ?"

"બીજું ? અને બીજું દેવી, બાદશાહ અલમગીરના દિવાન—ઇ—ખાસ—માં પ્રવેશ કરી શત્રુના હસ્તમાંનાં શસ્ત્રો ખેંચી લઇશ."

"ખેંચી લાવીશ, વાહ, બ્હેન! તું સિંહની પુત્રી છે. ઇંદ્રને ઐરાવતપરથી ઉતારીશ. ચિત્રરથને પુષ્કરનીએ લાવીશ, પણ મ્હારી બ્હેન..."

"પણ બણ કંઈ નહિ. બેટા નહિ અને બ્હેન નહિ. બસ, હું જઇશ જા."

"જા, બ્હેન જા! ચાલ, પ્રભુના સિંહાસન પર સ્વસ્તિવાચન કરીએ. બ્રાહ્મણોનો આશીર્વાદ લઈએ અને સુમુહૂર્ત શોધી કાઢીએ, ચાલ! ભગવાન બળીને દાબવા પાતાળમાં ગયા હતા. બળીને પાતાળમાં દાબતાં ભગવંતે જે મંત્ર ઉચ્ચાર્યો હતો, તેનોજ ઘોષ બ્રાહ્મણો પાસે કરાવીશું, ચાલ!"

"પણ પ્રભુ, મુહૂર્ત શા માટે? સદ્કાર્યને શકુન શા? આ આનંદભુવનમાં મહારાષ્ટ્ર ધર્મનું મંગલ કાર્ય એટલું શુભ પ્રેરિત છે કે, આપણે પગ ઉપાડીએ તેજ વખતે મંગલ મુહૂર્તે અવસ્ય પોતેજ પોતાનો પ્રહર શરૂ કરવો જોઇએ. અયે! આકાશમાં ભ્રમણ કરી રહેલા સારસ ચાષ પક્ષીઓ, અરે હંસો, અરે ભારદ્વાજો, મ્હારી બ્હેન નીકળે તેજ વખતે સુસ્વરે તમારા આલાપથી તેને વધાવજો. અરે, કસ્તુરીમૃગો, મ્હારી લાડકી નીકળતાંજ સર્વત્ર સુગંધી સુગંધ બહેકાવી મુકો. ઓ કપિલિકાઓ! મ્હારી વ્હાલી વીર ભૂષિણી નીકળતાંજ શુકનનું દહીં આપવા માટે ઉષ્ણ દુગ્ધ ધારાઓ છોડવા માંડો. અરે, ગંગાસાગરનાં કમલપુષ્પો, મ્હારી પ્રાણાધાર નીકળતાંજ તમે ખિલસો, અરે કોણ છે? જાઓ, મ્હારી દેવીના માર્ગપર મોતી, હીરા અને માણેક વેરો. હવે વેદઘોષ શરૂ કરો. અયે, સ્વાતંત્ર્ય કન્યાઓ! તમારી આ પ્રિય સખી રણાંગણપર સાસરે સીધાવે છે. હવે દહીં દુધના કુંભ લઇ સ્હામે આવો. જા, બેટા, મ્હારી બ્હેન જા! પરાક્રમથી પૃથ્વી ગજાવી આલોક અને પરલોકમાં મહારાષ્ટ્રની પ્રિયતાનાં યશોગાન કર, જા!"

આશીર્વાદના મંગલ મુહૂર્તે સમયે, તેજ રાત્રે શત્રુના અસાવધ ભાગ પર તૂટી પડી અને મોટું ભયંકર છિદ્ર પાડી સાહસપૂર્વક શત્રુસમૂહની બહાર નીકળી રાજકુંવર પનાળગઢના માર્ગે ચાલી ગઇ.

પ્રકરણ ૧૮ મું.

એ નવો સ્વાર કોણ?

स्नेहं दयां च सौख्यं च यदि वा जानकी मपि ।
आराधनाय लोकानां मुञ्चतो नास्ति मे व्यथा ॥

(उत्तररामचरित्र.)

પાછલા એક પ્રકરણમાં, સંતાજીના કુટુંબ સાથે સૂર્યાજી ચૂપકીથી પણ મનમાં ને મનમાં કેટલીક વખત હાસ્ય કરતો ચાલ્યો જતો હતો, ત્યાં સુધી આપણો કથા ભાગ આવ્યો છે. તે સર્વે દેવળમાં આવ્યા. સંતાજીને ઉતાવળો હાંકતો હાંકતો ચાલતો જોઇ સૂર્યાજીના મુખપર કિંચિદ્ વિસ્મય, તો કિંચિત ભીતિ, એવા મનોવિકારની છટા સહજ સૂક્ષ્મ રીતે જોનારને જણાય તેમ હતું.

થોડા ઘણા સમયમાં તો તે પ્રત્યેક વિચાર પ્રવાહ તણાતા દેવળમાં આવી પહોંચ્યા. સંતાજીએ તેમને પટાંગણમાં મુકામ આપ્યો. દેવળના પટાંગણમાં આવતાંજ સંતાજીના માણસો તેમનો મ્યાનો અંદરના ભાગમાં લઇ આવ્યા. કમળા મ્યાનામાંથી ઉતરી ગુંબજમાં જતી હતી અને સંતાજીનાં માણસો આસપાસ કનાતો બાંધી તેનો માર્ગ સરળ કરતા હતા એટલામાં સૂર્યાજી દેવળની આજુબાજુ ફરી આવ્યો. તેણે સંતાજીને કહ્યું: "અરે સંતાજીરાવ! આ દેવળની જમણી બાજુએ સારાં મકાન અને વહેળાપણ છે! એકેને તાળુંજ નથી. હું બધી ઓરડીઓમાં ફરી વળ્યો. દેખાય છે તો ઓ-

---

* ભાવાર્થ:—પ્રજાજનને સંતુષ્ટ રાખવાના કાર્યમાં સ્નેહ, દયા, સૌખ્ય અને પ્રસંગે પ્રિય જાનકીનો ત્યાગ કરવાથી મ્હને ક્લેશ થશે નહિ.

રડીઓ, પણ અંદરથી ત્રણ ચાર મજલાનાં ભવ્ય મકાનોજ છે ! અહાહા, અંદર વાસણ કુસણ, ધાન્યાદિ એટલાં ભરપુર છે કે, મ્હને લાગે છે કેઃ જાણે દેવસ્થાનની મ્હોટી કોઠીસ્તો ! ભંડાર કહો કિંવા ખજાનાની જગ્યાં કહો, પણ એક વખત આ સ્થાન અતિ અગત્યનું હશે. લોકો કહે છે કેઃ અહીં બ્રહ્મ રાક્ષસ રહે છે, ત્યારે શું કરવા નકામી બાઇ માણસને વિષની પરીક્ષા લેવા રાખો છો ? એ પગલાં પાછળ મકાનમાંજ રહો ને ! સામાન છે અને સામગ્રી એ છે."

"એમકે ? અરે સખૂજી, જા, સર્વ પેલી ઓરડીઓમાં મુકી આવ, અને ત્યાં શું છે તે મ્હને જોવા દે. " એમ કહી સંતાજી ઓરડીઓ તરફ ગયો તેવોજ સૂર્યાજી ભયંકર દ્વેષાગ્નીથી બળતો હોય તેમ જણાયો. સંતાજીએ એક ઓરડી જોઇ તે સાથે તેને તેની નજીકની બીજી ઓરડીઓ જોવાની ઇચ્છા થઇ.

ઓરડીઓનાં તાળાં તડાકાબંધ તોડાવ્યાં. સૂર્યાજીએ ધીમે રહી કહ્યું કે, "ત્યાં બ્રહ્મ રાક્ષસ હશે ? " પણ સંતાજીએ કહ્યું, "ત્યારે તે મને પહેલી ઓરડીમાં કેમ ન મળ્યો ? "

આ ઉત્તરથી સૂર્યાજી ઠંડોગાર થઇ ગયો. સંતાજીએ સર્વ ઓરડીઓ પછી શાંતિ પૂર્વક જોઇ. તેમાં એકત્ર કરેલી અઢળક સંપત્તિ જોઇ સંતાજી ખુશી થયો, પણ સૂર્યાજી માત્ર લાલ થતો ગયો. તે ક્રોધાવેશમાં કંઇક બડબડયો. "ઠીક છે લુચ્ચા ! મ્હને જે લૂંટ મળવાની છે તે તને મળી છે તેના કરતાં કેટલી મૂલ્યવાન છે ? " પછી તેણે સંતાજીને કહ્યું. "સંતાજીરાવ, હવે હું ગઢપર જાઉં છું. વખત મળશે તો કમળાબાઇની ખબર લેવા આવીશ, અને માતુશ્રીને પણ તે અહીં આવ્યાં છે એવી ખબર આપીશ. પછી તે જેમ કહેશે તેમ કરીશ. સંતાજીએ ફક્ત "ઠીક છે. " એવો ત્રોટક ઉત્તર આપ્યો અને સૂર્યાજી ગયો. સંતાજી પણ પોતાની ઇચ્છા પ્રમાણે વ્યવસ્થા કરવામાં નિમગ્ન થયો.

સર્વ વ્યવસ્થા થયા પછી સંતાજી એકદમ, " હું જઇ આવું છું ! " એટલુંજ પોતાના માણસોને કહી ચાલ્યો ગયો. જતી વખતે પુનઃ તેણે

કહ્યું. " મ્હારી સહ જોઇ બેસી રહેશો નહિ. હું અમુકજ વખતે આવીશ એમ કંઇ નથી. મ્હારી કયાં જરૂર પડશે અને તે કયારે પૂર્ણ થશે તે નક્કી નથી. "

સંતાજી ગયો. બિચારી કમળા પોતાની સંસાર રેખા આંકવામાં મગ્ન હતી. તેના સર્વ માણસોએ ગૃહવ્યવસ્થા સ્થિર કરી. કમળા મનમાં ને મનમાં આનંદમગ્ન હોવાથી તેનો પગ એક ઠેકાણે સ્થિર રહેતો નહતો. તે સખુજીને સાથે લઇ સર્વ દેવળ ફરી વળી. દેવનાં દર્શન કરી આવી, પછી દેવળની પાછળ આવેલી પુષ્પવાટિકામાંથી કેટલાંક પુષ્પ એકઠાં કર્યાં. કુંડપર સ્નાન કર્યું. મહાદેવની પુજા કરી અને થોડી રસોઇ બનાવી પતિનો માર્ગ જોતી બેઠી. ઘણીજ રાત વીતી છતાં જ્યારે પતિદેવ આવ્યા નહિ, ત્યારે તેણે થોડુંક ભોજન કર્યું અને પ્રવાસના શ્રમને લીધે બેઠી હતી ત્યાંજ આડી થઇ.

બીજો દિવસ ઉદય પામ્યો. કમળા પ્રાતઃકાળે ઉઠી, મહાદેવનાં દર્શન કરી કેશ વ્યવસ્થિત કરવાના કાર્યમાં ગુંથાઇ. એટલામાં " કેમ છો કમળા બાઇ, અહીં ઠીક ગમે છે કે ? " એમ સહજ હસી પુછતો પુછતો સૂર્યાજી અંદર આવ્યો. કમળા પોતાના કેશ સંકેલતી એક બીલોરી આરસા સ્હામે ઉભી હતી. સૂર્યાજીને જોતાંજ તેણે ઉતાવળથી પોતાનો વ્યાપાર સમેટી લીધો. પુનઃ તેણે તેજ પ્રશ્ન કર્યો, અને " કેમ ! સરદાર ઘરમાં નથી કે શું ? ઘેરો ચાલુ રહ્યો છે, દિવસો ધમાલના છે. પોતાના ઉદ્યોગમાં પડ્યા હશે, પણ આવનાર છે ક્યારે ? કંઈ કહી ગયા છે કે ? " એમ પુછ્યું.

બિચારી કમળાએ નીચું મુખ કરી માત્ર " ના ! " એટલુંજ મસ્તકથી સૂચવ્યું. " જુવાનીયા કેવા બેદરકાર ! પોતાની ગરીબ બિચારી સ્ત્રી એકલી આવા ભયંકર દેવળમાં છે. નોકરો કંઇ લહેરમાં હોય તો એક ઠેકાણે જંપીને બેસે, ભાંગ ગાંજાની ધૂનમાં સપડાયા કે, બહાર ભટકયા કરે, તે કેમ એમની ધ્યાનમાં નહિ આવતું હોય કોણ જાણે ! હું આવ્યો તે ઠીક થયું, નહિ કમળા ? "

કમળાના મ્લાન મુખપર બે અશ્રુબિંદુ ટપક્યાં. સંતાજીએ પછી બીજી ત્રીજી વાતો કરવા માંડી. માતુશ્રી યેસુબાઇને તેના આગમનથી ઘણું સારૂં લાગ્યાનું કહ્યું. થોડાજ વખતમાં તમારો મુકામ ગઢપર લઇ જવાનો છે એમ પણ કહ્યું, અને અલ્પ સમયમાં મ્હારી બ્હેનને તમારા સહવાસમાં મોકલીશ એમ કહેવડાવ્યું છે. એટલું કહી હવે મ્હારે ગઢપર જવું છે." એમ બોલી ઉતાવળો ઉતાવળો ચાલ્યો ગયો.

સંધ્યા સમય થવા આવ્યો હતો. હજી પણ સંતાજી પાછો આવ્યો નહતો. બિચારી કમળા મહાદેવના બાણુ પાસે જઇ અશ્રુ સારતી બેઠી, મન ખુલ્લું કર્યા પછી ઉઠી અને પાછળની પુષ્પવાટિકામાં અસ્તવ્યસ્ત પડેલી અનેક પુષ્પલતામાં એક નવીન લતા જઇ મળી. કમળા યુવાવસ્થાના મધ્યાહ્નમાં હતી પણ તેના સ્વરૂપને છાજે તેવા વસ્ત્રાલંકાર તેના પર નહિ હોવાથી જાણે એક રાની જાઇની વેલજ તે વાટિકામાં આવી હતી એમ કહેવું પડે છે. તથાપિ આજે તેણે ભૂરી કોરનું કાળું વસ્ત્ર ધારણ કર્યું હતું. અને જરીની ચોળી પહેરી હતી.

આજે કમળાના મુખ બિંબપર અસ્તાચલે જતા દિનમણીનાં કોમળ કિરણો પડી તે હમણાં રંગરૂપથી ચો તરફ ફેલાયાં હતાં. તેના પ્રશસ્ત કપોલ પ્રદેશપર કુકુંમચંદ્ર પ્રસ્વેદ બિંદુઓથી આચ્છાદાયલો હોવાથી સૂર્યબિંબના જેટલોજ મંદ પ્રભાયુક્ત જણાતો હતો. ફુલવાડીમાં ફુલેલી ગુલાબપુષ્પની છટા તેના ગાલના રંગ સાથે સ્પર્ધા કરતી હતી.

કમળા આ વખતે મંદમંદ પગલે અહીંથી તહીં, તહીંથી અહિં, એમ ફરતી હતી અને કદી એકાદ પુષ્પ ચૂંટતી હતી. આવા અસ્થિર ચિત્તે ફરતાં ફરતાં તેના માથા પરનું વસ્ત્ર પાછળ સરી પડતું હોવાથી તેણે કમરે કસી બાંધ્યું હતું. કારણ કે તે અનેક વખત કંટકવૃક્ષમાં ભરાતું અને તેના સ્વતંત્ર વિહારમાં હરકત કરતું. તેણે પોતાના વેણી ગુચ્છમાં એક જાતનું લાલ પુષ્પ હમણાંજ ખોસ્યું હતું. વચ્ચેજ તે એક ઝાડ નીચે સહજ ટેકી ઉભી રહી. તે આમ તેમ જોઇને કિંચિદ્ નિરાશ થઇ. એકાદ વખત તે દેવળના દરવાજા સુધી જતી, પોતાના નિવાસસ્થાન તરફ જતી, પુનઃ નિરાશાથી પાછી

ફરતી. હવે તે એક વૃક્ષ પાસે પુષ્પ ચૂંટતી બેઠી. તેણે ઘણાં પુષ્પો ખોળામાં એકઠાં કર્યાં, તેનો તેણે હાર બનાવવા માડ્યો. એટલામાં કોણ ક્યારે આવ્યું અને તેની પાછળ જઇ ઉભું રહ્યું તે સુદ્ધાં તેણે જાણ્યું નહિ. આવેલો માણસ તેના હાર ભરવાના વ્યવસાય તરફ જોતો, મનસાંજ મલકાતો કેટલાક વખત સુધી ઉભો રહ્યો હતો. તે હાર ગૂંથતી હતી તે દરમિયાનજ તેના ચક્ષુ દ્વારા ઉન્હાં આંસુનો બીજો એક હાર આપોઆપ તૈયાર થવા લાગ્યો. તે વ્યક્તિને એવોજ કંઇ સંશય આવ્યો હોય કે પછી અન્ય કારણ હોય, ગમે તેમ પણ તેણે નીચા વળી કમળાના વદન સામે જોયું તો! તેના અશ્રૂરૂપ હૃદય પુષ્પની કળીઓનો બીજો હાર દૃષ્ટિએ પડયો. તે મનુષ્યે તેને શાંત કરવા માટે આંસુ લુંછવા પોતાનો હાથ તેના ગાલ પર ફેરવવા લંબાવ્યો. તે સાથેજ કમલા ચમકી. પાછળ જોયું તો કોણ ? વાસ્તવિક રીતે તેના હાથમાંનો હાર જમીન પર પડવો જોઇતો હતો, તેના ખોળાનાં પુષ્પો જમીન પર વીખરાઇ જવાં જોઇતાં હતાં, પણ તેવું કંઇ બન્યું નહિ. કમળાની અને તે માણસની દૃષ્ટો-દૃષ્ટ થતાંજ કમળાની ગભરાયલી મુદ્રા પર લજ્જાની મધુર છટા પ્રસરી. તેની દૃષ્ટિ અધોઆપ ભૂમિ તરફ ખેંચાઇ ગઇ; તેના પગ આપોઆપ દૂર ખસ્યા. ખરી રીતે જે માણસનું તે અત્યાર સુધી ચિંતન કરતી હતી, જે માણસના અંતઃકરણની પ્રાપ્તિ માટે તે આટલે દૂર આવી હતી, તે મનુષ્ય પોતાની આ-ગળ આવી ઉભો રહેલો છે છતાં, કમળનાં ચરણ પાછળ કેમ હઠવા લાગ્યા ? પછી તે માણસેજ કમળના હાથમાંથી હાર લઇ લીધો. કમળાનું અંતઃકરણ આનંદના સાગરમાં તરતું હોવાનું ચિહ્ન, તેની મુખમુદ્રા વ્યક્ત કરતી હતી, પરંતુ તેના હાથ થરથર કંપતા હતા.

"મહાદેવ માટે આ હાર ગુંથ્યો છે ?" સંતાજીએ હસીને પુછ્યું. કમળા જેવી નવોઢાના મુખમાંથી પ્રથમ પ્રસંગમાં શબ્દોની આશા ક્યાંથી હોય ? સંતાજીએ પુનઃ પુછ્યું: "મ્હારી રાહ પુષ્કળ જોઇ હશે નહિ ?" એના પ્રત્યુત્તરમાં કમળાનું મુખ ગદ્‌ગદિત થયું. ચક્ષુમાં આવી રહેલું જળ પતિ જોઇ શકે નહિ તે માટે તેણે સહજ મુખ ફેરવી લીધું. "હું શું કરૂં ? હમણાં માતૃભૂમિ પર સંકટનું વાદળ ચઢી આવેલું છે, પણ કમળા !

પ્રભુ પાસે તું શી પ્રાર્થના કરતી હતી ?" સંતાજીના પ્રેમાળ પ્રશ્ન સાથેજ કમળાની નિસ્તેજ બનેલી વૃત્તિ દૂર થઇ. તેના સ્થળે હવે હાસ્યની લહરી વિલસી. "પણ કમળા ! હું વહેલો આવું એવુંજ તું પરમેશ્વર પાસે માગતી હતી કે ?" એમ કહી સંતાજીએ એક હાથમાં તેનો હાથ પકડયો અને બીજા હસ્તે તેનું મુખ પોતા તરફ ફેરવ્યું. કમળા ખડખડ હસી પડી અને પોતાનો હાથ છોડાવવા દાંભિક પ્રયત્ન કરવા લાગી. તેના જીવનમાં આવા સુખની આ પહેલીજ પળ હતી. નહિ તો તે લજ્જાની આરક્ત છટાથી રંગાઇ નહોત. કમળાએ પણ હાથ છોડાવવાનો પ્રયત્ન કરતાં હાથ ઉંધો થઇ ગયો પણ સંતાજીએ આંગળીઓ મજબૂત પકડી રાખી હતી. કોમળ હાથ જોઇ સંતાજીને આજે પહેલીજ કૌતુક લહર આવી હોવી જોઇએ. કારણ કે કેટલાક વખત સુધી તે એ હસ્ત તરફ નેત્ર સ્થિર કરી રહ્યો હતો ત્યારે શું તેની તર્જનીની હીરકમુદ્રિકાએ તેને મોહિત બનાવ્યો હતો ? કે તેના હાથ પરની નાજુક નસોએ તેને આશ્ચર્ય આપ્યું હતું ? કે તેના હસ્તની રેષાઓ જોઇ ભવિષ્ય વર્તતો હતો ? ગમે તેમ હો, હાથ જોતાં જોતાં તેણે તેને એકદમ પોતાના તરફ ખેંચી લઇ બાહુ પાશમાં સપડાવી દીધી.

કેવું આશ્ચર્ય ! હમણાંજ એક મોગલ સરદારને તેણે જે હસ્તથી ચતુર્ભુજ બનાવ્યો હતો, તેજ પરાક્રમશાલી હસ્તે પોતાની પ્રિય–કમળાને ચતુર્ભુજ બનાવી દીધી.

પણ એવા સુખની ક્ષણે પુનઃ કમળાનાં નેત્ર અશ્રુમય કેમ બની ગયાં ? આ પ્રેમનો પ્રસંગ કદાચિત તેણે અત્યાર સુધી સહન કરેલાં દુઃખોની કત્લ કરતો હશે. એક સુખની પળ કેટલાંએ વર્ષના દુઃખના ડુંગરોના ચૂરા કરી નાખે છે?! સંતાજીએ તેને કહ્યું; "કમળા, આમ રૂદન કેમ કરે છે ? આજે મ્હેં તને આટલા બધા પ્રેમથી મ્હારા હૃદયપર ધારણ કરી તે માટે કે ? પ્રિયે, ગાંડી, કમળા, આ હાર કોને માટે બનાવ્યો? કમળા, આજે તું તને ધન્ય માનતી નથી ? આજે ત્હારાં સર્વ વ્રત પૂર્ણ થયાં નથી ? ગાંડી ખરેજ ગાંડી! તદ્દન ગાંડી !" એમ કહેતાં કહેતાં સંતાજીએ અધર ચુંબન લીધું. કમળાનો હૃદય હર્ષ આ વખતે ત્રિભુવનમાં પણ સમાય તેવો ન હતો પરંતુ તે જાણે

દેહભાન ભુલી હોય તેમ પતિના વક્ષઃ સ્થળ પર માથું નાખી વિશેષ અશ્રુ વહેવરાવવા લાગી : " પ્રિય કમળા, ચાલ આજે આપણે અહીંજ બેસીશું. અને પ્રેમરસનું પાન કરીશું, જો, અનાયાસે ચંદ્રિકાનું રૂપેરી તેજ પડ્યું છે. હું પણ વધારે વખત રહી શકીશ કે કેમ તેની શંકા છે. જે લ્હાવો લીધો તે ખરો, આવ આપણે આમજ બેસીએ ! પણ વ્હાલી કમળા......"

મધુર શબ્દોથી અશ્રુ સમૂહ પુનઃ શુષ્ક થઇ ગયો. કમળાએ કહ્યું: "બસ્યું ! નામ તે કેટલી વખત દો છો ?"

" અરે મ્હારી ગાંડી ! ત્હારો અને મ્હારો સંબંધ આજકાલમાંજ ગ્રથિત થયો પણ તે પહેલાંએ ત્હારો અને મ્હારો, મ્હારો અને માતુશ્રી યેસુબાઇનો, માતુશ્રી યેસુબાઇનો અને સમર્થનો, સમર્થનો અને આ દેશનો, દેશનો અને પરમેશ્વરનો કેવો એક પ્રાચીન સંબંધ સંધાયલો છે તે તું જાણે છે ? ત્હારા અને મ્હારા નૂતન સંબંધમાં લજ્જા વિનયનો કોમળ તંતૂ વચમાં આડો પડેલો છે, પણ પ્રાચીન નૈસર્ગિક–દિવ્ય–સંબંધમાં એ કંટક કે આચ્છાદન નથી. કમળા ! ગાંડી કમળા ! મ્હારી વ્હાલી કમળા ! આપણે આજે એવીજ વાતો કરીશું. કારણ, હવે પછી મ્હને એવી સાંસારિક વાતો કરવાનો પ્રસંગ મળશે નહિ. ત્હારૂં મુખ કેમ ઉતર્યું છે કમળા ? ગાંડીબાઇ ! ત્હને, ત્હારાં સંબંધીઓને તરૂણ પ્રેમી કુમારિકાઓને વૃદ્ધ પ્રેમી આપ્તોને એમ લાગતું હશે કે, આજકાલના યુવાનો પોતાના અને બીજાના સ્નેહ સંબંધમાં ધુળ મેળવે છે. તેમ પણ હશે, નહિ વારૂ ? ગાંડા, પાગલ મનુષ્યો ! સંસાર એ શું આસુરી–વિષય તૃપ્તી કરવાનું એક ક્ષેત્ર છે ? પશુ પણ એવાં વિષયી છે કે ? કમળા, જીવનમાં સુખના પ્રસંગ ઘણાજ થોડા હોય છે. જો તે વારંવાર ક્ષણે ક્ષણે આવતા હોત તો એને " સુખ " નું નામ કોણ આપત ? વારૂં પણ કમળા, તું ત્હારા પિતાને અતિશય લાડકી હતી ખરૂં કે ?"

" આવું શું પુછતા હશો? આજે અહીંજ રહેવું છે ને ? મ્હને બ્હીક લાગે છે ! "

ત્હારાં સંબંધીઓએ ત્હને હાથમાં ને હાથમાં રાખી હતી. ત્યારે હવે

ત્હારા વગર તે એકલાં કેમ રહે છે?"

"વારંવાર એવી શી વાત? મ્હારા ભલા માટે—સુખ સારૂ રહે છે, સમજ્યા?"

"ગાંડી, ત્હારા સુખ માટે, તે સ્વતઃ તકફડી જાણી જોઇને પોતાના સુખનો ભોગ આપે છે. ગાંડી, ત્યારે ત્હારા જેવી કેટલીક તરૂણ બાળાઓના સુખ જો અમારાથી સાધ્ય થતાં હોય તો અમારે ત્હારા સંબંધીની માફક અમારા સુખનું કંઇ બળીદાન આપવું ન જોઇએ કે? કમળા, આજે તને જે સુખની ઘડી સાધ્ય થઇ લાગે છે, તેવી આનંદની એક પણ ક્ષણ ત્હારી ચો તરફ કેટલી બાલિકાઓને મળે છે તે તો જો! દેશમાં અત્યાચારની હદ વળી ગઇ છે. અત્યાચાર અને જૂલ્મથી કેટલીક બાળાઓનું સત્યાનાશ વળી રહ્યું, અરે આર્ય માતાની ભવિષ્યની વીર પ્રસવિનીઓ પીડાય છે તે જો! અમે તરૂણો તે જોઇ શકતા નથી, માટેજ અમારા આગળ પીરસાયલી થાળીઓ ઠેલી મુકીએ છીએ અને બીજાની પાસેથી પડાવી લેવાની ઇચ્છાથી આવનારાઓને હાંકી મુકવા ધસી જઇએ છીએ. આવી સ્થીતિમાં ત્હારા જેવી નવોઢાને વિરહાગ્નિમાં બળી ભસ્મ થતી જોઇ અહર્નિષ મ્હને ચિંતા થાય છે. ત્હારા જેવી બાલાની ચિંતાથી તેનાં માબાપ, કોઇ ભ્રમિષ્ટની કોટમાં પોતાની પુત્રીને બાંધી પોતાને હસ્તે તેના સંસારના સુખની રક્ષા કરી એમ સમજે છે? ખરૂં કે કમળા? ગાંડી, દશ જણના સુખને માટે એક અંજલિ સુખનો ભોગ આપવોજ પડે. ત્યારે, કમળા, હું ત્હારી પાસેથી જઉં કે નહિ? આમ ત્હારી પાસે બેસી રહું એ તને ઠીક લાગે છે?"

કમળા કંઇ બોલી નહિ. તે અજ્ઞાન—અણસમજુ નહતી પણ તેને આજે પહેલીવારજ પોતાના પતિની પ્રેમાળ વાણી સાંભળવાનો અવસર મળ્યો હતો, તેથી તે શરમાઇ ગઇ હતી. સત્ય સ્વર્ગ કયું તે વિષે તેના મનમાં ભ્રાન્તિ ઉત્પન્ન થઇ હતી. સંતાજીએ હવે પોતાનો પાયજામો વગેરે વસ્ત્રો ઉતાર્યા હતાં. તે હમણાં તેના ખોળામાં શાંતતાથી મસ્તક મુકી પડ્યો હતો. કમળા પતિની દિવ્ય અને શાંત મુદ્રા જોવામાં લીન થઇ હતી.

આ ઉભયનું તેજઃપૂંજ વદન જોવા ચંદ્રદેવતા પ્રફુલ્લિત બન્યો હતો. આવી સ્થિતિમાં ઘણો સમય ગયા પછી સંતાજી બોલ્યો.

"પ્રાણેશ્વરી કમળા ! આજે આપણે વાતો કરીને જાગરણુજ કરવું છે ! તું સંયોગિતાની વાત જાણે છે કે ? રાણી ચંદ્રાવતીનું નામ તો તેં સાંભળ્યુંજ હશે. રાણી પદ્મિનીની વાત તુંજ મ્હને કહે ! સાવિત્રીબાઇ આપણા શિવાજી મહારાજ સાથે કેવી રીતે લઢી હતી તેની તને ખબર છે ? અરે, વેલવાડીનો કિલ્લો લેવા આપણા મહારાજના અસંખ્ય સૈનિકોએ જઇ ઘેરો નાંખી તેના પતિને ઠેર કર્યો. તે સાથેજ તે સ્વાભિમાની વીર પત્ની પોતાની તલવાર લઇ પતિના ખાલી ઘોડાપર સ્વાર થઇ હતી. કમળા મ્હારાપર તેવી આફત આવતાં તું મ્હારી પ્રતિજ્ઞા પૂર્ણ કરશે કે ?

"એવું ચિંતન શા માટે ? હું તો કહું છું કે મ્હને એક ક્ષણ છુટી રાખશો નહિ. હું તમારાં હથીયાર સ્વચ્છ કરીશ, હું તમારા ખીજમતગારનું કામ કરીશ અને રણભૂમિપર ભોજન લઇશ પણ તમારી સાથેજ આવીશ."

"પ્રિય કમળા, સાંભળ, ત્હને જીજાબાઇ માતુશ્રીની વાત કહું છું. અરે, પ્રત્યક્ષ સસરો જબરદસ્ત સૈન્ય લઇ જમાઇની પાછળ પડ્યો હતો. શહાજીરાજા જ્યાં રસ્તો જડ્યો ત્યાં નાસવા લાગ્યા. તેમની સાથે જીજાબાઇ હતાં. આજે પ્રસુતિ થશે, કાલે થશે, એવી ભયંકર સ્થિતિમાં હતાં. તેમને ઘોડાપર બેસતાં આવડતું નહતું—બેસી શકે તેમ પણ નહોતું. એથી શહાજીરાજા નાસી શકતા નહતા. આવી વિકટ પરિસ્થીતિને લીધે છેવટે નાસતાં નાસતાં શહાજીરાજાએ માતુશ્રીને જુન્નરના કિલ્લામાં એક સ્નેહીને ત્યાં નિરૂપાયે કહે, કે કંટાળીને કહે, ગમે તેમ પણ રાખ્યાં અને પોતે પોતાના બચાવ માટે નાસી ગયા. પુત્રી જુન્નરના કિલ્લામાં છે એ બાતમી જાધવરાવને મળી. પછી પિતાએ પુત્રીને કહેવડાવ્યું કેઃ પીયરમાં આવ. ત્હારી જીંદગી સુધી ત્હારૂં પાલન પોષણ કરીશ. એવા પતિનું પુનઃ મુખ પણ જોવું ન જોઇએ. હૃદયેશ્વરી કમળ ! માતુશ્રીએ પિતાને શો ઉત્તર આપ્યો હશે ? તેમણે સંદેશો મોકલ્યો કે; "પિતાજી ! સ્ત્રીએ પતિની પાસેજ રહેવું જોઇએ. પિયર ગમે

તેવું શ્રીમંત હોય પણ ત્યાં તેનો હક્ક નથી. જે ગતિ તેમની તેજ ગતિ મ્હારી. હું તેમની સાથેજ સુખે દુઃખે મ્હારો ગૃહસ્થાશ્રમ ચલાવીશ. કેવું સ્વાભિમાન કમળા! ઠીક કમળા, ત્હને ઉલૂપીની વાતની ખબર છે? તેનો પુત્ર બભ્રુવાહન પોતાના પિતા સાથે યુદ્ધ કરતો નહતો. ત્યારે તેણે કહ્યું કે, "બેટા, એ ક્ષત્રી ધર્મ નથી. યુદ્ધમાં સ્હામે પિતા, બન્ધુ, પતિ, ગમે તે આવે, પણ યુદ્ધ કરવુંજ જોઇએ." તું જાણે છે કેની કે, ઉલૂપીની એ સલાહથી બભ્રુવાહને પોતાના પિતાને મૃત્યુ શય્યાપર નાખ્યો હતો? દેવી કમળ! કર્તવ્યની ઉચિત ભાવના વીરોએ અને વીર પત્નીઓએ એવી રીતે રાખવી જોઇએ છે. મ્હારી પ્રાણથી વ્હાલી કમળા! તું ઉલૂપી થઇશ કે? પ્રિય કમળે, તું ઉત્તરા થઇશ કે? અરેરે, કેટલી બાળવયમાં તેના પર આફત આવી હતી? પેલો અભિમન્યું તરૂણ હતો! તેથી અવિચારે મ્હારી પુત્રીને કચડી નાંખી, એમ તેનો પિતા બોલ્યો હતો કે?"

"પણ, આજે ઉદાસ થઇને આવી વાતો કેમ કહો છો?" તેણે જરા ઉદાસ ચિતે પૂછ્યું.

"એ વાત જવાદે. હાં, પેલો હાર કોને માટે ગુંથ્યો છે તે તો કહે? મ્હારી સ્હામે જો! મ્હારે માટે કે? પણ કેમ ગુંથ્યો? ત્હારા શૃંગાર સુખમાં વૃદ્ધી થાય તે માટે?"

"બળ્યું? આવું આવું શું બોલતા હશો?" એમ કહી કમળાએ બનાવટી ક્રોધ કર્યો.

"છટ! પ્રાણપ્રિયે કમળા! ત્હારા દેશને જ્યારે સૌભાગ્ય સુખના શિખરે ચઢાવીશ ત્યારે, ત્હારા જેવી હઝારો અલેતી બાળાઓને માટે સુખનો સૂર્ય ઉગશે, જ્યારે ત્હારા અભાગી રાજાને પાછો સિંહાસન પર બેસાડીશ ત્યારે તું આવો હાર લઇ મ્હારા કંઠમાં આરોપવા સ્હામી આવજે. મ્હારા તે મનુષ્યત્વને જોજે? કમળા, મ્હારા આ ગોરા ગફુર શરીર તરફ દૃષ્ટિ કરીશ નહિ! દેશને સુખે સુખી બનજે! મ્હારાપરના પ્રેમથી પાગલ બનીશ નહિ! કમળા, કમળા, ચાલ હમણાંજ લાવ એ હાર! ચાલ, આ. પણે તે શ્રી શંકર મહાદેવના બાણુ પર આરોપી પવિત્ર થઇએ! ચાલ,

આવ મ્હારી પાછળ ! ગાંડી, મ્હારાથી અદ્યાપિ પર્યંત ત્હને સુખ મળ્યું નહિ. હું ત્હને મ્હારો પ્રેમ બતાવી સંયોગ આપી શકતો નહિ, માટે તું ઘેલી બને છે ! આ ક્ષુદ્ર સુખ કરતાં તને ચિરકાળ ટકે તેવું સુખ પ્રાપ્ત થાય, તું વીર પત્ની બને, તે માટેજ મ્હારૂં જીવન છે ને ? એ જીવન એકાદ મદ્યપાનીની માફક અહર્નિશ લીન રહે છે. તેથીજ મ્હારા મનમાં ત્હારી શૃંગારિક પ્રતિમા કોતરાતી નથી. તે કોતરી લેવા મ્હને વખતજ મળતો નથી. ”

“ હું હવે માઠું નહિ લગાડું ! નહિ, હવે મનને શાંત રાખીશ ! ” એમ કહી કમળા પતિના વક્ષઃ સ્થળપર નખથી કંઇ કોતરવા લાગી. એટલામાં બહારથી વિઠાજી ચવ્હાણની સીસોટી સંભળાઇ. સંતાજી ઉભો થઇ તલવાર પકડી બોલ્યો;—

“ કમલા ! આવ્યું તે રણદેવીનું–ત્હારી પ્રતિસ્પર્ધિનીનું આમંત્રણ. કમળા, તેણે મ્હારે માટે પુષ્પશય્યા તૈયાર કરી હશે. ” સંતાજી એમ બોલતો વસ્ત્રો ચહડાવતો હતો, એટલામાં વિઠોજી ત્યાં આવી કહેવા લાગ્યો. “ સર્જેખાન—મોગલસિંહ મોટું ટોળું લઇ સતારા તરફથી આવે છે. કાલે ઇસ્માઇલખાનના માણુસોએ દેહ દંડ ભરી દીધો છે. પણ સતારા તરફ તમારી પાછળ સર્જેખાનને છાનામાનો તૈયારી કરી મોકલ્યો છે એવી બાતમી મ્હને બાદશાહી મંડળ તરફથી મળી, તેથીજ હું અહીં દોડી આવ્યો છું ? ”

“ અને શંભુ મહાદેવના ડુંગરમાં પેલો માનેનો સસરો શું કહે છે ? દુરની વાત પહેલી આવે છે, અને માનેના સાસરાની કેમ આવતી નથી ? વિઠોજી, તું સીધો ત્યાં જા અને મ્હારો ભાવિ વિચાર ત્યાં રહેલા મ્હારા માણુસોને કહે, અને બીજું કામ એ કર કે, તે માનેના સસરાને પ્રથમ તોપને મોઢે બાંધી એક વાર પહેલે જ ગોળે ઉડાવી દે. ”

સંતાજીએ પોતાની આજ્ઞાનું છેવટનું વાક્ય ઉચ્ચાર્યું તે સાથેજ દેવલમાંથી “ હાં ! ” એવો એક આશ્ચર્યોદ્ગાર સંભળાયો. પણ સંતાજી પોતાનીજ વિચારમાળામાં મગ્ન હોવાથી તથા કમળા અંતઃકરણની અસ્થિરતાથી

કુંઠિત થયેલી હોવાથી, કોઇનું પણ તે તરફ લક્ષ ગયું નહિ. વિઠોજી માત્ર જતાં જતાં દેવળમાં નજર કરી ગયો, પણ તેને ત્યાં કોઇ મળ્યું નહિ.

સંતાજી નીકળ્યો. નીકળતી વખતે તેણે કહ્યું: "દેવી કમળા, જાઉં છું! પાછા ફરતાં કેટલો વખત લાગશે તે નક્કી નથી. વચ્ચેજ જો મા સાહેબ બોલાવે તો ગઢપર જજે. મ્હારી રાહ જોઇશ નહિ. જીવતો રહીશ તો પુનઃ મળીશજ. નહિજ બન્યું તો મ્હારી સુલોચના, મ્હારો આ વીર્યશાળી બાહુ ત્હને મ્હારો વૃત્તાંત જણાવવા આવશે! કેમ, રડે છે કેમ? એવો માયાનો મોહ વીરપત્નીને શોભે કે? સાંભળ, એક વીરપુત્ર પિતાની કીર્તિ સાચવવા યુદ્ધ માટે નીકળ્યો હતો. અમુકજ સમયે ત્યાં જવાની જરૂર હતી. તે શય્યાગારમાંથી ઉઠવા લાગ્યો, તેટલામાં તેની પ્રિય પત્નીએ સંતતિની યાચના કરી. તે પ્રેમી પલળ્યો. કર્તવ્યભ્રષ્ટ થયો. એ વાતની તેના પિતાને ખબર પડી. તેના પિતાએ પોતાના એવા કર્તવ્યભ્રષ્ટ, વિષયી પુત્રને પોતાનું સત્વ વ્યર્થ કર્યાથી કડકડતા તેલની કઢાઇમાં હોમી દીધો હતો! દેવી કમળ! માટે હું એ વીર શ્રી યુક્ત સત્વથી વિમુખ થઉં તેવી વૃત્તિ તું ધારણ કરીશ નહિ. મ્હારી ગેરહાજરીમાં મહાભારતનું અધ્યયન કરી સંતોષ રાખજે. અમે મરાઠાઓ કેટલાક કાળ સુધી નવીન ભારત ઉત્પન્ન કરવાના ઉદ્યોગમાં પડયા છીએ. એવું મહાભારત નિર્માણ કરીશું કે, નવો વ્યાસ નિર્માણ થઇ એક પ્રચંડ ગ્રંથજ ઉદ્‌ભવશે. કમળા, જાઉં કે?"

"જાઓ, ખુશીથી જાઓ, કર્તવ્યપરાયણ થાઓ. સ્વદેશને માટે પ્રાણ અર્પણ કરો અને વિજય મેળવો. આ હાર હું મ્હારી પાસે રાખીશ. આ જગતમાં આપની કુશળતા હશે ત્યાં સુધી એ કરમાશે નહિ. અભાગી થઇશ તો આ હાર કરમાશે અને તે સાથેજ આ હાર લઇ અગ્નિ કાષ્ટનું ભક્ષણ કરી, આપના ગળામાં અર્પણ કરવા સ્વર્ગમાં આવીશ. જાઓ, આર્યાવર્તનું રક્ષણ કરો! આર્ય માતાને સ્વતંત્ર બનાવો. સર્વત્ર સુખ શાંતિ પ્રસારો."

"હે પ્રભુ! પરમાત્મા, અમારી મરાઠા સ્ત્રીઓની આવી પતિપ્રેમની નૈસર્ગિક ઘેલછા અમોને અખંડ યશ આપે. જાઉં છું દેવી."

સંતાજી ગયો તેવો એકદમ શંભુ મહાદેવના ડુંગરે પહોંચ્યો. તે તરફથી સર્જેખાન ચૂનંદા પઠાણોની એક મ્હોટી ટુકડી લઇ આવતો હતો. ઇસ્માઇલખાનની જે સ્થિતિ થઈ તે તેના આગળ તાદૃસ્ય વિચરતી હોવાથી તે સંપૂર્ણ સાવધાનતાથી ગુપચુપ નીકળ્યો હતો. તે ડુંગરના ચઢાણ ઉતાર અને વાંકાચુંકા માર્ગોની બહુ સંભાળ રાખતો. ટુંકામાં તે પોતાના માણસોને અતિશય સાચવીને માર્ગક્રમણ કરતો હતો. સર્જેખાન પોતાને સિંહ કહેવડાવતો હતો ખરો પણ શત્રુના આગમનની કોઇ વાત કરતું તો "સંતાજી આયા કયા ?" એવાજ શબ્દો તેના મુખમાંથી નીકળી તેની બીકણતા વ્યક્ત કરતા હતા.

આવી રીતે સર્જેખાન ચાલ્યો આવતો હતો તે દરમીયાન એક મ્હોટા વૃક્ષ નીચે કેટલાક મુસલમાનોને નમાજ પઢતા જોયા. તેમાંના કેટલાક રડતા હતા, કેટલાક પોતાનો સરસામન જોતા હતા, કેટલાક ઉઘાડે માથેજ ઉભા હતા, કેટલાક ઘા પર પાટા બાંધતા હતા અને કેટલાક જખ્મ બાંધી પૃથ્વીપર પડેલાઓની સુશ્રુષા કરતા હતા. એ જોઇ સર્જેખાન ત્યાં અટકયો. આ માણસોએ દૂરથી આવું મ્હોટું સૈન્ય જોઇ પ્રથમથીજ નાસવા માંડયું હતું. ફક્ત જેમનાથી હલાતું ચલાતું નહતું તેવાજ કેટલાક ત્યાં તરફડયા કરતા હતા. સર્જેખાને દૂરથી નાસતા મુસલમાનોને આશ્વાસન આપ્યું પણ તેઓ ઉભા રહ્યાજ નહિ. છેવટે સર્જેખાનના સ્વારોએ દોડતા જઇ તે લોકોને પાછા ફેરવ્યા. જો કે નિરૂપાયે તેઓ આવ્યા હતા ખરા પણ ભયથી કંપતા હતા. સર્જેખાન આગળ આવતાંજ તેમણે લાંબા થઇ નમસ્કાર કર્યા. ત્યાર પછી ખાને જ્યારે પોતે કોણ છે, શા માટે આવ્યો છે, વગેરે કહી આશ્વાસન આપ્યું ત્યારે તેમાંનો એક જણ બોલ્યો: "જહાંપનાહ ! હું કરાડાબાદનો કાજી છું. મક્કે જનારા આડોશીપાડોશીઓને લઇ બાળબચ્ચાં સાથે જંજીર જવા નીકળ્યો હતો. અમે પચાસ સાઠ માણસો હતાં; પણ મરાઠાઓએ અમને મારી નાંખ્યા !"

"ક્યાં છે મરગઠ્ઠા ?" સર્જેખાને ક્રોધિત થઇ કહ્યું. તે જો કે આ પ્રમાણે ગુસ્સે થઇ બોલ્યો હતો પણ તેના મુખ પરથી તથા તે ચોતરફ

જે શંકાશીલ દષ્ટિથી જોતો હતો તે પરથી લાગતું હતું કે, મરાઠાનું નામ સાંભળતાંજ તેનં હૃદય ધડકતું હોવું જોઇએ.

"હુઝુર! અમારી સ્ત્રીઓને પકડી ગયા. અમારૂં સર્વસ્વ લૂંટી લીધું અને અમને માત્ર નગ્ન કરી છોડયા!"

"શું, મક્કાની હજે જતા ફકીરોની એવી દુર્દશા કરી? મરાઠાઓ તમારી સ્ત્રીઓને પકડી ગયા? અફસોસ! ક્યાં ગયા તે? કયા માર્ગે ગયા? કેટલા હતા?"

"જહાંપનાહ, બસો ત્રણુસો હતા, વધારે નહતા."

"એટલાજ? દૌલતખાન, પાંચસો સાતસો સૈનિકો લઈને તેમનો પીછો પકડ! આ કાજી તને કઇ દિશાએ જવું તે બતાવશે. અહમદખાંન, તું પણ તેટલાંજ માણુસ લઇ દૌલતખાનની પાછળ રહે." ખાને આ પ્રમાણે બંદોબસ્ત કર્યા પછી લૂંટાયલા માણુસોને–બંધુઓને વસ્ત્ર, ખોરાક આપી ઔષધોપચાર કરવા પોતાના સેવકોને હુકમ કર્યો. હવે આગળ જવું કે દૌલતખાનના આવતા સુધી છાવણી નાખી પડવું, તેના વિચારમાં પડયો. મક્કે જતા યાત્રાળુઓની સ્ત્રીઓને મરાઠાઓ પકડી ગયા એ વાતથી તેનું રક્ત તપી ગયું હતું, તેથી છેવટે તેનો બદલો લેવા માટે કાફરોને દૌલતખાન પકડી લાવે ત્યાં સુધીને માટે મુકામ કરવાનું ઠરાવ્યું. તેણે નિશ્ચય કર્યો કે: કાફરોને ઝાડ સાથે બાંધી આસપાસ કાંટા ગોઠવી ઉભા ને ઉભા સળગાવી મુકવા!

આવો નિશ્ચય કરી તે વિચારતરંગ અનુભવતો હતો એટલામાં એક સિપાહીએ ખબર આપી કે; પાછળની ટેકરીપરથી સો બસો મરાઠા ઉતરે છે. સર્જેખાને પોતાની પાછળનાઓને જોરથી કહ્યુ: "અરે! સામગ્રીના પોઠી વચ્ચે રાખો! લૂંટારાઓ તેના પર હાથ નાખવા આવ્યા હશે. કત્લ કરો ગુલામોની! મહમદખાન, જા તે ચોરોને બાંધી લાવ! પેલો સંતાજી ક્યાં ભરાઇ બેઠો છે તે તેમની પાસેથી જાણી લઇશું. જા!" મહમદખાને આ કાર્ય ઉત્સાહથી સ્વીકાર્યું. તે જેવો ગયો તેવુંજ મરાઠા સૈન્ય બ્હી ગયા જેવું કરી આમ તેમ નાસવા માંડયું. તેમની પીઠ પકડવાને મહમદખાને

સરસ ચપળતા બતાવી. મરાઠાઓ એટલા ભય પામી ગયા હતા કે, તેમનાં અર્ધાં માણુસો લેશ માત્ર પ્રતિકાર કર્યા સિવાય શરણે આવ્યાં. એ સર્વેને મહમદખાને એક પ્રશ્ન કર્યો:

"તમારો સંતાજી ક્યાં છે? બતાવો, નહિ તો ગર્દન ઉડાવું છું." બિચારા મરાઠાઓએ પ્રાણુ રક્ષણ કરવા માટે કહ્યું: "ખાવિંદ, સંતાજી પેલી તરફના ડુંગરમાં કેટલાક મુસલમાનોને લૂંટી ભરાયો છે. તેની પાછળ મુસલમાન સૈન્ય પડ્યું છે. તે અને અમે અહીં સુધી નાસી આવ્યા છીએ. તે ત્યાંની ગુહામાં ભરાઇ બેઠો છે. અમારે માટે ત્યાં જગ્યા ન હતી અને સંતાજીએ પણુ અમને કાઢી મુકયા. તેથી આત્મરક્ષણાર્થે અમે આ બાજુ તરફ ચાલી આવ્યા. હવે જીવતદાન આપો! મારશો નહિ."

સંતાજી નજીકમાં ભરાયો છે એ જાણી મહમદખાનને અત્યંત ઇર્ષા ઉત્પન્ન થઇ. મરાઠાઓમાંથી એક બેને લઈ તે સંતાજીની ગુફા તરફ જવા કમર કસી સજ્જ થયો. અન્ય માણુસોને પોતાની ટુકડીના અર્ધા માણુસો સાથે ખાન પાસે કેદી તરીકે મોકલવા હુકમ કર્યો. તે સાથે તેણે ખાનને કહેવડાયું કે, "બીજા પાંચસો સૈનિકો મોકલવા કે જેથી અલ્પ સમયમાં સંતાજીને ખાવિંદના ચરણુમાં લાવી મુકું."

ખાન આ સંદેશો સાંભળી હર્ષ મદમાં ડુબી ગયો. તેણે મહમદખાનની ઇચ્છા પ્રમાણે એક ટુકડી મદદ માટે મોકલી. ટુકડી જવા લાગી તેજ વખતે દૌલતખાનનો પણુ તેવોજ ખલિતો આવ્યો, એટલુંજ નહિ પણુ ચારસો પાંચસો મરાઠાઓને કેદ કરી મોકલ્યા. હવે ખાનને અને આસ્માનને બે તસુનું અંતર રહ્યું! તેણે દૌલતખાનની સહાય માટે એક મ્હોટી ટુકડી મોકલી.

ખાને પાંચસો છસો મરાઠા કેદીઓ પર એક મ્હોટી ટૂકડી બંદોબસ્ત માટે રાખી અને પોતે હુક્કા-શરાબના એશઆરામ માટે તૈયાર થયો. તે મનોરાજ્યમાં અનેક પ્રકારના તર્ક કરી ભવિષ્યની પોતાની વૈભવપ્રતિષ્ઠાના વિચારમાં ગુંથાયો હતો. "બાદશાહ આગળ સંતાજીને લઇ જઇશ અને મુકારબખાન કરતાં પણુ મ્હોટું માન મેળવીશ. મરાઠા કેદીઓના પ્રત્યેક શિર માટે હજારો હોન કીંમત ગણી લઇશ." આવી કલ્પના કરતો તે બેઠા

કાજીઓમાંના એક કાજી સાથે પેલી તરફની નદી પર સ્નાન કરવા નીકળ્યો. નદી બહુ દુર નહતી. ખાન તરવાનો શોખિન હતો. આ વખતે પેલો કાજી અને તેનાજ માણુસો સિવાય સાથે અન્ય કોઇ નહતું. ફક્ત તેના ચાર હમાલો હતા, કારણ કે નદી શબ્દ ધ્વનિની મર્યાદા બહાર ન હતી. નદી કિનારે એક ગાલીચો નાખી તે પર ખાન કાજી સાથે હુક્કા પાણી કરતો નદીની શોભા જોતો બેઠો. નદીનું જળ વિસ્તીર્ણ અને ઉંડું હતું. તેથી તે અતિ શાંત અને ગંભીર રીતે વહેતી હતી. કૃષ્ણાનું તે પ્રશસ્થ જળ, ગંભીરતાથી વહેતો પ્રવાહ, ધીચ ઝાડી, પવર્તાવલીની સુંદરતા અને ગગન ચુંબીગિરિ શૃંગો; વગેરે નયન મનોહર દશ્યથી ખાન એટલો મોહ પામી ગયો હતો કે, તેણે તુરતજ કપડાં કાઢયાં અને નદીમાં વિહાર કરવા ઉતર્યો.

કાજીએ પણ પોતાનો પાયજામો વગેરે કપડાં ઉતાર્યા. માત્ર એક કુરતુ રાખ્યું હતું. ખાન હવે ઉત્સાહથી તરવા લાગ્યો. કાજીને પણ પ્રોત્સાહન મળ્યું. કાજીની તરવાની ચપળતા જોઇ ખાન પણ પોતાનું કૌશલ્ય બતાવવા લલચાયો. કાજી વચ્ચે ડુબકી મારી એકાદ સુંદર મત્સ્ય કાઢતો, તેને હવામાં ફેંકતો અને પુનઃ તે જે સ્થાને પડતુ તે સ્થાન તાકી ડુબકી મારી તેજ મત્સ્ય કાઢતો. તેનું આ નૈપુણ્ય જોઇ ખાન પણ હરીફાઇ કરવા લાગ્યો. તરતાં તરતાં ખાન ઘણે દૂર આવી પહોંચ્યો. પણ થાકી ગયો. એટલામાં કાજીને કોણ જાણે શો વિચાર થયો કે તે અચાનક ખાનના શિર તરફ ચિત્તાની માફક ધસી ગયો અને કમરમાંથી એક દોરડું છોડી તેને ઘટ્ટ જકડીબાંધી ઘણે દૂર જઇ નીકળ્યો. ખાનના જે થોડા સેવકો હતા, તે ખાનને ઘણે દૂર તરવા ગયેલો જોઇ ત્યાંજ હુક્કા પાણી ઉડાવતા બેઠા. એક એક દમ મારી ખાન ગયો તે તરફ કીનારે કીનારે જવાના હતા. પણ પેલી તરફ કાજીએજ પછી ખાનને કૃષ્ણાના બીજા તટ તરફ ખેંચ્યો. ગળ કે જાળમાં સપડાયલા જળચર પ્રાણીની માફક ખાને ઘણોએ તડફડાટ કર્યો, પણ કાજીએ તેને શાંત રહેવા બે ચાર વખત હાથ બતાવ્યો હતો, તેથી તેનો તડફડાટ હવે શાંત થઇ ગયો હતો. તે શબની માફક કીનારાપર પડી રહ્યો હતો. કાજીએ એક કર્કશ સીસોટી વગાડી. તે સાથેજ આસપાસના જંગલમાંથી બે ચાર કાળા

કાજળ જેવા ભીલ બે ચાર સશક્ત ઘોડા લઇ આવ્યા. કાજીએ એક પર ખાનને આડો નાખી બાંધી લીધો અને બીજા પર પોતે સ્વાર થઇ આંખ મીંચાઇ ન મીંચાઇ એટલામાં ક્યાં ને ક્યાં પેલા ઘોડા સહિત નીકળી ગયો.

દૂરથી આ દેખાવ જોતાં, ત્યાં શો ચમત્કાર થયો તે જાણવા માટે આતુર નેત્રે ખાનના હમાલો જોવા લાગ્યા, એટલામાં પાછળ હર હર મહાદેવની પ્રચંડ ગર્જના થઇ. પેલા કેદ થયેલા મરાઠા વીરો સમશેરો ખેંચી ખાનની છાવણીમાં રહેલા સૈન્ય પર તૂટી પડયા. તેમણે હરહર મહાદેવનો ઘોષ કર્યો તે સાથેજ આજુબાજુની ખીણો અને ગિરિકંદરોમાંથી હજાર બારસો માવળાઓ વાઘની પેઠે કુદતા, ફલંગો મારતા આવ્યા. પછી વરૂના હસ્તમાંથી શિકાર ક્યાં જાય ? ખાનના મનુષ્યોનો કચ્ચરઘાણ નીકળી ગયો !

સર્વ મરાઠા એકત્ર થયા. એકે કહ્યું: "વિઠોજી, હવે આપણી આ લૂંટ લઇ પનાળ જવું કે રાયગઢના જંગલમાં જવું ? આપણા પેલા કાજી ક્યાં ગયા હશે ?"

બીજાએ કહ્યું: "બહિર્જી ! આપણે પ્રથમ ગઢના પેલા અરણ્યમાં જઇ આવીએ. રાયગઢના ઘેરાની શી હકીકત છે, તે પણ સમજાશે અને માલોજીએ અલીમર્દખાન સામે પડાવ નાખ્યો છે તેનું પરિણામ પણ જણાશે."

આવો વિચાર નક્કી થયા પછી બહિર્જી અને વિઠાજી પોતાની લૂંટ અને કેદી લઇ રાયગઢને રસ્તે વળ્યા. રસ્તામાંજ તેમનો બીજો સરદાર કે જે દૌલતખાન અને મહમદખાનને ગીરફતાર કરી આવ્યો હતો તે મળ્યો. સર્વેએ મળી આનંદપૂર્વક માર્ગક્રમણ કરવાનું શરૂ કર્યું.

* * * *

કાજી, પોતાના કેટલાક ભીલો સાથે ખાનસહ એક જંગલમાં સહજ વિશ્રાંતિ લેવા ઉતર્યો હતો. હમણાંજ ખાન શુદ્ધિપર આવ્યો હતો અને કાજીએ પણ તેને બંધન મુક્ત કર્યો હતો. કાજી પણ પોતાનો કાજીશાહી પોષાક હમણાંજ ઉતારતો હતો. ખાનની ખાત્રી થઇ કે આ કાજી નથી પણ કોઇ પાજી છે. તેથી હવે કેવો પ્રસંગ આવશે તેની ચિંતામાં તેનું હૃદય ચણચણવા લાગ્યું. તેની આવી અવસ્થામાં કાજી પાજી હોય તો ઠીક છે પરંતુ તે મુસલમાન નથી, તે તો એક કાફર છે, એમ જણાતાં તેનાં નેત્ર ઉઘડી

ગયાં. તેનાં દાંત કડકડવા લાગ્યા—તે કંપવા લાગ્યો! એટલામાં રૂપમાં પરિવર્તન કરતો કાજી બોલ્યો: "યહી સંતાજીકા કાવા હૈ? સર્જેખાન, અફળાઇશ નહિ. ફક્ત બે લાખ રૂપિઆની હુંડી મોકલી દે પછી ત્હારે બાદશાહના નામ પર મોકલવી હોય તો તેમ કર પણ દંડ ભરી દે. બાદશાહી હોન ગણી આપ અને સ્ત્રી પુત્રાદિ સાથે આનંદ કરવા ખુશીથી જા. અમારે મનુષ્યોનો સંહાર કરવો નથી. હારેલો દાવ જીતવાનો છે. દૌલતખાન, અહમદખાન, સાંભળ્યું કે? બહિર્જી, બાદશાહના એ જમાઇઓને પાછા લઇ જા. એકને રાખ ચંદન કિલ્લામાં, બીજાને રાખ વંદન કિલ્લામાં અને આ ખાનને રાખ કરાડાના ડુંગરમાં. એના તરફથી દેહદંડ મળશે એટલે હું સંકેત કરીશ; ત્યારે એને છોડી દેજો. ઠીક વિઠોજી, આપણી મીલકત આપણા સ્થાનમાં રાખ અને બાદશાહના દરબારની હકીકત મેળવ. હું હમણાં હુસેનબેગ હૈદ્રાબાદીની ખબર લેવા જાઉં છું. કહેવાય છે કે એ મ્હોટા ખાન સંતાજીને પકડવા આવ્યા હતા."

સંતાજીનો આ હુકમ સાંભળતાંજ સર્વેએ તેનું પાલન કર્યું. સંતાજી પોતાના ઉદ્દિષ્ટ કાર્ય માટે ચાલ્યો ગયો.

થોડાજ વખતમાં બાવાઓનાં ઝુંડનાં ઝુંડ પનાળ તરફથી કોલ્હાપુરની દેવીના દર્શનાર્થે જતાં જણાવા લાગ્યાં. તેજ તરફ ખાન હુસેનબેગની ફોજ ગર્વિત બની રાજારામ મહારાજને બાંધી લાવવા નીકળી હતી. એ ખાનનો રોફ ઓરજ હતો. તે પોતાની ફરફરતી દાઢી પર હાથ ફેરવતો અભિમાનપૂર્વક જતો હતો. એટલામાં સામે પેલા બાવાઓનું ઝુંડ આવતું જોઇ કુચેષ્ટાના ઉદ્દેશથી તેણે તે અટકાવ્યું:

"કેમરે મરગઠ્ઠાઓ! ક્યાં જાઓ છો? અહીં અમારા ઘોડાઓને નવડાવવાની નોકરી કરો ને! ભીખ માંગી માંગીનેજ બધું ખોયું!"

"જી હુઝુર, અમે ભિક્ષુકો નથી. સંતાજીએ અમને લૂંટી લીધા છે, તેથી બાવા બની અમારા મહારાજા આગળ ફરીયાદ કરવા જઇએ છીએ."

"રાજારામ! હા, તમારો તે અજ્ઞાન રાજા! તે શો ન્યાય કરવાનો છે! હું તો તેને કેદી કરી લેવાનો છું. મૂર્ખ સંતાજીના હાડકાંનો હું ચૂરો કરી નાખવાનો છું."

"ત્યારે હુઝુર, અમારી દાદ તમેજ સાંભળો ને ! અમે જન્મોજન્મ તમારી નોકરી કરીશું. સરકાર, પનાળગઢનો ગુપ્ત માર્ગ તમને બતાવીશું. જોત જોતામાં તમે એ તોફાનીઓને મુસ્કેટાટ કરી લેશો.

"એમ ? ઠીક છે.........

ખાન કંઇ કહેવા જતો હતો એટલામાં, "આવ્યો, શત્રુ, લુચ્ચો આ-વ્યો, સંતાજી આવ્યો ! ભાગો, ભાઇ ભાગો !" એવી કેટલાએક બાવા-ઓએ બુમ પાડી અને ચોતરફ નાસી છૂટવા લાગ્યા. ખાન, અને ખાનના માણસો એટલાં તો ગભરાઇ ગયાં કે તે હાવરા બાવરા બની પોતાનાં હથી-યાર સંભાળવાનું પણ ભૂલી ગયા. એટલામાં વળી બીજી બાજુથી કેટલાક મરાઠા ઘોડેસ્વારો વરૂના ટોળાની પેઠે ધસી આવતા હતા. બાવાઓની બુ-મથી બ્હી ગયેલા ખાનને ભાન આવ્યું ન આવ્યું એટલામાં વરૂઓએ સર્વેને ફાડી ખાવાનું શરૂ કર્યું, અને પેલા બાવાઓએ પણ પોતાનું સત્ય સ્વરૂપ એકદમ પ્રકટ કરી ખાનને ચૂંથવા માંડયો !

ખાનના વિસ્તીર્ણ સૈન્યને ચપળ યુક્તિબાજ મુઠ્ઠીભર મરાઠાઓએ પહેલે જ સપાટે ગભરાવી નાંખી, પાછળથી હુમલો કરી કાપી નાખ્યું.

"યહી સંતાજી કા કાવા." કહી સંતાજીએ પોતાના હમેશના નિયમ પ્રમાણે માત્ર ખાનને જીવતો પકડયો.

સંતાજી વિજયાનંદમાં પોતાના કેદીને ડાબી બાજુ ઘોડા પર એસાડી ચાલવાની ધૂનમાં હતો, એટલામાં સામેથી એક મરાઠો સ્વાર દોડતો આવતો જણાયો. તુરતજ પરસ્પરે સાંકેતિક ઉચ્ચાર કર્યો, એટલે પેલો સ્વાર પણ નિર્ભય ચિત્તે સંતાજીને આવી મળ્યો અને કહ્યું: "કોણ, સંતાજી ?"

સ્વારને ઓળખી તુરતજ સંતાજી પોતાના ઘોડા પરથી નીચે ઉતરી પડયો અને તેમની ચરણ રજ પોતાના શિર પર મુકી ખાન તરફ આંગળી કરી કહ્યું: "આ તમારો કેદી. બીજા પણ કેટલાક ઉંદરને મ્હેં પાંજરામાં પુરી રાખ્યા છે."

સ્વારે માત્ર હાસ્ય કર્યું.

એ નવો સ્વાર કોણ ?

પ્રકરણ ૧૯ મું.

એક કાંકરે બે પક્ષી.

दुर्जनस्य च सर्पस्य वरं सर्पो न दुर्जनः ।
सर्पो दशति कालेन दुर्जनस्तु पदे पदे ॥ (ચાણાક્ય.)

જગતમાં સત્તા અને જુલમનું એટલું સંગઠન થયેલું છે કે, તેનો પ્રતિકાર કરનાર સુધારા શાસ્ત્રમાં પણ તેણે ઇચ્છિત પુનરાવૃત્તિ કરેલી જણાય છે. જગતનો પ્રપંચ પ્રેમ અને નીતિના પાયાપર ચાલે તે માટે શાસ્તાએ પાતિવ્રત્યનું જે મીઠું ગીત ગાવા માંડયું અને તેનો અનુભવાનંદ લેવા માંડયો, તેના આવેશમાં તેણે એક પત્નિત્વ સંબંધી પોતાને ખૂંચે તેવું કડક વ્રત કદી પણ સ્વીકાર્યું નથી. નિયમ–ધારાદિનાં ઉત્પાદક બનાવનાર પુરૂષ હતા તેથી તેને એક પત્ની મરણ પામી કે, બીજી, બીજી ગઇ કે ત્રીજી, અરે, એક જીવંત હોવા છતાં–બીજી અને બન્ને હયાત હોય છતાં પુત્રોત્પાદન માટે ત્રીજી કરવામાં પાપજ જણાયું નહિ!

એટલુંજ નહિ પણ સુધારાના નિયમથી તેણે સમાજ સુખ વૃદ્ધિ માટે જે એક નવીન પદ્ધતિ કાઢી, તેમાં પણ તેણે પતિનું અવસાન થાય કે રોગી થાય તો બીજો કરવો. એ જે સુધારણા કરી છે તે પણ તેણે સ્ત્રીઓ માટેજ કરી છે. પોતે તેમાં લેશ માત્ર બંધાયો નથી. વાસ્તવિક રીતે એક પત્નીત્વમાં જે સૌંદર્ય અને પવિત્રતા છે, તેનો સત્ય સત્કાર વૃદ્ધિંગત

ભાવાર્થ—દુર્જન અને સર્પ એ બેમાંથી સર્પ સારો છે, દુર્જન નહિ, કારણ કે સર્પ તો કોઈ સમયેજ દંસે છે પરંતુ દુર્જન તો પગલે પગલે દુઃખ આપે છે.

થાય તે માટે એક પત્નીત્વનો તેણે સ્વતઃ ઉજ્વલિતપણે અંગિકાર કરવો જોઇએ. તે છોડી દીધું, અને એ સમાજ શાસ્તા પુરૂષસત્તાના જૂલ્મનો ભોગ થઇ, સર્વ ધારા, ધોરણ, દુરસ્તી નિયમ વગેરે સર્વ કંઇ એક તંત્રતાથી અને અન્યનું બાંધી લેવાની સ્વાર્થી દૃષ્ટિથી બનાવવામાં આવ્યું.

આપણી પુતળાનીજ સ્થિતિ જુઓને ! બિચારી સંપૂર્ણ એક નિષ્ઠાથી સૂર્યાજીની આરાધના કરે છે, તો પણ પતિ દેવ મંત્ર ભક્તિ કદી પણ સ્વીકારતો નથી એનું કારણ; સ્ત્રીઓ અને સ્ત્રીઓની પવિત્રતા વગેરેની વાતો ધર્મશાસ્ત્રના બળપર પુરૂષો પોતાનાં વૈભવ બજારમાં મળનારી વસ્તુઓ છે એમ સમજતાં હોવાં જોઈએ, એજ બીજું શું ? જનસમાજની ખાતર ભલેને હોય, પણ પ્રભુ રામચંદ્રે સીતા દેવીનો ત્યાગ કર્યો હતો. એવો ત્યાગ કોઇ પણ દેવે જનસમાજને માટેજ કોઇ પણ દેવીનો કર્યાનું વર્ણન કોઇ પણ ધર્મશાસ્ત્રકારે એટલી ગૌરવતાથી વર્ણવ્યું છે કે ?

આપણી પુતળાની કેટલી દયાજનક સ્થીતિ હતી ? તેને લાગતું કે પતિ દેવે પોતાના પ્રત્યે અનન્ય ભાવે રહેવું જોઇએ. શરીરેજ નહિ પણ મનની સુદ્ધાં તેજ અવસ્થા હોવી જોઇએ. પુતળા ? કેવી આકાશ કુસુમ મેળવવાની ગાંડી ઇચ્છા ! આજ સુધી જગતના ઇતિહાસમાં કોઇ પણ પતિએ પોતાનું શરીર અને મન એક નિષ્ઠ રહી પોતાની પ્રિયતમાને સ્વાધીન કર્યું છે કે ? પુરૂષ ગમે તેમ કરશે, કારણ કે તે પુરૂષ છે. એ વાક્યનો જગતના આરંભથી જગતના અંત સુધીમાં કદી પણ ઉચ્છેદ થશે કે ?

પુતળાને હમેશ લાગતું કે, બાદશાહના અન્નથી પોષાઇ લજ્જીત બનેલા, માને, શીર્કે હમેશ આપણા ઘરમાં આંટા મારે છે, તે બરાબર નથી. પતિએ તેમનાં સહવાસમાં રહેવું ન જોઇએ. કારણ પાણી ગમે તેટલું નિર્મળ હોય તો પણ તે ગમે તેવા રંગના સહવાસમાં રહેતાં પોતે રંગાઇ ગયા સિવાય રહેતું નથી. માને વગેરે રોજ આવે છે પણ તે કદી ખુલ્લી રીતે આવતાજ નથી. કોઇ પણ ગુપ્ત માર્ગે આવે જાય છે. એ માર્ગ ક્યાં છે તે શોધી કાઢવા પુતળાએ પુષ્કળ પ્રયત્ન કર્યો, પણ વ્યર્થ. તેને પતિને ઘણા કાલાવાલા કર્યા, પણ નિરર્થક ઉલટું તે જ્યારે જ્યારે આવી સૂર્યાજીને વિન-

વતી ત્યારે તે માત્ર હસ્યાજ કરતો અને પુતળા બહુ બોલવા લાગતી ત્યારે તે બહાર જતો રહેતો. પછી પુતળા રડી રડીને આંખનાં પોપચાં ફુલાવતી. સૂર્યાજીનાં નેત્રો પણ તેની માફક કદી કદી લાલ બનતાં. તેમ શાથી થતું તેની ગંધ જો કે પુતળાને હતી, પણ તે કયાં જાય છે તે વિષે તે લેશ માત્ર જાણી શકી નહિ.

કેટલીક વખત માતુશ્રી યેસુબાઇને માને—શીરકેના આગમનની વાત કહેવા પુતળાની ઇચ્છા થતી, અને પોતાના મનનું દુઃખ તે દેવી પાસે હલકું કરવું એવું તે ઘણી વખત ધારતી. એક વખત તેણે વાતચીતમાંજ પોતાના સ્વામીને સ્પષ્ટ કહ્યું હતું કે એ લોકોને અહી આવતા બંધ નહિ કરો તો હું માતુશ્રી પાસે બંધ કરાવીશ. આ શબ્દો સાંભળી સૂર્યાજી પ્રથમ તો ચમકયો, પણ પછી તે હમેશ પ્રમાણે તિરસ્કારયુક્ત હાસ્ય કરવા લાગ્યો, અને જાણે પુતળાને નજર કેદ રાખવા જેવું કર્યું. જો કે તે ઘરની સ્વામિની હતી પરંતુ તેનો ઘર બહાર નીકળવાનો માર્ગ નહતો. એટલુંજ નહિ પણ તેના ઘરમાં સુદ્ધાં એક ચોક્કસ ભાગ તરફ જવાને તેને છૂટ નહતી. તે પત્ની પર પુષ્કળ ચીડવાઇ, ખીજવાઇ પણ તેનું કંઇ સાર્થક થયું નહિ.

સૂર્યાજી તેને સમજાવતો કે; “ગઢને ચોતરફ ઘેરો પડયો છે. હવે ઉપર જવાની સગવડ રહી નથી. તેમાં વળી સ્ત્રીઓ માટે તો છેજ નહિ, અને હું રહ્યો કિલ્લેદાર. મ્હારીજ સ્ત્રી દુશ્મનના હાથમાં સપડાય તો મ્હારી કીર્તિને કલંકિત કર્યા સિવાય રહે નહિ. અરે! એ લોકો નિંદાહ કરવાને પણ પાછા ન પડે. જે બાજુમાં હું તને જવા દેતો નથી, તેજ બાજુએ મોગલોનો હુમલો છે. હંજી સાવચેતીથી રહેજો. જો ઘરમાં બેસી રહેવાથી કંટાળોજ આવ્યો હોય તો ત્હારી નણંદ પેલી બકુલાને તેડી લાવતી રહેશે અને પાછી પહોંચાડશે. કદી કદી તું પણ ત્યાં જતી રહેજે. ભલેને તે નાગોજીરાવની માનીતી સ્ત્રી હોય! ભલેને હોય મોટાઇના ગર્વમાં! આપણે તેની મોટાઇને શું કરવી છે? તે પણ હમણાં કંટાળેલી છે. નાગોજીરાવ થયા છે વૃદ્ધ! યુવતી બકુલાની ઉંમર ૨૫ કે ૩૦ વર્ષની! તેમનો સંસાર ક્યાંથી સુખી થાય? પણ આપણને એ વાતની શી જરૂર છે? બકુલાબાઇ ઉદાર

છે. ત્હારી નણંદનાં સગાં છે. જીવ સહજ આનંદમાં રહે તેટલા માટે આપણે ત્યાં આવે જાય છે. આપણે તો બધાંની સાથે સારૂં રાખવું; તેમાં વળી હમણુાંના દિવસો ધમાલના છે ! કયારે કેવો પ્રસંગ આવશે તે કાંઈ નક્કી નથી. કોનો કયા વખતે કેવો ઉપયોગ થાય છે તેનો કંઇ નિયમ છે ? બકુલાબાઈ તરફથી પણ આપણુને થોડોક લાભ મળે છે. કાલે તેણે તને કંઠો આપ્યો હતો ને ? હવે ગઢ બહારથી આવતું બધું બંધ થયું છે. ત્યારે ઘરનો વ્યવહાર તો ચાલવો જોઇએ ને ? શું એકદમ મોગલોને શરણે જવું છે ?"

પતિનું આ બુદ્ધિ ચાતુર્ય પુતળાને ગમે તેવું હતું. તેમાં ખામી કાઢવાનું સ્થાન પણ નહતું. સમાજ રૂઢીએ સ્ત્રીઓને ગમે તેટલું અજ્ઞાન–અશિક્ષિતનું વિશેષણ આપ્યું હશે પરંતુ પુરૂષનું બકધ્યાન કેટલીક વખત તેમની નજરમાં આવ્યા સિવાય રહેતું નથી. પુતળા પોતાનો સંસાર જો કે નિત્ય નિયમ પ્રમાણે ચલાવે જતી હતી, પણ બકુલાબાઇના હમેશના આગમનથી તેને કંઇકંઈ થઈ જતું. પોતાના ઐશ્વર્યમદથી બકુલાબાઇનું પતિ સાથે ચઢાઉ-પણાનું અને કેટલીક વખત વિચિત્ર વર્તન થતું તે પુતલા જેવી સાલસ પત્નીને ચમત્કારિક લાગતું ! બકુલાબાઇનું પરપુરૂષ સાથે મર્યાદા શિલતાનું તો બાજુએ રહ્યું, પણ સ્ત્રી જાતિને શોભે તેવું વર્તન થતું હોય એમ પુત-ળાબાઇને જણાતું ન હતું. ગણોજીરાવ શીરકે આવવો જોઇએ. તે આવતો કે નણંદ, પતિ અને બકુલાબાઇ ક્યાંનાં ક્યાં જતાં રહેતાં, તે પુતળાને ઘણું નવાઇ જેવું લાગતું હતું, પણ તેમના એ વર્તનનું રહસ્ય તે બિચારી સમજી શકી નહિ."

આજે બકુલાબાઇ હંમેશની માફક બની ઠનીને આવી હતી. આવતાંની સાથેજ, "બકુલા ! ત્હને એક વાત કહેવાની છે." એવું સૂર્યાજીએ સ્વાભા-વિક રીતે, પણ ઉતાવળથી કહ્યું. પુતળાએ પાછળથી એ શબ્દો સાંભળ્યા હતા, બકુલાબાઈ પતિની સાથે ગર્વ ભરેલું વર્તન રાખે છે અને પોતાના સ્રૃંગાર વૈભવથી તેમને હમેશાં આંજી નાખવાનો પ્રયત્ન કરે છે અને વળી આજે પતિદેવજ તેને 'બકુલા' એમ કહી ટુંકા નામથી બોલાવે છે, એ જોઈ

પુતળાને વારંવાર આશ્ચર્ય થવા લાગ્યું. તેણે આજે બાજુની ઓરડીમાં સંતાઇ રહી સર્વ કંઈ સાંભળવાનો નિશ્ચય કર્યો.

થોડાજ વખતમાં નાગોજીરાવ માને આવ્યા. સૂર્યાજી કેમ ઉતાવળો થતો હતો? તેણે નિત્ય નિયમ પ્રમાણે નાગોજીરાવને લઈ બીજી જગ્યાએ જવાનો પ્રયત્ન ન કરતાં ત્યાંજ પાસેની એક ઓરડીમાં બેસાડયા. થોડી વારમાં હુક્કાનો ધુમાડો ઓરડી બહાર ફરી વળ્યો. આશ્ચર્યની વાત એ હતી કે, પુતળાની નણંદે બકુલાબાઈ સાથે બોલવા ચાલવાનું છોડી દઈ પોતાના વસ્ત્ર નીચે કંઇક દબાવી, પોતાનો ભાઈ જે ઓરડીમાં નાગોજીરાવ સાથે વાતો કરતો હતો ત્યાં ગઈ. એ ત્રિપુટી ત્યાં ઘણીવાર સુધી બેસી રહી હતી.

કેટલીક વારે પુતળાની નણંદ બહાર આવી અને પોતાની ભોજાઇને કહેવા લાગી: "ભાભી, નાગોજીરાવને ગાંડપણની લહેર આવી છે. તે કંઈનું કંઈ કહે છે. હું તેમને હમણાં શાંત રાખવાનો પ્રયત્ન કરૂં છું. તમે આઢલામાં ફરશો નહિ. ઉપર માળ પર બેસો, અને બકુલાબાઈ, તમે હવે ઘેર જાઓ. આપણા મકાનની પેલી બાજુએ મોગલ સૈન્ય મજબુત બન્યું છે. તમે તેજ બાજુએથી જાઓ, કારણ તમે મોગલ પક્ષનાંજ મનાઓ છો એટલે તમારો વાળ પણ વાંકો નહિ થાય. જો આ રસ્તે જશો તો, તમને કિલ્લેદારનું કુટુંબ માની કંઇ દગો ફટકો ઉભો થશે."

ચુગલી આ પ્રમાણે કહેતી હતી તેટલામાંજ નાગોજીરાવ એક દારૂડીયાની પેઠે બુમો પાડવા લાગ્યો. એ બુમ સાંભળતાંજ ચુગલીએ પુતળાને માળ ઉપર લઈ જવાની ઉતાવળ કરવા માંડી, તો પણ જતાં જતાં: "હું રાયગઢ લઇશ." એવી નાગોજીરાવે પાડેલી બુમ સંભળાઇ. વિશેષમાં પોતાને જે તરફ જવાનો પ્રતિબંધ હતો તેજ માર્ગે બકુલા અને સૂર્યાજી દોડી જતાં જણાયાં. તે ઉપર ગઇ કે તુરતજ તેની નણંદે દાદરનું બારણું બંધ કરી સાંકળ ચઢાવી દીધી; એટલુંજ નહિ પણ નાગોજીરાવ માનેની ઓરડીનું દ્વાર પણ ખડખડયાનો અવાજ સંભળાયો.

સંશયી માણસને સંશય એ ખડ્‌ગની ધાર કરતાં પણ વધારે તીક્ષ્ણ લાગે છે. તેમાં ખાસ કરીને સ્ત્રીઓનો સ્વભાવ વિશેષ સંશયી હોય છે, એવું સ્ત્રી

સ્વભાવના વર્ણનકારોએ લખી રાખ્યું છે. એ બિચારાઓને પોતાનો દોષજ દેખાતો નથી! સ્ત્રીઓની પાછળ આપણે એકજ ધ્યેય લગાડેલું છે. તેનો દેવ પતિ, તેનો ધર્મ પતિ, તેનો દેશ પતિ, કિંબહુના અખિલ જગત તેનું પતિ, એવુંજ એક તંત્રી, એક સૂત્રી, એકમેવ અદ્વિતીય ધ્યેય તેને માટે આપણે રાખેલું છે, એ તે બિચારા ક્યાં સમજે છે? સ્વાભાવિક રીતે એજ સ્ત્રીઓની પરમપૂજ્ય થાપણ છે અને તે તેના અંતઃકરણના કપાટમાં સંતાડી રાખવાનો પ્રયત્ન કરે છે, પણ એ થાપણ કેવી લુચ્ચાઇના નમુનારૂપ છે! ઉંદરની પેઠે, તે અંતઃકરણના કપાટની મજબુત સાંકળો પણ ધીમે ધીમે કાતરી નાખી બહાર પડી, બીજાના અંતઃકરણમાં પ્રવેશ કરી, ત્યાંનું પકવાન કે વધ્યા ઘટયા ભાખરીના ટૂકડા ચોરવાનો ઇરાદો કરે છે! એટલે સામાન્ય રીતેજ આ ધર્માજ્ઞાધારક, પણ અબળાઓ, પોતાના અશ્રૂની એટલે કરૂણાની જાળ તે ઉંદરના પીંજરાની ચોતરફ ફેલાવવાનો નિષ્ફળ પ્રયત્ન—યોજના—કરી તેને પ્રમાણિકતાનો પાઠ પઢાવવા પ્રયત્ન કરે છે. સ્ત્રીઓની આ પ્રકારની જાગ્રતાને તે પ્રબળ ઉંદર 'સંશય' કહે છે. એવા સંશયોનાં સૂત્ર, અમારી આત્મ સ્વતંત્રતા હરી લેવા માટે કામિની, વિના કારણે અમારા તરફ પ્રસારે છે એમ તેમને લાગે છે અને તે આ પ્રકાર વિરૂદ્ધ ખળભળી ઉઠે છે. પાગલ ઉંદરો! પ્રથમ પોતાની જાતને સુધારો, પછી સ્ત્રીઓને સુધારવા નીકળો અને પછીજ બીજાના અંતઃકરણ વિષે સિદ્ધાંત બાંધવા તૈયાર થાઓ. જ્યારે સત્ય સુધારો પોતાનામાંથી શરૂ થશે, ત્યારેજ જગત સુધરશે. એ સિવાય સુધારાની સર્વે યોજનાઓ શુષ્ક ઢોંગરૂપ છે!

આપણને એવી પંચાતમાં પડવાનું કંઇ કારણ નથી. પુતળાને સંશયના ઘોટાળામાં નિષ્ઠુરતાથી પડી રહેવા દઇ ચાલો, આપણે સૂર્યાજીની પાછળ પાછળ જઈએ.

જે માર્ગે સૂર્યાજી ગયો તેજ રસ્તે બકુલાબાઇ આગળ ગઇ હતી. આશ્ચર્ય જેવું એ હતું કે, બન્ને તેજ રસ્તે મકાનની બહાર ન નીકળતાં પત્થરનો જીનો ઉતરી ગડપ થઈ ગયાં. તે જે સ્થળે ગયાં તે સ્થળની વિશેષ માહિતી અહીં નહિ કહેતાં, એટલુંજ કહેવું બસ થશે કે, એ બન્ને તે

જીનાની નીચે એક વિસ્તીર્ણ પટાંગણમાંથી એક ઘરના વિશાળ સુંદર દિવાનખાનામાં આવી પહોંચ્યો. પેલા જંગલના દેવળમાંથી ગણોજીરાવ, ભોલાનાથ અને રાણોજીરાવ, આજ દિવાનખાનામાં એક વખત આવ્યા હતા. આજ દિવાનખાનામાં નાગોજીરાવ માને સાથે સૂર્યાજી કેટલીક વખત કેટલીક બાબતો વિષે ઉહાપોહ કરતો હતો અને આજ દિવાનખાનામાં બકુલાબાઈ, ચુગલી, ગણોજીરાવ, નાગોજીરાવ, જગદાળે, ખોપટે વગેરે હમેશ આવતા હતા.

એ લોકો ફક્ત હમેશ આ રસ્તે આવે જાય છે એટલીજ આપણી પુતળાને માહિતી હતી. બાદશાહી મંડળી હોવાથી તેઓ આ રસ્તે પોતાની છાવણીમાં ઉતરવા જાય છે, એમ ચુગલી તેને કહેતી, પણ પતિ એ રસ્તે કેમ જાય છે, તે વિષે તેને ગહન સંશય આવતો! નિદાન એ મંડળીની પાછળ કેમ જાય છે, તે બાબતમાં તેને આશ્ચર્ય થતું.

આજે તો બકુલાબાઈ અને પતિ એ બન્ને એજ માર્ગે જતાં સ્પષ્ટ જણાયાં હતાં. પતિને ગાંડપણની લહેર આવેલી જોઇ બકુલાબાઇ કદાચિત પોતાને ઘેર ગઇ હશે અને સૂર્યાજી તેને પહોંચાડવા ગયા હશે, એ વિચારથી પુતળાની શંકા આપોઆપ દૂર થઇ.

આ બાજુ સૂર્યાજી અને બકુલાબાઇ દિવાનખાનામાં આવ્યાં તે સાથેજ સૂર્યાજી બોલ્યોઃ "કેમ બકુલા! આજ ગણોજીરાવ આવ્યા નથી તેથી કરમાય છે કે? હમણાં આવશે."

"બળ્યું મ્હારૂં જીવવું! બાપે તે ડોસલાની કોટે બાંધી, માટેજ ગણોજીરાવને આટલી આજીજી કરવી પડે છે ને?"

"હં, પણ તેને તદ્દન વશ કરી લે, નચાવ, નચાવ! તેને એટલો તો આધીન કરી લે કે, તેને આપણી જાળ બહાર જવાની ઇચ્છાજ થાય નહિ. એક વખત રાયગઢની રાજધાની હાથમાં આવી કે પછી તને કોલાપુરનું નવું રાજ્ય આપું, નવું!"

"નવું રાજ્ય મળશે પણ સંસાર સુખ મળશે કે? ગણોજીને તો વળી માન ચઢ્યું છે! હમણાં હમણાં તો તે ભ્રમિષ્ટ જેવું વર્તન ચલાવે છે. હું

તેના પ્રેમની ભિક્ષા માગું—આજીજી કરૂં ત્યારે તેને દેહનું ભાન પણ ન હોય! એવી સ્થિતિ વારંવાર બન્યા કરે છે. પેલી મ્હારી સખી કમળા! તે કેવી ભાગ્યશાળી છે, જુઓ! સંતાજીની કેટલી ધાક ચોતરફ બેઠેલી છે! કહે છે કે મ્હોટા મ્હોટા મોગલ સરદારો તેનાથી ધ્રૂજે છે ધ્રૂજે! કમળા બારે નશીબદાર ખરી!"

"અરે! ત્હારૂં નશીબ સુદ્ધાં ભારે થશે."

"ક્યાં બળ્યું છે એવું નશીબ! સંતાજી કેવો મલંગની માફક મા'લે છે? કમળાનું અને તેનું જોડું લક્ષ્મીનારાયણ જેવું સુંદર લાગે છે કે નહિ?"

"અને ત્હારૂં અને નાગોજીરાવનું?"

"બળી એ વાત! મુવાં માબાપે પૈસા માટે વેચી! વિજાપુરના બાદશાહે હઝારની મનસબ આપીને મ્હારા બાપને? માનેના ઘરને છોકરા વગર કાંટા વાગતા હતા! બુઢ્ઢાના મોંઢાને કંઇએ ન મળ્યું અને ઉલટી એ ડોસીઓ ઘરમાં પડી!"

"તેમાં ત્હારૂં શું બગડ્યું? હીરા માણેકમાં રમવાનું મળે છે. મહાલક્ષ્મી બહાર નીકળી કે સાથે દાસ દાસી, હમાલ, ખવાસ વગેરે પાંચસો માણસો ઝૂલ્યા કરે છે તે?"

"પણ કમળાની સાથે તો એકજ એવો હમાલ છે કે, તેના પરથી હું ત્હારો પ્રાણ ઓવારી નાંખ્યો હોત! ત્હારી માના મનમાં એ ઠેકાણું રમી રહ્યું હતું! બિચારી કેમ ન મરણ પામે? પેલી મૂઇ સાવકી માએ ત્હારૂં જીવતર ધૂળ કર્યું અને હવે લહેર કરતી બેઠી છે. કમળાએજ પૂર્વે જન્મે ગોરી વ્રત સારૂં કર્યું હશે."

"એમ ઉંચી નીચી કેમ થાય છે? હજી શું વહી ગયું છે? સંતાજી કંઇ મ્હોટી અપ્રાપ્ય વસ્તુ નથી!"

"એટલે! એનુંજ ધ્યાન ધરૂં કે?"

"ત્યારે ગણોજીરાવની મનાવણી કેમ ચલાવી છે?"

"તમે એકજ છોને? તમને દેશમુખીની લાલચ થઇ છે ને?

મ્હારા હૃદયનો પરિચય કરાવનારા તમેજ છોને ? હવે આમ મર્મભેદક ઘા કેમ મારો છો ? "

" જવાદે એ બધું ! પણ મ્હેં તને આજે શા માટે બોલાવી છે ? અરે, જે સંતાજીને તું ગોખ્યા કરે છે તેજ સંતાજીએ પરમ દિવસે આમલીની સોટીયોથી ત્હારા બાપનો બરડો તોડી નાંખ્યો હતો ! "

" એટલે ? કંઇ કારણ ? તે તેમની નોકરીમાં રહ્યા માટે ? શું કહોછો સૂર્યાજી ? "

" અરે, ત્હારો ડોસલોજ લાલચુ છે ! સંતાજી હમણાં વિજળીની માફક આજે અહીં તો કાલે પાંચસો કોસપર ઝપુટો મારી મોગલ સરદારોને લૂંટી લે છે. અત્યાર સુધીમાં કરોડો હોન તેણે એ સરદારોના દેહદંડ નિમિત્તે મેળવ્યા છે. "

" ખરૂં ? સાચું કહો છો ? ત્યારે તો હવે કમળા સોનાથી મઢાઇ જશે ? "

" પરમ દિવસે તે ઇસ્માઇલખાનના બદલામાં ચાર લાખ રૂપિઆના તોડા ઘોડાપર લાદી લાવ્યો હતો. બિચારો થાકી ગયો હતો. સોમેશ્વરના દેવાલયના બાગમાં કમળાના કદલીસ્તંભ જેવા ચરણવાળા ખોળામાં તે વિશ્રાંતિ લેતો પડયો હતો. બન્ને પ્રેમમાં લુબ્ધ બન્યાં હતાં. કેવું સુંદર દેખાતું હતું ? અહાહા, તે વખતે ચંદ્રનું તેજ કેવું ઝળકતું હતું ? "

" ત્યારે તો કમળા હમેશાં આનંદસાગરમાંજ તરતી હશે. સૌ સૌનું નશીબ. "

"પણ ગાંડી, તું ત્હારા બાપની સ્થિતિ ભૂલી જાય છે, બકુલા ? "

" તેને એમજ લાગ્યું હશે કે, સંતાજી હોનની અનેક કોથળીઓ મેળવે છે ત્યારે હું એકતો મેળવું ! અને એ લોભને લીધેજ તે બિચારાએ છોકરીનું ગળું કાપ્યું ! "

" પરંતુ તું જાણે છે કે, તે મામા સાહેબને હાથીને પગે બાંધનાર છે ? "

" અરે બાપરે, શા માટે ? "

"શા માટે ? મામા સાહેબે સર્જેખાન સાથે સંધિ કરી હતી માટે ? તે સંતાજીપર ચઢી ગયો ત્યારે મામાએ સંતાજીને કંઈ ખબર ન આપી તેથી ?"

"ત્યારે સૂર્યાજીરાવ ! હવે તેમને બચાવો. એમને કહીશ પણ સંતાજીએ સર્જેખાનની રેવડી ઉડાવી તો તેમનો શો હિસાબ ?"

"તે તો ગણોજીરાવપર અને ત્હારા પતિપર દાંત કકડાવે છે ! એક દિવસ તને કમળાની પરિચારિકા બનાવવા લઇ જઇશ !"

"તેની પરિચારિકા ! મ્હારા ખાસડાભાઈ થાય છે ! થઇશ ત્યારે મૂછની ધણીયાણીજ થઇશ."

"હા, તે ત્હારા હાથમાં છે ખરૂં. બકુલા. જો, બાપનો જીવ બચશે, પતિપરનું સંકટ ટળશે, ત્હારી ઇચ્છા પાર પડશે અને કમળા દાસી બનશે."

"એકાદ સહેલો રસ્તો કહો, નકામી વાતો જવા દો. ગયા જન્મે મ્હેં શું કર્યું હશે કે આ જન્મે ભોગવવું પડે છે ? ભવિષ્યને માટે હવે પુનઃ તે સંચય નથી જોઇતો."

"અઘરો નથી બકુલા, ફક્ત સંતાજીને ખેંચી લેવો. તું કહીશ કે શા માટે ? સાંભળ, તે રાજારામના પક્ષનો કટ્ટો અભિમાની છે. આ શીરકે, માને, મોહિતે, બાદશાહનું આપ્યું ખાય છે, તે એ લોકોને બીલકુલ પસંદ નથી, તું ત્હારા બાપને છોડવવા જઇશજ. તે વખતે આંગળી પર મધ લગાડી તેને ચટાડશે એટલે બસ ?"

"અરે, હરામખોર !"

"એમ રોષે ભરાઇશ નહિ. સાંભળ તો ખરી !' તેને કહેજે કે નાગોજીરાવનું મન મેળવી લઉં છું. આપણા જાતભાઈના પક્ષમાં લાવી આપું છું."

"બસ, એટલુંજ ?"

"અને આજ સુધીના પતિના દેશ દ્રોહિત્વ માટે અતિ તિરસ્કાર કરજે."

"હા ! હા ! બહુ સરસ. રૂદન શાસ્ત્રની નિપૂણતાનો સારો ઉપયોગ કરીશ કે ?"

" કમળાના મનમાં શંકા નહિ આવે ? "

" ત્યારે કેમ કરીને કામ થશે ? સૂર્યાજી કંઈ તોડ કાઢોને ? "

" ત્હારા બાપને છોડાવવાનો કે ? હમણાં કહ્યો તે. "

" તે ઠીક છે, પણ સંતાજીને કસોટીએ ચઢાવવો જોઇએ. "

" તે કામ મ્હારૂં ! કમળા અને તેની વચ્ચે થોડો પણ કલહ કરાવીશ. જોઉં તો ખરો એ રાજેશ્રીની સ્વામી નિષ્ઠા. મ્હોટા શિવપ્રભુને પગલે ચાલવા નીકળ્યા છે ! બરાબરીયાઓને પણ તુચ્છ ગણે છે. પેલા ધનાજીને તો તે તદ્દન સ્વાર્થ સાધુ માને છે. અરે, પણ કેટલીક બાબતમાં રાજારામ મહારાજની અવગણના કરે છે. કહે છે કે એમણે મ્હોટા મહારાજાની પદ્ધતિ ફેરવી નાખી. લોકો કાર્ય કરી બતાવવા માટે તૈયાર થાય તે સારૂ લાલચ આપી તેમને લાલચુ બનાવ્યા. મોટા મહારાજાના વખતમાં કાર્ય માટે શ્રમ કરવામાં આવતો હતો, કાર્યના ફળ માટે નહિ. "

" ત્યારે જુઓ સૂર્યાજી, હવે હું તેને બરાબર નચાવું છું. માત્ર પેલી છોકરીને સહજ સંભાળજો. જોઇએ છે કે, બાદશાહી દળમાં તે ભળે છે કે નહિ ? "

" અરે, ન આવે તો ભલે. તેને પીંજરામાં તો પકડ. જો પછી વાઘોબાને પીંજરામાં પુરી ચાબૂકથી કેવી કસરત કરાવીએ છીએ, અને જો બકુલા, બાદશાહ નવી જાગીર આપશેજ, પછી તો ઐશ્વર્ય અને સુખ, બન્ને. "

" હું સંતાજીને કેદ તો નહિ કરું. બાદશાહે જોકે અમને મુસલમાન બનાવ્યાં નથી પણ તેને તો અવશ્ય વટલાવશે, અને તે હઠે ચઢી તેનો માર્ગ ન સ્વીકારે તો બિચારી કમળાનું નશીબ ફુટે ને ? "

" એમ કે ? ત્હારો બાપ હાથીના પગે બંધાશે તે ? "

" ઠીક, ઠીક, એટલે સુધી વાત આવશે તો જોઈશ, પણ આખું સાંબેલુ વાસિદામાં ! મનની વાતો મનમાંજ રહેશે, સમજ્યા ? ગમે તેમ પણ એ તો શત્રુના મુકામમાં જવાનું છે ! મ્હારા ડોસલાને ગમશે કે ? "

" ગમશે, અને ન ગમે તે માટે, શું બાપને મરવા દેવો ? તેને કહે કે, મ્હારા બાપને છોડાવો, નહિ તો સંતાજીને કાલાવાલા કરી છોડાવી લાવવા મ્હને જવાદો. એ વાત સ્વીકાર્યા સિવાય તેને ચાલશેજ નહિ, અરે તે પેલા ધૂમકેતુથી થરથર કંપે છે."

" વાહ, કેવી યુક્તિ ! સૂર્યાજી, શું તમારૂં મગજ ? "

" પણ એકલપેટી ન બનતી."

" છટ ! હું જઉં છું, હવે તમે કમળાને જોજો. "

" જા, બકુલા જા. ત્હારૂં કામ થયું. જો, આ બંદુક ઠાંસી ઠાંસીને ભરૂં છું. હવે જામગરી લઇ તૈયાર રહે. " સૂર્યાજી મનમાંજ બોલ્યો.

" ઠીક, ઠીક સૂર્યાજી, એક કાંકરે બે પક્ષી ! કમળા તમારી અને સંતાજી મ્હારો ! "

પ્રકરણ ૨૦ મું.

વીર ત્રિપુટી.

" હો દિવ્ય જનની ! જન્મભૂમિ ! શાન્તિ–કાન્તિદાયિની,
" પૂજ્યા પુનિતા માવડી હો ! પ્રેમ–શ્રદ્ધાવાહિની;
" તું માર કે ઉદ્ધાર મૈયા ! સર્વ અર્પ્યું છે તને,
" ઉત્સંગમાં ઉછેરીને મ્હોટા કરેલાં બાલકે, (Mrs. Narbhay.)

રાજકુંવર, રાયગઢથી પનાળગઢ તરફ જવા નીકળી હતી તે આપણે જાણીએ છીએ. સંતાજીને પણ સતારા તરફ વીરશ્રી દર્શાવી રાયગઢને રસ્તે વળતો જોયો છે. સર્જેખાનનાં હાડકાં નરમ કર્યા પછી વીરતાના આનંદમાં તે પોતાનો ઘોડો ચલાવતો હતો તે વખતે તેની દૃષ્ટિએ જે સ્વાર આવ્યો હતો, અને જેની સાથે તે નમ્રભાવથી વાર્તાલાપ કરતો હતો તે અન્ય કોઇ નહિ, પણ રાજકુંવરજ હતી.

રાજકુંવરે સંતાજીને રાયગઢના ઘેરાની સર્વ વાત કહી. એ સાંભળી

સંતાજી વિચારમાં પડી ગયો, પછી બન્નેએ શો વિચાર કર્યો તે તો તેજ જાણે. ત્યાંથી બન્ને પનાળગઢ તરફ જવા લાગ્યાં. સંતાજીએ સર્જેખાનની વ્યવસ્થા કરવાનું કામ પોતાના સહચરોનેજ સોંપી દીધું.

આજે પનાળગઢ પર મહારાષ્ટ્ર પ્રભુ, પોતાના મુત્સદ્દી અને સામંતોની સાથે સ્વાતંત્ર્ય યુદ્ધનો પાયો નક્કી કરતા હતા. તેજ વખતે આ બન્ને મૂર્તિઓ ત્યાં આવી પહોંચી.

આજના મંત્રણા સંમેલનમાં રાજારામ મહારાજ મધ્ય ભાગનું સ્થાન છોડી જમણા હાથની મુખ્ય સચીવની જગ્યાએ બેઠા હતા. સિંહાસનની વ્યાસપીઠ પર ચઢતાં પણ તે એક અંકિત સરદારની પેઠે મૂજરો કરીને ઉપર ચઢયા હતા. આ સમયે રાયગઢની સ્થીતિનું વર્ણન રાજકુંવરે કર્યું, તે સાંભળી મહારાજાએ કહ્યું: " પ્રલ્હાદપંત આજે બહેને અતિ ચિંતાજનક ખબર આપી છે. મરાઠાની ગાદી–રાયગઢ–અતિ જોખમમાં છે. તે તરફ ગાદીપતિના રક્ષણનું સંકટ વિકટ છે, તો આ તરફ રાજસેવકો કેવી રીતે બેસી રહી શકે ?"

પ્રલ્હાદપંતઃ " આજે સમય એવોજ આવ્યો છે ખરો. હવે આપણે યુદ્ધનું સહજ જુદું ધોરણ ઠરાવવું જોઇએ. એતો નિર્વિવાદિત વાત છે કે, શત્રુ ભયંકર છે અને આપણે તે જાણીએ પણ છીએ. હવે મુત્સદ્દીઓના દાવ અને સામંતોના સામર્થ્યને સાથે રાખી તેનો ઉપયોગ કરવો જોઇએ. બાદશાહની પાસે સાહિત્ય સરંજામ પૂર્ણ છે. આપણે તેમાં હજી પગ સ્થિર કરવાનો છે, પણ તે પૂર્ણ સાહિત્ય મુશ્કેલી આપનાર થયું છે. પ્રતિપક્ષીના લાખો મનુષ્યોમાં નિઃસ્વાર્થતાનું ધ્યેય નથી, ત્યારે આપણે ગણ્યા ગાંઠયા–અલ્પ સંખ્યાવાળા છીએ પરંતુ સ્વદેશસેવા એ આપણું પ્રસંશનીય વ્રત છે અને એક દીલથી દેશને માટે યુદ્ધ કરનાર છીએ. જાણે આપણે એકજ માતાની કુખમાંથી જન્મ લીધો હોય તેમ છીએ. ખરેખર, આપણે એકજ ભારતમાતાના સંતાન છીએ ! આપણે વિદ્યુતપ્રભાની માફક આજે અહીં તો કાલે ત્યાં એ રીતે યુદ્ધના દાવ નાખીશું. જ્યાં જઈશું ત્યાં આપણા સ્નેહીઓ પ્રેમથી આપણી ખબર લેશે, આપણને દાણા પાણી આપ્યા કરશે. આપણા પ્રતિપક્ષી જે સ્થળે પડાવ નાખશે, તે સ્થળની ચોતરફનો પ્રદેશ આપણા

એજ સ્નેહીઓ ભસ્મીભૂત બનાવી ઉજ્જડ વેરાનરૂપ કરી ખુદ બાદશાહને ભૂખે મારશે. એટલે બાદશાહને હાથીનાં મૂડદાં ચલાવતાં ચલાવતાં નાકે દમ આવશે. અરે, ચોતરફ શૂન્યતા જોતાંજ તેના પ્રાણ કંઠે આવશે. આપણને શી ફીકર છે ? ગારૂડીના પોટલા પ્રમાણે આપણે આપણો ભાર માથા પર લઇ જ્યાં મનમાં આવશે ત્યાં ફરીશું. બાદશાહને પોતાની હીલચાલ ઘણે દૂર સુધી ચલાવવી પડશે. આપણે આગળને પાછળ જ્યાં ઉભા રહીશું ત્યાં આપણા પરિચયનુંજ સ્થાન મળશે. ”

“ મ્હારા શૂરા સેવકો ! આ ઉદ્દેશ લક્ષમાં રાખી, પલટણના મેદાનમાં પીઠ પાછળ ડુંગર રાખી યુદ્ધ પ્રસંગને તેટલે સુધી દૂર ખેંચી જાવ ! ત્યાં લક્ષ ખેંચાતાંજ આ બાજુ રાયગઢનું સંકટ ખસ્યું સમજજો ! ધનાજી, એ કાર્ય તમેજ વિજયી બનાવી શકશો. બાદશાહે પોતાનું સર્વ બળ દક્ષિણમાં એકત્ર કર્યું છે એ પણ ઠીક છે. ચાલો, આપણે ઉત્તર તોરણ દ્વાર બંધ કરી તાળાં મારી દઇએ, પછી દક્ષિણને સાણસારૂપ ફાંદો બનાવી તેના સર્વ સૈન્યને તુરંગમાં ધકેલી દઇશું. ત્યાં સુધી આપણે તેને રાને રાન ભટકાવીશું. આપણી પાછળ પાછળ જંગલે જંગલની રખડપટ્ટીથી, ભૂખમરાથી અને તાપથી બાદશાહના તુંડ મીજાજીઓની નાડીઓના ધમકારા આપોઆપ બંધ પડવા લાગશે. તેજ વખતે ગલિત, દુર્બલ અને દુઃખી સ્થિતિમાં સપડાયલાઓની સામે ધનાજીરાવે આવી ઉભા રહેવું જોઇએ. બાદશાહની ગડગડી ફેરવવાનું કાર્ય સંતાજી સિવાય ઉમદા રીતે કોઇ કરી શકશે એમ મને લાગતું નથી. એકે બાદશાહને પાછળ ખેંચવો અને બીજાએ તેની પાછળનો પ્રદેશ ભસ્મીભૂત બનાવતા જવું અને તેનો સાહિત્યભંડાર ખાલી કરવો. આ માર્ગ લેવાથી આપણા માણસોનો ભોગ ન અપાતાં ફક્ત ભૂખમરાના શસ્ત્રથી બાદશાહને દાંતમાં તૃણ પકડાવી શરણ લાવીશું. એ સિવાય સમર્થ જે કરે તે ખરૂં. ”

ધનાજી: “ પ્રલ્હાદપંત ! આપે વડીલભાવે આપેલી સલાહ યોગ્ય છે. હું મ્હારૂં મૌલ સૈન્ય (પરંપરાગત ઉભું થયેલું સૈન્ય) લઇ શંભુ મહાદેવ તરફ જાઉં છું. મરાઠા સૈન્ય જીવતું છે, તે બાદશાહને જણાવું છું. ”

સંતાજી: “ મ્હારા હાથ કેમ સળવળે છે ? મ્હારા અંગરખાની કસો

કેમ તડાતડ તૂટે છે ? પ્રભુજી, બીડું આપો. દેવાધિદેવ, મ્હારા આ મસ્તક પર આપનો વરદહસ્ત મુકો. બાહુઓ, શાંત થાઓ. એમ આતુર ન થાઓ. સમરદેવી ઉભી રહે. આવ્યો, જો ત્હનેજ ભેટવા આવું છું. રામચંદ્રજી આપો, હનુમાનને લંકા બાળવાની આજ્ઞા આપો. મરાઠાના વૈભવનો ગુડી પડવો ઉત્પન્ન કરવા અમે જઇએ છીએ. હવે રજા આપો. મોગલોનો રણમદ તોડવા દો, બાદશાહના શૂરા મનાતા સરદારોના રક્તમાં તરવા દો, આલમગીરની આંલમને છિન્ન ભિન્ન કરવાની પ્રતિજ્ઞા લેવા દો ! મરાઠાઓની કીર્તિનું યશોગાન ગવડાવો ! મરાઠાઓના શૂરત્વનો બાદશાહને અનુભવ કરાવો. આપણા રક્ષણ માટે પ્રતાપગઢની ભવાની ત્રિશૂલ લઈ ધસી આવે છે, જૂઓ ! જૂઓ ! તે દેવી આજ્ઞા કરે છે ! યારો, હવે શત્રુના રક્ત ચિહ્નથી કપોલ પ્રદેશને સુશોભિત બનાવો ! આપણે કોણ ? શિવાજી મહારાજના ઉમરાવ ! બાદશાહને માથે બળતી સગડી મુકી શરણે આવવાની ફરજ પાડીએ ! ચાલો ! ભાઇઓ, હવે સંધ્યા કરો, ગંગાસ્નાન કરો ! પ્રભુજી, પ્રલ્હાદપંત, હવે બે હજાર આસન નાખો, રાજારામપંત બેહજાર થાળીઓ માંડો. ધનાજીરાવ, બેહજાર વાડકા મુકો અને બહિરજી, બેહજાર પંચપાત્ર ગોઠવો.”

“ માતુશ્રી જીજામાતા ! તાનાજીના બારહજાર વીરને તમે એકલાંએજ પીરસ્યું હતું ! હવે મ્હારા બે હજારને કોણ પીરસશે ? માતુશ્રી યેસુબાઈ, તમે પીરસશો કે ? બહેન રાજકુંવર, એ કાર્ય તું કર ! પુષ્કળ પીરસ ! સર્જેખાન, ઇખલાસખાન, હુસેનબેગ વગેરે મોગલ સરદારોએ આજે આપણને મીજબાની આપી છે. એ રણવીરોએ ચારચાર, પાંચપાંચ લાખનાં નજરાણાં મોકલ્યાં છે. ”

“ યારો, સર્વને વંદન કરો ! છત્રપતિ શિવાજી મહારાજના શૂરત્વનું પાન કરો, જગદંબાની દિવ્ય શક્તિની યાચના કરો, સમર્થની શુદ્ધતા પ્રાપ્ત કરો, જીજામાતાનો આશીર્વાદ ગ્રહણ કરો અને તાનાજીની ભક્તિ તલ્લીનતાનું અનુકરણ કરો ! ચાલો, વીરો, ચાલો. તાનાજીને તનમનાટ મચાવીએ. હવે તુલાપુરના માર્ગે આલમગીરને ગાંઠો.”

રાજારામઃ “ અહા ! મ્હારી પાસે આવી બંધુશક્તિ બળવાન છે, મ્હારી

પાસે આવા વીર, મહાવીર, દેશભક્તો મહારાષ્ટ્રની સ્વતંત્રતા માટે પ્રાણ આપવા તૈયાર છે તો પછી આ મહારાષ્ટ્ર ધર્મનો પુનઃ જયજયકાર કેમ નહિ થાય ? અવશ્ય થશેજ."

પ્રલ્હાદપંતઃ "વીરભૂષણો ! તમારૂં આવું બળ, તમારી આવી શક્તિ, તમારો આવો જુસ્સો, તમારી આવી વીરતા, તમારી આવી દેશભક્તિ કેમ સફલ નહિ થાય ? અવશ્ય યશસ્વી થશે. પ્રભુ તમને વિજય અર્પે ! તમારી એ ભાવના આ લોક અને પરલોકમાં કલ્યાણકારક નીવડો ! વીરપુત્રો, સ્વર્ગ પ્રાપ્તિ અનેક માર્ગે થાય છે. યોગાભ્યાસ મેળવવા ઇચ્છશો તો, આહાર, વિહાર, નિદ્રા, વ્યાયામ અને વાયુનો વિરોધ અવરોધ કરવો પડશે અને કંઇક ન્યૂનતા રહેતાં વિનાશ થશે. જ્યોતિષ્ટોમાદિ યજ્ઞ કરશો તો યજ્ઞના જ્ઞાનની આવશ્યકતા રહેશે. પણ, મ્હારા મહારાષ્ટ્ર ભક્તો, મ્હારા શૂરા મર્દો, રણાંગણમાં મૃત્યુ થતાં, આ યુદ્ધ કર્મરૂપ સોપાનથી સ્વર્ગનું દ્વાર સર્વને–સર્વ જાતિને–માટે અહર્નિશ ખુલ્લું રહે છે. '**यस्य शोणितवेगेन वेदिः स्यात्सपरिप्लुता । केशमांसास्थिसंपूर्णा सं गच्छेत्परमां गतिम् ।**' મ્હારાં વીરરત્નો ! '**त्यागमूलं हि शूराणां स्वर्गद्वारमनुत्तमम्**' મ્હારા કુલતારકો, '**देवाच्या सख्यासाठीं । पडाव्या जिवलगांसि तुटी । सर्व अर्पावे सेवटीं । प्राण तो हि वेचावा ॥**' દેવના સ્નેહ માટે જીવ લઇને તૂટી પડવું, છેવટે સર્વે અર્પણ કરવું, અરે પ્રાણ પણ વેચવો–પ્રાણોત્સર્ગ કરવો–એ આર્યપુત્રોનું પરમ કર્તવ્ય છે. ગૌબ્રાહ્મણ પ્રતિપાલક શિવાજી મહારાજે બળવાન શત્રુ સામે કેવો ઉત્તમ દાવ નાખ્યો હતો અને કેવો નાખવો જોઇએ તેની તાલીમ તમોને આપેલીજ છે. વીર કેસરીઓ ! તમારી ચપળતાથી આલમગીરને અફાળો, મોગલોને ન્હસાડી મૂકો ! જાઓ ! અરે ! કોઈ બાળજોશી પાસે મુહૂર્ત જોવડાવો ! રાજારામ પ્રભુ ! આ હુમલામાં બ્હેન રાજકુંવર પોતે મહિષાસુરનું મર્દન કરવા નીકળનાર છે. મહારાજ, એમના વિચારને સંમતિ આપો ! આ સ્વાતંત્ર્ય યુદ્ધમાં–આજના આ ધર્મયુદ્ધમાં–બાળબચ્ચાંઓ પણ વડીલોના જેવું શૌર્ય બતાવશે ? મહારાજ, એમ મુખ ન્હાનું કરશો નહિ. રાજકુંવર યુદ્ધભૂમિના પ્રત્યેક ખૂણાથી જાણીતાં છે,

એટલે એનો ઉપયોગ એક સાચા માર્ગદર્શક તરીકે થવાનો છે. વળી આબા-સાહેબની સંતતિને દષ્ટિ સમીપ જોઇ મરાઠા વીરોને "ન ભૂતો ન ભવિષ્યતિ" એવું પ્રોત્સાહન મળશે. મહારાજા, આપને લાગશે કે પ્રલ્હાદપંત, મ્હને કેમ રણભૂમિ પર જવા કહેતા નથી ? પણ મહારાજ, મ્હોટા મહારાજાનું અવતારકાર્ય પૂર્ણ કરવાનો સર્વ ભાર હવે આપના ઉપર છે. પ્રત્યેક નજીવા પ્રસંગે જો આપ આગળ પડશો તો બાદશાહ આવાં સ્થાનો મેળવવા માટે પુષ્કળ પ્રયત્ન કરશે. એના એવા પ્રયત્નની સામે થવા જેટલું બળ હજી આપણે પ્રાપ્ત કરી શક્યા નથી. આપના જેવું રત્ન ઝાંખું થાય તો મરાઠાઓની નિરાશા પ્રત્યક્ષ સૂર્યદેવ પણ દૂર કરી શકશે નહિ. સમય એવો છે કે, હજી તમારે શાંત રહેવાનું છે. બ્હેન રાજકુંવર, જા ! સંતાજી, આ રત્નને પુનઃ રાયગઢ પર પહોંચાડી દેજો ! એ તમોને રસ્તે શત્રુનો થોડો ઘણો ભાગ બતાવશે. મ્હારી ખાત્રી છે કે, તમે બન્ને આકાશ કુસુમની કળીઓ પણ ચૂંટી લાવશો."

આ પ્રમાણે નિશ્ચય કરી ધનાજી, સંતાજી અને રાજકુંવર ગઢ છોડી નીકળ્યાં. વચમાંજ ધનાજીરાવે શંભુ મહાદેવ તરફ બાદશાહી સૈન્યને ભય આપવાનો મનસુબો કર્યો છે, એવી બાતમી ઔરંગજેબને ભોલાનાથદ્વારા રાયગઢને માર્ગે મળતાંજ તે ભરદરબારમાંથી ઓઠ પીસતો ઉઠયો. તેણે તુરતજ રણમસ્તખાન અને શાહિસ્તેખાન નામક બે બળવાન સરદારોને, રાય-ગઢ ઘેરો નાખી પડેલા ઇતિકદખાનને સહાય કરવા જવાનો હુકમ કર્યો. આ વર્તમાન સંતાજી જેવાના પડદેનશીન ટોળાના નાયકને મળતાંજ તે રાજકુંવરસહ ઉત્સાહપૂર્વક ધનાજી પાસે આવ્યો.

" સેનાપતિ સાહેબ, બાદશાહી સૈન્ય તો નીકળી ચુકયું. હું આજુબાજુના મુલકમાં વડવાનળ પ્રકટાવી આપું છું. તમે શંભુમહાદેવ તરફ ખેંચી જાઓ. આપણું લશ્કર બાદશાહી સૈન્યને પોતાની પાછળ ખેંચી જઈ ઠેઠ ફલટણના માળા પર લઇ જાય તેવી વ્યવસ્થા કરો. મોગલોની બીજી એક ફોજ રાય-ગઢ પર જનાર છે. ત્રીજી પનાળગઢ પર ચઢી જશે. આવો વખત આવશે તો બાદશાહની તુલાપુરની છાવણી બલહીનજ થશે. આલમગીર માનતો હશે કે, છાવણીની ચોતરફની સૈન્ય સંકલનાનું વર્તુળ સહજ મ્હોટું કરીશ, એટલે મરાઠા

ડરી જઇ દૂર જશે, કિંવા સાણુસામાં આવી જશે તો તેના ફના ફાતીયા ઉડાવીશું! બચ્ચા! વધાર ત્હારૂં વર્તુળ! પણ એવી સજ્જડ ધાપ મારીશ કે તે જીવન પર્યંત ત્હારા લક્ષમાંથી ખસશેજ નહિ. ધનસિંગરાવ, હમણાં બે હજાર માણુસ હું રાખું છું અને પાદશાહનું સ્વાગત કરી આવું છું. મરાઠાઓમાં કેવું વીરત્વ રહ્યું છે તે બતાવી આપું છું. મ્હારા બહિર્જી, વિઠોજી, માલોજી વગેરે પોતપોતાનાં કાર્ય ઉત્તમ રીતે પૂર્ણ કરશે.

ધનાજીઃ "મ્હારા સ્વરૂપજી અને પદ્માજી યાદવને સાથે રાખો. વિચાર-યોજના ઉત્તમ છે. શાબાસ છે! ધન્ય છે!"

સંતાજીઃ "એ યાદવોની મ્હને જરૂર નથી. મ્હારા જગદાળે છે."

રાજકુંવરઃ "સંતાજી, આ મ્હારૂં ત્હારૂં જોવાનો વખત નથી, પછીની વાત પછી થશે. હમણાં મહારાષ્ટ્ર કાર્ય માટે–દેશના કલ્યાણ માટે–મનનો મેલ દૂર કરો! અંદર અંદરના ભેદ ભૂલો! તેમ નહિ કરો તો કાર્ય સિદ્ધિની આશા રાખશો નહિ. આસદખાન રાયગઢ પહોંચે તે પહેલાંજ ત્યાંની ખબર લઈ આવું છું. ત્યાં સુધી તમે તુલાપુર ખળભળાવી આવો. બનશે તો માતુશ્રીને અહીંજ લાવીશ, નહિ તો ઇતિકદખાન સાથે ખુબી કરી તેને આ તરફ ખેંચી લાવીશ."

સંતાજીઃ "ઠીક છે. હવે વખત નથી, ચાલો ત્યારે."

સંતાજી, રાજકુંવર અને ધનાજી, એ ત્રણે પોતાના કાર્ય માટે જુદા પડયા. સંતાજી ગિરિકંદરોના આશ્રયથી ગુપ ચુપ જેજુરી મુકામે આવ્યો. જ્યાં જ્યાં આ મંડળી જતી ત્યાં ત્યાં તેમનો પૂજ્ય જામાત જેવો સત્કાર થતો, પણ ગુપ્ત રહેવા માટે તેમનેજ એ ઉત્સાહ શાંત કરી દેવો પડતો. જેજુરીમાં શ્રીનું દર્શન કરી, દિવાના ધાટ દ્વારા નીચે ઉતરી, સંતાજીએ ઝાડીમાં મુકામ કર્યો. અહીં પણ ગામે ગામના લોકો ઘેરેઘેર ભાખરી–રોટલા બનાવડાવી ગોવાળીઆઓની સાથે મોકલતા અને તેમને દૂધ મળે તે માટે પોતાની ગાયો ત્યાં છોડી મુકતા.

મધ્યરાત્રિને સમયે આ મંડળ તુલાપુરની છાવણી પાસે જવા નીકળ્યું. માર્ગે જતાં જતાં એક તરફ ત્રણ ગાઉ પર બાદશાહના સ્વારોનો મેળાપ થવાનો પ્રસંગ આવ્યો.

સંતાજીને મ્હોટી ચિંતા ઉત્પન્ન થઈ. સ્વારો પાસે આવી, "આટલાં ટોળાં સાથે ક્યાં જાઓ છો ?" એમ પુછશે તો પ્રાણઘાતક નીવડશે. તેનાથી કેવી રીતે દૂર રહેવું, એ ચિંતામાં તે પડયો હતો એટલામાં હસતા કુદતા જતા સ્વારો પૈકી કેટલાકે "એ, બડામીયાં, ક્યાં રોફ મારતા ફરો છો ? આમ પહેરો છોડી દિવાના બનશો તો બાદશાહ બરડો છોલી નાખશે. અરે પાગલો, તમે કોણ છો ?" એમ પુછતાંજ સંતાજીએ ધૈર્યપૂર્વક આગળ આવી કહ્યું:–

"જી, હજરત, એ તો અમે શીરકે મોહિતેના સ્વાર છીએ ! બાદશાહના આ નામીચા સરદારોના માણુસોને દિવાના કહેશો તો જીભજ તોડી નાખીશ. અમે 'છબિના' ગયા હતા."

સંતાજીએ આવી પક્કી નિશાની કહ્યા પછી સ્વારો પોતાને રસ્તે ચાલ્યા ગયા. હવે માર્ગ મોકળો થયો. આગળ જતાં સંતાજીની ક્રોધાયમાન મુદ્રા માત્ર દર્શનીય થઈ હતી. પેલા સ્વારો પાછું જોતા ત્યારે કદી તે મનમાં હસતો તો કદી લાલચુંદ જેવો બનતો !

પ્રકરણ ૨૧ મું.

તાનાજીશાહી.

खड्गाल्लक्ष्मीस्तथा राज्यं यशः खड्गादवाप्यते ।*

આ જે બાદશાહ આલમગીર પોતાની છાવણી પાસેના એક આમ્રવનમાં ખેંચાયલા કીનખાપી તંબૂમાં યુદ્ધ વિષયક ભાવિ યોજનાઓ ઘડવામાં લીન બની ગયો હતો. મહારાષ્ટ્રના પ્રત્યેક કિલ્લાના નકશા તેની પાસે પડયા હતા. રાયગઢ અને પનાલગઢ એ એ કિલ્લાના, બાદશાહે નવીન નકશા કરાવ્યા હતા.

* તલવારના બળેજ લક્ષ્મીની પ્રાપ્તિ, તેનાથીજ રાજ્યલાભ અને કીર્તિનું કારણ પણ એજ છે.

બાદશાહ જે તંબૂમાં વિરાજમાન થયો હતો તે તંબૂના મધ્યવર્તી દિવાનખાનામાં ભરકચીનાં ફુમતાં અને ગુલ મુકેલ મશરૂના પરદા પાછળ તેની આજે એકાંત બેઠક હતી. તે ત્યાં મૃદુ અને ઉંચી ગાદીપર બેઠો હતો. પાછળ એક રેશમી પણ નકસીપૂર્ણ તકીયો પડ્યો હતો. બેઠકની આજુબાજુના સ્તંભ ચાંદીના હતા. તે પર મીનાકારીની નકસી કરેલી હતી. બેઠક નીચે પાન સોપારીનો સુવર્ણનો ડબ્બો અને હીરા માણેકથી જડિત થયેલી અત્તરદાની તથા ગુલાબદાની વગેરે એક સોનાના ચોરંગપર ગોઠવાયલાં હતાં. તેની પાસેજ એક બીજા સુવર્ણ બાજટપર હુક્કાની નળી હતી.

વાચક જાણી શકશે કે, સ્વતઃ બાદશાહ આ ઠાઠને શોભે તેવા ભપકાદાર પોષાકમાં આચ્છાદાયલો હોવો જોઇએ, પણ તેમ નહતું. આજનું આ શૃંગારમય દિવાનખાનું, તેની રાણી ઉદેપુરીનું વિશ્રાંતિ માટેનું એકાંત સ્થાન હતું. ફતવા–ઇ–અલમગીરી, એટલે મુસલમાની કાયદાનું પુસ્તક, એ ગ્રંથનો કેટલોક ભાગ લખવા માટે મૌલવી શેખ નિજામને લઈ ઔરંગજેબ કદી કદી અહીંની આમ્ર ઘટામાં બેસતો. ખરી રીતે આજે આ તંબૂમાં બાદશાહ જે નાજૂક કામ કરવા બેઠો હતો, તે પ્રથમ પોતાની રાજધાનીમાં શહાબૂજ પર કરતો. સંતાજી જેવો સિંહ, જે સિંહગર્જના ગજાવતો હતો, તેની નિત્ય નવી નવી વાતો સાંભળી કંટાળી જઇ, એકદમ રાયગઢ કબ્જે કરવાનો વિચાર કરી હુકમ આપવા માટે, બાદશાહ આવા શાંત સ્થળે આવી બેઠો હતો. અહીં આવતાંજ તેણે અહીંથી ઉદેપુરીને બહાર મોકલી દીધી હતી. અર્ધ જગતનો બાદશાહ આજે તે સ્થાને ધોળી ટોપી પહેરી કાર્યમાં ગૂંથાયો હતો. તેના શરીરપર એક કાશ્મીરી સાલ હતી. તેની બીજી તરફ એક વ્યાઘ્રાંબર પડયું હતું. તેપર કામની આવશ્યકતાનુસાર અહીંજ નિદ્રા લેવાના ઉદ્દેશથી તેણે તે વ્યાઘ્રાંબર સાથે રાખ્યું હશે; કારણ કે, બાદશાહ ઔરંગજેબ રાજભોગથી વિમૂખ બની હાથમાં માળા લઇને, ઇશ્વર સ્મરણ કરતો વ્યાઘ્રાંબર પર નિદ્રા લેતો.

આજે બાદશાહ આવી વિચારમગ્નતામાં કામ કરતો બેઠો છે. આજ શુક્રવાર હોવાથી દરબાર બંધ છે, તેથી સહજ આનંદ માટે રાણી ઉદેપુરી

પેલી તરફની ખોલીમાંથી નીકળી બહાર ફરતી હતી, એટલામાં જનાનખાના પરની મુખ્ય દાસી તેની પાસે આવી. ઉદ્દપુરીને એકલી ફરતી જોઇ તે બોલી: " બેગમ સાહેબા ! આજે કંઇ ગમતું નથી કે શું ? આજે એકલાં કેમ ? તખ્તે હુઝૂર શું કહેશે ? "

" આજે પણ બબ્યું કામ કાઢીને બેઠા છે ! એક કલાક તો નહિજ પણ અર્ધો કલાક આવી બેસવાનું, તેમાં પણ કામ, કામ ને કામ! આજે કંઇ કરતાં દિવસ જતો નહતો, કંઇક થોડો આનંદ ભોગવવાનો વખત હતો ત્યારે એમને કામ આવ્યું ! "

" હુઝૂર, સતાર, બીન, વીણા, લાવું કે ? "

" કેવી મૂઇ છે ? હુઝૂર સ્વારી અહીં છે. તેમને નાચરંગ, તમાસા પ્રિય ક્યાં છે ? "

" કંઇ રમવાનું લાવું ? ઝેબુન્નિસા શાહજાદી સાહેબાને બોલાવું? અહીં આંબાના વૃક્ષની ડાળીએ હીંચકો બાંધી આપું ? "

" ના, બ્હેન કંઇ નથી જોઇતું. આજે હું એ બધાથી કંટાળી છું. "

" અરે, ઠીક યાદ આવ્યું. હું કેની હમણાં ગામમાં ગઇ હતી. ગામમાં આજ કાફરોની દેવીના મેળામાં ખૂબ ભૂત એકઠાં થયાં હતાં. આપણા મોહિતે માનેના માણુસોનું શું કહું ? હમેશ લઢાઇ, લઢાઇ ને લઢાઇ, હું તો કંટાળી બાપ ! તે કેટલાંએ ભૂત પકડી લાવ્યા છે. તે એ રડયાં મીઠું મીઠું ગાઇ, કૂદી, નાચી મજા કરે છે ! લઇ આવું એકાદ કાફરને અગર તો નાચનારીને ? ગમ્મત ગમ્મત કરી મુકશે. "

" અરે, કહ્યું કે સ્વારી અહીં કંઇ ગુપ્ત વિચાર કરે છે. એવું ગાન તાન અહીં કેમ ફાવે ? પરવાના વગર તે અહીં કેવી રીતે આવશે ? "

" એ મ્હારૂં કામ ! માને એ માણુસોની વ્યવસ્થા કરશે એટલે બસ તે પરવાનો આપશે. ખુદ દીન દુનીયાના બાદશાહની માનીતી રાણીની ગમ્મત માટે કોણ કોને અટકાવશે ? અરે, ખૂદ ઉદેપુરી બેગમ સાહેબાને, પરવાના વગર કોને કેમ બોલાવ્યો એમ કોણ પુછી શકે તેમ છે ? "

" તેમ નથી રે ! પણ નકામો ત્રાસ થશે. હમણાં એમનું કામ પતી

જશે, પછી તે આસદખાનને કંઇ હુકમ મોકલવા દિવાન–ઇ–ખાસમાં જવાના છે. તેમના ગયા પછી સર્વ કંઇ કરીશું. પણ તેટલો વખત કેવી રીતે જશે !"

"અરે બાઇ સાહેબ, બાઇ સાહેબ. મઝા છે મઝા ! તે ભીખારીયોએ પીઠપર પોટલાં બાંધેલાં છે. રડયાઓ ને શું કહે છે ? ચિત્રથી, અરે ચિત્રથી ! હું એકાદ બેને લઇ આવું છું ! લુચ્ચાઓની પાસે બે કાફરનાં દેવ દેવીઓનાં કેવાં સરસ સરસ ચિત્રો છે ! તમને ચિત્ર કાઢવાનો ઘણો શોખ છે. જુઓ તો ખરાં આ ઝાડ નીચે બેસીને ઘડીભર મઝા !"

"લઈ આવ, એટલે દિવસ જાય."

દાસી ગઇ. થોડા વખતમાંજ તે એક બે ચિત્રકથીયોને લઇ આવી. "રાણી સાહેબ, આસદખાનના માણસો તો એમને પગે પડી તેડી લાવ્યા છે. કેવાં ઉત્તમ ચિત્ર બતાવે છે ! ગમ્મત ગમ્મત કરી મુકે છે. પેલા ભોજકો તો કેવું સરસ ગાય છે ! જાણે રંભાજ ગાતી ન હોય ! સંધ્યાકાળે તેમને બોલાવી લાવીશ. આવો, રડયાઓ આવો ! અમારાં બેગમ સાહેબાને આનંદ થાય તેવાં સરસ સરસ ચિત્રો કાઢો. જો એમને કંટાળો આવશે તો માથામાંજ મારીશ."

ચિત્રકથીએ ધ્રૂજતાં ધ્રૂજતાં તે ભાગ્યવતી સ્ત્રીને નમસ્કાર કર્યા અને પોતાની પોટલી લઇ અશ્વમેધના બભ્રુવાહનના આખ્યાનનાં ચિત્ર કાઢી ઘણી અદબથી તે ચિત્રો વિષે કથા કહેતા બેઠા. કથા સાંભળવામાં ઉદેપુરી ખુશી થઇ ગઇ છે, ચિત્રકથી તે કથા પૂર જોસથી ખીલવી ખીલવીને કહે છે, દાસી વાંકી વળી વળીને તે ચિત્રો જુએ છે એટલામાં બાદશાહ ઔરંગજેબ પોતાનું કાર્ય આટોપી બહાર આવ્યા. પોતાની પ્રિય રાણી આટલી આતુરતાથી શું જુવે છે, તેનું તેને પ્રથમ તો કૌતુક લાગ્યું. બાદશાહ ચોરપગલે ધીમે રહી રાણી પાછળ આવી ઉભા રહ્યા. ચિત્રકથી પોતાનો ઉદ્યોગ ચલાવે જતો હતો. બાદશાહ ઔરંગજેબ ચિત્ર જોતાં જોતાં વચ્ચે વચ્ચે હસતા તો કદી કદી તેના વદનપર તિરસ્કારની છટા ઉપસતી. ઉદેપુરીનું તો હસી હસીને પેટજ દુઃખી ગયું હતું. !

એટલામાં ઔરંગજેબના મુખમાંથી "ગુલામો કેવા ધર્મઘેલા છે ?

ઠીક છે, કાશીથી તે રામેશ્વર સુધી સર્વે દેવળને મસજીદમાં ફેરવી નાખીશ. સર્વ હિન્દુસ્થાનપર ખરા ધર્મનો પ્રચાર કરીશ." એકદમ આવા ઉદ્‌ગાર સાંભળતાંજ બાદશાહ તરફ સર્વેની દૃષ્ટિ ગઇ. ઉદેપુરીનું મુખ ઉતરી ગયું, દાસી તો બંદગીજ કરવા લાગી અને ચિત્રકથી થર થર કંપતા હાથ જોડી ઉભા રહ્યા. છેવટે ઉદેપુરી મંજૂલ સ્વરે બોલીઃ 'તકસીર માફ પરવરદિગાર ! મ્હને ગમ્યું નહિ તેથી આ કાફરોની મોજ મ્હેંજ મંગાવી છે."

"પ્યારી, તેમાં શું થયું ? પણ એ તને મળ્યા ક્યાંથી ! કદાચ મરગ-ઠ્ઠાઓ હશે તો ?"

"ના સરકાર ! એ આસદખાનના તંબૂમાં ખાનસાહેબને આનંદ આપતા હતા. આજે હુઝૂર, ગામમાં દેવીનો મેળો છે. ત્યાં એ લોકો આવ્યા હતા. ખાનના માણસો તેમની ગમ્મત જોવા પકડી લાવ્યા. સરકાર ! ખાનનાં બેગમ સાહેબાને એ ગમ્મત ઠીક લાગી. જહાંપનાહ, તે વખતે હું ત્યાં હતી. પછી અહીં આવી ત્યારે રાણી સરકારે કહ્યું: ગમતું નથી. તેથી હું તેમને તેડી લાવી ખુદાવંત !"

"એમ ! કેમ રે કાફર, કયે રસ્તે આવ્યો ! દાસી એને પેલે બીજે રસ્તે કાઢી મુક. અરે, એની આંખે પાટા બાંધ્યા હતા કે ?"

"હા હુઝુર."

"ઠીક છે. ત્યારે એમને ઉલટે રસ્તે લઇ જા."

બાદશાહના શબ્દો નીકળતાંજ દાસીએ તે ઝીલી લઇ તેનો તુરતજ અમલ કર્યો; પરંતુ બાદશાહને પુનઃ શુંયે થયું કે, તેણે પેલા ચિત્રકથીયોને પાછા બોલાવ્યા. હવે તે ચિત્રકથીઓનું ચિત્ત કંઇક સ્થિર થયું, પણ બાદશાહની શી આજ્ઞા થશે, એ ધાસ્તીથી તેમનાં મુખ ફીક્કાં પડી ગયાં. બાદશાહે ઉદેપુરીના ખભાપર હાથ મુકી ચિત્રકથીઓ તરફ જોઇ કહ્યું: "કેમરે ? તમે શેનાં ચિત્ર બતાવતા હતા ?"

"જી પરવરદીગાર, અમારો પાંડવ રાજા અર્જુન પૃથ્વી જીતવા માટે નીકળ્યો હતો. તેણે પોતાનો અશ્વ બભ્રુવાહનના રાજ્યમાં છોડી દીધો, હુઝૂર ! બભ્રુવાહન તે ઘોડાને અટકાવવા નીકળ્યો. હુઝૂર પછી અર્જુન તેની સાથે યુદ્ધ કરે છે ખુદાવંત !"

"ત્યારે હું તમારા રામનું (ઔરંગજેબ રાજારામને ફક્ત રામજ કહેતો) રાજ્ય હરણ કરવા નથી નીકળ્યો કે?"

"આપ અર્જુન જેવાજ છો, જહાંપનાહ!"

"એમ! ત્યારે મ્હારૂં કેવું ચિત્ર કાઢશે?"

"અલબત સરકાર! હમણાંજ કાઢું? રાણી સાહેબ અને સરકાર આમ ઉભાં છે એવું કાઢું?"

"છટ્! એવું કાઢ કે મ્હેં રાયગઢ લીધો, હું પનાળગઢપર ચઢ્યો, રાજારામને કેદી બનાવ્યો, ફકીર કર્યો, અને બીજું કાશીના વિશ્વેશ્વરનું શિવાલય પાડી ત્યાં મ્હેં મસજીદ બનાવી એવું ચિત્ર કાઢ."

"જી હુઝૂર!"

"અને બીજું એ કર કે એવાં ચિત્ર મ્હારી છાવણીમાં બતાવતો ફર."

"જી હુકૂમ સરકાર."

"અરે પણ રામના પનાળપર, રાયગઢપર બતાવતો ફરીશ કે?"

"ફરીશ, સરકાર."

"કેવી રીતે?"

"ખાનની સાથે રાયગઢ જઇશ. માત્ર ખાને અમને ઉપર પહોંચાડવા જોઇએ."

"ઠીક છે જા! અરે, એને મુઠ્ઠી હોન બક્ષીસ આપો. ચિત્ર કાઢી રહે એટલે મ્હને બતાવજે. પછી તે સર્વ દરબારમાં બતાવજે. એઇ, કાફર, જો કારીગરોનાં ચિત્રો મ્હારી છાવણીમાં બતાવ્યાં તો મરી ગયા સમજજે!"

"બહુત અચ્છા ખાવિંદ."

એમ કહી અપૂર્વ ઉત્સાહથી પેલા ચિત્રકથીયો પોતાનું નવીન કામ કરવા નીકળી ગયા. જતાં જતાં એક જણ બીજાને રામોશીની ગુપ્ત ભાષામાં ધીમે રહીને બોલ્યો; "દેવરામ ખુગાડલે." (સૂર્ય અસ્ત પામ્યો) પેલી દાસીએ તેમને બક્ષીને હવાલે કર્યા. રસ્તાપર તે બન્ને આજુબાજુ ચોક્કસ દૃષ્ટિથી જોતા હતા. દાસીને લાગ્યું કેઃ બીખારીઓને સર્વ જીંદગીમાં આવો વૈભવ ક્યાંથી જોવા મળ્યો હશે! બિચારા આશ્ચર્ય પામતા જુએ છે."

બક્ષી પાસે આવ્યા પછી ચિત્રકથીયોએ પોતાનાં ચિત્રો કાઢયાં. બક્ષીએ તે બાદશાહને બતાવ્યાં. તેમાં ખૂદ બાદશાહે એક બે કાઢીને વધાર્યાં. કેટલાકપર પોતાને હાથે કુરાનનાં વચનો લખ્યાં. આ વાતને તે રાત વીતી બીજો દિવસ પણ થયો. ચિત્રકથીયોએ આખી રાત તેજ ઉદ્યોગ કર્યા કર્યો. બાદશાહને પણ એજ નાદ લાગ્યો. એક બે વખત તો તેણે એ લોકોને બોલાવ્યા પણ હતા. પ્રત્યેક વખત જતાં આવતાં ચિત્રકથીયોને નવો આનંદ મળતો હોય એમ તેમના મુખ પરથી જણાતું. બીજે દિવસે જોત જોતામાં, બાદશાહે કાઢેલાં અને કઢાવેલાં આ નવાં ચિત્રોની વાત સર્વ છાવણીમાં ફરી વળી. કારણ, આ ચિત્રકથીયો બાદશાહની પરવાનગી હોવાથી આખી છાવણીમાં ચિત્રો બતાવતા ફરતા હતા. આથી થયું એવું કે, બાદશાહે કઢાવેલાં ચિત્રોમાં પોતાનું ચિત્ર પણ હોવું જોઇએ, એવી પ્રત્યેક સરદારને ઇર્ષા થઇ, તેથી આખો દિવસ છાવણીમાં ચિત્રો બતાવવામાં પુરો થયો. આખો દિવસ રખડતાં રખડતાં, તેજ રાત્રે પોતાના સ્થાને પોતાનાં બે ચિત્રો મુકી, બેઉ ચિત્રકથી દેવીનાં દર્શન કરી આવવાનું કહી કોણ જાણે કયાં ચાલ્યા ગયા !

વાચક! જવા દો તેમને. આપણને શું કામ છે? બાદશાહને પણ પોતાનો નિત્યક્રમ ચલાવવા દો. તેને જગતની ઉથલ પાથલ કરવી છે. આપણે છે કંઇ તેવું કરવાનું ?

ત્યારે શું આપણે પણ આળસુ બની બેસી રહીશું? સંતાજી જેવો વીર પ્રતિજ્ઞાનું બીડું ઝડપી નીકળ્યા પછી શું થયું, તે જાણવાની ઉત્કંઠા છે કે? જેજુરીથી દિવાના ઘાટે ઉતર્યાનું વૃતાંત આપણે જાણીએજ છીએ. તે કેવી ચપળતાથી બાદશાહી માણસોને હાથતાલી આપી સંકટમાંથી ખસ્યો અને ઠાઠ માઠથી બાદશાહના મુકામ તરફ ગયો તે પણ જાણ બહાર નથી. તે એવી રીતે પ્રવાસ કરતો બાદશાહની છાવણીથી બે ત્રણ માઇલ પર આવી અટકયો.

અહીં શું કરવું, કેવી રીતે કરવું, વિગેરે વિચારોની ધૂનમાં હતો તે વખતે એક સાધુને પોતાના તરફ આવતો જોઇ તેનો વિચાર પ્રવાહ

એકદમ અટકયો. તે શંકિત દૃષ્ટિથી પેલા બાવા તરફ જોવા લાગ્યો. તે સાધુ જો કે દૂર હતો પણ તેને લાગ્યું કે પ્રથમ મ્હેં તેને કોઈ જગ્યાએ જોયેલો હોવો જોઇએ. બાવો નજીક આવતાંજ તેને યાદ આવ્યું કેઃ પેલા જંગલના દેવાલયમાં હતો તેજ એ! આવે વખતે તેને અહીં આવવાનું શું કારણ હશે! કદાચિત આ વખતે મોગલો પૈકી કોઇ આવી પહોંચશે તો પરિચિત ભાષણથી સર્વ પોગળ બહાર પડશે, એવી તેને ચિંતા ઉત્પન્ન થઈ. ચિંતાના વાદળથી તે નિસ્તેજ બન્યો, એટલુંજ નહિ પણ તેને ત્યજી જવાના ઉદ્દેશથી તે પોતાનો ઘોડો ફેરવતો હતો, એટલામાં તે સાધુએ આગળ આવી ઘોડો પકડયો. સંતાજીને નિરૂપાયે અટકવું પડયું, સાધુએ તેને પ્રશ્ન કર્યો; "કેમ સંતાજી? સૂર્યાજીનો મેળાપ થયો હતો કે?"

"થયો હતો." સંતાજી ત્રાસીને બોલ્યો.

"બેટા, ત્રાસીશ નહિ. ત્હારૂં પ્રિય કરવા માટે જ હું અહીં આવ્યો છું. તું મોહિતેના હયદળ આગળ ગયો હતો કે? હું તે બાદશાહી સૈનિકોમાંજ હતો. તે વખતે જ તેને ઉઘાડો પાડયો હોત, પણ જવા દે એ વાત. હું ત્હારૂં કામ સહેલું કરીને આવ્યો છું. સંભાજી જેવું આપણું છત્ર તુલાપુરમાં જેણે છિન્ન ભિન્ન કરી નાંખ્યું, તેને ઉભો ને ઉભો બાળી મુકી ફતેહ કરીને આવ, જા! ત્હારો માર્ગ સ્વચ્છ છે, જા. ત્હારા ચિત્રકથી, ત્હારા ગવૈયા, ત્હારા કાનફટા બાદશાહના જનાનખાનાં સુધી પહોંચી ગયા છે. હું પણ બીજું કાર્ય કરી આવ્યો છું. બાદશાહના અઢારે કારખાનામાં અને બાદશાહી બજારમાં તને કેટલાક મિત્રો મળશે. એટલુંજ નહિ પણ વ્યાપારને બ્હાને મ્હેં આપણા માણસોનો બાદશાહી છાવણીમાં પ્રવેશ કરાવ્યો છે. કોઇ ગોપાળ થઇને ગયો છે, કોઇ જોશી બની સિપાહીઓના હાથ જુએ છે, કોઇ અનેક પ્રકારની રમતો બતાવી કંટાળેલા પહેરગીરોને ગમ્મત કરાવે છે, કોઇ વૈદ્ય બની સિપાહીઓનો તાવ મટાડે છે, કોઇ નટ આડા અવળા કુદકા મારી, દોર પર ચઢી, સર્વ છાવણીનું નિરીક્ષણ કરે છે. એવી રીતે અનેક માણસોની યોજના ત્હારે માટે થઇ છે."

"પણ એ તો સર્વ મ્હારી યોજના હતી સ્વામીજી, તે તમે કેવી રીતે

જાણી ગયા ? જો એ હું જાણીશ નહિ તો નાઉમેદ થઇશ. આપ કોણ છો ? શું શત્રુપક્ષના કુશલ ગુપ્તચર છો ?"

"ગાંડા ! ગુપ્તચર હોત તો ત્હારી પાસે આવત કે ? અરે, ત્હારી તો તૈયારી થઇ ગઇ છે ને ? હવે મ્હારી જો. ત્હારી એ યોજનાને ખુદ બાદશાહના ઘરમાં કેવું સ્થાન મળ્યું છે તે વિચારી જો. મ્હારી યોજના તેથી પણ આગળ પહોંચી છે. ત્હારા વેશબદલુ વીરો ત્યાં ગયા તે પહેલાંજ મ્હારા અત્તરવાળા તુલાપુરમાં ફેરી નાંખતા હતા. અરે, એ કામમાં બાદશાહ આપણા પર જૂલ્મ કરવા લાગ્યો, પણ તે અપકારને બદલે ઉપકારરૂપ બન્યો છે. આજે ઠેકાણે ઠેકાણે તને જે નાલબંદ, તંબોળી, તેલી, અત્તરવાલા વગેરે મુસલમાન જણાય છે, તેમની ચોટલીઓ બાદશાહે ધર્માંધતામાં કઢાવી સુન્નત કરાવી છે. આપણા દેખતાંજ આપણા ધર્મની અને રાષ્ટ્રની દુર્દશા બાદશાહે જ કરી છે ને ? સેંકડો બ્રાહ્મણ મરાઠાઓને ધર્મથી દૂર કરી બાદશાહે પોતાના ધર્મની મહત્તા વધારી છે ને ? ચિન્તા નહિં, એ પરિસ્થિતિમાં આપણે પરિવર્તન ન કરીએ તો આપણે સમર્થ શિષ્ય શેના ? તેથી જ અમે સમર્થની આજ્ઞા પ્રમાણે નિત્ય ભિન્ન ભિન્ન માર્ગે ભ્રમણ કરીએ છીએ અને દેશાટન કરી દેશની સ્થિતિ જોઇએ છીએ. આ ઉપરથી તું સમજ્યો હશે કે ત્હારા અને મ્હારા દાવનું મિલન મ્હેં કર્યું છે."

"સમર્થ ! આ વૃક્ષ નીચે આપણે આગળનો વિચાર નક્કી કરીએ. મ્હારા માણસોને ઝાડીમાં અને તુલાપુરના પ્રત્યેક ઘરમાં છુપાવી દઉં છું. ત્યાં સુધી તમારે આટલામાંજ કંઇક રહેવું."

"ઠીક છે. માત્ર, મ્હને છોડી જઇશ નહિ. મ્હારે ત્હને આગળના ઘણા વિચાર કહેવાના છે.

"નહિ સમર્થ ! મહારાજાના ચરણના શપથ લઇ કહું છું કે હું પાછો આવીશ. સંકટના મુખમાં હું હાથ ઘાલનાર છું. હું કદી પણ ડરીશ નહિ."

સંતાજી આશ્વાસન આપી ચાલ્યો ગયો. આ તરફ સ્વામી પોતાના મનમાંજ વિચાર કરતા આમ તેમ ફરવા લાગ્યા. "કૈલાસવાસી શ્રી શિવાજી છત્રપતિએ અને જીજામાતાએ અમને કેવું દૃષ્ટાંત—આદર્શ આપ્યું છે ? નિં-

બાળકર જેવો વીર સ્વધર્મથી વિમૂખ થયેલો હોવા છતાં તેને પુનઃ પાવન કેવી રીતે કરી લીધો ? હવે અમારે તેજ યત્ન કરવો જોઇએ. આપણો પક્ષ સબળ બનાવવા તેમનું અનુકરણ કરવુંજ જોઇએ. સમર્થ આજ્ઞાનું અવલંબન કરી સાવચેતીથી કાર્યમાં પ્રવેશ કરવો જોઈએ. સમર્થે ધર્મ ભ્રષ્ટ થયેલા મનુષ્યોની લાગણીને કેવી રીતે સાંભળી સંભાળી લીધી હતી ? હિન્દુઓ તેમના હાથમાં સપડાયા પછી પશ્ચાતાપ કરે અગર તો જૂલ્મથી વટલાયા પછી તેમને આપણે પાછા ધર્મમાં ન લઇએ તો તેમાં હાનિ કોને છે ? જુલ્મથી વટલાયલાની લાગણી તે બાજુ કેમ ફેરવાઇ જાય છે ? આપણે તીરસ્કાર કરીએ છીએ માટે કેની ? આપણે જનણી જોઇને આપણા પગમાં કુહાડી મારીએ છીએ. આપણે જો સમર્થની આજ્ઞા માની તેમને આપણા તરફ ખેંચી લેવાનો પ્રયત્ન કરીશું તો તેઓ બાદશાહ પાસે રહીને આપણું કેવું ઉત્તમ કાર્ય કરશે ? પોર્ટુગીઝ પ્રજાએ આપણા લોકોને ત્રાસ આપવા માંડયો ત્યારે સમર્થ તે પ્રદેશમાં દોડી ગયા હતા ને ? માર્ગના અનેક અવરોધોને તેમણે મહત્તા કયાં આપી હતી ? તે પ્રદેશમાં તેમણે સૂક્ષ્મ દૃષ્ટિથી લોક સ્થિતિનો અભ્યાસ કર્યો હતો અને ત્યાંની પ્રજાની ભાષા શીખી તેમના આચાર વિચારને અનુકૂળ થઇ ધીમે ધીમે તેમને બોધ આપી યોગ્ય સ્થાને લાવી મુકયા હતા. તેમનો આદેશ આપણે આપણા હૃદયમાં સંગ્રહી રાખવાનો છે. માટેજ આ તંબોળી, તેલી, શીકલગરા, પટવાઓ, ભઠીયારા, કંસારા, પખાલી, કડીયા, મણીયારા, રંગારા, માળીઓ, દરજીયો, મોચીયો, ખાલપા, ચમાર, વગેરે વટલાયલા હિંદુ ધર્મના અંતરંગમાં પ્રવેશ કરી, તેમની સહાનુભૂતિ સ્વધર્મીયો તરફ આકર્ષી લેવા હું તુલાપુરમાં આવ્યો છું. અલ્લાઉદીને આપણી પ્રજાને સ્વધર્મમાં લેવાનો આરંભ કર્યો, અકબરે આપણી જ્ઞાતિને ભ્રષ્ટ કરી, ખોજા સૈયદ હુસેન જેવા ફકીરે સમયનો ઉપયોગ કર્યો, યુસફઉદીને મુમના લોક તૈયાર કર્યાં અને ઔરંગજેબ તે સર્વની હદ બતાવવા તત્પર થયા ! એજ પ્રજા એક વખતે સ્વધર્મી હતી કે ? એમની સહાનુભૂતિ સત્વર પ્રાપ્ત થશે, માટે એમનાં હૃદય સમજી આપણે તેમને આપણા બનાવી દઈશું એટલે બાદશાહની ખૂદ છાવણીમાં કેવું ગાબડું પડશે ? હજાથી હિન્દુ

પણ શરીરથી વેચાયલી પ્રજા આપણુને અનુકૂળ થવાથી બાદશાહનો એક પગજ તૂટી જશે અને આપણા બળમાં વધારો થશે. એજ આશાથી હું તુલાપુર આવ્યો છું. બાદશાહ પાસે કડીયા, શીકલીગર, નાલબંદ વગેરે કંઇ થોડા છે? તેમની સાથે તેઓ આપણા હઝારો મજૂરો લઇ ગયેલા છે, અને વળી પ્રથમના હિન્દુ કે જે મુસલમાન થઇ ગયેલા છે તેમની પણ ત્યાં ઘણી સંખ્યા છે. તેમનાં મન મેળવવાનો પ્રયત્ન કર્યો છે. જો તેમાં કિંચિદ્ પણ યશ મળશે તો સંતાજીએ સ્વીકારેલા સાહસને તે કેટલા ઉપયોગી થશે? એટલા માટેજ અમે સમર્થ શિષ્યો ગામે ગામની હનુમાન જયંતિ, રામજયંતિ વગેરે ઉત્સવમાં સામેલ થઇ લોકરૂચીને ઇચ્છિત માર્ગ આપીએ છીએ. તેમ એ કાર્ય કરતાં **'जठरीं लागो क्षुधा। होत नाना आपदा'** એવો અનુભવ લેશ પણ પડતો નથી."

તે સાધુ આવા કંઇ વિચાર ભ્રમણમાં એકાંત સ્થળે આમતેમ ફરતો હતો તેટલામાં સંતાજી પાછો આવ્યો. તેણેજ તે સાધુને તેની વિચાર–નિદ્રામાંથી શુદ્ધિમાં આણ્યો. સાધુએ સંતાજીને કહ્યું:

"સંતાજી! ત્હેં મ્હારા પર આટલો વિશ્વાસ રાખ્યો, એ ત્હારા અંતઃકરણના શૂરત્વની સાક્ષી આપે છે. ત્હને મ્હેં કહ્યુંજ છે કે, અનેક પ્રકારના ધંધાથી, ભિન્ન ભિન્ન દૃશ્યો દર્શાવવાના વેશથી, મ્હેં બાદશાહના મજબૂત પહેરામાં અનેક માણસોને મોકલી દીધાં છે. શું કાનફટા (સાધુની જાત), ભોજકો વગેરે નકામાજ ત્યાં પોતાની કિન્નરીઓ વગાડતા બેડા છે? શીરકે–માનેના મરાઠા, રજપૂત એ સર્વ આપણાજ છે ને? તેમાંના ઘણા માણસોને સ્વદેશ સેવાની મહત્તા મ્હેં સમજાવેલી છે. હવે ત્હને એમાં ઘૂસી જવાને બહુ મહેનત નહિ કરવી પડે. માત્ર જગત મુખમાં આંગળીયો ઘાલે, બાદશાહ જીંદગી સુધી યાદ કરે તેવું કંઇ અઘટિત કૃત્ય તું કરશે એટલે બાદશાહની છાવણીમાંથી કેવી રીતે છટકવું તેની પણ યોજના કરી રાખી છે. તું અને ત્હારાં માણસો બાદશાહી સૈન્યના મરાઠા સૈનિકો જેવા પોષાકમાં પરિધાન થશો એટલે બસ છે. જો કંઇ ઘોટાળો થાય અગર મોગલ પહેરેગીરો, કે સિપાહીઓ બૂમાટો કરે તો તમે પણ તેમની માફક ઘોંઘાટ મચાવી

બંદુકના બાર ઉડાવતા નાસી છૂટજો. પેલી તરફના જંગલમાં મ્હેં કેટલાંક માણસો રાખ્યાં છે. તમે તેમનાજ તરફ અવાજ કરજો, એટલે તે પોતાના ઘોડાઓ પર સ્વાર થઇ ધાડપાડુની માફક ન્હાસવા લાગશે, પછી તમે તેમની પાછળ પડવાનો ડોળ બતાવી તેમનીજ પાછળ જજો."

"સ્વામીજી, આપની યોજના મ્હને ઘણી અજબ લાગે છે!"

"ઠીક છે, એ વાત રહેવા દે. વાત કરવાનો વખત ક્યાં છે? રાત પડતી ચાલી. પેલા સૂર્યાજીને દીઠો છે કે?"

સંતાજી કંઇ ઉત્તર આપવા જતો હતો, એટલામાં સામેથીજ એક મોગલ સ્વારોની ટૂકડી પોતાના ઘોડાઓને પાણી પાવા જતી જણાયાથી તે બન્ને એ દિશામાં ઝટપટ ચાલ્યા ગયા.

સંતાજી પોતાને રસ્તે આગળ જતો હતો, એટલામાં બે વ્યક્તિ આવી મળી. આ વ્યક્તિઓ કોઇ અન્ય નહિ પણ પેલા ચિત્રકથીજ હતા. તેમણે સંતાજીને બાદશાહી છાવણીની સર્વ વાતો કહી. ખૂદ બાદશાહના તંબુ સુધી કયા કયા માર્ગે કયા વેશથી જવાશે તેની મસલત પણ તેમણે કરી.

"આજે ખરી મધ્ય રાત્રે, એક મુસલમાની સરદારના તંબુ આગળ વિઠુજી ચવ્હાણ પોતાનો ભોજક વેષ ભજવનાર છે. ત્યાં મોહિતે, માનેના બસો પાંચસો માણસો એકત્ર થશે. બીજા એક તંબૂ આગળ અમે નટીનો તમાસો કરવાના છીએ. ત્યાં પણ બાદશાહનાજ ચારસો પાંચસો અંગરક્ષકો ગમ્મત જોવા આવનાર છે. હું, માલોજી, વિઠોજી, રૂપાજી, પદાજી, એમ પાંચજણા છેવટે પચીશ ત્રીશને પણ મધ્યરાત્રે મુકી આવીશું. અમે એવું ઠરાવ્યું છે કે, પ્રથમ એકવાર ગમ્મત જોઇ આવીશું, પછી એકને બદલે બીજાએ પહેલાને જવા દેવો! એટલે જાણોજ છો ને? પાંચપચીશની પાછળ પાંચપચીશ સહેલાઇથી જઇ શકશે. વળી ભાગ, ગાંજો, અફીણ વગેરેની વ્યવસ્થા કરી રાખી છે. અમારો ખેલ જ્યાં ખરા રંગમાં આવશે કે, બીજી બાજુએથી હૂમલાની બૂમ પડાવી ત્રીજીજ બાજુથી ખરો હલ્લો કરીશું."

ચિત્રકથીની વાત સાંભળતાંજ સંતાજી વીરમદમાં ઘૂમ બની ગયો. તેણે તે ચિત્રકથીઓની યોજના પસંદ કરી અને સાધુએ કહેલી હકીકત કહી હલ્લો

ચઢાવવા ઉતારવાની સર્વે જવાબદારી પોતે લીધેલી હોવાનું કહ્યું.

આ પ્રમાણે વિચાર નક્કી થયો. આજે અમાસની રાત્રી હતી. અંધકાર તો જાણે ખાવા ધાતો હતો! તુલાપુરની ચોતરફ પહેરા જો કે જાજવલ્યં હતા, પણ રાત્રિની ગમ્મત માટે મોહિતે માનેના ઘણા સ્વારો બાદશાહના મુકામ તરફ ઉપડી ગયા હતા. તેમાં આજે દેવીના દર્શન માટે ગામમાં મ્હોટો મેળો ભરાયલો હતો. જેમ જેમ રાત પડતી ગઇ, તેમ તેમ છાવણીને એક છેડે ઢોલ સરણાઇઓ વાગવા લાગી. ધીમે ધીમે આ બાજુએ બાદશાહના અંગરક્ષકો, સિપાહીઓ, ભાલેદારો, વગેરેનાં ટોળાં જવા લાગ્યાં. સર્વે કોઇ મનમાંજ વિચાર કરતા, ડરતા, છુપાતા, લપાતા, સાવચેતીથી પણ ત્વરિત ગતિથી મોજ જોવા જતા હતા. બાદશાહે દિલ્લી-આગ્રા છોડયું ત્યારથી આજ સુધી દડમજલ-કુચના પ્રવાસ કે યુદ્ધ સિવાય કોઇ જાતની ગમ્મત તેમના જાણુવામાં આવી ન હતી. આજનો પ્રસંગ અનાયાસે પ્રાપ્ત થવાથી પુષ્કળ માણસો અધીરાં બની ત્યાં દોડતાં જતાં હતાં.

આ તરફ બાદશાહના તંબૂના પહેરગીરો, ત્યાં જવા માટે અધીરા બની, પહેરા પરથી કોઇ છોડાવવા આવે છે કે કેમ તેની રાહ જોયા કરતા હતા. જ્યારે કોઇ આવતું જણાતું ન હતું ત્યારે તે મનમાં ને મનમાં ગુસ્સે થઇ ગમે તેવો લવારો કરતા હતા. છેવટે પાંચ માણુસો આવતાં જણાયાં, ત્યારે તેમના આનંદની સીમા રહી નહિ. પ્રત્યેક મનુષ્ય પોતે જઇ શકે તે માટે એક બીજાને, "તું પછી જજે. હું હમણાંજ પાછો આવું છું, પછી તું જજે." એવી આજીજી કરવા લાગ્યો. છેવટે એ પાંચ માણુસોએ પચીશ માણુસના પહેરા છોડાવ્યા. તે લોકોએ ઉતારેલો પોષાક પહેરી લીધો. વખતે ભિન્ન પોષાક જોઇ કોઇને સંશય આવે!

પહેરગીરોના ગયા પછી નવા આવેલા માણુસોએ ભોજક ભવૈયા કેવી ગમ્મત કરે છે, તે મરી મસાલા સહિત બીજાઓને કહેવા માંડયું. તે સાંભળી બીજા પણ ઘણા પહેરાવાળાઓ લાલચથી આગળ પાછળનો વિચાર ન કરતાં તે તરફ ચાલ્યા ગયા. આવી અંધાધુંધી જોઇ જેમ જેમ અંધકાર વધતો ગયો-રાત્રી વ્યતિત થતી ગઇ તેમ તેમ આ પાંચનાં નેત્રમાંથી ચીણુગારીઓ ઉડવા લાગી. તે હવે પોતાના પહેરા પર ટહેલવા લાગ્યા.

બરાબર મધ્ય રાત્રીના અરસામાં બાદશાહી કૅમ્પમાં સામસૂમ જણાવા લાગ્યું. આવા વૈભવશાલી બાદશાહના મુકામ તરફ કોણુ વાંકી નજરે જૂવે? અને વળી મરાઠાઓનો તો અધઃપાત થઇ ગયેલો, તેમનો રાજા હસ્તગત થઇ યમસદન પહોંચેલો અને અવશિષ્ટ રાજમંડળ રાયગઢ પર ભરાઇ રહેલું. એવી પ્રતિપક્ષીની દુર્દશા હતી, તે વખતે આ બાદશાહી પડાવ સામે કોણુ જુએ? આવા સાધાર, સાભિમાન વિશ્વાસ પર બાદશાહી સરદારો અને દરોગાઓ, ચૅાકી પહેરા પર સખ્ત નજર રાખતા ન હોય તો તેમાં આશ્ચર્ય જેવું નહતું. હમણાં તો મધ્યરાત્રી સનસનાટ કરતી વહેતી હતી. દશ પહેરેગીરોમાંથી એકાદ આમતેમ ટહેલતો નજર કરે એટલે પત્યુ! તેમાં પણુ બિચારાને ગાંજા, અફીણુનો નીશો ન ચઢયો હોય તોજ તે કંઇ બરાબર નજર કરતો.

આવી ગાફીલ પરિસ્થિતિમાં, સર્વ છાવણી નિદ્રાધીન થઇ હતી. પહેરગીરોએ મધ્યરાત્રીનો ઘંટાનાદ કર્યો. પહેલો ઘંટ સાંભળી પેલા પાંચ પહેરગીરોમાંથી એક બીજાને રામોશી ભાષામાં કહેવા લાગ્યોઃ "ગુડુસ ગોનાયચેના?" (હવે લૂંટ ચલાવવી છે કે?) બીજાએ તેનો કંઇ ઉત્તર ન આપતાં કલાકનો બીજો ઠોકો પડયો તે સાથેજ બાદશાહના તંબૂ પર ચઢવાની શરૂઆત કરી. બાકીના ચારેએ તેના સાહસિક કૃત્યનું અનુકરણુ કર્યું. પહેલો તંબૂ પર થઇ છેક ટોચે કળસ આગળ જઇ પહોંચ્યો. પ્રથમ તેણે ત્યાં એક મ્હોટું બાકું પાડ્યું. તેમાંથી તે અંદરની પરિસ્થિતિ જોવા લાગ્યો. એટલામાં તેની પાછળનાએ પુછ્યુંઃ "ગુડસાટ શીટ. આહેત કા?" (અંદર દીવો છે કે?) પહેલાએ તેને ઉત્તર આપ્યોઃ "કંટિકા બાદલી" (અંદર તે સૂતો છે.) આટલું સાંભળતાંજ બાકીના ત્રણેએ સપાટાબંધ તંબૂના બંધ તોડવા માંડયા. પહેલા સાહસિકે તંબૂના સુવર્ણ કળશ તોડી લઇ બીજાને સ્વાધીન કરી કહ્યુંઃ "પદાજી, બાદશાહ જાગે છે રે! જો તે વ્યાઘ્રાંબર પરથી સિંહગર્જના કરી ઉઠયો. પડયો પડયો શો વિચાર કરતો હતો? મ્હેં તો ધાર્યું હતું કે કૂદકો મારી જહન્નમમાં પહોંચાડવાનો ઠીક પ્રસંગ આવ્યો છે. ઉતર, નીચે ઉતર, બંધ તૂટયા! અરે પડયો! અંદર આગ લાગી, ઉતર!"

આવું તે કહેતો હતો એટલામાં તંબુની બીજી બાજુએથી બે ત્રણ હજાર મરાઠા સ્વાર "જય શિવાજી મહારાજની, જય તાનાજીની." કહેતા બાદશાહના મુકામમાં પેઠા. ત્રીજી બાજુએ પેલા ભોજક ભવૈયા, પેલા નૃત્યકારો વગેરે "હર હર મહાદેવ" કહી પોતાના ચોતરફના અચેતન, અને નિશામાં ચકચૂર થયેલા સિપાહીઓપર કૂદી પડયા. ચોથી બાજુએ પેલા કાનફટા વગેરેએ એકઠા થઇ બાદશાહી માણસોપર સામટો હુમલો કર્યો.

બાદશાહ કંઇ જેવા તેવા નહતા. તંબુને ચીરાતો પડતો જોયો કે તુર્ત તે બહાર નીકળી આવ્યા અને એક પહેરેગીરનું રણતૂર લઇ ફૂંકવા મંડી પડયા.

તે રણતૂરના અવાજ સાથેજ બાદશાહની સર્વ છાવણી ચમકી જાગૃત બની ગઇ. પળવારમાં બાદશાહી તોપખાનું ધનનન ધનનન ગોળા છોડવા લાગ્યું ! એટલામાં અપૂર્વ વેગથી ચાલી આવેલા મરાઠા સ્વારો તરફ એક સાધુ આવ્યો અને તેણે નાયકના અશ્વની લગામ પકડી. તોપખાનું તૈયાર થયેલું જોઇ, હવે કઇ દિશાએ હલ્લો કરવો, એ વિષે તે મરાઠો સરદાર ક્ષણવાર વિચારમાં સ્તબ્ધ હતો. તેણે પોતાનો ઘોડો અતિ પ્રયાસથી ખેંચી રાખ્યો હતો. જમણે હાથે ઘોડો ખેંચી, સમશેર યુક્ત ડાબે હાથે તે પોતાના અનુયાયીઓને ક્ષણવાર ઉભા રહેવાનો હુકમ કરતો હતો. તેણે પોતાનો ઘોડો બેફામ બનેલો હોવાથી તેને એકદમ ખેંચ્યો તેથી સ્વાભાવિક રીતેજ ઘોડો બે પગ પર ઉભો થઇ ગયો. આ અવકાશમાંજ પેલા બાવાએ તેના ઘોડાને અટકાવ્યો હતો. મરાઠા સરદાર એવું તો ભાન ભૂલી ગયો હતો કે પોતાના ઘોડા સામે કોઇને આંવતો જોઇ તેનેજ પોતાની અસિથી ઉડાવવા :હસ્ત ઉંચો કર્યો હતો, પણ સાધુ તરફ દૃષ્ટિ કરી જતાંજ તે ચમક્યો. સાધુ પણ એકદમ બોલ્યો:—

"સંતાજી ! ત્હારા માણસોને લઇ એકદમ પાછો ફર. પેલો માનેનો સસરો—ત્હારી સાથે કાનફટો થઇ આવ્યો હતો—તે દેશદ્રોહી બની મોગલ સરદારોને ચેતવી ત્હારાપર ધસી આવે છે. જા, ત્વરાથી ઝાડીમાંથી ચાલ્યો જા. આટલું શૌર્ય બસ છે હમણાં ! જા, મ્હારી આજ્ઞા માની ચાલ્યો જા."

સંતાજીએ તુરતજ પોતાનો ઘોડો ફેરવ્યો. તે ઝાડીની દિશામાં જવા લાગ્યો, તેના અનુયાયીઓ પણ પાછળ ચાલ્યા ગયા. આગળ જઇ જોયું તો ખરેખર મોગલ સૈન્ય સર્વ રસ્તે પૂર્ણ તૈયારીથી ઉભું હતું, પણ સંતાજી કંઇ બીકણુ નહતો. તે વિદ્યુત વેગે મોગલ સૈન્યપર ધસી ગયો. આ અચાનક હુમલો એવો વિલક્ષણ અને તીક્ષ્ણ હતો કે મોગલ સૈન્યની હાર તૂટી ગઇ. તે બે ભાગમાં વહેંચાઇ ગયું. એ હાર ભેદવામાં સંતાજીના ઘણા વીર પુરૂષો મરાયા હતા. તથાપિ સંતાજીની અપૂર્વ શક્તિથી મોગલ સૈન્ય ગૂંચવાઇ ગયું. બાદશાહ પોતે, રખલબારના ક્રૂર આરબોને લઇ આગળ આવ્યો હતો. અંદરના અને બહારના સૈન્યનું મિશ્રણ કરી બન્નેએ તેની પાછળ પડવા પોતાની દિશા ફેરવી. પીછો પકડવા ધસી જતા મોગલ સૈન્યમાં તંબુપર ચઢેલા પેલા પાંચ મનુષ્યો પણ હતા. "પકડો, કાપો, મારો," ની ગર્જના કરી તેમણે કયારનાએ "અલ્લા હો અકબર" કરતાં સંતાજીની પાછળ પોતાના ઘોડા પૂરજોશમાં ફેંક્યા હતા. મોગલ સૈન્યમાં જે કંઇ થોડા વિશેષ પાણીવાળા હતા, તે પણ તેમની પાછળ અશ્વો ફેંકતા ચાલ્યા.

સંતાજી એક વખત હાથમાંથી છટકયા પછી પાંચ હજાર તો શું પણ પાંચ લાખ સ્વાર પાછળ પડે તો પણ શું તેને કરી શકે? તેમાં પણ સંતાજીના નામની મોગલ સૈન્યમાં એટલી ધાક પેઠેલી હતી કે ન પૂછો વાત! એક વખત તેણે પાછા ફરી નજીકમાં આવેલા સ્વારોપર તૂટી પડી તેમને ચીરી નાખ્યા તેટલાથીજ વિશાળ મોગલ સૈન્ય જ્યાં ફાવ્યું ત્યાં નાસી છૂટયું.

હવે સંતાજી પાછો પોતાને માર્ગે જવા ઘોડો ફેરવવા લાગ્યો, એટલામાં પાછળથી પુનઃ પાંચ મોગલ સ્વાર દોડતા આવતા હતા તે તરફ એકે આંગળી કરી. તે ઘોડાને સ્થિર કરી તેમની રાહ જોતોજ ગંભીર વૃત્તિથી ઉભો રહ્યો. પેલા સ્વારો સમીપમાં આવ્યા તે સાથેજ તેમના પર ઘા કરવાના ઉદ્દેશથી તે ઘોડાને એડી દાબતો હતો એટલામાં પેલા સ્વાર "જય શિવ પ્રભુ, જય તાનાજી." એવા સાંકેતિક શબ્દોનો ઉચ્ચાર કરતા છેક પાસે આવ્યા. તેમને જોઇ સંતાજી હસ્યો, સ્વારોએ પણ પાસે આવતાંજ ઘોડા પરથી ઉતરી સંતાજી આગળ જઇ સાષ્ટાંગ પ્રણામ કર્યા.

" ઉઠો સ્વરૂપાજી, માલોજી ઉઠો, આજે તમે ઘણી સરસ કામગીરી બજાવી છે. ઉઠો બહિર્જી, વિઠુજી ઉઠો, પદાજી ઉભા થાઓ. હજી પણ આપણી પાછળ મોગલો આવશે. " સંતાજીએ એવી આજ્ઞા કરતાંજ પદાજીએ પેલા ઝળહળતા સુવર્ણ કળશ સંતાજી આગળ મુકયા: " આ અમારી કામગીરી ! એ બાદશાહના તંબુના કળસ છે, આપણું વિજય ચિહ્ન છે, સરકાર ! એ આપના તાબામાં લો. " પદાજીએ કહ્યું.

" શાબાશ મ્હારા શૂરા મર્દો શાબાશ મ્હારા વીરાઓ ! સ્વાર થાઓ, ચાલો હવે મહારાજાના ચરણમાં આ બાદશાહનું નાક મુકીએ. પણ માલોજી, પેલો સાધુ કયાં ગયો તે જાણે છે કે ? ગયો હશે ! જે બાદશાહની છાવણીમાં જઇ શકયો, જે સંતાજીના ઘોડાના અપૂર્વ બળને અટકાવી શકયો તેને માટે કંઇ અશક્ય નથી. ચાલો, આપણે આપણા માર્ગે જઇએ. "

સંતાજી પોતાના સોબતીઓ સાથે વાયુવેગે માર્ગક્રમણ કરતો ઠેઠ સિંહગઢની ઝાડીમાં આવ્યો. સિંહગઢપર આ વખતે સિધોજી ગુજર કિલ્લેદાર હતો. સિધોજી ગુજર એ, ઇતિહાસ પ્રસિદ્ધ યોદ્ધા અને શિવ પ્રભુના જમણા હસ્તરૂપ પ્રતાપરાવ ગુજરનો વંશજ હતો. સંતાજીએ તેને સંદેશો મોકલતાંજ તે નીચે આવ્યો. સંતાજી અને સિધોજીનો મેળાપ થયા પછી સિધોજીએ સંતાજીના માણસોની ઉત્તમ બરદાસ્ત કરી. સંતાજીના સ્વારો પૈકી ઘાયલ થયેલાઓને કિલ્લાપર લઇ ગયો. સંતાજીએ ત્યાં બે ચાર દિવસ રહી વિશ્રાંતિ લીધા પછી ભોરને માર્ગે રાયગઢ તરફ કુચ કરી.

વાચક ! સેનાપતિ ધનાજી જાધવની રજા લઇ, એક તરફ સંતાજી અને બીજી તરફ રાજકુંવર, એમ બન્ને બે બાજુએ ગયાનું તમે જાણોજ છો. સંતાજીનું પરાક્રમ, વીરતા અને શૂરતાનો આપણને પરિચય થયો પણ રાજકુંવરને શું થયું ?

સંતાજી તુલાપુરથી ચોતરફ ઘોડા ઉછાળતો નીકળી ગયા પછી બાદશાહી લશ્કરમાં જાણે કે ભૂકંપજ થયો ! તોપોના ગડગડાટ શરૂ થયા, ભયંકર સંકટની સુચના જયાં ત્યાં પ્રસારવામાં આવી. સંતાજીના આવા અચાનક અને સાહસિક કૃત્યથી ચીડાઇ જઇ બાદશાહે ચારે દિશાએ પોતાનું લ-

શ્કર મોકલ્યું. આસદખાનના પહેલાંજ રાયગઢપર આક્રમણ કરવા નીકળેલો તે રાયગઢની લગભગ આવી પહોંચ્યો હતો. પ્રથમ સિંહગઢની ઝાડીમાં પડાવ હતો, તે વખતે બાદશાહે સંતાજીની શોધ માટે મોકલેલી ટૂકડીયો આસદખાનના સૈન્યમાં આવી મળી. તેમણે આપેલા સમાચાર સાંભળી, ખાનની ફોજમાં સર્વત્ર ભય પ્રસરી ગયો. "એ શયતાન નીચેથી જમીન ફાડીને આવશે કે આકાશમાંથી તૂટી પડશે ?" એવા ભયથી ખાન પણ ચિંતામાં પડયો.

આ વખતે બન્યું એવું કે આસદખાન મદદમાં આવે છે અને તે નજીકમાં આવ્યો છે જાણી ગણોજીરાવ શીર્કે ખુશી થઇ ગયો હતો અને તેથી એક ન્હાની ટોળી લઇ તે ખાનનું સ્વાગત કરવા સ્હામે જવા એકલોજ આગળ આવ્યો હતો.

આ વખતે જે ખાન પ્રથમની માફક સીધો ચાલ્યો આવ્યો હોત તો ઉભયનો મેળાપ વિના અડચણે થઈ જાત, પણ સંતાજીના સાહસિક કૃત્યથી તે ભમી જઇ રસ્તામાંજ મુકામ નાખી પડયો હતો. તે ચિંતાજાળમાં પડેલો છે, એ વાત સંતાજીના ગુપ્તચરોએ જાણી લઇ સંતાજીને ખાનના પડાવની બાતમી આપી. પછી શું પુછવું ? તે હિમ્મત બહાદુરે, લાગ સાધી અચાનક ખાનની પીઠપર એવો તો સજ્જડ છાપો માર્યો કે, તેને પોતાનો સામાન છોડી દઇ આડેજ રસ્તે જવું પડયું ! ખાન પોતાના ખાસ પાંચ હાથી ધીમે રહી ખસેડી જતો હતો પણ તે સુદ્ધાં સંતાજીએ પડાવી લીધા અને રાયગઢની ઝાડીમાં પેસી ગયો.

આ તરફ ગણોજીરાવ અર્ધે રસ્તે આવ્યો ન આવ્યો તેટલામાં એક ઝાડીમાંથી કેટલાક સ્વારો અણચિંતવ્યા ગણોજીની આડે આવ્યા અને હાથોહાથની ઝપાઝપી ચલાવી ગણોજીને હતવીર્ય કર્યો, પણ ગણોજીરાવ યુદ્ધકુશળતાથી અજાણ્યો નહતો. તેણે પોતાના યત્નની હદ બતાવી પણ છેવટે પ્રહારોની પ્રચંડતાથી થાકી જઇ, અનેક જખ્મમાંથી વહેતા રક્ત પ્રવાહથી બેહોષ થઇ તે જમીન પર પડયો.

તેની આવી સ્થિતિમાં, તેના પર હલ્લો કરનાર પ્રતિપક્ષીએ પોતાના માણસોને દૂર કર્યા અને સ્વતઃ તેને પોતાના ખોળામાં લઇ તેના મુખપર

પ્રાણી છાંટયું. આ વિજયી પક્ષના યોદ્ધાએ હવે પોતાના મુખપર બાંધેલો પાટો ઉતાર્યો. ગણોજીરાવ તરફ તે જોવા લાગ્યો. તેના ઉદ્યોગી ચહેરાપરથી જણાતુ હતું કે, તેના હૃદયને ઘણું દુઃખ થતું હોવું જોઇએ. પોતાના પગપર ગણોજીરાવનું મસ્તક પડેલું જોઇ તેના ચક્ષુમાંથી બે ઉષ્ણ આંસુ પણ પડયાં, પરંતુ તે તુર્તજ શુદ્ધિમાં આવ્યો. તેણે પોતાની ઉદાસીનતા દૂર કરી, તેણે ગણોજીરાવને અર્ધશુદ્ધિમાંજ એક ઘોડાપર નાંખ્યો અને પોતાના સ્વારોને સાવધ કરી પનાળગઢ તરફ કૂચ કરવાનો હુકમ કર્યો.

આ બાજુ સંતાજીએ આસદખાનની પીઠ નબળી કર્યા પછી પેલા પાંચ હાથી અને બાદશાહી છાવણીની લૂંટસહ પારઘાટ પરથી, મોગલ સૈન્યને વમળમાં નાખી વાઇ—સતારાપર થઇ પનાલગઢ જવા પોતાના માણસને આજ્ઞા કરી, અને પોતે જંગલમાં પેલા દેવાલયમાં જઇ પાછળ પાછળજ આવે છે એવું કહ્યું. જતાં જતાં પણ સંતાજીએ આસદખાનના સૈન્યની પૂંછડી છેદી નાખી તેના કટકે કટકા કર્યા. એ હુમલો એવો તો દૃઢ હતો કે ખાન વેદનાના દુઃખમાં પોતાની પ્રચંડ ફેંણ ઉંચી કરી ત્રણ વખત સંતાજીને વિષમય ડંસ કરવા ઉલટો થયો હતો.

પ્રકરણ ૨૨ મું.

શું તપસી પડયા લપસી?

"હૃદય નાદાન પ્રેમીલા, દિગમ્બર રાખ ચોળી થા !" (કલાપી.)

આ જે સંતાજીના નિવાસ સ્થાનમાં સૂર્યાજીની બહેનનું આગમન કયાંથી ? યુગલી ત્હારે અહીં આવવાનું શું પ્રયોજન ! વાચક, તેને સૂર્યાજીએજ મોકલી હતી. કેમ મોકલી હશે તે ત્હારી કલ્પના બહાર નહિજ હોય. કમળા સૂર્યાજીની બહેન સાથે વાતો કરતી, કાળ નિર્ગમન કરતી, દેવળની ઑસરીમાં બેઠી હતી. તે યુગલી

સાથે વાતો કરતી હતી પરંતુ તેનું સર્વ લક્ષ પેલી ખીંટીપરના હાર તરફ હતું. ગમે તેમ હો, પણ આજે તે હારનું પ્રત્યેક પુષ્પ તાજું તમતમતું તેજસ્વી જણાતું હતું. જાણે કે હમણાંજ ખીલેલા પુષ્પોનો તે બનેલો ન હોય ! એટલુંજ નહિ પણ આજે તે હારનો અતિ વિલક્ષણ મધુર સુવાસ સર્વત્ર બહેકી રહ્યો હતો. જેમ જેમ કમળા તેના તરફ જોતી, તેમ તેમ તે ચિત્તમાં આહ્લાદ અનુભવતો. તે ચુગલી સાથે બીજી કંઈ વાતો કરતી વચ્ચેજ પેલા હાર તરફ જોઇ છેક ન્હાના બાળકની પેઠે કૌતુકપૂર્વક હાર સંબંધી વાત કરતી. તે વિષે તે બોલતી ત્યારે તેનાં નેત્રમાં એટલો હર્ષ ચમકતો કે, તે શુદ્ધિમાં છે કે નહિ તેની ખાત્રી કરવા ચુગલી તેને હલાવી જોતી.

કમળાનો મનોવ્યાપાર એટલો એકાગ્ર ચિત્ત ચાલતો હતો કે ચુગલી શું કહે છે તે તરફ તેનું લક્ષજ રહેતું નહતું, જાણે કે ત્યાં તે એકલીજ બેઠેલી હોય. જાણે કે પોતાની સખી ત્યાં છે, તેની તેને ખબરજ નથી. આવીજ આનંદમગ્ન સ્થિતિમાં તે હાર તરફ જોતી જોતી ઉઠી. સ્હામેના આરસામાં પોતાનું પ્રતિબિંબ નિહાળ્યું અને ચુગલીને કહ્યું: "બહેન સગુણા, મ્હારૂં માથું ઓળને ? આજે આપણે ફૂલના અલંકાર કરીશું ? પછી તું ઘાલી જોઇશ કે ?" ચુગલી હસી. તેણે કેશ શૃંગાર બાંધવા માટે કમળાને પાસે બોલાવી પણ કમળા કયાં સ્થિર હતી ? "અરે ઉભી રહે, ફૂલ બળવા દેને ! તું કેશ ઓળ, હું ગજરા વગેરે બનાવું છું !" એમ કહી તે તુર્તજ પુષ્પવાટિકામાં ગઇ. તેણે ઘણાં પુષ્પ એકત્ર કર્યાં અને પછી તે ચુગલી પાસે આવી બેઠી. ચુગલીએ તેને કહ્યું; "કેમ કમળા, બે ચાર દિવસથી તો માથાનું નામ પણ દેતી નહતી, અને આજ કયાંથી શૂર ચઢયું !" કમળાએ ઉત્તરમાં એક વખત તે હાર તરફ જોયું અને મનમાંજ હસી: "જો સગુણા, આ કળીઓના તોડા બનાવ્યા છે ! શોભે છેને ? અને આ તનમની ? આજે, બા, બધીએ ફૂલનીજ જણુસો ! સગુણા, આજે કેની, સ્વારી મ્હોટો વિજય મેળવી આવવાની છે ! પેલો હાર જોયો કે ? કેવો ખીલી રહ્યો છે ? પણ કેમ સગુણા, આજેજ સ્વારી આવશે કે ? પહેલાં અહીંજ આવશે કે ?"

"કમળા, આજે તું એમ કેમ કરે છે ?"

"બચ્ચું સગુણા, તને એ શું લાગ્યું છે? પણ સગુણા, તું કંઇએ જઇશ નહિ બા. આમ મ્હારો હાથ ઝાલીનેજ બેસી રહે. હું આજે એવી રીસાવાની છું કે જેનું નામ! તું જોઇશ. કંઇએ જઇશ નહિ. હું એમની સાથે બોલીશ પણ નહિ. બ્હેન, સગુણા, આપણે આપણા ગઢપર જઇશું! કેટલા દિવસ અહીં એકલાં ભૂતની પેઠે પડી રહેવું?"

"ખરૂં છે કમળા, આ સંતાજી જેવો માથાનો ફરેલ તો કોઇએ નહિ હોય. ઇન્દ્રની અપ્સરા જેવી સ્ત્રી, પણ છે કંઇ ફીકર? ઠીક, ઘરમાં ખાવાનું છે કે નહિ, એની સુદ્ધાં એ ભલા ભાઇને છે કંઇ ચિંતા? ત્યારે એવા માણસો લગ્નની પંચાતમાં શું કરવા પડે છે?"

"જા મૂઇ, સગુણા, એવું શું બોલતી હશે? પેલો કાગડો જોયો? મૂઓ, કા કા કરી માથું પકવે છે! પણ સગુણા, મહેમાન આવવાનું એ ચિહ્ન છે કે! આવે ને, ગમે તે આવેને! હું આજે બોલવાનીજ નથી. કોકિલા વ્રતજ લઇ બેસું! પણ સગુણા, તેમ થઇ શકશે કે? હું ચુપ રહી શકીશ કે? શા સારૂ નહિ રહેવાય? બિલકુલ બોલીશજ નહિ. આડું મ્હોં ફેરવીને બેસીશ."

કમળા સગુણા સાથે બોલવાને બદલે પોતા પ્રત્યેજ બોલવામાં ગરક છે, એમ કહેવાને હરકત નથી. એક હાથમાં ફૂલનો બાજુબંધ હાથે બાંધી, ગળામાં તન્મની પહેરી આરસામાં જોયા કરતી હતી એટલામાં ઘોડાઓનો પાદધ્વનિ સંભળાયો. તે સાંભળીને કમળા બાવરી બની ગઇ. "સગુણા, બહાર જા તો, કોણ છે? ઉભી રહે હું જોઉં છું. એ તને જોશે તો કહેશે કે આ કોણ? તું કેની, સગુણા, જરા બાગમાં જઇ આવ. એક જગ્યાએ બેસી બેસીને કંટાળી ગઇ હોઇશ."

"પણ કમળા! તે કોણ છે તે પહેલાં જો. રે મુસલમાન હશે!"

"ના, ના સગુણા! તું હમણાં જઇશ નહિ! ઉભી રહે, તું હોઇશ તો મ્હારો વિચાર દૃઢ થશે. એકવાર તો બોલુંજ નહિ!"

કમળા આવો વિચાર કરે છે, એટલામાં સંતાજી પોતાના ધૂળમય પોષાક સાથે અંદર આવ્યો. સંગ્રામવધૂના કર–પાશની બાથ છોડાવી હમણાંજ

તે આવેલો હોવાથી તેનો પોષાક ચૂંથાયલો હતો રણવધૂ સાથે યથેચ્છ વિહાર કરવાથી તે હમણાં શાંત બનેલો હતો, પણ અહીં આ નવવધૂને જોતાંજ તેના ચહેરાપર હાસ્ય ઝળકવા લાગ્યું. પુરૂષની જાતજ એવી! બેઇમાન! શબ્દથી, દષ્ટિથી કે વાણીથી એવો કયો પુરૂષ શુદ્ધ રહ્યો છે?

બિચારી કમળાએ તે હાર તરફ એક વખત જોયું અને મનમાં હરખાઇ પતિ દેવ તરફ ચારે દષ્ટિથી જોયું અને મનમાં આનંદ પામી, પણ દષ્ટિ તો નીચેજ રાખી રહી. વચ્ચેજ ચુગલીને કહ્યું: "ચાલ બહેન, બાગમાં જઇએ!" ચુગલી આગળ આગળ થઇ જવા લાગી ત્યારે "ના બહેન, મ્હને છોડીને જઇશ નહિ!" એમ બડબડી પણ તેને જતી પોતાને હાથે અટકાવી નહિ.

સંતાજીએ વસ્ત્રો ઉતાર્યાં. કમળાને તે વસ્ત્રો પોતાના હસ્તે ઉતારવાનું ઘણુંએ મન થયું, પરંતુ તેમ કરવાની હિમ્મત કરી શકી નહિ, કિન્તુ તેના હસ્ત જે ન કરી શક્યા તે તેના પગે કર્યું. તે આપોઆપ સંતાજી તરફ ખેંચાઈ ગઈ. સંતાજીએ કપડાં તેના હસ્તમાં મુક્યાં, પછી તેણે પતિને માટે મ્હો પગ ધોવાનું પાણી આણ્યું. સંતાજીએ તે સર્વ વિધિ કુંડ પર કર્યો તેથી તેનું મન દિલગીર થયું. તે ભોજનની થાળી પિરસતી હતી ત્યારે કેટલીએ વખત તેના હાથમાંથી અન્નપાત્ર છૂટી જવા લાગ્યાં. છેવટે ભોજન પિરસવાનું ચૂગલીને કહેવા ગઇ, પરંતુ તે આવી નહિ. ઉલટી તે તો તેની મશ્કરી કરવા લાગી; "કેમ? સાથે બેસશે કે? એમને કોળીઆ ભરાવે તો આવું." એ સાંભળી કમળાએ હસી તેના મોંપર એક લપ્પડ લગાવી અને પુનઃ પીરસવા આવી. તેની મુખમુદ્રા પરથી જણાતું હતું કે: પતિ હાથ પકડી બળપૂર્વક કોળીયો ખવડાવશે એમ તેને લાગ્યું હશે, પરંતુ સંતાજી આજે તદ્દન ગંભીર અને વિચારમગ્ન સ્થિતિમાં પોતાનું કાર્ય ચલાવતો હતો. પોતે ક્યાં છે, શું કરે છે તેનું તેને ભાનજ નહતું. તેણે ઝપાટાબંધ ભોજન પૂર્ણ કર્યું. કમળા પતિને તાંબૂલ આપવા ઉઠી, પણ આવે સ્થાને એ સાહિત્ય ક્યાંથી હોય? જો હોત તો તેણે કેટલાએ ઉલ્હાસથી—કેટલાએ પ્રેમથી આપ્યું હોત. કારણ, આવી આનંદ ઘટિકાઓ તેના જીવનમાં ઘણીજ થોડી આવી

હતી. છેવટે મહાપ્રયાસે એક સોપારી કાઢી. તે ભાંગી આહ્લાદિત બની શરમાતાં દબાતાં આગળ ધરી. પતિ સ્હામે જરા વાંકી નજરે સ્મિત હાસ્ય કરતાં નિહાળ્યું. સંતાજીએ તેનો સ્વીકાર કર્યો. અહા ! આ વખતે તેના અંતઃકરણમાં કેટલો આનંદ થયો હશે ? તેનું પ્રેમી હૃદય કેવું ઉછળી રહ્યું હશે ?

સંતાજીએ કંઇક બોલવાનો આરંભ કર્યો. તેણે કહ્યું: " પ્રિય કમળા ! તું ભોજન કરી લે. હું ત્યાં સુધી તૈયારી કરૂં છું. ત્હને ગઢ પર મોકલી દેવાની છે. " કમળાને જમવાનું ભાનજ ક્યાં હતું ? અને ગરજ પણ નહતી. પતિએ " તને ગઢ પર મોકલી દેવાની છે " એવા શબ્દ ઉચ્ચારેલા સાંભળી તેની ક્ષુધા તૃષા નષ્ટ થઇ ગઈ. તે થાકયા પાકયાની પેઠે સગુણાને બોલાવવા ગઇ. પછી બન્નેએ ભોજન કર્યું. કમળાએ તો કેવળ જમવાનું નિમિત્તજ કર્યું.

સંતાજી પ્રવાસની તૈયારી કરવા બહાર આવ્યો ત્યાં સૂર્યાજી અને જગદાળે મળ્યા. સંતાજીને જોતાંજ સૂર્યાજીએ સર્વ સ્થળનું કુશળ વૃત આદિ પુછ્યું. સંતાજીએ અથથી ઇતિ સુધી અભિમાનપૂર્વક કહી સંભળાવ્યું. સાંભળતાં સાંભળતાં જગદાળેએ કહ્યું: " ત્યારે તો એમજ કહોને કે, તમને યાદવની ઠીક મદદ મળી ? પત્યું ત્યારે તો અમારી દેશમુખી અમને મળવાની આશા શી ? તે હવે પડી યાદવના ઘરમાં. "

" જુઓ, જગદાળે ? મ્હને તમારા વતનની ક્ષુદ્ર પંચાતમાં કંઇ સૂઝતું નથી." અમે અમારા દેહ પણ સ્વામીના ચરણમાં અર્પીશું. "મ્હારે એવા ધ્યેય પ્રિય મનુષ્યો જોઇએ છે. વતનના લોભી નહિ. થોડા દિવસ પર બે ત્રણ ખાનની પાછળ હું પડયો હતો. મ્હારી ઇચ્છા હતી કે, મ્હારાં માણસોએ ભૂખ તરસની વાત કરવી નહિ. અરે, તેમને તે લાગવીજ ન જોઇએ. તેમ છતાં મ્હારાં માણસો કળકળવા લાગ્યાં. જ્યારે એક બેને ફટકાર્યા ત્યારે તે આગળ થયા ! "

" એમ ? " જગદાળે આશ્ચર્ય પામી બોલ્યો.

" ઠીક સૂર્યાજી, આસદખાન આજ કાલમાં ગઢ આગળ આવી પહોંચશે. બેસવા દે તેને તપશ્ચર્યા કરવા ! હું પનાળગઢ પર મહારાજને મળી આવું.

છું. આગળનો વિચાર આગળ કરીશ."

"પણ, સંતાજીરાવ, નાગોજી માને આવ્યો છે કે ખાન સાથે?"

"આવ્યો છે તે પાજી! અક્કલનો ઓથમીર! હાડકાં મરાઠાનાં ત્યારે કર્મચંડાળ ના?"

"સંતાજીરાવ, ગુસ્સે થશો કે? એક ઝીણી વાત પૂછવાની છે."

"શી છે તે? હું નાજુકઆજુક કંઇ સમજતો નથી. સરળ વાત કરો."

"સરળ શું અને વાંકું શું? આવા સમર્થ મરાઠાઓને તમે તમારા પક્ષમાં કેમ મેળવી લેતા નથી? તેમનો હમેશ દ્વેષ કર્યા કરવાથી શું કાર્ય સિદ્ધ થાય છે? આધુનિક સમય કેવો છે?"

"પણ એ બુદ્ધિભ્રષ્ટ ગુલામો ભિક્ષુક પક્ષમાં આવશે? અને આવશે તો એમનીજ આગતા સ્વાગતા કરવામાં અમારે હેરાન થવું કે? શત્રુને જેર કરવાની વાત તો બાજુએજ રહી કે?"

"પ્રયત્ન પ્રથમ કર્યો કે?"

"કેવો કરવાનો છે વળી? ગુલામોનાં અંતઃકરણ જીતવા સ્ત્રીઓ સિવાય અન્ય કોઇ સારો પ્રયત્ન હોય એમ મ્હને લાગતું નથી."

"એ વાત જવાદો હવે. હું કહું છું તે સાંભળો. તમે અમૃતરાવ નિંબાળકરને હાથીને પગે બાંધવાના છો, એમ સાંભળ્યું છે."

"તે માટેજ તેની પુત્રી આવી છે. સુવર્ણસંધી છે. ઉર્વશી જેવી સુંદર છે. સ્વાર્થ અને પરમાર્થ, બન્ને સાધો. ઉઠો."

"કેવો સ્વાર્થ? જીભ કાપી નાખીશ."

"શું કહો છો? આપણા મનનું ધાર્યું થાય, આપણું કાર્ય બને અને તેથી થતો સંતોષ એ સ્વાર્થપરતા નહિ કે? નિઃસ્વાર્થીપણે મહેનત કરે એવો છે કોણ?"

"**निस्पृहे अवघेची करावे। परि आपण तेथे न सांपडावे।** સર્વે કંઇ નિસ્પૃહતાથી કરવું, પણ પોતે તેમાં ફસાઇ પડવું નહિ. સર્વે આપણે માટે નથી, આપણા માટે સર્વે છે, એ સમર્થ આજ્ઞા છે. તમારૂં શું કહેવું છે?"

"કહેવાનું એ છે કે, બકુલા પોતાના પિતાના બદલામાં આવી છે.

તેની ઇચ્છા પૂર્ણ કરશો એટલે નાગોજીરાવને પક્ષમાં લઇ શકાશે. તે ગદર્ભ બકુલાની મુઠ્ઠીમાં છે. બડો હઠી છે ડોસલો ! આ છે તરૂણ ! મુઠ્ઠીમાં ન રહે તો જાય ક્યાં ? હું માનું છું કે, બકુલાએ તેવીજ હશે, પણ સહજ તાલમાં લેશો કે મરાઠા સામ્રાજ્યનો બેડો પાર."

"બકુલા કોણ ? અમૃતરાવને જીવતો છોડું ? નહિ બને!"

"અરે, અમૃતરાવ નિંબાળકરની પુત્રીનું પીયરનું નામ બકુલા છે ! તેનું લગ્ન નાગોજીરાવ સાથે થયા પછી તેનું નામ રાધા પડયું છે, અને હું પણ ક્યાં કહું છું કે, અમૃતરાવને જીવતો રાખો ! બડો ઠગ છે ! માતુશ્રી યેસુબાઇને તારવાં છે કે મારવાં ? અને તે આપણા લોકોના હસ્તે મરાવવાં ? અરે, સહજ અસત્ય બોલી માતુશ્રીનું વિઘ્ન પણ દૂર કરવું ! આપણા જાતિ બન્ધુઓને ખાટકી કાર્યના પાતકમાંથી મુક્ત કરો. આ દ્વિગુણિત પૂણ્યનું કામ કરવા માટે અસત્ય પ્રલાપનું ન્હાનું પાતક કરવું પડે તો કરવું. એમાં શું ? એ નિસ્પૃહતાનો માર્ગ નથી કે ?"

"છે ખરો, પણ કઠિન છે. બનશે તો જોઇશું. નહિજ બને તો અમૃતરાવને છોડી દઇશું, પછી પત્યું કે નહિ ?"

"નહિ ! છટ્ ! એમ નહિ. આપણું કામ પૂર્ણ થતાં સુધી એવો ઢીલો કારભાર ન કરવો. નકામું તેલે જાય અને ઘીએ જાય ! તમે એક વખત હાતો કહો ! તેનું મન દુઃખવશો નહિ. માત્ર આપણું કામ કહેજો. તેમાં અસ્થીરતા રખે બતાવતા ! આવો, મ્હારી પાછળ, પાછળ ! માને ફૂટયો કે બાદશાહ પડયો સમજો ! આસદખાનને પછી અવળા હાથ બાંધી માતુશ્રી પાસે લઇ જઇશું."

"ઠીક છે."

"હવે કેવા ઠેકાણે આવ્યા ? એકલી શક્તિ કામની નથી. યુક્તિ પણ જોઇએ. ધનાજી જાણે છે કે પોતેજ ડાહ્યો ! જ્યાં ત્યાં મહારાજને દાવમાં લઇ વતન મેળવી લે છે. એ સ્વાર્થીપણું નહિ કે ? ઠીક છે ! તમે અહીં નહતા, તેથી કમળાને ગમે તે માટે મ્હેં મ્હારી બેનને રાખી હતી. હવે કમળાને ગઢ પર પહોંચાડવી છે ને ? મ્હારી બ્હેનને તૈયારી કરવા કહી

આવું છું. ત્યાં સુધી પાછળના બાગમાં બેસો. બકુલાને પણ તેડી લાવું છું."

"ઠીક."

સંતાજીનો હકાર મળતાંજ સૂર્યાજી ચુગલી પાસે ગયો અને કહ્યું: બહેન, બંદુક ભરી છે. હવે આગળની વાત જોઉં છું. તું કમળાને માત્ર પેલી બકુલા અને સંતાજીની વાત સંભળાવવા પેલી ઓરડીમાં લઇ જા. સંતાજી જુએ કે નહિ જુએ, પણ બકુલા જાળ નાંખશે. આપણા કામ માટે એટલું બસ છે. બન્યું તો ઠીક અને ફસાયા તોપણ ઠીક."

"ભાઇ તું જા! પછી જો હું કેવું કામ કરૂં છું તે!"

સૂર્યાજી ગયો. ચુગલી કમળા સાથે સહજ વિશેષ કાલુઘેલું બોલતી ફર્યા કરતી હતી. કમળા પોતાનું કામ જેમ તેમ પુરૂં કરતી હતી; તેમાં ચુગલીએ જઇ કહ્યું:

"કમળ, આજે કંઇ બહુ ઉતાવળ કરે છે? પુરૂષને છે કંઇ?"

"કેમ વારૂ સગુણા એવું બોલે છે? અહીંનું તહીં, તહીંનું અહીં એવો કારભાર ન કરીશ!"

"કેવી ભોળી કમળા બૈરીઓએ પોતાનું સર્વસ્વ પુરૂષને સ્વાધીન કરવું અને એ ભૂખ હોય તો સ્વીકારે, નહિ તો ફેંકી દે તેનું કંઇ નહિ. તું કંઇ સમજતી નથી."

"મ્હને, બહેન એવી વાતો કંઇ સમજાતી નથી. એમ કરીશ તો ત્હારી સાથે બોલીશજ નાહ."

"નકામી શું કરવા તને વહેમમાં રાખું? ચાલ, આવ મ્હારી પાછળ. સંતાજી શું કરે છે તે પ્રત્યક્ષ બતાવું છું. હાથકંકણને આરસીની શી જરૂર? મ્હને એનો પુષ્કળ અનુભવ છે. તું તરૂણ બાળા, કંઇ જીવનું જોખમ કરી બેસશે, કંઈ કુવો હવાડો કરે તેથી હું મ્હારે મોંઢે ડુચો દઇ અત્યાર સુધી બેસી રહી હતી."

એમ કહી ચુગલી કમળા પર મોહિની નાખી પોતાની પાછળ પાછળ ખેંચી ગઇ.

બીજી તરફ સૂર્યાજી બકુલાને બાગમાં લઇ આવ્યો હતો.

"બકુલા ! સંતાજી તને કંઇ કામ કરવાનું કહે તો ના કહીશ નહિ. જો તે એવી કંઇ માગણી કરશે તો ત્હારૂં અરધું કામ થયુંજ સમજજે. ચીડાઇશ નહિ. તે ત્હારા બાપને ફાંસીએ લટકાવવાનું કહે તો પણ ગુસ્સે થઇશ નહિ. ત્હારી વિનંતીનો અનાદર કરશે, પણ ક્રોધ કરીશ નહિ." એવો મંત્ર સૂર્યાજીએ તેને આગળથીજ આપી મુકયો હતો.

સંતાજી પ્રથમથીજ તે પુષ્પવાટિકામાં આવી અસ્વસ્થ ચિત્તે અહીંથી તહીં, તહીંથી અહીં, એમ આંટા માર્યા કરતો હતો. બકુલા આવીને એક ઝાડને અઢેલી નીચું મુખ કરી ઉભી રહી હતી. થોડી વારમાંજ સૂર્યાજીએ ત્યાં આવી સંતાજીને વિચાર નિદ્રામાંથી જાગ્રત કર્યો. "સંતાજીરાવ, આમની વિનંતી સાંભળો. કંઇ કરતાં કંઇ બને તેમ હોય તો નિદાન મ્હારી ખાતર પણ કરો. હાં, પણ માનેને મેળવવાનો આગ્રહ પ્રથમથીજ કરજો. તે માટે કિંચિદ્ મૃદુ થવું પડે અગર વિનંતી કરવી પડે તો પાછા પડશો નહિ. વાત છે નાજુક. હું બહાર નજર રાખું છું. પ્રસંગ કઠિન છે. પત્ની અહીં છે એવી ખબર માનેને પડશે તો અણધારી આફત આવી ઉભી રહેશે."

આટલું કહી સૂર્યાજી ચાલ્યો ગયો. સંતાજીએ તે સ્ત્રીને કહ્યું:—"રાધાબાઇ ! મ્હારી પાસે તમારૂં શું કામ છે ?"

રાધાબાઈ શું કહે ? તેનાં પાણીદાર નેત્રમાંથી અશ્રુ ટપકી સુંદર ગાલ પર થઇ છાતી પર પડવા લાગ્યાં. તે આંખો લૂછતી બોલીઃ "સંતાજીરાવ ! માતા પિતાનો શ્રમ સફળ કરવા આવી છું. સુદૈવે તમારા જેવા વીરની કરૂણા યાચવાનો પ્રસંગ આવ્યો છે. મ્હારા પિતાને જીવથી મારશો નહિ. તેમને મુક્ત કરવાનું સામર્થ્ય મ્હારામાં છે, પણ તમારા પરાક્રમ આગળ તે વ્યર્થ છે. હું ભિક્ષા માગવા આવી છું."

"રાધાબાઇ ! એ સિવાય જે કહેવું હોય તે કહો. રાધાબાઇ, તમે મરાઠા અને અમે પણ મરાઠા. ઔરંગજેબ કોણ ? આ દેશ કોનો ? એનું સ્વામીત્વ આપણા તરફ ન રહેવું જોઇએ? આપણે આપણું ભૂષણ વધારીશું તો વધશે ને ? ત્યારે તમે શું કરો છો ? તમને સંપત્તિ જોઇએ છે, અધિકાર જોઇએ છે અને મ્હોટાઇ જોઇએ છે તો મેળવો, પણ તે મેળવવા

ઔરંગજેબ પાસે શા માટે જાઓ છો ? પોતાનું છોડી પરનું આપ્યું અન્ન કેમ ખાઓ છો ? શહાજીરાજ પાસે ધન દોલત નહતાં કે ? ત્યારે મ્હોટા મહારાજાએ આટલો શ્રમ–સાહસ શા માટે સ્વીકાર્યો ? ”

“ સંતાજીરાવ ! શું કરૂં ! એ બધું હું નથી સમજતી કે ? એ વાત બધી છોડી દો. મળ્યું તે ખરૂં. મૂવા બાપેજ મ્હારા જન્મને નષ્ટ કર્યો. શુદ્ધ અભિમાનથી શ્રીમંતપણે આજ પર્યંત મીઠુ રોટલો ખાઇ સંસાર ચલાવ્યો હોત, પણ હવે તેનું શું ? જવા દો. બાપે દીકરીને ખાડામાં નાખી માટે દીકરીએ બાપને શા માટે ફાંસીએ ચઢવા દેવો ? સંતાજી, હું પગે પડું છું, મ્હારા પિતાને જીવતદાન આપો. મ્હારા દુઃખમાં એટલી માયાનો આશરો રાખો.”

“ તમને દુઃખ શું છે ? નાગોજીરાવ જેવા બાદશાહી સરદારનાં તમે પત્ની છો. એવો વૈભવશાલી સરદાર અમારી પાસે હોત તો અમે પુરૂષો ધન્ય ધન્ય માની લેત.”

“ પૂળો મૂકો તે ધન્યતામાં ! તમને એ સરદારની સર્વ સંપત્તિ જોઇતી હોય તો હું તે લાવીને તમારા આગળ ઢાલવીશ. એનું સૈન્ય જોઇતું હોય હોય તો તે ફેરવી લાવીશ, પણ એનો મને શો ઉપયોગ સંતાજીરાવ ! મ્હારી પાસે સર્વ છે, પણ મ્હને ક્યાં સુખ છે કે તમને હોય ! બિચારી કમળા ભાગ્યશાળી ! એ ભાગ્ય મ્હારાજ કપાળમાં હતું, સમજ્યા ! પણ હવે તે કપાળને શું ફોડું ? ”

“ રાધાબાઇ ! ભાગ્યમાં હોય તે ફરે નહિ. પડ્યું પાનું નીભાવી લેવું જોઇએ, પ્રાપ્ત સ્થિતિમાં સંતોષ માનવો જોઇએ અને પ્રારબ્ધ ફળ સહન કરવું જોઇએ. માનવ જન્મ પુનઃ પુનઃ આવતો નથી. સંસારમાં ગમે તેટલા દીર્ઘ પ્રયત્ન કરવામાં આવે, પણ મનગમતું બની આવતું નથી. તેથીજ કહું છું કે, અમે જે કાર્ય હાથમાં લીધું છે, તે જો તમારી સહાયથી સિદ્ધ થતું હશે અને નાગોજીરાવ જો પાછળનું સર્વ વીસરી જઇ પોતાના દેશ બન્ધુઓ સાથે ધર્માભિમાનથી રહેશે, તો તમે કહેશો તે સાંભળીશ. તમારા પિતાને જીવતા રાખવામાં મ્હને કંઠે પ્રાણ આવે છે, એટલો તે દેશદ્રોહી, દેવદ્રોહી,

ધર્મદ્રોહી, અને બ્રાહ્મણદ્રોહી છે. નાગોજીરાવ અમને મળતા હોય, તેમનો વૈભવ દેવ બ્રાહ્મણનો વૈભવ વધારવામાં વાપરતા હોય તો પછી હું પ્રતિજ્ઞા ભંગનો દોષ કરવા તત્પર છું. તમને ગમશે તેમ કરીશ."

"જુઓ. પાછળથી ફરી જશો. પછી કહેશો કે એ દોષ હું કેમ કરૂં અને અમુક કેવી રીતે કરૂં ?"

"કંઇ નહિ ! પ્રત્યક્ષ શિવ પ્રભુના ચરણના શપથ લઇને કહું છું કે, શિવાજી મહારાજના કાર્ય આગળ મ્હને અન્ય કોઈની કીંમત નથી. એવો વૈભવશાલી મરાઠો જીતાયા પછી એક દેવદ્રોહી–દેશદ્રોહી–આજે જીવતો રહેશે તો કાલે નહિ જીતી શકીયે ?"

"તેમનો સર્વ વૈભવજ ચરણમાં લાવી મુકું છું પછી શું ? ત્યારે જાઉં છું. હવે પછી મળતા પહેલાં વચન પ્રમાણે ઉભયે ચાલવાનું છે સમજ્યા ?"

"હા, હા, લે આ વચન."

બકુલાને તેજ જોઇતું હતું. તે જાણતી હતી કે સંતાજી જેવું રત્ન પહેલેજ સપાટે વશ નહિ થાય. આજે તેણે સામાન્ય પ્રસ્તાવના કરી રાખી સંતાજીનું અભિવચન લીધું. સંતાજી જેવો પરાક્રમી વીર પોતાનું ભાષણ સમજ્યો નહિ હોય એમ માનવાને બકુલાને કંઇ કારણ ન હતું. પુરૂષ જાતિ ગમે તેટલા શુદ્ધ સ્વરૂપથી રહેવાનું બહાનું કરે, શરીરથી નહિ તો શબ્દથી કે મનથી પણ ભલભલા તેનાથી લલચાયા નથી એમ બન્યુંજ નથી, એવું બકુલાને સમજાવવાને કોઇની આવશ્યકતા નહતી. તે એક પ્રપંચી સ્ત્રી હતી. તેમાં નાગોજીરાવની વૃદ્ધાપકાળની તે વ્હાલી પત્ની હોવાથી, સ્વતંત્રતાથી સ્વચ્છંદે જગતમાં ફરવાની તેને બાલ્યાવસ્થાથીજ સંધિ મળી હતી. તેથી પોતાનું ભાષણ સમજ્યા વગર સંતાજીએ તેને વચન આપ્યું હશે, એવી તેને શંકા પણ ન થઇ. તેથી અર્ધી બાજી જીતાયલી માની તેણે આનંદાવેશમાં ભાવિ મુલાકાતમાં પુરી જીત મેળવવાનો નિશ્ચય કર્યો. છેવટે સંતાજી તેના વચનમાં બંધાયો હતો અને સંતાજી જેવો વીર બચ્ચો વચન ભંગ કરે એ અશક્ય હતું. પરંતુ અત્યારે તો એ હર્ષાનંદમાંજ તે પોતાની બાલસખી કમળાને મળવા દેવાલયની ઓસરી તરફ ગઇ.

જગતમાં કેવા અવનવા ખેલ થયા કરે છે, તે જુઓ ! એકને જે સુખરૂપ થાય છે તેજ બીજાને દુઃખરૂપ થાય છે. જે અભિવચનથી બકુલા હર્ષિત બની હતી, તેજ અભિવચન આપનારના ગુપ્ત દર્શનથીજ કમળા દુઃખી થઇ હતી. તે પોતાની મૈત્રિણીને પણ વીસરી જઈ ગાંડાની માફક પોતાના નિવાસ સ્થળે ચાલી આવી. વિષનો અમલ શરૂ થયેલો જોઇ કમળાની પાછળ ચુગલી કેવું વિકટ હાસ્ય કરતી હતી, તેની કલ્પના કરો !

કમળાની પાછળ પાછળજ બકુલા આવી. બકુલાની ગેરહાજરીમાં કમળાએ તેને લક્ષાવધિ શાપ મનમાં ને મનમાં આપ્યા હશે, પણ બકુલાના આગમન પછી કમળા પોતાના પ્રથમના સખ્ય ભાવથીજ બોલવા લાગી, એટલુંજ નહિ પણ બકુલાની પાછળ સંતાજી આવ્યા પછી કમળાના ખિન્ન મુખપર પ્રસન્નતાની છાયા પ્રસરી.

સંતાજી હવે ભાવિ કાર્ય માટે નીકળવાની તૈયારીમાં હતો. આજે કમળા પોતાની મેળેજ પતિને સહાય કરવા ગઇ. ચુગલી આ વખતે બકુલાની સાથે વાત કરવાની ધૂનમાં હતી. પતિની સમશેર પર પડેલા રક્ત ડાઘ લૂછતી તે વીણાના મધુર સ્વર પ્રમાણે મંજુલનાદે બોલીઃ “કાલે સવારે જવાનું છે કે ?”

“ગાંડી કમળા ! આપણે કેવી રીતે રહી શકીયે ? હમણે યેસુબાઇના ગળે ફાંસો પડયો છે. મહારાજ તરફ યમદૂતો ધસી જાય છે. શત્રુ સમરાંગણપર આવી ઉભો છે. આવે વખતે હું કેવી રીતે રહું વારૂ ? અને પુનઃ હું અહીં સત્વર આવી શકીશ પણ નહિ. એટલે તને પણ અહીં રાખી શકાશે નહિ. સૂર્યાજી તને ગઢપર પહોંચાડશે. આવે સમયે માતુશ્રીનાં ચરણ આગળ જઇને રહે.”

“આજે રહી જાઓ. કાલે જઇ શકાશે નહિ ?”

“ના, કમળા, તેમ થાય નહિ. ક્ષુદ્ર સુખ, તું અને હું એવા સુખમાં લીન થઇ જઇએ એ શું આપણો ધર્મ છે ? કમળા, મનુષ્ય જન્મ શા માટે છે ? રસ્તાપર રખડતો બળદ પણ ખેતરમાં પાંચ દશ માણસો માટે મહેનત કરે છે અને પાંચ સાતને ખેંચી જાય છે. કમળા આપણો

રાજા, આપણો દેશ અને આપણા ભાઇઓ ઘોર કષ્ટમાં પડયા છે. પ્રાણેશ્વરી કમળા, વ્હાલી કમળા ! પ્રભાવતીએ સુધન્વા આગળ આવોજ સ્નેહપાશ નાખ્યો હતો તે તું જાણે છે ? ”

“ એમ શું બોલો છો ? ત્યારે સંસાર સુખ કયારે મેળવી શકાય. ? ”

“ કમળા ! ભાગ્યવતી કમળા ! શ્રી શિવાજી મહારાજે આ ધર્મકાર્યનો આરંભ કર્યો ત્યારથી આજસુધીમાં અસંખ્ય યુવતીઓનાં સૌભાગ્ય નષ્ટ થયાં છે. તેમને પુછ કે બ્હેનો, તમારો સંસાર હવે કયારે મંડાશે ? તેમને પુછ કે હવે તમને સંસાર સુખ કયારે મળશે ? પ્રિયે, નાંખ, પેલા ઘોડાપર ખોગીર નાખ. રણાંગણમાં જવાને મ્હને સજ્જ બનાવ. મહારાષ્ટ્ર શાંતિ–ચક્રમાં પ્રવેશ કરશે ત્યારે તું અને હું સુખી થઇશું અને ત્યારેજ એક બીજાને સુખી કરીશું. સમજી મ્હારા પ્રાણ ? ”

કમળાના કર્ણમાં આ શબ્દો પ્રવેશ કરતા હતા, પણ પોતાના અંતઃકરણમાં તેને માટે સ્થાન હતું કે નહિ તે આપણે જાણી શકીયે તેમ નથી. તે બિચારી શૂન્ય ચિત્તે પતિના પ્રયાણની તૈયારી કરતી હતી, પરંતુ એટલું સત્ય હતું કે સ્વસુખનો યજ્ઞ–જોહાર–કરતી રજપૂત સ્ત્રીઓની પેઠે તેની ચિત્ત વૃત્તિ પ્રસન્ન નહોતી. સંતાજીની તો વૃત્તિજ ઠેકાણે નહતી. તેણે પોતાની સર્વ તૈયારી થયા પછી સૂર્યાજીને હાંક મારી કમળાને ગઢપર પહોંચાડવા કહ્યું. વિશેષમાં, “ અમૃતરાવને હમણાં હું હાથીને પગે બાંધતો નથી. મ્હારી બકુલા બાઇને એક વખત મળીશ અને પછી સર્વ નક્કી કરીશ. ” એમ કહી તે દેવળમાં શંકર ભગવાનનાં દર્શન કરવા ગયો. દર્શન કરીને આવ્યા પછી તે પુનઃ કમળા પાસે આવ્યો.

“ કમળા ! પ્રિય કમળા ! માતુશ્રીનાં ચરણ પાસે તું જશેજ. તેમના સુખમાંજ તું સુખી રહેજે. યત્ કિંચિદ્ સુખની એક અર્ધી ક્ષણ માટે સર્વ મહારાષ્ટ્રના સુખને કેમ મુલ્તવી રખાય ? સમર્થ શું ગાંડા થયા હતા કે જેથી તેઓ સંસાર છોડી નાઠા હતા ? પ્રેમાળ કમળા ! દુસત્યાચે દુઃખે દુખવે । દુસત્યાચે સુખે સુખાવે અવઘેચી સુખી અસાવે એ સમર્થ ઉપદેશ કેમ ભુલી જાય છે ? કપાળની કરચલીઓ તોડી નાંખ. મ્હોઢું ચઢેલું ઉતારી

મુખ ઉપર હાસ્ય છટા ફરકાવ. આનંદી બન. ઉત્સાહ પ્રેમ સમરાંગણ પર જતા પતિને ત્હારી પ્રેમાળ દૃષ્ટિથી ગૌરવિત કર."

ખરેખર આ સમયે કમળાના ચહેરા પર તાદૃશ્ય પ્રેમ પંક્તિ વિલસી. તેની દૃષ્ટિમાં એક પ્રકારનું તેજ ચમકી રહ્યું. તેના મુખ પર આનંદિત હાસ્ય છટા ફરકી. તેણે એક વખત પેલા હાર તરફ જોયું. અહા! તે કેવો સુંદર પ્રફુલ્લિત હતો! એક વખત તેણે પતિના સુંદર મુખ ચંદ્ર તરફ જોયું. તે વીરશ્રીથી ભપકતું જણાયું. સંતાઈ ગયો. ચંદ્ર દર્શન બંધ થતાંજ કુમુદિની નિસ્તેજ જણાવા લાગી. ક્રોધથી કંપિત થઇ કે શું? તેના કાનમાં "કેમ કમળા? થઇ કે ખાત્રી? જોયા કે પતિરાજ! બકુલાને મળવા જવાના છે. કહે? આજે રહ્યા કે અહીં?" એ શબ્દોએ પોતાનું કામ કર્યું. કમળાનો ચહેરો કાળો પડી ગયો! તેણે હાર તરફ જોયું તો તે પણ તેજહીન જણાવા લાગ્યો. ત્યારે શું તપસી પડયા લપસી?

પ્રકરણ ૨૩ મું.

દુર્દૈવી પત્ની.

"O! would the God, the giftiegic us;
"To see ourselves, as others see us,"* (*Burn.*)

સ્ત્રી, એ ક્ષમાની પુતળી છે, સ્ત્રી એ પૃથ્વી જેવી ઉદાર છે, સ્ત્રી એ વીર પ્રસવિની છે, વગેરે મ્હોટાં મ્હોટાં વિશેષણ લગાડી પુરૂષોએ પોતાનું હાસ્ય દાબી દીધું છે. સ્ત્રી અર્ધાંગના, સ્ત્રી ગૃહ સ્વામિની, સ્ત્રી સુખદાયિની, વગેરે શબ્દો કહી પુરૂષોએ પોતાનું અર્ધાંગ ખુશીથી ચલિત થવા દીધું છે. પુરૂષ ચુકયો કે તેનું પ્રાયશ્ચિત પરલોકમાં,

* ભાવાર્થ:—હે પ્રભુ! બીજા મનુષ્યો અમને જુવે છે, તેવીજ રીતે અમે અમારી જાતને જોઇ શકીયે એવી શક્તિ અમને આપી હોત તો કેટલો મ્હોટો લાભ થાત?

કિંબહુના ભાવી જન્મપર ઉદારતાથી બાક્ષી શખે છે. પણ તેજ ભૂલ સ્ત્રીની થાય તો આજ જન્મમાં તેનું સર્વસ્વ નષ્ટ કરવાનું કાર્ય પુરૂષોએ પોતાના હાથમાં રાખેલું છે. કારણ ! તેમને ન્યાય નીતિશાસ્ત્રનો અન્યાય બીલકુલ પસંદ નથી ! આમ્રફળ સુંદર અને રસયુક્ત હોય છે તો પણ તેનો ડાઘ શરીરના કોઇ પણ ભાગને લાગતાં તે ઘસી નાખવાને જે પુરૂષ ભૂલતો નથી તેજ પુરૂષ પોતાનું અર્ધું અંગ કલંકિત હોય અને સર્વ શરીરને કુરૂપ આપનારૂં હોય તો પણ તે છેદી નાખતો નથી, એ સ્વાર્થી આત્મપ્રિયતાનું લક્ષણ નથી કે ? બગડેલા ભાગમાંથી પેદા થતો કહોવાટ, બીજા ભાગને લાગશે તો આખું ફળ નષ્ટ નહિ થાય કે ? તે ભાગ્યવાન આમ્રફળમાં પરમ કૃપાળુ પ્રભુએ કેટલી પરોપકારી બુદ્ધિ સંગ્રહી છે ? તે પોતાનો દેહ અન્યની ક્ષુધા શાંત કરવા માટે આનંદથી છિન્ન ભિન્ન થવા દે છે ! પણ આપણા પુરૂષો ! પરોપકાર માટે પ્રભુએ આવા આ દેહફળની ઉત્પત્તિ કરેલી હોવા છતાં, તે પોતાના અર્ધા અંગને ખુશીથી બગડવા દે છે, અને પોતાની પ્રગતિ માટે અન્યના અર્ધા અંગ પાસે ક્ષમાની યાચના કરે છે, એ કેટલી નિર્બળતા ! કેટલો અન્યાય ? જગતમાં પુરૂષો પ્રીતિને ન્યાય આપે તો અરધો અરધ અન્યાય કમી ન થાય કે ?

અસ્તુ. સંતાજી નીકળી ગયા પછી સૂર્યાજી પોતાની બહેન પાસે આવ્યો. ચુગલીએ કમળાના પ્રયાણની તૈયારી કરવા માંડી હતી. કમળા ધૈર્યરહિત થઇ શૂન્ય ચિત્તે સર્વ પ્રકાર જોતી હતી. સૂર્યાજી રાયગઢનો કિલ્લેદાર હતો. ઉપર નીચે જવા આવવાના સર્વ મુખ્ય અને ગુપ્ત માર્ગ તેની જાણમાં હતા. કિલ્લો કંઇ આજકાલમાં પડે તેમ નહતું. વિશેષમાં આવા સમયે પત્નીએ માતુશ્રી પાસે રહેવું જોઇએ એવા હેતુથી પ્રેરિત થઇ સંતાજીએ કમળાને સૂર્યાજીને સોંપી હતી. સૂર્યાજી એ માતુશ્રીનો એક વિશ્વાસુ કિલ્લેદાર અને સમય કટોકટીનો ! એટલે સંતાજીએ તેમ કરતામાં કંઇ ભૂલ કરી હતી એમ કહેવાય તેમ નહતું.

તેજ રાત્રે સૂર્યાજીએ બન્નેને કિલ્લાપર સુરક્ષિત રીતે લઇ જવા દેવળનો ગુપ્ત માર્ગ ખોલ્યો.

વાચક! કમળાના ગઢપર જવા સાથે, આ પ્રકરણના આરંભમાં પ્રદર્શિત કરેલા ઉદ્ગારનો શો સંબંધ? એમ તમે પુછશોજ. સંબંધ છેજ! તમે પુતળાને ઓળખો છો કે? તેનું મન સંશય-ઝોલામાં કેવું ઝુલતું હતું તે તમે વાંચીજ ગયા છો. પુનઃ તે પુતળાની પરિસ્થિતિ તરફ જુઓ.

પતિ હમેશ મકાનના અમુક ભાગ તરફજ જાય આવે છે. માને, શીરકે, મોહિતે હમેશ આવે જાય છે અને બકુલાબાઇ પણ એજ માર્ગે જાય છે, એમ વારંવાર જણાયાથી, એક દિવસ પુતળાને કંઇ ચેન પડતું નહતું અને પ્રતિપક્ષીઓના આગમને તેનું ચિત્ત અસ્વસ્થ કર્યાથી એ તરફ શું છે તે જોવાની તેને સહજ ઇચ્છા થવાથી તે રસ્તા તરફ ગઇ. આજે સૂર્યાજી ક્યાં રોકાયો હતો તે તો કોણ જાણે? તે ઘરમાં નહતો. માને તેને માટે ક્યારનો આવી બેસી રહ્યો હતો. છેવટે કંટાળી તે આજ રસ્તે પુતળાની આગળ જતો રહ્યો હતો. આ વખતે પુતળા તે રસ્તેજ વળી હતી. તે જાણુતી હતી કે માને આ વખતે કેફમાં છે. તે પાછો ફરી જોશે નહિ, એ તે સમજી ગઇ હતી. સૂર્યાજીએ આ માર્ગ પર એક સિપાહી રાખ્યો હતો. તેને તાકીદ આપેલી હતી કે, પૂતળા આ રસ્તે આવે તો મોગલો એજ રસ્તે હુમલો કરવાનું સાહસ કરશે, એમ કહી તેને માત્ર એ રસ્તે જવા દેવી નહિ, પણ આજે જે મંડળીને એ રસ્તે જવાને હરકત નહતી, તે પૈકી માને આજ રસ્તે ગયા અને તેની પાછળજ જ્યારે પૂતળા જાય છે, ત્યારે તે તેમનાજ કામ માટે જતી હોવી જોઇએ, એવું અનુમાન થવાથી પુતળાને અટકાવવાની તે હિમ્મત કરી શક્યો નહિ, અને અટકાવવાનું પણ ગૃહસ્વામિનીને! એ કેમ બને? સિપાહી ગુંચવણમાં પડ્યો હતો, કારણ કે આવો પ્રસંગ તેને આજેજ આવ્યો હતો.

પુતળા આગળ ગઇ તો માને એક સ્થળે જમીનમાં એક જીનાનું બારણું ઉઘાડે છે એમ તેને જણાયું. પછી તે સહજ ઉતાવળે પગલે ત્યાં આવી. જોયું તો નીચે ઉતરવાનો એક મ્હોટો દાદર જોયો. હવે અહીં ઉતરવું કે નહિ, એ વિચારમાળા ચાલવા લાગી. છેવટે તે મનમાંજ બોલી: "ઉતરીશ. અહીંથી મકાનની બહાર જવાનો દરવાજો હશે તો માને આગળ છેજ

તે મ્હને હાની નહિ થવા દે. તે મોગલોના સરદાર હોવાથી પાછળના માણુસને મોગલ સિપાહી હાથ લગાડી શકશે નહિ, એટલે હું સુરક્ષિત પાછી આવીશ." આ વિચારબળ પર હીંમત કરી તે દાદર ઉતરી આગળ જતાં રસ્તો સરળ આવ્યો, પણ દરવાજો કે તેનું ચિહ્ન જણાયું નહિ. ઉલટું માત્ર અંધકાર વધવા લાગ્યો; તદપિ તે આગળજ ચાલવા લાગી. માનેનાં પગલાં ફરસબંદી રસ્તા પર તેને આગળનો માર્ગ સૂચવતાં હતાં. થોડા વખતમાં માનેએ એક બારણું ઉઘાડયું અને ત્યાંથીજ એક ચકમક કાઢી એક દીવાલગીરી સળગાવી. આ પ્રકાશથી પુતળાએ જ્યારે જોયું કે, પોતે એક દિવાનખાનાના મુખ આગળ છે, ત્યારે તેનું અંતઃકરણ ધડકવા લાગ્યું! તે થરથર કંપવા લાગી. પતિ અંદર હશે, કદાચ કોઇ કોઇ બાજુએથી આવશે અગર પાછળથી આવશે, એ કલ્પનાથી તે ગભરાઇ ગઇ.

સ્વાભાવિક રીતેજ તે ગભરાતાં ગભરાતાં પાછી ખસવા લાગી. થોડા વખતમાં તેનું ભ્રાંત ચિત્ત આપોઆપ સ્થિર થવા લાગ્યું. આગળ ગમે તે હો, હવે પાછા જવું એજ ઇષ્ટ છે, એમ સમજી તે પાછી ફરી. આ પ્રમાણે તે પાંચ પચિશ પગલાં પાછી આવી ત્યાં તો ડાબી બાજુની ભીંત તરફથી કંઇ અવાજ આવ્યો. તે એકદમ અટકી. હવે આગળ જવું કે ન જવું તે તેને સુઝયું નહિ. "પાછી ફરીશ તો માનેને મળવું પડશે. માને છે ચકચૂર. કોણ જાણે, વખતે જુદોજ પ્રસંગ આવે તો પાસે કોઇ છે નહિ. આગળ જઉં તો આ ગણગણાટ કોનો અને કયાં થાય છે તે સમજાય નહિ." એટલામાં પતિ કંઇ બોલે છે કે શું એવો ભય થયો. તે પરસેવાથી ભીંજાઇ ગઇ. તેને તમ્મર આવ્યા જેવું થયું; તે દિવાલનો આશ્રય લેવા ગઇ, તો એક બારણું અથડાયું. હવે તેના અંતઃકરણના ભયનું સ્થાન શંકાને સ્વાધીન થયું. તે હવે વિશેષ ચોકસી કરવા પ્રેરાઈ. તે જેમ જેમ બારણા પાસે જવા લાગી તેમ તેમ અવાજ વિશેષ સંભળાવા લાગ્યો. અંદર કોઇ રડે છે અને બીજું કોઇ તેને વિનવે છે, એ ભાવ અસ્પષ્ટ રીતે સમજાયો. થોડીવાર શ્વાસ ધેરી સાંભળવા પ્રયત્ન કરતાં: "કમળા, વિચાર કર. અવિચારી વર્તન ચલાવીશ તો જીંદગી સુધી તને અહીંજ પુરી રાખીશ. હવે તું સંપૂર્ણ રીતે

મ્હારા હાથમાં છે." એવા કંઇક શબ્દો તેના કાન પર આવ્યા. બહાર જો કે કાળો કાજળ જેવો અંધકાર હતો, તો પણ તેના હૃદયાકાશમાં એકદમ પ્રકાશ પડયો. માને, બકુલા, શીર્કે વગેરે કેમ આવે છે તેની હવે તેને આછી કલ્પના થઇ. જો એમનો શુભ આશય હોત તો આ બાજુએ અમુક અમુક છે, આમ છે, તેમ છે, વગેરે ફસાવવાની વાતો કહેત નહિ, અર્થાત્ તેમનો પ્રમાણિક હેતુ નથી એ તો સ્પષ્ટજ છે. કંઇ પણ ગોડબંગાલ છે એની કલ્પના પ્રથમજ તેના હૃદય મંદિરમાં ઉદય પામી. પોતાના પતિનો લોભી સ્વભાવ, મોગલ સરદારોનું રાયગઢના કિલ્લેદાર પાસે આવવું જવું અને તે પણ આવા કટોકટના સમયમાં, તેમાં ખાસ કરીને પતિજ પ્રપંચી રમત રમે એ વિચારથી તેના અંતઃકરણમાં ગૂંચવાડો ઉપસ્થિત થયો. માનેને દિવસે ઘરમાં પુરી રાખી બકુલા આ તરફ કેમ આવી હતી તેનો નિર્ણય થયો. એ હુસ્કાં–રૂદન શ્વાસ બકુલાનોજ હોવો જોઈએ, ભુલથી બકુલાને ઠેકાણે કમળા સાંભળ્યું એમ તેને લાગ્યું.

આ નવીન શોધથી તેના અંતઃકરણને કોઇએ તેલ છાંટી સળગાવ્યું હોય એમ તેને લાગ્યું અને તે સપાટાબંધ ભોંયરા બહાર આવી. હવે તે ઠેઠ પોતાના નિવાસસ્થાન આગળ ગઇ. અહીં આવ્યા પછી પ્રથમ તો તેણે સારી પેઠે રડી લીધું. અંતઃકરણનો આવેગ નરમ પડયા પછી તે ખાલી જગ્યામાં ક્રોધે સ્થાન મેળવ્યું.

"આવવા દો એ મૂઆઓને! સ્પષ્ટ કહીશ કે આ જીંદગી ધૂળમાં કેમ મેળવો છો? પતિને પણ ચોખ્ખું ને ચટ સંભળાવીશ કે ધાર્યું છે શું? શું માતુશ્રીને મારી નાંખવાં છે, કે તોપને મોઢે ચઢાવવાં છે, કે ફાંસીએ લટકાવવાં છે?"

પુતળા મનમાં આવો નિશ્ચય કરતી હતી તેજ વખતે સામેથી પતિ આવતા જણાયા. પુતળાનું વદન ફીકકું પડી ગયું. તેના હૃદયમાં ચીસડો પડયો. સૂર્યાજી આવતાંજ પુતળાને પ્રશ્ન કર્યો કે, "નાગોજીરાવ આવ્યો હતો કે?"

પુતળાના હોઠ થરથર કંપવા લાગ્યા. કપાળ પરની રેખાઓ કઠક થવા

લાગી અને ચક્ષુમાં તિરસ્કાર ભરાઈ રહ્યો પણ તેના મુખમાંથી એકે શબ્દ નીકળ્યો નહિ. સંતાજીએ ગુસ્સે થઇ કહ્યું:—

"હું શું કહું છું તે સાંભળ્યું કે? કોના તરફ ચિત્ત ગયું છે?"

"ગયું છે. બકુલા તરફ ગયું. કમળા તરફ ગયું." પુતળાના મુખમાંથી અર્ધા પર્ધા ઉદ્ગાર નીકળતાંજ સૂર્યાજીનું નૂર એકદમ ઉતર્યું. કહો કે તે ગુંચવાયો. તો પણ તે જેમ તેમ સર્વબળ એકત્ર કરી બોલ્યોઃ

"અહીં કંઈ મોરેનું રાજ્ય નથી. ચૌદમું રત્ન જોઇએ છે કેમ?"

"મોરેનું રાજ્ય ગયું, પણ મોરનાં પીછાં ખોસી મોરે બનેલાનું તો છે ને? તમે ધાર્યું છે શું? રોજને રોજ માને, મોહિતેને બોલાવી માતુશ્રીના ફુટેલા ભાગ્યમાં કુહાડી મારવા ધારી લાગે છે. મ્હને લાગે છે કે, એ કુહાડીનો દાંડો પોતાના ભાઇને મારશે. તમારા મનમાં શું છે તે એક વખત તો કહો."

"કેમ, કંઇ બહુ ફાટી છે? પરમ દિવસે એવુંજ ચઢયું ચઢયું બોલવાને લીધે અંધારી કોટડીમાં નાખી હતી, તોએ હજી હોંશ પુરી થઇ નથી લાગતી!"

"શું? મ્હારો પ્રાણ લેશો કે બીજું કંઈ? લો, એક વખત લો! તમારાં લક્ષણજ એવાં જણાય છે. જ્યારે ત્યારે મરવાનું તો છેજ! પછી કુતરાને મોતે શું કરવા મરવું! આ ચાલી. મા સાહેબને ઢંઢોળી જાગ્રત કરૂં છું. પછી મારો જીવ લો કે ઉભી ને ઉભી બાળી મુકો!"

"શું? શું કહીશ તું મા સાહેબને? ઉભી રહે! કોણ છે રે! ઉચકો એને, અને નાખી આવો પેલી કોટડીમાં!"

"ખબરદાર, જો કોઇએ મ્હારા અંગને સ્પર્શ કર્યો તો. તમારા રોટલા ઘડતાં ઘડતાં મ્હારા હાથ ખરા થઇ ગયા છે. તમારી સ્વામિનીને હાથ લગાડવો એટલે શું? તમારી માતાને હાથ લગાડયા બરાબરજ સમજજો."

"અરે, તમે એની ધમકીથી ડરો છો? ઉભી રહે, બસ એજ! આ માનેના માણસો આવ્યાં. ઉંચકો એને. ગધેડાઓ! ઉંચકો કહું છું.

મ્હારી સ્ત્રી છે. હું એની ખોડ ભુલાવવા પેલી ટેકરી પરથી ફેંકી દઈશ."

પત્યું. બિચારી પુતળાને તેજ ક્ષણે અંધારી કોટડીમાં પૂરી. તેના સુદૈવે માત્ર તેમાં એક દીવો અને પોટોબાની વેઠ પતાવવા જેટલી સામગ્રી હતી. કિલ્લાના કેદીને રાખવાનીજ એ કોટડી હશે.

દુર્દૈવી પુતળા! સમાજનાં જાતિ બંધન બાંધનારા સ્વાર્થીઓજ હતા કે નહિ? સમાજના કાયદા ઘડવામાં પુરૂષોએ પોતાને કેવા મુક્ત રાખ્યા છે તે જો! નીતિ બંધનકારો, નીતિનાં તત્વો સ્ત્રી પુરૂષોને અન્યોઅન્ય ઉપયોગી થવાં જોઇએ કે નહિ? ધારા શાસ્ત્રીઓ, તમે બ્રાહ્મણ છો! સંસ્કૃતિ જાણનારા, જ્ઞાન વિજ્ઞાનના ઉપાસકો, બ્રાહ્મણો! હવે તો જુઓ! સજ્જન અને દુર્જન, કલી અને દેવ, એમનો ઝગડો જગતના આરંભથી આજ સુધી ચાલ્યોજ આવ્યો છે તેનું કારણ શું? સર્વત્ર ન્યાયનું તત્વ એક પક્ષી છે માટેજ!

પ્રકરણ ૨૪ મું.

વિજય સમારંભ.

જેમ દબાણો દુઃખો આવે, ત્યમ ત્યમ અંતરબળ દૃઢ જામે,
શું હઠશે? શું હઠશે? ભારત તનુજો શું હઠશે?
રાંક જણાતા ભડભીમ બનશે, હૃદયદેવ એ સાક્ષીપુરે,
નહિ હઠશે, નહિ હઠશે, ભારત તનુજો નહિ હઠશે.

આજે પનાળગઢપર તારાબાઇને આનંદ થાય તેવો સૂર્ય ઉદય પામ્યો હતો. સંભાજી પછી આજે અહીં પહેલોજ દરબાર ભરાવાનો હતો. તારાબાઇને લાગ્યું કે, અહીં પટ્ટાભિષેક કરાવી લઇશું. આપણા કોડ પુરા કરીશું. પરંતુ આજના દરબારમાં રાજારામ કિનખાપી ગાદી

પર બેઠા ખરા; પણ મધ્ય ભાગમાં મહારાષ્ટ્ર પ્રભુ માટેનું સ્થાન છોડી જમણી બાજુએ પ્રતિનિધિની પેઠે બેઠા. એ જોઇ તારાબાઇને કેટલું ખોટું લાગ્યું હશે ?

ખોટું તો લાગ્યું જ. તે આજના દરબારમાં આવ્યાં નહિ, પણ તેથી કંઇ દરબાર બંધ રહ્યો નહિ. રાજારામ મહારાજ આવીને સ્થાપન થયા પછી ભાલદાર ચોપદારો રીતરીવાજનું અનુકરણ કરવા લાગ્યા.

એટલામાં મીર્ધે ચોપદારે સંતાજીરાવ દરબારમાં આવ્યાની છડી પોકારી. સંતાજીરાવ દરબારમાં આવી પહોંચતાંજ તમામ દરબારીઓએ ઉભા થઇ તેમનું સ્વાગત કર્યું. ખુદ મહારાજ ગાદી ઉપરથી ઉભા થઇ પાંચ પગલાં આગળ આવ્યા. મહારાજાને જોતાંજ સંતાજીએ તેમના ચરણમાં મસ્તક મુક્યું અને બાદશાહી તંબુના કળશ અર્પણ કર્યા. સર્વ દરબારીઓ વિજય ચિહ્ન જોવા આવ્યા, પછી સંતાજીએ સર્વને બહાર લઇ જઇ આસદખાનની ફોજના પાંચ હાથી બતાવ્યા. મહારાજા અત્યંત પ્રસન્ન થયા. સર્વ પુનઃ સ્થાનપર આવી, સ્થિત થયા પછી સંતાજીરાવે કહ્યું;

" મહારાજાના ચરણની કૃપાથી, વડીલોના પુણ્યથી શ્રી શિવાજી મહારાજના નામથી, સમર્થના શિક્ષણથી અને મ્હારા આ અભિમાની વિરાત્માઓના ધૈર્યથી, અલમગીરના તંબુને પહેલી સલામી આપી આવ્યો, આસદખાનનો પરામર્ષ લીધો અને મરાઠાઓમાં હજી સ્વાભિમાનનું ઉત્તમ બળ છે તેનો મોગલોને અનુભવ કરાવ્યો. મહારાજ, પહેલું યુદ્ધ શિવાજી મહારાજના નામ પ્રમાણે કર્યું અને બીજું તાનાજીનાં સ્મરણરૂપ કર્યું. વિજય મળ્યો છે એ એક શુભ શુકનજ થયા છે. હવે બીજી આજ્ઞા કરો સરકાર. દિલ્લી બાળી આવું છું. આગ્રા જમીનદોસ્ત કરૂં છું; માત્ર સેવકને આશીર્વાદ આપો ! "

" અહા ! સંતાજી, તમેજ શ્રી શિવાજી મહારાજના સાચા સેવક છો. શિવાજી મહારાજના અખાડામાં કસાયલા પહેલવાન છો. મ્હારી વર્તમાન સ્થિતિમાં તમને શી બક્ષીસ આપું ? રામચંદ્રપંત, ઘોરપડેને વસ્ત્રાભૂષણ આપો: સંતાજી ઘોરપડે મમલકતમદાર એમને આજ માહિલ બાંધો. બાહિરજી,

સાહેબજી, તમે તમારા અર્જુનનું નામ રાખ્યું છે. બહિરજી, હું તમોને હિંદુશવનો ખેતાબ આપું છું. ચવ્હાણ, તમારી હિમ્મત બહાદુરી બદલ તમને હિમ્મત બહાદુરનો ઇલ્કાબ આપું છું. સરદાર શીતોળે, તમોને ઘોરપડેની ટુકડીની સરનૌબતી આપું છું."

"મ્હારા યાદવ કુલભૂષણ સરદારો ! આજ રાજારામ વૈભવહીન છે. પણ તેના આ વૈભવની પ્રગતિ, મહારાષ્ટ્ર સ્વાતંત્ર્યની પ્રભાવળીના સહાયકર્તાઓઓના કર્તૃત્વપરજ છે."

"ત્યારે મહારાજાના એ પ્રગતિકારક વૈભવનું બીજું વિજય ચિહ્ન લો. મ્હારા શૂરા સિપાહી બન્ધુઓ, આર્યકુલભૂષણો, માનમરતબાવાળા, પચીશ હજારી બાદશાહી સરદાર ગણોજીરાવને મહારાષ્ટ્ર પ્રભુ આગળ ઉભા કરો."એમ એક મનુષ્યે આગળ આવી કહ્યું. તે મનુષ્યની આજ્ઞા સાથેજ સિપાહીઓએ એક અર્ધ શુદ્ધ મરાઠા સરદારને મહારાજા આગળ ઉભો કર્યો. જે નવો મનુષ્ય આ સરદારને લઇ આવ્યો હતો, તેની પાછળ હમણાં તારાબાઇ દરબારમાં આવી એક પડદાની આડે બેઠાં હતાં. તેમને જોઇ હુકમ કરનાર મનુષ્યે સહજ હાસ્ય કર્યું. પછી પેલા ઉભા કરેલા સરદારોને ઉદ્દેશી તે બોલ્યો:—

"જોયાં કે ? મહારાષ્ટ્રધર્મ માટે પોતાનો પ્રાણ અર્પણ કરવા તત્પર થયેલા મહારાષ્ટ્ર ભક્તો, તમારા આગળ બેઠા છે તે જોયા કે ? જુઓ, એમની મુખશ્રી અભિમાનના અખંડિત ગૌરવથી કેવી પ્રકાશી રહી છે ? હજી પણ તમારા અંતઃકરણમાં મહારાષ્ટ્ર સેવાની ઉચ્ચતમ ભાવનાને સ્થાન આપો. જુઓ ! એ દેવપુત્રો તરફ દૃષ્ટિ કરો ! એમને શું જોઇએ છે તે પુછો ! ફક્ત અમને અમારૂં જોઇએ છે એજ એમની માગણી કે બીજું કંઇ ? ફાલ્ગુન વદ અમાસે આલમગીરની સહાયથી, સબાજીએ ઘેરેલા સ્થાનમાં, ફાગણી બીમાના તીર્થક્ષેત્રમાં આપે મહારાષ્ટ્ર સૂર્યને ખગ્રાસ ગ્રહણ લગાડ્યું તેથી મહારાષ્ટ્ર ધર્મપર અક્ષય કાળાશ પ્રસરી છે કે કેમ તે જુઓ ! પુછો. એવા ગ્રહણમાં પણ પોતાનું ધર્મકાર્ય, સ્વદેશસેવા અને કર્તવ્યકર્મ નિરપેક્ષ બુદ્ધિથી કરનારા આ ભૂદેવોને પુછો. એમના અંતઃકરણમાં શેનો નંદાદીપ

પ્રકાશે છે તે જુઓ. શીર્કેકુલભૂષણ, શિવાજી મહારાજના નામને ખાતર હું વિનંતી કરૂં છું કે દૂખોગ્નિને ઓલવી નાખો. શૌર્યસાગર, આ અભાગી રાજારામ માટે હું ખોળો પાથરૂં છું. અમને હૃદયસરસાં રાખો!"

આ જીતાયલો મરાઠા સરદાર તે ગણોજીરાવ શીર્કે, પેલા મનુષ્યનો પ્રત્યેક શબ્દ ભૂમિ તરફ દૃષ્ટિ કરી સ્તબ્ધતાથી સાંભળતો હતો. તે એકદમ ઉછળીને બોલ્યો; "સંભાજીની પેઠે હું સપડાયો છું. આલમગીરે સંભાજીને દુઃખ આપ્યું. અહીં મ્હને પ્રાર્થના કરવામાં આવે છે, ત્યારે શું મ્હારે મ્હારી પ્રતિજ્ઞાનું વિસ્મરણ કરવું? એ કરતાં પ્રભુ, મ્હારો પ્રાણ પ્રથમજ કેમ હરી લીધો નહિ?"

"પણ, પણ, પેલા ખૂણામાંથી પ્રેમ દૃષ્ટિ કોણ કરી રહ્યું છે? તેજ, તેજ! બાદશાહના દરબારમાં માન અકરામનો સ્વીકાર હું કરતો હતો તે વખતે ધંગળોક જેવી દૃષ્ટિ કરી જોનાર, તે એજ, ગણોજી? તું ક્યાં છે! કેવી દુર્દશા? અરે, પણ હુ તો કેદી છું?"

"આપ મ્હારા કેદી છો! જીવનભરના કેદી છો. પતિદેવ, હજી આંખ ઉઘડતી નથી?" રાજકુંવર મોઢાપરથી પડદો દુર કરી બોલી.

"શું? મ્હારી વીર પત્ની મ્હને જીતી લાવી-? ધન્ય! રાજકુંવર શાબાશ! પણ પેલા ખૂણામાં કોણ છે? ખંડોજી? મ્હારી પ્રતિજ્ઞા વ્યર્થ ગઇ! રાણોજી ક્યાં છે? નહિ, નહિ, કેદ કરનાર પાસે ભિક્ષા કેવી? જારિણી પાસે જીવતદાન કેવું?"

"ના, ના, દાદા સાહેબ, એવો અવિચાર કરશો નહિ. આ કમનશીબ રાજારામ આપને પ્રણામ કરે છે. હવે મારો કે ઉગારો?"

"એની ગર્દન ઉડાવું કે?" સંતાજીરાવ મનમાંજ બોલ્યો.

"મારૂં કે ઉગારૂં? ગુલામ પાસે એ ભિક્ષા? રાજારામ, હું મારતો પણ નથી અને ઉગારતોએ નથી. રાજારામ, સુખે રાજ્ય કર! મ્હને છોડ. રાણોજીની સલાહ લેવા દે. મ્હારા એકલાની પ્રતિજ્ઞા તુટે તેમાં શું? મ્હારા બાઇની અને મ્હારા માણસોની તુટવી જોઇએ, પણ તેને તોડીને શું કરૂં? હવે પરાક્રમ કોને માટે?"

રાજકુંવરઃ "પ્રભુ, એવી કુશંકાથી ભ્રમિત કેમ બનો છો? પ્રથમ જઇ આવો. નાના ભાઇને દુષ્ટ પ્રતિજ્ઞાથી ચલિત કરો. રાજદ્રોહી–દેશદ્રોહી–બનેલા મરાઠાઓને પુનઃ આપ્તમંડળમાં લઇ આવો. તમારા હૃદયનું પાપ હું દૂર કરીશ. નહિ જાય તો સીતાની પેઠે અગ્નિ ભક્ષણ કરી ખાત્રી આપીશ. પણ પ્રથમ જાઓ! સ્વધર્મ અને સ્વદેશ ભૂલેલાઓને તેનું ભાન કરાવો. સ્વદેશદ્રોહનું ભયંકર કલંક દૂર કરો, પછી પત્નીના પાતિવ્રતની પરીક્ષાનો વિચાર કરજો. પહેલો દેશ પાછી દેહ! પ્રથમ માતાનો વિચાર કરો અને પછ પત્નીનો વિચાર કરો."

રાજકુંવર જે વખતે પતિને વિનવતી હતી તેજ વખતે પડદા પાછળ ચુગલી તારાબાઇના કાન ફૂંકતી હતી. તેણે કહ્યું: "જોયું કે બાઇસાહેબ, આપણાં બહેન સાહેબ કેવાં કઠણ હૃદયનાં કે પોતાના પતિને સુદ્ધાં ખડા કરી દીધા. પેલો જગદાળે આવ્યો છે. તે કહે છે કે ઔરંગઝેબ સંતાજીના હાથમાં બરાબર સપડાયો હતો."

"ખરૂં કે? ત્યારે શીરકેની પેઠે તેને અહીં ખડો કર્યો હોત તો નિ-ર્ભય ન બનત કે? પણ મૂવાઓને અમારૂં કલ્યાણ ક્યાં જોવું છે?" તારા-બાઇએ કહ્યું.

ચુગલીઃ "અરે, સોનાના ગોળા મળ્યા હશે. શું બાદશાહના તંબુના કળશ મળે અને બાદશાહ પકડાય નહિ? જગદાળે કહેતો હતો કે, એણે પુષ્કળ મુસલમાન સરદારોને લુંટી પૈસો મેળવ્યો છે."

તારાબાઇઃ "ત્યારે તે અહીં કેમ લાવતો નથી? માત્ર કળશ લાવીને શાહુકાર બન્યો? એમનો સ્વભાવ છે ભોળો! એમની પાસેથી જાગીરીનો કકડો પડાવી લેવાની દાનત! પણ, જગદાળે તો એનો ભાઇબંધ છે ને? ધનાજીનો વેરીજ ને! સંતાજીએ એનો પક્ષ લીધો હતોને? ત્યારે એની ૧૧ કેમ બોલે છે?"

ચુગલીઃ "એજ ખૂબી છે ને! હવે કોણ જાણે તેણે જગદાળેનો પક્ષ છોડયો છે કે શું? તેની પાછળ સ્વરૂપાજી અને પદાજી જાધવ પડયા પાથર્યા રહે છે! કહે છે કે તંબુના કળશ ઉતારી લેવામાં તેજ આગળ પડયા હતા.

આજે તે ક્યાં જણાય છે? "ખાનેકું મેં ઔર લુંટનેકું મેરા બાપ." એવી એ રામોશીયોની નીતિ!"

તારાબાઇઃ "સાચું કહે છે? રામચંદ્રપંત પાસે તપાસ કરાવીશ!"

આ બાજુ આ પ્રમાણે ચાલતું હતું ત્યારે પેલી તરફ રામચંદ્ર પંત ઉભા થઇ બોલ્યા;

"મહારાજ! મ્હારી એક વિનંતી છે. સંતાજીનું પરાક્રમ તાનાજી જેવું મહદ્ છે. જે સત્કાર કરવામાં આવ્યો છે તે પૂર્ણ નથી. લક્ષમાં લો, બે ત્રણ લાખ સૈનિકો છાવણીની ચોતરફ હોવા છતાં, મચ્છીમારની જાળ પ્રમાણે બાદશાહની ચોતરફ લશ્કરની ઘટ્ટ જાળ હોવા છતાં, અંદર આવેલા બાદશાહના તંબુપર સૂર્યનાં કિરણ પ્રમાણે નિર્ભય ચિત્તે સ્વાર થઇ, બાદશાહના વિલાસના ખરા સમયે મૂર્ચ્છા પમાડે તેવું સંતાજીનું પરાક્રમ ચક્રવ્યુહનો ભેદ કરનાર અભિમન્યુ કરતાં પણ મહત્વનું છે. અભિમન્યુતો વ્યુહ બહારજ નીકળી શકયો નહતો. પ્રભુ, વિચાર કરો કે વિશ પચીશ હજાર માણસો અને તે પણ ઉત્તમ સ્થિતિમાં પૂર્ણ સરંજામ સાથે રાયગઢપર દાંત કકડાવતા જતા હતા. જરાસંધને જીતનારા આ ભીમની જેટલી સ્તુતિ કરવામાં આવે તેટલી ઓછી છે!"

"મહારાજ, વર્તમાન સ્થિતિમાં એ બીજો હંબીરરાવજ છે. હંબીરરાવની પાછળ કોઇ રહ્યું નથી. મ્હને લાગે છે કે સંતાજીના એ શૌર્ય બદલ એજ પદાધિકાર આપવો."

"હા, રામચંદ્રપંત, તમે કહો છો તે ઉચિત જણાય છે. ઘણા વખતથી મ્હારી ઇચ્છા ધનસિંગરાવને એ પદ આપવાની હતી; પરંતુ તમારા અભિપ્રાય પ્રમાણે તે સંતાજીને આપું છું. મ્હારા વીર સુભટ સેનાપતિ સંતાજી ઘોરપડે મમલકતમદાર, હું તમને આ તલવાર આપું છું તેને સ્વીકારો. પ્રલ્હાદપંત, એમને પોષાક અને સીક્કો, કટાર આપો. બ્હેન, રાજકુંવર! શિવાજી મહારાજના નામથી સેનાપતિના લલાટમાં કુંકુમ લગાડી આ વસ્રો અર્પણ કર."

પોષાક આપવાનો સમારંભ થાય છે; બહાર વિજયચિહ્નરૂપ ઝાંઝ

હાથી ઝુલે છે, ઘોરપડેના વિજયાર્થે તાળીઓ ગડગડે છે અને વિજય વાદ્ય વાગે છે, એટલામાં બીજો એક મરાઠા સરદાર વિજયોત્સવથી સભામાં આવ્યો. તેને જોતાંજ રાજારામ મહારાજ, સેનાપતિ સંતાજી, રાજકુંવર, ખંડોજી, પ્રલ્હાદપંત, રામચંદ્રપંત, સર્વે એકદમ સ્હામે ગયા.

ધનાજીરાવ અંદર આવ્યો. ગાદીને મૂજરો કરી તેણે કહ્યું:–

" મહારાજ, સરદારો, આપ સર્વ જાણો છો કે ફલટણના મેદાનપર પાદશાહના લશ્કરને મ્હેં ખેંચ્યું છે. મેદાનમાં મ્હેં પ્રચંડ સૈન્ય સાથે પાંચ વખત યુદ્ધ કર્યું. મ્હારા શિલેદારના પરાક્રમનું શું વર્ણન કરૂં ? ગોલંદાજો તોપો ધનનન ધનનન છોડી રહ્યા હતા છતાં ડાબે હાથે તેમના પલીતા ઓલવી જમણે હાથે તેમનાં શિર છેદવાનું અશકય કાર્ય એ વીરે કર્યું. મોગલ સૈન્યને હતવીર્ય બનાવ્યું. શું કરૂં ? આપણાજ મરાઠા સરદારો શાસ્તાખાનની છાવણીમાં હતા. મરાઠાનું હૃદય મરાઠાજ સમજે. એ છિદ્ર જાણી શાસ્તાખાને તેમને અમારાપર મોકલ્યા, પરંતુ તેમનો છાપો છિન્નભિન્ન કરી નાખી, તેમને પણ બે હાથ બતાવી જીતેલી તોપો લઇ હું આજે મહારાજાના ચરણ પાસે હાજર થયો છું. "

" શાબાસ, ભીષ્માચાર્ય શાબાસ ! ધન્ય છે તમને ! આજે હું તમને શું આપું ? પ્રલ્હાદપંત હું તમને શું ઇનામ આપું ? "

" મહારાજ, જયસિંગરાવને તે બીજું શું આપવું ? ધનાજી, અમે આજે તમને "જયસિંગરાવ" નો ખેતાબ આપવા મહારાજાને વિનંતી કરીએ છીએ."

આ બાજુ ધનાજીનો પદવી સમારંભ ચાલતો હતો ત્યારે અંદર તારાબાઈ જુદીજ સ્થિતિમાં હતાં. તેમણે ગુસ્સે થઇ ચુગલીને કહ્યું : " જોયું ચુગલી, સંતાજીએ દાવ સાધ્યો તે ! હું એમને કહેતી હતી કે, સેનાપતિપદ ધનાજીરાવને આપવું. મ્હારી ઇચ્છા ધનાજીરાવને આપવાની હતી. તમે કહો છો માટે સંતાજીરાવને આપું છું એમ કહેતાં મ્હારી વાત તો ધ્યાનમાંજ ન રહી. એક હજાર વખત કહ્યું કે : જગદાળેનું વતન રૂપાજી પદાજીને આપવાનું છે અને સેનાપતિનું પદ ધનાજીને આપવાનું છે, પણ બધુંએ ધૂળ ઉપર લીંપણ; રામચંદ્રપંતની બુદ્ધિ કેમ ફરી ગઈ ? "

"બાઇસાહેબ, તેણે મ્હારા ભાઇને એવીજ રીતે ફસાવ્યો કે! કમળા તમારી પાસે હતી તેમાં શું ખોટું હતું? પણ, એતો યેસુબાઇનુંજ નામ જપ્યા કરે છે! તેણે હજાર રીતે મ્હારા ભાઇને ભોળવ્યો અને કમળાને યેસુબાઇ પાસે મોકલી દીધી."

"ઠીક છે ઠીક! પતિને અને પંતને આવવા દે મ્હારી પાસે પછી જોઈ લઉં છું!"

અંદર સ્ત્રી મંડળમાં આ પ્રમાણે વાત ચાલે છે, બહાર સરદાર પોતપોતાના સ્થાને વિરાજમાન થયેલા છે, મહારાજાની જમણી બાજુએ રાજકુંવરને બેસાડેલી છે, સંતાજી, ધનાજી અને જાતે મહારાજાએ ગણોજીરાવને પોતાની પાસે બેસાડેલા છે, મુત્સદ્દી અને સામંત વર્ગ પોતપોતાને સ્થાને સ્થિત થયેલા છે, ફૂલહાર, અત્તર ગુલાબ, પાન સોપારી વગેરે વિધિ પૂર્ણ થયો છે, એટલા અવકાશમાં મહારાજાને રાજ્યારોહણનો, મંગલ સંસ્કાર ક્યારે કરવો વગેરે બાબતની વાત નીકળી. પ્રલ્હાદપંતે કહ્યું:

"સરદારો, શાંત થાઓ. મરાઠા લશ્કર આ જગત્માંથી નષ્ટ થયું નથી તેની બાદશાહને હજી હમણાંજ ખબર મળી છે. તેનું સૈન્ય હવે પનાળપર ચઢી આવવાની તૈયારીમાં છે. રાયગઢ તરફ આસદખાનની મદદે તેણે વિશેષ ફોજ મોકલી છે. હવે રાયગઢ સંકટમાં આવશે. આપણે આગળની તજવીજ કરવી જોઇએ. બાદશાહનો ઉદ્દેશ પ્રથમ મહારાષ્ટ્રને હતવીર્ય કરી પછી કર્ણાટકમાં મરાઠાઓને હતા નહતા કરી નાખવાનો છે. માટે કહું છું કે: રામચંદ્રપંત, તમે મીરજાથી પનાળ, વિશાળગઢ, રાંગણા, એ પ્રમાણે કિલ્લાની હાર પકડી એક બાજુ સંભાળો. મરાઠા સૈન્યને ફરતું રાખો. આ બળતી આગમાં ભ્રમણની વિશેષ આવશ્યકતા છે. નીચેના પ્રાંતમાં સ્વારીઓ કરી મોગલોને કાયર બનાવવા. એજ પ્રમાણે કોકણ પ્રાંતની વ્યવસ્થા રાખવી. શત્રુ પર ચોતરફથી નજર રાખવી. પ્રત્યેક નવા સ્થાને ચોથાઇ, સરદેશમુખી, ઘાસદાણાદિનો કર નાખી આપણી સત્તા સ્થાપન કરવી. જ્યાં આજુબાજુ મોગલોનું વિશેષ લશ્કર પડે ત્યાં વારાફરતી કિલ્લાઓનો આશ્રય લઇ ઝાડીમાં રહેવું. ત્યાં રહી તેમને ઉપદ્રવ કરી પ્રદેશ કબ્જે કરવો. તેવો સમય આવે તો

ન્હાસી જવું અને પુનઃ આવી તે પ્રદેશ મેળવવો. રામચંદ્રપંત, બાજીસજ-રાવ, પાસલકર, દેશપાંડે, મુઠેખોરકર પોતાના માણસો સાથે શંકરાજી નારાયણના તાબામાં રહી તમને મદદ કરશે. સિધોજીગુજર પશ્ચિમ કિનારા પર દરિઆઇ લશ્કર ઉભુ કરી સિદીને અટકાવી દેશે. ઉત્તર તરફની વ્યવસ્થા આપણે ત્યાં જઇશું એટલે જોઇશું. હવે સરદારો, ઉત્કટભાવ ધારણ કરો ! જઇશું તો સ્વર્ગમાં જઇશું. ત્રિશંકુની માફક વચ્ચેજ લટકીશું નહિ, કિંવા વચ્ચે કોઇ જુદાજ પ્રકારનું પણ વિશેષ મહત્વનું સ્થાન નક્કી કરે—ભુલાવામાં નાખે તોપણ ભુલશો નહિ. કેમ ગણોજીરાવ ! તમે અમને મદદ કરશો કે ?" ગણોજી બોલ્યોઃ "કોને ? મ્હને પુછો છો ? આજે રાજકુંવરે મ્હને જીતી લીધો તો ખરો પણ હું રણોજીરાવ શીરકેના વચનમાં બંધાયલો છું. તેનો વિચાર જાણ્યા પછી કહીશ."

રાજકુંવરઃ "ખરૂં છે! નાનાભાઇને અને બીજા મળે તેટલા મરાઠાઓને આપણા દેશના ઉદ્ધાર માટે લઇ આવો !"

ગણોજીઃ "રાજારામ મહારાજ, મરાઠા રાજ્યપદ્ધતિ જીતવી સહેલી છે, પણ ગણોજીરાવનું હૃદય જીતવું તેટલું સહેલું નથી. રાયગઢનો કિલ્લો આ ગણોજીરાવ હજી જીતી શક્યો નથી, પણ ગણોજીરાવનું કઠીન અંતઃકરણ મરાઠા દરબારે જીત્યું છે ખરૂં ? "અંતઃકરણ, બન્ધુઓનો આત્મયજ્ઞ જોઇ" એટલામાં પલળ્યો કે ? આબાસાહેબના સમયનું સ્મરણ થયું ? મ્હારા બાહુ કેમ સ્ફુરણ પામે છે ? શાબાશ, રાજકુંવર, ત્હારા શબ્દોથી આ ગણોજીરાવનું હૃદય કદી કંપ્યું નથી. ત્હારા રૂપથી માત્ર કેટલીક વખત મોહ થયો; પણ વિરાંગનાને શોભે તેવા કાલના ત્હારા તેજઃપૂંજ સાહસથી, હું પુરેપુરો મોહિત બન્યો. રણાંગણ પર વજ્ર જેવા અને અંતઃપુરમાં નવનિત જેવા ત્હારા આ વક્ષઃસ્થળ પર નિર્ભય ચિત્તે ત્હારો પતિ પુનઃ આશ્રય મેળવી શકશે કે ? અરે, એવી શંકાજ શા માટે ? અંતઃકરણની શુદ્ધતાના બળ સિવાય, અંગમાં આટલી વીરશ્રી, અને વદનમાં આટલી દિવ્યતા ક્યાંથી હોઇ શકે ? રાજકુંવર, આજે તેં ત્હારા પતિને જીતી લીધો છે ! રાજારામ, રાજકુંવર, પ્રલ્હાદપંત, સંભાજીને મુસલમાન થવાનો ગુસ્સો ચઢયો તેથી બિચારાએ પ્રાણ ગુમાવ્યો ! હું હવે મરાઠો થઉં કે ? સંતાજી, ધનાજી, સંભાજી આ

લોકના સૌખ્યથી વિમુખ થયો ! હું તે સૌખ્ય સ્વીકારૂં કે ? સંભાજીએ શત્રુને હાથે મરણુ સ્વીકાર્યું, હું આમના હસ્તનું મરણુ મેળવું કે ? ગણોજીરાવ, હવે તું પોતે શું સ્વીકારવાનો છે ? મ્હારો બીજો જન્મ થાય છે કે ? રાજ્યકાર્ય માટે શિરની દરકાર ન કરનારા સંતો ! તમારી પુણ્ય પવિત્રતાના તેજથી મ્હારૂં અંતઃકરણુ સૂર્યકાંત પ્રમાણે સ્ફુરણુ પામે છે કે ?"

"મ્હારો પુનર્જન્મજ થતો હોવો જોઇએ. રાજકુંવર ! તેં આજે ત્હારા પતિદેવને જીત્યો ખરો ! યજ્ઞકર્મમાં પ્રવૃત્ત થયેલા પતિના હાથ પકડવાનો આજ સુધી એકપક્ષી માર્ગ હતો. આજે પત્નીએ આરંભેલું કાર્ય પતિએ પોતાના હાથમાં લેવાનો દિવ્ય કાળ આવ્યો છે ખરો ! ધન્ય ! રાજકુંવર ધન્ય !"

રાજકુંવરઃ "હવે દેવી યેસુબાઇને લેશમાત્ર ભય નથી. રાયગઢ પડશે તો દેશદ્રોહીથીજ પડશે; પણુ હવે દેશદ્રોહને બદલે દેશપ્રેમને સ્થાન મળ્યું છે. હવે મધમાખીઓ, તમારી રાણી આગળ, મહારાષ્ટ્ર ધર્મ પ્રચારરૂપ અરે ! સ્વાતંત્ર્યના શણગારરૂપ મધનાં બિંદુ એકત્ર કરો. પતિદેવ, પતિભક્તિ અને દેશભક્તિ, એજ પત્નીનો સાચો પાતિવ્રત ધર્મ છે ! સૌભાગ્યદેવ, પતિપ્રેમ અને રાષ્ટ્રપ્રેમ એજ સાચા ધર્મથી અમે ચારે વર્ણની કન્યાઓ બંધાયલી છીએ. કાળા કાજળરંગી દેશદ્રોહરૂપ યમ પાસેથી છૂટા થયેલા સત્યવાન દેવ, હવે આ સાવિત્રીને મંગલમય બનાવો. સાવિત્રી દેવી, તુંજ એક સાવિત્રી દેવીની કૃપાનું ફળ હતી ! અશ્વપતિએ સાવિત્રીદેવીને પ્રસન્ન કરી હતી. મ્હારા આબાસાહેબે પણુ ભવાનીને પ્રસન્ન કરી હતી. અરે બેટા, મ્હારા વીર પુત્ર, ધ્રુવ આવ, ત્હારા પિતાને ભેટ !"

રાજારામઃ "ગણોજીરાવ, આટલાથી મોહપાસમાં ફસાશો નહિ. સુધન્વા જેવા કર્તવ્યભ્રષ્ટ થશો. જાઓ, પાછા જાઓ ! જુદા પડેલા બંધુઓને સમજાવી લાવો, જાઓ. આ વખત અંતઃકરણુ દૃઢ બનાવવાનો છે. બહેન રાજકુંવર, પ્રતિજ્ઞાકંકણુ છોડીશ નહિ. આપણે માતુશ્રીને મળીશું, મહારાજાને રાયગઢ પર રાજ્યાભિષેક કરીશું અને પછી પતિ પત્ની, માતા પુત્ર, ભાઇ બહેન વગેરે સંબંધો ઉજ્વળ બનાવીશું. પ્રથમ દેશ પછી દેહ. પ્રથમ દેશનો સંસાર પછી દેહનો સંસ્કાર."

પ્રકરણ ૨૫ મું.

વેરાગણના વેષમાં.

"કુલીન ગણાવા ઈચ્છતી સ્ત્રીઓએ દુઃખથી પીડાવા છતાં પણ નીતિનો "માર્ગ છોડવો ન જોઈએ."

"It is a flame and ardour of the mind * * * Love is "a Spiritual coupling of two souls."* (Ben Jonson.)

આ જે સંતાજી પનાળગઢ પરથી જુસ્સાબંધ નીકળ્યો અને રાયગઢના પેલા અરણ્યમાં આવ્યો. આજે નાગોજીરાવ માનેને સ્વપક્ષમાં મેળવી શકાશે કે કેમ એ પ્રશ્નનો નિર્ણય થવાનો હતો. સૂર્યાજીએ સંતાજીના દૂતદ્વારા, "રાધાબાઇ માને મળવા આવનાર છે, માટે ત્યાં સુધી અમૃતરાવ નિંબાળકરનો અંત લાવશો નહિ." એ સંદેશા પ્રમાણે સંતાજી બીચ ઝાડીમાં આવીને ક્યારનોએ ફર્યા કરતો હતો. કંઇ ખડખડાટ થતાં, ઝાડનાં પાન અફળાતાં, વાયુથી કંઇ સળવળતું કે તે હાવરો બાવરો બની આમ તેમ જોતો. ઘણીવાર સુધી તેણે રાહ જોઇ પણ કોઇ નહિ આવવાથી તે બહાર જવા લાગ્યો; એટલામાં સ્હામેથી કોઇ આવતું હોય તેવો ભાસ થયો. તે હવે પોતાની તલવારની મૂઠ પકડી નિશ્ચલતાથી ઉભો રહ્યો. એટલામાં લપાતી લપાતી ચુગલી આગળ આવી, તે જોઇ તેણે કહ્યું:—

"કેમ ચુગલી! તું કેમ આવી છે? સૂર્યાજી ક્યાં છે?

"સૂર્યાજી? તેનું શું કામ છે? બકુલાબાઇની જરૂર હશે." ચુગલી હસતી હસતી બોલી.

સંતાજીનો કપોલ પ્રદેશ આંટીયોથી કેમ ભરાઇ ગયો તે તો કોણ જાણે!

---

* ભાવાર્થ:—સ્નેહ એ ઉષ્મા પ્રજ્વલની આન્તર જ્યોતિ છે. * * * સ્નેહ એ બે આત્માઓનો આધ્યાત્મિક સંયોગ છે.

પાછળ વૃક્ષે બાંધેલા ઘોડાએ હણહણાટ કર્યો તે ઠીક થયું, નહિ તો તેની ક્રુદ્ધતા જોઇ ચુગલી પણ ભયભીત બની ગઈ હોત.

તેનો ઘોડો હણહણાટ કરતો હતો તેનું કારણ યોગ્યજ હતું. તે બાજુએથી બુરખો ધારણ કરી કોઇ આવતું હતું. સંતાજીની નજરે તે આચ્છાદાયલી આકૃતિ પડતાંજ તે ગુંચાયો. "ચુગલીબાઇ, કંઇ દગો ફટકો તો નથી ?" એવું બડબડી તેણે પોતાની તલવાર ખેંચી.

"દગો છે તો ખરો ! તમારા હાથની નગ્ન તલવાર કરતાં બુરખામાં ઢંકાયલી ન્હાનકડી કટાર વિશેષ તીક્ષ્ણ અને ઝેરી છે સમજ્યા ?" ચુગલીએ ગંભીર હાસ્ય કરી કહ્યું. આ વખતે સંતાજીનું લક્ષ ચુગલી તરફ ન હતું કારણ તે બુરખો ધારણ કરી આવેલું મનુષ્ય એક ઝાડ આગળ સ્તબ્ધ ઉભું હતું. સંતાજીએ તેને ધમકાવીને પુછ્યુ: "કોણ છે ચોર ?"

"હું અમૃતરાવ નિંબાળકર."

"ચોર, બુરખો શા માટે પહેર્યો છે ? મ્હારાપર પાછળથી ઘા કરવા માટે ? તુલાપુરમાં શત્રુ સાથે મળી ગયો અને હવે મ્હારૂં શિર લેવા આવ્યો છે ! ચોર, આજકાલમાંજ ત્હને હાથીને પગે બાંધી આ લોકમાંથી દૂર કરવાનો હતો, પણ હમણાંજ ઉડાવી દઉં છું. ચાલ !" એમ કહી તે રાતો ચોળ બની તલવાર ઉગામી આગળ વધ્યો. તુરતજ તે વ્યક્તિએ બુરખો કાઢી નાખ્યો, અને "કોને મારો છો ?" એવું એક હાસ્યમુખી સ્ત્રીએ સંતાજીને કહ્યું. તેણે આ વખતે એટલા રત્નાલંકારો ધારણ કર્યા હતા કે તે જોઇ સંતાજી અંજાઇ ગયો ! તેની આવી સ્થિતિ જોઇ તે સ્ત્રીએ હસતાં હસતાંજ ચુગલીને કહ્યુ: "અરે, જંગલના મુખ આગળ રહે. કોઇ આવે જાય તે પર નજર રાખ."

સંતાજી તે જતા મનુષ્ય તરફ કરચલીયુક્ત કપાળે જોઇ રહ્યો.

"સંતાજીરાવ, મારો છો કે મ્હને ? સાર્થક તો થશે આ દેહનું !" તે સ્ત્રી મંજુલ મધુર અવાજે બોલી.

"રાધાબાઇ, એમાં સાર્થક કોનું ? મરાઠી રાજ્યના બે શત્રુ મારી તમે મરશો તો તેનું નામ સાર્થક થશે ! આમ કુતરાને મોતે મરવાનું કેમ માગો છો ?"

"ત્યારે, મ્હારા બાપને એમજ મારશો ? તેને બદલે મ્હને મારો કે જેથી આ જીંદગીના દુઃખમાંથી છુટું ! મુવા ડોસલાએ મ્હારી જીંદગી રદ કરી!"

"અહા ! નખથી શિખ પર્યંત હીરા માણેકથી કેવી વિભૂષિત બની છે ! આ ઝાડીમાં જે અંધકાર હતો તે તમારાં રત્નોએ સ્વપ્રકાશથી દૂર કર્યો છે, પણ રાધાબાઇ, તમારૂં હૃદય તેવાજ તેજથી શૃંગારેલું છે કે ?"

"કોણ શૃંગારશે ? સંતાજીરાવ, આ રત્ન, સર્વ દોલત તમારા જેવાની પર ઓવારી નાખું એમ થાય છે."

"કારણ?" સંતાજી ચમકીને બોલ્યો.

"કારણ ? તમારૂં વીરત્વ ! નશીબ કમળાનું !"

"પણ કમળાને ભાગ્યશાળી કરવા મ્હને પરાક્રમ કરવાની ઇચ્છા થતી નથી."

"ત્યારે મ્હારો સ્વીકાર કરોને ? પાણીની બહાર તડફડતાં મત્સ્યની દયા વીરોનેજ આવે છે."

"તમારો પતિ મ્હને મળી જશે કે ?"

"હું સુદ્ધાં મળું છું ને ? લો સંતાજી, આ દાસીને તમારા બાહુ પાશમાં લો !"

"કોણ રાધાબાઈ ? મનુષ્ય જન્મ કંઇ વારંવાર આવતો નથી. આવા સુખ કરતાં દૈવિ સુખ પ્રાપ્ત કરો ! એ તો આસુરી સુખ કહેવાય. રાધાબાઈ, આપણે એકજ હોડીમાં પ્રવાસ કરવા નીકળ્યાં છીએ. એ હોડીમાં કેટલાંકે આંધળા, પાંગળા, લુલા, લંગડા, વગેરે દુઃખી પ્રાણીયો છે. તમારા પતિ, પિતા એ સર્વ એજ વહાણનાં પ્રવાસી છે ! રસ્તામાં થોડા ઘણા વખતના સહવાસથી તેમનો પરિચય તમને વધારે થયો છે એટલુંજ. રાધાબાઇ, તમે શેના વિચારમાં ગુંચવાઓ છો ? અરે એ પ્રવાસીયો પૈકી એકાદ રોગિષ્ટ કર્મ ધર્મસંયોગે તમારી પાસે આવ્યો, તો તેને ધકેલી મુકી તમે એકલાંજ સ્વચ્છંદે પ્રવાસ કરવાની ઇચ્છા કરો છો કે ? પણ તમેજ કદાચ રોગી બનશો તે વખતે તમારી પાસે કોણ ઉભું રહેશે ?"

"માટેજ હું તમારા આશ્રયે આવી છું ને ?"

"રાધાબાઇ, દૂર થાઓ ! આજે મ્હારા મનની સ્થિતિ શરીરને વૈભવ આપવા જેટલી એકલપેટી .બનેલી નથી. આજે તમારી અને મ્હારી ચોતરફ એટલાં પ્રાણી દુઃખમાં સડે છે કે, તેમનાં દુઃખ ટાળવાની ઉત્કંઠામાં મ્હારૂં પોતાનું સુખ નષ્ટ થશે કે.હરાઇ જશે તો તેની મ્હને દરકાર નથી. રાધાબાઈ, મ્હોટા મહારાજની મનઃ સ્થિતિ કેવી હતી ? અમે તેનાજ સૈનિક છીએ હોં. પુરૂષો નિર્બળ, લોભી માટે તેનું સત્ય ગમે તેણે હરી લેવું કે ? બધાજ પુરૂષ એવા દુર્બળ નીકળશે તો પછી સ્વરાજ્યની આશા નષ્ટ થશે. જુઓ રાધા, જાઓ નાગોજીરાવને મરાઠા સમૂહમાં લાવી મુકો. પછી કદાચિત તેમનું જીર્ણ શરીર પુણ્યશીલતાની ભાવનાથી ઝળકી ઉઠશે. દેશહિતની પૂણ્યપ્રદ ભાવના, વિચાર, અતિ વૃદ્ધને વિકારી તરૂણ બનાવે છે, રાધા ! અને વિકારી તરૂણોને વિચારવંત વયોવૃદ્ધ બનાવે છે. રાધા, હું તમારો થયો છું. નાગોજીરાવ યયાતિની પેઠે તરૂણ બનશે. રાધા, રામાયણ મહાભારતાદિનું સર્વ તોફાન સ્ત્રીયોના લોભના પરિણામ રૂપ છે. આજના અમારા ભારતમાં એ ક્ષુદ્ર હેતુ નથી. રાધાબાઇ, અમારા ભારતને તમે ભ્રષ્ટ કરશો નહિ. સીતા માતાને પતિવિયોગ અસહ્ય થયો હતો. દ્રૌપદીને પતિ માટે ખોટું તો લાગતુંજ પણ તેમની સાથે રાજ્યનો પણ વિયોગ અસહ્ય થયો હતો. રાધા, સીતા કરતાં દ્રૌપદીને શ્રેષ્ઠ માનું છું. અમારી સ્ત્રીઓએ દ્રૌપદી કરતાં પણ શ્રેષ્ઠ કસોટીએ ચઢવું જોઇએ."

"મ્હારે એ તમારૂં પુરાણ સાંભળવું નથી. માનેને તમારા ચરણમાં લાવી મુકું છું ! બુઢ્ઢા ધણીએ તરૂણ સ્ત્રી લઇ જાય ત્યાં જવું જોઇએ, નચાવે તેમ નાચવું જોઇએ અને રંગે તેમ રંગાવું જોઈએ."

"રાધા, તમે મ્હારાં ભગિની તુલ્ય છો. રાધા, અરે ભારતીય યુદ્ધ એટલું પવિત્ર હતું, અભિમન્યુ જેવો વીર હતો અને ભગવાનની અપૂર્વ સહાય હતી, એટલી અનુકુળતામાં પણ બિચારા અભિમન્યુએ ધર્મપત્નીને યુદ્ધના આરંભમાં આલિંગન આપ્યું, માટે તેને મૃત્યુદંડ ભોગવવો પડયો. રાધા, મેઘનાદની સ્થિતિ તરફ નજર કરો. શ્રી રામચંદ્ર પણ તેને પરાભવ આપી શક્યા નહિ, ત્યારે રાધા, કહો કે હું ધર્મયુદ્ધ માટે તત્પર થયેલો છું, તમારો

બન્ધુ ભારતીય યજ્ઞમાં આહુતિ રૂપ બન્યો છે, તો તમારા બન્ધુએ સ્વપત્નીની વાત બાજુએ રહી, પણ પરપત્ની સાથે સંયોગ પ્રસંગમાં લીન બનવું કે ? બીજી વાત શી કરવી ? મોગલો સાથે યુદ્ધ કરવા પતિએ પ્રયાણ કર્યું, ત્યારે સંયોગિતાએ સંયોગની યાચના કરી હતી કે ? નહિ, રાધા નહિ. સંયોગિતાએ તેમની કંમરજ કસી હતી. બહેન, જાઓ, રાધા જાઓ, શ્રી કૃષ્ણને પાંડવને મદદ કરવા મોકલી દો ? અમારા આજના ભારતની પ્રત્યેક સ્ત્રી એવા મહદ્ ભાગ્યથી લલચાયલી હોવી જોઇએ કે, તેને આવા સ્વાર્થી સુખનો મોહજ થાય નહિ. રાધાબાઇ પાછાં ફરો. નાગોજીરાવ અમારા પક્ષમાં સામેલ થયા છે એમ કહેવા પુનઃ આવજો ! ત્યાં સુધી પુનઃ મુખ બતાવશો નહિ, જાઓ. ”

સંતાજી આટલું કહી ક્રોધમાંજ પાછો ફર્યો. બકુલા તેના તેજસ્વી મુખ તરફ જોઇ રહી. તેના વદન પર નાના પ્રકારના વિકાર ઉપસતા હતા. પ્રથમ તો તે મ્લાન જણાઇ; કારણ, “ મ્હને એણે શરમાવી ? ” એવા તેના મુખમાંથી ઉદ્ગાર નીકળી ગયા હતા. પછી તેના પર પ્રત્યક્ષ જમદગ્નિની મૂર્તિ ઉપસ્થિત થઇ રહી. કારણ, “ એને ખબર પાડું કે રાધા કોણ છે ? ” એવા શબ્દો પણ તે બોલી ગઇ હતી. ત્યારપછી તેના મુખ પર ઉન્મત્તતાદર્શક હાસ્ય ચમકવા લાગ્યું. વળી પાછા તેના વિચાર ફર્યા. “ હવે તો ડોસલાને ફેરવવાનો નિશ્ચય કરવો જોઇએ. ફરશે તો સંતાજીને પહેલીજ પ્રતિજ્ઞામાં પકડીશ. મ્હેં આજે ખાસ સ્મરણ કરાવ્યું નથી. નહિ વળે તો બુઢ્ઢાને જગતની પાર પહોંચાડીશ. શું કામ છે એવા દુર્બળોનું ? બીજાના સુખની ભસ્મ કરનારે આ જગતમાં શામાટે જીવવું જોઇએ ? દ્રવ્યના ઉન્માદથી એ બુઢ્ઢાએ મ્હારૂં ગળું કાપ્યું. ગાયેજ કસાઇ પર દયા કરી મુગે મોંઢે મૃત્યુને શરણ થવું એજ છેવટનું નશીબ ! ત્યારે એમજ કરૂં ? ડોસાને ફેરવું ! શું કરૂં ? સંતાજી ગમે તેવું બોલે છે પણ મ્હને ગુસ્સો આવતોજ નથી. આશાનો આ અંતિમ ઉપાય કરવો કે ? ચાલ બકુલા, સૂર્યાજી પાસે ચાલ. શંકરનાં દર્શન માટે પોઠીયાની પૂજા કર. ”

મનમાં આવો નિશ્ચય કરી બકુલા સૂર્યાજીને શોધવા નીકળી. સૂર્યાજી

ક્યાં ઘેર હતો ? વાચક ! કદાચિત તે કિલ્લેદારીના કર્તવ્યમાં મગ્ન હશે. ચાલો, આપણે તેની ધર્મપત્નીને પુછીએ. ખરી વાત તે કહેશે. કારણ કે, ઘણી ખરી ધર્મપત્નીને તેમના પતિના વ્યવસાયની માહિતી હોય છેજ. તેનાથી પતિ છુપાવી શકતો નથી.

પણ આજે પુતળા ક્યાં છે ? તે બિચારી તો પેલી અંધારી કોટડીમાં કેદી થઇ પડેલી છે. વાંચનારને લાગતું હશે કે પતિએ તેને અહીં નાખી તે વખતે તેણે કરૂણા યાચી હશે ! પણ ના, તેણે તેમ કર્યું નથી. કેદમાં નાખ્યા પછી તે કેટલોક વખત સુધી બેભાન રહી હતી. આજેજ તે પોતાનો ખોરાક–અન્ન–રાંધશે નહિ, એવી સમજથી સૂર્યાજીએ ત્યાં તૈયાર ભોજનનો એક થાળ મોકલ્યો હતો. પુતળાએ તે દિવસે બીલકુલ અન્નજ ગ્રહણ કર્યું નહિ. બીજે દિવસે પત્થરની ઓરડીમાં અતિશય ઠંડી લાગવાથી તેણે સગડી સળગાવી. ઓરડીના પાછલા ભાગમાં ગાઢ અરણ્ય હતું. આ અરણ્યનો કેટલોક ખુલ્લો ભાગ મજબૂત લોખંડી કઠેરાથી અંદર લીધેલો હતો. કેદીને આ સ્થળે થઈ ઉપર જઇ પ્રાતર્વિધિ આટોપવાનો હતો. ન્હાનાં ન્હાનાં જંગલી જાનવર કઠેરામાંથી પેસી જઇ અંદરની ગંદકી સાફ કરતાં હતાં. ખુલ્લી જગ્યામાં એક નાનું ટાંકું હતું. આ ટાંકા પર અનેક ન્હાનાં જાનવર તૃષા શાંત કરવા આવતાં હતાં. પુતળાએ આજે અહીંજ સ્નાન વગેરે કર્યું. પછી તે અનેક ગહન વિચારતરંગમાં મગ્ન થતી પોતાની ઓરડીમાં ગઇ. તેણે સર્વ ઓરડી તપાસી. અગ્નિના ઉજાશથી તેને સર્વ જણાતું હતું. તેણે પ્રત્યેક દિવાલનું બારીક નિરીક્ષણ કર્યું પણ કંઇ માર્ગ નહિ જણાવાથી નિશ્ચેષ્ટ પડી. ત્યારપછી કેટલીક વારે સૂર્યાજી ઓરડીનું તાળું ઉઘાડી અંદર આવ્યો. ઘણું કરીને તે કંઇ વિચારમાં તલ્લીન હતો. સઘડીના પ્રકાશથી તેના અંતઃકરણમાં અચાનક અજવાળું થયેલું જણાયું: “અરે, આ તો પુતળાની ઓરડી !” એમ બોલી તે ઉતાવળમાં બહાર ચાલી ગયો. પતિના શબ્દો સાંભળી પુતળા જાગ્રત થઇ. તે ઉઠી ઉભી થઇ એટલામાં સૂર્યાજી દૃષ્ટિમર્યાદા બહાર પણ નીકળી ગયો. આજે તેની શુદ્ધિ બુદ્ધિ ગુમ થઇ હતી કે શું તે તો પ્રભુ જાણે ! પરંતુ એટલું ખરૂં હતું કે, જતી વખતે પુતળાની ઓરડીનાં દ્વાર બંધ કરવાનું તે

ભુલી ગયો હતો. પતિ ગયા કે નહિ તે જોવા પુતળા આગળ આવતી હતી. તેણે એક ચીંથરાનો કાકડો બનાવી સળગાવી લીધો હતો. પલિતાના પ્રકાશથી તેને પોતાની ઓરડીનું દ્વાર તદ્દન ખુલ્લું જણાયું. કાકડો તેણે વસ્ત્રની પાછળ રાખ્યો અને દબાતી દબાતી બહાર આવી.

ચોતરફ ગાઢ અંધકાર હતો. અહીં કઇ બાજુએ પોતે ઉભી છે તે જાણવાનું સાધન પણ નહતું. કાકડાના પ્રકાશથી જોતાં, પતિ કદાચ નજીક ઉભા હોય તો તેનો ભય પણ ખરોજ ! છેવટે તેણે ધૈર્ય ધરી કાકડાના પ્રકાશનો ઉપયોગ કર્યો. બન્ને બાજુએ ઉંડી ખીણ જેવું હતું. કઇ તરફ જવું તેજ તેને સમજાયું નહિ. છેવટે સ્હામેની દિશામાં ચાલવા લાગી.

તે ધીમે ધીમે જતી હતી તે વખતે તેને કાને કોઇનો રૂદનધ્વનિ સંભળાયો. તેણે પોતાનો શ્વાસ ઘેરી રાખ્યો. એટલે તેને ડસ્કાં સ્પષ્ટ સંભળાવા લાગ્યાં. જે બાજુએ ડસ્કાં સંભળાતાં હતાં તે બાજુએ તે જવા લાગી. તેનો કાકડો ક્યારનોએ ઓલવાઇ ગયો હતો. બોલનાર પૈકી એક પતિ અને બીજી કોઇ પણ સ્ત્રી છે એ તુરતજ સમજાયું. તે આગળ ચાલી એક ઓરડી પાસે ગઇ. ઓરડીનો ઘાટ ગૌમુખી જેવો હોવાથી એક ખૂણામાંથી તેણે અંદરનો બનાવ જોવાનો નિશ્ચય કર્યો. અંદર દીવો હોવાથી તે બધું સ્પષ્ટ જણાવા લાગ્યું. ઓરડીમાં સૂર્યાજી તે સ્ત્રીને કહેવા લાગ્યો:—

" કમળા, ત્હારા બાપે ત્હારૂં લગ્ન મ્હારીજ સાથે કરવાનું કહ્યું હતું. જો, સંતાજીએ ત્હારો સંસાર ખરાબ કર્યો છે. હમણાં તે ક્યાંએ જંગલોમાં ભટકતો હશે. તું અહીં અનાયાસે મ્હારા હાથમાં આવી છે. રાયગઢના રાજ્યની ઇતિશ્રી આજકાલમાં થઇ જશે, પછી આપણે સુખે રહીશું. તુંજ મ્હારી ઉદેપુરી. "

" શું બોલો છો સૂર્યાજી ? તમે મ્હારા ભાઇ કે ? અત્યાર સુધી એજ ઉદ્દેશથી મ્હારી પૂંઠે રહ્યા હતા કે ? ઓ બાપરે ! હવે વિશ્વાસ પણ કોના પર રાખવો ? સૂર્યાજી ! ઘરમાં અપ્સરા જેવી સુંદર સ્ત્રી હોવા છતાં આવી પાપ વાસના શું કરવા રાખો છો ? "

" સંતાજીના જેવીજ ! તેને જોને, બકુલાની મોહિની કેવી લાગી છે !

તે જોયું છે ને? ત્યારે, હું શું નવાઇનું કામ કરૂં છું? કમળા, સંતાના સહવાસમાં ત્હને સુખ નહતું, અને પૂતલાના સહવાસમાં મ્હને નહતું. હવે આપણે બન્ને સુખી થઇશું."

"બાપરે! મ્હારા કાનમાં સખ્ત દાટા મારવા ઘો! પુરૂષે સુખ આપ્યું નહિ માટે સ્ત્રીએ દુષ્ટ કર્મ કરવું કે? સૂર્યાજી, હાથે કરીને મોત શા માટે માગો છો? અદ્યાપિ સુધી તેના શૌર્યની હું કીમ્મત સમજી શકતી નહતી. પણ હું કેવી સ્થિતિમાં છું, તે તેમના જાણવામાં આવશે તો? સૂર્યાજી, તે આકાશ ને પાતાળ તોડીને મ્હને છોડાવવા આવશે! પ્રભુ, હવેજ તેમના તડફડાટનું, તેમની આતુરતાનું, અને તેમની સ્વાધીનતાનું મૂલ્ય મ્હને સમજાવા લાગ્યું! પ્રસંગ સિવાય પરિચય ક્યાંથી?"

"બસ થયું કમળા. પુરૂષની ઇચ્છા ત્હારા જેવાં રમણી રત્નનો ઉપભોગ કરવાની હોય છે. તમારા જેવાં રત્નને હૃદયપર ધારણ કરવું એજ જીંદગીનું સાર્થક છે. નહિ તો આ જગતમાં નિરર્થક ઉંધાંચત્તાં કોણ કરત? સંતાજીનું શૌર્ય બકુલા પ્રાપ્તિને માટે અને મ્હારૂં ત્હારે માટે!"

"નહિ, નહિ, એવી નઠારી વાત ન કરો. નહિ, જીભ ભ્રષ્ટ ન કરો. વિશ્વાસઘાતી ન બનો. હે જગદમ્બા! મ્હારી વ્હારે ચઢ! હે પ્રભુ! મ્હારો ધર્મ બચાવો! દુષ્ટ કમળા! પુતળાના સુખની ઇર્ષા કરી તું તેને શાપ આપતી હતી. ભોગવ હવે સુખ! પ્રભુ, હું જીવન પર્યંત બકુલાનું દાસત્વ કરીશ. સૂર્યાજી, આખી જીંદગી હું પુતલાનાં વસ્ત્રો ધોઇશ, પણ મ્હારૂં પતિવ્રત ભ્રષ્ટ કરશો નહિ. મ્હારાં માતપિતાને કલંકિત કરશો નહિ. પતિ મ્હને ભલે ત્યજી દે, પણ ભ્રષ્ટતાનો ભાર મ્હારાપર ન નાખશો. ઓ ઇશ્વર! મ્હને બચાવ! એમને સદ્બુદ્ધિ આપ!"

"કમળા! ઘણા દિવસથી મ્હારા અંતઃકરણમાં ત્હારા વિષે ઉદ્ભવેલા પ્રેમ ભાવની હવે સીમા આવી રહી છે. નકામી વેદાંતની વાતો કરવાના પ્રયત્નમાં પડીશ નહિ. હાથે કરીને અપમાન કરી લઇશ નહિ. તું હવે ક્યાં જઇ શકીશ તેનો વિચાર કર! જીવન નિરર્થક વ્યતીત કરવા કરતાં પોતાને અને અન્યને સંતોષ આપવો એજ બુદ્ધિશાળી મનુષ્યનું કાર્ય છે. જે કુકડાને

મોતીની કિંમત નથી, તેના આગળ રત્નનો થાળ ભરીને મુકવાથી શો લાભ ? અરે, જેને જે વસ્તુની પરીક્ષા છે, તેની પાસે તે વસ્તુ જવીજ જોઇએ. નિરર્થક ગમે તેવાના ગળામાં રત્ન જેવી છોકરીઓને તેમનાં મા બાપ બાંધી દે છે અને તેમનો સંસાર ધૂળમાં મેળવે છે એ કારણથીજ કહું છું કે વિચાર કર.”

“પ્રભુ, પ્રભુ ! સૂર્યાજી, ભોગની લાલચથી તમે મ્હારા કર્મની કુથલી કરો છો કે ? ભાઇ, ભાઇ બહેનનો પવિત્ર સંબંધ કેમ અપ્રિય થયો ? ભગવાન, માતા વૃદ્ધાવસ્થામાં બાળક તરફ પ્રેમદષ્ટિ કરે છે અને સ્ત્રી પતિના શરીર સુખ તરફ જુવે છે, પણ બહેન કેવા નિરપેક્ષ ભાવથી પોતાના ભાઇ તરફ જુએ છે. સૂર્યાજી ! મ્હારા સંસારની ચિંતા કરનાર મ્હારા પતિ છે. મ્હારા શરીરનો સ્વામી મ્હારાં માતાપિતાએ નક્કી કરી આપ્યો છે અને મ્હારી વૃદ્ધાવસ્થામાં બાળબચ્ચાં મ્હારી સંભાળ લેશે એટલી હું નિર્ભય છું, તો પણ મ્હારા જેવી પ્રેમાળ બહેન તમારા જેવા ભાઇ તરફ પ્રેમદષ્ટિથી કેમ જુવે છે ? નિરપેક્ષતાથીજકની ? ત્યારે મ્હારી નિરપેક્ષતાને આજે તમે કેમ લાલચ બતાવો છો ? મ્હારૂં પીયર પારકું કેમ કરો છો ? માતા પિતા બાળકોને મુકી ખુશીથી આગળ જાય છે, ત્યારે તમારા જેવા બન્ધુજ બહેનનાં માતા પિતાકની ? ભાઇ, હું હાથ જોડું છું, પગે પડું છું, ખોળો પાથરૂં છું, મ્હારૂં કુકુંમ–તેજ ફીકકું ન કરશો. ભાઇ, ભાઇ, સ્ત્રીને કેટલીએ ઉંમર સુધી—બાલ્યાવસ્થામાં પતિનું ભાન પણ હોતું નથી, તેવા વખતે સગાં ભાઇ બહેન એક બીજાનો હાથ પકડી વિચરે છે ને ? એક વખત સ્ત્રીને પતિના સહવાસમાં, અપરિચિતતાથી ભૂલી ગયા જેવું લાગે છે, પણ ભાઇ બહેન તો ગમે તેવી સ્થિતિમાં રમેલાં હોય છે ને ? ભાઇ, પતિ કરતાં જેનાપર વિશેષ વિશ્વાસ, સ્વામી કરતાં જેને માટે વિશેષ સ્વતંત્રતા, તે ભાઇએજ બહેનનું ગળું કાપવાનું કાર્ય કેમ કરવું ? ભાઇ, બહેન પતિનું હૃદય પણ જેની પાસે વિશ્વાસથી પ્રકટ કરે, તે ભાઇજ બહેનનો વધ કેમ કરે ? ભાઇ ! માતા યશોદા કરતાં પણ બહેન દ્રોપદી કૃષ્ણને વ્હાલી હતીને ? ભાઇ, હવે તું તાર કે માર ! હું સર્વે રીતે ત્હારૂં અનાથ બાળક છું ! મ્હારી પવિત્રતા ત્હારા હાથમાં સોંપું છું.”

"બસ કર, તારો ટકટકારો! સીધી રીતે શુદ્ધિમાં આવે છે કે, શુદ્ધિમાં લાવું?"

"અરે મા! ઓ મા! કમળા! પતિ પોતાના ઉદ્યોગમાં હતો ત્યારે શરીર સુખની લોલુપતા બતાવી તેને ચલિત કરવાનો અવિચાર કરી આવી અને ફસાઇ! ઓ કસાઇ! પ્રાણ લે! ગમે તો શૂળીએ ચઢાવ! પણ જ્યાં સુધી આ દેહમાં ચૈતન્ય હશે ત્યાં સુધી ભ્રષ્ટ થઇશ નહિ. મ્હારૂં પતિવ્રત નષ્ટ થવા દઇશ નહિ. મ્હારો ધર્મ ત્યજીશ નહિ. જીભ કરડી, હાથ પગ પછાડી ત્હને પ્રાણ આપીશ. વિચાર કર, સતીની લાજ લેવા તત્પર થનારા-ઓની દુર્દશાનો વિચાર કર! ત્હારીજ પત્ની ધર્મભ્રષ્ટ થશે તો તે ત્હને ગમશે કે?"

"રાંડના ટૂકડા કરી નાખું!"

"હં! આ ચાલી! સંતાજીનો હાથ પકડવા જાઉં છું. સમજ્યા? પુત્તળા એકદમ બોલી.

સંતાજીઃ "કોણ પુતળા? સંતાજીનો હાથ પકડવા જાય છે? અરેરે! બારણું ઉઘાડું રહ્યું લાગે છે. ઉભી રહે પિશાચિણી! ત્હારો કંઠ દાબી પ્રાણ લઇશ, પછી જોઉં છું કે તું ક્યાં સંતાજીનો હાથ પકડવા જાય છે?"

એમ કહી સૂર્યાજી પુતળાની પાછળ દોડ્યો. એટલામાં એક નવીન ચમત્કાર થયો. પેલા દેવળમાંથી છૂટો થએલો સાધુ, તે દેવળના ગુંબજના ભોંયરામાં થઇ ધીમે ધીમે આગળ આવતો હતો. તેને કાને સૂર્યાજીની બુમનો અવાજ આવતાંજ તેં પણ મ્હોટેથીજ બોલ્યોઃ

"ખબરદાર, લુચ્ચા ઉભો રહે! ત્હારૂંજ ગળું દાબવા આવ્યો છું, ઉભો રહે!" સૂર્યાજીના કાનમાં આ શબ્દો પ્રવેશતાંજ તેની આંખો ઉંચે ચઢી ગઇ. તેના હાથમાં પલિતો હતો. તેના પ્રકાશની સહાયથી તે અતિ વેગથી ભોંયરાના બીજા મુખ તરફ નાસી ગયો, સાધુ પણ તેની પાછળ પાછળ આવતો હતો તે જોઇ દરવાજો બંધ કરી તે રસ્તે પડ્યો.

આપણો સાધુ હવે નિરાશ થઇ પાછો ફર્યો. રસ્તામાંજ તેને હાથમાં

કાકડો લઇ રસ્તો શોધતી પુતળા નજરે પડી. પુતળાએ સાધુને જોતાંજ પ્રણામ કર્યા.

"ઉઠ, પુતળા ઉઠ. અહીં ક્ષણ પણ રહીશ તો અનિષ્ટ થશે. ઉઠ, કુદીને બહાર જાઉં છું."

"દેવ! અંદર મ્હારા જેવીજ એક અભાગિણી છે તેને બચાવો."

"ચાલ, કયાં છે તે?"

પુતળા સાધુને કમળાની ઓરડીમાં લઇ ગઇ. કમળા બેશુદ્ધ સ્થિતિમાં પડી હતી. બન્નેએ તેને સાવધ કરી એમ કહેવા કરતાં સાધુએજ તેને ઉંચકી લીધી એમ કહીશું તો ખોટું નથી. ત્રણે દેવળમાં આવ્યાં. સાધુએ પેલા કુંડના જલથી કમળાને પૂર્ણ શુદ્ધિમાં આણી, તેણે પુતળાને કહ્યું: "પુતળા, તું પનાળપર વૈરાગિણીના વેષે જા. એને પણ લઇ જા! હું એ લુચ્ચાનો વિચાર કરવા અહીંજ રહીશ. ગઢને ઘેરો પડેલો હોવાથી ઉપર જવાની સગવડ નથી. અહીંથીજ કંઇ બને તો, ઇશ્વરની ઇચ્છા!"

"સમર્થ, એમના જીવને કંઇ અપાય થવા દેશો નહિ!" પુતળા દીનવાણીથી બોલી.

"પ્રભુ, મ્હને પેલો મ્હારો હાર લેવા દો." કમળા ગદ્ગદ સ્વરે બોલી.

"કેવી ગાંડી? કમળા, હાર જોઇએ છે કે? જા લઇ આવ! પેલી ઓસરીમાંથી લાવવાનો છે ને? જા લઇ આવ! અહીં પેલી ઓરડીમાં વૈરાગણનો પોષાક છે, તે લે! બન્ને પનાળગઢ જાઓ. અને મહારાજાને કહો કે, રાયગઢ સંકટમાં છે. ધનાજી–સંતાજીને કંઇ પણ વીરત્વ ગજાવવા કહો. જાઓ, જલ્દી જાઓ નહિ તો આફ્ત આવશે."

સાધુના ઉપદેશ પ્રમાણે બન્ને વેષ બદલી રસ્તે પડી. રસ્તો જડશે કે નહિ તેનું તેમને ભાન નહતું, કમળા તો હાથના હાર તરફ એટલી પ્રેમ દૃષ્ટિથી જોતી જોતી ચાલતી હતી કે, તેને તે હમણાંજ તાજાં ચૂંટેલાં પુષ્પોનો હોય એમ લાગતું હોય એવું અનુમાન થતું હતું.

પુતળાએ જાણ્યું કે: તરૂણ યુવતીને તાજાં પુષ્પો, પ્રાણ કરતાં પણ

વ્હાલાં લાગે છે, તેથી તે હાર તરફ એટલી પ્રેમદૃષ્ટિથી જુએ છે.

તે બન્ને બહુ દૂર ગઇ નહિ એટલામાં પેલા દેવળની ચોતરફ અસંખ્ય મોગલો જણાવા લાગ્યા.

સાધુ તો બન્ને સ્ત્રીઓની પાછળજ દેવલની બહાર નીકળી ગયો હતો.

પ્રકરણ ૨૬ મું.

રાયગઢ પતન.

दुष्टः परैरुपकृतस्तदनिष्टकारी ।
विश्वासलेश इहनैव बुधैर्विधेय ॥*

દેશદ્રોહીઓનું અસ્તિત્વ કયા યુગમાં અને કયા દેશમાં નથી ? સર્વ દેશમાં સર્વ સમયે દેશદ્રોહીઓનો જન્મ દેશભિમાનિયોની સાથેજ થાય છે. એક તરફ દેશભક્ત અને એક તરફ દેશદ્રોહીઓ ! એમ હોય છેજ. જે કામ દશ દેશભકતો કરી શકતા નથી તે કામ એક દેશદ્રોહી કરી શકે છે !

તાજુંજ દૃષ્ટાંત ! સૂર્યાજી સાધુનો ભય પામી ત્યાંથી નાઠો તેવો ઠેઠ આસદખાન પાસે જઇ ઉભો. તેણે "સંતાજી ફકીરના વેશે, આ જંગલના દેવાલયમાં આવ્યો છે માટે મોગલ સૈન્યને અને કેટલાક રજપુતોને ત્યાં મોકલો." એવી આસદખાનને સલાહ આપી. ખાને સૂર્યાજીનું કથન સાંભળી લીધું, પણ અતિ સાવચેતીથી એક બે ટુકડીઓ સંતાજીની શોધ માટે જંગલમાં મોકલી. આસદખાન એક અનુભવી સૈનિક હતો. તેણે એકાએક સૂર્યાજીના શબ્દોપર વિશ્વાસ રાખી પોતાનો સર્વ મોર્ચો જંગલ તરફ ફેરવ્યો નહિ. સંતાજી એકલો જંગલમાં ફરે છે એવાત તેને સાચી લાગી હોત તો, તે

*ભાવાર્થઃ—સ્વભાવતઃ જે દુષ્ટ છે તેના ઉપર ગમે તેટલા ઉપકાર થાય પણ તે ઉપકાર કર્તાનો ઘાતજ ઇચ્છે છે. માટે ડાહ્યા મનુષ્યોએ તેના પર કદી પણ વિશ્વાસ રાખવો નહિ.

જાતે જંગલને ઘેરી લેત અને સંતાજીને પકડી બાદશાહ આગળ ઉભો કરત પણ સૂર્યાજી મરાઠા બચ્ચો હતો! વખતે સંતાજીના પક્ષમાં રહી ભુલથાપ આપી આપણુનેજ કંઇ જંગલમાં ઠેકાણે કરી દે, એવી ભીતિ ખાનને હતી. તેથી ખાને જંજિરની બાજુએ રાયગઢને ઘેરો નાંખી પડેલા પોતાના પુત્ર ઇતિકદખાનને, પણ સાવધ રહેવાની સૂચના આપી હતી.

પેલો સાધુ, પુતળા અને કમળાને ઘણે દૂર પહોંચાડી આવ્યો. આડે અવળે રસ્તે તે મહાડ સુધી તેમને લઈ ગયો. પહાડમાં તેણે તેમને એક અપરિચિત ગૃહસ્થાશ્રમીને ત્યાં ઉતારો કરાવ્યો અને નિત્ય નૈમિત્તિક તથા ખાવાપાવાની વ્યવસ્થા કરી આગળનો રસ્તો અત્યંત ગુપ્ત રીતે અને સાવધગીરીથી કેવી રીતે પસાર કરવો તે કહી ઝપાટાબંધ રાયગઢને રસ્તે આવ્યો. ત્યાં ચોતરફ મોગલોને પડેલા જોયા. એ જોઈ તે ચિંતામાં પડયો. હવે કિલ્લામાં જવાનો પ્રશ્ન ભારે થઇ પડયો. શત્રુ હોય કે મિત્ર હોય, કોઇને પણ આવે પ્રસંગે ઉપરનાં માણુસો ગઢની તળેટીમાં આવવા દેશે નહિ એ વાતની તેને ખાત્રી હતી. તેમાં પણ સૂર્યાજીએ ચોતરફ સ્થળે સ્થળે સ્વસંરક્ષણાર્થે નાકે બંધી કરી દીધી હશે. આવે પ્રસંગે ગમે તેવા વેષે ઉપર જવાનો પ્રયત્ન કરવો એ શત્રુને માર્ગ બતાવવા જેવું છે. એવા અનેક વિચારથી સાધુના ચિત્તમાં ખળભળાટ થવા લાગ્યો, અને દેવળમાં જવાનો રસ્તો કેટલો સલામત છે તે જોવા પ્રવૃત થયો. તે તરફ વિશેષ આશા જણાઇ નહિ, તોપણ પ્રયત્ન કરી જોવો એ દૃષ્ટિથી તે ભિન્ન ભિન્ન વેષે ભમવા લાગ્યો.

આ તરફ યાતિકદખાને ઘેરો મજબૂત બનાવવા માંડયો હતો. કારણ, તેનો બાપ આસદખાન કંઇ જરૂરને કામે બાદશાહની છાવણી તરફ ગયો હતો. ભોંયરાને માર્ગે સૂર્યાજી મોગલ સૈન્યને અંદર લઇ જવાનો છે, એ વાત જતાં જતાં તેણે પોતાના પુત્રને કહી હતી. તોપણ સૂર્યાજીપર કેટલો વિશ્વાસ રાખવો તે અનિશ્ચિત હતું. તેને શંકા હતી કે વખતે ભોંયરામાં દગો કરે! ઘેરો લંબાવવામાં આવત પણ સંતાજી પાછળ રહી હેરાન કરતો હતો. આસદખાન પાછો ફર્યો હતો તેથી તેને એક વખત જીવતો પકડવાના ઇરાદાથી સંતાજીએ તેની પુઠ પકડી હતી.

આ અવકાશમાં યાતિકદખાને સૂર્યાજીની સલાહ લેવાનો નિશ્ચય કરીને તેણે પુનઃ એક વખત સૂર્યાજીને બોલાવવા માટે દૂત મોકલ્યો. સૂર્યાજી આવ્યો. મોગલ સૈન્યને ઉપર લઇ જવા શું વિચાર કરો છો તે વિષે ખાને તેને પુછ્યું. સૂર્યાજી ગૂંચવણમાં આવી પડ્યો. એકાદ નઠારૂં કામ કરવાનો પ્રસંગ આવી પહોંચ્યા પછી તેમાં પ્રવેશ કરતા પહેલાં મનુષ્ય ક્ષણવાર ગભરાઇ જાય છે. નદીમાં સ્નાન કરવા ઉતરતાં પહેલાં શરીર ધ્રૂજે છે. એક વખત જળમાં પ્રવેશ કર્યા પછી કંઇ લાગતું નથી. સૂર્યાજીની તેવીજ સ્થિતિ થઇ. ખાને તેને ઢંઢોળી જાગ્રત કર્યો. “જો સૂર્યાજી! વાઇની દેશમુખી માટે નિઃશંક રહે. કિલ્લો હાથમાં આવતાંજ તુલાપુર તું અને હું બન્ને જઇશું, અને હું પોતે બાદશાહ પાસે તને દેશમુખી અપાવીશ. અમને કિલ્લો લેવાની મુશ્કેલી છે એમ નથી. ચારને બદલે છ મહીના થશે પણ પછી બાદશાહ તમો સર્વ લુચ્ચાઓનાં શિર આ કિલ્લાના તોરણ દ્વારમાં લટકાવશે!”

ખાને સૂર્યાજીને પલાળ્યો. તેનું કથન સૂર્યાજીને ખરૂં લાગ્યું. કારણ કે હવે બહારથી કિલ્લો મુક્ત થવો અશક્ય હતું. આસદખાન બહુધા પનાળગઢ તરફ જશે અને ત્યાં રાજમંડળ પાછળ હાથ ધોઇને પડશે એ નક્કી હોવાથી હવે વિના કારણ હાની શું કરવા વહોરી લેવી, એવો વિચાર તેના મનમાં આવ્યો તે સાથેજ યેસુબાઇ કેવી નિડરતાથી, આવા બલાઢ્ય શત્રુને સામનો આપે છે, તેનું દૃશ્ય તેના અંતઃચક્ષુ આગળ તરવા લાગ્યું. આ સારૂં કે તે સારૂં, એ વિચારનો ઝગડો ક્ષણવાર ઉભો થયો. તે આમ તેમ આંટા મારવા લાગ્યો. પણ એવી પરિસ્થિતિ અલ્પ સમયજ રહી. સારા નરસા વિચારના દ્વંદ્વમાં તુલનાત્મક દ્રષ્ટિએ પ્રવેશ કર્યો. “ગમે તેમ થાય પણ યેસુબાઇને યશ મળવો કઠિન છે, ત્યારે વહેતી ગંગામાં હાથ ધોઇ લેવામાં પાપ શું? તેમાં મ્હારો દોષ શો? ઠીક, યેસુબાઇને વિજય મળશે અને મરાઠાશાહી યશસ્વી થશે, તો ખંડોજી મ્હારી નસેનસ સમજી ગયો છે, તે મ્હને જીવવા દેશે કે? સંતાજી મ્હને જીવવા દેશે કે?” આવો વિચાર કરી તે એક નિશ્ચયપર આવી ગયો. તેણે ખાનને કહ્યું: ખાન સાહેબ, કિલ્લો સર આપું છું. અંદરનાં સર્વ માણસોને પકડી આપું છું. તમે બીલકુલ ત્રાસ ભોગવશો નહિ, પણ

મ્હારી દેશમુખી મ્હને મળવી જોઇએ. બીજી વાત એ કે હું મ્હારી માવલી ટોળી લઇ તમારૂં કામ કરી આપીશ. માતુશ્રીને પકડવામાં મોગલનો સ્પર્ષ થવો ન જોઇએ. મ્હારા માવળા એ કાર્ય કરશે, પણ યાદ રાખજો કે મ્હારી એ ટોળી હું તમારી સત્તામાં સોંપીશ નહિ. મ્હારા હસ્તમાંજ રાખીશ.''

"તું તે હસ્તમાં રાખ કે ચરણમાં રાખ, મ્હને તેની પરવાહ નથી. કિલ્લાને મ્હેં ભયંકર ભય આપ્યોજ છે. અંદર અનાજ વગેરે સાધન જતાં બંધ થયાં છે. આજે ભૌંયરાનો રસ્તો મ્હને અનુકૂળ થયો નથી, પણ તેનાં દ્વાર તો જણાયાં છે. આ બધું જંગલ બાળી નાખીશ અને બધાંને ભૂખે તડફડાવીશ. યાદ રાખ! હું તો ત્હારી સાથેજ આવું છું. પણ ભૌંયરામાં દારૂ ભરી રાખી, હું અંદર હોઇશ તેજ વખતે તે ઉરાડવાનો ઇરાદો કરશે તો મ્હારા માણસો પેલું દેવળ તોડી નાખશે અને ભોંયરૂં ખોદી સર્વ મરાઠાઓને ઉભા ને ઉભા બાળી મુકશે."

ખાનની આ અડગ્ પ્રતિજ્ઞા સાંભળી સૂર્યાજીના મનની ચંચળતા દૂર થઇ. હવે વર મરો કે કન્યા મરો, ગોરનું તરભાણું કંઇ ખાલી રહેશે? મરનારને માટે રડતા બેસવાથી કિંવા તેના મૃત્યુ પછી વૈધવ્ય સ્વીકારવાથી મ્હને શો લાભ થવાનો છે? પરમેશ્વરે શરીર આપ્યું છે તેને દુઃખમાં ઝૂરવા દેવામાં શો અર્થ? તૈયાર ભોજન પીરસાઇ થાળી આવે તેને લાત મારે તે મૂર્ખજ! લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે મ્હોં શામાટે ધોવા જવું? સુખ દુઃખ એ મનુષ્યના કર્મથીજ પ્રાપ્ત થાય છે, ત્યારે મ્હારાં પૂર્વપૂણ્યને બળે સ્હામે તૈયાર થઇ આવતી થાળીને લાત મારવાની જરૂર શી? એવા એવા વિચારોથી તેણે નિશ્ચય કર્યો. ત્યાર પછી તેણે ખાન સાથે કંઈ નિશ્ચિત સંકેત કર્યો.

"કાલે સવારે હું ગઢ પરના માણસોને બહાર હકીકત મેળવવા મોકલીશ. મદદ આવી છે કે નહિ, તે જોવાની અપેક્ષાથી એ બહાર નીકળશેજ. માતુશ્રી પણ તે વખતે સમાધિ પૂજન માટે ગયાં હશે. તમે તૈયાર રહેજો. ભૌંયરામાંથી હું પોતે તમારી સાથે આવીશ."

આટલો નિશ્ચય થયા પછી સૂર્યાજી ત્યાંથી ચાલ્યો ગયો. હા, એજ

કાળરાત્રી ! પ્રભુની જેવી ઇચ્છા. ભયંકર સંકટની ટોચ પરથી, બુદ્ધિ પુરસ્સર એકાદ જીવને ફેંકી દેતાં પહેલાં, તે તેને પ્રસન્નવૃત્તિમાં રાખે છે. બળીને યજ્ઞમાં સમર્પણ કરતા પહેલાં મનુષ્ય તેને યોગ્ય પ્રકારે બનાવી સજાવીને રાખે છે. યેસુબાઇની આજે એવીજ પ્રસન્નવૃત્તિ જણાતી હતી. ખરી રીતે આવતા સંકટની સૂચના વાતાવરણમાં હમેશ રમ્યા કરે છે. મૃત્યુપૂર્વે મનુષ્ય કેટલીક વખત શાંત અને ગંભીર જણાય છે, તેનું કારણ પણ એજ. પરંતુ એમાંનું કોઇ ચિહ્ન યેસુબાઇની ચિત્તવૃત્તિ પર પ્રકટ થતું નહતું.

રિવાજ પ્રમાણે તેમણે આજે રાત્રે કૃષ્ણાજી પ્રભુ પાસે મુદ્દગલ પુરાણનો યુદ્ધકાંડ લોકોને વાંચી સંભળાવ્યો હતો. પછી તેમણે ચોતરફ બંદોબસ્ત જોયો અને પ્રતાપરાવ ગુજરના કુટુંબસહ કિંચિદ્ વિશ્રાંતિ લેવા સૂતાં. આજે સૂર્યાજીને નિદ્રા નહતી. તેને કેટલીએ વખત વિચાર થતો કે કિલ્લા નીચેના ભોંયરામાં એક વખત જઇ આવું. સાધુ એકાએક બે દિવસ પર તેની પાછળ પડયો ત્યાર પછી તે આખો દિવસ પુનઃ આવ્યો નહતો. માત્ર તેણે પોતાના માણસો મોકલી મસાલોની મદદથી અંદર કોઇ છે કે નહિ તેનો તપાસ કરાવ્યો હતો. અંદર કોઇ નહતું અને તેમાંના બન્ને કેદી પણ ગુમ થયેલા જાણી તેના હોસકોસ ઉડી ગયા. તેણે પોતાના માણસોને ચારે દિશાએ દોડાવી ઘણી શોધ કરી. છેવટે ખાનના માણસો પાસે તેને ઘેરો નંખાવી અંદર છુપાઇ રહેલા માણસોને જીવતા પકડાવવાના આશયથી તે કાલે ખાન પાસે આવ્યો હતો. ખાને તેની ચોતરફ મોહપાશ નાખી પેલો પ્રાણઘાતકી કરાર કરી લીધો હતો. કારણ, હવે વર્ષાઋતુનો આરંભ થયો હતો તેથી સૈન્યની ઘણી ખરાબી થવાની હતી. આ સંકટ ટાળવા માટે ઇતિકદખાને સૂર્યાજીને આટલા પેચમાં પકડયો હતો.

મધ્યરાત્રી પૂર્ણ થઇ. ખાનની છાવણીનું સર્વ સૈન્ય આજે ખડે પગે જાગતું રહ્યું હતું. ઉપર કિલ્લા પર સૂર્યાજી કિલ્લેદાર તરીકે આખી રાત બંદોબસ્ત કરવાના નિમિત્તે જાગતો આમતેમ ભટકતો હતો. ખરૂં જોતાં તે અહીંના પહેરા ત્યાં અને ત્યાંનાં અહીં, એવી ગડબડ કરતો હતો. આજે રાત્રી જેટલી કાળી હતી તેટલીજ સૂર્યાજીની મુખમુદ્રા પણ કાળી દેખાતી હતી. જોત્યો આ

વખતે કિલ્લા પરજ ફરતો હતો. તેણે સૂર્યાજીને તેમ કહ્યું પણ ખરૂં. જોત્યો પનાળગઢ પરથી નીકળી ગઢપર અનેક મિષે ચોર રસ્તે આવી પહોંચ્યો હતો. તે આવ્યો ત્યારથી સૂર્યાજીની હિલચાલ પર વિશેષ નજર રાખતો હતો. પનાળગઢ પર ખંડુએ વાત કરેલી તે કંઇ પણ હેતુપૂર્વક હોવી જોઇએ, એવી ધૂર્ત ભાવનાથી તે હમેશ સૂર્યાજીની પાછળ પાછળ રહેતો. બન્યું એવું કે રાજકુંવર ગઇ ત્યારથી જોત્યાને બાળાસાહેબની તહેનાતમાં રહેવાનું થયું. એટલુંજ નહિ પણ માતુશ્રી વખત બેવખત ખૂલ્લી રીતે કિલ્લા પર ફરતાં તેથી તેમની પાછળ પણ તેને રહેવું પડતું, તેથી સૂર્યાજી પાછળ તે અસ્ખલિત રહી શક્યો નહિ.

જોત્યાને જોઇ સૂર્યાજી અટક્યો. મનુષ્ય ગમે તેવો દઢ નિશ્ચય કરી બેઠો હોય, પણ નીચ કૃત્ય કરતાં તેના વિચાર અમુક પ્રસંગે દુર્બળ થાય છે. એમ હોવા છતાં પણ સૂર્યાજીના સ્વભાવમાં સર્વ સાધારણ મનુષ્ય કરતાં કંઇક વિશેષતા હતી. તેણે જોત્યાને સાથે લીધો. બે ચાર ઠેકાણે પહેરા તપાસવા માટે તે તેને સાથે લઇ ગયો. અમુક સ્થળે મોગલ સૈન્ય વિશેષ છે, અમુક સ્થળેથી ખાને કાલે મારો ચલાવવાનો ઇરાદો કર્યો હતો, વગેરે વાતો તેણે જોત્યાને એટલી સફાઇથી કહી કે જોત્યાને તેમાં કંઈ અસત્ય જણાયું નહિ! વાતો કરતાં કરતાંજ અરૂણોદયનો સમય થવા આવ્યો. માતુશ્રીનો જાગૃત થવાનો સમય થયો. જોત્યાએ અનુમાન કર્યું કે તે ઉઠીને આજુબાજુ ફરતાં હશે. ચાલતાં ચાલતાં એક દાસી જોત્યાના શરીરે અથડાઇ ચાલી ગઇ હતી તે પરથી એ અનુમાનને ટેકો પણ મળ્યો હતો. પણ સૂર્યાજી શું કહે છે તે તરફ તેનું લક્ષ હોવાથી પેલી દાસી કોણ હતી તે જાણવા તરફ તેણે દુર્લક્ષ કર્યું હતું.

સૂર્યાજી પણ હવે પોતાના મકાન તરફ વળ્યો. જોત્યો માતુશ્રીની તહેનાતમાં ગયો. સૂર્યાજીએ પોતાના મકાનમાં આવતાંજ કેટલાંક વિશ્વાસુ માણસોને બોલાવ્યાં. એ લોકોને તેણે શું કહ્યું તે તો પ્રભુ જાણે. તે તુરતજ તેની પાછળ જવા તૈયાર થયા. વાચક, યાદ હશે કે, સૂર્યાજીના ખાસ માણસોએ પૂતળાને ઉંચકી જવાની ના પાડી હતી પણ તેને નાગોજીરાવના મા-

ણુસો લઇ ગયાં હતાં. સેવાવૃત્તિમાં દરિદ્રતાથી દુબળા બનેલા માણુસો મનને ડંસ કરતું હોય તોપણ કયું પાપ કરવા પેટ માટે તૈયાર ન થાય? આજનાં માણુસો એવાંજ પેટભરાં હતાં. તે નાગોજીરાવ માને અને ગણોજીરાવ શીર્કેના સેવકો હતા. એકદમ શ્રીમંતાઇ મળવાના મોહથી તે આજે સૂર્યાજીની નોકરી કરવા આવ્યા હતા. સેવા વૃત્તિમાં કંઈ પણ અપૂર્વતા કરી બતાવ્યા સિવાય શ્રીમંતાઇ ક્યાંથી મળે? અને પ્રત્યેક સામાન્ય મનુષ્યમાં અપૂર્વતા દર્શાવી આપવા જેવો જુસ્સો ક્યાંથી હોય? ખીંટીએ લટકાવેલી શ્રીમંતાઇ જોઇતી હોય એવા માણુસોને કોઇ પણ રીતે ચોરી, ધાડ, લૂંટ કે ખીસાકાતરૂનો ધંધો કરવો પડે છે! આજે તેમને સૂર્યાજી જેવો નાયક મળ્યો હતો.

સૂર્યાજીએ તે લોકોને સાથે લઇ ભોંયરાવાળા મકાનનો રસ્તો પકડયો. અંદર પુતળા અને કમળાની ઓરડીનાં દ્વાર ખુલ્લાં જોઇ તે રાતો પીળો થઇ ગયો. "અરે ખંડુ, ક્યાં જશે? આ ઓરડીમાં ત્હારાં હાડકાંના ચૂરા કરાવી નાંખીશ!" એમ ક્રોધથી બબડતો અને પુતળાને લક્ષાવધિ ગાળો આપતો દેવળના ગુંબજમાં આવ્યો. ગુંબજમાં આજે નંદાદીપ બળતો નહતો. બે ચાર દિવસથી પૂતળા અને કમળાની ચિંતાથી તેના તરફ કોઇનું લક્ષજ ગયું નહતું. પરંતુ સૂર્યાજીના માણુસોએ ભોંયરાંમાં ઉતર્યા પછી જે પલિતા સળગાવ્યા હતા, તેના પ્રકાશથી શિવનાં બાણુની જળાધારી સ્પષ્ટ દેખાતી હતી. સૂર્યાજીનું લક્ષ તે તરફ ક્યાં હતું? કોઇ શૂરા ભક્તને દેવાલયમાં લઇ જવામાં આવે તો તેના હાથ આપોઆપ સંપુટરૂપ થઇ કપાળ તરફ જાય! પરંતુ સૂર્યાજીની મનોવૃત્તિ આજે એવી તો અસ્થિર બનેલી હતી કે તેણે તેને ક્ષણુવાર અંધજ બનાવી દીધો હતો, એમ કહીએ તો ખોટું નથી! કેટલાંક કૃત્ય એવાં હોય છે કે, તેની કાળી છાયા આગળથીજ પ્રસરવા લાગે છે. ખૂન કર્યા પછી મનુષ્યને એક પ્રકારનો નિસો ચઢે છે, પણ વિશ્વાસઘાત, નિમકહરામીપણું, નીચ સ્વાર્થ, એ કૃત્યોનો નસો તો તે કૃત્ય બનતા પહેલાંજ શરૂ થાય છે. એવા કૃત્યોના પ્રારંભથીજ દેહ બેહોશ બને છે. અંતઃકરણનો ધ્વનિ બંધ થાય છે.

આવીજ કંઇ કેફી પરિસ્થિતિમાં સૂર્યાજી દેવલમાંથી દેવનો અનાદર

કરી બહાર આવ્યો. આવું વર્તન તેને હાથે આજેજ થયું હતું. હમેશ જ્યારે જ્યારે તે આ દેવળમાં આવતો ત્યારે શંકરની પાસે બેસી તીર્થ લીધા સિવાય ત્યાંથી ઉઠતો ન હતો. બહાર જંગલમાં મોગલ સૈન્ય તૈયાર થઇ રહેલું હતુંજ. સૂર્યાજી ત્યાં આવતાંજ ઇતિકદખાને "સૂર્યાજી, કેમ વ્યવસ્થા બરાબર થઇ કે?" એવો પ્રશ્ન કર્યો. "થવાનું હોય તેમ થાય!" સૂર્યાજીએ એવો અસ્પષ્ટ ઉત્તર આપ્યો. પુનઃ તેને શું થઇ આવ્યું તે તો તેજ જાણે. તેણે કહ્યું: "પણ ખાન સાહેબ, મ્હારી ટોળીને હું મ્હારી સાથે લાવ્યો છું. એ મ્હારા હાથ નીચે કામ કરશે. તમે તેને હુકમ કરશો નહિ."

"એટલુંજ? મ્હને એજ જોઇતું હતું. તમારાં રાણીસાહેબને મુસલમાનને શરણે આવવું તે અપમાન ભરેલું લાગશે. જાતિભાઇઓને સ્વાધીન થવામાં તેમને મુશ્કેલી નહિ પડે. હું પણ તમને એજ યોજના સૂચવવાનો હતો."

"એટલા માટેજ, કદી નહિ આવેલો પ્રસંગ આજે માતુશ્રી પર આવવાનો છે, માટે બને ત્યાં સુધી તેમના મનને અતિ આઘાત થાય તેવું કરવું નહિ. હું તમને વિનંતી કરૂં છું કે મ્હારી ટોળીને તમારે કંઇ હુકમ કરવો નહિ."

"ઠીક છે. તમારી વ્યવસ્થા પુરી થઇ કે? કેમ કૂચ કરીશું હવે?"

"ચાલો, પણ જુવો તે જંગલમાં બીજો રસ્તો છે. એ રસ્તે આપણે જઇશું. દેવળમાંથી જઇએ પણ નિરર્થક દેવ ભ્રષ્ટ થાય."

"આ મરાઠા ચંડાળ! દેવ ભ્રષ્ટ થાય તેથી ડરે છે? દેહ ભ્રષ્ટ થશે, ધર્મ ભ્રષ્ટ થશે તેની ત્હને જરાયે ભીતિ લાગતી નથી? દેવ વટલાય તો શાસન કરવા તૈયાર અને દેહ વટલાય તેનું કંઇ નહિ! દેવ માટીના અને દેહ પણ માટીનો. બન્ને માટીમાં જુદા જુદા ગુણધર્મ છે કે? માટીમાં ત્હને દેવ દેખાય છે અને દેહમાં રહેલા દેવ પ્રતિ તું અંધ બન્યો છે! વાહરે ત્હારા દેવ!" એવું પોતાના મનમાંજ બોલી ખાન સૂર્યાજીની પાછળ જવા લાગ્યો. બન્ને પોતાનાં માણુસો સાથે પેલા ભોંયરાના મુખ આગળ આવ્યા. સૂર્યાજી અંદર પેઠો. તેના માણુસો કાકડા લઇ તેની પાછળ ચાલવા લાગ્યા. ખાને નિઃશબ્દપણે પણ અત્યંત નિર્ભય ચિત્તે ભોંયરામાં પ્રવેશ કર્યો. માત્ર રસ્તામાં તેણે

આધિકારયુક્તભાવથી સૂર્યાજીને કહ્યું: "સૂર્યાજી, દગો તો નથી? સંતાજી ધનાજીનો પ્રપંચ તો નથી? હશે તો તને એક પગલું આગળ તો ભરવા નહિજ દઉં, પણ મ્હારો ઘાત થયો તો માનજે કે બાદશાહ આકાશ પાતાળ એક કરી નાખશે."

"અવિશ્વાસ કેમ રાખો છો? સર્વે માણુસો સંતા જેવા બેઈમાન હોય છે કે? નાગોજીરાવે અને શીરકેએ મ્હારી ખાત્રી આપી છે, પછી તમે મ્હારા પર એવો દોષારોપ કેમ કરો છો?"

એમ બોલતો બોલતો તે ગઢના મુખ આગળ આવ્યો. કિલ્લેદાર એકલોજ આગળ રહ્યો અને દ્વાર ઉઘાડી નાખ્યું. ખાને સૂર્યાજીના માણુસોને આગળ થવા દીધા!

દરવાજા પરના માણુસો, સૂર્યાજીને અને તેના માણુસોને અંદર આવવા દેતાં પાછળ પાછળ મુસલમાનોને પણ પેસતા જોઇ તે ચમક્યા. તેમણે તુરતજ તલવારો ખેંચી. સૂર્યાજીએ તેમને કહ્યું: "અરે ગુલામો, તમે આ ઠેકાણે પહેરામાં ક્યાંથી આવ્યા? મ્હારા માણુસો ક્યાં ગયા? મ્હેં ગોઠવેલા પહેરાવાળાઓ ક્યાં છે?"

"કિલ્લેદાર સાહેબ, અમને જોત્યાજીરાવે અહીં મુક્યા છે. પણ મુસલમાનો અંદર કેમ આવે છે? અરે તેમનાં ટોળેટોળાં આવતાં જણાય છે! અરે, દગો, દગો!"

આવી બૂમ પડતાંજ સૂર્યાજી બડબડયો:

"માટેજ જોત્યો મ્હારી પાછળ પાછળ ફરતો હશે! આવોજ વિચિત્ર કારભાર તેણે કર્યો હશે તો પ્રસંગ કઠિનજ થયો સમજવું. જોઉં છું! અરે ભલા માણુસો! જરા ઠંડા થાઓ. પ્રસંગ ચમત્કારિક જણાય છે. અહીંનો અધિકારી તો હું છું. હુંજ તેનો નિવેડો લાવું છું."

"ઉભા રહો સૂર્યાજી, મ્હારા આ સરદારને અંદર વકીલ તરીકે જવા દો. એ બાઇસાહેબને સમજાવશે." ખાને આજ્ઞાયુક્ત સ્વરે કહ્યું.

હવે પેલા પહેરેગીરો આગળ દગાનું તાદૃશ્ય સ્વરૂપ સ્પષ્ટ થયું. તેમણે "દગો, દગો!" એવી એક ભયંકર ચીસ પાડી. તે સાથેજ કેટલાક દુર્ગ-

રક્ષકો દોડી આવ્યા. ઝપાઝપીની શરૂઆત થઇ ગઇ. ખાનની પાસે પુષ્કળ માણુસો હતાં! તેઓ કીડીયોની પેઠે ઉભરાવા લાગ્યાં. ગઢ પરના માણુસો સૂર્યાજીના કહેવાથી બહારની સ્થિતિ જોવા ગયાં હતાં. જે થોડાં ઘણાં માણુસો હતાં તે યાહોમ કરી તૂટી પડયાં. એટલે સુધી ધમાચકડી પહોંચી કે હરહર મહાદેવની પવિત્ર ગર્જનાએ સૂર્યાજીનાં માણુસોને પણ પવિત્ર બનાવ્યાં અને તે પોતાના મરાઠા બંધુઓના સંરક્ષણાર્થે દોડયા. એ જોઇ ખાને સૂર્યાજીને કહ્યું: "આ શો દગો છે?"

"મ્હેં નહોતું કહ્યું કે, મ્હારા માણુસોનેજ માત્ર આગળ થવા દો."

"તેમ નહિ બને. મ્હારો વકીલ આગળ જશે." એમ કહી કેટલાક માણુસોને સાથે આપી ખાને પોતાનો એક માણુસ અંદર મોકલ્યો. થોડી ઝપાઝપી થયા પછી ખાનેજ મરાઠાઓને કહ્યું: "ભાઇઓ! અમારા સર્વ સૈન્યને હવે માર્ગ મળ્યો છે. હવે નિરર્થક શામાટે રક્તપાત કરો છો?" ખાનના શબ્દો તરફ ક્યાં કોઇનું લક્ષ હતું. તે રણમદથી મત્ત બની યુદ્ધ કર્યે જતા હતા, પણ ગણ્યાગાંઠયા માણુસોનું શું ચાલે?"

આ મરાઠા પૈકીનો એક જણુ વાયુવેગે માતુશ્રીને મળવા દોડી ગયો. છેવટે તે સમાધિ પાસે પ્રાતઃસ્તોત્ર બોલતાં જણાયાં. અભાગિણી દેવી! હાય! ત્હારા પર આકાશ તૂટી પડયું છે તેની તને કલ્પના પણ છે?

શોધવા નીકળેલા મરાડાએ તેમને જોતાંજ બૂમ પાડી કહ્યું: "માતુશ્રી, દગો થયો દગો! યવનો કિલ્લો ચઢી આવ્યા." આ ભયંકર વાત સાંભળતાંજ જોત્યો ચિત્તાની પેઠે ફલંગો મારતો નીકળ્યો. તે જોઇ માતુશ્રીએ તેને હાંક મારી કહ્યું: "જોત્યા, ઉભો રહે!" માતુશ્રી આગળ કંઇ હુકમ આપતાં હતાં એટલામાંજ ખાનનો વકીલ ત્યાં આવી પહોંચ્યો. ખાનનાં માણુસોને જોતાંજ જોત્યો પુનઃ ઉછળ્યો. ખાનના સરદારે કહ્યું: "બાઇસાહેબ, કિલ્લાપર અમને માર્ગ મળ્યો છે. અમારા સૈન્યની કેટલીક ટુકડીઓ ઉપર આવી ગઇ છે. ખાન પોતે પણ હમણાં કિલ્લા પર છે. તમારા માણુસોએ બનતી ઝપાઝપી કરી. હવે વિનાકારણ લોહી રેડવામાં સાર નથી."

આ શબ્દો સાંભળતાંજ યેસુબાઇની કંમર ભાગી ગઇ. "અવશ્ય કંઇ

પણ દગો થયો છે ! સમર્થ ! ગોબ્રાહ્મણ પ્રતિપાલનની પ્રતિજ્ઞા અમારે પૂર્ણ કરવાની આપની ઇચ્છા નહિ હોય ! શિવ પ્રભુનો વંશ નષ્ટ થાય, ગોબ્રાહ્મણ પ્રતિપાલક નિર્વંશ બને, એજ આપની ઇચ્છા છે કે ? પ્રભુ ! હવે બ્રાહ્મણત્વ કેવી રીતે રહેશે ? સમર્થ ! હવે પ્રજાજનો કેમ કરીને જીવશે ? દયાળુ ! હવે જગતમાં શાંતિ કેવી રીતે રહેશે ! કરૂણા સાગર ! હવે દેવ દેવાલય ક્યાંથી દૃષ્ટિએ પડશે ? દયાઘન ! હવે આ કુટુંબવત્સલજનો કયાં જશે જશે ? હવે તેઓ કોના મુખ તરફ જોશે ? ભગવાન રામચંદ્ર ! અહલ્યાને પવિત્ર કરવામાંજ તમારૂં પૂન્ય પરિપૂર્ણ થઇ ગયું કે ? ભગવંત ! ગજેંદ્રને તારતાંજ તમારા હાથનું બળ પૂરૂં થયું કે ? " આ પ્રમાણે અનિવાર્ય શોક કરતાં માતુશ્રી જમીનપર પછડાયાં. આ વખતે ખંડોજી ગજર, તેમનાં માતુશ્રી વગેરે નજીકની મંડળી પણ ત્યાં આવી પહોંચી. તેમણે માતુશ્રીને શુદ્ધિમાં લાવી બે વાત કહી પ્રસંગનું ભાન કરાવ્યું. યેસુબાઇએ પ્રતાપરાવ ગુજરની પત્નીને કહ્યું: " નહિ આવવા જેવો પ્રસંગ આવ્યો ખરો, હવે એનો અંત લાવવાનો એકજ ઉપાય છે. જોત્યા બાળરાજાને લીંબુની માફક તરવારની ધારપર લે, હું અગ્નિ ભક્ષણ કરૂં છું અને પછી તમે કિલ્લો સ્વાધીન કરી તમારો બચાવ કરી લો. "

" મા સાહેબ, હવે એવો અવિચાર કરવાનો નથી. એમ કરવું તે આપણે હાથેજ ઔરંગજેબને સહાય કરવા જેવું છે. છત્રપતિ મહારાજાના વંશનો ઉચ્છેદ કરવાની તેની ઇચ્છા હોય તો, તમે તમારી મેળે તેના કાર્યને યશસ્વી કાં બનાવો છો ? પ્રાપ્ત થતા પ્રસંગને હવે વધાવી લેવો ! હું અહર્નિષ આપના ચરણમાં રહીશ. સંભાજી મહારાજ ચિતામાં ભસ્મ થઇ ગયા ત્યાં સુધી હું તેમની સાથે હતો. પ્રસંગ આવશે તો આ કોમળ બાળાસાહેબનું અને માતુશ્રીનું શિર અને ધડ જુદું કરવા આપ જશો ત્યાં હાજર રહીશજ. મ્હારો દેહ પડયા સિવાય યવનોને તમારા વાળનો સ્પર્ષ પણ નહિ થવા દઉં. મા સાહેબ, આ વખતે આ વખતે આબા સાહેબના વંશની કળીયો આપણી જાતેજ ચૂંટી નાખવાની નથી. કોઇ ખાસ પ્રસંગે મુસલમાન થવું પડશે તો થઈશું પણ આપણી પ્રજાની નજર સમક્ષ શિવ પ્રભુનો વંશ

જીવતો રાખીશું. આબાસાહેબનો વંશ એ તો જનતા સમક્ષ ધૈર્યનો, કર્તવ્ય પરાયણુતાનો, સ્વાર્થ ત્યાગનો અને આત્મોત્સર્ગનો પ્રકાશ કરનાર પ્રજવલિત દાવાનળ છે. માજી, મા સાહેબ, જોહાર કરવાની કલ્પના મનમાં લાવશો નહિ. તેમાં પાપ છે. એક રીતે મુસલમાન થવામાં પાપ નથી, એક રીતે દેહને ભ્રષ્ટ કરવામાં પણુ નથી, પરંતુ આપણે હાથેજ આબાસાહેબનો વંશ નષ્ટ કરવો એ એક ભયંકર નરકવાસની તૈયારી કરવા જેવું છે. રાજારામ મહારાજની પાછળ ઔરંગજેબ હાથ ધોઇને પડયો છે. આ તરફ તમે બાળાસાહેબની આયુષ્યમર્યાદા તોડી કે આબાસાહેબની આશાનો અંતજ આવ્યો એમ સમજજો. જાઓ ખાનસાહેબ! તમારા બડા ખાનસાહેબને મોકલી દો. અમે તમારા હાથમાં છીએ એમજ માનો."

જોત્યો આ પ્રમાણે કહેતો હતો, એટલામાં ખાન સાહેબ પણુ પોતાના માણુસો સાથે આવી પહોંચ્યા. જોત્યાએ તુરતજ પોતાની દૃષ્ટિ ખાન તરફ ફેરવી કહ્યું: "ખાનસાહેબ, આ બાળ સંભાજી મહારાજનો પુત્ર કમનશીબ છે. પિતાનો વધ થયો તેમ તેની માતાનો પણુ વખત આવ્યો છે. ભાઈ અને કાકા તે બધા કહેવાનાજ! આવા સંકટમાં આ મા દીકરાને તોપને મોઢે રાખી તેઓ પોતાનો જીવ બચાવવા કિલ્લે કિલ્લે ફરે છે. હવે આ બાળક આપનાજ ખોળામાં મુકયું છે."

"આહ! ખુદા! આ મ્હોટા માણુસ પર ત્હેં કેવો પ્રસંગ આણ્યો? બાઇસાહેબ, આપ મનમાં બિલકુલ ફીકર રાખશો નહિ. આ પવિત્ર કુરાન મ્હારા હાથમાં છે. મ્હારે હાથે આપના કેસને પણુ હરકત નહિ આવે. મ્હારે મ્હારૂં કર્તવ્ય બજાવવું જોઇએ તેમાં ઉપાય નથી."

"હા, ખાનસાહેબ સમય તેવોજ આવ્યો છે. ખાન, હું અને મ્હારો બાળક તમારા હાથમાંજ છે."

"ખાનસાહેબ! અમે બાઇસાહેબની સેવામાં છીએ. અમને પણુ તેમની સાથેજ રાખશો." પ્રતાપરાવ ગુજરની સ્ત્રી, પુત્ર અને જોત્યો એમ ત્રણે એકદમ બોલ્યાં.

"ઠીક છે. બાઇસાહેબ! કર્તવ્ય કઠિન છે. આપનો માન મરતબો હું

સાચવી રાખીશ. તુર્ત મ્હારે કિલ્લો તાબામાં લેવો જોઇએ. બાઇ, દેશદ્રોહીઓએ તમને ફસાવ્યાં ખરાં! સંરક્ષણ માટે ગમે તેટલા પર્વત ઉભા કરો, ગમે તેટલું રાષ્ટ્રીય સામર્થ્ય એકત્ર કરો, પણ એક દેશદ્રોહની ન્હાની સૂક્ષ્મ ચિણગારી એવું તો ભયંકર કામ કરે છે કે હિમાલય જેવા પર્વતો પણ તેનાથી ઉખડી જાય છે! જાઓ, કાસમખાન, ગઢ અને ખજાનો કબજામાં લો. સૂર્યાજી સર્વ કંઇ બતાવશે."

"સૂર્યાજી!" યેસુબાઇએ આશ્ચર્યચકિત થઇ કહ્યું.

"આજ્ઞા બાઇસાહેબ! કુહાડીનો દાંડોજ સ્વજાતિનો કાળ થયો ન હોત તો અમોને આ વર્ષાકાળમાં કેટલાએ દિવસ તળેટીમાં છાણ અને મૂત્રની પેઠે કહોતા પડી રહેવું પડયું હોત? પણ સૂર્યાજીએ છાણ માટીના ખાતરનો, સુવર્ણનું ધાન્ય ઉત્પન્ન કરવા માટે અમને ઉપયોગ સૂચવ્યો."

"હાયરે, પ્રભુ! જોત્યા, હવે ગમે તે થાઓ. જે રાષ્ટ્રની પ્રજા પોતાનું મૂલ્ય સમજી શકતી નથી, જેમની દૃષ્ટિ સ્વાર્થમાં અંધ રહે છે, જેમનું હૃદય ધનનું ગુલામ બને છે, જેમના અંતઃકરણમાં સ્વધર્મનો ઝરો વહેતો નથી, જેમને સ્વદેશ ભક્તિનું ભાન નથી, એવા અભાગી રાષ્ટ્રના વ્યવહારી લોકોને મ્હારા નવ ગજના નમસ્કાર છે! તેમની દૃષ્ટિએ અમે આજ સુધી જે યત્ન કર્યો તે અધર્મનો કર્યો છે. અમે અમારે હાથેજ અમારૂં શિર તોડી રાતું કાઢયું છે, એમાં શંકા શી? જોત્યા, અભિમાન કોને માટે? જે અભિમાનની કિંમત નથી તે અભિમાન એક ઘેલછાજ કે બીજું કંઇ?"

"માતુશ્રી, માતુશ્રી, શ્રીમંતના મુખમાંથી એવા શબ્દો કેમ નીકળી શકે? તમારા સ્વાભિમાનનું મૂલ્ય નથી. માતા! રત્ન ઉકરડામાં પડે, અથવા પક્ષી ચાંચમાં લઇ તેને ફેંકી દે માટે શું તે પોતાનું તેજ ત્યજી દેશે કે? દેવી, ઝવેરી મળતા સુધી તેણે પોતાના શરીરપર ધૂળનું પડ ચઢાવી લેવું જોઇએ. પડ ચઢવાથી કંઇ અંતર તેજ નષ્ટ થાય છે?"

યેસુબાઇ વિચારમગ્ન સ્થિતિમાં સ્તબ્ધ બની બેઠાં છે. ભાવિ રૂપરેષાનો વિચાર કરે છે. મરાઠા સામ્રાજ્યના ભાવિનો વિચાર કરે છે, ચિત્તની ચંચલતાનો અનુભવ કરે છે એટલામાં કાસમખાન પોતાનું કાર્ય પૂર્ણ કરી

પાછો આવ્યો. તેણે ખાનને કહ્યું: "ખાન સાહેબ, સર્વ ગઢ સત્તામાં લીધો છે. હાથી, ઘોડા, જરજવાહીર, ખજાનો વગેરે અઢારે કારખાનાં-ભંડાર લુંટી લીધા છે. સંત્યો આપણી પાસેથી શું લૂંટી લેવાનો હતો? ખાન સાહેબ, શિવાજીનું તખ્ત પણ તોડી નાખ્યું છે. અહાહા, મરાઠાઓએ કેટલો ખજાનો એકઠો કર્યો હતો! વિજાપુરની બાદશાહી અફઝુલખાન જેવા સરદાર અને એવા અનેક સમૃદ્ધિવાન મનુષ્યો પાસેથી જે વૈભવ શિવાજીએ છીનવી લીધા હતા તે અમે પાછા મેળવ્યા છે."

આ વૃત્તાંત સાંભળતાંજ યેસુબાઈ કપાળે હાથ મુકી નીચે બેસી પડયાં. ઇતિકદખાન પોતાના વિજયમદમાં ચકચૂર હતો. દેવી ખિન્ન હૃદયે બોલવા લાગ્યાં:—

"પ્રભુ, જગદંબા! છેવટે મરાઠાઓનું સિંહાસન તૂટયું? મા ભવાની, ભરતખંડના સાર્વભૌમત્વનો વાવટો તેં ચીરી નાખ્યો! અરેરે! શિવ છત્રપતિના નામને કલંક લાગ્યું! મરાઠાઓનાં મુખ કાળાં પડયાં! શું યાવચ્ચંદ્રદિવાકરૌ, એવીજ સ્થિતિ રહેશે? મરાઠા, બ્રાહ્મણ, પ્રભુ, મહાર, માંગ કોઇ પણ એ કલંક ધોઇ નાખશે કે? છટ, છટ! હવે એ કલંક ધોયું કેમ જાય? મરાઠાઓનું તખ્ત તૂટયું! શિવાજીનું સિંહાસન ફુટયું! હાય! પંચ મહાભૂતો! હવે મ્હારો પવિત્ર સંદેશો હિંદુ રાષ્ટ્રને જાહેર કરો! હવે શિવપ્રભુનો સંદેશો મરાઠાઓને નિવેદન કરો! હવે સમર્થની ઇચ્છા દેવ બ્રાહ્મણ આગળ વ્યક્ત કરો! અરે, ભારતના પ્રત્યેક અણુને કહો કે, મરાઠાઓના તખ્તનો જેણે ઉચ્છેદ કર્યો છે, તેજ રાજાનું દિલ્હીનું તખ્ત જે કોઇ બ્રાહ્મણ, મરાઠો, પ્રભુ, ચાંડાળ વીર તોડશે તેજ સાચો ક્ષત્રિય, તેજ સાચો વીર, તેજ ભારત માતાનો સાચો સત્પુત્ર અને તેજ સાચો આર્ય શૂર! રાષ્ટ્રભકતો! તમે જ્યારે દિલ્હીનું તખ્ત તોડશો ત્યારેજ શિવપ્રભુએ ઉપસ્થિત કરેલું કાર્ય પૂર્ણ થયેલું ગણાશે. ચાલો ખાન, ચાલો! હવે તમારે જ્યાં જવું હોય ત્યાં ચાલો! અમે તમારાં કેદી છીએ. બંદીવાનોને યોગ્ય એવા જયઘોષ કરતા અમને લઇ જાઓ. સંકોચ કરશો નહિ! એમાં શું છે? તમારા પરાક્રમની મહત્તામાં ન્યૂનતા રાખવાનું શું કારણ? એટલાથી અમને શી નવીન હાની

થવાની છે ? જે બનવાનું હતું તે બની ગયું છે ! તમારા વિજયી સૈનિકોનો સંતોષ હરી લેવાની અમારે શા માટે ઇચ્છા કરવી ! એનું નામ ભૂત દયા નથી ! ”

“ એ મા જગદમ્બે ! શિવપ્રભુ સીદી જોહારના સંકટથી પનાળગઢમાં બંદીવાન થયા તે વખતે જીજામાતાને ચિંતા થઇ ત્યારે તેં મહારાજના સ્વપ્નમાં શું કહ્યું હતું ? ‘ અરે બેટા ! ત્હારી માતા રાયગઢમાં તને જોવા માટે બહુ ચિંતામાં છે, હમણાંજ માતુશ્રીને મળવા સ્વલ્પ સૈન્ય લઇને ત્યાં જા ! હું સર્વને મોહમાં નાખું છું. બળનો ઉપયોગ કરવાથી નાશ થશે ! “ મા અંબે ! આવી રીતે તેં મહારાજને સંકટમાંથી મુક્ત કરવા માટે સીદી સમૂહને મોહમાં નાખ્યો હતો. શત્રુને અંધ બનાવ્યો હતો. મહા દેવી, મ્હારા રાજારામને, મ્હારા બાળકને, એવીજ રીતે સુરક્ષિત રાખવા બાદશાહને અંધ બનાવ. અરે કેવળ મ્હારા આ બાળક, શિવપ્રભુનો વંશ, બાદશાહની તલવારની ધાર નીચે મરવાની તૈયારીમાં છે, તેનું બલિદાન લઇને પણ બાદશાહને આંધળો કર. મા ! તેમ કરીને તૃપ્ત થાઓ. કદાચિત એટલાજ માટે અમને પકડાવી શત્રુના હાથમાં આપવાનો તમારો મનોદય હશે ! મા અંબિકે, તેં સૂર્યાજીને રાષ્ટ્રહિત માટે અંધ બનાવ્યો હશે ! ઠીક છે, જેવી તમારી ઇચ્છા ! ચાલ ખાન, જોત્યા ચાલ ! ખંડૂ તું પણ ચાલ ! ગમે ત્યાં પેટ ભરવું તે ભરીશું ! ”

આ પ્રમાણે યેસુબાઈ મોગલોને આધીન થયાં, અને સૂર્યાજીના દેશદ્રોહના પરીણામે ઇ. સ. ૧૬૯૦ માં રાયગઢપર મોગલોનો વિજયધ્વજ ચઢ્યો.

પ્રકરણ ૨૭ મું.

પ્રયાણ.

रिपौ शौर्यं धैर्यं विपदि विनयः संपदि सता ।
मिदं वत्म भ्रातर्भरत निरतो मास्यासि सुखम् ॥ * (सुभाषित)

વાચક! રાયગઢપર જવાની ઉતાવળમાં આપણે પેલા સાધુને રસ્તામાં રખડતો મુકી આવ્યા છીએ, તેનું શું થયું? સાંભળો ત્યારે, તે ગઢ ઉપર જઇ શક્યોજ નહિ. સૂર્યાજીનો પ્રપંચ ખુલ્લો કરવા માટે તેનો સર્વ પ્રયત્ન હતો, પણ જ્યારે તેમાં જય મળ્યો નહિ, ત્યારે તે સંતાજીને શોધતો આમ તેમ વિહ્વળ બની ભમતો હતો. સૂર્યાજીનાં માણસો પોતાને પકડવા આવશે એવી શંકાથી તેણે સાધૂનો વેષ દૂર કરી એક ઓલીયા ફકીરનો પોષાક ધારણ કર્યો હતો. તે નિરાશ થઇ પાછો ફરવાની તૈયારીમાં હતો એટલામાં તેણે રાયગઢ પતનના દુઃખદ સમાચાર સાંભળ્યા. "એ સૂર્યાજીની નીચતાનુંજ પરિણામ હોવું જોઇએ" એમ બોલી તેણે હોઠ પીસ્યા. તેને અત્યંત ક્રોધ થયો. તે પોતાના મનમાં વિચાર કરતો એક ટેકરી ઉપર ઉભો હતો. તે વખતેજ મોગલો ગઢપરનાં સર્વ મનુષ્યોને કેદ કરી બાદશાહની છાવણી તરફ વિજયઘોષસહ લઈ જાય છે, એવું નીચે રસ્તાપરના દેખાવપરથી તે સહેલાઇથી સમજી ગયો. આ વખત તેના દુઃખની હદ રહી નહિ. પરંતુ તેના વિચાર પ્રદેશમાં અચાનક એક વિચાર વિદ્યુતવેગે ચમક્યો. આ વિચારે તેના હૃદયપર પડેલા દુઃખના ડુંગરને ક્યાંએ ફેંકી દીધો. તે તુરતજ ઉઠયો.

---

* ભાવાર્થઃ—"શત્રુ સામે શૌર્ય દર્શાવવું, વિપદ્કાલે ધૈર્ય ધરવું અને ઐશ્વર્ય પ્રાપ્ત થતાં નમ્રતાથી વર્તવું, એવો સજ્જનોનો વર્તનક્રમ હોય છે, માટે હે ભરત! એ પ્રમાણે તું ચાલશે તોજ સુખી થશે."

"હવે બાદશાહ આ જયને પૂર્ણ સ્વરૂપ આપવા પનાળગઢ તરફ પૂર જોશથી ચઢી જશે. મહારાજપરનું એ સંકટ દૂર કરવા તેમને વિશાળગઢ અને ત્યાંથી જીંજી પહોંચાડવાની વ્યવસ્થા કરવી જોઇએ." એવા વિચાર વમળના ચક્રમાં સપડાઇ આપણો ફકીર-ઉર્ફે ખંડુજી ઉતાવળે ગામમાં જઇ એક ઘોડો મેળવી પનાળગઢ તરફ જવા નીકળ્યો.

ખંડુજી આવ્યો ન આવ્યો એટલામાં તો બાદશાહના મદોન્મત સરદારોએ સહ્યાદ્રી ઘાટપરના કિલ્લાકોટ લેવાનો સપાટો ચલાવ્યો. આ તરફ ખંડોજીએ રાયગઢનું વૃત્ત મહારાજાદિ સર્વ મંડળીને કહેતાંજ કોઇનાં દુઃખથી તો કોઇનાં ક્રોધથી તો કોઇનાં વીરત્વથી, એમ સર્વનાં અંતઃકરણ દ્રવીભૂત થયાં. હવે બેભાન થઇ મૂર્ચ્છામાં પડી રહેવાનો અવસર નહતો. બાદશાહે મિરજ અને પનાળપર મોર્ચો બેસાડયો હતો. એ પરિસ્થિતિ જોઇ પ્રલ્હાદપંતે નિલોપંત અને હરજી મહાડિકને કર્ણાટકમાં તૈયારી કરવાના પત્રો મોકલ્યા, અને પોતાનામાંના કેટલાકને ભિન્ન ભિન્ન વેષે ભિન્ન ભિન્ન માર્ગે જીંજી તરફ રવાના કર્યા.

પણ મહારાજાને જીંજી કેવી રીતે લઇ જવા? બાદશાહની દ્રષ્ટિ તો રાજારામ તરફજ ચોંટી રહી છે. એ વંશાંકુર કરમાય તો તો શિવાજી વંશનો ઉચ્છેદજ થઇ જાય. બાદશાહી નિરંકુશ અને નિર્વૈર બને એવો બાદશાહનો વિચાર હોવાથી રાજારામ મહારાજને એકદમ જીંજી જવાનું મુશ્કિલ હતું. "પ્રલ્હાદપંત!" રામચંદ્રપંતે એક યુક્તિ કાઢીઃ" આપણે હજી સારી સ્થિતિમાં છીએ. અહીંથી કિલ્લે કિલ્લે વાનરની માફક કૂદકા મારી બચવાના પ્રયત્ન કરીએ છીએ, આંધળી બગલગીરીના દાવથી બાદશાહને ચકિત કરીએ છીએ, એવી બાદશાહી ફોજને ભૂરકી નાંખવી અને એકાએક એકાદ દુબળા અંગનો પણ ચિવટ અને સ્ફુર્તિવાળો પહેલવાન જે પ્રમાણે પ્રૌઢ, શરીરે પુષ્ટ અને બળવાન પરંતુ ધૈર્યહીન પહેલવાનને દાવપેચ નાખતાં નાખતાં ક્ષણમાં એકાદ દાવથી ચકિત બનાવે, તે પ્રમાણે બાદશાહને ચકિત કરી કર્ણાટકમાં ચાલ્યા જવું."

એવો વિચાર કરી રામચંદ્રપંતે વિશાળગઢ અને રાંગણા નામક કિ-

લ્લાઓની અનુકૂળ તૈયારી કરી દીધી. વિશાળગઢપર રામચંદ્રપંતના કારકુન પરશુરામ ત્રિંબકની દેખરેખ હતી. રામચંદ્રપંતે કિલ્લાપર રામચંદ્રનું દેવાલય બંધાવી આ જગ્યાને રાયગઢ જેવો શોભાયમાન બનાવ્યો હતો. એકંદરે રાજારામ મહારાજની સત્તા દક્ષિણમાં મજબૂત બનાવવા માટે મહાડજી નાઇક અને પાનસંબળે આજુબાજુ ધમધમાટ ચલાવવાની શરૂઆત કરી: સંતાજીનો પ્રિય શિષ્ય પણ ધનાજીની પેઠે આમથી તેમ ફલંગો મારવા લાગ્યો.

આ વખતે પ્રલ્હાદપંતે પોતાના ચાતુર્યનો ખરો ઉપયોગ કર્યો. તેમણે મહારાજાના કુટુંબને વિશાળગઢમાં રાખ્યું. તારાબાઇ ગર્ભવતી હતાં તેથી તેમનાથી હાલીચાલી શકાય તેમ નહતું. મહારાજાએ માત્ર તેમને ધીમે રહી દક્ષિણની બહાર કાઢયાં.

જુઓ! વિશાળગઢથી બાવાઓનું એક ઝુંડ યાત્રા માટે નીકળ્યું છે. શૂર સીપાઈ શંકરાજી મલ્હાર, ખંડેરાવ દાભાડે, સંતાજી ઘોરપડે, કડીબાજ મુત્સદ્દી આબાજી સોનદેવ, પ્રલ્હાદ નિરાજી, ખંડોબલ્લાળ, એવા એવા વીર મુત્સદ્દી પરચુરણ કાપડ વગેરે વેચનારનો–કાપડીયા વેષ ધારણ કરી રસ્તે જાય છે. ગઢના બુરૂજ પર રાજપત્નીઓ અશ્રુ ઢાળી મહારાજાનો પ્રવાસ યશસ્વી થાય તે માટે મા અંબિકાની પ્રાર્થના કરે છે. આવા વેષે મંડળી ઘાટ ઉતરી રત્નાગીરી જીલ્લાના આગ્રાના વિજયદુર્ગ–દરીયાઈ રાજધાની પર થઇ દેવગઢ આવી. અહીંથી જલમાર્ગે ગુપચુપ પ્રવાસ કરી મંડળી ગોકર્ણ મહાબળેશ્વર આવી.

કદળી, નારીયેળી અને તાડ જેવાં ઉંચા વૃક્ષોએ વિભૂષિત કરેલાં સ્થાન! સહ્યાદ્રી અને સમુદ્રથી વેષ્ટિત થયેલાં સ્થાન! એવા રમ્ય પ્રદેશોમાં સ્થળે સ્થળે ખોદાયલાં તળાવ, વાવ, કુવા, રસ્તે આવતી ઉંચી વિકરાળ ભેખડો, ગગનચુંબી સહ્યાદ્રીની મનોહર હાર, બીજી તરફ સ્વભાવતઃ ઉચ્છૃંખલ પણ સૃષ્ટિનિર્મિત મર્યાદાથી બંધાયલો અને ઘેરાયલા વાઘ પ્રમાણે દશે દિશાઓ પોતાની ગર્જના ગર્જાવનારો કાળો વિસ્તીર્ણ સાગર, રસ્તે ઓળંગવાં પડેલાં ગાઢ અરણ્યો અને તેમાંની ઘીચ અને દિવસે અંધકાર પ્રસારનાર ઝાડી, રસ્તામાં મળેલાં અનેક પ્રકારનાં પક્ષી, ભયંકર હિંસક પશુઓ, ઘાટ શૃંગોની

સ્વતંત્ર સુંદર હવા, પર્વતને સ્નાન કરાવનાર દવ, સંધ્યા સમયે આકાશમ ચિત્રિત થયેલા રંગબેરંગી ગાલીચા, કદી કદી તૂટી પડતી મેઘવૃષ્ટિ, રસ્તામાં મળેલી ખળખળ વહેતી નદીઓનાં જળ વગેરે રમણીય સૃષ્ટિસૌંદર્યથી મુગ્ધ થઇ આ મંડળી સપ્તપુરીની સાડાત્રણ શિવપુરી પૈકી શ્રેષ્ટ શિવપુરીમાં આવી ઉતરતાજ શ્રમ અને ભૂખ તરસથી થાકી જવાથી પથારીઓ નાંખી પડી.

અહીં સુધી સર્વ ઠીક થયું, પણ અહીંથી આગળ સર્વ સરળ બને તે અશક્ય હતું. કારણકે ઓરંગજેબને મરાઠા રાજમંડળમાંથી ઘણાં મનુષ્યો છટકી ગયાના વર્તમાન પ્રપંચી ભોલાનાથે મેળવી આપ્યા હતા. તેણે પનાળગઢ પર ઘેરો નાખ્યો હતો. પનાળ પ્રાંત જીતી લીધો પણ સર્જેખાન ગઢ જીતી શક્યો નહિ. ગઢ પરના માણસો શૌર્યપૂર્ણતાથી લઢવા લાગ્યા. તેથી બાદશાહની ઇર્ષા પ્રજ્વલિત થઇ એટલુંજ. પણ તેનું લક્ષ, ખસી ગયેલું રાજમંડળ કેવી રીતે પુનઃ હાથમાં આવે તે તરફ ખેંચાયું હતું. તેણે એ મંડળને પકડી લાવવા માટે ગામેગામ, ખેતરેખેતર, ઠેરઠેર જાહેરનામાં ચોંટાડયાં, અને દાંડીઓ પીટાવી હતી. આપણા પ્રવાસીઓએ પોતાની શિખાઓ દૂર કરી, ભગવાં વસ્ત્ર ધારણ કર્યાં હતાં, સર્વ કંઇ ડૉળ કર્યો હતો, પણ સાધુને અનુકૂળ થઇ પડે એવું વર્તન કેવી રીતે રાખવું તેની પ્રત્યેકને ચિંતા થઇ હતી.

આજે આ શિવાલયની ચંદ્રશાળામાં અસંખ્ય તપસ્વીઓ, કોઇ મૃગચર્મ, કોઇ વ્યાઘ્રાંબર તો કોઇ દર્ભાસનો પહોળાં કરી ધૂણીયો સળગાવી યોગસાધના કરતા બેઠા હતા. તેમાંજ આપણા પેલા નવા બાવાઓ પણ પોતાના ખડીયાપોટલાં ઉતારી પડાવ નાંખી પડયા હતા.

તેઓ કંઇક સ્થિર થવાની ધારણાથી પોતાનાં વાસણકુસણ કાઢી ઈંટ પત્થર ગોઠવી ચૂલા કરવાની તૈયારી કરતા હતા, તે જોઇ પાસે ધૂણી કરી હઠયોગનાં આસનો માંડી બેઠેલા અનેક યોગિરાજ ડોળા કાઢવા લાગ્યા. કોઇ એમને કાઢી મુકવા ઇચ્છા કરવા લાગ્યો તો કોઇ તેમને ગાળો દેવા લાગ્યો. આ પ્રકાર જોઇ ધનગીરીબાવાએ ધીમે રહી પેલા ચીડાયલા યોગિરાજોને કહ્યુંઃ "સાધુજી! આત્મસંયમ, એ કેવો યોગ છે વારૂ! અમે વટેમાર્ગુ,

આપના જેવા સદ્દપુરૂષોએ તો અમારા જેવાની સંભાળ લેવી કે અમોને ભીખ પણ ન મળે તેવું કરવું?"

પ્રલ્હાદપંતે પણ નમસ્કાર કરી કહ્યું: "ગુરૂ મહારાજ! અમે ગિરિ તરફ જઇએ છીએ. આપે કૃપા રાખવી જોઇએ. અમે ત્રિવિધ તાપથી કંટાળી યાત્રા કરવા નીકળ્યા છીએ, કૃપા કરો."

એ બન્નેની વિનંતિ તે યોગીએ કેવી રીતે સાંભળી? તેણે પોતાના યોગસાધનની સ્પૃહા ન રાખતાં તેમના અંગપર ધસી જઇ તેમની પથારીયો દેવળ બહાર ફેંકી દેવા માંડી! કારણ? સંતગીરબાવાએ પોતાની ચલમ સળગાવવા માટે એમાંના એક યોગીરાજની ધૂણીમાંથી દેવતા લઇ ચલમ ચેતાવી, પણ યોગીરાજને એક પણ દમ મારવા દીધો નહિ, તેથી તે બાવાજી અને તેમના ચેલા ચીડાયા.

તેમણે પથારીઓને હાથ લગાડેલો જોઇ, સંતગીરબાવાએ તેમને એવો કંઇ વજ્રમુષ્ટિનો પ્રસાદ આપ્યો કે તેમણે શંખનાદનીજ શરૂઆત કરી. આથી પ્રલ્હાદપંત ગુસ્સે થયા. તેમણે કહ્યું: "સંતગીરજી! તમારી આવી બીગાવલીથી રસ્તામાંજ આફત આવશે, સમજ્યા?"

"ભલેને આવે, જેવાની સાથે તેવાજ થવું જોઇએ. નિશ્ચેષ્ટ પડી રહેવાથી ઉંદર પણ હાથપગ કોચી નાખે છે." સંતગીર બાવાએ ઉત્તર દીધો.

એટલામાં ધનગીરબાવાએ પોતાની ચલમના તે યોગીરાજને ભાગીદાર બનાવ્યા. યોગિરાજને ધનગીરબાવાની ચલમનો અમલ એટલો ચઢયો કે, તુરતજ યોગિરાજનાં નેત્ર લાલબુંદ જેવાં બન્યાં. તેમની દૃષ્ટિ આગળ સર્વ બ્રહ્મમય જણાવા લાગ્યું. તેમના મુખમાંથી ધૂ ધૂ કરતો વેદાંત પ્રવાહ વહેવા લાગ્યો. ગુરૂજીની આ બ્રહ્મમય સ્થિતિ જોઇ ચેલાઓએ પણ રાધાદેવીની મનોભાવપૂર્વક આરાધના કરી. પછી પુછવુંજ શું?"

એ ધાંધાટ જોઇ સંતગીરબાવો કંટાળીને બોલ્યો: "બિચારા દેવની પ્રાપ્તિ માટે ધૂણીઓ સળગાવી બેસે છે અને મનુષ્યો ઉપર ઝેરવેર કરે છે! યોગાભ્યાસથી એ વિકારી વિચારોની વૃદ્ધિ અટકાવી દેહની પૂર્ણતા સાધશે? કેવા ઢોંગી?"

પ્રલ્હાદગીર બાવાએ તે ગધેડાઓના ઘોંઘાટમાં દાળ રોટલી બનાવી દીધી. ત્યાંના કોટીતીર્થ પર સર્વેએ સ્થાન કરી વિશ્વસંહાર કર્તા મહાદેવનાં દર્શન કર્યાં.

ગયા, પુષ્કર, કાશી, ત્ર્યંબક એ સ્થાનો કરતાં પણ આ વિશેષ પવિત્ર સ્થાન ! આ સ્થળે બ્રહ્મા, વિષ્ણુ, રામ, રાવણ, અગસ્ત્ય વગેરે ઋષિ મુનિજન અને તેત્રિશ કોટી દેવ દર્શનાર્થે આવ્યા હતા ! મહાદેવના પૂજનથી રાવણની માતાને કોટી શંકર પૂજનનું પૂણ્ય મળ્યું હતું. એવા તે પૃથ્વી પરના કૈલાશમાં પ્રવેશ કરતાંજ પ્રલ્હાદપંતાદિ સર્વની વૃત્તિ તલ્લીન થઇ જાય તેમાં શી નવાઇ ? " **ॐ नम शिवाय** " એ ષડાક્ષરી મંત્રનો જપ કરતાં સર્વેએ રૂદ્રમંત્રાર્ચનપૂર્વક મહાબલેશ્વરની પ્રાર્થના કરી.

" દેવેશ ! અમે આજે અતિરૂદ્રથી પંચામૃત પૂજન કરવાના છીએ. ચક્રખંડેશ્વર ! પણ અમારી મનોભાવના એટલી દ્રઢ છે કે, અમે તેમાં શત કોટી રૂદ્રના આવર્તનનું સામર્થ્ય બરાબર ભરી લાવ્યા છીએ. સપ્ત સંગમેશ્વર ! સુદર્શન ચક્રની પેઠે અમારા આત્મ વિશ્વાસનું બાણ છેદવા માટે મહાસંકટ, અમારી પાછળ પડયું છે. એ ચક્રોનો ભેદ કરવાનું સામર્થ્ય હવે તમે અમને આપો. મહાબલેશ્વર ! તમે રાવણને આત્મબાણ આપ્યું હતું, પણ અનિચ્છાએ આપ્યું હતું. કરૂણા સાગર ! આત્મવિશ્વાસનું દિવ્ય બાણ હવે અમારા કંઠમાં એવા મનોભાવે બાંધો કે, પ્રત્યક્ષ ગણપતિ પણ તેનું હરણ કરી શકે નહિ. કાલભૈરવેશ્વર ! અમે પાતકી છીયે, પણ અહલ્યાભોગથી પ્રાપ્ત થયેલા સહસ્ત્ર ભગનાં આપે સહસ્ત્ર નયન કરાવ્યાં હતાં. અહલ્યા ભોગનો અનુભવ ઇંદ્રે લીધો હશે પણ પૃથ્વીનો ભોગ અમને પચવો જોઇએ. ભગવાન અગસ્ત્ય મુનિ, ગરૂડ પર્વતના જુલ્મ નીચે દબાયલો હતો પણ તે પર્વત આપે ડાબે હાથે સહજ રમતમાં ફેંકી દીધો હતો ! અમારા પર શત્રુના જુલ્મનો એવોજ પર્વત પડયો છે, તેમાંથી અમારૂં નિવારણ કરો. તે માટેજ અમે આ રૂદ્રયોનીમાં ભગવંતના ચરણ પાસે આવ્યા છીએ. ધૂતપાપેશ્વર, અમને તમારા જ્ઞાન મંડળનું સ્થાન જોઇતું નથી, હજી તે વખત આવવાની વાર છે. અમને તમારા મુક્તિ મંડપમાં સ્થાન જોઇતું નથી,

કારણ, હજી અમારે અમારા સહચરોને સાથે લાવવાનો પ્રયત્ન કરવાનો છે. અમને એકલાને આજે તમારી મુક્તિ જોઇતી નથી. અમને તમારા વૈરાગ્ય-મંડપમાં સ્થાન જોઇતું નથી; કારણકે હજી અમારે સગા સંબંધી જનોને કર્તવ્ય માર્ગે લગાડવાનું કાર્ય કરવાનું છે. દેવ ! માટે અમે જ્યાં ઉભા રહીએ ત્યાં તમે અમારા કર્મમંડપમાં પધારી અમને પ્રોત્સાહન આપતા રહો. અમૃતેશ્વર ! સમુદ્રમંથન વખતે આપે જેવું દેવનું હિત વિચાર્યું હતું તેવું આજે અમારૂં વિચારો ! માણિકેશ્વર ! આપ અમારા ખડ્ગ-તીર્થમાં હવે એવું સામર્થ્ય ભરો કે, અમારા વીરો ત્યાં શસ્ત્રાસ્ત્રોસહ સ્નાન કરી નીકળે કે, તુરત એમનાં ખડ્ગોમાં અસંખ્ય નેત્રાસુરોનો પરાભવ કરવાનું સામર્થ્ય આવે ! વીરો, આ પવિત્ર તીર્થના સ્પર્શથી તિક્ષ્ણ થયેલાં ખડ્ગો વડે કેતકી દલ છેદી નાખી, તે આ મહાબળેશ્વરના મસ્તકે અર્પણ કરો. એટલે તમારા આત્મવિશ્વાસના શિવ-બાણમાં આ દેવાધિદેવ બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ સર્વ જગતનું સામર્થ્ય લાવી મુકશે.”

મહાબળેશ્વરને વિનવ્યા પછી પ્રલ્હાદપંતે સર્વ પાસે શિવપૂજન કરાવ્યું. ત્યાર પછી સર્વ મંડળ ચંદ્રશાળામાં પાછું આવ્યું. સર્વેએ ક્ષુધાને શાંત કરી “**व्यकंटरमणा रामय्या**” કરતા કરતા સોંડાના માર્ગે વ્યકંટગિરિથી નીકળ્યા, અને ગુત્તીપર થઇ પુરાણ પ્રસિદ્ધ નદીઓ અને ક્ષેત્રોને રસ્તે રસ્તે શિવપુર આવ્યા. આ સ્થળ ધોરપડેનું હતું. સંતગીર બાવાએ અહીં આવતાંજ પોતાનો સાધુ પોષાક ફેંકી દઇ સર્વ મંડળને માનપૂર્વક સ્વગૃહે લઇ જઇ સ્વાગત કર્યું. પ્રલ્હાદપંત તેમ નહિ કરવા માટે ના ના કહેતાજ રહ્યા, પણ “મ્હારે ઘેર પ્રભુ ચાલીને આવે અને હું તેમને વૈભવથી પુજ્યા સિવાય કેમ રહું ? રાક્ષસો ગમે તેટલો કેર વર્તાવેને !” સંતાજીએ રોકડો જવાબ આપી દીધાથી પ્રલ્હાદપંતે સાદો પણ સરદારોને શોભે તેવો પોષાક પ્રત્યેકને ધારણ કરાવ્યો.

તે કૃતિકાયોગનો સમય હતો. સંતાજીએ સારા ઘોડા મંગાવ્યા. કારણ કે તેના અભાવે ડુંગરનો ચઢાવ ત્રાસદાયક થાય તેમ હતું. સંતાજીએ મહારાજ અને પંત પાસે કુશતીર્થમાં પ્રલ્હાદપંત પાસે મંત્રોક્ત સ્નાન વિધિ

કરાવ્યો અને પોતે જાતે દર્ભપુષ્પ લાવી મહારાજા પાસે કાર્તિક સ્વામીને અર્પણ કરાવ્યાં. એ દેખાવ હૃદયંગમ બન્યો હતો. રાજારામ મહારાજ, ક્ષત્રીય કુલાવતંશ શ્રીની પૂજા કરે છે, શૂરવીર સંતાજીએ જાતે આણેલાં કુશપુષ્પો, પલાશદંડ, મૃગચર્મ, કૌપીન મહારાજા પાસે અર્પણ કરાવે છે, પ્રલ્હાદપંત મહારાજાને પૂજનવિધિ કહે છે, મહારાજાદિ સર્વને ભસ્મ લગાડે છે, સ્વતઃ રાજારામ મહારાજ ભગવાન કાર્તિક સ્વામીની અનન્યભાવે પ્રાર્થના કરે છે. એવા તે મહાન શુભ પ્રસંગે પ્રલ્હાદપંતે કહ્યું: "અહીંથી આગળ જતાં જે કુશપુષ્પો ધારણ કરશે તેમના તે પુષ્પોમાં, તે કુશ તૃણોમાં, ખડ્ગનું તેજસ્વી સામર્થ્ય એકત્ર થઈ રહેશે."

આ વિધિ થયા પછી સંતાજીના ગામમાં થોડી વિશ્રાંતિ લઇ સર્વે વ્યંકટેશ ગિરિ પર થઇ બંગરૂલ જવા માટે કર્ણાટકી વૈરાગીના પોષાકમાં આચ્છાદિત થયા. આ વખત સહજ દગો ફટકો થવાનો પ્રસંગ પણ આવ્યો હતો, કારણ કુશતીર્થમાં આ વખતે બહારના ઘણા યાત્રાળુઓ આવ્યા હતા. તેમાંના કેટલાકને આ દક્ષણી લોકોનો સંશય આવ્યો હતો. મંડળી યાત્રાર્થે આવી હતી–કહો કે પૂણ્યસંગ્રહ કરવા આવી હતી, પણ લોભનાં પોટલાં ઘેર મુકીને ક્યાં આવી હતી? બાદશાહે રાજમંડળને પકડી આપનાર માટે મ્હોટાં ઈનામ જાહેર કર્યાં હતાં. આ દક્ષિણી મંડળીને જોઇ પેલામાંની એક મંડળીને લાલચ ઉત્પન્ન થઇ.

પ્રકરણ ૨૮ મું.

સ્વદેશ-યજ્ઞમાં ધર્મની આહુતિ.

Stand not aloof nor apart,
Plunge in the thick of the fight;
There in the street and the mart,
That is the place to do right;
Not in home Cloister or cave.
Not in some Kingdom above.
Here on this side of the grave,
Here we should labour and love.*

વાંચક ! કુશ તીર્થમાં આવા ધ્યેયભ્રષ્ટ લોભી, લાલચુ, દેશદ્રોહીઓને જોઇ તમને આશ્ચર્ય થતું હશે. વળી તમે એવાજ એક દુષ્ટનું ચરિત્ર પાછળ સાંભળ્યું છે. આપણા ગણોજીરાવ શીરકેના ચરિત્રની એવીજ ગતિ હતી. એની પત્નીને કેદ કરી પનાળગઢ લઇ જઇ, ત્યાં મરાઠાઓનું ઉચ્ચ આત્મ અભિમાન જોઇ ગણોજીરાવ શીરકેના અંતઃકરણમાં દેશભક્તિનો કેવો ભાવ ઉત્પન્ન થયો, કિંબહુના મદારીએ સર્પ જેવા દુષ્ટોને કેવી રીતે નચાવ્યા એ સર્વ વાતનું તમને સ્મરણ હશેજ.

ગણોજીરાવ મરાઠી દરબાર છોડી પોતાના મુકામમાં રાયગઢ તરફ આવ્યો. અહીં આવતાંજ, રણોજીરાવે "રાયગઢ આજકાલમાં સર થશે." એવી વાત કહી. તે સાંભળી ગણોજીના મનમાં સુખદ વિચાર આવ્યા કે દુઃખદ તે કહેવું કઠિન છે. બન્ને વિચારનું તેના અંતઃકરણમાં દ્વંદ્વ થવા લાગ્યું. તેણે પોતાના બંધુને કહ્યું: "રણોજી! સંભાજી મરણ પામ્યો, તે સાથે આ-

પણું વેર પણ પુરૂં થયું કેમ નહિ? હવે એ ભયંકર ખબર લઇ શા માટે ફરવું? અરે, હું હમણાંજ આસદખાન સામે ગયો હતો, તે વખતે મ્હને મરાઠાઓ અચાનક છાપો મારી પનાળગઢ લઇ ગયા હતા. રાણોજી, આપણા બન્ધુઓ, અહાહા! કેવા સ્વદેશાભિમાનના અપૂર્વ તેજથી ઝળકે છે? અહાહા! તેમની નસેનસમાં કેવું દેશભક્તિનું લોહી ઉછળી રહ્યું છે?"

"ત્યારે ભાઈ, તમારૂં શું કહેવું છે? સ્પષ્ટ બોલો. તમને તેમણે જીવતદાન આપી છોડી દીધા ખરૂં? તમારા પર દયા કરી ખરૂંકે? તમને શરમીંદા બનાવ્યા ખરૂંકે? અને તમે તે ઉપકારનો બદલો આપવા એક વખતનું પોલાદી અંતઃકરણ માખણ કરતાં પણ મૃદુ બનાવી આવ્યા એજ કે? ત્યારે એમજ કહો કે ભાભી બાજી જીત્યાં! ભાભી હતાં કે નહિ ત્યાં? ભાઈ, તમે તમારા હૃદયની પ્રતિજ્ઞા ભૂલ્યા! રાજકુંવરનું મુખ જોઇ ભૂલ્યા! મ્હને તે વિસરી જવાનું કંઇ કારણ નથી! ભાઇ સાહેબ! પેલો ખંડુ ત્યાં હતો કે નહિ?"

"ખંડુ? હતો તો ખરો, પણ કંઈ બોલ્યો ન હતો." "હોવોજ જોઇએ ત્યાં. જ્યાં રાજકુંવર ત્યાં તે હોવોજ જોઈએ. ઠીક, પણ તમે પ્રતિજ્ઞા તોડી ગૃહસંસાર માંડવા જવાના એજ કે બીજું? એજ યોગ્ય! વાહ, બહુ સરસ! માતા પિતા, બન્ધુ, સગાં સંબંધી વગેરેની કત્લ થઇ તેની હરકત નહિ. એક સ્ત્રી જીવતી રહે એટલે બસ! એજ યોગ્ય! જાઓ જાઓ, ભાઇ સાહેબ, સાસરે જઇ સ્ત્રીનો સંસાર ચલાવો! તે સિવાય, પેલા ખંડયાની ફ્યાચર ઘરમાંથી નીકળશે નહિ."

"રણોજી, શું કહે છે! શું હું એટલો કાચા મનનો છું?"

"અવશ્ય નહિ, પણ સ્ત્રીનું મોઢું જોતાંજ થયા ખરાં. પણ તે ક્યાં તમારા જેવી અર્ધ દીલની છે? તમે તમારી મેળે પાછા જશો તો તે પોતાનું હૃદય તમને પાછું આપશે. પતિએ પત્નીના પક્ષમાં જવુંજ જોઈએ. જાઓ ભાઇસાહેબ, જાઓ! મ્હને એવો કંઇ લોભ નથી, જાઓ, તમે પત્નીને લઇને બેસો. હું પ્રથમ બહેનને તાબામાં લઉં છું, પછી આગળનો વિચાર. તેના સંસાર સુખમાં અમે ધૂળ મેળવી. બસ પત્યું, હવે તેને મુસલમાનોના હાથમાં શા માટે રહેવા દેવી?"

"રાણોજી, એવું બોલી હૃદય કેમ ભેદે છે ? યેસુને આપણા કબજામાં લેવાનો ત્હારો વિચાર ઠીક છે. મ્હને રાજારામની દયા આવી છે ખરી. જોઉં છું, યેસુ આવ્યા પછી, પણ પેલા ખંડ્યાને કેવી રીતે ઉડાવવો ?"

"જીવતો ઉડાવવો નહિ તો મરેલો તો ખરોજ ?"

"બસ, રાણોજી, તને એવો મોહ નથી, અંતઃકરણને બાળવા લાગણી-ગારી રહી નથી એ સારૂં છે. જોઉં છું, યેસુનું શું કરવું તે !"

"પણ ભાઈ. શીરકોચ્છેદનું વિસ્મરણ કેમ થયું તેતો કહો ! રાજારામે શી લાંચ આપી ?"

"રાણોજી, હમણાં એ વાત જવા દે. આપણે યેસુને વિજયશ્રીથી રાજારામને સોંપી આવી ઉપકારનો બદલો આપીશું, વ્યભીચારિણીને લજવીશું અને પ્રતિજ્ઞા પૂર્ણ કરવા બાદશાહની સેવા કરીશું. તેણે મ્હને જીવતદાન આપ્યું છે, પણ તેનું આપણે નાકજ કાપી લઇશું !"

રાણોજીએ તિરસ્કારપૂર્ણ દૃષ્ટિથી બન્ધુની વાત સાંભળી લીધી. આજે આટલુંજ બસ છે, એમ માની તે ચુપ રહ્યો.

રાયગઢનો ઘેરો પૂરો થયો. યતિકદખાન યેસુબાઇને કેદ કરી યશસ્વી પૂર્ણ થયો. આમ વર્ગ સહ માન મરતબો સાચવી યેસુબાઇને ખાન બાદશાહ પાસે લઈ જવા લાગ્યો. ગણોજીને લાગ્યું કેઃ ખાન એ મરાઠા રાજપત્નીને મ્હારા જેવા તેના નજીકના સગાને સ્વાધીન કરશે; એટલે બાદશાહ પાસે મ્હારા બદલામાંજ હું તેને માગી લઇશ અને રાજારામને સોંપી ઉપકારનો બદલો ઉપકારથી વાળીશ. આ વિચારો તેણે નાગોજીરાવ માને આગળ જણાવ્યા હતા. નાગોજીરાવે ખાન આગળ તે વાત કાઢી હતી, પણ એ વાત શેનો કબુલ કરે ? તે તો વિજયઘોષ કરતો છાવણી તરફ ચાલ્યો જતો હતો.

રસ્તામાં ગણોજીરાવે નાગોજીરાવ પાસે જઇ યેસુબાઇ સંબંધી ઘણી વિનંતી કરી હતી. તે જે જે વખતે વિનંતી કરવા નાગોજીરાવ પાસે જતો તે તે વખતે બકુલા પોતાના પતિ સાથે ગેલ કરતી બેઠેલી દૃષ્ટિએ પડતી હતી. કેટલીક વખત આ પ્રકાર જોઇ ગણોજીરાવને ઘણું આશ્ચર્ય થતું. તરૂણ પતિપત્નીમાં ભેદ હોવાનું શું કારણ ? આ વૃદ્ધ પતિ અને યુવાન પત્નીમાં

હીરામાણેકની તન્મયતા ક્યાંથી ? આ તે સત્ય સ્થિતિ કે કૃત્રિમ પ્રદર્શન ! બુઠ્ઠા ધણીમાં તરૂણ સ્ત્રીના પ્રત્યે અનન્યભાવ અને અસ્ખલિત પ્રેમ રહેતો હશે, પણ ઉલટું તરૂણ પત્ની આવા પતિ સાથે પ્રેમપૂર્વક હસે છે, રમે છે, એનું શું કારણ ? ગણોજી એનો મર્મ સમજી શક્યો નહિ ! તેણે એક વખત હસતાં હસતાં નાગોજીરાવને પુછ્યું પણ ખરૂં કેઃ "કેમ નાગોજીરાવ ! અઢારમુ વર્ષ પુરૂં થવા આવ્યું લાગે છે ? અરે, અમે બન્નેમાં આવી મધુરતા કોઇ દિવસ જણાઇ નથી !"

"અરે, તું જાણતો નથી ! એ તો હઠ પકડી બેઠી છે કે, દેશબંધુઓની વા'રે ચઢો ! મરાઠાઓના પક્ષમાં રહેવાનું છોડી બાદશાહની નોકરી શા માટે કરો છો ? એવું રોજને રોજ કહ્યા કરે છે."

"અમારામાં તો એવું નહતું. અમે ઘરની બહાર શું કરીએ છીએ તે પુછવાની હિમ્મતજ ઘરમાં કોઇની થતી નહતી. હમણાં માત્ર એ બાબતમાં અમારૂં ચાલ્યું નહિ. તેનું મુખ ઉત્તર તરફ તો અમારૂં દક્ષિણ તરફ ! કોણ તેની સ્પૃહા રાખે છે ?"

"એમ કેમ ? સ્ત્રી, એ તો અર્ધાંગના ખરી કે નહિ ? તમારી અર્ધાંગના અને અમારી સર્વાંગના !"

"ત્યારે ફક્ત વસ્ત્ર પુરૂષનાં અને સ્વરૂપ સ્ત્રીનું એજ કે બીજું ? બહુજ સરસ ! તમે અનુભવી માણસો એટલા તલ્લીન થાઓ છો કે તન્મયજ બની જાઓ છો ! મ્હને લાગે છે કે સર્વ બાળાઓએ હવે તમારા જેવા અનુભવી–બુઠ્ઠા પતિજ પસંદ કરવા !"

"બધું ઠીક છે, પણ એ તો હવે મ્હારો જીવજ ખાઇ જાય છે ! બસ મરાઠાઓનો પક્ષજ લો, એજ માથાકુટ !"

"અલબત્ત, જાઓને ત્યારે. રાજકુંવર અને હું તે માટેજ જુદાં પડયાં છીએ ને ? અમે તો છૂટાં થયાં ત્હોએ ચાલે છે, પણ માત્ર તમારા જેવા વૃદ્ધને નહિ ચાલે ! તમે હમણાં મ્હારી બહેનનો પક્ષ લો, પછી રાજારામનો વિચાર કરીશું. કારણ કે પ્રથમથીજ રાજારામની સલામતી જોઇશું તો બાદશાહ થશે નાખૂશ અને વેસુને કરશે ભ્રષ્ટ !"

"તમે જુવાનીયાઓ ત્યાંજ ભુલ કરો છો ને! તમે ગમે તેવું ગાંડપણ ચલાવ્યા જાઓ છો, પછી મા બહેનનું ગમે તે થાય! અમે અમારા અનુભવ પ્રમાણે દેશ, કાલ, વર્તમાન જોઇને વર્તનની દિશા નક્કી કરીએ છીએ. રાગ રંગ જોઇ જે કરવાનું હશે તે કરીશું."

આટલી વાત થયા પછી ગણોજીરાવ ચાલ્યો ગયો. ખાને યેસુબાઇ વગેરેને પકડી લાવ્યાના સમાચાર બાદશાહને આપ્યા. યતિકદખાનના એ પરાક્રમ માટે બાદશાહે તેને ઝુલફિકારખાનનો બહુ માનનો ખેતાબ આપ્યો.

બાદશાહ તો પોતાને ધન્ય ધન્ય માનવા લાગ્યો. શિવાજીના કુટુંબ પૈકી ઘણાં ખરાં માણસો તેણે મહા મુસ્કેલીથી કબજે લીધાં હતાં. રાજ્યનો ખુદ વારસ, આજે તેના હસ્તમાં સપડાયો, રાજમાતા આજે તેને શરણે આવી અને શિવાજીની છ પુત્રીઓ પૈકી સખુબાઇ તેના પતિ મહાદજી નિંબાળકર સહ કેદ પકડાઇ હતી. એ સિવાયની પુત્રીઓ પૈકી બીજી રાણુબાઈ એ જાધવને આપેલી હતી, ત્રીજી અંબિકા બાઇનું હરજીરાજે મહાડિક સાથે લગ્ન કર્યું હતું, ચોથી આપણી રાજકુંવર, પાંચમી કમળાબાઇને નેતાજી પાલકર સાથે પરણાવી હતી અને છઠ્ઠી દાદુ બહેન. એ સર્વ રાજારામ સાથે હતી. એક વખત રાજારામ પકડાયો કે: પછી એ સર્વે તુરતજ હસ્તગત થશે, એવા વિચારથી બાદશાહ ખુશખુશ બની ગયા હતા.

આ સપાટામાં એમને ઇસ્લામ ધર્મમાં વટલાવી દેવાં કે પુનઃ તે પોતાના હિંદુ સમૂહમાં દાખલજ થઇ શકે નહિ; એવો વિચાર તેણે ઝુલફિકારખાનને જણાવ્યો. આ તરફ ખાન પાસે ગણોજીરાવ અને નાગોજીરાવ યેસુબાઇને પોતાની સત્તામાં સોંપવા વિનંતી પર વિનંતી કર્યે જતા હતા. સ્વતઃ ખાને બાઇના આગળ કુરાન ઉંચકયું હતું; માટે તેમનો પ્રાણ બચાવવો જોઇએ, એટલુંજ નહિ પણ તેમનું ધર્મ સંબંધી મન પણ દુઃખવવું ન જોઇએ, એવા વિચારથી પ્રેરિત થઈ ઝુલફિકારખાને બાદશાહ પાસે આવી કહ્યું:

"જહાંપનાહ! સંભાજીને મારવામાં હુઝુરે ઉતાવળ કરી, પણ હુઝુરના પરાક્રમથી આજે આ દિવસ દીઠો. હવે તો બાઇ અને બાળકને મારવો ન જોઇએ. હુઝુર તેમ થશે તો મરાઠાઓ ચીડાઇ જશે અને પ્રસંગ વિકટ

થઇ જશે. ઉલટું આપણે રાજમાતાને અને તેના પુત્રને હાનિ કરીશું, એવા ભયથી તેઓ હમેશાં કંઇપણ ક્રૂર કૃત્ય કરતાં અટકશે. જે તુલાપુરમાં સંભાજીને ખાવિંદે શૂળી પર ચઢાવ્યો, તેજ તુલાપુરમાં સંતાજીએ બદલો લેવા કેવો કે'ર વર્તાવ્યો હતો તે જાણો છો કે? માટેજ કહું છું કે એમને એમ રહેવા દો.''

"રહેવા દઇશ પછી કાંઇ? માત્ર તેને પયગંબરના સેવક બનાવું છું. આજે ઇસ્લામી ધર્મનો વિજય છે. મરાઠાઓ બહુજ ત્રાસ આપશે તો એમને છોડી દઇશું, એટલે અંદરેઅંદર કલહ કરી દુર્બળ બનશે."

"ખાવિંદ, તેમને ધર્મભ્રષ્ટ કરવામાં શો લાભ છે? વિજાપુરકરે નિંબાલકરને વટલાવ્યોજ હતો, પણ પેલા શિવાજીએ તેને પાછો હિંદુ ધર્મમાં નહોતો લીધો? એટલુંજ નહિ પણ તેને પોતાની પુત્રી પણ આપી હતી ને?"

એટલામાં રાજકન્યા જેબુન્નિસા પિતાને મળવા આવી. તેણે શિવાજીની પુત્ર-વધુ અને પૌત્રને ઝુલફિકારખાન પકડી લાવ્યો છે એવું સાંભળ્યું હતું. એવા વીર પુરૂષની પુત્ર વધુ કેવી છે, તે જોવાને તે ઉત્સુક થઇ રહી હતી. પડતીના સમયમાં રાજવંશીઓ પ્રત્યે રાજવંશીઓને સ્વાભાવિક રીતેજ અનુકંપા થાય છે.

આ બાળા ઔરંગજેબની ઉત્તરાવસ્થામાં તેની અત્યંત પ્રેમ પાત્ર હતી. મનુષ્ય ગમે તેવો એક માર્ગી હો, દુષ્ટ હો, અહંકારી હો, તામસી હો, તેમ છતાં તેના મન ઉપર મોહ નાખનાર પણ એકાદ મનુષ્ય હોય છેજ. તેની કોઇને કોઇ જગ્યાએ એટલી દઢાસક્તિ થયેલી હોય છે કે, જે સ્થળે તે વસે છે તે સ્થળ જો કે અતિ દુર્બળ હોય, પણ તે તેના સામર્થ્ય કરતાં પણ ભારે થઇ પડે છે. જેબુન્નિસા એવાજ પ્રકારનું ઔરંગજેબનું એક દઢ ભક્તિ સ્થાન હતું. તે આવતાંજ ઝુલફિકારખાને ઉભા થઇ નમન કર્યું. ખાને પછી રાયગઢની સર્વ હકીકત કહી, તેમાં એ મરાઠા રાજાએ કિલ્લાના રક્ષણ માટે કેવો ઉત્તમ બચાવ કર્યો હતો અને મોગલોને કેવા હંફાવ્યા હતા તે તેણે આનંદપૂર્વક કહ્યું. છેવટે દેશદ્રોહી આગલ તેનો ઉપાય કેમ ચાલ્યો નહિ, એ જ્યારે ખાન કહેવા લાગ્યો ત્યારે, પિતા પુત્રીના મુખ ઉપર ભિન્ન ભિન્ન

પ્રકારના વિકાર ઉપસી આવ્યા. પોતાની કલ્પના કેવી યશસ્વી થઇ તેની વિજયશ્રી આલમગીરના વદન પર ઝળકતી હતી ત્યારે પુત્રીના વદનકમળ પર પ્રત્યક્ષ કરૂણા રસ કોઇએ રેડયો હોય એવો ભાસ થતો હતો, અને સૂર્યાજીની હકીકત સાંભળતા તેના પર પુનઃ ક્રોધનું આવરણ થયું, અને "એવી રાજવંશી સ્ત્રી પર પત્થર જેવા અંતઃકરણના રાક્ષસે ઘોર વિપત્તિ લાવી મુકી." એવા સહજ ઉદ્‌ગાર નીકળ્યા.

ઔરંગજેબે કહ્યું: "બેટા, ત્હારે એ હરામજાદો જોવો છે કે? આમ ગાદી પર આવીને બેસ. હું તે (અપૂર્વ વસ્તુ)ને મંગાવું છું."

દિલ્હીશ્વરે આવી ઇચ્છા પ્રદર્શિત કરતાંજ ખાને તુરતજ સૂર્યાજીને બોલાવી લાવવા સેવકોને હુકમ કર્યો. બાદશાહનું તેડું આવતાંજ સૂર્યાજીને ધ્રાસકો પડયો. મનુષ્ય ગમે તેવો અવળા કાળજાનો હોય, પણ તેને પ્રથમ દર્શનીય એકાદ બાબત વિષે સામાન્ય લોકોને જેવું લાગે છે, તેવાજ પ્રકારનું કંઇક તેને પણ લાગે છેજ. પછી પાછળથી જાતિ સ્વભાવ પોતાની સત્તા ચલાવે છે. બાદશાહનું તેડું આવતાંજ સૂર્યાજીને કાલની અને આજની સ્થિતિ વચ્ચે ભયંકર અંતર લાગવા માંડયું.

"મ્હેં આ શું કર્યું, હવે તેનું પરિણામ અનુકૂળ આવશે કે, મહા કપટી બાદશાહ કંઇ જુદુજ કરી બેસશે?" એવા પ્રકારના વિચારોથી તે પ્રથમ તો ધૈર્ય ગલિત થઇ ગયો.

એ વિચારને છેવટે પાણીચું મળ્યું. "પોતે બાદશાહની ઉત્તમ સેવા બજાવી છે, બાદશાહ આપણા કામનું ગૌરવજ કરશે." એ સુખદ વિચારે તેની ચિંતાક્રાંત ચિત્તવૃત્તિ પર તુરતજ પડદો નાખ્યો. હવે બાદશાહ આગળ ભપકાબંધ જઇશ એટલે, "આવો વાઇના દેશમુખ." એવી મહત્તા આપી બાદશાહ મશ્કરી કરશે! મનોરાજ્યમાં લુપ્ત થઈ તે બાદશાહ પાસે જવા નીકળ્યો, એટલામાં બીજો એક વિચાર તેના મનમાં આવ્યો અને તે સાથેજ તે અચકાયો! "યેસુબાઇ ત્યાં આવી ઉભાં રહેશે તો? તેમને મોઢું કેવી રીતે બતાવીશ? દેવીને કેવી લાગણી થશે?" આ વિચારે તેને ગભરાવી નાખ્યો પણ "જેમ થવાનું હશે તેમ થશે. એ તો રાજ્યપ્રપંચ કહેવાય.

મ્હેં માર્ગ બતાવ્યો ન હોત તો પણ ખાન તે શોધી શક્યો હોત, ત્યારે મ્હેં વહેતી ગંગામાં સ્નાન કરી લીધું, એમ બેધડકપણે દેવીને કહીશ." એવો નિશ્ચય કરી તે ચાલવા લાગ્યો.

બાદશાહ આગળ આવતાંજ તે કુર્નિસ્ બજાવી પૂર્ણ અદબથી ઉભો.

તેને જોતાંજ જેબુન્નિસાના ચહેરા પર ક્રોધની છટા પ્રસરી રહી. બાદશાહે તેને વિનોદથી કહ્યું:

"હું ધારતો હતો કે: શિવાજીની પેઠે ભર દરબારમાં મ્હારી સાથે એ ગર્વ પૂર્ણ મિજાજથી વર્તશે કે શું? પરમ દિવસે એક સરદાર પોતાની યોગ્યતા કરતાં પણ વિશેષ અભિમાનથી મ્હારી પાસે આવ્યો હતો. મ્હેં તુરતજ તેની જીંદગી જપ્ત કરી તેને તેની યોગ્યતા બતાવી આપી."

"એવા દુષ્ટના ઘર પર હળ ફેરવી તેને ગધેડા પર બેસાડી ઢેડ ફજેતી કરવી જોઇએ." શાહજાદીના એવા શબ્દ સાંભળતાંજ સૂર્યાજીની વૃત્તિ અસ્થિર થઈ. તે બોલ્યો:

"જગતના બાદશાહ! આ ગુન્હેગારનો ગુન્હો માફ થવો જોઇએ. મ્હેં બાદશાહીને વિજયી બનાવી છે. ખુદાવંત, હું અનુકૂળ થયો ન હોત તો ખાન યેસુબાઇના નખ પણ જોઈ શકત ખરા કે?"

આ સાંભળી ખાન ચીડાયો. "અરે હરામજાદા! તું એકની સાથે બેઇમાન બન્યો તો બીજાની સાથે કેમ નહિ બને? ત્હારી કીંમત હું સમજું છું. ખાવિંદ, આ હરામખોરને પયગંબરના ખરા ધર્મમાં લાવી હલાલખોર બનાવવાની સંધી આપવા કૃપા કરો, નહિ તો બહુજ ગરમ થયેલી રેતી પર એને રોળી નાંખવો જોઇએ."

"કેમ ખાન સાહેબ! મ્હેં માને, શીર્કે, મોહિતેને વશ કરી લઇ તમારો કચ્ચરઘાણ કાઢયો નહિ, તેથી મ્હને રેતી પર રોળાવો છો? સંતાજીને ભુલી ગયા કે? તમારી ઇજાર પણ તે કાઢી લેતો હતો ને?"

"તોબાહ, બડી અફસોસકી બાત હૈ, બહાદરપુર (ખાનદેશ)થી ખુજસ્તે બનિયદ (મધ્ય પ્રાંત) સુધીનો રસ્તો તે સંત્યાના માણુસોએ ઉજ્જડ કર્યાના સમાચાર મ્હને મળ્યા છે. મ્હારો મુકામ બરાનપુરમાં પડયો હતો

છતાં એવા બનાવ એ ધડક રીતે બન્યા તેનું મ્હને આશ્ચર્ય થાય છે! ખાન, મોહિતે, વગેરે આ હરામખોરની માફક રાજદ્રોહી તો નહિ હોય ને? તમામ મરાઠા માત્ર ચોર! લુચ્ચા! ગળાફાંસુ!”

“ખાવિંદ, હું નહોતો કહેતો કે, એ નિમકહરામ મરાઠાઓને ઘરમાં રાખશો નહિ! એમણે વિજાપુરશાહી ખોઇ નાખી અને નિજામશાહીને રસાતળ પહોંચાડી દીધી! તેમના કરતાં તો આપણા હુઝુરાલી સરદારો આજે ઇમાન પૂર્વક કામ કરે છે! આપણા સરદારોને ખાવિંદે, જાગીરીના ટુકડા કાઢી આપ્યા છે, પણ તે લોકો પોતાનું સૈન્ય નોકરીમાં રાખે છે કે? હઝારમાંથી અર્ધા માણસો કોઇપણ સરદારની ટુકડીમાં હોય છે કે, તે તપાસો! કેટલાકોએ તો સૈનિકોમાં પોતાના ચાકરનોકરોનાં નામ નોંધાવેલાં છે. ત્યારે મરાઠા તરફ જુઓ! તેમની ટુકડીમાં કેવા શૂરા સૈનિકો હોય છે! ઘોડેસ્વારો ઘોડાઓને ભિન્ન ભિન્ન ચાલે ચલાવવામાં, પૂર જોસથી દોડાવવામાં, કૂદકા મરાવવામાં, વ્હેળા—નાળા કે ટટ્ટીઓ ઓળંગવામાં, ઘોડા પરથી ભાલા ફેંકવામાં, બંદુકની નેમ તાકવામાં, અશ્વપરીક્ષા કરવામાં, અશ્વૌષધી જાણવા વગેરમાં કેવા હુશીયાર હોય છે? જન્મથીજ તેમને એ શિક્ષણ ગામડાના અખાડામાંજ મળે છે. આપણા સરદાર તરફ નજર કરો! ખાવિંદ, પ્રત્યેક સ્વાર સરદારના શરીરપર તરવારનો ઘા ચુકવવા બખ્તર હોય છે. જાણે કે યુદ્ધ વાયુથી તેમનું સૌંદર્ય ઘટી જશે! ખાવિંદ, એમના ઘોડા પણ કેટલા ભપકાદાર! તેમની પીઠ પર મખમલનાં ખોગીર, બન્ને બાજુએ સાટીનની કીનારી, ઘોડાના મસ્તકથી તે પૂચ્છ સુધી સોનારૂપાના ગોટા, સાંકળીયો અને એવાજ ભિન્ન ભિન્ન પ્રકારના શૃંગાર, વગેરે જોઇએ છીએ તો આપણે દક્ષિણમાં લગ્ન માટે આવ્યા છીએ કે હુમલા માટે તેજ હું સમજી શકતો નથી! પ્રથમ તો વસ્ત્રો ધારણ કરવામાંજ મારામાર! પછી સંતાજી જેવા સાહસિક શત્રુ પર ચઢી જવાની તો વાતજ શી? માટેજ કહું છું કે, પરવરદીગાર, એ મરાઠાઓને આપણામાં ભેળવશો નહિ! તેઓ ક્યારે દગો કરશે એ કહી શકાય નહિ, રજપૂતોને એકત્ર કરવાથી શો લાભ થયો?”

“મ્હારૂં પણ એવુંજ કહેવું છે કે જે મરાઠો આજે તેને ઇસ્લામ

ધર્મમાં વટલાવી સાથે રાખવો એટલે તેની જાતના માણસો તેનો દ્વેષ કરશે અને પછી તેને આપણાપરજ આધાર રાખી રહેવું પડશે ! સૂર્યાજીનેજ પ્રથમ વટલાવીશું કે એના ઘરમાં ભેદ થયો સમજો ! એની દેશમુખીમાં બે ભાગ ! એક મુસલમાનનો અને બીજો હિંદુનો ! બન્ને કદી પણ એકત્ર થઇ સામનો કરી શકશે નહિ. સૂર્યાજી ! ત્હારે પયગંબરના શિષ્ય થવું જોઇએ. ”

“ હું મુસલમાન થાઉં ત્યારે તમે મ્હને વૈભવ આપો તેનો મ્હને શો ઉપયોગ ? જે વૈભવ જાતભાઇમાં શોભાવે તેનું નામ વૈભવ ! શરીરપર સો મણ સુવર્ણ ધારણ કરીએ અને તેની ઈર્ષા કોઇ કરનાર હોય નહિ ત્યારે તેની કિંમત શી ? બાદશાહ, હું મુસલમાન થઇશ તો મ્હારાં સગાંવહાલાં શત્રુ બનશે, ઇર્ષાથી નહિ બળે ! મ્હારો શત્રુ એટલે બાદશાહના આશ્રિતનો શત્રુ ! મ્હારી અધોગતિ એટલે બાદશાહના આશ્રિતની અધોગતિ ! બાદશાહ ! એમાં આપને શો ફાયદો ? બાદશાહ, મ્હારા લોકો મ્હને જોઇને બળશે, તો મ્હને બાદશાહીનું અભિમાન થશે ! પછી મ્હારા લોકો મ્હને મનાવવા આવશે ! હું તેમને લલચાવી બાદશાહના આશ્રયમાં લાવીશ. મુસલમાન થયાથી તેમ બનશે ખ કે ? ”

“ સાંભળ સૂર્યાજી ! નિમકહરામોએ બાદશાહને વિશ્વાસની વાતો કરવાના ઢોંગમાં પડવું નહિ. ત્હારે મુસલમાન થવુંજ જોઇશે. નહિતો રાજદ્રોહી માની અમે ત્હારો વધ કરીશું. જેણે લાલચથી એક સ્વામીનો ઘાત કર્યો તે બીજા સ્વામીનો ઘાત કર્યા સિવાય કેમ રહેશે ? ” ખાને કહ્યું.

“ હં ! ઉદ્યોગ તે ઉદર માટેજ કે ? ઉપકાર પુણ્યની લાલચથીજ કે ? ત્યારે તેમાં ધર્મકંટક શા માટે જોઇએ ? રામ કોણ અને રહીમ કોણ ? મ્હારા જેવા પત્થરનો ઉપયોગ દેવળને થાઓ કે મસજીદને થાઓ, જાજરૂના પગથીયામાં થાઓ કે રાજભુવનના અંતર્મહાલમાં થાઓ. મ્હને શું ? ખાન, મુસલમાન થાઉં છું, પણ મ્હારે વાઇના દેશમુખ તરીકે મ્હારા જાતભાઇઓ આગળ ફરવું જોઇએ. ”

“ અરે, આ હરામજાદાને મ્હારી નજર આગળથી દૂર કરો, અને ખાન, સંભાજીની સ્ત્રીને અને છોકરાંને મુસલમાન બનાવી દો. મ્હને તે

છોકરો ઘણો ગમ્યો છે. મ્હારી થાળીમાં તેણે જમવા આવવું જોઇએ!"

"ખુદાવંત, નહિ. મ્હેં તે બાઇને વચન આપ્યું છે માટે નહિ. મ્હેં જો વચન ન આપ્યું હોત તો તે બાઇ પોતે પોતાના પુત્રસહ જોહારને આધિન થઇ હોત! ગમે તો ડફ્ળે, માને, નિંબાળકર વગેરેને વટલાવી નાખો. ચોર, બાદશાહીની નોકરી કરવાનો ડોળ કરે છે અને અંદરથી સંતાજીને અનુકૂળ રહી બાદશાહી પ્રદેશ લૂંટી ખાય છે."

"કોણ બાદશાહી પ્રદેશ લૂંટે છે? ખાન, એક રાયગઢ કિલ્લો જીત્યો એટલા પરથી બડાઇ ન હાંકશો? હજી મેદાન તો આગળ છે. સ્ત્રીઓ અને બાળકોને તો ગમે તે જીતી લાવશે પણ ખરા મર્દને જીતવો જોઇએ! ત્યાં જાઓને?" નાગોજીરાવ માને એકાએક અંદર આવી ખાનના શબ્દો સાંભળી બોલી ઉઠયો.

આજ વખતે ગણોજીરાવ શીરકે નાગોજીરાવ સાથે કંઇ વિનંતિ કરવાના ઉદ્દેશથી આવ્યો હતો, તેણે પણ બાદશાહને કહ્યું:

"હુઝુર! મ્હારી એક બંદગી સાંભળો. મ્હારી બહેનને આપે કબજે કરી છે તે ઠીક થયું, પણ હવે તે દુઃખી થશે, જીવનું જોખમ કરી બેસશે, માટે ખાવિંદે તેને મ્હારા કબજામાં રાખવી. એટલે પોતાના સગાને પાસે જોઇ તે કંઇક શાંત થશે."

"ખાવિંદ, નહિ. એ મરાઠાઓ પછી ધીમે રહીને બાઇને ખસેડી મુકશે." ખાને કહ્યું.

"છટ્! મરાઠા રાજકુટુંબ પૈકી કોઇએ પણ ઇસ્લામ ધર્મને માન આપવું જોઇએ. સંતાજીએ પયગંબરનું જે અપમાન કર્યું છે તે દૂર થવુંજ જોઇએ."

બાદશાહ આ પ્રમાણે કહેતા હતા તેજ વખતે શાહજાદી જેબુન્નિસા યેસુબાઇને જોવા ગઈ હતી તે તેને અને રાજપુત્રને લઈ પાછી આવી. તે બાળા સાહેબ સાથે પ્રેમથી રમતી હતી. બાળાસાહેબ પણ તેની સાથે ગેલ કરવામાં મશગુલ હતો. બાદશાહ અને ખાન કંઈ વાતચિત કરતા હતા. બાદશાહ પોતાનું સાંભળે છે કે નહિ, એ વાતનો મનમાં વિચાર કરતો ગણોજીરાવ

ઉદાસ વૃત્તિથી ઉભો હતો. નાગોજીરાવ ખૂની અને ક્રોધી મુખે ખાન તરફ જોતો ઉભો હતો. ખુદ બાદશાહને ઠીક પરસ્પર જામી છે, મરાઠા મુસલમાન, મુસલમાન રજપૂત, રજપૂત મરાઠા, એ લોકોમાં એકબીજાને કદી બને નહિ તે માટે ઔરંગજેબે બડી સાવચેતી રાખી હતી, અને તેજ પ્રસંગ આજે અચાનક પ્રાપ્ત થયો છે એ જોઇ ગણોજીને અંદર ગલીપચી થતી હતી. એટલામાં બાદશાહની ઉંચી, ગંભીર અને સફેત દાઢીથી શોભતી મૂર્તિ જોઇ બાળા સાહેબને કંઇ કૌતુક લાગ્યું તેથી તે એકદમ જઇ બાદશાહને વળગી પડયો, અને ત્યાંથી છૂટયો તે શાહજાદી પાસે ગયો. તે જોઇ બાદશાહને અતિ આશ્ચર્ય થયું. જેબુન્નિસાના વૃદ્ધ પિતાને એમ પણ લાગ્યું હશે કે તે તેનોજ પુત્ર હોવો જોઇએ. બેગમનું લગ્ન હજી સુધી થયું નહતું. કારણ, બાદશાહની પ્રિય પુત્રીને અનુરૂપ સ્થાન કયાંથી મળે? એથી પુત્રીનું સંસાર સુખ વૃદ્ધ અલમગીરને જોવા મળ્યું નહતું, તો પણ તેનો આજનો વાત્સલ્ય ભાવ જોઇ ઔરંગજેબનાં નયનમાં આનંદાશ્રુ ચમકવા લાગ્યાં. “મ્હારો પૌત્ર પયગંબરનો ફકીર થવોજ જોઇએ.” એવા જ્યારે બાદશાહે નિશ્ચિત ઉદ્‌ગાર કાઢયા ત્યારે તે સાંભળી પાસેના તંબુમાં યેસુબાઇએ એક કારમી ચીસ પાડી. બિચારીપર ત્રિભુવન તુટી પડયું હતું. આવી સ્થિતિમાં તેનો છેવટનો આશાંકુર જ્યારે દૃષ્ટિ આગળ છિન્ન થઇ જવા લાગ્યો, ત્યારે તેનું સર્વ ધૈર્ય જતું રહ્યું. પતિનિધનના સમાચાર સાંભળી, લોકકલ્યાણેચ્છાના દૈવી સામર્થ્યબળથી, જેણે પોતાના દીયરને બંધુ વિયોગના શોકની મૂઢતાથી પરાવૃત્ત કર્યો, જે લોકોના કલ્યાણ માટે યેસુબાઇએ સ્વસુખ સંભાળ્યું નહિ, તેઓમાંજ સૂર્યાજી જેવાં ઝેરી સર્પ ઉત્પન્ન થયેલા જોઇ પ્રથમથીજ તેમની ઉદાસીની સીમા રહી નહતી. તેમાં પણ પેટનો પુત્ર સ્વધર્મથી વિમૂખ થશે, એ સાંભળી તે શોકદાવાનલમાં શેકાઇ ગઈ અને મરણોન્મુખ થઇ પડી!

યેસુબાઇના હૃદયમાં જેમ જેમ શોક વધતો ગયો, તેમ તેમ ગણોજીનું વજ્ર જેવું કઠિન અંતઃકરણ દ્રવિત થયું. રાજકુંવર અને રાજારામને લજ્જાસ્પદ કરવા, તેને જો કે યેસુબાઇની જરૂર હતી, પણ એકનિષ્ઠ રાજસેવા કરવા છતાં પોતાની નજીવી ઇચ્છાને લેશમાત્ર પણ બાદશાહ આલમગીર માન

આપતા નથી, તે રાજસેવાનો તેને તિરસ્કાર ઉત્પન્ન થયો. નાગોજીરાવને પણ તેવોજ તિરસ્કાર ઉપજ્યો. "કારણ કે ખાન રાજકર્તાની જાતિનો છે, તો પણ આપણે તેની પેઠેજ બાદશાહીના કીર્તિભંડારમાં વધારો કરીએ છીએ છતાં ખાન સ્વજાતિનો હોવાથીજ બાદશાહ તેનું કહ્યું માને અને આપણી મશ્કરી કરે." એ જાણી તેમને ઘણું માઠું લાગ્યું.

બિચારી શાહજાદી જુદાજ કારણ માટે અશ્રુ ઢાળતી હતી. એક ઉંચ રાજવંશપર કઠિન દુઃખદ પ્રસંગ આવ્યો તેનું તેને ઘણું દુઃખ લાગી આવ્યું. તેણે પોતાના પિતાને કહ્યું: "મ્હારી ખાતર આ બાળકની માતાને દુભવશો નહિ. એનું સુખ જોઇને મ્હને સુખ થાય છે. એનું અંતઃકરણ ખિન્ન થતું જોઇ મ્હારૂં અંતઃકરણ ભેદાઇ જાય છે!" શાહજાદી ઘૂંટણીએ પડી પિતાની કરૂણા યાચે છે, યેસુબાઇનાં નેત્રમાં અશ્રુનો પ્રવાહ વહી રહ્યો છે. ઔરંગજેબ, નહિ બસ! આજના વિજયનો ભાગ પયગંબરને આપવોજ જોઇએ, તેથીજ આગ્રહ લઇને બેઠો છું. બાદશાહ કૃતઘ્ન થયા છે કે શું, એવું ખાનને લાગ્યું. તે ક્રોધે ભરાયો છે, એટલામાં યેસુબાઇનો આશ્રિત ખંડોજી ગુજર બાદશાહ આગળ આવ્યો. તેણે બાદશાહને ગદગદિત કંઠે પણ તદ્દન સ્પષ્ટ રીતે કહ્યું:

"વૈભવશાલી આલમગીર! હું પ્રતાપરાવ ગુજરનો પુત્ર, શિવાજીનો સગો છું. બાદશાહીનો કટ્ટો શત્રુ, સાલ્હેરના યુદ્ધમાં મહોબતખાન, લાલખાન જેવા શૂરવીર બાવીશ મોગલ સરદારોને જેણે હરાવ્યા તે, પ્રતાપરાવ ગુજરનો હું વંશજ, છત્રપતિ રાજારામ મહારાજનો હું સાળો, રાજભક્ત, અને મોગલોનો કાળ તમારા પયગંબરના ધર્મનો, તમારી જયના પ્રસાદ તરીકે આજે ભોગ થવા આવ્યો છું. મ્હને મુસલમાન કરો અને તમારી ઉદાર શાહજાદીને, પોતે પરધર્મીયોપર પણ પેટના પુત્રની પેઠે મમતા કરી શકે છે એવી દિગંત કીર્તિ મેળવી લેવા દો! વિજેતા ઔરંગજેબ, જીતાયલાઓને ઉપકાર છત્ર નીચે હમેશ રાખે છે, એવી દિગંત કીર્તિ ઉછળવા દો! ચાલો, મ્હને મુસલમાન બનાવો."

ખંડોજીના આ પ્રકારના આત્મયજ્ઞથી ત્યાં ઉભા રહેલા સર્વ આશ્ચર્ય-

ચકિત થઇ ગયા. ગણોજી નાગોજીનાં અંતઃકરણમાં ક્ષણવાર માટે અદ્દભૂત આવિર્ભાવ ઉત્પન્ન થયો. જે વિરોચિત બળથી સંભાજીએ દેહયજ્ઞ કર્યો તેજ બળથી ખંડોજીએ આજનો આત્મયજ્ઞ કર્યો! આ ઉદાર પરોપકારી દશ્ય જોઇ ગણોજીનું અંતઃકરણ મૃદુ બનાવવાને માટે પૂર્ણ હતું; કારણકે રાજકુંવરે તેને થોડુંક પોષણ આપી મુકયું હતું.

પયગંબરને આવો લાયક ભક્ત મળવાથી બાદશાહને પણ આનંદ થયો; શાહજાદીનું અંતઃકરણ કાવ્યસ્ફૂર્તિથી ઇશ્વરનો આભાર માનવામાં લીન થઇ ગયું. યેસુબાઇનાં નેત્રનાં અશ્રુબિંદુ પાંપણોપરજ મોતીના દાણા પેઠે સ્તંભિત થઇ ગયાં.

પ્રકરણ ૨૯ મું.

જીંજી નિવાસ.

"જેણે માતૃભૂમિનું સેવાવ્રત સ્વીકાર્યું છે તેને વિશ્રાંતિ કયાંથી? સાચો રાજા તો જગતની જાહોજલાલી, ઐશ્વર્ય, દારિદ્ર, અવનતિ વગેરેને સમુદ્રનાં ફીણ જેવાં માને છે અને તેથી ચલિત થઈ કદી પણ સ્વધર્મથી વિમુખ થતો નથી."

(જયન્ત.)

છત્રપતિ રાજારામે સ્વાર્થત્યાગ કર્યો હતો? હા, તેણે ભરત પ્રમાણે અનાયાસે પ્રાપ્ત થયેલું રાજ્ય પોતાના બન્ધુ સંભાજીના પુત્રના નામથી ચલાવ્યું હતું. માતુશ્રી યેસુબાઇ શું સ્વાર્થત્યાગી દેવી હતાં? હા, તેમણે સ્વસંરક્ષણની કાળજી રાખવા સાથે રાજ્યાધિકારી પોતાના પતિબન્ધુના સંરક્ષણની ઉત્કટ ચિંતા ધારી હતી. શું ખંડોજી આત્મત્યાગી વીર હતો? હા, તે ઘરબાર છોડી પોતાના રાજપિતા સાથે જંગલે જંગલ ભટકયો હતો. એવાં સ્વાર્થત્યાગી મરાઠા રત્નોના આત્મોત્સર્ગનાં જેટલાં ગાન ગાઇએ તેટલાં ઓછાંજ.

રાજકુંવરનો આત્મભોગ આવાજ પ્રકારનો હતો. કારણ કે નાગોજીરાવને પનાળપરથી છોડી દીધા પછી અને ખંડોજીએ રાયગઢની ચિંતાજનક વાત કહી ત્યાર પછી તે ગાંડી બની કોઇને જાણવા ન દેતાં રાયગઢની સ્થિતિ કેવી છે તે જાતે જોવા નીકળી હતી. વચમાં કમળા અને પુતળાની જોડી પેલા જંગલના દેવળમાંથી પનાળગઢને રસ્તે વળી હતી. તે મહાડ સુધી આવ્યાનું વાચકો જાણેજ છે. આ બન્ને તેવીજ સ્વાર્થત્યાગી–દેશભક્ત–મહીલાઓ હતી. એ બન્ને આગળ ચાલી જતી હતી પણ પનાળની બાજુએ મોગલ સૈનિકો પડેલ જોઇ તે ગભરાઇ. કેમ ન ગભરાય! એ બચારીઓએ કોઇ દિવસ ઘર બહાર નીકળી તાપ ટાઢ જોયાં ન હતાં તેમાં પણ આજે તેઓ એક ભયંકર આફતમાંથી ન્હાસી છૂટી હતી, તેથી તે આશ્ચર્યચકિત બની ગઇ હતી.

રાયગઢ પડવાથી ખંડોજી જેવા આપણા દેશભક્ત સન્યાસીને સ્વાર્થત્યાગ રૂપી ગાંડપણ લાગ્યું. સમાચાર કહી રાજારામ વગેરેને જીંજી તરફ મોકલી દેવા પગમાં સર્વ બળ એકત્ર કરી તે પનાળગઢપર દોડી ગયો. મોગલો પણ તેની પાછળજ બમણા વેગથી પનાળ–મીરજ તરફ વહેતા હતા. તેમના રસ્તામાંજ આ બન્ને સ્ત્રીયો મળી. તેણે તેમને નજીકના ગામમાં છુપાઇ રહેવા કહ્યું. રાજકુંવર એ બન્નેથી કેમ છૂટી પડી ગઇ તે કોણ જાણે ? ખંડોજી પનાળગઢ ગયો. મંડળી ધીમે ધીમે પનાળ છોડી કર્ણાટક તરફ સીધાવી ગઇ, આ વૃત્તાંત વાચકની જાણ બહાર નથીજ. એ સપાટામાંજ ખંડોજી રાજકુંવરને શોધવા નીકળ્યો.

રાજકુંવરનો પત્તો ક્યાંથી લાગે ? રાયગઢ પતનના દુઃખદાયક સમાચાર સાંભળ્યા પછી રાજકુંવરનું વજ્ર જેવું કઠિન દેહભાન જતું હતું. તે હાવરીબાવરી ગમે તે તરફ નીકળી ગઇ. તે જંગલેજંગલ ગમે ત્યાં ભટકતી હતી. વચ્ચેજ તે ગાંડાઇની લહેરમાં આવી હોય તેમ અટકતી, પોકળ શ્રાદ્ધ કરતી અને પુનઃ અંતઃકરણ હલકું થયા પછી ઉદાસપણે માર્ગ ક્રમણ કરતી. તેને તેજ રસ્તે જતાં કેટલાક વેરાગી મળ્યા. તેમની પાછળ પાછળજ તે નિરાશાથી, પણ શૂન્ય ચિત્તે જવા લાગી. વેરાગીઓ સ્નાન માટે એક વહેળા

આગળ ઉતર્યા. એણે પણ ત્યાં સ્નાન કર્યું. બાવાઓએ કંદ ફલ મૂળનો આહાર કરવા માંડયો; ત્યારે રાજકુંવર ઉદાસપણે ચોતરફ જોતી બેસી રહી. પેલા સાધુઓએ તેને કેટલાંક ફળ આપ્યાં. તે તેણે શૂન્ય ચિત્તે ખાધાં. પેલા વેરાગીઓ પોતાનાં ગાંસડાં પોટલાં બાંધી ચાલવા લાગ્યા પણ તે તો ત્યાં ને ત્યાંજ ચિત્તભ્રમિષ્ટની પેઠે બેસી રહી.

તેને પછી શી લહેર આવી તેતો તેજ જાણે? તે ત્યાથી ઉઠી, થોડેક દૂર જતી, "ભાભી, દેવી," એવી બૂમ મારતી. કોઇને ઉત્તર નહિ આપતું જોઇ તે ત્યાંજ બેસી પડતી અને રડતી. પુનઃ તે ઉઠતી, ઝપાટા બંધ આગળ જતી! પુનઃ ગમે ત્યાં અટકતી. અરે, રાયગઢનો રસ્તો આજ કે?" વાયુનેજ એવો પ્રશ્ન પૂછતીઃ " અરે રાયગઢ મોગલોએ લીધો!" મ્હારા બાળાસાહેબ? અરે દેવી? અરે વૃક્ષો, મ્હારી દેવી કયાં છે? મ્હને દેવી પાસે લઇ જાઓ!"એવા એક સરખો વિલાપ કરતી તે અહીંથી ત્યાં અને ત્યાંથી અહીં તાપતડકામાં ફરવા લાગી. તે આવી રીતે રડતી ત્યારે તેના મસ્તકપરનાં વૃક્ષનાં પક્ષીઓ પણ પોતાનો કિલકિલાટ બંધ કરી દેતાં. તે રડતી પોકાર કરતી પ્રત્યેક વૃક્ષ, પાન, છોડ, વેલીને જ્યારે દેવીનો માર્ગ પુછતી, ત્યારે વનમાં ભટકતાં હરિણોનાં વૃંદ પણ સ્તંભિત થઇ રહેતાં, અને તેનો વિલાપ રવ સાંભળતા. જાણે તેને આશ્વાસન આપતાં ન હોય

પ્રભુ રામચંદ્ર પણ પત્ની વિરહથી ગાંડા બની દંડકારણ્યમાં વૃક્ષ વેલીઓને સીતાદેવીનો માર્ગ પુછતા ભટકતા હતા. જુઓ, બીજી એક સ્વદેશભક્ત ગાંડાલોકોની પેલી જોડી, આ તરફ આવે છે. બન્નેનાં મુખમંડલ તાપથી કરમાઈ ગયેલાં છે, એટલુંજ નહિ પણ ક્ષુધા તૃષાની પીડાથી તે અત્યંત હેરાન દેખાય છે. પેલી ન્હાની વેરાગણ તો પોતાના હાર તરફજ જોયા કરે છે. વચ્ચે વચ્ચે તે હસે છે. સાંભળો, તે શું કહે છે?" પુતળાબાઇ, હાર કરમાયો હોય એમ લાગે છે! અરે બહેન, હવે તે કયાં હશે? તેમને વિકટ સમયે હું ઉપયોગી થઇશ કે? કમળા, અભાગિણી કમળા, તું તેમને છોડીને એકલી રહી?" બીચારી ઘૂંટણ પર માથુ મૂકી રડતી બેઠી. તેનું રૂદન જોઇ રાજકુંવર પોતાનું દુઃખ વીસરી તે પણ તેના તરફ એકી ટસે જોતી બેઠી.

તે અશરણ બેઠેલી હતી તે વખતે એક સંન્યાસી હાથમાં દંડ કમંડલુ લઇ "**નારાયણ! નારાયણ!**" એવો નામ ઘોષ કરતો જતો હતો, તેણે તે સ્ત્રીઓને જોઇ. સન્યાસી અટક્યો. તેણે કમંડલુમાંથી જળ લઇ પુતળા અને કમળાના અંગ પર સહજ છાંટયું. એટલામાં રાજકુંવર ત્યાં દોડતી આવી અને કહ્યું: "સ્વામીજી! યેસુબાઇ, કયે રસ્તે ગયાં?"

પુતળા સાવધ થઇ. તેણે રડતાં રડતાં પોતાની અને કમળાની કર્મ-કથા કહી, એટલામાં પુનઃ રાજકુંવર યેસુબાઇનો માર્ગ પુછવા લાગી. એ જોઈ પુતળા ચમકી. તેના મુખમાંથી તુર્તજ "બાઇસાહેબ!" એવા શબ્દો નીકળ્યા. રાજકુંવરે તેના મુખ સ્હામું જોયું અને તે પુનઃ ભ્રમિષ્ટની પેઠે વર્તવા લાગી.

સંન્યાસી ત્રણેને પોતાની પર્ણકુટિરમાં લઈ ગયા. પર્ણકુટિરની આજુ બાજુ ગાઢ ઝાડી હતી. આજુ બાજુ એક બે પાણીના ઝરા હતા. તે પર હરિણનાં વૃંદ યથેચ્છ વિચરતાં હતાં.

ત્રણે સ્ત્રીઓ સહિત સન્યાસી અંદર બેઠા હતા, ત્યાં એક સફેત દાઢી-વાળો બીજો એક ડોસો બેઠેલો જણાયો. સંન્યાસીને જોતાંજ તે ઉઠીને ઉભો થયો અને બોલ્યો: "અલમીમી આરબ, (વિદ્વાન સાધુ) મી કાસીર-ઇ-હરબી. (હું દેહાંતની શિક્ષાને યોગ્ય એવો પાપી છું.) મ્હને મંત્ર તીર્થ આપો! સુરત ઇ-ઇખલાસ અને સુરત-ઇ-શફા, એ મંત્ર ભણી અમારા મસ્તકપર અમારા ફકીર પાણી છાંટે છે. હું એકલો રહું છું. ટોપીઓ બનાવી ઉપજિવિકા ચલાવું છું. કદી નાચ-તમાશા જોતો નથી. કદી મૃદુ ગાદીઓ પર સુતો નથી, પણ આ દાસ ખુશખોરમ ઘોડા જેટલો પણ સુખી નથી, એમ કેમ?"

"બાદશાહ, તૃષ્ણાથી સુખ ઉત્પન્ન થાય છે અને તૃષ્ણાથીજ તે નષ્ટ થાય છે." સંન્યાસી નાના દિક્ષિત બાદશાહના સંતોષ માટે આવું કંઇ કહે છે, વારંવાર બાદશાહ, એ નામથી તે અન્યને સંબોધે છે, એ જોઇ રાજકું-વરનાં નયન ભભૂક્તા અગ્નિ જેવાં બની ગયાં. એ જોઇ નાના દિક્ષિત બાદ-શાહને ઉદ્દેશી બોલ્યાઃ-

"બાદશાહ! એકની ઘેલછા—ગાંડાઇ દશનાં સુખ નષ્ટ કરે છે. જો, તને જેમાં સુખ છે તેમાં દશને દુઃખ છે. એક કુટુંબમાં દશના સુખ માટે જેમ એક માણસ મહેનત કરે છે, તેમ આ જગતરૂપી કુટુંબના સુખ માટે મહેનત કરનાર માત્ર સાધુ સંતોજ છે. જે સાધુઓ એવા પરોપકારી નથી તે કેવળ બકધ્યાની કાર્યસાધુ." બાદશાહ ઔરંગજેબને સાધુ આ ઉપદેશ કરે છે, એટલામાં પુષ્પ ભરેલી છાબડી લઇ એક ઉત્તમ શિષ્ય અંદર આવ્યો. તેને જોતાંજ દિક્ષિતે કહ્યું:—"ખંડુજી, તને મ્હેં રહેવા દીધો તે ઠીક કર્યું નહિ. આ રત્નો સંભાળ. આ રાજકન્યાનું રક્ષણ કર. એ સર્વને રાજારામ પાસે લઇ જા."

છેવટના વાક્યથી ઔરંગજેબની ચિત્તવૃત્તિ ખળભળી ઉઠી. તે ચારેજણ તરફ અસ્ખલિત નયને જોઇ રહ્યો. એટલામાં ખંડોજી તે ત્રણેને અંદર લઇ ગયો. ઔરંગજેબ ત્યાં ઘણા વખત સુધી સ્વામીનો ઉપદેશ સાંભળવાના મિષે બેસી રહ્યો હતો. ખંડોજીએ તે ત્રણેને પુરૂષ પોષક ધારણ કરાવ્યો. નાના દિક્ષિતે આ બાજુ ઔરંગજેબને ભૂતદયાનો ઉપદેશ કરતાં કરતાં યેસુબાઇ જેવી રાજ્યપત્નીને દુઃખ આપશો નહિ એમ કહ્યું. તેના ઉત્તરમાં ઔરંગજેબે કહ્યું: "ફકીર, મ્હારે હાથે એવું કંઇ થશે નહિ. તેમજ આ બે ત્રણ પૈકી ગમે તે તેમની પાસે આવી ખબર લઇ જાય અને તે આપને આવીને કહે."

"ઠીક, ઠીક, ખંડોબા, મ્હારા શિષ્યવર્ય. પુતળરાવને બાદશાહ સાથે મોકલવાને તૈયાર કર. તે યેસુબાઇનો પરામર્ષ લેશે. તેને ખાત્રી આપજે કે બાદશાહ ત્હારો વાળ પણ વાંકો નહિ કરે. હથેળીમાં પુષ્પની પેઠે સાચવશે, કેમ ઔરંગજેબ?"

ઔરંગજેબ પાસે આવું કબુલ કરાવ્યા પછી સ્વામીએ પુતળાને પુરૂષ વેષમાં સજેલી જોઇ પોતે જાતે તેને કંઇ કહ્યું અને ઔરંગજેબની સાથે યેસુબાઇ પાસે બ્રહ્મપુરી મોકલી. આ તરફ કમળા અને રાજકુંવરને મરદાની પોષાકમાં જોઈ ખંડોજી સાથે વ્યંકટગિરિપર રાજારામની મંડળીમાં જઇ એકત્ર થવા કહ્યું.

વાચક ! આપણો ખંડોજી રાજકુંવરને શોધતો શોધતો નાના દિક્ષિતની પર્ણકુટીમાં આવી ઉતર્યો હતો. તેને ત્યાં પેલા ત્રણ ગાંડા કેવી રીતે મળ્યા, તેમાંથી એકને યેસુબાઇનો પરામર્ષ લેવા કેવી રીતે મોકલી એ સર્વ હકીકત સુવિદિત થઇ ગઇ છે. ખંડોજીના સાન્નિધ્યથી રાજકુંવર કંઇક ઠેકાણે આવી હતી. ખંડોજી એટલે પોતાને છોડાવનાર તે કોઇ એક સાધુ છે, એટલીજ કમળાને કલ્પના હોવાથી તે તેના તરફ આદર દર્શાવતી.

આ ત્રિમૂર્તી વ્યંકટગિરિપર પહોંચ્યા પછી ખંડોજીએ આપણા સંતગીર બાવાની મુલાકાત લીધી. સંતગીર બાવાએ આ વખતે વિલક્ષણ કાનડી પોષાક પહેરેલો હોવાથી ખંડોજી સાથે આવેલો નવીન વેષધારી વીર તેને ઓળખી શક્યો નહિ, પણ ખંડોજીએ તેને એક બાજુ લઇ જઇ કાનમાં કંઇ કહ્યું. આથી તેને એટલો આનંદ થયો કે કંઇ પુછોજ નહિ. તેણે વસ્ત્ર નીચે રહેલો હાર કાઢયો અને તે તરફ પ્રસન્ન મુખે જોયું. ખંડોજીએ પુનઃ તેને શુદ્ધિમાં આણ્યો અને સંતગીર બાવાની સેવામાં પટ્ટ શિષ્ય પ્રમાણે રહેવા કહ્યું.

સંતગીર બાવા આ વખતે પોતાની ધૂનમાં મસ્ત હતા, મોગલોએ મિરજ-પનાળની બાંજુએ ચઢાઇ કર્યાના સમાચાર તેને દાવાનળ પ્રમાણે બાળતા હતા. કર્ણાટકનો સુબેદાર કાસમખાન પૂર્ણ તૈયારીથી પોતાની પાછળ સજ્જ થયો છે એવી ખબર તેણે કર્ણાટકમાં સાંભળી. જુલફિકારખાન જીંજી પર આવનાર છે એવી વાતો પણ કેટલાક દક્ષિણી બાવાઓ કરતા હતા. આથી તે એટલો તો અસ્થિર બન્યો હતો કે તેનો નિત્યનો વ્યવસાય અસ્તવ્યસ્ત થવા લાગ્યો. એટલે ખંડોજીએ સેવામાં આપેલા શિષ્યને સંતગીર બાવાની સાધારણ રીતેજ અત્યંત આસ્થાથી સેવા કરવી પડતી.

માર્ગક્રમણ કરતાં કરતાં મંડળી બેંગલુર આવી. અહીં રાજારામને પકડવા માટે વિજાપુરનો ફોજદાર કાસમખાન છૂટેલો હોવાના સમાચાર પુનઃ આવ્યા. ખંડોજી સમજ્યો કે; બાદશાહે નાના દિક્ષિતની પર્ણકુટિરમાં મ્હને જોયા પછી મ્હારી પાછળ પાછળજ તેના ગુપ્તચર મોકલેલા હોવા જોઇએ, કારણ કે કાસમખાન બરાબર બેંગલુર પર નેમ રાખીનેજ ચાલ્યો આવતો હતો.

આ કલ્પના સત્ય હોવાની ખાત્રી માટે કારણ પણ એવું બન્યું કે, બેંગલુરની ધર્મશાળામાં એ મંડળી ઉતરી હતી. તે દરમ્યાન રામગીર બાવા હાથ પગ ધોતા હતા, ધનગીર બાવા તેમના પગપર પાણી રેડતા હતા અને સંતગીર બાવા તે પગ રૂમાલથી લૂંછતા હતા. એટલામાં ખૂણામાંથી ઉતરેલા નાના વિધ પ્રવાસીઓમાંથી એક જણ કાનડીમાં બોલ્યો: "અરે ! આ કાપડી હોય એમ લાગતું નથી. કોઇ પણ ભાગ્યશાળી દક્ષણી જણાય છે. બાદશાહી જાહેરનામાવાળા તો નહિ હોય ?"

કર્મ ધર્મ સંયોગે ખંડોજી કાનડી ભાષા જાણતો હતો. તેણે આ ગણગણાટ સાંભળતાંજ, ત્યાં રહેવું જોખમ ભરેલું સમજી, પ્રલ્હાદગીરવાળાને તુરત મુકામ ઉઠાવવા સુચવ્યું. ખંડોજીના ભય સૂચનથી સર્વે ચમકીને જાગ્રત થયા. સંતગીર, ધનગીર અને દાભાડેએ રાજારામગીરને વારાફરતી ઉંચકી લીધા. પ્રલ્હાદગીર અને બીજા સર્વ અન્ય રસ્તે પ્રયાસે નીકળી ગયા.

આ સર્વને ખંડગીરે સ્વસ્થ ચિત્તે જવા દીધા અને પોતે કંઇ ગુપ્ત ઉદ્દેશથી શાંતપણે એક બે વિશ્વાસુ પરિચારકો સહ તે ધર્મશાળામાં રહ્યો. એટલામાં ફોજનું ધાડું આવી પહોંચ્યું. ચોકીવાળાઓ ખંડોબા અને તેના સોબતીયોને બાંધી કોટવાલ તરફ લઈ ગયા.

આટલો શિકાર હાથમાં આવતાંજ કોટવાળના આનંદોદધિની વાતજ શી પૂછવી ? તેણે કેદી થઇ આવેલાઓને ભય આપી "તમારો રાજા કયો ? તમે કોણ છો ?" વગેરે પુછ્યું.

"અમે ગરીબ કાપડી છીએ. યાત્રાર્થે નીકળ્યા છીએ. રામેશ્વર જઇએ છીએ. અમારી સાથે બીજા પાંચ દશ માણુસો હતા, તે ગમે ત્યાં ચાલ્યા ગયા. અમારે બીજી તરફ જવાનું હતું તેથી અમે પાછળ રહ્યા." ખંડગીરે આ પ્રમાણે કહ્યું, પણ કોટવાળ સાહેબને તે કયાં ખરૂં લાગે તેમ હતું ? એની સાથે બીજા પાંચ દશ માણુસો હતાં એવી બાતમી તેને મળી હતી. તે ચાલ્યા ગયેલાઓમાંજ એમનો રાજા હોવો જોઇએ, વગેરે સંશયથી કોટવાલ સાહેબનું માથું ધમધમી ઉઠયું. તેણે તેમને ચાબુકનો માર મારવાનો હુકમ કર્યો.

ખંડોજીની પીઠપર સેડ સેડ ચાબુકનો માર પડવા લાગ્યો. તેના પ્રાણ આકૂળ વ્યાકુળ બની ગયા તેમ છતાં ઉત્તર એકજ હતો. મારવાથી પણ ઇચ્છિત બનતું નથી એ જોઇ કોટવાલે તેની ગરદનપર મણ મણ વજનના પત્થર મુકાવ્યા. આ વખતે માત્ર "હર હર પરમેશ્વર, પ્રલ્હાદને તેં આવુંજ કષ્ટ આપ્યું હતું." ખંડોજીના મુખમાંથી એવા ઉદ્ગાર નીકળ્યા. છેવટે કોટવાલે રક્ષા–રાખોડીના તોબરા ચઢાવ્યા, પણ ખંડોજીનો એકજ ઉત્તર ! "અમો કાપડી છીએ, અમને કેમ ત્રાસ આપો છો ? અલ્લાહ તમોને જોઇ લેશે." તે જ્યારે આવો શાપ આપવા લાગ્યો, ત્યારે કોટવાલે તેને કેદમાં નાખવાનો હુકમ કર્યો.

હુકમનો અમલ થયો. ખંડોજીના હાથપગમાં મણમણની સાંકળો નાખવામાં આવી તે પણ સહન કરી પૂર્ણ નિશ્ચયથી મૃત્યુ દેવને આહ્વાન કરતો અંધારી કોટડીમાં જઇ પડ્યો. મધ્ય રાત્રે ખાનના કાળદૂતોએ તેને ડુંગળી અને રોટલો આપ્યો. ખંડોજીએ તે જોઇ તેમને તિરસ્કાર પૂર્વક કહ્યું "અમે યાત્રાળુ, મુસલમાનના હાથનું ખાઇશું નહિ."

બીજે દિવસે અને ત્રીજે દિવસે એમજ થયું. કેદીઓને ત્રણ દિવસના કડાકા થયા, અને મારથી તેમનાં ચક્ષુમાં પ્રાણ તરવરવા લાગ્યા, મુખ પાંડુ વર્ણ બની ગયું, શક્તિ ક્ષીણતા પામી ગઇ અને શરીર થરથર કંપવા લાગ્યું. આવી સ્થિતિ જોઈ કોટવાલનેજ દયા આવી, તેઓ ખરા કાપડીજ છે તેની ખાત્રી થઇ તેથી તેણે તેમને છોડી દીધા.

ગાંડા કોટવાલ ! જે ઘેલછાથી તું પવિત્ર દેશ ભક્તિને ત્રાસ આપવા તૈયાર થયો હતો તે ઘેલછાનું મૂળ લોભ હતું. દિવાના ! બેવકુફ ! વાસુદેવ દેવકી, હરિશ્ચંદ્ર, તારામતી, વગેરેએ કારાગૃહરૂપી આનંદભુવનને સત્યાગૃહ માનેલું છે. તું તેમને ગમે તેટલાં કેદ કર પણ તે માર્ગ કોઇથી કદી પણ અવરોધી શકાશે કે ?

દિવાના ઔરંગઝેબ ! સાર્વ ભૌમત્વ જેવા મહત્વના ઉચ્ચ પદપર તમે વિરાજમાન હોવા છતાં, તે સ્થળ તમારા સ્વભાવને મહત્વ અને ઉચ્ચ બનાવી શક્યું નથી. વાસ્તવિક રીતે ઉચ્ચ આસનપર બિરાજનારનો સ્વભાવ મહત્વ-

પૂર્ણ, ઉચ્ચતમ, ઉદાર ભાવના યુક્ત હોવો જોઇએ. ત્યાં બેસનારમાં શ્રેષ્ઠત્વ ઔદાર્યત્વનું મિલન જગતની દૃષ્ટિએ પડવું જોઇએ. એટલે ઉચ્ચાસનનું માન કોના તરફ હોવું, ન હોવું કે જવું જોઇએ. એ પ્રશ્નને સ્થાનજ રહેતું નથી. ઉચ્ચાસનના સ્વભાવદોષને લીધે કહો, કે વૈભવના પ્રદર્શનને લીધે કહો, ઇંદ્રની અમરાવતી અને વિષ્ણુનું વૈકુંઠ એ દાનવોને માટે ઇર્ષાના વિષયરૂપ બન્યાં હતાં. પેલા કૈલાસ તરફ નજર કરો. ઉચ્ચાસનપર બિરાજેલા એ શંકર ભગવાનનો નિસ્પૃહ વૈરાગ જોઇ, તે પદાધિકારીની સેવા એથી ઉલટીજ રીતે મ્હોટા મ્હોટા દાનવોએ પણ કરી છે, કારણ રાજભોગમાં પણ ત્યાગ વૃત્તિ અને દયા, ઉદારતા, પરોપકાર એજ.

જગતમાં આ પ્રમાણે કોઈ સ્વાર્થની તો કોઇ વૈરની ઇચ્છાથી, કોઇ મહત્વાકાંક્ષાથી તો કોઈ સંસારસુખના મોહથી, કોઇ સત્ય નિષ્ઠાથી તો કોઇ દેશભક્તિથી, એવા વિવિધ પ્રકારનાં વિવિધ મનુષ્યો ગાંડા બનેલા હતા, તે વખતે સમર્થ જેવા જ્ઞાની મહાત્માઓને મહારાષ્ટ્રમાં કેટલુંએ કાર્ય કરવાનું હતું?

ખંડો બલ્લાળના અપૂર્વ સ્વાર્થત્યાગને લીધેજ સર્વે જીંજીના સુપ્રસિદ્ધ દુર્ગસમીપ આવી પહોંચ્યા. એ અજીત કિલ્લો મદ્રાસ ઇલાકામાં અર્કાટ જીલ્લામાં અર્કાટની દક્ષિણે સુમારે પંદર ગાઉ પર આવેલો છે. એ કિલ્લો ત્રણ ટેકરીયોથી બનેલો છે. ત્રણે ટેકરીયોની આજુબાજુ સુમારે સાત મૈલ ઘેરાવાનો એકજ માટીનો મજબુત કોટ હોવાથી તેનો વિસ્તાર અતિ પ્રચંડ જણાય છે. એ ત્રણ ટેકરીયો પૈકી સર્વમાં ઉંચી અને પ્રસિદ્ધ એવી જે રાજગિરિ નામક ટેકરી છે, તેના દક્ષિણ તરફનો ભાગ એકદમ સીધોસટ છે. તે ઠેકાણે આ કિલ્લાનો મુખ્ય ભાગ બંધાયલો છે આ કિલ્લાની પૂર્વ તરફ જવાને તેના નૈઋત્ય ભાગમાં જે ભયંકર કોતર જણાય છે, તે સિવાય અન્ય માર્ગજ નહતો. એવા કઠિન સ્થાને આ કિલ્લો પ્રથમ કોણે અને ક્યારે બાંધ્યો એ વિષે વિશ્વાસનીય માહિતી જોકે મળતી નથી, તો પણ એ પ્રચંડ કામ ચોલ રાજાના હાથનું હોવું જોઇએ, એમ જણાય છે, પણ કેટલેક ઠેકાણે એ વિષે એવી માહિતી મળે છે કે, તંજાવરના પ્રસિદ્ધ

સરદાર વિજયરંગના પુત્રે ઇ. સ. ૧૪૪૨ ના અરસામાં આ કિલ્લો બાંધવાનો શરૂ કર્યો અને છેવટે એ કામ વિજયનગરના રાજાએ પૂર્ણ કર્યું. ગમે તેમ હો, પણ એ કિલ્લો પ્રાચીન છે એતો સત્યજ.

હમણાં એ કિલ્લાપર જઇએ છીએ તો પૂર્વકાળમાં બંધાયલા વિશાળ ધાન્ય ભંડાર એક બે જીર્ણ દેવાલય, કસરતશાળા અને કલ્યાણ મહેલ ઇત્યાદિ મકાનો મરામતને અભાવે જમીન દોસ્ત થતાં દૃષ્ટિએ પડે છે. કલ્યાણ મહેલનું સુંદર કામ અદ્યાપિ પણ નવા કામને પાછળ પાડે તેવું છે. તેમાં એક મોટું સુંદર દિવાનખાનું છે. તેની ચો તરફ જનાનખાનાની પુષ્કળ ઓરડીયો છે. મધ્ય ભાગમાં સુમારે ૫૦ હાથ ઉંચાઇનો એક દશ મજલી સુંદર મહેલ છે. મહેલમાં ચોતરફ પાણીના નળ છે. મહેલ શિખરપર પાણી ઉરાડનારો એક ફુવારો છે. સર્વ નળ ઘણે દુરથી આણેલા અને તે ઠેકાણે ઠેકાણે કોટની ભીંતોમાં ફેરવેલા જણાય છે. રાયગિરિપર એક મ્હોટી તોપ ગોઠવેલી છે. તે જે ધાતુની બનેલી છે તે ધાતુ બિલકુલ કઢાતી નહિ હોવાથી જ્યારે જોઇએ ત્યારે નવી જેવી જણાય છે. એ સિવાય ત્યાં અદ્યાપિ દેખાતી નિશાનીઓ કહીએ તો, રાજભુવનમાં પડેલો બારહાથનો સમચોરસ એવો એક મ્હોટો સંગે મરમરી પત્થર અને કેદીઓનો ભયંકર કૂપ એ બે છે.

જીંજીનો કિલ્લો તાલિકોટના યુદ્ધ પર્યંત વિજયનગરકરના તાબામાં હતો. ત્યાર પછી ઇ. સ. ૧૬૩૮ માં વિજાપુરકરના પ્રસિદ્ધ સરદાર બંધુલાખાને તે સર કરી લઇ ત્યાં વિજાપુરકરનું થાણું બેસાડયું હતું. બંધુલાખાનના હાથ નીચે જે સૈનિક ટૂકડીએ પરાક્રમ કરી એ કિલ્લો હસ્તગત કર્યો હતો, તે ટોળીના અધિકારી છત્રપતિ શિવાજી મહારાજના પિતા શહાજી હતા. શિવાજીએ પોતાના ઉદયકાળે વિજાપુરકરનો એ બળવાન કિલ્લો લઇ ત્યાં મરાઠાઓનું થાણું બેસાડયું. ત્યારથી તે અજીત સ્થળ મરાઠાઓની સત્તામાં હોવાથી કોલ્હાર, બાળાપુર, ઉરુકટા, બેંગલોર, એલુર અને જીંજી એ છ પરગણાનું જે નાનું રાજ્ય શહાજીએ કર્ણાટકમાં મેળવ્યું હતું, તેનો રાજ્યકાર્યભાર આ કિલ્લા પરજ ચાલતો હતો. પોતાના કર્ણાટકના રાજ્યના સંરક્ષણાર્થે શિવાજીએ એ કિલ્લા પર કાયમનું લશ્કર, અને સ્વતંત્ર અધિકારી

નીમ્યા હતા. તેમણે સરકારી હુકમ પ્રમાણે કર્ણાટકનો બંદોબસ્ત રાખી દર વર્ષે એક વખત એકંદર હિસાબ આપવા માટે રાયગઢ આવવું, એવી વ્યવસ્થા કરેલી હતી. શિવાજી મહારાજના અષ્ટ પ્રધાન પૈકી અમાત્ય તરફ કર્ણાટકના ન્હાના રાજ્યનો સર્વ અધિકાર આપેલો હોવાથી તે જીંજી જતા આવતા હતા. આ કર્ણાટકનું મરાઠા રાજ્ય જોકે ન્હાનું હતું, તોપણ તેની વ્યવસ્થા અત્યુત્તમ હોવાથી–સંપુર્ણ કર્ણાટકના નાક જેવો જીંજીનો કિલ્લો તેમની સત્તામાં હોવાથી–સર્વ કર્ણાટક પર તેમની સત્તા ઠીક રહેતી હતી. આ કર્ણાટકના રાજ્યને મરાઠા ચંદીનું રાજ્ય કહે છે. શિવાજી મહારાજનો કાળ થયા પછી સંભાજીની નિરંકુશ સત્તામાં તે છ પરગણાં પૈકી બેંગલુરનું પરગણું મોગલોના હાથમાં જઈ, ત્યાં તેમનું થાણું બેઠું હતું. બીજું ઉસ્કા પરગણું મ્હૈસુરકરે લીધું. એટલે આ વખતે માત્ર ચાર પરગણાં અને જીંજીનો કિલ્લો એટલુંજ માત્ર રાજારામની સત્તામાં હતું, અને તેથીજ તે અહીં આવ્યા હતા.

રાજારામે અહીં નિવાસ કર્યો એ સમાચાર દક્ષિણમાં જતાંજ ન્હાના મ્હોટા સરદાર હરેક યુક્તિથી જીંજી આવ્યા. એ પ્રમાણે મરાઠાઓનો સમૂહ વધતો ગયો અને રાજધાનીનું સ્થાન જીંજી બન્યું.

મહારાજ સ્થિર થતાંજ નિળોપંત મહાડિક અને જનાર્દનપંત હનમંતે* સર્વ સલ્તનત (સર્વ પ્રકારનું દળ) લઈ મહારાજની સેવામાં ઉપસ્થિત થયા. મહારાજાએ તેમનો અને અન્યોનો સત્કાર કરી સર્વને વસ્ત્રાભૂષણ આપ્યાં. અહીંથીજ સર્વ કાર્યભારનો આરંભ કર્યો.

---

* નારો ત્રિમલ હનમંતે નામક શહાજીના સમયે દાદાજી કોંડદેવના હાથ નીચે એક કારકુન હતો. શહાજીએ દાદાજીને પુનાની જાગીરીમાં રાખી નારોત્રિમલને પોતાની સાથે કર્ણાટકમાં લઇ ગયા. ત્યાં તેણે સારાં સારાં કાર્ય કર્યા અને ઈ. સ. ૧૬૫૩ માં મરણ પામ્યો. આ પછી શહાજીએ તેના પરાક્રમી પુત્ર રઘુનાથપંતને તેના પિતાનું કામ સોંપ્યું. શહાજીના મૃત્યુ પછી રઘુનાથપંતે કેટલાક દિવસ વેંકોજીનો કારભાર ડહાપણથી ચલાવ્યો. પણ પછી કંઈક કારણ પરત્વે ઉભયમાં અણબનાવ થવાથી રઘુનાથપંત શિવાજી પાસે આવ્યો. શિવાજીની કર્ણાટક પરની ચઢાઈમાં રઘુનાથપંતે આગળ પડતો ભાગ લીધો હતો. જનાર્દપંત એ રઘુનાથપંતનો બંધુ હતો.

પ્રકરણ ૩૦ મું.

તારાબાઇનો શયતાની તરંગ.

" જીવન એ દરેકને વ્હાલામાં વ્હાલી વસ્તુ છે, પરંતુ તેના કરતાં પોતાની આબરૂને કિંમતી ગણનાર પુરૂષો જવલ્લેજ મળે છે, અથવા વિરલજ હોય છે. જે મનુષ્ય અપમાનને ખાતર સ્વદેશને અને સ્વકાર્યને ત્યજતો નથી તેનેજ ધન્ય છે ! (જયન્ત.)

વાચક, મોગલોના વિશાળ સૈન્યપર અચાનક પોતાના ઘોડાઓ ફેંકી ભાલાથી તેમના સૈન્યને બાંધી નાખનાર હુમલાને "ભાલેશાહી" કહે છે. આવી "ભાલેશાહી" માં નિપૂણ ગણાતા શૂરવીરો, જે સંતાજીની ટુકડીમાં હતા, તે સંતાજીને સ્વરાજ્ય પુનઃ પાછું મેળવવાનું વિલક્ષણ શૂર ચઢયું હતું. ધીમે ધીમે તેમણે સર્વ તૈયારી કરી દીધી. હવે વીર મરાઠાઓએ આત્મ યજ્ઞ શરૂ કર્યો, પછી આ પાર કે પેલે પાર ! છત્રપતિ રાજારામનો પગ જીંજીમાં સ્થિર થતાંજ ધનાજી અને સંતાજી એ બન્નેએ સુદર્શન ચક્રની પેઠે આસપાસના પ્રદેશમાં ફરતા રહી મોગલોનો ઉચ્છેદ કરવા માંડયો. એમણે સ્થળે સ્થળે શત્રુની તૈયારીઓ તોડી પાડી, સંતાજીએ શેખનિજામ, સર્જેખાન, રણમસ્તખાન, જાનસરખાન વગેરે જેવા ઉમદા વજીરોને આરંભમાંજ સખ્ત હાર આપ્યાથી તેનો ભય ઠેઠ બાદશાહ સુધી વધતો ગયો. બીજે ધડાકે સંતાજીએ મિરજ તરફના વિશ બાવિશ શિરજોર દેશમુખોને નષ્ટ ભ્રષ્ટ કરી નાખ્યા !

દેશભક્ત સંતાજીના એ શૂરત્વથી મોગલ સરદારો કાયર કાયર થઇ ગયા. સર્જેખાને ચીઢાઇ જઇ પનાલગઢ—પાવનગઢપર મોર્ચા બાંધ્યા. બાદશાહે

પ્રથમ સર્વ મહારાષ્ટ્ર જીતી લીધા પછી કર્નાટકમાં પગ મુકવાનો નિશ્ચય કર્યો હતો.

સર્જેખાને ઉપરોકત મજબુત કિલ્લાઓ સામે જો કે મોર્ચો બેસાડયો હતો ખરો, પણ અંદરથી કાગલકરે મજબુત હલ્લાઓથી અને વિરોચિત ધૈર્ય બતાવીને સર્વ મોર્ચા તોડી નાંખ્યા. ધૂમકેતુની પેઠે તે એકાએક કિલ્લાની નીચે આવતો અને મોર્ચાપરનાં માણસોનાં ધડમસ્તકો કાપી લાવી તેની બેઠકો બનાવી તેનાપર તોપો ગોઠવી લઢાઇ કરતો. કાગલકરનું આ પરાક્રમ જોઇ સર્જેખાન ગભરાયો. તેણે બાદશાહને મરાઠાઓના અતુલ સાહસનો પત્ર લખી મદદની માગણી કરી. પત્ર વાંચી બાદશાહ જાતે પગ પછાડતા આવ્યા અને કિલ્લાનો ઘેરો મજબુત બનાવવા લાગ્યા. એ સ્થિતિ જોઈ કાગલકરે રામચંદ્રપંતને મદદ માટે સંદેશો મોકલ્યો.

રામચંદ્રે સંતાજીને અહીં આવવા લખ્યું. સંતાજી તે તરફ કાસમખાનનો શીકાર કરવામાં ગુંથાયો હતો. જ્યારે સંતાજી આવ્યો નહિ ત્યારે રામચંદ્રપંતે “ હમણાં કિલ્લો ખાલી કરી આપવો, બાદશાહ સાથે સંધાન સાધવું, પછી આગળનો વિચાર કરીશું. ” કાગલકરને એવી સલાહ આપી.

પનાળગઢ પડયો. હવે વિશાળગઢનો વારો આવ્યો. સંતાજી ખરે વખતે મદદે આવ્યો નહિ. તેથી આ કાર્ય ભારે થયું કે શું, એવું રામચંદ્રપંતને લાગવા માંડયું. વિશાલગઢપર તેઓ ચિંતાતુર સ્થિતિમાં બેઠા હતા તે વખતે અંદરથી તારાબાઇને પુત્ર પ્રસવ થયાની ખબર આવી. એ ગડબડમાં પંત પોતાનું શલ્ય વિસરી ગયા.

આ વાતને બે ચાર દિવસ વહી ગયા. વચમાં રાજારામ મહારાજ તરફથી રાજપત્નિને જીંજી મોકલી દેવાની આજ્ઞા લઇને જાસુસો આવ્યા. વાચક ! તમે તો જાણો છો કે, શ્રી નાના દિક્ષિતે યેસુબાઇના સમાધાન માટે શિષ્યવર ઔરંગજેબ સાથે વેષાંતરિત પુતળાને બ્રહ્મપુરમાં બાદશાહની છાવણીમાં મોકલી હતી. તે સ્વામીના સેવક તરીકે ઇચ્છામાં આવે ત્યારે સ્વામી તરફ આવી શકતી અને પાછી જતી. તેને કોઇ પણ સ્થાને અટકાવ થતો નહતો. સંદેશો પહોંચાડવાનું કામ ઘણી વખત માતુશ્રી પાસે

જોત્યાજી કેસકર, ઉદ્ધવ યોગદેવ, એ બેમાંનો કોઇ પણ એક જુદા જુદા વેષથી કરતા હતા. આ વખતે પુતળા માતુશ્રીનો એવો સંદેશો લાવી હતી કે, “ હવે મહારાજાએ કુટુંબને ભયમાં રાખવું નહિ. જીંજી લઇ જવું. ” સંદેશો સાંભળી પંત “ વિશાળગઢ હમણાંજ છોડવું પડશે. ” વગેરે તારાબાઇને કહેવા ગયા.

તારાબાઇએ પંતની વાત સાંભળી લીધા પછી રાજ્ય લોલુપતાના તરંગરૂપ શયતાનને વશ થઇ પંતને કહ્યું કે; “ મ્હારા સંરક્ષણ માટે ધનાજી ન હોય તો સંતાજીને મોકલો. ” સંતાજીનું નામ સાંભળતાંજ પંતના કપાળમાં કરચલીયો પડી. “ સંતાજીનું નામ લેશો નહિ, તે અંદરથી બાદશાહનો મળતીયો હોય તેમ જણાય છે. ” એવું પંતે કહ્યું તે સાથે તારાબાઇના મુખપર હાસ્ય છટા તરી આવી. “ કેમ પંત, હવે અનુભવ થયો કે ? કમળા પનાળગઢ છોડીને ચાલી ગઇ. તમને લાગ્યું હશે કે તે યેસુદેવીના સહવાસમાં ગઇ. અરે, તેણે જાણી જોઇને બોલાવી લીધી, સમજ્યા ? આટલા મુસલમાન સરદારોને લુંટી લઇ તેણે દોલત મેળવી. તમે મનમાં મલકાતા હશો કે, એતો મરાઠાશાહી માટે મેળવી છે ! અરે, તેણે તો પોતાનું ઘર ભર્યું છે ઘર ! તુલાપુરમાં બાદશાહ ઉત્તમ રીતે સપડાયલો હતો છતાં તેણે તેને જવા દીધો ! સંભાજી મહારાજના વધનું વેર લેવું હતું તો તે વખતે બાદશાહનું મસ્તક કાપી ન લેવાત કે ? બીચારો ધનાજી આટલી બધી તનતોડીને મહેનત કરે છે, ત્યારે તેને તમે માત્ર ખેતાબ આપી રીઝવ્યો. ખેતાબ પરજ લટકાવ્યો ! અને સંત્યાને સેનાપતિ કહીને ચઢાવ્યો ! પંત તમને કેવી રીતે જય મળે ? પનાળ, વિશાળગઢ જેવા તમારાં પ્રાણસ્વરૂપ સ્થાનો કેમ તમારે છોડી ન જવાં પડે ! પેલા ધનાજીને ઢીલો કરવાનો તેણે કેટલોએ પ્રયત્ન કર્યો હતો ! પેલા જગદાળેનો પક્ષ લીધો. તે પણ ભુલી જઈ જ્યારે રૂપાજી પદાજીએ ખરી રીતે કાર્ય કરી બતાવ્યું, ત્યારે ભાઇસાહેબ તેમના પર ચીડાયા ! રૂપાજી પદાજી પુનઃ રીસાઇને ધનાજી પાસેજ આવ્યા ! એ સંત્યાના સ્વભાવથી તો કેટલાએ માણસો ધનાજી પાસે આવતા રહે છે ! ધનાજી પણ તેના સૈન્યમાંથી

ત્રાસી આવેલા માણસોને આશ્રય આપે છે તે ઠીક છે. લોકો બીચારા શું કરે? એની સાથે તન તોડીને આ છેડેથી પેલા છેડા સુધી દોડધામ કરે, અને લુંટ આવે તે એ લઈ જાય ! જ્યાં ત્યાં પોતાનુંજ ઘર ભરવું !"

"જે થયું તે થયું ! હું હવે સેનાપતિપદ એ ધનાજીનેજ અપાવું છું. હમણાં લિંગોશંકર અને વિસાજીશંકર તરાપા લઇને આવે છે, માટે નીકળવાની તૈયારી થવા દો. ધન્ય તે દેવીને ! "તમે તમારાં માણસો ત્યાં લઇ જાઓ, અમારો છુટકો જ્યારે થવાનો હશે ત્યારે થશે, પરંતુ ત્યાં સુધી તમે ચિંતા કરશો નહિ. રાજ્યચિહ્નાદિ સંભાળી, અગાઉના રિવાજ પ્રમાણે સર્વ વ્યવહાર કરી સ્ત્રીઓને વિશાળગઢથી લઇ જવી" એવો માતુશ્રીનો સંદેશો આવ્યો છે. ધન્ય છે ત્હારો સ્વાર્થ ત્યાગ !" પંતના આ શબ્દો સાંભળી તારાબાઇના મુખ પર તિરસ્કારજન્ય હાસ્ય જણાવા લાગ્યું.

વાચક ! સંતાજીએ શું ખરેખર દુર્લક્ષ્ય કર્યું હતું ? ના, ના, સોકુરગુત્તીના ધીચ અરણ્યની ઝાડીમાંથી તુંગભદ્રા સુધી સંતાજીએ ઉથલપાથલ મચાવી હતી. એકાએક તેણે ગુત્તીનો કિલ્લો પાડયો હતો.

આવે વખતે પંતે ઉપરોક્ત સંભાષણને અનુસરી મહારાજાને વિપરિત લખી સંતાજીનું સેનાપતિપદ ખેંચી લીધું. પંત પર મહારાજાનો વિશ્વાસ હતો. આ વખત મહારાજા પર શી ભૂરકી નંખાઇ તેતો તેજ જાણે ? તેમણે ભક્તાજી અને બહિરજીને સંતાજી પાસે મોકલી શિક્કો, કટાર મંગાવી લીધાં. આ વખતે અતિ શોચથી સંતાજીએ તે આપી દેવાનું પોતાના શિષ્યને કહ્યું : અને " કમળા, ત્હારૂં સંસારસુખ લંબાયું. હું શું કરૂં ? પ્રભુ આપે છે અને પ્રભુ લે છે !" બિચારો શિષ્ય અશ્રુ કેમ ગાળે છે તે કોણ જાણે ? શિક્કો કટાર કાઢી આપતાંજ તેણે પોતાના હાર તરફ જોયું. હાર કરમાયલો જણાયો, તોપણ તે ધૈર્ય ધારી રહ્યો. તે વખતે તેણે પુનઃ સંતાજીના ઉદ્દગાર સાંભળ્યા : "ઉઠ સંતાજી, કાર્ય કરી બતાવ. પદાધિકાર માટેજ ત્હારૂં કર્તવ્ય કયાં છે ? ત્હારે તો દેશને માટે કર્તવ્ય બજાવવાનું છે." એ ઉદ્દગાર સાંભળી શિષ્ય પણ મનમાં બડબડયોઃ " કમળા ઉભી રહે ! અંતઃકરણને કહે કે અધીરૂં ન થા. હજી અવકાશ છે."

સંતાજી આ વખતે અહીંથી ચાલ્યો ગયો હતો. પેલો શિષ્ય પણ ઉતાવળો ઉતાવળો પોતાના સ્વામીની પાછળ ગયો. સંતાજીની વૃત્તિ આ વખતે ઠેકાણે નહતી. આ વખતે તે જેવો પોતાના મનુષ્યોના આશ્રયની ઘીચ ઝાડીમાં પેસવા જતો હતો, તેવીજ સ્હામેથી બકુલા બની ઠની શૃંગાર મંજરી પ્રમાણે ડોલતી આવતી જણાઈ. સંતાજીની ઉછળેલી વૃત્તિને થોડોક આનંદ થયો હશે નહિ ? છટ્ ! ઉલટું તે વિશેષ ત્રાસ પામ્યો. એટલામાં બકુલાએ આવી તેને પોતાના મંજૂલ સ્વરે અટકાવ્યો: "કેમ સંતાજીરાવ, મ્હેં આપનો પક્ષ સિદ્ધ કર્યો ને ? તેઓ તો મરાઠાનો પક્ષ લેવાના છે ! હવે તમારી ઇચ્છાનુસાર થયું કે ?"

"ઠીક થયું. પણ હમણાં તું જા. ત્હારૂં કામ પુર્ણ થયું."

"એમ શું કહો છો વ્હાલા ! આપની પ્રતિજ્ઞા ભુલ્યા કે ? હવે આ દાસીને સુખી કરશો કે નહિ ?" બકુલાએ સ્મિત હાસ્ય કરી નેત્રકટાક્ષ કરતાં પુછ્યું !

"બકુલા, જા. ત્હેં જે કાર્ય કર્યું છે તે પૂણ્યમય છે. એ પૂણ્યની કિંમતથી તું મ્હારૂં પવિત્ર વ્રત ખરીદવા આવીશ નહિ. ફસાઇશ ! જે દેશપ્રેમમાં એવા અનીતિમય શૃંગારની તો શું પણ નીતિમય શૃંગારની પણ ભેળસેળ કરવાની પુરૂષને ઇચ્છા થાય છે, તેનાથી સ્વદેશોદ્ધારક ઉચ્ચતમ પ્રગતિકારક કર્તવ્ય કદી પણ સંભવતું નથી ! જા, બકુલા, પુરૂષોને પણ સ્ત્રીઓના જેટલીજ નીતિ કલ્પના બળવાન રાખવી પડે છે. મનને પવિત્ર રાખવું પડે છે. વૃત્તિને વશ રાખવી પડે છે. જા, માતુશ્રી પાછી જા ! આ અઢી હાથના માટીના શરીરપર લુબ્ધ થવા કરતાં જે સર્વ જગતમાં વ્યાપક થઇને પણ એ અઢી હાથ વધેલો છે તેની મૂર્તિને હૃદયમાં સ્થાપન કર. જા ! જગદંબા જા ! તે ભક્તિ પણ વ્યભિચારિણી થશે. માતા બકુલા ! આ દૃશ્ય જગત તે સુંદર પરમાત્માનુંજ બાળક છે. કોઇ પણ બાળકને રમાડતાં તેની માતાને શું આશ્ચર્ય નથી થતું ? જા, ભગવંતના બાળકને આહ્લાદ આપ ! જગતનાં દુઃખ નિવારણ કરવા માટે યત્ન કર. જા ! એકલું પોતાનાજ દુઃખનું નિવારણ કરવામાં લાભ શો ? ત્હેં મહારાષ્ટ્રના ઉદ્ધાર

માટે જે યત્ન કર્યો છે તે અતિ પુણ્યપ્રદ છે. તું મહાન પવિત્ર થઇ છે.”

“એમ કહો છો કે? પ્રતિજ્ઞા ભંગ કરો છો કે? જાઉં છું પણ સંતાજીરાવ, એવા નિર્દય ન બનો...... ..” તેણે એક ઉંડો નિશ્વાસ મૂક્યો.

“બસ પિશાચિણી, વ્યભિચારિણી, મુખ બંધ કર! જીભ ભ્રષ્ટ કરીશ નહિ. કોણ છે રે? એના બાપને જેવી રીતે હાથીના પગે બાંધ્યો હતો તેવી રીતે આ દુષ્ટાના પ્રાણ લો!”

“અરે જા રે કાયર! જોઉં છું કોણ પ્રાણ લે છે તે.” એમ કહી બકુલા તીરની પેઠે સું સું કરતી ચાલી ગઇ.

આ તરફ સંતાજી પણ તેવાજ ક્રોધથી નીકળ્યો તે ઠેઠ ધનાજીના સૈન્ય સાથે મહારાષ્ટ્રમાં આવ્યો. કારણ કે આ વખતે બાદશાહ, ફિરોજજંગ ગાજીઉદીનખાનને સર્વ મરાઠા પ્રદેશ જપ્ત કરવા મોકલી પોતે રાયગઢ, તોરણા વગેરે કિલ્લા જીતતો નીકળ્યો હતો.

વિશાળગઢમાં મરાઠાઓએ પુષ્કળ ધમાચકડી મચાવી. માળવા અને ગઢવીરો હદપાર લઢતા હતા પણ કિલ્લો પડયો. આ સ્થળે મરાઠાઓની સાતસો જેટલી સ્ત્રીઓ સતી થઇ.

સાતસો સ્ત્રીઓની ચિતાનો ગગનચુંબી ભડકો જોઇ રામચંદ્રપંતને કેવી લાગણી થઇ હશે? બાદશાહપર તેનો દ્વેષ વધ્યો કે, સંતાજીપર એ કહેવું કઠિન છે. તેમણે પોતાના કારકુન પરશરામપંતને કિલ્લે કિલ્લે મોકલી લોકોમાં જુસ્સો ઉત્પન્ન કર્યો. મિરજથી રાંગણાનો પ્રદેશ ફરી છોડાવવાના પ્રયત્નમાં તેમણે કમર બાંધી પંતનો બીજો કારકુન શંકરાજી નારાયણ પાડેકર પણ હિંમતે મર્દ હતો. પંતે એની માવળના કાર્યપર યોજના કરી. મદદ માટે માવળામાં બાજી સર્જેરાવ દેશમુખ, પાસલકર, દેશપાંડે અને મુઠેખોર વગેરે વીરપુરૂષોને માણુસો સાથે આપ્યા.

શંકરાજી નારાયણની કરામત કંઇ ઓરજ હતી. તાનાજી સંતાજીની ખુબી તે સારી રીતે જાણતો હતો. બાદશાહે મેળવેલા કિલ્લાપર તેણે પોતાની કળાનો ઉપયોગ કરવાનો આરંભ કર્યો. પહેલે ધડાકે તેણે રાત્રે રાયગઢપર હલ્લો કર્યો. મધ્ય રાત્રિને વખતે તેણે નિસરણીની સહાયથી કિલ્લાના

તટપર ચઢાવ કર્યો અને મોગલોનું નિશાન નીચે પડ્યું ! આ પરાક્રમથી શંકરાજીના માવળા ગઢશૂરોને એટલું પ્રોત્સાહન મળ્યું કેઃ તેમણે તુરતજ તોરણા, રોહિડા વગેરે કિલ્લા અને ઘાટશૃંગોપરનો ઘણોખરો પ્રદેશ જીતી લીધો. વિશાળગઢ જવાથી રામચંદ્રપંત સતારાપર રહી મરાઠાશાહીનો કારભાર જોતા હતા, તેથી બાદશાહે સતારાને ઘેરો નાખ્યો. અહીં પ્રયાગજી અનંતે બાદશાહને બીલકુલ દાદ આપી નહિ. બાદશાહે પરળીને ઘેરો નાખ્યો. અહીં પરશુરામ ત્રિબંકે પરળીનું સંરક્ષણ અતિ વિરતાથી કર્યું. શંકરાજી નારાયણે સંતાજીગીરી કરી બહારથી છાપા મારી બાદશાહને એટલો હેરાન કર્યો કે બાદશાહની ફોજે તુરતજ મહારાષ્ટ્રમાંથી પગ કાઢી લઇ જીંજી તરફ પોતાનો મોર્ચો ફેરવ્યો.

બાદશાહી ફોજ જીંજી તરફ વળી તે સાથેજ સંતાજી ધનાજીએ તેને જીંજી નહિ પહોંચવા દેવા બીડું ઝડપ્યું ત્યારે મહારાષ્ટ્રમાં પરશુરામ ત્રિંભકે સંગમનેર રહી કોકણમાં, શંકરાજી નારાયણે માવળામાં, રામચદ્રપંતે સતારામાં રહી દેશમાં, પરસોજી ભોંસલેએ ગોંડવણ, વરાડ, ગુજરાત ગંગાતીર, બાગલાણ વગેરે ઉત્તર તરફના પ્રદેશમાં, વગેરે સ્થળોએ એવો સખ્ત બંદોબસ્ત રાખી બાદશાહની ફોજ સામે કૂદી પડવા લાગ્યા કે; બાદશાહી લશ્કરની રેવડી દાણાદાણ થઇ ગઇ ! સ્વદેશભક્ત વીર મરાઠા સરદારોએ બાદશાહની ચોતરફની સત્તા ઉઠાવી નાખી. કહો કે શૂરવીર મરાઠાઓએ આત્મયજ્ઞમાં શત્રુઓને બલિદાન આપ્યું.

સંતાજી ધનાજીએ દક્ષિણ અને કર્ણાટકના બાદશાહી સૈન્યને દક્ષિણમાંથી દાણોપાણી કે ફોજની લેશ માત્ર મદદ પહોંચવા દેવી નહિં. ભુલથી એકાદ બે લશ્કરી ટુકડી લાંબે સુધી જાય તો મરાઠાઓએ અચાનક શયતાનની પેઠે તેમની સામે ઉભા રહેવું; મોગલોનું સાહિત્ય ઝુંટાવી લેવું; તેમનાંજ હથીયારોની કમાનો બનાવી તેમનાજ ગળામાં નાંખી દેવી; એવો ક્રમ શરૂ કર્યો તેથી સર્વત્ર મરાઠાઓનો એટલો તો દાબ બેઠો કે, જીંજીને ઘેરો નાંખી પડેલા જુલફીકારખાનના સૈનિકો ઉંઘમાંથી "સંતાજી આયા ! ધનાજી આયા !" એવી બુમો પાડી ઝબકી ઉઠતા, એટલુંજ

નહિ પણ સંતાજી ધનાજીનું નામ સાંભળી મોગલ સ્વારના ઘોડા સુદ્ધાં પાણી પીવાનું છોડી દેતા !

પોતાના માણસોની આવી સ્થિતિ જોઇ, બાદશાહે જુલફીકારખાનની મદદે મુંદેલા સરદાર દલપતરાય, વિજાપુરના કોટવાલ કાસમખાન અને જુલફીકારખાનના પિતા આસદખાનને મોકલ્યા.

સંતાજીને આ બાતમી મળતાંજ તેણે ધનાજીને ખબર આપી બન્ને કાસમખાન સામે એટલા જોસથી ધસ્યા કે જેથી તે ગભરાઇ જઇ દુંઢેરીના કિલ્લામાં ભરાયો, સંતાજીએ એ કિલ્લાને ઘેરી લઇ સર્વે મોગલ સરદારને કેદ કર્યા, પણ તેનો બદલો અતિ ભારે લઇ તેમને પ્રાણદાન આપ્યું. આ બદલો ૫૦—૬૦ લાખ રૂપિઆ સુધીનો હતો.

કાસમખાનના દુર્દૈવની વાત સાંભળી રાજપુત્ર કામબક્ષ અતિશય ચીડાયો. તેણે એકદમ જીંજીનો કિલ્લો જમીન દોસ્ત કરવાનો હુકમ આપ્યો. જુલફિકારખાન કેવળ બેફીકરો છે. ૬ વર્ષ સુધી માંખો મારતો બેસી રહ્યો તેથીજ મોગલોની બદનામી થઇ છે, એવું કહી તેને અપમાન આપી તાબડતોબ મુકામ ઉઠાવી જવાનો નિશ્ચય જાહેર કર્યો,

વૃદ્ધ વજીર આસદખાન, પોતાના પુત્રનું અપમાન કેમ સહન કરી શકે ? પ્રથમથીજ રાજપુત્રને બાદશાહે પોતાના પુત્ર પર દેખરેખ રાખવા મોકલ્યા એ જાણી વજીર ખીજવાયો હતો. તેમાં કાસમખાનને મૃત્યુ પામેલો જોઇ તેણે બાદશાહ પાસે કર્ણાટકની સુબેદારી પોતાના પુત્રને અપાવી હતી, એ શલ્ય કામબક્ષને પણ ખૂંચતું હતું.

પ્રકરણ ૩૧ મું.

રમણી કે રાક્ષસી ?

ક્ષુધાની યાતનાથી સિંહ પ્રાણ ત્યાગશે;
ત્હોય કદી તૃણ ભક્ષવા ન ઇચ્છશે;
વિવેકી, ટેકી, વીર આત્મભોગ આપશે,
તથાપિ કૂળ-ટેક કદીયે ન લોપશે.

મરાઠાઓનો વૈભવ આ પ્રમાણે જીંજીમાં પુનઃ સ્થાપિત થયો. સ્વદેશપ્રેમી મરાઠાઓએ હિમ્મત નહિ હારતાં પ્રયત્ન કર્યો તેનું સુફળ પ્રાપ્ત થયું. છેદાયલું વૃક્ષ પુનઃ દ્વિગુણિત બળથી ફૂટયું, એ જોઇ ઔરંગજેબ બાદશાહને પગથી માથા સુધી અગ્નિ લાગી. સંતાજી ધનાજીએ એવી તો નાકેબંદી કરી હતી કે દિનપ્રતિદિન બાદશાહની દક્ષિણની ફોજને કર્ણાટકમાં મદદ કે માલ મોકલવાનું–અરે ! બાતમી લઇ જવા લાવવાનું પણ અશક્ય થતું ગયું. બીજી વાત એ હતી કે, જીંજીમાં રાજારામ મહારાજે અષ્ટ પ્રધાનની નિમણુંક કરી સર્વને જાગીરી પદવીઓ વગેરે આપી મરાઠા વૈભવનો સૂર્ય પુનઃ મધ્ય સ્થળે આવ્યાનું જગતને જાહેર કર્યું. છત્રપતિ શિવાજી મહારાજના નામને લાગેલું કલંક સત્પુત્ર રાજારામે ધોઇ નાખ્યું. મહારાષ્ટ્ર ગૌબ્રાહ્મણનું રક્ષણ થવા લાગ્યું. બાદશાહને આ વાત કડવી લાગે એ સ્વાભાવિકજ હતું. તેણે જુલફિકારખાનને જીંજીનો ઘેરો અતિશય કડક બનાવવાને સખ્ત આજ્ઞા કરી. કામબક્ષ પણ ખાન અને વજીરની વિચિત્ર વર્તણુંકથી ચીડાયલો હતો, તેથી તે ઘેરો અતિ કડક બન્યો.

તદપિ સંતાજીની ચપળતાને લીધે વજીર આસદખાનને નાકે દમ આવ્યો. " થોડા ઘણા વખતમાં મરાઠાઓ આપણને હતા ન હતા કરી નાંખશે. "

એ વાત બન્ને ખાન જાણી ચુકયા હતા. જુલફિકારખાનને તો કર્ણાટકની સુબેદારી જોઈતી હતી. તે તરફ બ્રહ્મપુરીમાં બાદશાહ એહસ્તનશીન થયાની વાત પ્રસરવાથી કામબક્ષનું ચિત્ત પણ અસ્થિર થયું હતું. આવી સ્થિતિમાં ગ્રહણમુક્ત થવાનો સમય નજીક આવ્યો છે એવું રાજારામ મહારાજને લાગતું હતું. એટલામાં સુપ્રસિદ્ધ કુશલ મુત્સદ્દી, ખરા સંકટને સમયે મહારાષ્ટ્ર કર્ણાટકને સંભાળનાર, કઠિન પ્રસંગના નેતા અને મરાઠાશાહીની પ્રાણપ્રતિષ્ઠા કરનાર પ્રલ્હાદપંત એકાએક કૈલાસનિવાસી થયા. એથી રાજારામની કંમર ભાગી ગઇ! તેઓ નિરાશ થયા!

મહારાજ આવી વિષાદયુક્ત પરિસ્થિતિમાં હતા, તેવે સમયે એક દિવસ તારાબાઇ અને ધનાજી જાધવ સાંત્વન કરવા આવ્યા. વાત કરતાં કરતાં જાધવરાવે, અમુક અમુક સૈન્યને નાલબંદીના પૈસા મોકલવા જોઇએ એવું મહારાજને કહ્યું. મહારાજે કંટાળીને કહ્યુઃ

"હું શું કરૂં? પ્રલ્હાદપંત ગયા. એ સર્વ વ્યવસ્થા તેઓ કરતા હતા." ધનાજી; "મહારાજ! કાલે સવારે સંતાજીએ ઢુંઢેરીગઢમાં ૬૦-૭૦ લાખનો ખજાનો મેળવ્યો તે શું તેને ઇનામમાં આપી દીધો? આ જગદાળે કહે છે કે તેણે મહારાષ્ટ્રમાં પણ આવોજ ખજાનો ભરી રાખ્યો છે."

મહારાજઃ "હશે! તેની પાસે પુષ્કળ ભાલેશાહી સૈન્ય છે. તેનો ખર્ચ તે ચલાવે છે. તેનો ઘાસદાણો તે મ્હારી પાસે થોડો માગે છે?"

તારાબાઇઃ "સાંભળ્યું કે? તેનાજ માણસો તેનાથી કંટાળ્યા છે. તમને એક પૈસાનીએ લૂંટ કરવા દેતો નથી. તેનો પારેખ કહેતો હતો કે, તેણે કરોડો હોન મેળવ્યા છે. સૂર્યાજી સ્વાર્થી બન્યો તે એનુંજ દૃષ્ટાંત જોઇને! તે પરમદિવસે મુદ્દામ મ્હને કહેવા આવ્યો હતો. તેનું કહેવું બરાબર છે, કેમ, ધનાજી? અરે, જે વખતે રાયગઢ પડવાનો હતો, તે વખતે જ્યારે સંતાજી પોતાનો ધાડપાડુનો ધંધો ચલાવી લૂંટ એકત્ર કરતો ગયો, ત્યારે "વહેતી ગંગામાં હાથ કેમ ન ધોવા?" એવી બુદ્ધિ સૂર્યાજીને સુઝે તેમાં નવાઇ શી?"

ધનાજીઃ "એ વાત રહેવા દો. હમણાં તે આસદખાન સાથે કંઇ

વિચાર ચલાવે છે. ખાન નકામો ઘેરો નરમ કરી વાંદિવાસમાં જઈ બેઠો છે. તેની ગોઠવણ બરાબર છે. બાદશાહ વૃદ્ધ થયો છે. આજે જશે, કાલે પડશે એવી તેની અવસ્થા છે. તે મરે નહિ ત્યાં સુધી મરાઠાનો કાંટો તેવો ને તેવોજ રહેવા દેવો, એજ તેનો દાવ છે. બાદશાહ પડયો કે, પછી મરાઠાઓનું મૂળ ઉખેડી નાંખી તેને કર્ણાટકનો નવાબ બનાવવાનો છે. ત્યાં સુધી સંતાજી સૂર્યાજી જેવાં ઢોંગ કરતો રહેવાનો છે. ખરે વખતે એકે રાજમાતા અને રાજપુત્રને કાળના મુખમાં સોંપ્યાં, હવે આ બીજો સૂર્યાજી, મહારાજાને અને ન્હાના શિવાજીને ખાનને સ્વાધિન કરશે. એટલે પત્યું. છત્રપતિ શિવાજી મહારાજનો વંશ નષ્ટ થયો ! ”

“ હરિ ! હરિ ! શું કરૂં ! આવે સમયે પ્રલ્હાદપંત કેમ પરલોકવાસી થયા ? આ અણુધારી આફત કેમ આવી ? આવો વિપરિત પ્રસંગ કેમ આવ્યો ? ”

તારાબાઇ: “ એમનો કેટલો બધો સ્વાર્થત્યાગ ! ભરત કરતાં પણ વિશેષ કે ? શાહુ જીવંત છે, રાજ્યનો સ્વામી તે છે. હું સિંહાસનપર બેસીશ નહિ એવો અડગ નિશ્ચય ધારણ કરી, એમણે સિંહાસન ઉપર આરોહણ ન કર્યું, તેની એ લોકોને કંઇજ કિમ્મત નહિ ! ”

રાજારામ: “ ધનાજી, રામચંદ્રપંતનો એવોજ પત્ર આવ્યો છે. તેમનું કહેવું એવું છે કે, “ મ્હારે જીંજી ત્યજી જવું. દગલબાજ મોગલોના ઘેરામાં રહેવું નહિ. સંતાજીનો વિશ્વાસ રાખવો નહિ. તે બાદશાહનો સહાયક છે. તેની સર્વ ફોજ તેને મળી ગઈ છે. ” જુઓ ખંડોપંત ચીટનીસ આ આવ્યા.”

ખંડોપંત. “ધનાજીરાવ, રામચંદ્રપંતનો આગ્રહ છે કે, અનારે હવે જીંજી છોડી જવું. તેમણે સર્વ ભાર હવે મ્હારાપર નાખ્યો છે. ભવિષ્યમાં શું કરવું ?”

ધનાજી: “ શું કરવું ? પ્રલ્હાદપંતને સ્થાને હવે આપજ છો. અમે તો સિપાઇ બચ્ચા. હુકમ કરો, અમલમાં લાવીયે. ”

તારાબાઇ: “ ખંડોબા, દેવીની તો પીઠ સાચવી પણ હવે અમારી ઉઘાડીજ રહેવા દેવી છે કે ? ”

રાજારામ: "એમની પોતાનીજ પીઠ ઉઘાડી રહે છે, તે તરફ તો કોઇ જોતું નથી. જુઓને એમની પીઠપર ચાબુકના સોળ!"

ખંડોજી: "મહારાજ, હવે વિલંબ કરવો ઉચિત નથી. ખાનને અનુકૂળ કરી લઇએ. મહારાજે પ્રથમ ખાનને સ્વાધીન થવું, પછી ખાને કિલ્લો જીતી લેવો અને આખરે તમને મુક્ત કરવા, એવી યુક્તિ કાઢું છું."

ધનાજી: "વાહ, ખંડોજી વાહ! ધન્ય છે તમારી રાજનિષ્ઠાને! બીજા બધાએ હવે નિમકહરામી બનતા જાય છે."

"જુઓ ધનાજીરાવ, હું જાઉં છું. ગણોજીરાવને મ્હેં અનુકૂળ કરી લીધો છે. બનશે તો તેમના તરફથીજ મુક્ત થઇશું, પછી ખાનને ખુશીથી કિલ્લો લેવા દો."

એટલું કહી ખંડોજી ચાલ્યો ગયો. આ બાજુ રાજારામ ચિંતામગ્ન બની બેસી રહ્યા હતા. ક્ષણવાર પછી તે બોલ્યા: "રાજારામપંતનો પત્ર આવ્યો છે. તેમાં લખે છે કે, સંતાજી બાદશાહના તંબુના કળશ કાઢી લાવ્યો છે પણ તે પર મોહ પામશો નહિ. આ વખતે બાદશાહ તેના હાથમાં જીવતો પકડાયા છતાં તેણે તેને માર્યો નથી, કિંવા જીવતો પકડી લાવ્યો નથી, એમાંજ તેની રાજભક્તિ જણાઇ આવે છે. માટે બને તેટલી ત્વરાથી, યુક્તિપૂર્વક અને ગુપ્ત રીતે દક્ષિણમાં ચાલ્યા આવો."

ધનાજી: "મ્હને પણ એમજ લાગે છે. કાલેજ મ્હેં મહારાજાના કેટલાક માણસોને સંતાજી તરફ હુંડેરીના ઘેરામાં મળેલા દ્રવ્ય પર વરાતો–હુંડીઓ આપી મોકલ્યા હતા. તેમનો પગાર ચઢી ગયો હતો. તેમની સાથે મારામારી કરી કહે છે કે: મહારાજાના માણસોમાં કશો નિયમજ નથી, મહારાજાનો સ્વભાવજ એવો છે. અરે, તેનાં પોતાનાંજ માણસો તેનાથી નારાજ છે. તેમને એક પાઇ નજરે પડવા દે તો હરામ! મ્હારા હાથ નીચે કેમ બધા કામ કરવા એક પગે તૈયાર થાય છે? હું જાઉં છું, સંતાજીની આંખો ઉઘાડી આવું છું."

તારાબાઇ: "ધનાજી, અરે ધનાજીરાવ, ના, ના, માંહોમાંહ કલહ ન સળગાવશો! જુઓને, એમને કેવું ખરાબ લાગે છે?"

ધનાજી: "મહારાજ, એ બાબતમાં તમે નિશ્ચિંત રહો. કંઈ ફીકર કરશો નહિ. હું ફક્ત સંતાજી પાસે મહારાજાના દોષનું ગાન કરવાને બ્હાને જઇ ઉભો રહીશ. એટલે જુઓ, તેનું સર્વ સૈન્ય મ્હારા છત્ર નીચે કેવું ઉભું રહે છે તે? એમ થશે કે તુરતજ સંતાજીનાં નેત્ર ઉઘડશે, પછી તેને બ્રહ્માંડનું સ્મરણ થશે !"

તારાબાઇ: "એથી કંઈ વધારે ન કરતા, તમે માંહોમાંહિ લઢી મરશો, પણ અહીં મરાઠી રાજ્યને ધક્કો લાગશે."

ધનાજી ગયો. કહેવા પ્રમાણે તેણે સંતાજીની ફોજ પર ખોટો છાપો માર્યો, તે સાથેજ સર્વ માણસો તેની પતાકા નીચે આવી ઉભાં. ધનાજીએ આ લોકોને પ્રથમથીજ રાજદ્રોહી બનાવી રાખ્યાં હતાં. એ જોઇ સંતાજી ક્રોધથી બળી ઉઠયો, પણ હવે અહીં રહેવાથી અપમાન થશે એમ સમજી તેણે પોતાના મૂખ્ય શિષ્યને કહ્યું: "બાપુ, ચાલ ! દક્ષિણમાં ચાલ ! અરે, તે કરતાં અરણ્યમાંજ ચાલ ! સત્યનિષ્ઠ મનુષ્યને માટે આ મિથ્યા જગતમાં ઠામ ઠેકાણુંજ નથી, ચાલ ! રાષ્ટ્રીય રથ હાંકવા કરતાં જંગલમાં દેહનું સાર્થક કરીશું, ચાલ. હાલતા ચાલતા દેવના કલ્યાણની ચિંતા કરતાં નિર્જિવ પત્થરની કરૂણા યાચતા બેસીશું, ચાલ."

આમ કહી સંતાજી ત્યાંથી ચાલ્યો ગયો. ધનાજીએ તેને પકડવાનો પ્રયત્ન કર્યો, પણ તેના જીવતાં તેના શરીરને સ્પર્શ નહિ થઇ શકે જાણી તેની ટુકડીયો લઇ તે મહારાજા તરફ ગયો. આ તરફ સંતાજી સહજ આડે રસ્તે આવ્યો તો બાજુના વાંકમાંથી ચટ લઇને બકુલા આવી ઉભી. તેની મુખશ્રી પર હાસ્યરેખા પ્રફુલ્લિત થયેલી હતી.

"કેમ, સંતાજીરાવ, ક્યાં જાઓ છો ? હું ઘણા દિવસથી ઘેરાની બાજુ તરફ તમને મળવા ટાંપી રહી હતી. આજે અનાયાસેજ મુલાકાત થઈ ગઇ. અરે, તમારે માને મોહિતેને મરાઠાના પક્ષમાં મેળવવા છે કે ? મ્હેં મ્હારાને તો ફેરવ્યા છે."

"રાધાબાઈ, મ્હને કોઇની જરૂર નથી. સંતાજી હવે દરિદ્રી બન્યો છે. સંતાજી હવે પરાક્રમહીન, નિસ્તેજ થયો છે,"

"બાપરે ! એમ કેમ ? ત્યારે દ્વિતીયાનો કિરણહીન ચંદ્ર આ રોહિણીને ગમશે કેમ ! સંતાજીરાવ, પ્રિયકર ! માનેના સંપૂર્ણ વૈભવના સ્વામી થાઓને વ્હાલા. જાઇની વેલી ખાડામાં માથું નાખી કોવા કરે તે કરતાં બકુલના વૃક્ષને વીંટાય તો ?"

"પાપિણી, ચાલી જા અહીંથી ! મુખ કાળું કર ! આગ મુક ત્હારા એ પાપી વૈભવમાં ડાકિણી ! તું મોહિની થઇ પણ હું ભસ્માસુર નથી ! નિદ્રામાં સુદ્ધાં મ્હારા જેવો મનુષ્ય જાગૃત રહેશે ત્યારેજ મહારાષ્ટ્રનું મસ્તિષ્ક બહાર નીકળશે."

"સંતાજીરાવ, ગાંડા બની શું કરવા ધુમાવો છો ? માતાપિતાએ મ્હારા સંસારને ભસ્મીભૂત બનાવ્યા પછી મ્હારૂં મન રીઝવવા માટે મ્હને પોથી-પુરાણ સંભળાવવાનો પુણ્યમાર્ગ શરૂ કર્યો, મ્હને સડી ગયેલી પાલખીમાં બેસાડી, પણ તેમાંથી હું પડી ન જઉં તે માટે પુષ્ટ ભોઇઓનો આધાર કર્યો, મ્હને લાલઘૂમ લાળા પર ચલાવી પણ મ્હારા પગ બળે નહિ તે માટે તેના પર હળદર વેરી. જેનો સંસાર સધાયો, તેના બાહ્ય ઐશ્વર્યના મોહથી મ્હારો નવતરૂણ દેહ એક શુષ્કવર્ણ કપિ પર કાપી નાખ્યો, પણ તે કપિને હું અનન્યભાવે ભજું તે માટે, મ્હારા અંતઃકરણમાં પવિત્રતાનો પ્રવાહ ઉત્પન્ન કરવા માટે પુરાણીઓ, હરિદાસ વગેરે પાસે પોથી પુરાણના પાટા દ્વારા અમારાં ઉભયનાં અંતઃકરણોને સાંધી દેવા આપસ્વાર્થીઓએ પ્રયત્ન કર્યો. પણ સંતાજીરાવ ! એ પોથી પુરાણોમાંજ જોયું છે કે ? મેનકાના નાદમાં વિશ્વામિત્રે પણ પોતાના તપનો ભંગ કર્યો, ત્યારે પ્રિય, મ્હારી દયા ત્હને કેમ આવતી નથી ? મ્હારા હૃદયમોહન ! મ્હારા હૃદયેશ્વર ! ભાનુમતીએ શું કર્યું ? મોહિની માટે શંકર ભગવાનની કેવી દશા થઇ હતી ? પ્રાણાધાર ! ગૌતમીનું લગ્ન મ્હારા જેવુંજ હતું કે ? સ્નેહાધાર ! સીતા માટે લંકાપતિએ ચૌદ ચોકડીનું રાજ્ય છોડયું હતું ને ? નાથ ! મહિરાવણની સ્ત્રીએ પોતાનું સૌભાગ્ય શામાટે પોતાના હસ્તેજ ભૂસી નાંખ્યું હતું ? હૃદયસ્થ ! રતિએ પાર્થની શી અવસ્થા કરી હતી તે જાણવામાં છે કે ? મોહન ! ચંદ્રે કલંક કેમ સહન કર્યું ? સુહૃદ, પંચાળીએ પાંચ પતિ કેમ કર્યા હતા ? રાજહંસ !

કચ ઉપર મોહ પામવાથી દેવયાનીએ પિતાનો પણ ઘાત કર્યો હતો ને ?"

"ચાંડાલિણી, ઉભી રહે ! ત્હારી બુદ્ધિ ભ્રષ્ટ થઇ છે. ત્હારી વિષયવાસનાને લીધે બીજાને પણ ધર્મભ્રષ્ટ કરવા ચાહે છે ? એવાં એવાં દ્રષ્ટાંતો ગોખી રાખી વ્યભિચારિણી બનવું છે ? ત્હારા જેવી કુલટા એમાંનું રહસ્ય ક્યાંથી સમજી શકે ? હા, ઉભી રહે, હું તને એ દેવદેવાદિકની પાસેજ મોકલી આપું છું ! તેમને પુછજે કે સત્ય શું છે ? ત્યાંજ તને સત્ય સમજાશે."

એમ કહી સંતાજી લાલ નેત્રો કરી જુસ્સાના આવિર્ભાવથી તેના પર જ્યારે ધસી ગયો, ત્યારેજ તેને ત્રિભુવનનું દર્શન થયું. પ્રાણરક્ષણાર્થે તે આમ તેમ દોડવા લાગી. સંતાજીના થર.થર ધ્રુજતા શિષ્યની પાછળ તે લપાઇ ગઇ. આ શિષ્યેજ જ્યારે અશ્રુમય નેત્રે બકુલા માટે હાથ જોડી જીવદાન માગ્યું, ત્યારે સંતાજીએ બકુલાને, "જા, જીવ લઇને કાળું કર !" એમ કહી જીવતી જવા દીધી.

"જાઉં છું, ઠીક છે, મ્હારૂં અપમાન કર્યું ! મ્હને લજ્જિત કરી ! ત્હારૂં માથું બાદશાહની પાસેજ પહોંચાડું." એવું કંઇ મનમાંજ લવતી બકુલા જીવ લઇને નાઠી. બકુલાની આ લવરી જો કે સંતાજીએ સાંભળી નહતી પરંતુ તેના શિષ્યે તે સાંભળી હતી. તે પણ સંતાજીની પુંઠે અત્યંત ચિંતામગ્ન બની ઉદ્વેગથી તેની પાછળ પાછળ ચાલતો હતો. સંતાજી આવી રીતે ભટકતો હતો તે દરમિયાન વિજાપુર નજીક ધનાજી સંતાજીને પુનઃ મળ્યો. આ વખતે સંતાજી પાસે જે કંઇ થોડા સૈનિકો રહેલા હતા તે પણ સંતાજીના ભટકવાના ત્રાસથી ધનાજીના છત્ર નીચે જતા રહ્યા. માત્ર બે ચાર સેવકો રહ્યા. હવે સંતાજીની શુદ્ધિજ જતી રહી. હવે સતારા જવું, અગર તો શંભુમહાદેવની ટેકરી પર પુનઃ નિવાસસ્થાન સ્થિર કરવું, એ ઉદ્દેશથી તે સતારાને રસ્તે વળ્યો, તેજ વખતે બકુલાને રસ્તાની બાજુમાં કેટલાક મારાઓ સાથે કંઈ મસલત કરતી પેલા શિષ્યે જોઇ. સ્વાભાવિક રીતેજ તેની ચિત્તવૃત્તિ અત્યંત બ્હાવરી થઇ. આ બાજુ સંતાજીએ કારખાળના જંગલમાં પ્રવેશ કર્યો. શિષ્ય પણ બકુલાને અત્યંત કાલાવાલા કરતો સંતાજીના ઘોડાનું અનુસંધાન સાચવતો કષ્ટપૂર્વક બીચ ઝાડીમાંથી પસાર કરતાં કરતાં કંઇ રસ્તો

સુઝ્યો. તે પછી માત્ર ચાલ ચાલજ કરવા લાગ્યો. એટલામાં તેને કોઇ બાજુથી. "ભાઇ, મર્યોરે મર્યો." એવી એક ચીસ સંભળાઇ.

તે પ્રાણઘાતક ક્ષણ! તે ઘાત કાળ! દુશ્મને આજ વખતે દાવ સાધ્યો. બકુલાએ આજ સમયે સૂર્પણખાની માફક પોતાનું નાજુક અંતઃકરણ વજ્ર જેવું દર્શાવ્યું. તે ચીસના અનુસંધાને શિષ્ય દોડી ગયો. હાય, જુએ છે તો સંતાજી વહેળાપર સ્નાન કરવા ઉતર્યો છે, સાથે સેવકો તરવામાં મગ્ન છે, સંતાજીરાવ સ્નાન કર્યા પછી રૂમાલ લઇ મુખ લુંછે છે, એટલામાં પાછળથી મારાઓએ છરાથી ઘા કરવા માંડયા. એવો દેખાવ જોઈ શિષ્ય છાતી કુટતો બોલ્યો? " ના, ના, બકુલાબાઈ, મ્હારા સૌભાગ્યપર એવી કરપીણતા ન ચલાવો ! " શિષ્યના મુખમાંથી ઉદ્દગાર નીકળ્યા તેજ સમયે સંતાજી ઘાયલ થઇ પૃથ્વીપર પડયો. સંતાજી પડયો તે સાથેજ તેની દષ્ટિ શિષ્ય તરફ ગઇ અને તેના હૃદયમાં એક દિવ્ય પ્રકાશનો સંચાર થયો. તે વિહ્વળ થઇ બોલ્યો; " કોણ ? કમળા? પ્રિયે, હવે તો સ્વર્ગમાંજ સ્વસ્થતા! ઉભી રહે, ગાંડી રડીશ નહિ. તું વીર પત્ની છે. સીધી રાજારામ પાસે જા, મહારાજાને કહેજે કે; સંતાજી નિરપરાધી હતો, તે મૃત્યુ પામ્યો. હવે તેની સાથેજ રાષ્ટના આંતર કલહનો કાળ થાઓ. વીર કન્યા ! પતિની આજ્ઞાને પવિત્ર માને છે કે? જા ત્યારે. મહારાજાના મનમાં મ્હારે માટે પ્રકટેલો સંશય દૂર કર, જા."

" ઉભા રહો, સ્વામીનાથ ઉભા રહો, પ્રાણપ્રભુ ઉભા રહો, જીવન-આધાર, એક ક્ષણવાર રહો. છેવટનું ચુંબન લેવા દો. મ્હારા ખોળામાં એક ક્ષણવાર મસ્તિષ્ક મુકો. અરે, અહીં કોણ છે ! અરે કોઈ ચંદન અને તુળશીકાષ્ટ લાવો. અમારી કાષ્ટ શય્યા તૈયાર કરો. હવે અમે પરલોકમાં જઈશું."

" નહિ, કમળા, વ્હાલી, નહિ. ત્હને પતિ આજ્ઞા છે કે: સ્વરાજ્ય પ્રભુને પ્રથમ મ્હારા નમસ્કાર કહે. મ્હારા આ ક્ષણભંગુર પંચમહાભૂતથી રચાયલા દેહની ચિંતા કરીશ નહિ. મ્હારા પ્રાણપ્રિય દેશના દુઃખની ચિંતા-કર. જા, જા, મ્હારા પ્રભુનું શાંત્વન કર, જા. પ્રિય કમળા, હું જઇશ, તે માટે સંન્યાસી થઇ વૈરાગી બનીશ નહિ. દેશના કલ્યાણની, દેશના

ઉદ્ધારની, દેશના ધર્મની, મ્હારી હૃદય ચિંતા, ત્હારી ચો તરફ ભમ્યા કરશે. જા સૌભાગ્ય દેવી, મ્હારી ઇચ્છા ત્હારા હૃદયમાં સ્થાપિત કરી અખંડ સૌભાગ્યવતી રહે. જા. કમળા, કમળા, જાઉં છું. જય છત્રપતિ. જય સમર્થ રામ ! શ્રી રામ! રામ રામ !"

જ્યોતિમાં જ્યોતિ મળી ગઇ. વાયુમાં વાયુ ભળી ગયો. સેવકોએ માટીમાં માટી મેળવી દીધી. બિચારી પતિવ્રતા કમળા ચિત્ત ભ્રમિષ્ટની પેઠે સેવકો દ્વારા થતો પતિનો અન્ત્યેષ્ટિ વિધિ જોતી હતી. તેનાં નયનમાં અશ્રુનું ટીપું નહોતું, તેના વદનપર પતિવ્રતનું દિવ્ય તેજ ચળકતું હતું. તેણે શાંતતાથી પોતાના ગળાનો હાર કાઢ્યો, સેવકો સંતાજીને ચિતામાં ગોઠવતા હતા તે વખતે પ્રફુલ્લ મુખે પતિના કંઠમાં હાર આરોપતાં તે બોલી: " પ્રાણેશ્વર ! તમારૂં પુણ્ય કાર્ય પૂર્ણ કરવા હું મહારાષ્ટ્ર પ્રભુના દરબારમાં જાઉં છું. ત્યાં સુધી પ્રેમ નિદ્રા લેજો. મ્હારૂં કાર્ય પૂર્ણ થતાંજ આપને આનંદ આપવા હું આપની પાસે આવીશ! પ્રભુ, તમારી એક નિષ્ઠાનું તેજ, મ્હારા માર્ગપર પ્રકાશ પાડશે. તમારા એક પત્નીત્વનું તેજ, મ્હારૂં પાતિવ્રત્ય સાચવશે. કૃપાળુ ! તમારૂં પવિત્ર વર્તન મ્હારો સાત્વિકભાવ જાગ્રત રાખશે. પતિદેવ, જીવિતેશ્વર ! શાંતિપૂર્વક પોઢી જાઓ."

એટલું બોલી કમળા સંતાજીના ખાલી ઘોડાપર સ્વાર થઇ સતારા તરફ ચાલી નીકળી. રસ્તામાંજ કર્મ સંયોગે રાજારામ આદિ મનુષ્યો મળ્યાં.

પ્રકરણ ૩૨ મું.

દેશદ્રોહીનું પ્રાયશ્ચિત અને રાજારામની મુક્તિ.

કર કાર્ય કંઇ તુજ જીવનમાં,
નવ આળસુ થા કર કાર્ય કંઇ!
* * * *
યદિ આપીશ સૌખ્ય જગે સહુને,
મમતા થકી આંહીં ઉદાર મને,
બદલો મળશેજ વિશાળ ત્હને-
નકી પુણ્યપ્રભા પ્રભુ ધામ વિષે.

વાંચક! સંતાજી રીસાઇ ગયા પછી જીંજીમાં શું બન્યું તે હવે આપણે તપાસીએ. ધૈર્ય ધુરંધર મુત્સદ્દી પ્રલ્હાદ નિરાજી આ વખતે કૈલાસવાસી થવાથી મહારાષ્ટ્રના કાર્યકર્તાનું એક ચક્ષુ જતા રહ્યા જેવું થયું. તેમાં રામચંદ્રપંતના ચિંતાજનક પત્ર આવવા લાગ્યા. રામચંદ્રપંતને એવો સંશય હતો કે, સંતાજી ઔરંગજેબના પક્ષમાં ગયો છે, અને એને ધનાજીએ પુષ્ટી આપી છે તેથી ખંડોજીનું મન અચળ બન્યું અને જેમ તેમ કરી આ બખેડામાંથી મહારાજાને ખસેડી દક્ષિણમાં સ્થાનાધિષ્ઠ કરી પાછળથી પુનઃ કર્ણાટક સર કરવું, એ ઉદ્દેશથી કંઇ પણ યુક્તિ સિદ્ધ કરવા નીકળ્યો.

રસ્તામાં તેને રાજકુંવર એક બારીમાં ચિંતાતુર મુખે બેઠેલી જણાઇ. હજી પણ તે કેટલીક વખત ભ્રમિષ્ટની પેઠે રહેતી હતી. રાયગઢના ઘેરા સમયે તેનામાં જણાતી કર્તવ્યદક્ષતા આ વખતે જણાતી ન હતી. રાજકુંવરને જોતાંજ ખંડુજીને કંઇક વિચાર આવ્યો. તે ઉત્કંઠાપૂર્વક રાજકુંવર પાસે આવ્યો અને કહ્યું:

"બહેન ! મ્હારી સાથે છો કે ? રાયગઢના ઘેરામાં જે યશ મળ્યો નથી તે હવે આપણે મેળવી શકીશું. ચાલો."

"ક્યાં જવું છે ભાઇ ? મ્હારો શો ઉપયોગ થશે ? જાણે હું મરીજ ગઇ છું એમ સમજ."

"બહેન સાહેબ ! હમણાંજ ઠેઠ શીરકે માનેના મુકામમાં જવાનું છે. એ મરાઠાઓને હમેશને માટે પાછા લાવવા છે. ચાલો ચિરંજીવીને સાથે લો. ગણોજીરાવના ક્રોધનો ભોગ થઇશું કે કાં તો તેમને હમેશને માટે સ્વદેશભક્ત બનાવી લાવીશું. એ સિવાય મહારાજાનો બચાવ થવાનો નથી."

"ચાલ, ભાઇ ચાલ, મ્હને તું ત્હારી સંતુ બહેનજ સમજજે. વખત આવે તો, મ્હારા બાળકસહ મ્હારૂં મસ્તિષ્ક છેદી નાખજે. ડચવાઇશ નહિ. ચાલ, સ્ત્રીને પતિ પાસે મોકલી દેવી એજ હવે યુક્તિ. આ યુક્તિથી આપણે તેમના મુકામમાં પ્રવેશ કરીશું."

"બહેન સાહેબ ! તેને માટે પણ મ્હેં યુક્તિ શોધી છે. વાયવ્ય તરફનો મોર્ચો ગણોજીરાવનો છે. આજે મધ્યરાત્રે પાળણામાં બેસી તે બાજુએ ઉતરીશું. જે થવાનું હોય તે થાય. તેમના માણસોના લક્ષમાં પણ આવીશું નહિ. સર્વ સલામત રહેશે. નિરર્થક ચાલીસ હજાર માણસો સાથે યુદ્ધ કરી શક્તિ ક્ષીણ કરી લેવા કરતાં શત્રુમાંજ ભેદ પાડી રસ્તો મેળવી લેવો એજ ઇષ્ટ છે."

"ઠીક છે. ભાઇ, ચાલ; આજે રાત્રે બાળક સહિત હું આવું છું."

મધ્યરાત્રિનો સમય થયો. રાજકુંવર ત્યાં સુધી દેવપૂજનમાં સમય વ્યતીત કરી પવિત્ર રહી. જાણે પાર્વતી શંકરની પ્રાપ્તિ માટે તપજ આચરતાં ન હોય ! જાણે નવવધૂ ગૌરીહારજ પૂજતી ન હોય ! ખંડોજી પાળણું તૈયાર થયાની ખબર આપવા આવ્યો. અતિ ગુપ્ત રીતે પણ દૃઢતાથી આ અઢી માણસોએ પાળણામાં પગ મુક્યા. ન્હાનો પિલાજીરાવ પણ શાંતિપૂર્વક આ મજાહ જોઇ રહ્યો હતો. નીચે ઉતર્યા પછી ખંડોજીએ તે પાળણાવાળા પદાતિઓને હથીયારો ગુપ્ત રાખી દૂર ઉભા રહેવા કહ્યું, અને પોતે રાજકુંવર તથા પિલાજીસહ શીરકેના તંબુ તરફ જવા લાગ્યો. એ ત્રણેએ શીર-

કેના અંગરક્ષકો જેવોજ પોષાક ધારણ કર્યો હતો. શીરકેના સૈનિકો હમેશ ગઢની તટબંદી તરફ ધ્યાન આપવા જતા. આજે પણ તે ગયા હશે. પરંતુ અત્યારે પાછળથી સૈન્યની હાર કોણ આપશે. કિલ્લો તો સર્વ રીતે ઘેરાયલો છે એટલે દરવાજા બંધજ હતા. ત્યાંથી પણ કોઇ નીકળવાનું સાહસ કરે એ અદશ્ય હતું, તેથી રસ્તામાં કોઈ પહેરેગીરે કોઇને ન અટકાવતાં ઉલટું અદબપૂર્વક સલામ કરી હતી. ત્રણે તંબુ પાસે આવી પહોંચ્યા.

અહીં આવતાંજ ખંડોજીએ ગંભીરતાથી ત્યાંના સશસ્ત્ર પહેરાવાળાઓને કહ્યું કેઃ "અરે, જાઓ કોઇ, અંદર ગણોજીરાવ શીરકેને જણાવો કે ગઢપરથી ખંડોજી ચિટનીસ, તમારા કુટુંબને લઇને આવ્યા છે. તમને બહાર બોલાવે છે." એ સાંભળી પ્રત્યેક પહેરેગીરના મનમાં ધ્રાસ્કો પડયો. કેટલાકોએ ગભરાયલા ગભરાયલા જઈ અંદર ખબર આપી. ગણોજીરાવ હમણાંજ પલંગ પર સહજ આડો પડયો હતો. તેણેઃ "ખંડોજી ચિટનીસ તમારા કુટુંબને લઇને આવ્યા છે." એ શબ્દો સાંભળતાંજ પલંગપરથી કૂદકો માર્યો અને ખુલ્લે શરીરે બહાર આવ્યો. બહાર આવતાંજ ખંડોજીને નિર્ભય ઉભો રહેલો જોઇ આશ્ચર્યથી પૂછયું:—

"કોણ? ખંડોજીરાવ, ગઢપરથી આવ્યા? કેમ, કંઇ દગોફટકો ચોજીને તો અહીં સુધી રસ્તો કાઢયો નથી?"

"છટ્ ! ગણોજીરાવ, પેલા જંગલના દેવળની પેઠે આજે પણ ગઢ ઉતરી તમારી આગળ નિઃશસ્ત્ર આવી ઉભો છું. મ્હારૂં સાંભળો કે કાંતો શિરોચ્છેદ કરી તમારો રોષ ઉતારો."

"એટલે? આજે જીવ પર કેમ આવ્યા છો?"

"મ્હારા સ્વામીના પ્રાણ રક્ષણ માટે! તમે પેલા દેવળમાં મ્હને ઠેર મારવાની પ્રતિજ્ઞા કરી છે ને?"

"હા! બીજાના સંસાર સુખમાં ધૂળ મેળવનારને દેહાંત પ્રાયશ્ચિત મળવું જોઇએ. અરે, લાવો પેલી તરવાર! ખંડોજીરાવ, પતિસુખથી વંચિત થયેલી રાજકુંવરની તમને એક બન્ધુ તરીકેજ દયા આવે છે કે?"

"ગણોજીરાવ, આ મ્હારી સમશેર લો. પણ તે ચલાવતાં પહેલાં મ્હને

મુખસુખ લેવા દો. આગ લાગો ગણોજીરાવ તમારા એ વ્યવહાર જ્ઞાનમાં ! તમારા અનુભવને નષ્ટ કરી નાખો ! પ્રત્યેક તરૂણ કોઇ પણ તરૂણીના સહવાસમાં આવવા લાગ્યો કે, સંધિ મળતાંજ તે ભ્રષ્ટ થવોજ જોઇએ એવી તમારી વ્યવહારિક ભાવના નવ્વાણુ વાતોમાં ખરી હશે પણ યાદ રાખજો કે જગત્‌માં વિષય વાસના, એજ ઉચ્ચ ધ્યેય નથી. સોમાંથી એક પણ તરૂણનું એ કરતાં કંઈ પણ ઉચ્ચતર, શ્રેષ્ઠ, શ્રેયસ્કર ધ્યેય હશે એ તમારા જોવાનો અનુભવ કે વ્યવહારિક્તા સમજે નહિ એજ તમારૂં દુર્દૈવ ! તર્ક જેવા તીક્ષ્ણ ખડ્ગ સામે શ્રદ્ધા અને ભક્તિની ઢાલ જેણે આગળ કરી, તેજ ઉદાર ધર્મ તમારી કઠોર વ્યવહારિક બુદ્ધિને ઉદાર સુજ્ઞતાનો લેપ આપી શક્યા નહિ ? ધિક્કાર છે, એ ધર્માચરણના દંભને ! ગણોજીરાવ, બધાજ કંઇ સાડા ત્રણ હાથના શરીર સૌંદર્યના મોહના ભોગ થઈ પડતા નથી ! જેના પર અનંતકોટિ બ્રહ્માંડનું તેજ નિરંતર ઝળકયા કરે છે, તેને જોઇને અમે અંજાતા નથી, તો ક્ષણિક સુખની માટીની મૂર્તિ જોઇને શું અમે એવા પાપી બનીશું ? ગણોજીરાવ, શૃંગાર સુખની ડુબકીમાં દેહને ભ્રષ્ટ કરવા કરતાં તે ડુબકી ખાળકુંડી પવિત્ર તીર્થ જળ બનાવવાની યુક્તિમાં અમે અભિમાન માનીએ છીએ; અને ગણોજીરાવ ! તમારા સહવાસમાં જેણે બાર વર્ષ વ્યતીત કર્યાં છે, તમારા સહવાસનું જેને એક રૂચિર ફળ મળ્યું છે, તે તમારી ધર્મપત્ની પર તમારા શીયલની, તમારા આચરણની, તમારા પ્રેમની અને તમારા વિશ્વાસની જો કંઈ પણ અસર થઈ ન હોય તો તે પરપુરૂષનો સ્નેહ કરે એમાં શું આશ્ચર્ય ? ગણોજીરાવ, પતિએ પત્નીના સૌંદર્યનો ઇચ્છાપૂર્ણ ઉપયોગ કરવો હોય તો તેણે તેનો આત્મિક વૈભવ પણ વધારવો જોઇએ. તે જ્યારે તમોને વધારતાં આવડયો નહિ અને એકજ કાર્ય લઈ બેઠા—શરીર સૌખ્યની મૃતિકા કરવા બેઠા; ત્યારેજ તમારી વૃત્તિમાં એટલી કુશંકા ઉપસ્થિત થઇને ? ગણોજીરાવ, શું એ તમારો અધઃપાત નથી કે ? ગણોજીરાવ, તમારૂં એક અર્ધાંગ, સ્વદેશકાર્યની જટા ધારણ કરી, સ્વાર્થત્યાગની ભસ્મ લગાડી, વીરતારૂપી બાહુના નખ વધારી ધાર્મિક કવાયતમાં ફક્ત પોતેજ સુખનો ઉપભોગ કરતું ગયું, અને બીજું તેથી ભિન્ન સ્વરૂપે કાદવ કીચડ ચોળી તમારી ભોગેચ્છાની

ભૂખના શમન માટે પોતે શૃંગારરસથી ન્હાવાધોવામાંજ નિમગ્ન થયું એટલે તમારી સ્વાર્થપરાયણતાને આવી શંકા થાય તે ઉચિતજ છે."

"ત્યારે એમજ કહો કે, તમે મ્હારા મુખ આગળ મ્હારીજ અવગણના કરવા આવ્યા છો ?"

"જે પોતાને માન આપતો નથી, જે પોતાનું માન સાચવતો નથી તેનું જગતમાં અપમાનજ થાય છે ! ગણોજીરાવ, મ્હારી વય તરફ તો જુઓ ! તમને અને રાજકુંવરને મ્હેં ન્હાનાં નગ્ન સ્થિતિમાં રમાડેલાં, શરીર પર ઉંચકી ફરેલો ! શિવપ્રભુનો મ્હારા પર કેટલો વિશ્વાસ ! સમર્થની મ્હારા પર કેટલી પ્રીતિ ! એ વિશ્વાસની અધોગતિ શું તમોને કુશંકા થાય તેવી કરૂં ? ગણોજીરાવ, જે રમણીય છે તેનો આચાર પણ રમણીયજ ! ગુલાબના પુષ્પમાંથી શું કદી વિષ્ટાગંધ નીકળે ? અરે ! વિશેષ કહેવાની શી જરૂર ? રાજકુંવર વિષે તમારૂં મન શંકિત હોય તો અમારાં બન્નેનાં મસ્તક જુદાં કરો. હમણાં અમે તમારી પાસેજ છીએ. ગણોજીરાવ, આજનો સમય સંક્રમણનો છે. આજે સ્ત્રી પુરૂષોએ શુદ્ધ દેહસુખનો વિચાર દૂર કરી દેશને સુખી બનાવવાની ચિંતાથી એક વિચાર કરવા એકત્ર થવાનું છે. એમાં પતિ વિરૂદ્ધ થાય તો ફીકર નહિ. સમુબાઈ, મીરાંબાઈ, જનાબાઈ, એમનું ધ્યેય તેજ આજે રાજકુંવરનું છે. ગણોજીરાવ, એવી પવિત્ર પત્નીના સત્કાર્યને તમારૂં પ્રોત્સાહન જોઇએ છે !"

"શું કહો છો ? અમે અમારૂં અપમાન ભુલી જઇએ ?" ગણોજીરાવ અંદર આ વાત સાંભળ્યા કરતો હતો તે એકદમ બહાર આવી બોલ્યો.

"કેમ નહિ ભુલવું ? તમારો શત્રુ શૂળી પર ચઢી ગયો. તમારી શત્રુ પત્નીને–અરે, ગણોજીરાવ, તમારી બહેનને ધર્મભ્રષ્ટ કરવા માટે–અરે, પોતાના જનાનખાનામાં દાખલ કરવા માટે શત્રુ તેના કેશ પકડી ખેંચી ગયો. ગણોજીરાવ જેવો વીર શિરોમણી બન્ધુ, પોતાની કીર્તિનું સંરક્ષણ એવી પડતી સ્થિતિમાંતો કરશેજ, એમ તે બિચારીને લાગતું હતું. ગણોજી શીરકેજ માનતા હતા કે, નિમકહલાલપણે કરેલી સેવાને ઓળખી બાદશાહ આપણા પર વિશ્વાસ રાખશે ! બળવાન પણ હૃદયહીન, અને શૂરવીર પણ ગુલામ ગણો-

જીરાવના નાક પર લાત મારી જ્યારે ખાન, તેમનીજ બ્હેન અને તેના કોમળ પુત્રને બાદશાહી જનાનખાનામાં લઈ ગયો, ત્યારે તે એક ગાયની પેઠે ગરીબ બની બેસી રહ્યા. ગણોજીરાવ, આજે પત્નીને પણ લઈ જાઓ ! રાજકુંવર, બેટા આગળ આવ. તારો પતિ બાદશાહનો એકનિષ્ઠ સેવક, મરાઠાનો શત્રુ...... "

ગણોજીરાવ: "બસ ! બસ ! ખંડોજી બસ ! મ્હને હવે ચીડવશો નહિ! મ્હને ઉભો ને ઉભો બાળી મૂકો નહિ. કોણ, મ્હારી પત્ની ? અહાહા, મ્હને જીવતદાન આપતી વખતે તેની કેવી પ્રફુલ્લિત વૃત્તિ હતી ! અહાહા ! મ્હારી સાથે યુદ્ધ કરતી વખતે તેની કેવી ઉચ્છૃંખલ વૃત્તી હતી ! આજે મ્હારા યશનું સંકિર્તન સાંભળી તેના પરાક્રમનું તેજ હરાઇ ગયું કે ? માટેજ તે આમ મ્લાન વદને ઉભી છે."

ખંડોજી: "ગણોજીરાવ, એમ મૃદુ ન બનો. ઉભા રહો. શીરકોચ્છેદની પ્રતિજ્ઞા પૂર્ણ કરો. લઇ જાઓ એને જનાનખાનામાં. પિલાજીરાવને વિજાપુરનો સુલતાન બનાવો, અને મ્હારા પાપના બદલામાં મ્હારો અહીં શિરોચ્છેદ કરો ! તમારી ક્ષુધાને શાંત કરો. જાતિબંધુના રક્તમાં સ્નાન કરો. કારણ; મ્હારા પિતા અને બન્ધુઓ હાથે પગે બંધાયા, તો પણ હું તેજ સ્વામીનો ગુલામ બની રહ્યો છું તે શા માટે ? એક દેશને માટેજ ! તમે જેવું મોગલોનું દાસત્વ કરો છો તેવુંજ હુ મ્હારા સ્વામીનું કરૂં છું ! ફેર કેટલો ? માત્ર સ્વાર્થ અને નિઃસ્વાર્થ !"

રાણોજી: "એવાં ગપ્પાં હાકત તો મ્હનેએ પુષ્કળ આવડે છે ! અમારા બાપદાદાઓનું વતન-અરે, અમારા પ્રાણ ઝુંટવી લેવા તૈયાર થયા તેની ગુલામગીરી હવે કરવી એમ ? લાત ખાવી અને પાછા તેનાજ હાથ પંપાળવા !"

ખંડોજી: "રાણોજીરાવ, રાણોજીરાવ, હા, વતન એ મરાઠાઓનો ખરો આત્મા ! તેને માટે ભાઇ ભાઇનો વધ કરશે, દેશદ્રોહી-રાજદ્રોહી-થશે, જાતિભ્રષ્ટ બનશે, નીતિભ્રષ્ટ થશે અને આર્ય નારીઓનાં શીયળ વેચશે ! અરેરે ! એક ભાખરીના ટૂકડા માટે શ્વાનવૃત્તિ ધારણ કરનારા-મરાઠાઓ

સાચા નરના બચ્ચા કેમ? જાઓ, રાણોજીરાવ, દાભોલની વંશપરંપરાની બક્ષિસનો ઉપભોગ કરો. આ ખંડોજી પોતાને મળેલી સંનદો ચીરી નાખે છે. જાઓ, દાભોળ તમારૂં. જેના પિતા, બન્ધુઓએ દેશને માટે પ્રાણુ આપ્યો, જેની પત્નીએ દેશને માટે આત્માર્પણ કર્યું, જેનો સંસારિક વૈભવ દેશને માટે રહ્યો નથી, તે વતનના ટૂકડાની ફીકર કોને માટે કરશે?"

ગણોજીરાવઃ "ખંડોજી, હું પાપી છું! હવે ક્ષમા કરો! રાજકુંવર પવિત્રદેવી, જે શિરકોચ્છેદથી હું ફસાયો. તે ત્હારે હાથે પુરો કર......"

"ગણોજીરાવ, તમે તમારા કૃત્યનો પશ્ચાતાપ કરતા હો તો જે શીરકેને હાથે શિવ છત્રપતિનો વંશ નષ્ટ થવાનો પ્રસંગ આવ્યો છે તે હવે અટકાવો. રાજારામને હવે મુક્ત કરો."

"હા, જે શૌર્યભરી યુક્તિથી રાજકુંવર આ ગઢ ઉતરી આવી તેજ રસ્તે રાજારામને જવા દો. ખંડોજી, હવે આ ગણોજી–બાદશાહનો પંચાસ્ત્ર સરદાર, રાજારામની ડોળી ઉંચકનાર ભોઇ થશે."

"અહા! ભીષ્મે નિષ્પાંડવી પૃથ્વી કરવાની પ્રતિજ્ઞાનો ભંગ કર્યો હતોને? ધન્ય છે ગણોજી તમને. મનુષ્ય ગમે તેટલા વૈરથી દુશ્મનને મળી સ્વજાતિ અને સ્વદેશનો નાશ કરવા તત્પર થાય પણ છેલ્લી ઘડીએ પણ તેને તેના કર્તવ્યનું, તેના દેશનું–તેની જાતિનું સ્મરણ થાય છે. દૃષ્ટાંત તરીકે તમેજ. પ્રભુ તમને સદ્બુદ્ધિ આપો."

"અરે ખંડોજી! તમે શેનો ઇસારો કર્યો! જુઓ, ગઢપરથી કેટલાં પાળણાં નીચે ઉતરવા લાગ્યાં છે?"

"ગણોજીરાવ, રામ, પુષ્પક વિમાનમાં બેસી અયોધ્યા જવા નીકળે છે."

"રામ, જાઓ. અયોધ્યા જાઓ. તમારા ભક્તોને સંતોષ આપવા જાઓ. રાવણનો પરાભવ કરી પુનઃ અયોધ્યા પધારો. દેશ અને ધર્મનું સંરક્ષણ કરો. અમારા જેવા દુષ્ટોને લીધેજ તમારે અજ્ઞાત વાસ સ્વીકારવો પડયો હતો. પણ ખંડોજી, ભીષ્મને કેવું ઉત્તમ મરણ પ્રાપ્ત થયું હતું? મ્હારૂં કેવી રીતે થશે?"

"ગણોજીરાવ, તમારો પહેલો જન્મ પુર્ણ થયો? એક જન્મનું સ્મરણ

રહી બીજો પ્રાપ્ત થયો એ કંઇ સામાન્ય વાત નથી !"

ગણોજીરાવ અને રાણોજીરાવ બન્ને પેલા પાળણાદ્વારા ગઢ ઉતરવાનો વિધિ અતિ ઉત્સુકતાથી જુએ છે. ખંડોજી પહેરગીરોને સ્થિતિ સમજાવે છે. રાજકુંવર અશ્રુ સારતી એકજ સ્થાને જડવત ઉભી છે. પિલાજી પોતાની નાની તલવાર સાથે રમે છે. એટલામાં ગઢ ઉપરથી રાજમંડળ નીચે આવી પહોંચ્યું. મધ્યરાત્રી પુરી થઈ ગઈ હતી, તેથી ગણોજીએ તેમને તે રાત્રે પોતાનાજ તંબૂમાં રાખ્યા.

આજે બહેનને ઘેર બન્ધુનું આગમન થયું હતું. ગણોજીરાવનો તંબૂ આજે રાજકુંવરનું ગૃહ હતું. તે શાંતિપૂર્વક બન્ધુનું સન્માન કરતી હતી. ખરી રીતે આજની રાત્રી હૃદયસંમેલનની સભારૂપ હતી. આ રાત્રે પ્રિયપત્ની પોતાનું સુંદર બાળક પોતાના પતિના અંકમાં મુકવાની હતી. આજે રાજકુંવર શરીરથી સર્વ વ્યાપાર કરતી હતી, કિન્તુ તેનું લક્ષ તેમાં નહતું. તેની વૃત્તિ ઉદાસ બની હતી. તેના પતિના લક્ષમાં આ વાત તુરતજ આવી, કારણકે તે પણ પોતાનો વ્યાપાર શૂન્ય ચિત્તેજ ચલાવતો હતો. તે એક વખત ધીમેથી પોતા પ્રત્યેજ બોલ્યોઃ "રાજકુંવર, તને હું પુનઃ પ્રફુલ્લ ચિત્તની જોઇશ કે? ત્હારી ચિત્તવૃત્તિ શાથી વિકસશે? હર હર! ઓ મહારાષ્ટ્ર! મ્હારા જેવા દેશદ્રોહી—રાજદ્રોહી પુનઃ પુનઃ નિર્માણ કર, કે જેથી મ્હારી હૃદયદેવી કોપિત થાય અને તેની આજની મ્લાન વૃત્તિ દૂર થઇ જાય!" રાજકુંવરે પતિના આ ઉદ્‌ગાર સાંભળ્યા હશે. કારણ, તે પણ પતિને ઉદાસ મુખે કહેવા લાગીઃ "શું કરૂં? મ્હારી વૃત્તિ યેસુદેવી પ્રત્યે ગઇ છે. સખુની પેઠે મ્હારી શય્યા પાથરીશ અને આપને તાંબૂલ આપીશ. મ્હારો દેહ વિષયમાં ગૂંથાશે પણ મન દેવીમય થયું છે તેને હું શું કરૂં?"

"પરમેશ્વર!" એટલા કરૂણોદ્‌ગાર ગણોજીરાવના મુખમાંથી નીકળ્યા, પછી તે ગંભીર ચિત્તવૃત્તિથી પોતાના ભાવિમાર્ગ માટે રોકાયો. તેણે રાજારામ વગેરે સર્વને સ્વારના પોષાક આપ્યા અને મ્હોટી શિકાર—યાત્રા કાઢી સર્વ મંડળીને ગાઢ અરણ્યને રસ્તે દશ બાર ગાઉ દૂર પહોંચાડી દીધી.

બીજે દિવસે "સરદાર ગણોજીરાવનાં પત્ની પોતાના પીયરથી દાસ

દાસીઓસહ મળવા આવ્યાં હતાં તે કાલે પાછાં જવાનાં છે." એવી વાત સર્વત્ર પ્રસરી રહી. એક બે દિવસ પછી રાજકુંવરે સર્વ સ્ત્રીઓસહ ખુલ્લી રીતે દક્ષિણ તરફ ગમન કર્યું. એમાં કોઇને સંશય જેવું લાગ્યું નહિ.

આવી યુક્તિથી રાજમંડળ પુનઃ મહારાષ્ટ્રમાં આવ્યું.

પ્રકરણ ૩૩ મું.

સૂર્યોદય.

गाओ भारतेर जय, जय भारतेर जय;
कि भय, कि भय, गाओ भारतेर जय.

"ગાઓ ભારતનો જય, થાઓ ભારતનો જય,
શો ભય ? શો ભય ? ગાઓ ભારતનો જય."

આજે સતારામાં મહાન ઉત્સવ થઇ રહ્યો હતો. સર્વ પ્રજાજનોના મુખ ઉપર આનંદની છટા પ્રસરી રહી હતી. મુત્સદ્દી શ્રેષ્ઠ રામચંદ્રપંત અને વીર શિરોમણિ પરશુરામપંત તથા શંકરાજી નારાયણે, મહારાષ્ટ્રનું રાજ્ય પોતાના મહારાજા માટે પુનઃ સંપાદન કરી રાખ્યું હતું. આજે છત્રપતિ રાજારામ મહારાજના ચરણ સતારામાં મુકાતાંજ એ ત્રિમૂર્તિ મ્હોટા ઠાઠમાઠથી મહારાજાનું સ્વાગત કરવા ગઇ હતી. મહારાજા પર ઘાતકી મોગલો પાછળથી છાપો ન મારે તે માટે ધનાજી કર્ણાટકમાંજ રસ્તો અટકાવી બેઠો હતો.

રામચંદ્રપંત આજે પોતાના સર્વ વૈભવસહ અને સરદારમંડળ સહવર્તમાન મહારાજાની સ્હામે જઇ તેમને પુરતા દબદબા સાથે નગરમાં લાવવા તૈયાર થયા હતા. આજે તારાબાઇનું ભાગ્ય પૂર્ણ ઉદય પામ્યું હતું. તે બાળકસહ એક રત્નજડિત મ્યાનામાં વિરાજમાન થયાં હતાં. મ્યાનો સુવર્ણમય હતો. દાંડીની આગળનો ભાગ સુવર્ણજડિત સિંહલલાટથી વિભૂષિત થયેલો

હતો. દાંડીના વચલા ભાગ પર સુવર્ણખચિત શાર્દુલનું વદન શોભતું હતું. બેઠક–આચ્છાદનના ચારે ખૂણા પરુ જડિત કળશ અને ચોતરફ જરીની ઝુમ્મો ઝૂલી રહી હતી. છેવટે બન્ને બાજુએ પુષ્પાકૃતિના, જડિત કેળ કલશ હતા. બન્ને બાજુની કિનારીપરની પટ્ટી પર સુવર્ણ અને રત્નનું જડાવ કારીગરીનું કામ હોવા સાથે ભરકચીનાં ઝૂમતાં મુક્તાફળની સંકલનાયુક્ત હતાં. મ્યાનામાં સ્હામે રત્નચોખટામાં મઢેલું દર્પણ હતું. આવા મુખ્ય મ્યાના સાથે બીજા પણ કેટલાક મ્યાનાઓ ચાલતા હતા. રાજકુંવર સમરયોષિતાનો પોષાક ધારણ કરી સર્વની આગળ ઘોડા પર સ્વાર થઇ ચાલતી હતી.

મોખરા પર સોના રૂપાના ભરતકામવાળા અને જેના હસ્તદંડ પોખરાજથી મઢાયલા છે એવા વાવટાસહ હાથી, સુવર્ણ ઘંટાનાદના તાલ–સુરમાં મંદ મંદ ગતિએ ચાલતા હતા. તેની પાછળ અમીર ઉમરાવો હતા. રસ્તાની બન્ને બાજુઓ, નાગરિકોએ તોરણ અને ધ્વજાઓથી શણગારી દીધી હતી. આજે નગારાં, તગારાં, તાસાં, મૃદંગો, શરણાઇઓ, શૃંગતુર, પખાજ, મૃદંગાદિ સર્વ વાદ્ય રાજારામ મહારાજનો આકાશપર્યંત જયઘોષ કરતાં હતાં. આવા ઠાઠથી સર્વ મંડળસહ રાજસ્વારી રાજમહાલયમાં આવી પહોંચી.

રાજમહાલયમાં આજના મંડપની શોભા અવર્ણનીય હતી. ચોતરફ પુષ્પવાટિકાઓમાંથી સુગંધી ફુવારા ઉડી રહ્યા હતા. અનેક અલંકારોથી વિભૂષિત કરેલી છત જડી દેવામાં આવેલી હતી. સ્તંભોપર જાણે ચિત્રકળાની હદજ પ્રદર્શિત કરી હતી. તેની પ્રભા આસપાસ તો શું પણ અન્ય રાજાઓ સુધી પહોંચેલી હતી.

આવા અપૂર્વ દબદબા ભરેલા દરબાર માટે રાજારામ મહારાજાની સ્વારી હસ્તીપર આરૂઢ થઇ ફરતી ફરતી આવતી હતી. સેનાપતિ તરીકે રામચંદ્રપંત હાથીના મસ્તકે વિરાજમાન થયા હતા. તેમના હસ્તમાં ચામર હતું; પાછળ પણ ચામર સહિત મુખ્ય પ્રધાન નિળોપંતસહ અષ્ટ પ્રધાન હતા. રાજાની પાછળ પુરોહિત વિરાજિત થયા હતા. અગ્રભાગે ગજપર સમર્થનો ભગવો ઝુંડો અને જરી પટકો વાતાવરણમાં ફરફર ધ્વનિ કરતો મહારાષ્ટ્રમાં અભિનંદન દર્શાવતો ઉડતો હતો. જરી પટકાની ચોતરફ અષ્ટાશ્રુ મહાન

શૂર યશવંત, કીર્તિવંત, વરદવંત, અને પુણ્યવંત સરદારો ચાલતા હતા. તેમાં શંકરાજી નારાયણ, પરશુરામ પ્રતિનિધિ, કાનોજી આંગ્રે, આટોળે, દાભાડે, બંડગર, ભાંડવલકર, પવાર, પાટણકર વગેરે સરદાર હતા. રાજસ્વારી આવી રીતે માર્ગમાં જતાં મહારાજના સત્કારનિમિતે ગૃહેગૃહમાંથી, અટાલિકાઓમાંથી, બારીઓમાંથી, સુવાસિની, કન્યા અને નાગરિકો પૈકી કોઇએ મંગળ આરતિ ઉતારી, કોઇએ ઓવાળણાં લીધાં. કોઈએ દધિ, કુંકુંમ અક્ષતોથી વધાવી લીધા અને કોઇએ દુર્વા પુષ્પ વધાવ્યાં. કોઇએ સોના ચાંદીનાં પુષ્પ વેર્યા. સર્વ કોઇ "છત્રપતિ શિવાજી મહારાજની જય." બોલાવી કાન બ્હેરા કરી રહ્યા હતા.

રાજારામ મહારાજે આ પ્રમાણે દરબારમાં પ્રવેશ કર્યો તે સાથેજ સામેથી રાજકુંવર રત્નજડિત થાળમાં પંચારતિ લઇ રાજસ્ત્રીઓ સહિત સ્હામે આવી. તેની કંમરે રત્નખચિત મુઠવાળી નગ્ન તલવાર લટકતી હતી. તેના યુક્ત કેશપર ભરઝરી મંદિલ શોભતું હતું. માત્ર તેની ડાબી જમણી બાજુએ બે વૈરાગિણીયો ચાલતી હતી. તે બન્ને કોણ હશે વારૂ ? મહારાજ દરબાર મંડપમાં સ્વસ્થાને બેઠા પછી રામચંદ્રપંત આગળ આવ્યા. તેમણે બે હાથ જોડી કહ્યુંઃ "મહારાજ ! વધારે શું કહું ? આજસુધી છત્રપતિ શિવાજી મહારાજના નામથી મહારાષ્ટ્રનું રાજ્ય પાછું મેળવવાનો ઉદ્યોગ કર્યો, તેને માટે અનેક મરાઠાઓને આત્મયજ્ઞ કરવો પડયો. અનેક દુઃખ વેઠવાં પડયાં છતાં પણ યત્ન અંતે આજે સફળ થયો છે. મહારાજાએ હવે અમારી પાસેથી સર્વ રાજ્ય પાછું સ્વીકારવાની કૃપા કરવી." આવી નિસ્પૃહ વાણી સાંભળી મહારાજ ગદગદિત થયા. તેમણે કહ્યુંઃ "પંત, આજ સુધી રાજ્યનું તમેજ રક્ષણ કર્યું છે. ભવિષ્યમાં પણ તમેજ રક્ષણ કરશો."

પછી મહારાજાએ સર્વને યોગ્ય બક્ષિસો આપી. સર્વનું સન્માન કર્યું. ભાવિ યોજના નક્કી કરી, સજ્જનગઢપર પ્રથમ પગે ચાલીનેજ શ્રી સમર્થ ગુરૂનાં દર્શન કરવા જવાની તૈયારી થઇ હતી, એટલામાં એક મરાઠા શિલેદારે એક ચતુર્ભુજ કેદીને સભા મંડપમાં ઉભો કર્યો. કેદીને રેશમી દોરડાંથી બાંધેલો હતો. જે શિલેદાર તેને લઈ આવ્યો હતો, તેણે મહારાજાને કહ્યુંઃ

"મહારાજ ! ધનાજીરાવે હમણાંજ કર્ણાટકમાં એક મુસલમાની ટુકડીનો સંહાર કર્યો, તેમાંથી આ ગુલામ મળી આવ્યો છે. એ થયો છે મુસલમાન પણ છે આપણો મરાઠા સૂર્યાજી પિસાળ. રાયગઢ શત્રુને સ્વાધીન કરી દઇ એ આજના સમારંભથી વિમૂખ થયો છે."

શિલેદારના શબ્દો સાંભળતાંજ રાજારામાદિ સર્વ મુત્સદી વીરોનાં મુખ, જેણે ક્રોધની પ્રતિમૂર્તિ ન જોઇ હોય તેને તેનું સ્વરૂપ દર્શાવે તેવાં બની ગયાં. રાજકુંવરના વદનકમલપર વિલક્ષણ ગાંભીર્ય દગ્ગોચર થવા લાગ્યું. મ્હારાજને ક્રોધથી કંપતા જોઇ સૂર્યાજીએ કહ્યું:

"મહારાજ ! વિના કારણ મ્હારાપર અગ્નિવૃષ્ટિ કરશો નહિ. મ્હેં શું કર્યું છે ? આસદખાનનું બળ કેવું હતું, તે કિલ્લે કિલ્લે નાસતાં આપે અનુભવ્યું છેજ. વિના કારણે બાળાસાહેબ પિતાની પેઠે તલવારની ધારના ભોગ થઇ પડત, પણ મ્હેં તેમને બચાવ્યા. કોમળ બાળકને શત્રુના હસ્તે કેમ છિન્ન ભિન્ન થવા દઉં ? હું શાહજાદીને મળ્યો, તેની ઉદાર બુદ્ધિને જાગ્રત કરી. ઝુલફિકારખાનની દાઢી પકડી, પ્રતાપરાવ ગુજરના પુત્રને વટાળ્યો. જાતે મુસલમાન થયો અને માસાહેબ તથા બાબાસાહેબનો પ્રાણ બચાવ્યો. હવે કાંડામાં જોર હોય તો છોડાવી લાવો. હું તો પ્રથમથીજ ભ્રષ્ટ થયો છું, તો કરો હવે ઇચ્છાનુસાર !"

સૂર્યાજી આ શબ્દો એવા તો જુસ્સાથી બોલ્યો કે રાજારામ મહારાજને તે અક્ષરશઃ સત્ય લાગ્યા. તેમણે પંતને કહ્યું: "પંત, માસાહેબને છોડાવવાનું કામ પહેલાંજ ઉપાડી લેવું જોઈએ. સૂર્યાજીને છોડી દો ! તેને વાઇની દેશમુખી ભોગવવા દો ! બીચારો સ્વામીભક્તિ માટે ધર્મભ્રષ્ટ થયો !"

"સ્વામી સેવા માટે ધર્મ ત્યજ્યો ? મહારાજ, અસત્ય, તદ્દન અસત્ય ! એણેજ મા સાહેબને સપડાવ્યાં હતાં." રાજકુંવરના જમણા હસ્ત તરફની વેરાગણ બોલી.

"અરે ! એ બોલી કોણ !" સૂર્યાજી ગભરાઇને બોલ્યો.

"મહારાજ, હું માસાહેબની ચરણરજ પુતળા, માસાહેબનો આશીર્વાદ લઇને આવી છું. મ્હારા પતિએજ દેશદ્રોહી થઇ રાયગઢ શત્રુના હાથમાં

સોંપ્યો. સ્વાર્થાંધ બનીને આપ્યો. એમણેજ માતુશ્રીને યવનને આધીન કર્યા. શું કરૂં? એમનાજ અસત્ય કથનથી મહારાજ, આપ ફસાઈ જઈને મ્હારૂં સૌભાગ્ય સાચવતા હતા! પણ દેશદ્રોહી પતિ પાસેથી સૌભાગ્યની શું હું ઇચ્છા કરૂં? મહારાજ, પત્નીએ પતિનો મોક્ષમાર્ગ સરળ કરવો જોઇએને? મ્હેં એમને એ કર્તવ્ય આધિન થઇ સાવધ કરવા પુષ્કળ પ્રયત્ન કર્યો ત્યારે એમણે મ્હને મુસ્કેટાટ બાંધી કોટડીમાં નાખી! મહારાજ, હજી પણ એમને હાથે વિશેષ પાપ ન થાય તે માટે મ્હારા સૌભાગ્યને હું મ્હારે હાથેજ નષ્ટ કરૂં છું. મહારાજ, માતુશ્રીના આ આશીર્વાદ અક્ષત મસ્તકે ચઢાવો."

એમ કહી પુતળાએ અક્ષત નાખવા હાથ આગળ ધર્યા. મહારાજ સ્વસ્થાનેથી નીચે ઉતર્યા. તેમણે અશ્રુ વહેવડાવતું મસ્તક આગળ ધર્યું. આ વખતે રામચંદ્રપંતે કહ્યું: "બધા કેમ સંતાજી જેવા દેશદ્રોહી બની ગયા? સંતાજીએ પણ તેવોજ પ્રયત્ન શરૂ કર્યો હતોને?"

"નહિ, અરે નહિ! મ્હારા પ્રાણનાથને, તમે પંત નિરર્થક દોષ આપો છો! તેમની દેશભક્તિ અડગ હતી. તેમનો મહારાજાપરનો પ્રેમ પ્રાણાંત સુધી જાગ્રત હતો. ભૂદેવ, સ્વામીએ પ્રાણ ત્યજતી વખતનો સંદેશો કહેવા મ્હને મોકલી છે. મ્હારા હૃદયેશનો અંતિમકાળનો સંદેશો સાંભળો......" રાજકુંવરના ડાબા હાથ તરફની વૈરાગિણી બોલી.

ખંડોજી: "અંતકાળનો સંદેશો? ત્યારે સંતાજી ગયોજ? અરેરે! એવું બનશે એમ મ્હને લાગતુંજ હતું. પંત! સંતાજી દેશદ્રોહી બને? નહિ, નહિ, તમારી ગેરસમજ થયેલી જણાય છે. એ ઔરંગજેબનું કાંઇ પણ કારસ્થાન હોવું જોઇએ. અરેરે! મ્હારૂં રત્ન ગયું! મહારાષ્ટ્રનું ભૂષણ ગયું! ચંડાળ સૂર્યાજી, ત્હારી બાજી સફળ થઇ! સ્વાતંત્ર્યદેવીના રામલક્ષ્મણમાં તેંજ વૈરાગ્નિ પ્રકટાવ્યો. ત્હારાં સર્વ નીચ કૃત્ય આ દેહથી અજાણ્યાં નથી."

"હા, હા, હા, હા!" સૂર્યાજી ખડખડાટ હસીને બોલ્યો. "એ વેર રાજારામે કર્યું, ખંડોજી એ વાતનો તંતૂ બહુ લાંબે જશે. એ વેર પંતેજ કર્યું, ખંડોજી અંદર જાઓ, તારાબાઇને પુછો કે જગદાળે ચુગલીને એ વેર ઉપસ્થિત કરવામાં શો સંબંધ છે? હવે મ્હારૂં શું રહ્યું છે? મ્હારાં સો

વર્ષ પુરાં થયાં. મ્હારા વિરૂદ્ધ જોઇએ તેટલી સાબિતી છે. ત્યારે હવે કોની સ્પૃહા રાખું? હા! હા! હા! છેવટે બકુલા, સંતાજી જેવા પુરૂષનો ઉપભોગ કરવાની તારી ઇચ્છા પુર્ણ નજ થઇ કે? અંતે દ્વેષથી તેનું ખૂન કર્યું? આ બોલી કોણ, પુતળા? અને આ? કમળા? કમળા! હવે ત્હારૂં સૌભાગ્ય ગયુંજકે ત્યારે!"

"સૂર્યાજીરાવ, મ્હારૂં સૌભાગ્ય ગયું શેનું? જુઓ, આ સ્વતંત્ર્ય દેવના મુખ પર જણાતા સંતોષમાં મ્હારૂં સૌભાગ્ય ઝળકી રહ્યું છે. મહારાજ, ઉઠો! એમ કપાળે હાથ મુકી બેસી શું રહ્યા છો?......"

"હા, એ પણ ખરૂં છે." ઉદ્ધવસ્વામી એકદમ આવી બોલ્યા: "રાજારામ, ઉઠો બાપુ, સંતાજી જીવે છે. જુઓ, પેલા વાઘના વિજયઘોષમાં તે ગરજે છે. જુઓ, આ કમળાની ભગિનીઓના સૌભાગ્યાલંકારમાં તે એક ભુષણ બની બેઠો છે. જુઓ, આ આનંદભુવનમાં નિર્વિઘ્ન ચાલતા યજ્ઞયાગાદિ કર્મને સ્થાને, અનેક અગ્નિહોત્ર અને પુરાણોને સ્થાને સંતાજી મૂર્તિમંત દેખાય છે. રાજારામ, હવે મહારાષ્ટ્ર નિર્મળ થયું. સંતાજીના આત્મયજ્ઞથી '**उदंड जाहालें पाणी। स्नानसंध्या करावया। जप तप अनुष्ठानें। आनंदवनभुवनीं।** ઉઠો ખંડોપંત, ઉઠો રામચંદ્રપંત, કર્તવ્યને આધીન થાઓ."

"ઉભા રહો, સમર્થ પ્રભુ ઉભા રહો. આ ચંડાળને ઉભો ને ઉભો સળગાવી મુકી મ્હને પવિત્ર બનવા દો. એની સ્વાર્થી નીચતાથી મ્હને અનિવાર્ય ક્રોધ ચઢયો છે."

"રાજારામ, હા, હા, હું સ્વાર્થી! ત્યારે યેસુબાઇને અસહાય રહેવા દઇ કિલ્લે કિલ્લે જીવ બચાવવા કેમ નાઠો? અરે, રાજારામ, સ્વાર્થ એ જગત રથનું એક ચક્ર છે. ધનાજીએ સંતાજી સાથે મિત્રદ્રોહ કેમ કર્યો? ગાંડા, જો આ હું ફકીર થયો. મૂર્ખ સંભાજી વ્યર્થ માર્યો ગયો. અરે, ધર્મનો ડોળ એ ઐશ્વર્ય વૈભવનો એક અલંકાર છે. એક આભૂષણનો કંટાળો આવે છે તો સ્ત્રીઓ બીજું ધારણ નથી કરતી કે? શું તેથી તે અપવિત્ર થાય છે? તું મ્હને દેહાંત શાસન કરશે? કર! જગતમાં તેથી કોનું ભલું થવાનું છે? આજસુધીમાં જગતમાં અનેક ન્યાયાધીશ થયા અને તેમણે ગુન્હેગારોને

અનેક પ્રકારની શિક્ષાઓ કરી, માટે રાજારામ, જગતમાં શું અપરાધનું પાત્ર અધુરૂં રહ્યું છે? શિક્ષાથી ગુન્હા ઓછા થતા હોત તો પૃથ્વી પર બીજું સ્વર્ગ નિર્માણ કરી શકાત! રાજારામ, કંસ ગયો ત્યારે કલિ આવ્યો! અરે, પ્રત્યક્ષ જગતનિયંતાએ ચોર્યાશીલક્ષ યોનિમાં નાખવાનો ભય આપ્યો માટે સત્ય, ત્રેતા, દ્વાપર યુગોનો ક્રમ પૂર્ણ થતાં કલિયુગ આવતો અટક્યો કે? અરે, સ્વર્ગમાં નિવાસ કરનારાઓનું પુણ્ય પૂર્ણ થતાં આ જગત પણ સ્વર્ગની, હદપારની કે જન્મમરણની શિક્ષા ભોગવવાનું એક સ્થાનજ છેને?"

"અરેરે, સૂર્યાજી, ત્હારૂં કહેવું ખરૂં લાગે છે. જા, બિચારી પુતળાના સૌભાગ્યને ત્હારે હાથે હાનિ નથી થવી જોઇતી, જા, જીવ લઇને કાળું કર!"

"હાય! રાજારામ, છેવટે ઉદારતાથી પુનઃ તમે મ્હને સંસારમાં નાખ્યો કે? મ્હને જીવન દાનની આશા નહતી. પણ મહારાજ, આપે મ્હને ગરદન મરાવ્યો હોત તોપણ મ્હારી પાછળ કોણ રૂદન કરવાનું હતું? મ્હને વધસ્તંભ પર લઇ જનારા ચંડાળ પણ મ્હને વટલેલો–પરધર્મી–મોગલ કહી મ્હારો તિરસ્કાર કરત. કોણ કોને માટે રડે છે? રાજારામ, માતાને ભીંતમાં ચણીને મારી નાખી તે માટે તમે ક્યાં રૂદન કરી બેસી રહ્યા હતા? સંભાજીનું હૃદય તેના જીવતાં ખેંચી કાઢયું તેનું તમને ક્યાં સ્મરણ છે?"

"પણ રાજારામ, મ્હારા પર દેશદ્રોહની ધગધગતી છાપ પડી ચુકી છે! મ્હારે રાજ્યમાં રહેવું નહિ, અને ગુપ્ત દેશદ્રોહીઓ ખુશીથી ચેન કરે, એજ કે બીજું? જગતનો ન્યાય અવળો છે. રાજારામ, મિત્રદ્રોહી, બંધુદ્રોહી નીચ સ્વાર્થી, મત્સરગ્રસ્ત, ખુશામતીઆ એવા અનેક ઉઘાડા દ્રોહીઓને આ જગતમાં ખુશીથી સ્થાન મળે છે અને મ્હારા જેવા છાપ પામેલા રામરાજ્યમાં રહી શકે નહિ! ચાલ પુતળા, હું પરધર્મી વટલેલો, તું સનાતનધર્મી. આપણે બન્ને જીવતાં હોવા છતાં તું વિધવા, હું વિધુર! ચાલ, આપણો સંસાર પુરો થયો. ચાલ, આપણે આવા દુર્બળ સંસારનાં દુઃખો ઓછાં કરવા જગતની પીઠ પર ફરીએ, ચાલ."

રામચંદ્રપંતઃ "મહારાજ, થઈ ગયું તેનો ઉપાય નથી. હવે આગળનો માર્ગ, સ્વરાજ્ય નિર્ભય કરવાનો રસ્તો, પવિત્ર રામરાજ પ્રવર્તાવવાનો પંથ,

નિષ્કંટક કરવાનો છે. ખંડોજીપંત, રાજકુંવર, કમળા, પુતળા, વગેરે પ્રત્યેક સુખી દુઃખી મહારાષ્ટ્ર સેવક સેવિકાઓએ ગત વસ્તુનો શોચ ન કરતાં, પૂર્વ-સ્મરણ વિસરી જઇ એકજ ધ્યેય સાધ્ય કરવાનું છે. ગોબ્રાહ્મણનું પાલન થઇ તે હિંસક પશુ રૂપ શત્રુઓથી નિર્ભય રહે એવા ઉપાય યોજવાના છે. હવે શ્રી સમર્થસ્વામીના શબ્દોમાં કહીશું કે:—

येथून वाढला धर्मु। रमाधर्म समागमें ।
संतोष मांडला मोठा । आनंदवनभुवनीं ॥*

ઉદ્ધવસ્વામી: "એજ ભવિષ્ય મ્હને સમર્થે કહ્યું હતું. ઉઠો, ઉઠો, સમર્થ શિષ્યો, ભાવિ કર્તવ્ય માટે કંમર કસો. કમળા, તું વિધવા થઈ એમ સમજીશ નહિ. બહીણાબાઇ, વેણુબાઇ અને અક્કાબાઇએ જે પુણ્યમાર્ગ આંકયો છે તેના અનુરોધે પોતાની દેશ ભગિનીઓના સુખ માટે તેં સન્યાસ લીધો છે એમ સમજ. દશના સુખ માટે એકને દુઃખી થવુંજ પડે છે. વાદળાં પોતે શુષ્ક બને છે તે જગતને વર્ષાદ આપવા માટેજ."

રાજારામ: "પણ સમર્થ પ્રભુ! સર્વ સારૂંજ થયું છે. આ ગણોજીરાવ આવ્યા. ગણોજીરાવ, પ્રથમ પિલાજીને હાથ પર લો જોઇએ. બહેન રાજકુંવર, હવે અવાક્તા ત્યજીશ કે? આપ, ત્યારે પિલાજીરાવને એમના હાથમાં."

ખંડોજી: "આપો, બહેન સાહેબ, પિલાજીને ગણોજીરાવ—દાદાસાહેબના હાથમાં મુકો. લજ્જા ન પામો. પતિને બાંધી લાવતાં કેમ શરમાયાં નહતાં? પણ હવે નહિ બાંધી શકો, સમજ્યાં? તમે દાદાસાહેબને બાંધવા હાથ લાંબા કરશો કે વચ્ચે પિલાજીરાવ પડયોજ સમજજો!"

રાજારામ: "એ તો ઠીક, પણ સંતાજીનું સ્મરણ થાય છે ત્યારે હૃદય ચીરાઇ જાય છે. પ્રભુ પ્રભુ! અભાગી મહારાષ્ટ્ર, ત્હારા સુખી કાળમાં પણ દેશદ્રોહીઓની ફણાઓના વિષમય ફૂંફાડા ચાલેજ છે. સમર્થ, તમારા બોધનો એ પત્થર જેવાં અંતઃકરણો પર પ્રકાશ પડતો નથી, ત્યારે મહારાષ્ટ્રની પડતીના સમયમાં એ કેવો અનર્થ કરશે?"

---

* ભાવાર્થ:—શ્રીધર્મની વૃદ્ધિ સાથે સર્વ ધર્મકાર્ય વૃદ્ધિ પામે છે અને તેથી આનંદવન ભુવનમાં મ્હોટો સંતોષ થાય છે.

"પણ કયો આનંદ વિશુદ્ધ, નિર્મળ છે ? મોક્ષાનંદને પણ વૈરાગ્યનાં કડુંફળ ચાખવાં પડે છે. પ્રભુ, સ્વરાજ્યના આનંદનું મૂલ્ય સમજાવવા એવા એકાદ દેશદ્રોહીની થપ્પડ, સ્વરાજ્ય મહાલયપર ચઢવામાં સ્વાતંત્ર્ય વીરોના ગાલપર પ્રેમની થપ્પડ, ઇષ્ટ હોય તો મહારાષ્ટ્ર, ત્હારા ઉદરે એવા દેશદ્રોહીઓનો જન્મ ભલે હોય ! સંતાજી, ત્હારૂં ખૂન હૃદયને વેદના આપે છે. તે વખતે એમજ થાય છે કે, મહારાષ્ટ્ર, તું દેશદ્રોહીઓના પાકનેજ યોગ્ય છે. જા, સૂર્યાજી, ત્હારા જેવા દેશદ્રોહીઓ તો સુખી થાઓ ! અભાગી મહારાષ્ટ્ર, સૂર્યાજી જેવા દેશદ્રોહી–પ્રપંચી–સ્વાર્થી માણસોદ્વારા સંતાજી જેવા સત્શીળ દેશવીરોનો જ્યાં સુધી નાશ થાય છે ત્યાં સુધી તું સ્વરાજ્યને માટે અયોગ્યજ રહેશે ! એજ અમો દુઃખીઓનો ત્હને શાપ છે!"

"શ્રી સમર્થ, જય રામ સમર્થ. રાજારામ પ્રભુ મહારાષ્ટ્ર ઉપર કૃપા વારિ વર્ષાવો. મહારાષ્ટ્રને આશીર્વાદ આપો." ઉદ્ધવસ્વામીએ કહ્યું.

"મળશે. મહારાષ્ટ્ર કર્ત્તવ્યપરાયણ થશે ત્યારે તે આપોઆપ મળશે. ચાલો, વીરો ત્યાં સુધી આપણે ભાવિ કર્તવ્યારૂઢ થઈએ. પ્રયત્ન કરીએ. પ્રયત્નને અંતે પરમેશ્વર સહાય થશેજ થશે. એજ પ્રયત્નથી મહારાષ્ટ્રનો અસ્ત પામેલો સૂર્ય પુનઃ ઉદયાચળે આવ્યો છે. આવો, આપણે સર્વે પ્રભુપ્રાર્થના કરીએ અને મહારાષ્ટ્રનો પ્રતાપરવિ પુનઃ દશે દિશામાં પ્રચંડ તેજસ્વી થાય એવી પ્રાર્થના કરીએ.

जय ! श्री समर्थ गुरुनी जय ।
जय ! श्री छत्रपति शिवाजी महाराजनी जय ।
जय ! श्री भवानी मातानी जय ।
जय ! परब्रह्म परमात्मानी जय ।

संपूर्ण.

साहित्य–सत्कार.

નીચલાં પુસ્તકો વગેરે તેમના લેખક-પ્રકાશક બન્ધુઓ તરફથી ભેટ મળ્યાં છે તે ઉપકાર સહિત સ્વીકારવામાં આવે છે, અને વાંચક બન્ધુઓને વિનંતિ કરવામાં આવે છે કેઃ ગુજરાતી ભાષામાં પ્રકટ થતાં ઉત્તમ પુસ્તકોનો સંગ્રહ કરવા-તેનો લાભ લેવા-યત્ન કરવો. સારાં પુસ્તકો એ સારા મિત્રોની ગરજ સારે છે. જેઓની ઇચ્છા હોય તેમણે તે ગ્રંથના લેખક કે પ્રકાશક પાસેથીજ લેવાં.

૧.—**પ્રેમપ્રભાવ**-શ્રી સયાજી વિજય પત્રની ૧૯૧૬ની ભેટ-શ્રીમાન સુવર્ણ કુમારી દેવીના અંગ્રેજી ઉપરથી ભાષાંતર-કર્તા-રા. તારાચંદ પોપટલાલ અડાલજા. ઐતિહાસિક નવલકથા-પૃષ્ઠ ૨૯૪ રફ કાગળ મૂલ્ય ફકત રૂ. ૧-૦-૦

૨.—**જર્મન કયસરનું રણવાસ રહસ્યઃ**—અનુવાદક રા. ત્રિભોવનદાસ દામોદરદાસ ગઢીયા-પ્રકાશક-દામોદરદાસ પ્રિન્ટીંગ હાઉસ-રાજકોટ-ગ્લેઝડ કાગળ પૃષ્ઠ ૧૯૧ મૂલ્ય રૂા. ૦-૧૨-૦.

૩.—**કન્યા વિક્રયની ક્રૂરતા**-લેખકઃ-પ્રકાશક રા. કૃપાશંકર ઝીણાભાઇ પંડયા-વડોદરા રાજ્યના મહામહોપદેશક. ઠે. લાડબાદેવી સામે-વડોદરા-ગ્લેઝડ કાગળ પૃષ્ઠ ૧૪૪ મૂલ્ય રૂા. ૦-૮-૦

૪.—**મુખ લક્ષણ શાસ્ત્ર**-(Phisiognomy) લેખકઃ-પ્રકાશક રા. નર્મદાશંકર બાલાશંકર પંડયા મુ. **નાંદોદ** (રાજપીપળા સ્ટેટ). કેટલીક છબીઓ સાથે મુખ, નાક, આંખ, દાઢી, ગાલ, ગળું, કાન વગેરે ઉપરથી મનુષ્યની પરીક્ષા થઇ શકે તેવું, ૩૫ છબીઓ સાથેનું-ગ્લેઝડ કાગળ પૃષ્ઠ ૨૫૪ મૂલ્ય રૂા. બે.

૫.—**સ્ત્રી કર્તવ્ય અને પુરૂષોને બોધ**—લેખકઃ-રા. બદ્રીલાલ રતીલાલ પુરોહિત ઠે. ખાડીયા-**અમદાવાદ**-સ્વર્ગસ્થ સરદાર ચીનુભાઇ માધવલાલ બેરોનેટે અભિપ્રાય આપતાં લખ્યું છે કેઃ-“ તમે જે શ્રમ લીધો છે તે સ્તુતિપાત્ર છે. વાંચકોને સારૂં ઉપયોગી થઇ પડશે.” પ્રત્યેક સ્ત્રી

પુરૂષોએ અવસ્ય વાંચવું જોઇએ. ગ્લેઝડ કાગળ, પૃષ્ઠ મ્હોટા કદનાં ૩૧૦ પાકું પૂઠું, મૂલ્ય ૧–૬–૦ પણ **" સસ્તી વાર્તામાળાના ગ્રાહકોને રૂા. ૧—૦—૦ માં મળશે.**

૬.–**પાટા બાંધવા વિષેના મૂળતત્વો** તથા **જખમની સારવાર**–(અકસ્માત પ્રસંગે તુરતાતુરત કેવી રીતે સારવાર કરવી તેની સુચનાઓ સાથે) અંગ્રેજી ઉપરથી ભાષાન્તર કર્તા શેઠ ધનજીશાહ નસરવાનજી ભરૂચા એલ. એમ. એન્ડ એસ. મળવાનું ઠેકાણું. ધી બોમ્બે પ્રેસીડન્સી નરસીંગ એસોસીએશન–મુંબઇ. સારવાર કરનારાઓ માટે બહુ ઉપયોગી પુસ્તક–કેટલાંક ચિત્રો સાથે–ગ્લેઝડ કાગળ, પાકુ પૂઠું, મૂલ્ય લખ્યું નથી.

૭.—**ભામિની વિલાસનું ભાષાંતર**—(કાવ્ય વિલાસિની ટીકા સાથે.) શ્રીરાંદેર ઔદિચ્ય આશ્રમ ફંડ ગ્રન્થમાળા–દ્વિતીય પુષ્પ–આ પુસ્તકની ઉપજ ઉપરોકત ફંડને અર્પણ કરવામાં આવી છે. લેખકઃ–રા. પુરૂષોતમ ભોગીભાઈ ભટ્ટ–બી. એ. એલએલ. બી. પ્રકાશક–રા. મગનલાલ નરભેરામ પાઠક ઠે. શાહીવાળાનો માળો. કાલબાદેવી રોડ—મુંબાઇ. ગ્લેઝડ કાગળ, પૃષ્ઠ, ૨૧૪ પાકુ પૂઠું મૂલ્ય રૂા. ૧–૦–૦

૮.—**શ્રીમદ્ ભાગવત્ ગીતા**—પદ, અર્થ, તથા વિવેચન સહિત–શ્રી ૧૦૮ શ્રીમત્ રામનુજાચાર્ય સ્વામીના ભાષ્યના અવલંબનથી લખનાર ભક્તરાજ રા. અનંતપ્રસાદ ત્રીકમલાલ વૈષ્ણવ–પ્રકાશક–સ્વ.–રા.–દશરથલાલ ગંગારામ વ્યાસ. મુ. પાટણ (ગુજરાત.) મહાત્માશ્રી અનન્તપ્રસાદજીની લેખિનીથી લખાયલું આ પુસ્તક ગીતાના અભ્યાસીઓએ કિંબહુના હિંદુ માત્રે વાંચવા જેવું છે. ગ્લેઝડ કાગળ. પૃષ્ઠ ૪૦૦ પાકુ સુંદર પૂઠું રૂા. ૧–૪–૦

૯.—**ચોવીસ આખ્યાન–ભાગ ૨–જો**–લખનાર–ભક્તરાજ રા. અનન્તપ્રસાદ ત્રીકમલાલ વૈશ્નવ–પ્રકાશક–રા. દશરથલાલ ગંગારામ વ્યાસ–મુ. પાટણ (ગુજરાત) આખ્યાનો વાંચી બોધ લેવા જેવાં છે. ગ્લેઝડ કાગળ, પૃષ્ઠ મ્હોટા કદનાં ૩૧૨ મૂલ્ય રૂા. ૧–૧૨–૦

૧૦.—**ચોવીસ આખ્યાન–ભા ૩–જો**—લખનાર ભક્તરાજ–રા. અનન્તપ્રસાદ ત્રીકમલાલ વૈશ્નવ–પ્રકાશક–રા. દશરથલાલ ગંગારામ વ્યાસ–

મુ. પાટણ (ગુજરાત) આ આખ્યાનો પણ વાંચી બોધ લેવા જેવાં છે—ગ્લેઝડ કાગળ,પૃષ્ઠ મ્હોટાં કદના ૩૮૮ મૂલ્ય રૂા. ૧—૧૨—૦

રા. રા. **અંબાલાલ શંકરલાલ દવે-ઠે.—ખાડીયા—શ્રીરામજીની શેરી—અમદાવાદ**—એમના તરફથી " વાર્તા વારિધિ " ઓફીસમાંથી પ્રકટ થયેલાં નીચલાં પુસ્તકો નં. ૧૧ થી નં. ૩૦ સુધીનાં મળ્યાં છે. **સસ્તી વાર્તામાળાનાં** ગ્રાહકોને તેમની પાસેથી અર્ધી કિંમતે મળશે. એ પ્રત્યેક વાર્તાઓ વાંચકને બોધ આપે એવી છે.

૧૧.—**કથા સાગર—ભા—૧ લો**—રસમય વાર્તાઓનો સંગ્રહ—મૂલ્ય રૂા. ૦—૮—૦ પૃષ્ઠ ૭૮. મજબૂત પૂઠું.

૧૨.—**કથાસાગર—ભા—૨ જો**—રસમય વાર્તાઓનો સંગ્રહ મૂલ્ય રૂા. ૦—૮—૦ પૃષ્ઠ ૧૧૪. મજબુત પૂઠું.

૧૩.—**કથાસાગર—ભા—૩ જો**—રસમય વાર્તાઓનો સંગ્રહ મૂલ્ય રૂા. ૦—૮—૦ પૃષ્ઠ ૧૦૮. મજબૂત પૂઠું.

૧૪—**કથાગુચ્છ—ભા—૩ જો**—ટુંકી વાર્તાઓ મૂલ્ય ૦—૮—૦ પૃષ્ઠ ૭૦.

૧૫—**કથાગુચ્છ—ભા—૪ થો**—ટુંકી વાર્તાઓ મૂલ્ય રૂા. ૦—૮—૦

૧૬—**અનંતકળા**—પૂર્ણખંડ—નવલકથા પૃષ્ઠ ૧૨૩. મૂલ્ય રૂા. ૦—૮—૦

૧૭—**પીશાચી પ્રેમ**—નવલકથા પૃષ્ઠ ૮૦. મૂલ્ય રૂા. ૦—૧૨—૦

૧૮—**દિવ્યરંભા**—નવલકથા—પૃષ્ઠ ૧૭૪. મૂલ્ય રૂા. ૦—૮—૦

૧૯—**ચારૂચિત્રા**—આધ્યાત્મિક રસમય વાર્તા (પ્રથમ ચિત્ર.) લેખકઃ—સાક્ષરશ્રી ન. પુ. સંઘવી. પૃષ્ઠ ૧૨૫—મૂલ્ય રૂા. ૧—૦—૦

૨૦—**ચિન્તામણિ**—હિતબોધક વાર્તા—લેખકઃ—સાક્ષરશ્રી ન. પુ. સંઘવી પૃષ્ઠ ૧૪૪—મૂલ્ય ૦—૮—૦

૨૧. **રક્તબિન્દુ** (આદ્યખંડ) ધર્મદ્યોતક વાર્તા—લેખક—સાક્ષરશ્રી ન પુ. સંઘવી. પૃષ્ઠ ૯૮ મૂલ્ય ૦—૮—૦.

૨૨. **વિક્રમનું વેર**—એક રસમય વાર્તા. મૂલ્ય ૦—૪—૦

૨૩. **અર્વાચિન આર્યો અને તેમના આચાર વિચાર.** મૂલ્ય ૦—૮—૦

૨૪. **પ્રેમગુચ્છ યાને સલિમા બેગમ**—મૂલ્ય ૦—૪—૦

૨૫. પ્રિયંવદા. ૨૬. પત્ર અને પ્રતિમા, ૨૭. અર્જુન, ૨૮. બે રત્નો, ૨૯ આર્ય દેવી, ૩૦. સાહિત્ય શોખીન સરોજ—પ્રત્યેક મૂલ્ય ૦-૧-૦.

---

૩૧. **બાળઉછેર**—બાળરક્ષણ-લેખક-મિસિસ જી. કે. ઉપાધ્યાય. પ્રકાશક રા. રા. કરસનદાસ જે. ચિતલિયા ઠે. ભગિની સમાજ—ગીરગામ—મુંબઈ. બાળકનાં માતા પિતાએ આ પુસ્તક અવશ્ય વાંચવા જેવું છે. મૂલ્ય ૦—૮—૦

૩૨. **બંસીમાં પ્રભુ એ શું ગાયું?**—લેખક રા. રા. અમૃતલાલ સુંદરજી પઢીઆર કાલબાદેવી રોડ—મુંબઇ. આધ્યાત્મિક જ્ઞાનનો વિષય લઇ આ ન્હાનકડું પુસ્તક રચાયું છે. વાંચવા જેવું છે.

૩૩. **શ્રી અનુક્રમણિ-રામાયણ**—(પાંચમી સાહિત્ય પરિષદમાં પસાર થયલો ઇનામી નિબંધ.) લેખક રા. મણીભાઈ ખંડુભાઇ દેશાઇ—કાલીયા વાડી-કાવ્યમાં રામાયણ. મૂલ્ય ૦—૪—૦

૩૪. **સોની કામનો હુન્નર**—પ્રકાશક-ભીખાભાઇ છોટાલાલ ચોધરી દમ્પતિ હિતેચ્છુ ઑફીસ—જમાલપુર—અમદાવાદ—સોની લોકો કેવી વિચિત્ર ભાષા બોલી ગ્રાહકોને છેતરે છે તે આ ન્હાનકડા પુસ્તકમાં લખ્યું છે. મૂલ્ય રૂા. ૦—૪—૦

૩૫ **દમ્પતિ હિતેચ્છુ—નાતાલનો સચિત્ર ખાસ અંક**—વાર્ષિક મૂલ્ય પોષ્ટેજ સાથે ૦—૧૨—૦ માં મળતું મફત માસિકપત્ર—પ્રકાશક રા. ભીખાભાઇ છોટાલાલ ચોધરી. જમાલપુર—અમદાવાદ.

૩૬ **માબાપની સેવા,** ૩૭ **હિંદનાં બાળકો,** ૩૮ **ન્હાની ન્હાની વાતો.** ૩૯ **બાળ સંવાદ,** ૪૦ **બાળ પ્રવાસ,** ૪૧ **બાળકોની દિવાળી. "બાળ મિત્રમાળા"** નાં છ પુસ્તકો. તેનાં પ્રકાશકઃ "બાળ મિત્ર કાર્યાલય—ઠે. રણછોડલાઇન્સ. કરાંચી—બાળકોને માટે સરલ વાંચન. પ્રત્યેક માતાપિતાએ પોતાનાં બાળકોને આ "માળા" નાં પુસ્તકો વંચાવવાં જોઈએ. **વાર્ષિક મૂલ્ય રૂા. ૦—૧૨—૦ પોષ્ટેજ જુદું છે.**

૪૨ **પવિત્ર પ્રેમનો પ્રભાવ**—દમ્પતિ ધર્મ પુસ્તકમાળા. પુસ્તક ૧ લું. લેખક રા. વસન્ત—પ્રકાશક રા. ભીખાભાઇ છો. ચોધરી. જમાલપુર—અમદાવાદ—પ્રેમ ઉપર નાનકડો નિબંધ. મૂલ્ય ૦—૨—૦

૪૩–**ચેતન–કર્મ–ચરિત્ર**–સસ્તી જૈન ગ્રંથમાળા–પ્રકાશક–રા. મૂળચંદ કિશનદાસ કાપડીયા–ખપાટીયા ચકલા–સુરત–પૃષ્ઠ ૨૧૦ મૂલ્ય રૂા. ૦–૪–૦ પો. જૂદું.

૪૪–**યશોધર ચરિત્ર**–સસ્તી જૈન ગ્રંથમાળા–સુરત–પૃષ્ઠ—૧૯૧—મૂલ્ય રૂા. ૦—૪—૦ પો. જૂદું.

૪૫—**બાળબોધ જૈન ધર્મ**–પુસ્તક ત્રીજું. મૂલ્ય ૦–૧–૬ દે. સસ્તી જૈન ગ્રંથમાળા—સુરત.

૪૬—**સમાધિ, મરણ ઔર મૃત્યુમહોત્સવ**–સસ્તી જૈન ગ્રંથમાળા–મુ. સુરત મૂલ્ય રૂા. ૦—૧—૬.

૪૭ **શ્રીબાળા સ્તવન—**દૈવી અદ્‌ભૂત ચમત્કાર–લેખકઃ–રા. ભોગીલાલ ત્રિકમલાલ વૈદ્ય–અધિપાત ધનવન્તરિ–વિશનગર પૃષ્ઠ ૧૬૪ મૂલ્ય રૂ. ૧–૦–૦

૪૮. **રંગરસાયન વિદ્યા.** ક્રોમોપથી–લેખક–રા. શા. તિલકચંદ તારાચંદ વૈદ્ય–સુરત પ્રકાશક. ધન્વન્તરિ ઓફીસ–વિશનગર–મૂલ્ય ૦—૪—૦ સૂર્યના કિરણ વડે તૈયાર કરેલા ચોક્કસ રંગના જળથી સઘળા દરદો કેવી રીતે મટી શકે છે તે આ પુસ્તકમાં કુશળતાથી સમજાવ્યું છે.

(**શેઠ બેરામજી પીરોજશા માદન ઠે. હેલ્થકલચર ડીપો. મુ. શાન્તાક્રુસ–(મુંબઇ)** આ વિદ્વાન ગૃહસ્થ તરફથી નીચલાં બહુ ઉપયોગી અને કુદરતી ઇલાજોથી ભરપૂર પુસ્તકો મળ્યાં છે. વાંચકોએ આ પુસ્તકોનો અવશ્ય લાભ લેવા અમારી ભલામણ છે. પુસ્તક નં. ૪૯ થી ૬૧ સુધી.)

૪૯. **જીવનશક્તિનું બંધારણ**—અંગ્રેજીમાં Building or Vital Power નામના ઉપયોગી પુસ્તકનું સરલ ભાષાંતર, શરીરનાં ચિત્રો સહિત, ઉંડા લાંબા દમ લેવાની, હાર્ટ, ફેફસાં, હોજરી અને સઘળાં મોટાં પ્રાણીક અવયવોને મજબૂત કરવાની સંપૂર્ણ રીત. કુદરતી રીતેજ શરીર નિરોગી રાખી દીર્ઘાયુ થવા માટે આ પુસ્તક વાંચી મનન કરવા યોગ્ય છે. પ્રત્યેક ગૃહસ્થે વાંચી લાભ લેવો જોઇએ. લેખકશ્રીએ ઘણો પરિશ્રમ કરી આ પુસ્તક લખ્યું છે. શરીરના પ્રત્યેક ભાગની રચના અને તેને મજબૂત કરવાની રીત બહુ સરલતાથી સમજાવી છે. પૃષ્ઠ મ્હોટાં ૧૬૦ પાકું સોનેરી નામ સાથેનું બાઇન્ડીંગ મૂલ્ય રૂ. ૧–૮–૦.

૫૦. **અપવાસ** અથવા મનુષ્યને થતાં દરદોનું જડમૂળ કાઢી શરીરને રોગરહિત અને પવિત્ર કરવાનો એકલો ખરો "**કુદરતી ઇલાજ**"-જેમાં અપવાસની ઉત્પત્તિ તથા ઇતિહાસ, તે કેમ, ક્યારે અને કેટલો કરવો તેની સાયન્ટિફિક સમજણ, અમેરિકા જેવા સોથી આગળ વધેલા દેશમાં તેનો થયેલો બહોળો પ્રચાર અને સેંકડો માણસોના જાતિ અનુભવ, તથા જાણવા લાયક અપવાસનાં હેવાલો (ચિત્રો સાથે), નિત્ય દુઃખથી પિડાતાં મનુષ્યોના લાભ માટે લખાયલું ઉપયોગી પુસ્તક મ્હોટા ૩૪૩ પાકું સુંદર બાઇન્ડીંગ મૂલ્ય રૂ. ૨–૦–૦.

૫૧. **દવા વગરનો દાકટર** યાને **તન્દુરસ્તનો ઇલમ**—Science of Health હવા, પાણી, કસરત તથા ખોરાકની પરહેજી વગેરે કુદરતી ઉપાયોથી તનદુરસ્તીની ખીલવણી કેમ થઇ શકે તેની માહિતી આપનાર. પૃષ્ઠ ૯૨ મૂલ્ય રૂ. ૦–૧૦–૦

૫૨ **કબજ્યાત**—તેનાં કારણો અને કુદરતી ઇલાજો. એમાં "કોલન ફ્લશીંગ" યાને આંતરડાંને પાણીથી ધોવાની બાબત પણ સમાઇ છે. કીંમત રૂા. ૦–૬–૦.

૫૩ **દુધનો ખોરાક**—દુધનો ખોરાક લેવાની રીત, તેનાથી થતા ફાયદા ખાસ ઇલાજો. મૂલ્ય રૂ. ૦–૪–૦.

૫૪ **ખઈી** અથવા **ક્ષયરોગ**—હવા, ખોરાક, કસરતો વગેરે કુદરતી ઉપાયોથી નબળાં ફેફસાંઓને મજબુત કરી ક્ષયરોગ મટાડવા સંબંધી ઉત્તમ લેખ. મૂલ્ય ૦–૫–૦.

૫૫ **કોલન ફ્લશીંગ**—અથવા મ્હોટાં આંતરડાંને પાણીથી ધોવાની રીત. કબજ્યાત, તાવ, તથા બીજાં દરદો વેળા લેવાનો પાણીનો કુદરતી ઇલાજ. મૂલ્ય ૦–૩–૦.

૫૬ **જાડું અંગ**—Obesity–તેને પાતળું કેમ કરાય. તે માટેની ખાસ કસરતો તથા ખોરાકમાં લેવી જોઇતી સંભાળ. મૂલ્ય ૦–૪–૦

૫૭ **ખોરાકથી શક્તિ કેમ મેળવાય**—ખોરાકનો સવાલ, ખોરાક કેમ, ક્યારે, કેટલો ખાવો, કે જેથી દુઃખ દરદ ન આવે અને તંદુરસ્તી હમેશાં

સચવાતી રહે તેની કિંમતી ખબર. મૂલ્ય ૦-૪-૦.

૫૮. **કસરત**—શરીરની શક્તિ ટેકવી રાખવા તથા તંદુરસ્તી જાળવવાને તેની ખાસ ગરજ. મૂલ્ય રૂ. ૦-૩-૦.

૫૯. **ઉંડા દમ લેવાની અને ફેફસાંઓને મજબુત કરવાની કસરતોની સમજણ**—ચિત્રો સાથે મૂલ્ય ૦-૫-૦.

૬૦ **(૧) શરીર તથા ભેજાને મજબુતી આપનાર, (૨) પેટના ભાગોમાંથી કચરો કાઢી સાફ કરવાની તથા સતેજ કરી કબજયાતને તોડવાની ખાસ કસરત (૩) બરડાની કરોડ મજબૂત કરવાની કસરતો,** આ ત્રણે નકશા-ચિત્રો છે. મૂલ્ય દરેકનું ત્રણ આના અને બે આના અનુક્રમે.

૬૧. **શરીરને કસરત આપો અને ખરી તંદુરસ્તી મેળવો** તથા ૬૨-બરનાર મેકફૅડનની જીંદગીનો ટુંક હેવાલ (અમેરિકાનું "ફીઝીકલ કલ્ચર" નામનું ખાતું સ્થાપનાર, દવા વિના દરદો સાજાં કરવાની વિદ્યાનો શોધક કે જે જુવાનીમાં સુકાયલો પણ ૪૦ વર્ષની વયે મહાન કસરતબાજ-બળવાન બન્યો હતો. (અવસ્ય વાંચવા જેવું છે.)

---

૬૨. **આર્ય નારી ધર્મ**—વિશમી સદીની આર્ય કુમારિકાઓ, વહુઓ અને માતાઓ માટે લખનાર રા. રા. વાડીલાલ મોતીલાલ શાહ. પ્રકાશક શ્રી પ્રજાબંધુ ફ્રી લાઇબ્રેરી (ગામ ખંભાલીયા.) તરફથી ડા. કેશવજી વેલજી ઠે. મુળજી જેઠા મારકીટ-નવી સ્ટેશન ગલી-મુંબઇ. મૂલ્ય ફક્ત ૦-૨-૦ સ્ત્રીઓને વાંચવા લાયક આ ન્હાનકડા પુસ્તકનો તમામ નફો લાઇબ્રેરી ખાતે જવાનો છે. એક એક પ્રત રાખવા ભલામણ છે. ઇનામ વહેંચવા લાયક છે.

૬૩. **દયાનંદ ચરિત્ર**—આર્ય સમાજના સ્થાપક સ્વામી દયાનંદ સરસ્વતીનું જીવનચરત્ર. લેખક-રા. રત્નસિંહ દીપસિંહ પરમાર-ઠે. દાણાપીઠ, નવોવાસ-અમદાવાદ. મજબૂત પૂઠું, સુંદર પાકું બાઇન્ડીંગ. મૂલ્ય રૂ. ૨-૦-૦.

૬૪. Candidate for the Shankracharyaship of Shri Dwarka Matha. Written by Shyamswarupa Balyogi. Baroda.

૬૫. વડનગર શ્રી સરસ્વતી સદનનો ૧૯૧૫–૧૬ નો વાર્ષિક વૃતાન્ત. મંત્રી રા. મયાભાઈ મણીભાઇ મ્હેતા. વડનગર.

૬૬. **ગોંડળ રસ શાળા ઔષધાશ્રમનો ૧૯૭૨ નો રિપૉર્ટ**— પ્રકાશક રા. રા. વૈદ્ય જીવરામ કાળીદાસ ગોંડળ–આપ બળે, વિના આડંબરે, એક વિદ્વાન પ્રયત્નશીલ પુરૂષ શું કરી શકે છે તે આ રિપૉર્ટ ઉપરથી જણાઇ આવે છે. વૈદ્યરાજજી સ્થાપિત ઔષધાશ્રમમાંથી વ્યાધિગ્રસ્તોને ઔષધ આપવા ઉપરાંત પરોપકારનું કામ પણ થાય છે. ગયા વર્ષમાં ગરીબોને મફત ઔષધો આપવામાં રૂા. ૭૦૦ ખર્ચ થયા હતા, અને રૂા. ૨૫૦ ગરીબોને મફત સલાહ આપવાના ટપાલ ખર્ચ ખાતે તથા રૂા. ૪૪૦ દુષ્કાળ પિડિતોને તથા અન્ય ધાર્મિક ખર્ચ ખાતે ખર્ચાયા છે. તેજ પ્રમાણે પરોપકારી, સખી, ઉદાર ગૃહસ્થો તરફથી ઔષધાશ્રમને રૂા. ૧૨૪૫ ની રકમ બક્ષીસ પણ મળી છે. શ્રીમાન ગોંડળ નરેશ તરફથી ઉક્ત ઔષધાશ્રમને સારી સહાયતા મળતી રહી છે. હજારો દેશપરદેશના ગ્રાહકો તથા વૈદ્યો તરફથી વૈદ્યરાજનાં શાસ્ત્રોક્ત ઔષધોનો બહુ સારો લાભ લેવાય છે. ગોંડળ નરેશના **“રાજવૈદ્ય”** શ્રીમાન જીવરામભાઇ દિર્ઘાયુ થઈ ધારેલી ધારણામાં વિજય પ્રાપ્ત કરે એજ અમારી પ્રભુ પ્રાર્થના છે અમારા વાંચકોને ભલામણ છે કે તેઓએ રાજવૈદ્ય જીવરામભાઇની સલાહનો અને ઔષધોનો લાભ લેવો તેમજ તેમણે સ્થાપેલા કાર્યમાં પરોપકાર વૃત્તિથી બક્ષીસો મોકલી રંક, અનાથ વ્યાધિગ્રસ્તોને સહાય કરવાનું પુણ્ય પ્રાપ્ત કરવું. વૈદ્યરાજજીની શાસ્ત્રોક્ત દવાઓ, અવલેહો, ચૂર્ણો, ભસ્મો, માત્રાઓ વગેરે પણ અસરકારક જણાયાં છે–વિશ્વાસપાત્ર છે.

સસ્તી વાર્તામાળા મળવાનાં ઠેકાણાં.

૧. મુંબઇ–મેસર્સ એન. એમ. ત્રિપાઠીની કું. બુકસેલર્સ કાલબાદેવીરોડ પ્રિન્સેસ સ્ટ્રીટ. (છુટક પુસ્તકો મળી શકશે.)
૨. ,, એલ. એમ. ઠક્કર. બુકસેલર પ્રિન્સેસ સ્ટ્રીટ.
૩. ,, નારૂશંકર હરિપ્રસાદ દેસાઇ શાન્તાક્રુઝ (મુંબઇ).
૪. રા. રા. હરિલાલ જીવણલાલ ઠે. મસજીદના પુલ સામે, પહેલે માળે ભરૂચ સ્ટ્રીટ–માંડવી.
૫. સુરત–શા. રંગીલદાસ કાશીદાસ જનરલ મરચન્ટ–બરાનપુરીભાગોળ.
૬. બારડોલી–ઔદિચ્ય યુવક મંડળના સેક્રેટરી.
૭. ભરૂચ–રા. રા. ગણપતરામ દુર્ગારામ દેસાઇ.વિમાકંપનીના એજન્ટ.
૮. વડોદરા–મોહનલાલ મનસુખરામ બુકસેલર. (છુટક પણ મળશે).
૯. નડીઆદ–રા. રા. મણીલાલ લલ્લુભાઈ દેસાઇ.
૧૦. ,, રા. રા. મગનલાલ દામોદર પંડયા. લખાવાડને નાકે
૧૧. ભાવનગર–રા. અબ્દુલહુસેન આદમજી બુકસેલર (છુટક પણ મળશે)
૧૨. કરાંચી–રા. રા. મોહનલાલ ત્રિભુવન દવે. ઠે. ધી મુંબઇ કં. લી.
૧૩. અમદાવાદ–મેસર્સ જે. એન. વકીલ અને કું. રીચીરોડ નં. ૪૩૩
૧૪. ,, રા. રા. ચંદુલાલ સાંકળચંદ શાહ. માંડવીની પોળ પીંછીની પોળ સ્હામે મેડા ઉપર.
૧૫. ,, રા. રા. મહાદેવ રામચંદ્ર જાગુષ્ટે. બુકસેલર.
૧૬. ,, ગુજરાત સ્વદેશી સ્ટોર, રીચીરોડ–ફુવારા સામે.
૧૭. ,, રા. રા. રામનારાયણ કેશવલાલ દેસાઈ. રંગના વેપારી
૧૮. ,, અંબાલાલ શંકરલાલ દવે. ખાડીઆ શ્રીરામજીની શેરી.
૧૯. ઠઠ્ઠા–રા. રા. ચાંદુમલ સુખાનંદ ભાટીયા.

શું સનાતન ધર્મ રક્ષકોને ખુશી થવા જેવું નથી?

જો હોય તો તેનું રક્ષણ કરવા

सिद्धपुर श्री गोपाळकृष्ण ब्रह्मचर्या-श्रम संस्थामां.

દયાની લાગણીથી પોતાનો ઉદાર દાની હાથ લંબાવી સનાતન ધર્મનું અને વિદ્યાનું પાલણ કરવા યથાશક્તિ દાન આપો.

સનાતન ધર્મથી ચાલતું આખા ગુજરાતમાં આ પહેલું અને એકજ **ब्रह्मचर्याश्रम** છે. આ આશ્રમમાં સઘ જનોઈ દીધેલા ગામ પરગામના દ્વીજ બટુકોને દાખલ કરી નિત્યકર્મ સાથે દંડ ધારણાદિ પ્રાચીન વેશમાં રાખી સાયંપ્રાત: હોમ કરાવવામાં આવે છે, ને વેદ સંસ્કૃત, ને ગુજરાતી, શિક્ષણ સાથે વ્યાયામ ને સંગીતની પણ યોજના કરાય છે. તેમજ **अनाथाश्रम** તથા **अशक्ताश्रम** તરીકે અનાથો રાંક જનોનું તથા આંધળા, લુલા, અશક્તોનું રાખીને પોષણ થાય છે, તથા તેવા આબરૂદાર જનોને ગુપ્ત મદદ પહોંચાડાય છે. તેમજ ગરીબો માટે દવા અપાય છે. વ્યવસ્થા પ્રતિષ્ઠિત ગૃહસ્થોના હાથમાં રહે છે. રૂ. ૧) અથવા વધુ દાન આપનારને વાર્ષિક રીપોર્ટ તથા પાવતી મોકલવામાં આવે છે. આવા શુદ્ધ બ્રાહ્મણ બટુકોને તથા ગરીબોને એક દિવસ ભોજન કરાવ્યાનું મહાન ફળ લેવા કયા પુરૂષ ચુકશે? કોઈજ નહિ. તો બનતી મદદ મોકલો.

લખો:—

મંત્રી શ્રી ગોપાળકૃષ્ણ સંસ્થા.

सिद्धपुर—(ઉત્તર ગુજરાત.)

બસો રૂપૈઆમાં અન્નદાન સાથે અમર નામ

દાનવીર સજ્જનો, અનાથોની પ્રાણ રક્ષા કરવા આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા કૃપા કરશો ! ! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર નામ ! ! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ. ૨૦૦ બસો દાનમાં મળશે. તે રકમ અનામત રાખી તેના વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા એક દિવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં અન્નદાન આપવામાં આવશે અને તે દાતાના નામની આરસની તખ્તી કરાવી ઓફીસમાં ચોઢી અમર નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દાતાઓ માત્ર ૩૬૫ નહિ મળે ? જરૂર મળશે. દયા લાવી લખોઃ—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ,

નડીઆદ.

અગત્યની સૂચના—આઠ આના વધારે મોકલો

૧. હવે પછીનાં પુસ્તકો જેમ બને તેમ સત્વર—એક પછી એક ઉતાવળે પ્રકટ થશે અને ગ્રાહક બંધુઓ તરફ રવાના થશે. અનેક અગત્યનાં કામોમ અચાનક રોકાણ થવાથી પ્રસ્તુત પુસ્તકને ઢીલ થઈ છે તે માટે ક્ષમા.

૨. ચાલુ વર્ષમાં **સૂર્યોદય** પુસ્તકને બદલે **છત્રપતિ—રાજારામ** આપવામાં આવે છે. ગયા વર્ષમાંજ આ પુસ્તક આપવાની ઇચ્છા હતી પરંતુ તૈયાર નહિં થવાથી હમણાં અપાય છે. **સૂર્યોદય** ભવિષ્યમાં આપવાની ઇચ્છા છે.

૩. ગ્રાહકોએ પોતાનાં ઠેકાણાં બદલાય કે તુરતજ અમને ખબર આપવી જોઈએ અને સાથે રજીસ્ટર નંબર પણ લખવો જોઈએ. રજીસ્ટર નંબર વગર ઉત્તર લખતાં ઢીલ થાય છે.

૪. **ચાલુ વર્ષમાં ૦-૮-૦ લવાજમ વધાર્યું છે તે પ્રત્યેક ગ્રાહક બંધુએ પોષ્ટની ટીકટો દ્વારા મોકલવું.** તેમ કરવાથી સર્વને **પાંચ પુસ્તકોનો** લાભ મળશે. કાગળોની **સખ્ત મોંઘવારી** અને અઢી ત્રણ ગણા ભાવો છતાં હજી અમે ગ્રાહક બન્ધુઓની સેવા બજાવીએ છીએ. માટે અમારા કાર્યમાં સહાય અને સરળતા કરવાના ઉદ્દેશથીજ સર્વેએ **આઠ આના** લવાજમ વધારે મોકલવું. જેમણે ૦-૮-૦ વધારાના ભર્યા છે તેમણે મોકલવા નહિ. બાકીના ગ્રાહકોએજ મોકલવા.

૫. લવાજમ હિંદુસ્તાન માટે કાચા પૂઠાના રૂ. ૨-૮-૦ અને પાકા પૂઠાના રૂ. ૩-૮-૦ છે. વી પી. ખર્ચ. ૦-૧-૦ વધુ છે. આફ્રિકાના ગ્રાહકોએ કાચા પૂઠાના રૂ. ૩-૨-૦ અને પાકા પૂઠાના રૂ. ૪-૮-૦ નો પોષ્ટલ ઓર્ડર મોકલવો.

૬. જવાબ માટે રિપ્લાય કાર્ડ કે ટીકીટ અવશ્ય બીડવી.

મેનેજર—સસ્તી વાર્તામાળા—અમદાવાદ.